# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **શ્રી ભગવતી સૂત્ર વિવેચન** | |
| ત્રિપદીમાંથી ૧૪ પૂર્વો | ૧ |
| પ્રભુદર્શનનો પ્રભાવ | ૧૬ |
| ચિલાતીપુત્રનો પૂર્વભવ | ૫૧ |
| શ્રી ભગવતી સૂત્રમાં શું છે ? | ૬૩ |
| શ્રી ભગવતી સૂત્ર શ્રવણની શરતો | ૭૨ |
| શ્રવણની છાયા જયણા | ૭૯ |
| લોકસંજ્ઞાના અંજામણ | ૮૬ |
| જિનવચનના અંજામણ | ૯૦ |
| બ્રાહ્મણીની ૩ છોકરીઓનું દૃષ્ટાંત | ૯૯ |
| ધર્મરસ અને ધર્મ કેમ નથી જાગતા ? | ૧૦૮ |
| શુભ ભાવની અગત્યતા | ૧૧૭ |
| **ઉપદેશમાળા** | |
| ઉપદેશમાળા પ્રાસંગિક | ૧૨૯ |
| **દૃષ્ટાંતોનો અકારાદિક્રમ** | ૧૩૨ |
| મંગલ | ૧૩૩ |
| ઋષભદેવ પ્રભુનો તપ | ૧૩૩ |
| મહાવીર પ્રભુની ક્ષમા | ૧૩૩ |
| **ગુરુ-આચાર્ય કેવા હોય** | ૧૩૫ |
| પુરુષની પ્રધાનતા | ૧૩૭ |
| **વેષની મહત્તા** | ૧૩૮ |
| ગુર્વાધીનતાથી જ આત્મહિત | ૧૩૮ |
| કષાયોના નિમિત્તનો ત્યાગ | ૧૪૦ |
| સાધુનો અધિકાર ક્યાં | ૧૪૧ |
| આપત્તિમાં ધર્મ ન છોડવો | ૧૪૨ |
| ધર્મ કોણ કરી શકે ? | ૧૪૨ |
| સચ્ચારિત્રનો પ્રભાવ | ૧૪૪ |
| **વૈયાવચ્ચનું ફળ** | ૧૪૫ |
| ભણ્યાનું ફળ અકાર્યત્યાગ | ૧૪૭ |
| ઈર્ષ્યાથી સ્ત્રીપણું | ૧૪૮ |
| પરનિંદા ભયંકર | ૧૪૮ |
| **ગુરુકુલવાસનું ફળ** | ૧૪૯ |
| સાધુ કેવું બોલે ? વાણીમાં તકેદારીઓ | ૧૫૦ |
| પ્રાણાંતે પણ ધર્મરક્ષા | ૧૫૩ |
| વિનીત શિષ્યના ગુણો | ૧૫૪ |
| ધર્માચાર્યનો ઉપકાર | ૧૫૭ |
| દયાસહિતનો તપ સફળ | ૧૫૮ |
| ગૃહસ્થનો પરિચય કેમ દોષકારી ? | ૧૫૯ |
| જોષ કે મંતર-જંતર સાધુ ન કરે | ૧૬૦ |
| રાગદ્વેષથી જ દુઃખ | ૧૬૨ |
| પિતા-પુત્ર-પત્ની આદિના સ્વાર્થના... | ૧૬૬ |
| ગુરુકુલવાસ કષ્ટદાયી કે લાભકારી ? | ૧૬૯ |
| **એકાકી રહેવાના દોષો** | ૧૬૯ |
| સ્ત્રી-દર્શનથી દીર્ઘ સંસાર | ૧૭૧ |
| ગૃહસ્થને સાધુની ઉપાસનાના લાભો | ૧૭૧ |
| લઘુકર્મી જ ભોગત્યાગ કરી શકે | ૧૭૩ |
| પાપનું ફળ ૧૦ ગણું આદિ | ૧૭૪ |
| આત્મદમન શ્રેયસ્કર | ૧૭૬ |
| જીવે શું નથી ભોગવ્યું ? | ૧૮૦ |
| પાસત્થાના સંસર્ગનો નિષેધ | ૧૮૫ |
| **શ્રાવકધર્મ-વિધિ** | ૧૮૭ |
| સાધુ રહિત દેશમાં વસવાટ... | ૧૮૯ |
| સુપાત્રદાન પછી શ્રાવકને ભોજન | ૧૮૯ |
| **શ્રાવકના અણુવ્રત** | ૧૯૧ |
| અપરિમિત પરિગ્રહના નુકસાન | ૧૯૧ |
| શૈલક આચાર્ય પંથક શિષ્ય દૃષ્ટાંત | ૧૯૨ |
| કર્મ-વિટંબણા | ૧૯૩ |
| દૂષણ પહેલા કાળજી કેમ ? | ૧૯૩ |
| શિથિલ વિહારી મોહપરવશ | ૧૯૪ |
| કરણીને અનુરૂપ ગતિ | ૧૯૬ |
| શ્રુતજ્ઞાનનો વિનય | ૧૯૭ |





| | |
|---|---|
| ગુરુનો અપલાપ એ શ્રુતનો લોપ | ૧૯૭ |
| ગુરુની 'અમારિ'ની ઘોષણા | ૧૯૭ |
| ગુરુનો ઉપકાર દુષ્પ્રતિકાર્ય | ૧૯૮ |
| સમ્યક્ત્વથી મોક્ષસુખ સ્વાધીન | ૧૯૮ |
| એક દિવસના પ્રમાદથી કેટલું નુકસાન ? | ૧૯૯ |
| **નારકી-તિર્યંચના દુઃખ** | ૨૦૦ |
| મનુષ્યના દુઃખ | ૨૦૧ |
| દેવનાં દુઃખ | ૨૦૨ |
| ભાવી બોધિ કયા મૂલ્ય પર ? | ૨૦૩ |
| **૫ સમિતિ** | ૨૦૫ |
| ક્રોધના વિવિધરૂપ | ૨૦૬ |
| અરતિ-ભય-શોક | ૨૧૦ |
| **૩ ગારવ** | ૨૧૨ |
| ઇન્દ્રિય-પરવશતા | ૨૧૩ |
| ૮ મદ | ૨૧૪ |
| **બ્રહ્મચર્ય-ગુપ્તિ** | ૨૧૫ |
| સ્વાધ્યાય | ૨૧૬ |
| વિનય | ૨૧૭ |
| તપ દ્વાર | ૨૧૮ |
| ચિકિત્સા | ૨૧૯ |
| **પાર્શ્વસ્થાદિના દુર્ગુણો** | ૨૨૦ |
| ભોજન માંડલીના ૫ દોષો | ૨૨૫ |
| **સુસાધુનાં લક્ષણ** | ૨૩૦ |
| અતિચારનાં સ્થાનો | ૨૩૨ |
| અગીતાર્થ અનંત સંસારી કેમ ? | ૨૩૪ |
| ચતુર્વિધ પ્રતિસેવના | ૨૩૫ |
| ગુરુનિશ્રા રહિતને ગુણશ્રેણિ... | ૨૩૭ |
| અલ્પજ્ઞાનીને ક્લેશ ઘણા | ૨૩૭ |
| દ્રવ્યક્ષેત્રકાળભાવના સંયોગોમાં વિધિ | ૨૩૯ |
| જ્ઞાની ક્રિયા વિના ફળ પામે નહિ | ૨૪૦ |
| જ્ઞાનીની વડાઈ | ૨૪૧ |
| ચારિત્રહીનનું જ્ઞાન નિરર્થક | ૨૪૧ |
| ચારિત્રહીનનું દર્શન નિરર્થક | ૨૪૨ |
| ષટ્જીવનિકાયની રક્ષામાં ધર્મ | ૨૪૨ |
| 'જીવો' 'મરો' ચતુર્ભંગી | ૨૪૫ |
| ગુણવાનને ઉભય લોકમાં હિત | ૨૪૬ |
| નબળા ઉપર વિશેષ ક્ષમા | ૨૫૨ |
| ધર્મસામગ્રીનો યોગ દુષ્પ્રાપ્ય | ૨૫૩ |
| 'મા સાહસ' પંખીનું દૃષ્ટાંત | ૨૫૪ |
| નિરતિચારતા જ ઈષ્ટ-સાધક | ૨૫૬ |
| કાયયોગાદિ-નિયંત્રણ | ૨૫૮ |
| ભારે કર્મીને જેમ જેમ જ્ઞાન... | ૨૫૯ |
| ભાવાર્ચન-દ્રવ્યાર્ચન | ૨૬૦ |
| ચાર પ્રકારના ખેડૂત | ૨૬૨ |
| **જિનાજ્ઞામાં જ ચારિત્ર** | ૨૬૪ |
| ચારિત્રનાશે જ્ઞાન-દર્શનનાશ | ૨૬૬ |
| સંવિજ્ઞપાક્ષિક માર્ગ | ૨૬૮ |
| સંવિજ્ઞપાક્ષિકનો ઉપયોગ | ૨૬૯ |
| ઉપદેશમાળાના અનધિકારી | ૨૭૨ |
| **ગાથા-અકારાદિ ક્રમ** | ૨૭૭ |
| **પ્રવચન મહોદધિ** | |
| અણમોલ આશ્વાસન | ૨૮૪ |
| અનંતકાળમાં જે નથી કર્યું,... | ૨૮૬ |
| અમીઝરણાં | ૨૯૦ |
| **ચોથા વર્ષના પ્રારંભે-અગ્રલેખ** | ૨૯૨ |
| ત્રણ રાજકુમારોની કોમળતા-વિશાળતા | ૨૯૪ |
| સુવાક્ય | ૨૯૬ |
| વિરાગના ઉપવનમાં | ૨૯૮ |
| પ્રેરણા | ૩૦૦ |
| જ્ઞાનત્રિપુટી | ૩૦૨ |
| બાળ સંન્યાસ દીક્ષા પ્રતિબંધક | ૩૦૩ |
| બાલદીક્ષા અંગે યોગ્ય વિચારશ્રેણી | ૩૦૬ |
| વિરાગના ઉપવનમાં | ૩૧૦ |
| વચનામૃત | ૩૧૧ |


———X———

# શ્રી ભગવતી સૂત્ર વિવેચન - ૧

## ૧. ત્રિપદીમાંથી ૧૪ પૂર્વો

અનંત ઉપકારી ત્રિલોકનાથ શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માએ ગણધર મહારાજાને એમના 'હે ભગવન્ ! તત્ત્વ શું ?' એવા ત્રણ પ્રશ્નોના ઉત્તરમાં, માત્ર **'ઉપન્ને ઈ વા', 'વિગમેઈ વા', 'ધૂવેઈ વા'** એવા ત્રણ પદ આપ્યા - ત્રિપદી આપી. **અર્થ** - 'ઉત્પન્ન પણ થાય છે, નાશ પણ પામે છે, સ્થિર પણ રહે છે.' બસ, આના ઉપરથી એ મહાપ્રાજ્ઞ શ્રી ગૌતમ ઇંદ્રભૂતિ વગેરે ગણધરદેવોને ઔત્પાતિકી-પારિણામિકી આદિ બુદ્ધિવૈશદ્યના સહારે એવો શ્રુતપ્રકાશ થયો કે એમાંથી ત્યાં ને ત્યાં દ્વાદશાંગી- શ્રુતસાગરની રચના કરી ! એમાં બારમું અંગ 'દૃષ્ટિવાદ', એનો એક વિભાગ ૧૪ પૂર્વો. એનું કેટલું પ્રમાણ ? ૧૬૩૮૩ મહાવિદેહના હાથીઓ-પ્રમાણ મષીથી બનતી શાહી વડે લખાય એટલું !! પહેલું પૂર્વ એક હાથી પ્રમાણ મષીથી, બીજું ૨ હાથીપ્રમાણ, ત્રીજુ ૪ હાથીપ્રમાણ, એમ એમ દ્વિગુણ દ્વિગુણ હાથી સંખ્યા લેવાની ....યાવત્ ૧૪મું પૂર્વ ૮૧૯૨ હાથી પ્રમાણ મષીની શાહીથી લખાય. કેટલું મોટું જંગી પ્રમાણ ! જેને આગળ પરંપરામાં ભણવા બેઠેલા બીજા બુદ્ધિમંત મુનિઓ પણ થાકી ગયા, અને એકમાત્ર શ્રી સ્થૂલભદ્ર સ્વામી દિવસ-રાતની ૭-૭ વાચનાથી ભણ્યા !

**આર્યરક્ષિતસૂરિજી ૧૦મા પૂર્વે થાકયા :**

વળી આર્યરક્ષિતસૂરિજી મહારાજ તો શ્રી વજ્રસ્વામીજી પાસે ભણતાં ૯ પૂર્વો પૂર્ણ કર્યા પછી ૧૦મું પૂર્વ શરૂ કર્યું, ને એમાં પછી પૂછે છે. 'ભગવંત' ! હવે કેટલું બાકી ?

વજ્રસ્વામીજી મહારાજ કહે છે, 'બિંદુ જેટલું થયું સમુદ્ર બાકી છે.' ત્યાં તો મોટા પંડિત આર્યરક્ષિતજી પણ હાથ જોડે છે, કહે છે,

'પ્રભુ ! તો, બસ, હવે મારું ગજું નથી એ પાર કરવાનું !' કેમ વારુ ?' ચોપડા-પાનું નહિ, ગુરુ મોંઢે આપે અને શિષ્યે પણ મોંઢે રાખી ભણવાનું ! ઠેઠ પહેલેથી એ સમસ્ત યાદ રાખવાનું ! તો જ ગાડું આગળ ચાલે. જૂનું મગજમાં તૈયાર હોય તો જ આગળનું સમજાય, જોડાય, અનુસંધાન થાય. એટલે રોજ એ બધાનું પુનરાવર્તન કરવું પડે. એ રીતે કરી કરીને ૧૦ પૂર્વધર શ્રી વજ્રસ્વામી પાસે આર્યરક્ષિતસૂરિજી મહારાજ ૯ પૂર્વ સુધી તો ભણી ગયા પણ ૧૦મા પૂર્વમાં થોડે ગયા પછી હવે દરિયો લંઘવા જેટલું બાકીનું દશમું પૂર્વ ભણવાનું જાણી થાક્યા.



'આમાં હવે મગજ શે પહોંચી વળે ?' એમ લાગ્યું. ત્યારે એની ઉપરના પૂર્વ તો ૧૧મું-૧૨મું-૧૩મું-૧૪મું બેવડા બેવડા પ્રમાણના, એ ભણવાના હોત તો ક્યાંય નાખી નજર પણ ન પહોંચત.

**ગણધરોની અગાધ બુદ્ધિશક્તિ :**

અથવા ૧૪ પૂર્વ અહીં ગણધરદેવોએ પ્રભુ પાસેથી ત્રિપદી પામી ઊભા ઊભા ક્ષણમાં રચી કાઢ્યા ! નવું જ સર્જન ! ત્રિપદીના આલંબન પર દ્રવ્ય-ગુણ-પર્યાયના ચિંતન પર ચડી ગયા, શ્રુતજ્ઞાનાવરણ કર્મનો જબરદસ્ત ક્ષયોમશમ કર્યો ! અને આટલા બધા અગાધ શ્રુતમહાસાગરસમા ૧૪ પૂર્વોની રચના કરી દીધી ! કેટલી અગાધ બુદ્ધિશક્તિ ! કેટલું વિશાળ જ્ઞાન !

**જ્ઞાન બહારથી લાવવાનું નથી, અંદરથી બહાર કાઢવાનું છે**, પુસ્તક-પાનું-માસ્તર વગેરે તો નિમિત્ત છે. એ અંદરના ગુપ્ત પ્રકાશને પ્રગટ કરે છે. આવરાયેલા-ઢંકાયેલાને ઉઘાડું કરે છે. કોઈને કર્મના આવરણ બહૂ તીવ્ર રસવાળા હોય, તોડ્યા તૂટે એવાં ન હોય, તો ગમે તેટલું વાંચે-ભણે-સાંભળે, પણ એને એવો બોધ ન થાય. દેખાય છે ને કે શાળામાં સમાન ચોપડી ભણનારા ઘણા, પરંતુ એમને બોધ થવામાં મોટી તરતમતા ! કેમકે જ્ઞાન બહારથી પુસ્તકમાંથી અંદર નથી ઉતારવાનું, પરંતુ અંદરમાંથી બહાર કાઢવાનું છે, માટે તો એકલા ભણ-ભણ કરવાની કિંમત ન આંકી, પરંતુ જ્ઞાનનો આચાર, સ્વાધ્યાયકાળ, ગુરુવિનય, ગુરુબહુમાન, તપ-ઉપધાન વગેરે આચરવા ઉપર ખાસ ભાર મૂક્યો. કેમ ? આ શું કરે ? એ જ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ કરે, ને તેથી પછી થોડું ભણતાં ય અંદરથી મોટો પ્રકાશ બહાર નીકળે. એમ જુઓને કે ઠેઠ ત્રણે કાળના સમસ્ત વિશ્વનો પ્રકાશ કેવળજ્ઞાન કયું બહારના પુસ્તકમાંથી અંદર ઘલાય છે ? એ તો અંદરમાંથી જ પ્રગટ કરાય છે; અને તે ગુરુસેવા, ત્યાગ, તપસ્યા, પરિસહસહન, શ્રુતોપયોગ વગેરે સાધનાથી ભાવનાબળ વધારતાં વધારતાં આવરણોનો નાશ કરવાથી પ્રગટ થાય છે. માટે જ જ્ઞાનાચારાદિ પંચાચારનું અનન્ય મહત્ત્વ છે, કે એને પાળતા આવો તેમ તેમ કર્મના આવરણોની ભેખડો તૂટતી આવે છે. આચાર-પાલનને કોરાણે મૂકી પુસ્તકના કીડા બનનારને આ શું બને ? કદાચ બુદ્ધિના જોર પર થોડો જ્ઞાન-આભાસ દેખાય, પરંતુ એનું યથાસ્થિત પરિણમન નહિ; આત્મામાં એનો ઘટતો સમન્વય નહિ, એના સાચાં સર્વજ્ઞદૃષ્ટ રહસ્યોનો પ્રકાશ નહિ. ત્યારે જુઓ,

**જ્ઞાન અંદરથી પ્રગટાવનારનાં દૃષ્ટાન્ત :**

**પુંડરીક ગણધર સાથે ૫ ક્રોડ મુનિવર, દ્રાવિડ-વારિખિલ્લ** સાથે ૧૦ ક્રોડ,

મુનિપુંગવ સિદ્ધગિરિ પર અનશન કરી કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા, શું એ બધા જ એટલા બધા બુદ્ધિમાન હતા ? ભણવા બેઠા હતા ? છતાં બધાયને એક સરખું અનંતજ્ઞાન શી રીતે થયું ? કહો, **અહિંસા-સંયમ-તપના ભવ્ય આચરણ પર કર્મનાં આવરણ સમૂળ ઊખડી જવાને લીધે કેવળજ્ઞાન પ્રગટ થયું.** આચારપાલનની બલિહારી છે. વાતેય સાચી, આચારથી ઊંધે રસ્તે પાપસેવનના માર્ગે દોડી દોડીને આત્મા પર વધારેલા જ્ઞાનાવરણીય કર્મના ઢેર આચારપાલનના સીધા ઉપાયથી તોડ્યા વિના અંદરનું જ્ઞાન ક્યાંથી પ્રગટ થાય ?

**જ્ઞાન એ આગંતુક ગુણ નહિ પણ સ્વભાવ :**

જ્ઞાન એ આત્માનો બહારથી આવનારો આગંતુક ગુણ નથી, પણ આત્માનો મૂળભૂત સ્વભાવ છે. એના પર જ્ઞાનાવરણ કર્મના ઢેર જામેલા છે તેથી એ સ્વભાવ ઢંકાઈ ગયેલો છે. ૨૦૦૦ કેંડલ પાવરના સળગતા ઇલેક્ટ્રીક ગોળા પર ઘાસલેટનો ડબો ઊંધો વળી ગયો; તો બહાર કશો પ્રકાશ ન આવે. જ્ઞાન જો આત્માનો સ્વભાવ ન માનીએ તો પછી આત્માનું ચૈતન્ય કશું રહેતું નથી. જડમાં ને એમાં શો ફરક રહે ? પણ ના, **'ચૈતન્યલક્ષણો જીવઃ'** કહેવાય છે તે આત્માનો જ્ઞાન સ્વભાવ માનવાથી જ ઘટી શકે. ન્યાય-વૈશેષિક-સાંખ્ય વગેરે દર્શનવાળા આત્માનો આ જ્ઞાન સ્વભાવ માનતા નથી. તેથી એમને બિચારાને મોક્ષ જડ પત્થર જેવો માનવો પડે છે ! અને આત્માનું ચૈતન્ય એ શો પદાર્થ, એનો સ્પષ્ટ ખુલાસો નથી આપી શકતા ! ત્યારે સર્વજ્ઞ તીર્થંકર ભગવાને તો આત્માનું સ્વરૂપ સ્પષ્ટ પ્રત્યક્ષ જોઈને કહ્યું કે આત્મા અનંતજ્ઞાન-સ્વભાવ છે. એનાં પર કર્મના આવરણ ચડી ગયેલા છે. તેથી એ આવરાઈ ગયો છે. પવિત્ર જ્ઞાનાચાર-દર્શનાચાર વગેરેનું દિલથી વિશુદ્ધ ભાવે જેમ જેમ પાલન કરતા આવો તેમ તેમ એ કર્મના જટિલ વાદળો વિખરાય છે, ને જ્ઞાનપ્રકાશ બહાર આવે છે.

**આજની અજ્ઞાન દશા ! :**

આજે 'જ્ઞાન ભણો'ની બૂમો મારવામાં આવે છે, પરંતુ 'પવિત્ર આચારો પાળો, આચારો પાળો' એવા અવાજ કેટલા કાઢે છે ? મૂળ પાયામાં વિનયનો આચાર, કૃતજ્ઞતાપાલનનો આચાર, દયા-દાન-શીલવ્રત નિયમના આચાર, ત્યાગ તપના આચાર વગેરે આચારનું પાલન નહિ, એનું પરિણામ આજે જુઓ છો ને ? ભણેલા વધારે ભૂલે છે. ઉદ્ધતાઈ-સ્વચ્છંદતા-અભક્ષ્યભક્ષણ-અગમ્યગમન વગેરે વગેરે કેટલું બધું વધી પડ્યું છે !! મોટી મોટી લાંચ-રુશ્વતો ભણેલા જ લે છે ને ? લાંચ લેવી એટલે ? ચોરી, વિશ્વાસઘાત, નિર્દયતા, દેશદ્રોહ, દેશબંધુદ્રોહ વગેરેનું જ



આચરણ ને ? ભણતરે શું શીખવાડ્યું ? પણ કહો **આચારપાલનને અભરાઈએ ચડાવી કોરૂં 'ભણો ભણો'નું ડિંડિમ વગાડાય એ આજ પરિણામ લાવે.**

**અભય અને કોણિક :**

અભયકુમાર શ્રેણિકનો પુત્ર, પણ મોસાળમાં જન્મી મોટો થયો ત્યાં દાદાના ઘરે આચારપાલનના સારા સંસ્કાર પામ્યો, તો પછી બાપના ઘેર જઈ એમાં આગળ વધતો ગયો, ને બાપનું દિલ ઠારે એવો એમનો સુયોગ્ય પુત્ર અને સુયોગ્ય મંત્રી થયો. ત્યારે કોણિક ? એક મહાનાલાયક દીકરો પાક્યો ! કળા-વિજ્ઞાન તો બંનેયને મળ્યા, પાછા એક જ બાપના પુત્ર, પરંતુ ફરક કેમ ? કોણિકે આચારનું દેવાળું કાઢ્યું !

નિમિત્ત એ બની આવ્યું કે કોણિક માતા ચેલણાના પેટમાં હતો ત્યારે એ દુષ્ટ જીવના પ્રભાવે માતાને પતિના આંતરડા ખાવાનો દોહદ જાગ્યો ! આમ તો પોતે યોગ્ય પિતા ચેડા મહારાજની સુશીલ સંસ્કારી પુત્રી છે, મહાસતી છે, પરંતુ દુષ્ટ ગર્ભનો પ્રભાવ, તે એ બહુએ આ વિચાર ટાળવા જાય છે, પણ મનને કોચ્યા કરી આવો ભયંકર દોહદ કરાવે છે ! તેથી ચેલણા આ જીવને બાપનો કારમો વૈરી સમજી જન્મતાં જ ગુપ્તપણે ઉકરડે મૂકાવી દે છે. પણ જુઓ કર્મ કેવાં બળવાન છે. કોણિકના પુણ્યનો ઉદય છે તે રાજા શ્રેણિકને ખબર પડી જતાં તરત આ બાળકને મંગાવી જુદો ઉછેર કરાવે છે. એટલે હવે કેમ તો કે માતાનો અણમાનીતો, પણ પિતાનો લાડકવાયો બન્યો.

**શ્રેણિકની ઉદારતા :**

શ્રેણિક દોહદનું જાણે છે, કદાચ વૈરી થવાનું સમજતા ય હશે, પરંતુ ભાગ્ય પર અચલ વિશ્વાસ રાખી એક ઉચિત કર્તવ્ય તરીકે ઉદારતાથી એનું પાલનપોષણ કરાવે છે. એ જુએ છે કે 'બાળકને માતાનો હૃદયથી સ્નેહ નથી મળતો,' એટલે પોતે સહેજે બેવડો સ્નેહ રાખે જ ને ? બસ, એ બાળક કોણિકને પિતાના લાડ મળ્યા, એટલે હવે શુ બાકી રહે ? કળા, વિજ્ઞાન બધુંય ભણે, પરંતુ વિનય, મર્યાદા, ગંભીરતા વગેરે કોણ પાળે છે ? મોટો થતાં તો બાપે પણ ઓળખી લીધો અને રાજ્યધુરા સંભાળવા યોગ્ય તરીકે આચારબદ્ધ સુશીલ સાત્વિક અભયકુમારને જ ગણે છે, કોણિકને નહિ. પરંતુ હવે એ કોણિક લાડમાં કદ્રૂ આચારોમાં ટેવાઈ ગયેલો શે સુધરે ?

**સુશિક્ષણ-વર્તન પૂર્વકર્મની અસર તોડે છે :**

પ્ર.- પણ એનાં કર્મ એવાં ભારે હતા ને ?

ઉ.- એટલે અહીંનો પુરુષાર્થ કશું ઘડતર કરતો જ નથી એમ ને ? પણ જો ન કરે તો તો પછી સંસ્કાર-વિધિનો કોઈ અર્થ જ ન રહે. જો પૂર્વકર્મ પર જ આધાર રાખી બેસી રહેવાનું હોય તો શિક્ષણ શા માટે ? અલબત પૂર્વ કર્મ પર તેવાં નિકાચિત નિરુપક્રમ હોય તો તોડ્યા તૂટે નહિ ને એ એનો ભાવ ભજવી જાય એમ બને. પરંતુ એવાં કર્મ કેટલા ? અને પુરુષાર્થથી તૂટે એવાં કેટલાં બધાં ? માટે જ કહો,-

**આખો ય મોક્ષમાર્ગ એવા કર્મને-કર્મની અસરને તોડી તોડીને સાર્થક બને છે, સફળ થાય છે.** એટલે જ આ વાત છે કે આચારપાલન પર પહેલું લક્ષ આપો ને અપાવો.

**આચારભંગના વિકાસથી ભારત વિનાશના પંથે છે.** નહેરો વધી, કારખાના વધ્યાં, ને આસ્ફાલ્ટની કે ડામરી સડકો વધી એથી મોહી પડવા જેવું નથી. એથી દેશ આબાદ નથી, દેશ આબાદ તો પ્રજાની આબાદી પર નિર્ભર છે, ને પ્રજાની આબાદી ગુણવત્તા ઉપર આધાર રાખે છે, ખૂનરેજી, બદમાશી શાહુકારી ચોરી, સ્વચ્છંદતા, હડતાલો, ચડસાચડસી, પ્રાંતવાદ-સગાવાદ-સરમુખત્યારીવાદ વગેરે વાદો.... આ બધાની વ્યાપકતા પર પ્રજા શું આબાદ ગણાય ? **શોભન આચારો વિના અને માનવતાના વિશિષ્ટ ગુણો વિના આબાદી નહિ.** જ્ઞાનનો વિકાસ જ્ઞાનના આચારની બહુ અપેક્ષા રાખે છે.

વાત આ હતી કે માત્ર ત્રિપદી પરથી ગણધરદેવોએ દ્વાદશાંગી રચી, અગાધ શ્રુતસાગરના ધણી બન્યા ! કેમકે જ્ઞાન અંદરથી પ્રગટ થાય છે, બહારથી લાવીને ભરવાનું નથી હોતું. હવે એ શ્રુતનો સાગર બીજાને આપવાનો, ને બીજાએ ગ્રહણ કરી ધારી રાખવાનો, તે બધું મોંઢે જ. એનાં કોઈ પુસ્તકપાનાં નહિ. તેથી કાળક્રમે જીવોની બુદ્ધિના હ્રાસ થતો આવ્યો, એમાં વળી દુકાળ પડવામાં રોજનું અખંડ પુનરાવર્તન ટકરાયું, ઇત્યાદિ કારણે જે એ શ્રુતસાગરમાનો મોટો ભાગ ચૌદ પૂર્વો, એનાં જ્ઞાનમાં વિચ્છેદ થતો આવ્યો. તે ભગવાનના નિર્વાણ પછી એક હજાર વર્ષ થતાં થતાં તો પૂર્વોનું જ્ઞાન નષ્ટ થઈ ગયું.

**આગમ-વાચનાઓ :**

વચલા કાળમાં સમ્રાટ રાજા ખારવેલે શ્રમણ સંઘ ભેગો કરાવેલ. અને જેના જેના મોંઢે જેટલું જેટલું પૂર્વશ્રુત હતું તેની શક્ય એટલી સળંગ સંકલના કરાવેલી. એને **આગમ-વાચના** કહે છે. 'વાચના' એટલે કે આગમ-પાઠોના જે જુદા જુદા અંશ જુદા જુદા આગમધારોને મોંઢે હોય તેને એ બધા ભેગા બેસી પરસ્પરના યાદ



એટલા પાઠો સંભળાવી પરસ્પરના સ્મૃત-વિસ્મૃત પાઠ એક સળંગ ધારાબદ્ધ પાઠરૂપે એકત્રિત કરાય, અને પછી તે સ્વાધ્યાય-અધ્યાપનમાં વાચનારૂપે ચાલે. એમાં એ લાભ થયો કે એકને અમુક ભૂલાઈ ગયું હોય તે બીજા પાસેથી મળ્યું અને બીજાને ભૂલાયેલ આમની પાસેથી પ્રાપ્ત થયું. આમ ભેગું થાય એ વાચના થઈ. આ તો **'પૂર્વ' શ્રુત**ની વાત થઈ. પણ એવું તો આચારાંગ વગેરે ૧૧ અંગ-આગમોમાં પણ બન્યું. કેમકે એય કાંઈ નાનું પ્રમાણ નહિ, લાખો પદોનું પ્રમાણ ! એમાંય દુષ્કાળ, બુદ્ધિહ્રાસ વગેરે અસર કરી ગયા ! તેથી એને ય એકત્રિત-સંકલિત કરવાની અને પરસ્પરના યાદ પાઠોના સરખાવી જોવાની જરૂરિયાત ઊભી થયેલી. એ કામ એકવાર મથુરામાં શ્રમણસંઘે ભેગા થઈ કર્યું, તેથી એનું નામ **'માથુરી વાચના'** પડ્યું. પછી કાળાન્તરે વલ્લભીપુરમાં છેવટે દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ મહારાજે શ્રમણસંઘ ભેગો કરી કર્યું, તે **'વલ્લભી વાચના'** કહેવાઈ ! અહીં સુધી આગમ સૂત્રો પુસ્તકમાં લખાયેલ નહિ, માત્ર મોંઢે જ રખાતા તેથી મોંઢેનું ભૂલાયું એટલે તો ગયું ! ભૂલાયેલું પણ પુસ્તકમાં લખાયેલું હોય તો એમાં જોઈ લઈ ફરીથી મોંઢે કરાય; પરંતુ પુસ્તક જ નહીં તેથી ક્યાં જોવાનું બને ? એટલે એમાં તો આ એક જ રસ્તો કે બીજા આગમધર મળે તો વળી એમની પાસેથી મળી આવે. આમ જે સૂત્રવાચના યાદ સૂત્રોને પરસ્પરમાં મેળવીને, સળંગ સંકલનાબદ્ધ કરાય, એવી તો આ પૂર્વે કહી તે અને એ ગાળામાં બીજી થઈ હોય તે જ કહેવાય.

**ગલત સરખામણી :**

એટલે આજે જો કોઈ કહેતું હોય કે "જૈન ઇતિહાસમાં ઉપરોક્ત ૨-૩ વાચના થયા પછી માત્ર વર્તમાનકાળે અમુક જ જુદા જુદા સમુદાયના સાધુ-સાધ્વીઓને આગમ-ટીકા ભણાવી તે વાચના થઈ." આવું જો કોઈ કહેતું હોય તો તે સરાસર અજ્ઞાન દશા છે, આવું પ્રતિપાદન કરતાં ગલત સરખામણી કરી. પરંતુ એમને ખબર નથી કે એમ તો ભગવાનના શાસનમાં આગમોનું અધ્યયન-અધ્યાપન ચાલુ જ આવ્યું છે, એટલે આજે એ કાંઈ પહેલવહેલું નથી, એવી કાંઈ એ માથુરી વગેરે વાચના નહોતી. એ તો જયારે આગમ પુસ્તકારૂઢ નહોતું થયું ત્યારે એક સમર્થ પ્રભાવક શ્રુતધર આચાર્યના પ્રયત્નથી શ્રમણો ભેગા થઈ પરસ્પરના સ્મૃત-વિસ્મૃત પાઠોની મેળવણી-સંકલના કરવા દ્વારા સળંગ આગમપાઠ સ્વરૂપ વાચના તૈયાર કરતાં. એ વાચનાની સાધુને ચાલુ વાચના પ્રચ્છના-પરાવર્તનાદિ રૂપ અધ્યયન-અધ્યાયન સાથે તુલના કેમ થાય ? જો એને સરખી મનાય તો શું અધ્યયન-અધ્યાપન વચલા સેંકડો વરસોમાં ચાલતું જ નહોતું ? અસ્તુ.

**કાળને અનુસારે શાસનરક્ષાના ઉપાય :**

ત્રિલોકનાથ મહાવીર પ્રભુના નિર્વાણ પછી લગભગ એક હજાર વરસે શ્રી દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ મહારાજે આગમો પુસ્તકારૂઢ કરાવ્યા. જોયું કે 'આમ મોંઢે મોંઢે તો પડતા કાળના હિસાબે સ્મૃતિ ભ્રંશના કારણે શ્રુત વિચ્છેદ પામતું જશે ! અને શ્રુતના નાશ પછી શાસન શાના ઉપર ઊભું રહે ! શાસનના ય વિચ્છેદનો પ્રસંગ આવે. તેથી ભવ્યાત્માઓને તરવાનું અનન્ય સાધન જ નષ્ટ થઈ જવાથી એ જીવોનું શું થાય ? માટે કાળના અનુસારે શાસનરક્ષા રહે એવાં સાધનનો ઉપયોગ કરી ય શાસનરક્ષા તો કરવી જ જોઈએ.

**'શાસન ખતરામાં'નો હાઉ :**

આ વસ્તુ બરાબર ન સમજી શકનાર કેટલાંકને કોઈક નવું થતાં ઝટ હાઉ ઊભો કરવા જોઈએ છે કે 'શાસન ખતરામાં' ખરી રીતે તો નજરે દેખાય છે કે 'ચાલે છે એય ચાલવા દઈને શાસન ખતરામાં મૂકાઈ રહ્યું છે. હવે કાલાનુસાર સાધનનો ઉપયોગ કરીને શાસનને ખતરામાંથી શક્ય બચાવી શકાશે.' અને તેમ કરવાથી શાસનરક્ષા રહેવાનું દેખાય પણ છે. છતાં આ માનેલા કલ્પિત શાસન ખતરાને આગળ કરી ખરેખર શાસનરક્ષાના સાધનને ખતરાનું કારણ કહે છે ! એમનાં હિસાબે તો દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ મહારાજે આગમને પુસ્તકારૂઢ કરવાનું નવું પગલું ભર્યું. કાલાનુસાર પુસ્તક લેખનના સાધનનો ઉપયોગ કર્યો, એ કાર્યને પણ શાસનના અહિતમાં કહેવું પડે !! એ મહાકૃપાળુ આચાર્ય ભગવાનને પણ શાસન ખતરામાં મૂકનાર તરીકે એમણે સમજવા પડે !! આગમ પુસ્તારૂઢ ન થયું હોત અને દ્વાદશાંગીના અગાધ શ્રુતસાગરમાંથી રહ્યું સહ્યું શ્રુત પુસ્તકના અભાવે નષ્ટ થતું ચાલ્યું હોત તો આજે આપણી શી દશા હોત ? આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે લખ્યું કે **'હા અણાહા કહં હુંતો, જઈ ણ હુંતા જિણાગમો'** - **'અરે ! જો જિનાગમ ન હોત તો જિનાગમ વિના અનાથ એવા અમારું શું થાત !'** આ બતાવે છે કે ભલભલા બુદ્ધિમાન જીવોનો પણ આધાર શ્રુત છે. પુસ્તકારૂઢ ન હોવાથી પૂર્વ કાળની જેમ નષ્ટ થતું ચાલ્યું હોત તો આજે મોંઢે મોંઢે કેટલું શ્રુત આપણને મળ્યું હોત ?

**નવી પદ્ધતિના બીજા દાખલા :**

પૂર્વના ભવભીરુ આચાર્ય મહારાજોએ શાસનરક્ષા ખાતર નવી નવી પદ્ધતિ જરૂર લાગી તો અપનાવી, એ ઈતિહાસ બોલે છે. પુસ્તકારૂઢ આગમની જેમ એક બીજો દાખલો જુઓ. મહાવીર પ્રભુએ સ્થાપેલા સંઘમાં પહેલા આચાર્યો-મુનિઓ



રાજ સભામાં જઈ વાદ કરવાનું કે રાજા અને સભાને સંબોધવાનું ક્યાં કરતા હતા ? પરંતુ આચાર્ય બપ્પભટ્ટિ સૂરિજીએ કેમ આમરાજાની સભામાં જવાનું કર્યું ? આચાર્ય હેમચંદ્રસૂરિ મહારાજે કેમ સિદ્ધરાજ જયસિંહની સભા શોભાવી ? એમણે જોયું કે જ્યારે મિથ્યાદર્શનીઓ રાજ્યસભામાં પોતાનો પ્રભાવ પાડી જૈન ધર્મને નુકશાન પહોંચાડવા તરફ પ્રવર્તતા લાગે છે, ત્યારે રાજા અને રાજસભાને જૈનશાસનની વાતોથી પ્રભાવિત કરવાની અતિ આવશ્યકતા છે. માટે એમણે એ નવું પગલું ભર્યું. હવે ત્યાં જો 'મહાવીર પ્રભુના કાળથી મુનિઓ તો રાજસભાથી અલિપ્ત રહી સ્વપરની કલ્યાણપ્રવૃત્તિ કરતા આવ્યા છે. એમને વળી આ રાજસભાઓમાં જવાનું શું ? એ થશે તો અનવસ્થા ચાલશે એવી દલીલ કરાય, તો એ શાસન શું સમજ્યા છે ને અનવસ્થા શું સમજ્યા છે ? એમના હિસાબે તો એ પ્રવૃત્તિ શાસનના અહિતમાં જ ને ?

વળી એક દાખલો જુઓ. આપણું શાસ્ત્રસાહિત્ય સંસ્કૃત પ્રાકૃતાદિ ભાષામાં ચાલ્યું આવ્યું. પછી લોકભાષામાં બહારનું લૌકિક સાહિત્ય જૈનોને આકર્ષે એવું રચાતું ચાલ્યું એટલે જૈનાચાર્યોએ શાસનરક્ષા ખાતર લોકભાષામાં રાસાઓ સ્તવનો પૂજાઓ રચવાની નવી પદ્ધતિ શરૂ કરી; જૈનોને સ્વધર્મમાં સ્થિર રાખવાનો શાસનરક્ષાનો પ્રયત્ન કર્યો, પણ 'શાસન ખતરામાં'નો હાઉ ઊભો કરનારાને તો કાંઈક નવું દેખ્યું કે કોલાહલ મચાવવો છે, એટલે પૂર્વ પુરુષોની આ પ્રવૃત્તિને પણ શાસનને હાનિકારક માનવી પડશે !

**આજની નવી જૈનપ્રજાનો સંઘ કેવો બનશે :**

આ આપણે એટલા માટે વિચારવું પડે છે કે આજે નવી પ્રજા જ્યારે જડવાદ-નાસ્તિકતા-વિલાસ પ્રિયતા અને સ્વચ્છંદતા તરફ ઘસડાઈ રહી છે ત્યારે વિચારણીય બને છે કે ભવિષ્યમાં આ પ્રજાનો બનેલો જૈનસંઘ કઈ સ્થિતિમાં હોય ? એવા સંઘમાં જિનશાસનનું સ્થાન કેવું હોય ? શાસન તો સંઘના આધારે ટકે છે ને ? સંઘને જો શાસ્ત્રશ્રદ્ધા ન હોય, ગુરુશ્રદ્ધા ન હોય, દેવદર્શન-જિનપૂજા-જિનવાણીશ્રવણ, સામાયિક-પોષધ-પ્રતિક્રમણ નહિ, વ્રત-નિયમ-પચ્ચક્ખાણ નહિ, સૂત્રાધ્યયન અને ધર્મશાસ્ત્રવાંચન ન હોય, પર્યુષણા જેવા મહાપર્વમાં પણ જો વ્યાખ્યાન શ્રવણ વગેરે ધર્મપ્રવૃત્તિ નહિ,... તો પછી શાસન ક્યાં રહેવાનું ? આજની નવી પ્રજામાં તપાસો કે આમાંનું કેટલું પળાય છે ? એની શ્રદ્ધા ય કેટલામાં છે ? નવી પ્રજાનો મોટો ભાગ આ બધી વસ્તુથી પરવારી ગયેલો જોવા મળે છે ! એને તો રેડિયો, સિનેમા, હોટેલ, રેસ્ટોરાં, ક્લબ-ગાર્ડન, સામાજિક સંસ્થાઓ વગેરેમાં ભળતા રહેવું છે.

એના આકર્ષણો અને આદતોમાં ઘડાયે જતી નવી પ્રજા જ્યારે મોટી થઈ સંઘની પુખ્ત ઉંમરના અંગ બનશે ત્યારે એ સંઘ કેવો હશે ? આજે તમે જે જુની ચાલી આવેલી શ્રદ્ધાથી જીવનમાં ધર્મને જીવો છો, એ શું એ જીવશે ? ત્યારે જીવનમાં જો એ જીવવાનું ન હોય તો શાસન જયવંતુ ગણાય ?

**શાસનને શું સમજો છો ?** ખાલી ધર્મશાસ્ત્રો, તીર્થો, મંદિર-ઉપાશ્રયો અને કોરું શાસ્ત્રજ્ઞાન હોય અને જીવનમાં ધર્મ આચરવાનું કશું ન હોય એ શાસન-અસ્તિત્વ છે ? શાસન તો જીવનમાં જીવતા ધર્મના આચાર-વિચાર-અનુષ્ઠાન અને શાસનશ્રદ્ધા પર આધારિત છે. એ બધું જો ગયું, તો શાસન ગયું સમજો. શાસનની આબાદી શાસનનો આચાર-અનુષ્ઠાનાદિ નવાં જીવનારા પર મપાય, પણ નહિ કે કોરા સાક્ષરો પર, નવા કે કોરા શાસ્ત્રજ્ઞાનના પ્રયત્ન પર.

**નવી પ્રજામાં શું ચાલ્યું છે :**

એટલે વિચારવા જેવું આ છે કે આજની નવી પ્રજા કે જેમાં હવે ઈંડા ખાવાનું પણ પેસવા માંડ્યું છે, કંદમૂળ-ભક્ષણ કેટલુંય પેસી ગયું છે, રાત્રિભોજન તો સહેજ થઈ ગયું છે. જેઓને હોટેલની સૂગ નથી, સિનેમાના ટી.વી.ના ચડસ લાગ્યા છે, ફિલ્મી ગીતો અને એક્ટર-એક્ટ્રેસીસની વાતો હાલતાં ચાલતાં કરવાની થઈ ગઈ છે, જિનપૂજાની પડી નથી, વ્યાખ્યાન શ્રવણની ગરજ નથી, ચૌદશ જેવા પર્વ દિવસેય નાના પણ તપનો પ્રતિક્રમણનો વિચાર જ નથી, એવી આજની જૈન પ્રજામાં ધર્મ શું ? અરે ! કમમાં કમ હવે જૈનત્વનું ગૌરવ અને મિથ્યાધર્મ તથા સામ્યવાદ આદિ આજના પ્રવાહો તરફ અરુચિ નથી, ઊલટું આવી ધર્મ-સંસ્કૃતિનાશક છાપાના લખાણો પર આદર છે, એવી પ્રજામાં ધર્મ ક્યાં ? એનો ભાવી સંઘ કેવો બને ?

**જ્ઞાન-દર્શન ચારિત્રભરી ધાર્મિક શિક્ષણ શિબિર પ્રવૃત્તિ :**

હવે આવી નવી પ્રજાને ધર્માભિમુખ અને જૈનત્વ-જૈન તત્ત્વજ્ઞાનના ગૌરવવાળી તેમજ દેવ-ગુરુપૂજક તથા ધર્મની આરાધક કરવા માટે જ્ઞાન-દર્શન-ચારિત્રની સાધનાભરી શિબિરની યોજના કરવામાં આવી ને કેટલાય ઊગતા જૈન વિદ્યાર્થીઓને ધર્મશ્રદ્ધાળુ-ધર્મરસિક અને ધર્મ-આરાધક બનાવવા માંડ્યા છે.

**ધાર્મિક શિક્ષણ શિબિરનો વિરોધ કરનાર પાસે નક્કર શું ? :**

આજની નવી પ્રજામાં પેસી ગયેલી બદીઓને સારી તો માની શકે એમ નથી, પરંતુ એને રોકવા કશું નક્કર એમની પાસે નથી, વર્ષોથી બૂમબરાડા કરવા છતાં એવું કાંઈ જ કરવું તથા કરી શક્યા નથી કે જે આ બદીઓને વધુ પ્રસરાતી



અટકાવે. આજે ચાલુ વ્યાખ્યાનની સભાઓ અલ્પ સંખ્યક થઈ. જિનપૂજા કરનાર બહુ ઓછા થઈ ગયા, આ શાસનરક્ષા જ થઈ રહી છે ? સાધુ પાસે ધર્મીના પણ છોકરા ન આવે એ શાસનરક્ષા થઈ રહી છે ? જૈન બાળકો અને વિશેષ કન્યાઓમાં ઉદ્ભટ્ વેશ ફાલેફૂલે એ શાસનરક્ષા થઈ રહી છે ? સિનેમા હોટેલ અને રેડિયો-ટી.વી.-ચેનલો, રેસ્ટોરાંને વધુ સેવતા ચાલે છે એ શાસનરક્ષા થઈ રહી છે ?

આ બધી બદીઓ વધવાના અને ધર્મ વીસરાતો જવાના તથા જૈન આચાર-અનુષ્ઠાનનો અને મર્યાદાઓ નેવે મૂકાતા જવાના તો આજે નક્કર બોલતા આંકડાઓ છે.

**સાચી વસ્તુ પર દૃષ્ટિપાત :**

કોઈ સ્થાને પર્યુષણોમાં તપ વધ્યા કે આંબેલની ઓળી કરનારા વધ્યા, યા ઉપધાન કરનારા વધ્યા એટલા માત્રથી ફુલાઈ જવાની જરૂર નથી. નવી પ્રજામાં રોજીંદા જીવનના જૈન આચાર-અનુષ્ઠાન કેટલા ઘસાતા આવે છે. પ્રાચીન મર્યાદાઓના ઉલ્લંઘન કેટલા થતાં આવે છે. એક સામાયિક-ચૈત્યવંદન જેટલાં ય સૂત્રોનું અજ્ઞાન કેટલું વધુ પ્રસરી રહ્યું છે, સિનેમા-હોટેલ-કંદમૂળ-રાત્રિભોજન-પરસ્ત્રીદર્શન વગેરે વિકસતું ચાલ્યું છે, ધાર્મિક શિક્ષા-સંસ્કરણની શિબિર એ અનિષ્ટો અંશે પણ દૂર કરવામાં તથા અમલી જૈનત્વ ખીલવવામાં કેવો ફાળો આપી રહી છે એ ઉઘાડી નજરે દેખાય એવી વસ્તુ આપી રહી છે. એ ઉઘાડી નજરે દેખાય એવી વસ્તુ તરફ લક્ષ દેવાની જરૂર છે. કાળબળ અને પ્રજાની વર્તમાન પરિસ્થિતિ ઓળખવાની જરૂર છે.

શ્રી દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ મહારાજે કાળબળ ઓળખી આગમને પુસ્તકારૂઢ કરાવવાની નવી પદ્ધતિ અપનાવી. એમણે જોયું કે 'હવે સ્મરણ શક્તિ હ્રાસ પામતી રહી છે, તેથી આમ ને આમ મોંઢે જ સૂત્ર ભણાવતાં રહેવામાં તો રહ્યા-સહ્યા શ્રુતનો ય હ્રાસ થતો જશે' માટે દીર્ઘ દૃષ્ટિ વાપરી એમણે આગમ પુસ્તકોમાં લખાવ્યા. એમાંય ૧૨મું અંગ અને એના ૧૪ પૂર્વો તો નહિ, પણ બાકીના ૧૧ અંગ ૧૨ ઉપાંગ વગેરે લખાણમાં ઉતર્યા. એમાં પણ ૧૧ અંગ ગણધર ભગવાને જેટલા પ્રમાણમાં રચ્યા, તેટલા વિસ્તૃત સંપૂર્ણ પ્રમાણમાં નહિ ! કેમકે એનું પ્રમાણ શાસ્ત્ર જેટલા પદપ્રમાણ બતાવે છે તેટલું આજે મળતું નથી. દુષ્કાળ વગેરે કારણે ઘણું વિસ્મૃત થઈ જવાના લીધે અમુક અંશ જ મળે છે. છતાં એ પણ પુસ્તકારૂઢ થયું તો મળે છે. ને આપણા માટે જીવનભર એને ભણવા-ચિંતવવા-પરિણાવવા ઓછું નથી.

કેવા નસીબદાર આપણે ? પૂર્વે ઋષભદેવ ભગવાન અજિતનાથ ભગવાન

વગેરે એકેક પ્રભુના શાસન અસંખ્ય વરસ ચાલ્યાં તેમાં ચૌદપૂર્વીય ખરા અવધિજ્ઞાની ય ખરા અને કેવળજ્ઞાની ય ખરા, ત્યારે આજે મહાવીર પ્રભુનું શાસન માત્ર ૨૧ હજાર વરસ ચાલવાનું, તેમાં ય ફક્ત એક હજાર વર્ષ થતાં તો શ્રુતનો મહાસાગર સુકાઈ ગયો અને તળાવડા રહ્યાં !

કાળની આ મહા વિષમતા જાણીને વધુ સાવધાન બની જવા જેવું છે. આજે પણ જેટલું શ્રુત મળે છે એ પણ મહા અહોભાગ્યનો વિષય માની એના પ્રકાશથી પણ આત્માને નિરંતર પ્રકાશિત રાખવા જેવો છે. આજના જગતની દશા જુઓ કે ભૌતિક વિજ્ઞાન કેટલું બધું વધી ગયું છે ! જડ પદાર્થોનાં સંશોધન કરી કરી નવ નવી શોધો કેટલી બધી નીકળી પડી ?

**જડ વિજ્ઞાનનું શું પરિણામ આવ્યું ? આજ ને કે**

**(૧) ચિત્તના રાગ, દ્વેષ વગેરે સંક્લેશો વધી ગયા !**

**(૨) ઈંદ્રિયોના વિષયોની આસક્તિ લંપટતા ગુલામી નિરંકુશ વધી ગઈ ! તેથી જ**

**(૩) અનેકાનેક જરૂરિયાતો અને સગવડોનો ઉપયોગ ફાટી પડ્યો !**

**(૪) મન જડને જ જોવા-વિચારવામાં એવું અટવાઈ પડ્યું તે**

**(૫) પોતાના આત્માની ચિંતા ને આત્મહિતની વિચારણા તો સ્ફુરે જ શાની ?**

**(૬) પછી એનું શાસ્ત્રજ્ઞાન મેળવવાની ભૂખ જ ક્યાં જાગે ?**

**(૭) જીવનમાં બીજું તો કેટલું બધું ય જરૂરી લાગે છે ! માત્ર સમ્યગ્ જ્ઞાન પ્રકાશ-તત્ત્વપ્રકાશ વધારવાની કોઈ જ જરૂર લાગતી નથી !**

**(૮) બીજી નાનેથી માંડી મોટી મોટી ચીજ-બાબતો વિના ન ચાલે, પણ જ્ઞાન વિના ચાલે ! - આ ધોરણ અને વર્તન ઘડાઈ ગયું છે.**

**ચૈતન્ય ગુંગળાઈ ગયેલું :**

ત્યારે એ સમજો છો ખરા કે આત્મા તો ચેતન છે, એનું ચૈતન્ય શું ? એ ચૈતન્ય ક્યાં વિકસ્વર અને ઝળકતું ગણાય ? અને ક્યાં આવરાઈ ગયેલું તથા મેલુંદાટ કહેવાય ? ભૂલતા નહિ અનંતાનત કાળથી ચૈતન્ય ગુંગળાઈ ગયું છે.

**શુદ્ધ ચૈતન્ય તો છે શુદ્ધ જ્ઞાનમાત્રારૂપ, કે જેમાં રાગદ્વેષ વગેરે કોઈ કચરાની કલુષિતતા ન હોય.** જેમાં ખાનપાન ઈષ્ટ વિષયો ધન-માલ-પરિગ્રહ કે નિદ્રા-આરામી વગેરેની કોઈ સંજ્ઞાની મિશ્રતા ન હોય.



**ચોકખી ચટક શુદ્ધ જ્ઞાનમાત્રા એટલે** વસ્તુદર્શન કે શ્રવણ થાય ત્યાં સીધો તત્ત્વમાં હવાલો પડે. એમ થાય કે 'આ અમુક તત્ત્વમાં સમાય છે, તો એ જો આશ્રવ-કર્મબંધકારી તત્ત્વ છે, તો એ આત્માને ખતરનાક છે, ત્યાજ્ય છે, ભયજનક છે. ત્યારે જો એ સંવર-નિર્જરા તત્વ છે, અર્થાત્ કર્મનિરોધક યા કર્મનાશક તત્ત્વ છે, તો એ બહુ વધારવા જેવી વસ્તુ કહેવાય; આદરણીય, હિતકર તત્ત્વ ગણાય.' આવી શુદ્ધ જ્ઞાનમાત્રા પ્રગટે પછી ત્યાં ખોટા રાગ-દ્વેષ નહિ થાય; ઊલટું જિનાજ્ઞા મુજબ એનું શુદ્ધ જ્ઞાન થવા પર, ભલે બાહ્યથી આવશ્યક આશ્રવ આચરવા પડતા હોય છતાં અંતરથી એના પર એવા ઉછરંગ નહિ, દિલ પરાઙ્મુખ રહે. ભલે ને હીરા માણેકના સંબંધ હોય, તો ય હૈયું કહે, - 'શું મોહવું હતું આમાં ? આ તો વધુ રાગ કરાવી સંસાર વધુ લાંબો કરનારી ચીજ છે. આના સ્મરણમાં સંસારની અસારતા નહિ પણ સારભૂતતા લાગે એવી આ જીવને ભૂલી પાડનારી વસ્તુ છે.' આવું કાંક મનમાં આવે તો તો એ શુદ્ધ જ્ઞાનમાત્રા ખીલી ચોખ્ખું ચૈતન્ય સ્ફુર્યું કહેવાય. પરંતુ જો રાગભર્યું જ દર્શન હોય તો એમાં તો અજ્ઞાનમાત્રાની મૂઢતાની કક્ષા ખીલી ગણાય.

જોવાની ખૂબી છે કે હીરો જડ છે, તો એને કશી એવી મૂઢતાની સ્ફુરણા નથી, એને કોઈ રાગાદિભર્યો વિચાર નથી. ત્યારે જીવ વિચાર-શક્તિવાળો છે, એટલે રાગાદિભર્યો વિચાર કરે છે, મૂઢ બને છે, અને જાતને ખતરામાં ઉતારે છે ! શુદ્ધ જ્ઞાનમાત્રા ખીલવવાનું રાગાદિરહિત દર્શન કરવાનું અને એમ કરીને પોતાના વિશિષ્ટ ગુણ શુદ્ધ ચૈતન્યને વિકસાવવાનું એને આવડતું નથી ! પાલવતું નથી ! પછી તો આ દુઃખદ ભવચક્રમાં ભમ્યા કરવાનો શે અંત આવે ? નહિતર અહીં તો કેટલી ઉત્તમ તક મળી છે. શુદ્ધ ચૈતન્ય વારંવાર જાગતું ન રખાય ? પરંતુ પરવા જ ક્યાં છે ? પરવા હોય તો ડગલે ને પગલે આ ચોંટ અને પ્રયત્ન રહે કે શુદ્ધ ચૈતન્ય જાગ્રત ને જાગ્રત રખાય, એને વધુ વધુ વિકસ્વર કરતા રહેવાય.

**શાસ્ત્રશ્રમના બે લાભ :**

શુદ્ધ ચૈતન્ય વિકસતું રાખવા માટે શાસ્ત્રબોધ મેળવવા-વધારવાની જરૂર છે. એથી બે મહાન લાભ એ થાય છે કે

(૧) એક તો એનાથી જે વિશેષ વિશેષ પદાર્થજ્ઞાન ને તત્ત્વસમજ આવતી જાય છે એનાથી પૂર્વની જેમ હવે ઊંધી વિચારસરણી અને વસ્તુની અસત્ મૂલવણી થતી અટકે છે. આર્તધ્યાનના વિચારોથી બચાય છે, ખોટી કલ્પના, ખોટાં ધોરણ, ખોટા વિશ્વાસ વગેરે પડતા મૂકાય છે.

(૨) બીજો લાભ એ કે શાસ્ત્રબોધ માટે શાસ્ત્રનો વ્યાસંગ શાસ્ત્ર જોવાનો શ્રમ રહેવાથી એટલો સમય બીજા-ત્રીજા અસત્ વિકલ્પો-વિચારોથી બચાય છે. માણસ વિકલ્પો કરી કરી મન બગાડે છે, ને બગડેલા મનથી જીવન બગડે છે. એમાંથી બચાવનારો શ્રેષ્ઠ ઉપાય શાસ્ત્રવ્યાસંગ છે, શાસ્ત્રમાં રોકાયા રહેવાનો શ્રમ છે, શાસ્ત્રના શ્રવણ-વાંચન અને ચિંતન મનનમાં રોકાયા રહેવાથી કેટલાય વિકલ્પો વિચારો અટકે છે.

આમ આજના કાળે જેટલા શાસ્ત્ર મળે છે એ પણ કાંઈ ઓછાં નથી. અલબત ચૌદ પૂર્વો અને ૧૧ અંગ આગમોના કેટલાય પદ નષ્ટ થઈ ગયા છે. છતાં ય જે મળે છે એય એટલું બધું છે કે એને ભણવા, વિચારવા અને મોંઢે કરવામાં જીવન સમાપ્ત થઈ જાય છતાં એ ખૂટે એવું નથી. પોતાના અનન્ય ગુણ અનન્ય સમૃદ્ધિ 'ચૈતન્ય'ને વિશુદ્ધ વિશુદ્ધ કરી વિકસતું રાખવાની તમન્ના જોઈએ, તો એ શાસ્ત્રશ્રમ ભરપૂર બન્યો રહે, તત્ત્વજ્ઞાન વધારતા રહેવાની રોજીંદી પ્રવૃત્તિ રહ્યા કરે. મન એવું સજાગ રહે કે 'મારું મૂળ મુખ્ય સ્વરૂપ ચૈતન્ય તો હું ખાસ ઊજળું ઊજળું કરતો રહું, વધુને વધુ વિકસ્વર બનાવતો જ જઉં એ માટે અનન્ય સાધનભૂત જિનવચનનો તો પરિચય વધારતો જાઉં.'

જીવને આ મહા કલ્યાણકર્તવ્ય બાજુએ મૂકી નાશવંત માટીના કૂકામાં દટાઈ જવાની શી એવી લત ? કાયા-કંચન-કુટુંબ-કીર્તિ-કામિનીની શી એવા પલેવણ કે જિનવચન મેળવવા-વધારવાની કોઈ ગરજ જ નથી ? ખ્યાલ છે ખરો કે એ કક્કા-પાર્ટી કર્મની જ દોસ્તી કરાવી વિરાટ ભવાટવીમાં રખડતા કરી દેશે ? અરે ! દુઃખ તો વધુ આ થાય છે કે ભવી જીવને હજીય દાન-શીલ-તપ અને દેવદર્શન-પૂજા વગેરેની કંઈક પરવા રહેવા છતાં જિનવચનનો સતત પરિચય રાખવાની કશી પડી નથી ! 'પૂછીએ કેમ ભાગ્યશાળી ! વ્યાખ્યાનમાં નથી આવતા ?' તો કહે છે 'સાહેબ ! મારે પૂજામાં દોઢ કલાક લાગે છે એટલે પછી સમય નથી રહેતો.' અરે ! પણ જિનભક્તિની જરૂર છે, ને જિનવચનની જરૂર નથી ? જિનવચનના કાયમી પરિચય વિના કર્તવ્ય-અકર્તવ્ય, પુણ્ય-પાપ, શુભધ્યાન-દુર્ધ્યાન વગેરેનો બોધ શી રીતે મળશે ? એ બોધ વિના આત્માનું રક્ષણ અને પ્રગતિ કઈ રીતે થશે ?

**જિનવચનના પરિચય વિના** તો જીવ એવો ભૂલો પડે છે કે ખોટી વસ્તુ ખોટા કાર્યને સારું માની લે છે ! પાપને કર્તવ્ય સમજી બેસે છે ! અવાચ્યને વાચ્ય માને છે ! અભક્ષ્યને ભક્ષ્ય સમજે છે અને ત્યાજ્યને આદરવા જેવું માની લે છે ! નવપદ ઓળીની આરાધના કરો છો ને ? એમાં જ્ઞાનપદની ય આરાધના ખરી ? જ્ઞાનીઓએ એને કેવું ઓળખાવ્યું છે ?



**'ભક્ષ્યાભક્ષ્ય ન જે વિણ લહીએ, પેય-અપેય વિચાર;**
**કૃત્યાકૃત્ય પ્રગટ સવિ જેહથી, જ્ઞાન તે સકલ આધાર,**
**રે ભવિયા ! સિદ્ધચક્ર પદ વંદો.'**

**ભગવાન પર પ્રીતિ કેટલી ? :**

તો આવું જ્ઞાનપદ માન્ય છે ને ? પછી શું બોલાય ખરું કે 'મારે પૂજા-દર્શનમાં દોઢ કલાક લાગે છે તેથી વ્યાખ્યાને નથી જતો ?' રોજ પૂજાની જેમ રોજ નવનવી જ્ઞાન પ્રાપ્તિ વિના ચાલે ? એ વિના શું ભક્ષ્ય-અભક્ષ્ય વગેરેનો વિવેક વધશે ? કૃત્યાકૃત્યનો પ્રકાશ વધશે ? જો એ નહિ, તો આગળ વધાશે ? ત્યારે 'મારે આ કામ છે, ને તે કામ છે.' એમ સાંસારિક ઉપાધિઓમાં દટાઈ રહી જિનવચનના બોધની મૂડી વધાર્યે જવી નથી, અરે ! થોડો પણ એનો પરિચય રાખવો નથી, એને ભગવાન પર પ્રીતિ કેટલી ? ભગવાનની પોતાની મુખ્ય સમૃદ્ધિ, મુખ્ય વ્યવસાય, મુખ્ય લક્ષ (કાર્ય) તો તત્ત્વ બોધ છે; એમાં આપણને રસ નહિ ? ને છતાં કહીએ કે ભગવાનમાં આપણને રસ છે ? ઘેર કોઈ મળવા આવે, ને એ પોતાની મુખ્ય વાત પ્રેમથી કરે, એમાં આપણે જરાય રસ ન દેખાડીએ, ને છતાં સવાસલો કરીએ કે મને તમારા પર બહુ પ્રેમ છે, રસ છે' એ સામો શાનું સ્વીકારી લે ? કોઈ દર્દીની ખબર કાઢવા ગયા, ને ત્યાં જઈ એની આગળ એના દરદની વાતમાં આપણે કશો રસ ન દેખાડ્યો, ઊલટું આપણું દરદ ને આપણી મુશીબત ગાયા કરી, પછી સામો શી રીતે માને કે આપણને એનામાં રસ છે ? એમ અહીં જો ભગવાનના વચનમાં આપણને રસ નથી, તો ભગવાનમાં રસ કેવો ? જિનવચન તો જિનની મુખ્ય ચીજ છે. જિનમંદિર, જિનસંઘ, જૈન ધાર્મિકક્ષેત્રો, જૈન તીર્થો,.... ઈત્યાદિ બધુંય જિનની વસ્તુ કહેવાય, પરંતુ બધું જ જિનશાસન-જિનવચનની પાછળ ! કેમકે જિનશાસન-જિનપ્રવચનમાં જે રીતે ફરમાવ્યું હોય એ રીતે જ એ મંદિર-ઉપાશ્રય-ધાર્મિકક્ષેત્રાદિ ઊભાં થાય આરાધાય અને ચાલે. માટે જ,

**જિનવચનનો પરિચય રોજનો** ચાલવો જોઈએ, જેથી

(૧) એક તો એ અંતરમાં દૃઢપણે પરિણમતું જાય, બુદ્ધિ એના ઢાંચામાં ઢળાતી જાય, એની લાઈને ઘડાતી આવે, યાવત્ સહજ જિનવચનાનુસારી બની જાય; અને

(૨) બીજું એ કે જિનવચનના રોજના પરિચયથી નવા નવા તત્ત્વપ્રકાશ, માર્ગપ્રકાશ, વિધિપ્રકાશ, કર્તવ્યપ્રકાશ વગેરે પ્રાપ્ત થતા જાય.

આ બે મહાન લાભ આમાંથી જ મળે અને આ લાભ વિના ચાલી શકે એવું નથી, તેથી જિનવચનનો પરિચય રોજનો રાખવાનો છે. તપ કરો, જપ કરો, દેવદર્શન-પૂજા, તીર્થયાત્રા, દાનાદિ બધું કરો, પરંતુ સાથે જિનવાણી-જિનાગમ-શાસ્ત્રવાતોનું શ્રવણ-વાંચન-મનન રોજ કરતા રહો. એથી,

- **ધર્મજીવન પ્રગતિશીલ બનશે;**
- વિચારસરણી વિશુદ્ધ વિશુદ્ધતર બનતી આવશે,
- સંસારની અસારતા વિષયોની ભયંકરતા ને કષાયોની શત્રુવટ અધિક અધિક ભાસતી જશે.
- નવું નવું શુદ્ધ ધર્મજોમ પ્રગટતું જશે,
- પાપોના આકર્ષણ અને આચરણ મોળાં પડતાં આવશે.

આવા આવા અતિ ઉત્તમ લાભોને આપનાર જિનાગમ દ્વાદશાંગીરૂપે એક મહાસાગર જેવું હતું, પરંતુ સ્મૃતિદોષે એમાં હ્રાસ થતો આવ્યો તે ૧૧ અંગમાં પણ પદોનો હ્રાસ થતાં આજે મર્યાદિત રૂપમાં મળે છે. મૂળ ગણતરીએ ૧લા આચારાંગમાં ૧૮,૦૦૦ પદ; ૨જા સૂત્રકૃતાંગમાં ૩૬,૦૦૦ પદ, ૩જા સ્થાનાંગમાં ૭૨,૦૦૦ પદ, ૪થા સમવાયાંગમાં ૧,૪૪,૦૦૦ પદ, પમાં વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ શ્રી ભગવતીસૂત્રમાં ૨,૮૮,૦૦૦ પદ અને છઠ્ઠા જ્ઞાતાધર્મકથામાં ૫,૭૬,૦૦૦ પદ હતાં. ત્યારે તો એ છઠ્ઠા અંગમાં સાડા ત્રણ કરોડ કથાઓ હતી. આજે ફકત ૧૯ અધ્યયન ૧૯ કથાઓ મળે છે. ભગવતીજીમાં ૩૬,૦૦૦ પ્રશ્ન અને ઉત્તર કહેવાય છે, પરંતુ આજે એમાંથી એટલી સંખ્યા મેળવવી મુશ્કેલ બને છે.

શાસનમાં મહાબુદ્ધિનિધાનો થયા છે, પરંતુ દુકાળ વગેરે કારણોએ ઘણું લૂંટાઈ ગયું ! એની અફસોસી જિનાગમને સાચી સંપત્તિ સમજનારને પારાવાર હોય, પરંતુ એકલી અફસોસી કરીને બેસી રહેવાનું નથી; કિન્તુ જેટલું આજે લભ્ય છે એમાં ભગીરથ પ્રયત્ન કરવાનો છે. સમ્યક્ત્વની ખીલવણી આના ઉપર થાય કે

(૧) માટીના ફૂકા, પછી ભલેને ચક્રવર્તી કે ઇંદ્રના વૈભવ, એ ધનરૂપ ન લાગે, પણ જિનાગમ એ ખરેખર ધનરૂપ લાગે, તેમજ (૨) અધિકાધિક જિનાગમ પ્રાપ્ત કર્યે જવાની જિજ્ઞાસા સતેજ બની રહે અને યથાશક્તિ એમાં પુરુષાર્થ ચાલ્યા કરે, તોજ એને સાચું ધન માન્યું ગણાય ને ? કે જિનવચન પ્રાપ્ત કરવાની બેપરવાઈ હોય તો ગણાય ? માટીના ફૂકા મેળવવા રોજ ને રોજ કેવા પ્રયત્ન કરે છે ? ઘરડા થાઓ તો ય એ ચાલુ ! છેવટે વ્યાજ પણ નવું નવું મેળવવાની ધગશ ખરી ! અને જિનવચન કમાયે જવામાં અખાડા ? ધન એ ? કે આ ? હૃદય શું માને છે ? ત્યારે



હૃદયની ધનબુદ્ધિ નહિ ફેરવાય તો સમ્યગ્દર્શન ક્યાં સસ્તુ પડ્યું છે ? વીતરાગ પ્રભુ પર રાગ શે જાગે ? અને શે વધે ? શાસનનાં મૂલ્યાંકન ક્યાં ? જિનવચનને ખરેખરું ધન માન્યા વિના અને એ અધિકાધિક કમાઈ લેવાની ધગશ રાખ્યા વિના અનાદિની ઘરેડમાંથી બહાર નહિ નીકળાય, કીડા-પશુની ગણતરીમાંથી ઊંચા નહિ અવાય. કીડા-કીડી કે પશુ-પંખી ય જડ માટીના માલને તો કિંમતી સમજે છે. વિશિષ્ટ માનવબુદ્ધિએ પણ આ જ ગણતરી ? કે ગણતરી કોઈક ઊંચી વિવેકવાળી હોય ? જ્ઞાનીઓ તો આ કહે છે કે શ્રાવક **'ધર્મમાં ધનબુદ્ધિ', 'જિનપૂજા-સત્કારમાં ધનબુદ્ધિ', 'જિનવચનમાં ધનબુદ્ધિ'** ધરનારો હોય અર્થાત્ એ ધર્મને સાચું ધન માને, જિનેશ્વર ભગવંતની પુષ્પાદિપૂજા અને આભૂષણાદિ સત્કારને સાચું ધન ગણે, જિનભાષિત વચનને ખરું ધન ગણે. એ કમાવામાં લંપટ અર્થાત્ અધિકાધિક સ્પૃહાવાળો હોય, પરંતુ સંતોષવાળી લેનારો નહિ, જિનવચનથી જ તરવાનું છે, અને એ અગાધ-અમાપ છે. એનો સંતોષવાળી લીધ્યે કેમ ચાલે ?

માટે આજે ગણધરો અને આચાર્યોએ ગૂંથેલા જિનવચનમાંથી ભલે થોડુંક જ મળે, પરંતુ એ ય ઓછું નથી ! જીવનભર એને ભણ્યે જઈએ ચિંતવ્યે જઈએ અને યાદ કર્યે જ જઈએ એટલું બધું છે !

અહીં આપણે શ્રી ભગવતીજી સૂત્ર વાંચવા-સાંભળવાનું છે. જિનવચનનો પારાવાર પ્રભાવ સમજતા હોઈશું તો આ વાંચવા-સાંભળવામાં અપાર રસ રહેશે. નહિતર પછી 'પૈસા એ પૈસા, બાકી બધું હેઠ' એ બુદ્ધિ રાખવામાં આ અણમોલ ગણધર વારસાની કદર નહિ રહે, એ મેળવવાની નિત્ય લગની અને નિત્ય ઉદ્યમ નહિ જાગે, માટીના ધનમાં લીન બનેલાને તો, ધાન્યના ધનેરાની જેમ, એમાંથી બહાર નીકળવાનું મન જ શાનું થાય ? 'જિનવચન જેવું નિધાન જગતમાં નથી, જિનવચન જેવો પાલક-પોષક-તારણહાર કોઈ રત્નના ય ઢગલા નથી.' એ જ્વલંત માન્યતા રખાય, તો એમાં ધરાયા વિના પરિશ્રમ કર્યે જવાય અને એનો લાભ કેટલો બધો ? ભવાંતરે પણ પછી થોડું પણ જિનવચન મળતાં આત્માને એકદમ ઊંચે ચડાવી દે !

## ૨. પ્રભુદર્શનનો પ્રભાવ

શાસ્ત્રમાં નરસિંહનું દૃષ્ટાંત આવે છે.

નરસિંહ પૂર્વભવે ભિખારી હતો, ભીખ માંગતાં ય પેટ પુરાતું નહોતું, તેથી નગર છોડી બીજે ગામ જવા નીકળ્યો, સાધુ મળ્યા.

સાધુને એ કહે, 'મહારાજ ! ભીખ માગવા ઘર ઘર ફરું છું છતાં મળતું નથી. મને કાંક બતાવો.'

સાધુ કહે, 'તું ધર્મ કર; ધર્મ વિના સુખ ન મળે. આ પૂર્વભવે તેં ધર્મ નહિ કર્યો હોય એટલે તો અહીં મળતું નથી. હવે અહીં ધર્મ નહિ કરે તો આગળ શું જોવા મળશે ?'

ભિખારી કહે, 'બાપજી ! વાત તો સાચી; પરંતુ મારી પાસે એક પૈસોય નથી, એ વિના શો ધર્મ કરું ? બીજાને રાતો પૈસો ય ન દઈએ, તો ધર્મ શો ?'

સાધુ કહે, 'દાનથી જ ધર્મ થાય એવું થોડું છે ? દાનની શક્તિ નથી છતાં, જો આ નગરમાં જિનમંદિરો ઘણા છે, તું એમાં ભગવાનનાં દર્શન કર. જિનદર્શન એ પણ મહાન ધર્મ છે. કેમ, એ તો બનશે ને ?'

ભિખારી કહે, 'હા મહારાજ ! એ તો સારી રીતે બની શકશે. ઘર ઘર ભીખ માગવા ફરી શકું છું તો મંદિરે મંદિરે પ્રભુનાં દર્શન કરવા કેમ નહિ ફરી શકું ?'

બસ, ભિખારી પછી દર્શનમાં લાગી ગયો. મંદિરો ઘણા હતા. એટલે જેટલા બને એટલા ભગવાનનાં એ દર્શન કર્યે જાય છે.

જુઓ 'પેટમાં કૂવો ને વરઘોડો જુઓ' જેવો ખેલ છે. પરંતુ મુનિએ સમજાવી દીધેલ છે કે 'પેટમાં કૂવો પણ પૂર્વે ધર્મ નહિ કર્યાને આભારી છે, ને અહીં ધર્મ નહિ કરે તો આગળ પર શું પામીશ ? એ વિચારી જો. એટલે પ્રભુદર્શનનો વગર પૈસાનો સરળ ધર્મ છે તે કરવા લાગ એમાં કાંઈ પેટમાં કૂવો આડે નથી આવતો. બાકી એકલું હાય ખાવાનું !' કરીશ તો આ લોક, પરલોક બંનેને સુધારનાર ધર્મ કરવાનું ચૂકી જઈશ.

પેલા ભિખારીને આ લાગી ગયું કે "હાય ખાવાનું ! હાય ખાવાનું ! હાય ખાવાનું ! કરતો રહીશ ને ધર્મ નહિ કરું તો માર્યો જઈશ. પૂર્વ જન્મમાં ધર્મ નથી કર્યો તેથી તો અહીં કપાળમાં ભીખ માગવાનું આવ્યું છે, હવે અહીં પણ ધર્મ ન કરું તો પરભવે મારી કેવી વલે ? માટે ધર્મને મુખ્ય કરું" શું આવ્યું આ ? મોક્ષદૃષ્ટિ નહિ, પણ ધર્મદૃષ્ટિ આવી ને ધર્મદૃષ્ટિ એને એવી જોરદાર જાગી કે ભીખ માગવા તો ફરવું પડતું, પરંતુ દેવદર્શન પર મુખ્ય ચોટે ધર્મશ્રદ્ધા વધતી ચાલી, તેથી બને તેટલા વધુ દર્શન કરતો. અભણ ભિખારી છે, એકમાત્ર જિનમંદિરોએ દર્શન કરી રહ્યો છે, પરંતુ એને મહાન જીવન કર્તવ્ય માની રહ્યો છે. એને લાગે છે કે 'પેટનો ખાડો પૂરવા ભીખ માગતા ફરવું એ કોઈ મોટું કલ્યાણ કર્તવ્ય નથી. એ તો કૂતરા



ને બિલાડા જેવા જનાવરેય કરે છે ને એથી એનું કલ્યાણ થોડું જ થાય છે ? પણ પ્રભુના દર્શન અર્થે ફરતા રહેવું અને પેટ ભરી ભરીને દર્શન કર્યે જવા એ કલ્યાણ કર્તવ્ય છે. મહાત્માની કૃપા થઈ ને મને આ સૂઝાડ્યું, મારા અહોભાગ્ય છે !' આમ હોંશે હોંશે પ્રભુદર્શન કર્યે જાય છે એમાં એ અઢળક પુણ્ય બાંધતો રહ્યો.

આપણે એકલા પ્રભુદર્શન નહિ, પણ બીજા ઘણા પ્રકારના ધર્મ કરીને સંતોષ માનતા હોઈએ કે હું ઘણો ધર્મ કરું છું ત્યાં આ તપાસવા જેવું છે કે એવી હોંશ ઊલટ કઈ ધર્મસાધનામાં રાખીએ છીએ ? આ ભિખારી જેમ જિનદર્શનને કલ્યાણ કર્તવ્ય સમજી એ પામ્યાને અહોભાગ્ય માનીને જે હોંશ ઊલટથી દર્શન કરતો રહ્યો છે, એવું આપણને કયા ધર્મસાધનામાં સતત ઊલટ ચાલ્યા કરે છે ? કઈ ધર્મસાધના આપણે ભલીવારવાળી કરીએ છીએ ?

જો જો ભિખારીને પરભવે માત્ર આ એક મહાન કલ્યાણ કર્તવ્ય માની એ બજાવવાના પ્રતાપે કેવી ઉત્તરોત્તર ચડિયાતી ઉન્નતિ મળતી રહે છે ! અને એમાં વિઘ્નો ભારે આવવા છતાં એ જ કેવા ચડિયાતા હૃદય માટે થાય છે ! જિનદર્શનના પ્રભાવ અજબ ! એ પણ જોવા જેવું છે કે ભિખારીપણે જે દર્શનનો ધર્મ કરી રહ્યો છે એમાં હજી કાંઈ 'સંસાર પાર કરી જવા માટે જ ધર્મ કરું' એવો કોઈ આશય નથી, આશય માત્ર આટલો જ કે 'પૂર્વે ધર્મ નથી કર્યો તેથી આ ભિખારીપણું આવ્યું ને એમાંય ભીખ માગતા સરખું ન મળે એવી કમભાગિતા આવી છે, તો હવે ધર્મ કરું તો આ વિટંબણા ન આવે.' એટલો જ છે. એટલે કે સરખી રીતે પેટ ભરવાનું થાય એવા દુન્યવી કાર્યનો આશય છે, છતાં એવા પણ આશયથી એ શું કરી રહ્યો છે, પાપ નહિ, પણ વીતરાગ પ્રભુનાં દર્શનનો ધર્મ કરી રહ્યો છે. **શાસ્ત્રકારો પાપપ્રવૃત્તિ છોડી ધર્મપ્રવૃત્તિ કરવાનું બહુ મહત્ત્વ આંકે છે** અને એ મહત્ત્વ આપણને પૂર્વ પુરુષોનાં જીવનમાં દેખાય છે, જુઓ.

ભિખારી દર્શનના ફળરૂપે એ જ જીવનમાં ભીખ સારી પામતો ગયો અને મરીને પરભવે એક બ્રાહ્મણના છોકરા તરીકે જન્મ્યો. એ એક-બે વરસનો થયો હશે ત્યાં બ્રાહ્મણ એને રાજાને પગે પડવા લઈ જાય છે; ત્યાં બન્યું એવું કે રાજાની પડખે રાજજોષી બેઠેલો તે બોલી ઊઠ્યો, 'વાહ કેવુંક ભાગ્યશાળી આ રૂપાળું બાળક !'

રાજા પૂછે, 'કેમ ભાગ્યશાળી ?'

જોષી કહે, 'મહારાજા ! આના મુખની રેખાઓ કહી રહી છે કે એ અહીં રાજા થાય.'

રાજાએ એ વખતે તો ઉદ્ગાર કાઢ્યો કે 'એમ છે ? તો તો ખરો

ભાગ્યશાળી !', પરંતુ રાજાના પેટમાં સંતાપની આગ ઊઠી. 'હાય ! આ દક્ષિણાની ભીખ માગતા ફરનાર બ્રાહ્મણનો દીકરો મારો વારસદાર ? લાવ વારસદાર બને એ પહેલાં એનું કાટલું કઢાવી નાંખું.'

એ બાળકનું કેવુંક વિઘ્ન આવે છે ! પણ જો જો પૂર્વનો દર્શનધર્મ જે હોંશે હોંશે કર્યો ગયો છે, એ એની કેવીક રક્ષા અને ઉન્નતિ કરે છે. રાજાએ એક માણસને તૈયાર કર્યો કહ્યું, 'આ બ્રાહ્મણના બાળકને નગર બહાર કૂવામાં પધરાવી આવજે. ઇનામ મોટું લઈ જજે.' બાળકનું જોરદાર પુણ્ય શું કામ કરે છે એ જુઓ. સંધ્યાકાળે એ માણસ બ્રાહ્મણના ઘરમાં એકલા બાળકને જોઈ એને ઉપાડીને ચાલતો થઈ ગયો. ગામ બહાર આવ્યો ત્યાં ચાંદનીના પ્રકાશમાં જુએ છે તો બાળક ખૂબ રૂપાળું ને હસતું ખીલતું છે. એને જોઈને એને દયા આવી ગઈ કે હાય ! આવા સોભાગી બાળકને કૂવામાં કેમ નખાય ? પણ રાજાને જવાબ દેવો પડશે તેથી એણે બાળકને બગીચામાં એક ઝાડ નીચે મૂકી દીધું અને પોતે પાછો ફરીને રાજાજીને કહ્યું, 'સાહેબ ! કામ પતાવી દીધું.' રાજાએ ખુશી થઈ એને ઇનામ આપ્યું.

અહીં બગીચામાં કોઈ જાનવર આવીને બાળકને નુકશાન ન કરે ? પણ કહે છે ને કે 'જેને રામ રાખે તેને કોણ ચાખે ?' બાળકના હોંશે હોંશે કરેલા પ્રભુદર્શનના ધર્મે પુણ્ય ઊભા કર્યા છે કે અહીં જીવની પોતાની કોઈ હોશિયારી કે મહેનત વિના જ પુણ્ય એની રક્ષાનું સાધન ઊભું કરી દે છે. એના પુણ્યે બન્યું એવું કે બગીચાનો માળી ફરવા નીકળેલો, ને એણે આ બાળકને જોયું. રૂપાળા રમકડા જેવા બાળકને જોઈ ખુશી ખુશી થઈ ગયો. વહાલથી એને ઉઠાવી લઈ આવ્યો પત્ની માલણ પાસે, ને કહે છે, - લો આ તારે નવ નવ મહિના ગર્ભ સાચવવાની પીડા વિના ભગવાને આ તૈયાર બાળક આપી દીધું છે. માલણ પણ રૂપાળા બાળકને જોઈ રાજીની રેડ થઈ ગઈ. ઝટ એને લઈને છાતી સરસો ચાંપી એને બચ્ચીઓ ભરી લે છે. છાતીએ લગાડીને પાસે સુવાડે છે, સવાર પડતાં રાજાને ત્યાં બ્રાહ્મણની રાડ આવી મહારાજા ! મારા બાળકનો પત્તો નથી.

રાજા ઢોંગ ધતુરાથી કહે છે હેં ? હેં ? શી વાત કરે છે ? આવું સારું બાળક ગુમ ? જા જરા આજુબાજુમાં તપાસ કર અને હું પણ તપાસ કરાવું છું ! સિપાઈને બોલાવી કહે છે એય ! નગરમાં તપાસ કરો, આનું બાળક ક્યાં છે ?

બસ, નગરમાં તપાસ ચાલી, પણ બાળક મળ્યું નહિ; ક્યાંથી મળે ? નગર બહાર દૂર બગીચામાં માળીના ઘરમાં હોય, તે નગરમાં ક્યાંથી મળે ? બાળકનું પુણ્ય ઉપરાંત માળીનું પુણ્ય એવું છે કે કોઈ સિપાઈને અહીં તપાસ કરવાનું સૂઝ્યું જ નહિ, વાત પતી ગઈ.



બાળક માલણના ભારે વહાલ સાથે ઊછેર પામી રહ્યું છે. પાંચેક વરસનો થયો હશે ત્યારે એક દિવસ માલણ એને સાથે લઈને રાજાને ફૂલનો કરંડિયો આપવા ગઈ. કર્મ અને ભવિતવ્યતા કેવી અજબ-ગજબ ઘટનાઓ સર્જે છે ! માલણ બાળકને રાજાના પગે લગાડે છે. ત્યાં રાજાની પાસે બેઠેલા પેલા રાજજોષીનું માથું હાલી ઊઠે છે. રાજા પૂછે છે, 'કેમ જોષીજી ! માથું કેમ હાલી ઊઠ્યું ?' જોષી કહે, 'મહારાજા ! શું કહું ? આ બાળકનાં મુખની રેખાઓ કહી રહી છે કે આ આપની પછી રાજા થાય ! વળી રાજાએ ત્યાં તો એ સાંભળી આનંદ દેખાડ્યો. સરસ ! ભાગ્યશાળી બાળક ! પરંતુ રાજાના મનને શંકા પડી કે આ પેલું બાળક તો ન હોય ? ત્યારે શું પેલા માણસે બાળકને આ માલણને સોંપી દીધું હશે ? યા બગીચામાં એમજ મૂકી દીધું હોય ને માલણે એને લઈને ઊછેર્યું હશે ? ખેર ! ગમે તે હો, આના ઊંડાણમાં ઉતરવાની જરૂર નથી, નહિતર પૂર્વની વાત કદાચ બહાર પ્રગટ થઈ જાય. આપણે તો કામથી કામ 'હવે બીજા વિશ્વાસુ માણસને જ કામ ભળાવી દેવું જેથી બાળક નામશેષ થઈ જાય.'

**મૂર્ખ માણસ સામાનું ભાગ્ય જોતો નથી તે સામાને ખત્મ કરવાના ભયંકર અપકૃત્ય કરવા દોડે છે.**

ધવલશેઠે **શ્રીપાળ**ને ખત્મ કરવા કેટલા વાનાં કર્યા ? પરંતુ તેથી શ્રીપાળનું શું બગડ્યું ? પહેલાં તો શ્રીપાળનો બત્રીસ લક્ષણા પુરુષ તરીકે પકડીને ભોગ આપવાની યોજના કરી, પરંતુ એમાં છેવટે શ્રીપાળને પગે પડવા આવવું પડ્યું ને કાલાવાલા કરવા પડયા કે કુમાર સાહેબ ! મારાં વહાણ ચલાવી આપો ને ? તમે લક્ષણવંતા અને ભાગ્યવાન મહાપુરુષ છો તેથી તમારા ચરણસ્પર્શથી વહાણ ચાલતા થઈ જશે એવો મને વિશ્વાસ છે !

વળી આગળ પર શ્રીપાળને દરિયામાં પટકી દેવા વહાણના ખીલા વિનાના ઝરુખામાં ચડાવ્યા ! ઝરુખો નીચો વળી ગયો. શ્રીપાળ દરિયામાં પડ્યા, પણ મગરમચ્છે તરાપાની જેમ પીઠ પર ઝીલી લઈ થાણા બંદરે ઉતાર્યા ને ત્યાં શ્રીપાળને રાજકુમારી પરણવા મળી. ક્યાં દરિયામાં પટકાવી જવાની ઘટના ? ને ક્યાં રાજકુમારી પરણવા મળે ?

મૂર્ખ ધવલ શ્રીપાળને મારી નાખવા ઊંધા ને ઊંધા વેતરણ કરતો ચાલ્યો પણ એમાં શ્રીપાળને અધિક અધિક સંપત્તિ મળતી ચાલી.

એમ અહીં ભિખારીમાંથી બાળક બનેલાને બનતું આવે છે. રાજાએ વિશ્વાસુ માણસને કહ્યું, પેલી માલણના બાળકને લઈ બહુ દૂર દૂર જંગલમાં જઈ કોઈ

કૂવામાં પધરાવી દેજે. માણસ ઘોડા ઉપર બેસી નીકળ્યો. બગીચામાં જઈ જુએ છે તો બાળક એકલું બેસી રહ્યું છે, તે એને ઉઠાવીને ઘોડા પર ચડી ઘોડો જંગલમાં મારી મૂકયો, પરંતુ બાળક કાલી કાલી ભાષામાં પૂછે છે, 'કાકા ! ક્યાં લઈ ચાલ્યા ? મને ભૂખ લાગી છે, લાડવો ખવરાવશો ?' ઘોડેસ્વાર માણસ આ સાંભળી અને બાળકનો નિર્દોષ પ્રસન્ન ચહેરો જોઈ, હૈયું પીગળી ગયું. મનને થયું કે, 'હાય ! આવા ભગવાનના ઘરના રમકડા જેવા બાળકનો મૂર્ખ રાજા નાશ કરાવવા ઇચ્છે છે ? કિન્તુ રાજા મૂર્ખ થાય, પણ હું મૂર્ખ ન થાઉં કે આવું ગોઝારું કૃત્ય કરું !' જુઓ બાળકનાં પૂર્વભવના બહુ હોંશે હોંશે કરેલા માત્ર પ્રભુદર્શનનું પુણ્ય શું કામ કરે છે ! માટે જ જ્ઞાની ભગવંતો કહે છે, મનવાંછિત મેળવવા આડા-અવળા પાપધંધા કરવાનાં ફાંફા શું મારો ? ધર્મનું શરણું લો. જીવનમાં વીતરાગ ભગવાને કહેલા ધર્મની ખૂબ ખૂબ પ્રવૃત્તિ કરો, અરિહંત ભગવાનની ખૂબ ખૂબ ભક્તિ કરો. પાપપ્રપંચો જે કામ નહિ કરે તે અરિહંત ભગવાનની ભક્તિ અને ધર્મસાધનાઓ કરશે. ત્યાગ-તપસ્યા, વ્રત-નિયમ, બ્રહ્મચર્ય વગેરેની આરાધના કરશે, પૂછો.

પ્ર. તો શું ધર્મ આવી લાલચથી કરવાનો ?

ઉ. આની સામે પ્રશ્ન છે કે એવી લાલચથી શું પાપપ્રપંચો કરવા સારા ? કે ધર્મ કરવાથી દુર્ગતિ થાય ? લાલચથી ધર્મ ન કર્યો અને પાપપ્રપંચો ધૂમ કર્યે ગયા, તો એથી સદ્‌ગતી મળે ? લાલચથી પણ ધર્મ કરવાનું જીવના ભાગ્યમાંછે ક્યાં ?

આજે પૂજા સામાયિક-પોષધ-પ્રતિક્રમણ, વ્રત, નિયમ, શીલ, સદાચાર અને તપસ્યા કરનારા કેટલા ? અને સાંસારિક પાપપ્રપંચો કરનારા કેટલા ? તે શું આ પાપપ્રપંચો કરનારા વહેલા મોક્ષે જશે ? ને સુખની લાલચથી પણ ધર્મ કરનારા સંસારમાં ભટકતા રહેશે ? શાસ્ત્રોની અવગણના કરવી હોય એ એવા ઊંધા લેખા માંડે કે સુખ માટે ધર્મ કરાય જ નહિ. શાસ્ત્રો તો ઠામ ઠામ સુખના અર્થીને ધર્મ કરવાનું કહે છે.

પેલો ઘોડેસ્વાર બાળકને ચીમી ભરીને કહે છે કે બચ્ચા મોટો લાડવો આપીશ. ફિકર ન કર, એમ બાળકને ખિલાવતો ઘોડો ઊંડા જંગલમાં લઈ જઈ એક નરસિંહ યક્ષનું મંદિર આવ્યું ત્યાં ઘોડો ઊભો રાખી દે છે, બાળકને લઈને નીચે ઉતરી મંદિરમાં યક્ષની મોટી મૂર્તિના ખોળામાં બાળકને બેસાડી કહે છે, 'તું બેસજે અહીં હું લાડવો લઈને આવું છું' અને યક્ષને પ્રાર્થના કરે છે, 'પ્રભુ ! આને સાચવજો.' એમ કહીને બાળકને ત્યાં મૂકી ઘોડેસ્વાર ઉપડી ગયો. અહીં બાળક મૂર્તિની દાઢી



પકડી કહે છે 'દાદા ! ભૂખ લાગી છે લાડવો દો.' યક્ષ જાગતો છે એ જુએ છે કે બાળક કેવું નિર્દોષ અને માબાપથી છૂટું પડેલું છતાં હસતું ખીલતું છે ! અવધિજ્ઞાનથી એણે બાળકની પરિસ્થિતિ જોઈ લીધી, વિચાર કરે છે હવે આવા મહાન પુણ્યવંતા જીવની રક્ષા અને ઉન્નતિ કેમ કરવી ? ત્યાં જોયું તો થોડે દૂર એક સાર્થવાહનો પડાવ પડ્યો છે, યક્ષે સાર્થવાહને સ્વપ્નું આપ્યું કે પાસે નરસિંહ યક્ષના મંદિરમાં દેવકુંવર જેવો બાળક છે તું ઝટ જઈને એને લઈ આવ ! સાર્થવાહ વિચારે છે 'અહો ! કેટલું સરસ સ્વપ્નું ! કોઈ દિવસ નહિ, ને આજે આ સ્વપ્નું આવ્યું લાગે છે. સાચું હોય ને જો સાચું પડે તો તો મારું ભાગ્ય ખૂલી ગયું મને વાંઝિયાને છોકરો તૈયાર મળે ? વાહ ! કેવી પ્રભુની કૃપા !

સાર્થવાહ ઊઠ્યો, ચાલ્યો જંગલમાં યક્ષનું મંદિર દેખ્યું, ગયો અંદર, તો બાળક યક્ષની મૂર્તિના ખોળામાં ચડી બેઠું છે ને કાલી કાલી ભાષામાં બોલી રહ્યું છે દાદા ! હવે તો બહુ ભૂખ લાગી છે. ઝટ લાડવો ખવરાવો ! સાર્થવાહ સ્વપ્નું સાચું પડ્યું એના આનંદમાં ગરકાવ થઈ ગયો. ઝટ બાળકને ઊંચકી લઈ છાતી સરસો લગાડી ચીમીઓ ભરતો કહે છે, 'ચાલ બચ્ચા ! તને લાડવો આપું.' એમ કહી એને લઈને પહોંચ્યો પોતાને આવાસે.

પત્નીને બાળક આપતા કહે છે, 'લે લે તારું ભાગ્ય ખૂલી ગયું. ઘણા વખતથી તારી ઝંખના હતી કે ભગવાન બાબો ક્યારે આપે. લે આ તો તારે વગર ગર્ભ સંભાળવાની પીડાએ ભગવાને આ તને તૈયાર આઇતો માલ રૂપે બાબો આપ્યો. જો તો ખરી કેવો આ ફૂટડો રમકડા જેવો બાબો છે.

પત્ની રાજીની રેડ થઈ ભગવાનના ઓવારણાં લે છે. 'પ્રભુ ! પ્રભુ ! તમારા ઓવારણા લઉં છું આ કેટલી બધી તમારી દયા ! પ્રભુ ! તમારા લાખ લાખ ઉપકાર માનું છું.'

શેઠ બાબાને લાડવો ખવરાવે છે અને પત્ની કહે છે, 'આપણને નરસિંહ યક્ષે આ બાળકની બક્ષીસ કરવાનો ઉપકાર કર્યો તેથી કૃતજ્ઞતારૂપે આનું નામ નરસિંહ રાખીએ છીએ.'

વિચારવા જેવું છે કે માણસ અભિમાન રાખે કે હું બધું સારું કરી દઉં. હું ધાર્યું પાર પાડી દઉં, તો એ હું પદ અભિમાન કેટલું વાજબી છે ? રાજા સત્તાના જોરે બાળકનો નાશ કરાવવા મથતો હતો, ત્યારે બાળકનું પુણ્ય મોટા રાજાની ય ધારણાને નિષ્ફળ કરતી હતી. તો પછી રાજાના ફૂટેલા નસીબમાં શું મળ્યું ? ધારણા તો સફળ થઈ નહિ, પણ પાપી વિચાર અને પાપી પ્રવૃત્તિનાં પાપ લમણે લખાયાં !

ડહાપણનું કામ એ હતું કે જોવું જોઈતું હતું કે 'જોષીના કહેલા હિસાબે બાળક મારી પછી રાજા થવાનો છે ? તો થવા દો. જેમ બનનાર હશે તે બનશે. મારું કામ પ્રભુને વિશેષ ભજવાનું, જેથી મારા માટે એનું ખરાબ પરિણામ ન આવે. આમ

**વિકટ સંયોગમાં ખોટી ધારણાઓ કરી અભિમાનથી અપકૃત્ય કરવાને બદલે અરિહંત પ્રભુની ભક્તિ તથા તપસ્યા વધારવી એમાં ડહાપણ છે.**

**જુઓ સુભદ્રા સતીનો પ્રસંગ :-**

સુભદ્રા શ્રાવક શેઠની કન્યા, એને પરણવા માટે પરદેશી બૌદ્ધ યુવાન શ્રાવક બન્યો. પહેલાં તો કપટથી શ્રાવક પણ પછી શ્રાવકના આચારો પાળતાં પાળતા એ દિલથી જૈન શ્રાવક બન્યો. સુભદ્રાના બાપે એને યોગ્ય ધારી કન્યા આપી. પણ પછીથી જ્યારે સાસરે જવાનું થયું ત્યારે ત્યાં જોયું તો આખું કુટુંબ બૌદ્ધ છે, હવે શું કરવું ? એણે યથાશક્તિ તપ તથા અરિહંતભક્તિ અને સાધુભક્તિ સારી રીતે કરવાનું રાખ્યું, પરંતુ સાસુને આ ખટકવા લાગ્યું. તે એણે કકળાટ માંડ્યો, સુભદ્રાને ટોણા મારે, કહે છે 'મૂકી દે જૈન સાધુની સરભરા, આ ઘરમાં નહિ ચાલે એ.' છતાં સુભદ્રા તો સાધુભક્તિમાં સાવધાન રહેતી. છેવટે સાસુએ એને જુદી મેડા પર રહેવા કાઢી.

સુભદ્રાને મન જીવનમાં ધર્મ મુખ્ય છે, એટલે એણે મનમાં જરાય વિખવાદ ન રાખ્યો. ઊલટું એણે આપત્ કાળ સમજી ધર્મ વધાર્યો. દિલમાં ધર્મની સગાઈ આનું જ નામ છે કે આપત્તિમાં આર્તધ્યાનમાં રોદણાં અને પાપસ્થાનકનાં સેવનને બદલે ધર્મનો જ વધુ આશ્રય લેવાય.

**કાકા અજિતસેન** રાજાએ શ્રીપાળકુમારના બાપને મરાવી રાજ્યગાદી બથાવી પાડેલી. પરંતુ શ્રીપાળકુમારે મોટો થતાં લડાઈ કરી કાકાને હરાવ્યા, તો કાકા અજિતસેને આ આપત્ કાળ જોયો અને યુદ્ધભૂમિ પર જ ચારિત્ર ધર્મ સ્વીકારી લીધો.

**મદનરેખા** મહાસતીના પતિનું જેઠે ખૂન કરી નાખ્યું. સતીએ એને અંતિમ નિર્યામણા કરાવી સમાધિ આપી. મદનરેખાએ આ આપત્તિકાળ દેખી શીલના રક્ષાર્થે રાતોરાત જંગલના રસ્તે ભાગી. ક્રમશઃ નંદીશ્વર દ્વીપમાં પહોંચતાં પતિ દેવ થયેલો ત્યાં આવ્યો કહે છે, 'તારા ઉપકારની અવધિ નથી કે અંતિમકાળે ભયંકર કષાયમાં નરક તરફ દોડી રહેલ મને તેં અટકાવ્યો. નિર્ઝામણા કરાવી ઉપશમ રસ પાયો તો હું નરકના બદલે પાંચમા સ્વર્ગમાં જન્મ પામ્યો. બોલ તારું શું પ્રિય કરું ? તો ત્યાં મહાસતીએ આપત્તિકાળ બરાબર ધ્યાનમાં રાખી અધિક ધર્મ કરવા માટે ચારિત્ર લેવા સારા સાધ્વી પાસે મૂકી દેવાની માગણી કરી.



સુભદ્રા મહાસતીએ પણ સાસુએ એને જુદી રહેવા કાઢી આ આપત્કાળ સમજી ધર્મ વધાર્યો. એનો પ્રભાવ એવો પડ્યો કે એકવાર અભિગ્રહધારી મુનિ વહોરવા પધારેલા. એમની આંખમાં તણખલું ચોંટેલું હતું, તે મુનિ અભિગ્રહવશ પોતે હટાવે નહિ તેથી સુભદ્રાએ પોતાની જીભના અણિયારાથી તણખલું ખેંચી લીધું, પરંતુ એમાં પોતાના કપાળ પરના કોરા કંકુના ચાંદલાનું કંકુ મુનિના કપાળ પર લાગી ગયું. મુનિ મેડા ઉપરથી ઉતરી ગયા નીચે ને સાસુએ મુનિના કપાળમાં કંકુ જોઈ હોબાળો માંડ્યો કે આ વહુ સુભદ્રા બદ આચારની છે.

માણસ સુકૃત કરવા જાય છે પણ કેટલીકવાર ધારણા બહાર એવું કાંક બની જાય છે કે જે બદનામી ઊભી કરે છે. એક માણસ રસ્તામાં હાંફળો ફાંફળો ચાલતો હતો એમાં એના ગળામાંથી મોતીની કંઠી નીકળી ગઈ, એને ખબર ન પડી આગળ ચાલ્યો એમાં ખીસામાંથી રૂમાલ કાઢતાં સો રૂપિયાની નોટ પડી ગઈ. પાછળ એક ભાઈએ નોટ પડેલી જોઈ તે લઈ પેલા ભાઈની પાછળ જલદી જઈ કહે છે લો આ તમારી નોટ રસ્તામાં પડી ગઈ હતી. દરમિયાન પેલા ભાઈને પોતાના ગળામાં કંઠી ન દેખાતાં કહે છે, 'કેમ એકલી નોટ ? કંઠી લાવો' પેલો કહે ભાઈ ! 'મને કંઠીની ખબર નથી.' પેલો કહે 'શાની ખબર નથી ? લુચ્ચાઈ કરો છો ? કંઠી છૂપાવી નોટથી શાહુકારી બતાવો છો ? ચાલો પોલિસ પાસે.

જુઓ સુકૃત કરવા જતાં કેવી અણધારી આફત ? સતી સુભદ્રા પર આળ ચડ્યું, આપત્તિ આવી એણે ધર્મનું શરણું લીધું. કાયોત્સર્ગ ધ્યાનમાં રહી શાસનદેવતા હાજર થઈ પરિસ્થિતિ જાણી લીધી કહ્યું, "ફિકર કરીશ નહિ. કાલે વહેલી સવારથી નગરના ચારે દરવાજા બંધ રહેશે કોઈ ખોલી શકશે નહિ તું જઈને ખોલજે."

બસ, વહેલી સવારથી દરવાજા બંધ ! કોટવાળોથી ખોલ્યા ખૂલતા નથી. લોકો લોટે ક્યાં જાય ? હાથમાં લોટા લઈને ટોળેટોળા દરવાજે દરવાજે ખૂલવાની રાહ જોતા ઊભા છે. આખા ગામમાં હો-હા. રાજા આવ્યો, લુહાર વડે ઘણના ઘા મરાવી તોડાવવાનો પ્રયત્ન કરે છે પરંતુ વ્યર્થ. બારણા નથી તૂટતા નથી ખૂલતા. હવે શું થાય ?

સૌ મૂંઝવણમાં ત્યાં આકાશવાણી થઈ કે

"જો કોઈ સતી સ્ત્રી ચાળણીને કાચા સૂતરે બાંધી કૂવામાં નાખી કૂવામાંથી એમાં પાણી બહાર કાઢી એ પાણી દરવાજા પર છાંટશે તો દરવાજા ખૂલશે."

બસ, કેટલીક બાઈઓ આગળ આવી. પ્રયત્ન કરવા ગઈ ત્યાં કાચા સૂતરે બાંધી ચાળણી જ્યાં કૂવા પર ધરી કે તાર તૂટીને ચાળણી જાય નીચે કૂવાની અંદર !

બે-ચાર બાઈઓના પ્રયત્ન બાદ હવે કોઈ બાઈ આગળ આવતી નથી. સૌ વિમાસણમાં બેઠા છે ચોરે ને ચૌટે એક જ ચર્ચા છે - આ કેવો ઉત્પાત ? એવી તો કોણ સતી મળે કે કાચા સૂતરે ચાળણી બાંધી કૂવામાંથી એમાં પાણી કાઢી શકે ? બધું જ્યારે સુમશામ છે ત્યારે સુભદ્રા સતી સાસુને કહે છે.

આપની આજ્ઞા હોય તો હું આ પ્રયત્ન કરું મને વિશ્વાસ છે કે, 'હું કાચા સૂતરે ચાળણી બાંધી કૂવામાંથી એમાં પાણી ખેંચી કાઢીશ.'

સાસુ તાડૂકી, 'જોઈ જોઈ મોટી સતી ? ઘરની આબરૂ કાઢીશ આબરૂ. બેસ, તને ઓળખું છું હું, ઘરની કુલાંગાર !'

સુભદ્રા કહે, "અત્યાર સુધી નગરમાંથી કોઈ આ કામ કરી શક્યું નથી, ને હવે કોઈ આગળ આવતું નથી. એમાં પરિસ્થિતિ આવી ને આવી ઊભી રહે છે તો મને પ્રયત્ન કરવા દો, તમારા ઘરની પ્રતિષ્ઠા વધારીશ એવો મને મારા દેવગુરુ ધર્મ પર વિશ્વાસ છે." છેવટે સાસુ મંજૂર થઈ સુભદ્રા ઉપડી કૂવે. લોકો પાછળ ટોળેટોળા ભેગા થઈ ગયા છે. કૂવે પહોંચીને સુભદ્રા ! જાહેર કરે છે, "હે અરિહંત ભગવાન ! જો મારું શીલ સતીત્વ અખંડ સુરક્ષિત હોય તો કૂવામાંથી ચાળણીમાં પાણી આવજો અને એ પાણીથી નગરના દરવાજા ખૂલજો" એમ કહી કાચા સૂતરે ચાળણી બાંધી કૂવામાં ઉતારી. કાચું સૂતર તૂટી ન ગયું. ચાળણી પાણીમાં ડૂબી, ભરેલી ચાળણી બહાર આવી. લોકમાં જય હો જય હો મહાસતીનો જયનાદ ઊઠ્યો. સતી સુભદ્રા ચાળણીમાં પાણી લઈને ગઈ દરવાજે, દરવાજાને પાણી છાંટે છે. દરવાજો ખૂલી ગયો, એમ પાણી છાંટતા જ ત્રણે દરવાજા ખૂલી ગયા પણ ચોથે દરવાજે પાણી છાંટવા ગઈ ત્યાં આકશવાણી થઈ હવે આ ચોથો દરવાજો ખોલવો રહેવા દે, ભવિષ્યમાં કોઈ સતી ખોલશે.

આકાશમાંથી પુષ્પ વૃષ્ટિ થઈ 'મહાસતી સુભદ્રાનો જય હો' આકાશવાણી થઈ, સાસુ નમી પડી માફી માગે છે. શી રીતે આ જયજયકાર ? કહો સુભદ્રા સતી પર આફત આવી ત્યારે એણે ધર્મ વધારી દીધો, ધર્મનો અચિંત્ય પ્રભાવ છે.

પેલા ભિખારીએ સાધુના કહેવાથી ભિક્ષાની દુર્લભતાના કષ્ટમાં દેવદર્શનના ધર્મનો આશરો લીધો તો ત્યાંથી મરીને ગરીબ બ્રાહ્મણનો છોકરો થયો. બે વર્ષનો થતાં બગીચામાં ત્યજાયો. તો માલણનો છોકરો બન્યો. એ પાછો પાંચ વરસનો થતાં જંગલમાં નરસિંહ યક્ષના મંદિરે મૂકાયો. ત્યાંથી નરસિંહ નામથી સાર્થવાહના પુત્ર તરીકે બન્યો. નરસિંહ એવો લાડમાં ઊછરી રહ્યો છે કે હવે એને માલણ માતા યાદ નથી આવતી. વેપારી પણ અમુક સમય દેશાવરે જ રહી પછીથી દેશમાં જાય



છે અને ત્યાં જાહેર કરે છે કે પ્રવાસમાં દેશાવરમાં પુત્રનો જન્મ થયેલો અને પછીથી દેશાવરમાં જ એ ઊછર્યો ને મોટો થયો. આમ નરસિંહને વેપારીના પુત્ર તરીકે ઉછરવાનું મળ્યું. જુઓ, -

નરસિંહ પૂર્વનું પુણ્ય લઈને આવ્યો છે એ એને એક ગરીબ બ્રાહ્મણના પુત્રમાંથી મોટા શેઠિયાના પુત્ર તરીકે મોટો થવાનું મેળવી આપે છે. ગરીબ બ્રાહ્મણમાંથી ઠીક ઠીક માળીનો પુત્ર અને એમાંથી શ્રીમંત વેપારી શેઠનો પુત્ર. આવી આવી ફેરફારીમાં માણસના અહીંના કયા પુરુષાર્થે કામ કર્યુ ? કશાય નહિ, આજ પુણ્ય શુભકર્મની સાબિતી છે અને એ પુણ્યના કર્તા તથા આધારભૂત જીવની સાબિતી છે. તેમ આ ભવમાં એવું પુણ્ય ઉપાર્જવાનો પ્રસંગ નથી બન્યો માટે પૂર્વભવે એ પુણ્ય ઉપાર્જ્યુ હોય એટલે પૂર્વભવની સાબિતી છે.

**આમ આત્મા છે, પૂર્વ ભવ છે. પુણ્ય પાપ છે, એ બરાબર નજર સામે રાખી પાપત્યાગની અને પુણ્ય કમાઈના પુરુષાર્થ મુખ્યપણે આદરવા જેવા છે.**

જીવન તો પાણીના રેલાની જેમ વહેતું ચાલ્યું છે. દિવસ પર દિવસ પસાર થયે જાય છે. ગયો એક પણ દિવસ પાછો ફરતો નથી, ઉત્તરાધ્યયન સૂત્ર કહે છે.

**"ઘોરા મુહૂત્તા અબલં સરીરં ણો હુ વિણિમંતિ રાઈઓ"**

અર્થાત્ કાળ ઘોર છે, શરીર દુર્બળ છે. રાત્રિઓ પાછી ફરતી નથી. આમાં કાળ ઘોર ભયાનક છે એમ કહ્યું, કેમકે કાળ જીવને ભુલાવામાં નાખી જાણે સ્થિર છે એમ મનાવી સદ્દુપયોગ કરવા દીધા વિના સરકતો જ જાય છે, સરકતો જ જાય છે. વીતેલો એક પણ દિવસ પાછો ફરતો નથી. દિવસ ગયો તે ગયો, હવે દુનિયાભરની સંપત્તિ જેટલી સંપત્તિ આપી દેવા તૈયાર હોય, છતાં એ વીતેલો દિવસ પાછો ન આવે. માટે

**જે દિવસ હાથમાં આવે છે, એનો સદ્દુપયોગ કરી લો.**

તન-મન-ધનની, શરીર-વાણી, ઈન્દ્રિયો અને મનની જે શક્તિઓ મળી છે, એને ધર્મની આરાધનામાં અર્થાત્ વિચાર, ઉચ્ચાર વર્તાવથી ધર્મસાધનામાં કામે લગાડી દો.

મનમાં ધારતા હશો કે 'હમણાં તો સશક્ત શરીર છે, પાસે ખાન-પાન વગેરેનો સરંજામ છે, તો હમણાં દુનિયાનાં કામો અને દુનિયાની લહેર કરી લઉં.' પરંતુ શાસ્ત્રકાર કહે છે કે 'અબલં સરીરં' શરીર પર ઉપક્રમ આવે તો એનો સામનો કરવા માટે શરીર અશક્ત છે. કેઈ સશક્ત માણસો અચાનક હાર્ટએટેક યા અકસ્માતમાં મરી ગયા ! કેઈ અખમ અપંગ થઈ ગયા. ક્યાં ધારેલું બન્યું રહ્યું ?

અને દિવસ પર દિવસ આવે છે તેમ તેમ જીવન ઓછું થતું જાય છે. વધતું નથી તો પછી માનવજન્મના મહાકિંમતી દિવસોમાંનો એક પણ દિવસ શા માટે ધર્મસાધના વિનાનો વહી જવા દેવો ? અને ભૂલવાનું નથી કે પુરુષાર્થ તો મોટા ભાગે પુણ્ય જ કામ કરે છે. નરસિંહ ભરપુર ગેબી રીતે નીચેથી ઊંચે ઊંચે ચડે છે. યાવત્ જીવલેણ આક્રમણોમાં આબાદ બચી જાય છે. હવે એ સોળેક વરસનો થયો છે, એટલે બાપ એને લઈને દેશાવરે નીકળે છે એમાં પેલા રાજાની રાજધાનીમાં આવે છે. ત્યાં શેઠ રાજાને મળવા જાય છે. સાથે નરસિંહકુમાર પણ છે, રાજાને ભેટણું ધરી નમસ્કાર કરે છે. રાજા પૂછે છે, 'કયો દેશ તમારો ?' શેઠ પોતાના રાજ્ય અને નગરની વિગત કહે છે. રાજા પૂછે, 'અહીં કેમ પધારવું થયું ?'

શેઠ કહે, 'વેપાર અર્થે આવ્યો છું. એમાં પહેલા આપના મંગળ દર્શન કરવા અહીં આવ્યો છું.' રાજા પૂછે, 'આ કુમાર સાથે કોણ છે ?' શેઠ કહે, 'એ મારો દીકરો છે.'

એટલામાં રાજજોષીની નજર કુમાર પર પડી અને એની આંખો ચમકી ! માથું હસી ઊઠ્યું !

રાજા પૂછે, 'કેમ જોષીજી ! કેમ કાંઈ વિસ્મય ?'

જોષી કહે, 'હા મહારાજા ! આ નવયુવાનની મુખ પરની રેખાઓ એવી છે કે એ રાજા થવાનો.'

રાજા કહે, 'શી વાત કરો છો ?'

જોષી કહે, 'સાહેબ ! માનો ન માનો, આપનો જ વારસદાર થાય એમ લાગે છે.

રાજા ચોંક્યો, 'મનને થયું કે આ ત્યારે પેલા બ્રાહ્મણનો છોકરો જ ન હોય. ખેર ! ગમે તે હો, પણ આને જીવતો ન રખાય. છતાં આને એમ નહિ ખત્મ કરાય, કોઈ યુક્તિ દ્વારા એવા સંયોગમાં મૂકવો જોઈએ કે જેમાં સહજ રીતે એ ખત્મ થઈ જાય. કોઈ યુદ્ધનો મામલો ઊભો કરીને એમાં આને ધક્કે ચડાવી દેવો એ માટે પહેલાં એને તાલીમ અપાવવાના બહાને બહુ અંગત સંબંધમાં લેવો.' આ બધો મગજમાં ઘાટ ગોઠવીને રાજા વેપારીને કહે -

'તમારો દીકરો બહુ ભાગ્યશાળી લાગે છે. સારું સારું, હવે તમે એમ કરો તમને આવાસની ગોઠવણ કરાવી દઉં છું અને રાજસભામાં રોજ આવ્યા કરજો. અવારનવાર આપણા મહેલ પર પણ મળતા રહેજો. અવસરે તમારા જેવા



બુદ્ધિશાળીની સલાહ ઉપયોગી થાય અને કુમારને પણ સાથે લાવતા રહેજો. આપણા રાજકુમારને એનો સંપર્ક ગમશે !'

બસ, દિવાનને કહીને શેઠના આવાસની સગવડ કરાવી દીધી. બીજી પણ સગવડો કરાવી દીધી. અહેસાન ચડ્યું શેઠ પર. શેઠને બિચારાને ખબર નથી કે આ સગવડો પૂરી પાડવા પાછળ રાજાની કેવી મેલી મુરાદ છે. માથે અહેસાન ચડ્યું એ શરમમાં નાખી કેટલાય પ્રપંચની જાળમાં એને તાણ્યા કરશે.

**અહેસાન અવસરે ખતરનાક નીવડે છે.**

માટે તો શાણો માણસ બને ત્યાં સુધી કોઈના અહેસાનમાં આવતો નથી. માલ લેવા બજારમાં જાય ત્યાં વહેપારી ચા પીવડાવવા માંગે તો નહિ પીએ. ભય છે કે, 'રખેને ચા પીવાના અહેસાન નીચે શરમમાં આવી વેપારીને ભાવમાં ઓછું કરવાનું ન બોલી શકાય તો ? યા ન પસંદ સોદો વહોરી લેવો પડે તો ?'

આવા અહેસાનમાં આવવાનું કોણ કરાવે છે ? લોભ, લાલચ. જો લોભ-લાલચમાં ન પડાય, તો મફતિયું લેવાથી દૂર રહેવાય. શેઠને મફતમાં આવાસ, મફતમાં રાચરચીલું મળે છે. એ મેળવવાના લોભમાં શેઠ તણાયો. પછી તો રાજમહેલે જવા આવવાનું ચાલ્યું. સાથે નરસિંહકુમાર પણ છે, એને રાજકુમાર સાથે દોસ્તી જામી. રાજા શેઠ સાથે મીઠી મીઠી વાતો કરે છે, ને એમાં અવસર પામીને એક દિવસ રાજા શેઠને કહે, -

'શેઠ ! જુઓને રાજકુમારને ઘોડેસવારી, તલવારકળા, લક્ષ્યવેધ વગેરેની તાલીમ તો અપાય જ છે, તો તમારા કુંવરને પણ ભેગાભેગે તાલીમ લેવા દો. હોશિયાર થઈ જશે.'

શેઠે જોયું કે આમાં કાંઈ ખર્ચ નહિ, ને મફતમાં સારી કળા - વિદ્યા શીખવા મળે છે તો ખોટું નથી. રાજાને ખુશી ખુશાલીથી હા પાડી દીધી અને નરસિંહને રાજકુમાર સાથે જોડી દીધો.

**જીવને અનુકૂળતા મળતાં ખુશી ખુશી અને પ્રતિકૂળતા મળતાં ખેદનો પાર નહિ, પણ પૂર્વાપરનો વિચાર નથી !**

પ્ર. આમાં મોટી આપત્તિ શી ?

ઉ. સંયોગમાં નરદમ આનંદવાળાને સંયોગના ભંગ પર પારાવાર ખેદ થાય છે. માટે તો જ્ઞાની ભગવંતે કહ્યું -

**'સંજોગ મૂલા જીવેણ, પત્તા દુઃખ-પરંપરા'**

અર્થાત્ સંયોગના પાયા ઉપર જીવે દુઃખની પરંપરા મેળવી છે.

**નરસિંહ માટે રાજાની માયા રમત :**

પેલો નરસિંહ સુખના પૂરમાં વહી રહ્યો છે. હવે શેઠનો પુત્ર બની એને રાજકુમારની દોસ્તી મળી છે, ને વધારામાં એને શસ્ત્રો ચલાવવા, ઘોડેસવારી કરવી વગેરેની તાલીમ મળી રહી છે. પૂર્વનું પુણ્ય લઈને આવ્યો છે એટલે હોશિયારી અલ્પ સમયમાં ઘણી આવતી જાય છે. શેઠને આનંદનો પાર નથી. એના મનને થાય છે કે 'વાહ, રાજાની આપણા પર કેટલી બધી મહેરબાની !' બિચારાને ક્યાં ખબર છે કે રાજાએ નરસિંહને આમાં કેમ હોશિયાર કરવા માંડ્યો છે ? આગળ જઈને નરસિંહને યુદ્ધમાં ધકેલી ટાઢે પાણીએ ખસ કાઢવી છે. એમાં નરસિંહ મરે એમાં રાજાએ એને મારી નખાવ્યા એવું રાજા પર દોષારોપણ થાય નહિ.

કર્મસત્તા જીવને ઘણી વાતની સુખ-સગવડ પૂરી પાડે છે. એય કર્મની માયા રમત છે. એની અંદર પણ જીવનું આગળ જઈને કાટલું નીકળી જાય છે, પરંતુ મૂર્ખ જીવને સુખસગવડમાં કર્મ-રમતની ગમ જ નથી પડતી. મ્લેચ્છના ઘરમાં બોકડાને સારાં સારાં ખાનપાન ને લાડ મળે છે. એ લષ્ટપુષ્ટ થઈ છેવટે કપાઈ મરવા માટે બને છે, પરંતુ મૂઢ બોકડાને એ ખાનપાન લાડનાં પરિણામે આ ક્રૂર કત્લ થશે એ શાનું દેખાય ? એમ નાદાન અક્કલહીન જીવને વિષય સુખસગવડમાં દુર્ગતિઓમાં ક્રૂરપણે દુઃખોમાં રેંસાઈ મરવાનું પરિણામ શાનું દેખાય ?

નરસિંહના બાપને પણ, રાજાએ નરસિંહને પૂરી પાડેલી યુદ્ધકળા - તાલીમની સગવડમાં 'રાજાની દાનત નરસિંહને પરિણામે ખત્મ કરવાની છે' એ દેખાતું નથી. શેઠને નરસિંહ હોશિયાર થઈ ગયો દેખાય છે એટલે હવે એને લઈને દેશમાં જવા રાજાની રજા માગે છે.

રાજા કહે, 'શેઠ ! અહીં ધંધો વેપાર કેમ ચાલે છે ?'

શેઠ કહે, 'આપની કૃપા છે સારું ચાલે છે.' તો પછી અહીં જ રોકાઓને. દેશમાં જવાનું શું કામ છે ?

શેઠ કહે, 'પણ સાહેબ ! દેશમાં જઈને રહીએ તો લોકો નરસિંહની હોશિયારી જુએ તો નરસિંહને સારા સારા ઘરની કન્યાઓ માટે માગા આવે ને ? એટલે મારે જવું તો પડશે જ !

**રાજાની શેહમાં શેઠ :**

રાજા કહે, 'એની ચિંતા ન કરો; મોકો આવશે તો રાજકન્યા પરણાવીશ



પણ શેઠ ! તમે એકદમ ન જાઓ. નરસિંહ પણ જાય, તો મારો કુમાર તો સોસાઈ જ જાય. જુઓ છો ને બંનેને કેટલી બધી દોસ્તી છે ? માટે તમારે જવું હોય તો ભલે, પણ નરસિંહને થોડો વખત અહીં રાખવો પડશે.'

રાજાએ લાલચ કેવી આપી ? 'રાજકુમારી પરણાવીશ.' જે નરસિંહને કાટલું કાઢી નાખવા ધારે છે એ શું પોતાની કન્યા પરણાવે ? પરંતુ નરસિંહનું પૂર્વભવનું બહુવાર વીતરાગના કરેલાં દર્શનોથી ઊભું થયેલ પુણ્ય-સંચય શું કામ કરે છે, કોઈ ગેબી સંયોગમાં નરસિંહને એ જ રાજાની કન્યા કેમ પરણવા મળે છે એ આગળ જણાશે. એ જોતાં લાગે કે દુનિયાની ગમતી વસ્તુ મેળવવા માણસ મફતના ફાંફાં મારે છે. **વીતરાગની ભક્તિ જ ભરચક કરતા રહેવું જોઈએ.**

રાજાએ શેઠને શરમમાં નાખ્યા, શેઠના મગજ પર પણ રાજાનું અહેસાન હતું એટલે શેઠ ના કહી શક્યો નહિ.

શેઠ કહે, 'મહારાજા સાહેબ ! આ નરસિંહ તો મારા આંખની કીકી છે, મારા કલેજાની કોર છે. વળી એની માતાને પણ પ્રાણથી અધિક પ્રિય છે. એટલે અમારે નરસિંહનો વિયોગ એક દિવસ માટે પણ અસહ્ય છે, પરંતુ આપનો બહુ આગ્રહ છે તેથી થોડા દિવસ મૂકી જાઉં છું; પરંતુ એને ખૂબ સાચવજો સાહેબ ! મારે વધારે શું કહેવું ?'

રાજા કહે, 'શેઠ તમે જાણો છો ને કે અત્યાર સુધી એના પર મારી કેટલી બધી લાગણી રહી છે ! એને કેવોક મહલાવ્યો છે, એનામાં કેટલી બધી હોશિયારી લાવી દીધી છે ! તો તમને શું શંકા છે કે તમારા ગયા પછી એને હું બરાબર સાચવીશ નહિ ?'

શેઠ કહે, 'ના, ના સાહેબ ! જરાય શંકા નહિ. આ તો સહેજ પુત્ર પરનો અથાગ પ્રેમ છે તેથી ભલામણ કરાઈ જાય છે. કાંઈ ખોટું લગાડશો મા.'

પત્યું, નરસિંહને મૂકી શેઠ ગયો. રાજાએ નરસિંહને અત્યાર સુધી કેમ લાગણીથી સાચવ્યો અને કળાવિદ્યામાં કેમ આગળ વધાર્યો એની પાછળ રાજાના દિલમાં રહેલ પાપની શેઠને બિચારાને શી ખબર પડે ? માયાવીનું દિલ બ્રહ્મા પણ ન જાણી શકે. માટે તો કહેવાય છે ને કે **સ્ત્રીચરિત્રના ભેદ બ્રહ્મા ય ન કળી શકે.**

રાજા પ્રપંચ ખેલી રહ્યો છે, પણ પામર જીવને ખબર નથી પડતી કે 'એકવાર ને બીજીવાર પ્રપંચમાં પાછો પડ્યો છું, તો હવે પ્રપંચ ન ખેલું.' એને મનમાં એક ગાંઠ બંધાઈ ગઈ છે કે 'આ નરસિંહ મારો વારસદાર ન બનવો જોઈએ.' મારું રાજ્ય તો મારા દીકરાને જ મળે ? કે આવા પરાયાને ? ને તે પણ નીચા

કુળવાળાને મળે ? મનની આ ગાંઠ બે વાર પ્રપંચમાં નાસીપાસ થવા છતાં હજી નવા પ્રપંચની પેરવી કરાવી રહી છે. પણ નરસિંહના પ્રબળ પુણ્ય આગળ એ શું ફાવવાનો ? છતાં,

**અભાગિયાના નસીબમાં મરે ત્યાં સુધી નિષ્ફળ પાપપ્રપંચો જ કરવાના રહે છે.**

શેઠના ગયા પછી ચારેક દિવસ બાદ રાજાએ રાજ્યસભામાં વાત મૂકી કે 'સીમાડાની બહાર અમુક રાજા બહુ અભિમાની થઈ ગયો છે અને યુદ્ધ આપી એનું અભિમાન ઉતારવાનું છે. કેમ સેનાપતિજી ! કેમ કરશું ?'

સેનાપતિ કહે, 'મહારાજા સાહેબ ! એમાં શી મોટી વાત છે ? જેવી આપની આજ્ઞા. જાઉં આપણું લશ્કર લઈને, ને જીતી લાવું એને !'

રાજા કહે, 'એમાં શંકા જ નથી, છતાં એમ કરજો કે આ વખતે આ નરસિંહકુમારને આગેવાની આપજો. વિજયનો જશ એમને મળવો જોઈએ. કેમ નરસિંહકુમાર ! બરાબર છે ને ?'

નરસિંહ કહે, 'જશ-બશ તો ઠીક સાહેબ ! પરંતુ આપે મને કળાઓનું જ્ઞાન અપાવ્યું છે, તો એને અમલી કરવાનો આ ખરેખરો મોકો મળ્યો માનું છું. મને આગેવાની આપો છો એ આપનો ઉપકાર માનું છું.'

નરસિંહ કેમ યુદ્ધથી ગભરાતો નથી ? કહો પૂર્વભવે એણે કરેલ પરમ સાત્વિક શ્રી વીતરાગ ભગવાનના દર્શને અહીં એને મહાન સત્ત્વની ભેટ મળી છે. આ પરથી ચાવી લેવા જેવી છે કે આપણે કેટલીય બાબતોમાં નિઃસત્ત્વ બનતા હોઈએ અને એનું આપણને ભરપૂર દુઃખ થતું હોય તો શું કરવું ? આ કર્તવ્ય છે કે

**સત્ત્વ-આદેયતા-સૌભાગ્ય જોઈએ તો પ્રભુને ભજો :**

**પરમ સાત્ત્વિક પરમાત્માની પરમ સાત્વિક તરીકે ખૂબ ભક્તિ કરીએ, તો સામાન્ય સત્ત્વ નહિ, મહાસત્ત્વ મળે.**

પ્રભુની ભક્તિ કરતાં મનને એમ થાય કે 'વાહ ! મારા વીતરાગ પ્રભુ ! તમે કેવા પરમ સાત્ત્વિક કે મહા દુષ્ટ અનાડીઓએ ભયંકર ઉપસર્ગ વરસાવ્યા, પરંતુ પ્રભુ લેશમાત્ર ડગ્યા નહિ ! દીન ન બન્યા ! યા અનંતબળી છતાં સામનો ન કર્યો !' આવું મનમાં લાવીને પ્રભુની ભક્તિ કરવાની.

એમ આપણું વચન બીજા ઝીલતા ન હોય અને આપણી એ અનાદેયતા-અનાદરણીયતા આપણા મનને કઠતી હોય, તો પરમ આદર્શ પરમ આદરણીય



પરમાત્માની એ તરીકે ખૂબ ભક્તિ કરવી. ભક્તિ કરવા જતાં મનને એમ થાય, -

**'પ્રભુ ! ધન્ય તમારી પરમ આદેયતાને. માણસ અને દેવ તો શું, પરંતુ તિર્યંચો પણ આપના વચનને ગદ્‌ગદ દિલે ને આનંદભર્યા હૃદયે ઝીલે છે ! કેવીક આદેયતા !'**

એમ દૌર્ભાગ્ય નડતું હોય, બીજાને આપણા પગલાં ન ગમે, આપણી હાજરી ન ગમતી હોય, તો આપણે વીતરાગની ખૂબ ભક્તિ કરવાની; તે એમ સમજીને કે 'મારા પ્રભુ પરમ સૌભાગી છે.'

નરસિંહ લશ્કર લઈને જવા તૈયાર થાય છે ત્યારે રાજકુમાર એની સાથેની ગાઢ દોસ્તીના કારણે સાથે જવા તૈયાર થાય છે. બાપ એને ખાનગીમાં કહે છે, 'જોજે જાય છે તો ખરો, પરંતુ યુદ્ધમાં મોખરે થઈશ ના. એ કામ તો હોશિયાર ને જંગેબહાદુરનું છે; એ માટે નરસિંહ જ યોગ્ય છે.'

રાજકુમારને પિતાના પાપી દિલની શી ખબર ? એ તો સીધે સીધો માણસ, તે માની લે છે કે પિતાજીની વાત બરાબર છે. હું જો યુદ્ધમાં આગળ થાઉં ને હાર થાય તો ? એટલે એ રીતની સમજ રાખી રાજકુમાર જવા તૈયાર થયો. રાજકુમારની સાથે યુદ્ધની મજા જોવા એની બેન પણ તૈયાર થઈ ગઈ. રાજા બધાને આનંદથી વિદાય આપે છે. બોલો, 'રાજાની આ ભેદી ચાલમાં નરસિંહને ફસાવાનું થાય કે નહિ ? એમાં વળી નરસિંહ નવો છે, એને યુદ્ધનો અનુભવ નથી. તેમ સામો રાજા બળવાન છે, તો નરસિંહને શું નિશ્ચિતપણે વિજય મળશે ? અને મળે તો કોના પ્રતાપે ?' આના પર જે તે વિચાર કરતા પહેલાં જરાક આગળ હકીકત જુઓ. અલબત્ત અહીં એક વસ્તુ વિચારણીય છે કે 'નરસિંહ મૂળ બ્રાહ્મણનો દીકરો અને પછીથી વાણિયાના દીકરા તરીકે ઉછેર પામેલો એ ખૂનખાર યુદ્ધમાં શસ્ત્ર ચલાવવા, સામેથી આવેલા શસ્ત્રોને નિષ્ફળ કરવા વગેરેની હિંમત અને હોશિયારી દાખવવા શી રીતે તૈયાર થયો હશે ? પરંતુ આમાં બહુ વિચાર કરવા જેવું રહેતું નથી, કેમકે

**સામાન્ય રીતે પૂર્વ ભવની જીવની ઉપર પછીના ભવમાં વિકાસ પ્રાપ્ત થાય છે, સારા પર સારો, નરસા પર નરસો.**

જંબૂકુમારનો જીવ પૂર્વ ભવે ભવદેવમુનિ, પહેલાં ચળવિચળ થયેલા, પણ પછીથી સાંસારિક નવી પરણેલી પત્ની શ્રાવિકાએ એમને ચારિત્રમાં સારા સ્થિર કર્યા, તો પછી એમણે સાધુપણામાં જ રહી એવી જોરદાર ત્યાગ-તપોમય જીવની બનાવી કે એના વિકાસમાં પછીના જન્મે રાજપુત્ર-શિવકુમારના ભવમાં ઉત્કટ વૈરાગ્ય જાગ્યો ! ને પિતા રાજા ચારિત્રની રજા નથી આપતા તો એ માટે

૧૨-૧૨ વરસ સુધી છઠ્ઠને પારણે આંબેલ કરતા રહ્યા ! વળી એવી જીવની પર પછીના જંબૂકુમારના ભવમાં વિકાસ એવો પામ્યા કે ૧૬ વરસની ઉંમરમાં જ ૯૯ ક્રોડ સોનૈયાની સંપત્તિ અને અપ્સરા સમી નવી પરણેલી આઠ પત્નીઓ તથા વહાલસોયા માતા પિતાનો ત્યાગ કરી સુધર્મા ગણધર ભગવાન પાસે ચારિત્ર લઈ લીધું ! આ સારી જીવની પર પરભવે વિકાસનો દાખલો.

ત્યારે નરસી જીવની પર વિકાસના દાખલામાં મરીચિ મહા વૈરાગ્યથી ચારિત્ર પામ્યા છતાં ભ્રષ્ટ થઈ એણે સંન્યાસીની જીવની સ્વીકારી અને એમાં વળી ઉત્સૂત્રભાષણ કર્યું, તો પછી નરસાપણામાં વિકાસ કેવો થયો કે ભવે ભવે એને મિથ્યાકુળમાં જન્મ તથા સંન્યાસીપણું મળતા ગયા.

અહીં રાજાને ક્યાં આ જોવું છે કે 'હું જે આ ક્રૂર માયાની જીવની જીવી રહ્યો છું એના પરભવે વિકાસ કેવો થશે ? અને અજ્ઞાનતાના અનાર્ય યા તિર્યંચ જેવા અવતારોમાં એ માયા ક્રૂરતાના વિકાસ થવા પર કેવા ભયંકર પાપાચરણ ? ને ત્યાં એનાથી પાછું કોણ વાળવાનું ?

**નરસિંહ યુદ્ધમાં જીતે છે :**

રાજાએ તો નરસિંહ યુદ્ધમાં મરે એ હેતુથી એને યુદ્ધ કરવા મોકલેલો, પરંતુ આ નરસિંહ કોણ છે ? પૂર્વ ભવે જિનેશ્વર ભગવાનોનાં ખૂબ હોંશથી ખૂબ જ ખૂબ દર્શનો કરનારો, ને એને એવા અથાગ પુણ્ય ઊભા થયા છે કે યુદ્ધમાં મરવાની વાત શી ? નરસિંહે ઊલટું, દુશ્મન રાજાને પરાસ્ત કરી દીધો ! અને પોતે વિજય મેળવ્યો. રાજકુમાર અને એની બેન નરસિંહનું પરાક્રમ અને વિજય જોઈને બહુ ચકિત અને રાજી રાજી થઈ ગયા. દુશ્મન રાજા પગમાં પડી ગયો અને માફી માગીને એમને પોતાની રાજધાનીમાં સત્કાર સન્માન સાથે લઈ જાય છે.

**રાજાના પેટમાં તેલ રેડાય છે :**

પરંતુ જે આ વિજયના પ્રસંગથી રાજકુમાર અને બીજાઓ રાજી રાજી થઈ ગયા છે, એ જ વિજયના સમાચાર રાજકુમારના બાપ રાજાને પહોંચે છે, ત્યારે એના પેટમાં તેલ રેડાય છે. એને એમ થાય છે કે 'હાય ! આ હું નરસિંહનું કાટલું કાઢવા માગતો હતો ત્યાં ઊલટું એ યુદ્ધ જીતી ગયો ? અને એનો યશ વધી ગયો ? હવે તો મારે એને સીધો ઉપાય લઈ ઝટપટ ખત્મ કરવો જોઈએ, નહિતર કોને ખબર કાલે એ મારું યા રાજકુમારનું શું ય કરી નાખે ? એટલે હવે રાજકુમાર દ્વારા સીધું એને ઝેર જ અપાવી દઉં, એમ કરી એણે રાજકુમાર પર ખાનગી ચિઠ્ઠી લખી લખ્યું કે **'નરસિંહને તરત જ વિષ આપી દે જે.'** પોતાના ખાસ વિશ્વાસુ માણસને



ચિઠ્ઠી પેક કવરમાં આપી ભલામણ કરી કે 'આ કવર લઈ જા અને રાજકુમારને ખાનગીમાં આપજે અને કાનમાં કહેજે પિતાજીએ આ કામ તાબડતોબ પતાવવા કહ્યું છે.' જુઓ નરસિંહ જીત્યો, રાજાની ધારણા ધૂળમાં મળી; છતાં રાજાને સદ્બુદ્ધિ ન આવી. કહેવત તો કહે છે 'વાર્યો ન રહે, પણ હાર્યો રહે' કિન્તુ અહીં તો 'હાર્યો જુગારી બમણું રમે' જેવો ઘાટ થાય છે. શ્રીપાળકુમાર સામે પ્રપંચ ખેલનારા ધવલશેઠને આવું જ થતું હતું ને ? આવા અનાડી પ્રપંચી માણસો શું સમજતા હશે? આ જ કે જાણે 'સામા પાસે કોઈ અદૃશ્ય પુણ્ય સત્તા જ નથી, તેથી મારા પાસા પોબાર પડશે.'

**પરંતુ એમ જો જગતમાં અનાડીઓનું ધાર્યું થતું હોત તો આ જગતમાં સજ્જનોને ઊભા રહેવા જગા જ ન રહેત.**

આ પરથી સમજી રાખવા જેવું કે ક્યારેક કોઈક અનાડી ધમકી આપતો હોય તો ત્યાં ગભરાવવાની ને આર્તધ્યાન કે દ્વેષના સંકલેશ કરવાની જરૂર નહિ. 'આપણને અરિહંતનો અચિંત્ય પ્રભાવ અને આપણું પુણ્ય બચાવનાર છે. તેથી જ આજ સુધી સુખે સમાધે જીવંત રહી શક્યા છીએ. આ પાક્કી શ્રદ્ધા રાખવાથી નરસિંહના પૂર્વભવે દેવાધિદેવના બહુ ભારપૂર્વક કરેલાં દર્શનથી ઊભા થયેલ પુણ્ય; જુઓ, કેવી ગેબી સહાય કરે છે ! રાજાએ માણસ સાથે ચિઠ્ઠીમાં પોતાના પુત્ર ઉપર લખી મોકલ્યું કે, 'નરસિંહને તરત જ વિષ આપી દેજે.'

છોકરાને ખૂબ આજ્ઞાંકિત માને છે એટલે નિરાંતનો દમ ખેંચે છે કે 'કુમારને નરસિંહ સાથે ગમે તેટલો પ્રેમસંબંધ હોય, પણ આ ચિઠ્ઠી એને પહોંચે કે હાશ ! તરત એ નરસિંહને ઝેર આપી દેવાનો.'

રાજકુમારની આજ્ઞાંકિતતા એવી હતી એ વાત સાચી ને એમાં નરસિંહના બચાવની આશા ઓછી, પરંતુ નરસિંહનું પુણ્ય કેટલું જબરદસ્ત કામ કરે છે એ જુઓ, -

**નરસિંહના પુણ્યે યક્ષની દરમિયાનગીરી :**

ચિઠ્ઠી લઈને જનારો માણસ રસ્તામાં રાત પડી તેથી રાત વિસામા માટે સ્થાન શોધે છે. એમાં નરસિંહના પુણ્યથી સહજ રીતે પાસેમાં પેલા નરસિંહ યક્ષનું મંદિર દેખ્યું, તેથી એ ત્યાં જઈ સૂઈ ગયો. યક્ષને નરસિંહનું પુણ્ય કેવુંક પ્રેરે છે કે એ જ વખતે યક્ષને મંદિરમાં શું ચાલે છે એ જોવા તરફ ખ્યાલ ગયો. અવધિજ્ઞાનથી યક્ષ જુએ છે તો રાજાનો માણસ ચિઠ્ઠી સાથે દેખાયો, ને ચિઠ્ઠીમાં પોતાના પુત્ર જેવા નરસિંહકુમારને વિષ આપવાનું લખેલું જોવા મળ્યું.

યક્ષ ચોંકી ઊઠ્યો, 'રાજાની આ દુષ્ટ બુદ્ધિ ? તો હવે રાજાને એની બરાબર સજા કરું' એમ વિચારી ચિઠ્ઠીમાં 'વિષ' શબ્દમાં કાનો ઉમેરી 'વિષા' કર્યું અને ચિઠ્ઠી પેક પાછી ઊંઘતા માણસના કબજામાં મૂકી દીધી.

**પ્રબળ પુણ્યે ન ધારેલી કન્યા મળી :**

જુઓ, અહીં યક્ષે આમ કેમ કર્યું ? યક્ષ જુએ છે કે "રાજાની કન્યાનું નામ 'વિષા' છે, જે એના ભાઈ સાથે યુદ્ધ જોવા ગઈ છે તો ભલે સૌભાગી નરસિંહને આ કન્યા એનો ભાઈ વરાવી દે." બસ, માણસે પ્રભાતે જાગીને ચાલતી પકડી, પહોંચ્યો રાજકુમાર પાસે. એને ખાનગીમાં લઈ જઈ રાજાની ચિઠ્ઠી-કવર આપી. રાજાએ સૂચવ્યા પ્રમાણે કાનમાં કહ્યું કે, 'કામ તાબડતોબ પતાવી દેવાનું છે, એમ પિતાજીએ કહેવરાવ્યું છે.'

રાજકુમારે 'સારું' એમ કહી માણસને આરામ કરવા રવાના કર્યો, પોતે કવર ખોલીને ચિઠ્ઠીમાંથી વાંચતા જ એવો હરખી ઊઠ્યો અને બોલી પડ્યો કે 'વાહવાહ ! બાપુજી કેવા કદરદાન કે નરસિંહકુમારે આ વિજયનું મહાપરાક્રમ કર્યું તે બદલ **નરસિંહને બેન 'વિષા' તાબડતોબ આપી દેવાનું (પરણાવી દેવાનું) લખે છે !** વાહ ધન્યવાદ બાપુ તમને !' જુઓ આમાં

**એક કાનાથી કેટલો ફરક ?**

કેટલાક કહે છે ને કે સૂત્રમાં જરાક અશુદ્ધ બોલ્યા એમાં શું બગડી જાય ? પણ કહો 'સવ્વ'માંથી અડધો 'વ' કાઢી નાખી 'સવ' બોલાય, દા.ત., 'નમો લોએ સવ્વ સાહૂણં' ને બદલે 'નમો લોએ સવ સાહૂણં' 'સવ્વ પાવપ્પણાસણો' ને બદલે 'સવપાવપણાસણો' બોલાય તો કેટલો ફરક પડે ? 'સવ્વ સાહૂણં' એટલે સર્વ સાધુઓને, પણ 'સવ સાહૂણં' એટલે મડદા સાધુઓને નમસ્કાર કરું છું" એવો અર્થ નીકળે, એમ 'સવપાવપણાસણોનો અર્થ 'મડદાના પાપનો નાશ કરનાર નમસ્કાર મંત્ર' એવો થાય તો શું આ નમસ્કારની સ્તુતિ કરી ? ગુણ ગાયા ? કે હલકાઈ કરી ? સાધુની ય કેવી હલકાઈ ? આ કોનું પરિણામ ? ઉચ્ચારની અશુદ્ધિનું. અહીં પ્રસ્તુત 'તરત વિષ દઈ દેજે'ને બદલે 'તરત વિષા દઈ દેજે', માત્ર એક કાનો વધ્યો, તો કેટલો બધો ફરક પડ્યો ?

મહારાજા સંપ્રતિના પિતા કુણાલને આવુંજ બનેલું. કુણાલ ઉજ્જૈનીમાં હતો ત્યાંના અધિકારી સુબા પર કુણાલના પિતા અશોકે ચિઠ્ઠી લખી 'કુમારો અધીયતાં' અર્થાત્ કુમારને હવે 'અધ્યયન કરાવો,' પરંતુ ચિઠ્ઠી લખી ગાદી પર મૂકી બહાર ગયા. શોક્ય રાણી આવી ચિઠ્ઠી જોઈ એમાં 'અ' ના માથે પોતાની આંખના



કાજળથી બિંદુ લખી દીધું. 'કુમારો અંધીયતાં' ચિઠ્ઠી વાળી મૂકી દીધી. રાજાએ જોયા વિના માણસ દ્વારા ચિઠ્ઠી મોકલી ત્યાં તો નિરીક્ષક માણસ ચિઠ્ઠી વાંચી ચમક્યો !

કુણાલ પૂછે છે 'કેમ ચમક્યા ?'

'આવી ચિઠ્ઠી આવી છે, પણ તેથી તમને અંધ કરાય ? જરાય નહિ.'

કુણાલ કહે, 'પિતાજીનો આદેશ હું ન માનું તો પછી બીજો કોણ માનશે ?' પોતાની જાતે તપાવેલા સળિયાથી પોતાની આંખ ખત્મ કરી. કેટલામાં ? 'અ'ને બદલે 'અં' થવામાં ! આ સૂચવે છે, -

**(૧) સૂત્ર બોલવામાં જરાય અશુદ્ધ ન કરો. એમ,**

**(૨) બીજા સાથે બોલવામાં હલકા તુચ્છ શબ્દ ન બોલો.**

**(૩) કઠોર નહિ પણ મૃદુ મધુર પ્રિય શબ્દ બોલો.**

**(૪) કોઈને કાંઈ લખવામાં પણ આ ખ્યાલ રાખો.**

વળી આવેશનું કે ખોટા બંધાઈ જવાય એવું ન બોલો, ન લખો.

**જરાકમાં નરસિંહને રાજકન્યા મળી :-**

રાજાની ચિઠ્ઠીમાં 'વિષ' પર કાનો ચડી ગયો એટલા માત્રમાં નરસિંહને ઝેરથી મોત મળવાને બદલે રાજકન્યા પરણવા મળે છે ! રાજકુમારે નરસિંહને રાજાની ચિઠ્ઠી બતાવી આગ્રહ કરીને તરત જ એની સાથે બેન પરણાવી દીધી.

આ બધું જોઈને ખુશી ખુશી થતો પેલો ચિઠ્ઠી લાવનારો માણસ જલદીથી રાજા પાસે પહોંચી ગયો. બધી વાત કરી. રાજાના દિલમાં ભારે આઘાત લાગ્યો કે 'અરરર ! આ શું થયું ? નરસિંહ મોતભેગો થવાને માળો મારી જ કન્યાભેગો થઈ ગયો ? કેમ આમ શું થયું ? ચિઠ્ઠીમાં વિષનું કોઈએ વિષા કરી નાખ્યું ? માણસને પૂછે છે, તું અહીંથી સીધો જ પહોંચી ગયેલો ? કે વચમાં ક્યાંય રોકાયેલો ?'

માણસ કહે 'મહારાજ વચમાં રાત પડી ગઈ, એટલે એક મંદિરમાં સૂતેલો સવારે ઊઠીને તરત ચાલ્યો, ને સીધો કુમાર સાહેબ પાસે પહોંચી ગયેલો, ત્યાં તો વિજયનાં વાજા વાગતાં હતા, મેં તરત જ કુમાર સાહેબને એકાંતમાં લઈ જઈ ચિઠ્ઠી આપી આપની ભલામણ કાનમાં કહી. એ વાંચી એ તો ખુશ ખુશ થઈ બોલી ઊઠ્યા - વાહ વાહ ! નરસિંહકુમારે વિજય મેળવ્યો એની બાપુજીએ સારી કદર કરી ! ને વિષાબેનને ધન્યવાદ કે એમને નરસિંહકુમારને દેવાનો બાપુએ આદેશ મોકલ્યો !'

રાજા સમજી ગયો કે બફાઈ ગયું, વિષનું વિષા વંચાયું ! 'હાય ! હાય ! હાય ! મેં વિષ શબ્દને બદલે સીધો ઝેર શબ્દ જ કેમ ન લખ્યો !

રાજા હૈયું બાળે છે વળવાનું કાંઈ ? કશું જ નહિ. એ જોતો નથી કે 'મેં નરસિંહને મારી નાખવાનો પેંતરો રચેલો, પરંતુ નરસિંહ એના પુણ્યે બચી ગયો. એ સૂચવે છે કે એનું પુણ્ય જોરદાર છે તો હવે વલોપાત રહેવા દે'. ના, વલોપાતમાં મનમાં ગોઠવી લે છે અને ચાર મારાઓ તૈયાર કરે છે. રાજા કેટલા બધા રૌદ્રધ્યાન કરી નરકનાં પાપ બાંધી રહ્યો છે. શાસ્ત્ર કહે છે,

**'અટ્ટેણ તિરિય ગઈ, રુદ્દજ્ઝાણેણ ગમ્મઈ નરયં ॥'**

અર્થાત્ આર્તધ્યાનથી તિર્યંચગતિના પાપ બંધાય, અને રૌદ્રધ્યાનથી નરકગતિના પાપ બંધાય. આવા દુર્ધ્યાનમાં વળવાનું કાંઈ નહિ, ને પાપ ઘોર બંધાય ! ત્યારે વિચારવા જેવું છે કે જીવ જગતની વચ્ચે બેઠો છે એટલે પ્રસંગો તો કોઈ ને કોઈ બન્યા જ કરવાના. પરંતુ જીવ કેટલો બધો મૂર્ખ કે એના પર મન બગાડી આર્ત-રૌદ્રધ્યાન કરી કેટલીય રકમના ભયંકર પાપ બાંધે છે !

**તંદુલિયો મચ્છ** રૌદ્રધ્યાન કરી મરીને નરકે જાય છે.

**પ્રસન્નચંદ્ર રાજર્ષિ** રૌદ્રધ્યાનમાં ચડેલા તે એમણે નીચે સાતમી નરક સુધીનાં પાપ બાંધેલ ! એ તો સારું થયું કે પોતાના સાધુપણાનો ખ્યાલ આવી ગયો, દુષ્કૃતગર્હા પશ્ચાત્તાપમાં ચડ્યા, જોરદાર ધર્મધ્યાન લગાવ્યું, એમાં એ બધાં પાપો ધોઈ ચારેય ઘાતી કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પામી ગયા. નહિતર મહાવીર ભગવાને શ્રેણિકને કહેલું કે 'હમણાં મરે તો સાતમી નરકે જાય !'

આ બતાવે છે કે જીવનમાં ગમે તેવા ને ગમે તેટલાં પાપ આચર્યા હોય, પરંતુ આ જીવનમાં જો પાપથી પાછા વળી જવાની તૈયારી હોય, અને પાપનાં પ્રાયશ્ચિત્ત કરો તો બચાવ મોટો મળી જાય છે. પાર્શ્વનાથ ભગવાનનો જીવ પહેલા ભવે મરુભૂતિ મહાન શ્રાવક, તે ભાઈ કમઠતાપસને ખમાવવા ગયેલ પણ પેલાએ માથા પર શિલા ઠોકી ! મરુભૂતિને માથું ફાટતાં આર્તધ્યાન થયું, તો મરીને હાથી તરીકે તિર્યંચનો અવતાર પામ્યો ! જો મરુભૂતિ રૌદ્રધ્યાનમાં ચડ્યા હોત તો નરકમાં જાત.

પેલો રાજા નરસિંહને મારી નાખવાના રૌદ્રધ્યાનમાં ચડ્યો છે. દાવ નિષ્ફળ ગયો તોય નરસિંહનું મોત ન થયું એનો પસ્તાવો કરે છે.

**આ સંસારની લીલા છે કે પાપ ન કરી શકાયું એનો ય સંતાપ કરાવે !**



હવે જ્યારે નરસિંહકુમાર વગેરે પાછા આવે છે ત્યારે રાજા એમનું સ્વાગત કરાવે છે. મહેલમાં આવી નરસિંહ અને વિષા રાજાના પગમાં પડે છે, ત્યારે રાજા માથે હાથ મૂકી 'દીર્ઘાયુર્ભવ !' આશીર્વાદ આપે છે, અને નરસિંહના પરાક્રમના ભારોભાર વખાણ કરે છે. કહે છે,

'જો તારા પિતાજી તારા માટે કન્યાની ચિંતા કરતા હતા ત્યારે મેં એમને આશ્વાસન આપેલું કે ચિંતા ન કરશો. મોકો આવશે તો રાજકન્યા પરણાવીશ.' એ બરાબર સાચું થયું ને ? પણ એમાં પ્રભાવ તારી લાયકી અને તારા પરાક્રમનો છે.'

નરસિંહ શું બોલે ? કહે છે કે 'માફ કરો, આ પ્રભાવ આપનો છે.'

રાજા કહે 'એ તો ઉત્તમ માણસો એમ જ બોલે.'

છે ને રાજાનું માયાવીપણું ? મનમાં નરસિંહનો તરત ફેંસલો કરી નાખવાની ગણતરી છે. તેથી હવે નવો દાવ અજમાવે છે. એમાં એને પોતાની છોકરીને રંડાપો આવે એની ય એને પરવા નથી, અને બોલ કેવા સફાઈના બોલે છે ! આવા પ્રપંચી માણસોને સામાના પુણ્યબળની ખબર નથી હોતી કે 'પુણ્ય શું કામ કરે છે ?' ને ખોટા સાહસ કરે છે.

આજે તમારો જ દાખલો વિચારોને કે તમારા પોતાના પુણ્યના બળનો વિચાર કર્યા વિના તમે ય કેટલા ખોટા સાહસ કરો છો ? કેટલા અનુચિત બોલ બોલો છો ? ને એમ કેટલીય બાબતમાં પુણ્યબળ વિના ધારી સફળતા નહિ, ધારી કાર્યસિદ્ધિ નહિ, એટલે કેટલીય વાતમાં સંતાપ-પશ્ચાત્તાપમાં બળવાનું ઊભું થયું છે ! વિચારવું એ જોઈએ છે કે બીજાના દેખાદેખી રોફ મારવાં જાઉં, શેખી મારવા જાઉં, પરંતુ જો પુણ્ય દૂબળું હશે તો કુદરતની તમાચ પડવાની, ને એ ભારે પડી જશે !' તો શા માટે એવા પુણ્યના ખોટા ભરોસે સાહસ કરું ? રોફ મારું ? શેખી લગાવું ? એમ બીજાના પ્રસંગ અંગે પણ સામાનું પુણ્ય તપતું હશે અને હું એની નિંદા કરવા જઈશ, એના વિરુદ્ધમાં વર્તીશ, તો એમાં સરવાળે સામાનું તો પુણ્યબળે કશું બગડશે નહિ, ને હું હલકો પડીશ.'

**પુણ્યના ભરોસા ખોટા : દૂબળા પુણ્યે સાહસ ખોટા :**

રાવણ રાજાએ (૧) વાલિરાજાને એક નાનો રાજા સમજી એના પુણ્યબળનો વિચાર ન કર્યો કે આનું પુણ્ય કેટલું તપે છે ! તેમજ (૨) પોતાનું પુણ્યબળ એની સામે કાચું છતાં પુણ્ય બળવાન સમજી એના ભરોસે ચાલ્યો. તો પરિણામ કેટલું ખતરનાક આવ્યું કે વાલિએ યુદ્ધભૂમિ પર તલવારનો ઘા મારવા તૈયાર રાવણ

રાજાને આખો ઊંચકી છત્રીના ડંડાની જેમ બગલમાં દબાવીને આકાશગામિની વિદ્યાથી જંબૂદ્વીપને રોન લગાવી ! રાવણનું શું માન રહ્યું ? સંતાપનો પાર નહિ. કેમ વારુ એમ ? કહો સ્વ-પરના પુણ્ય બળનો સાચો વિચાર જ ન રાખ્યો, ને 'બસ, વાલિને યુદ્ધમાં આમ કચડી નાખું.' એવા એક આવેશમાં આંધળિયા સાહસ કર્યા.

અહીં રાજા પણ નરસિંહના પુણ્યબળનો વિચાર નથી કરતો અને આંધળિયા સાહસ કરે છે. ખૂબી એ થાય છે કે એમાં નરસિંહનું લેશ પણ બગડવાની વાત નહિ, ઊલટાનું સુધરતું જાય છે, વિશેષ સારું થતું જાય છે ! રાજાએ એને યુદ્ધમાં મરે એ માટે મોકલેલો પણ ઊલટું વિજય એવો મળ્યો કે ચારેકોર નરસિંહનો યશ ફેલાઈ ગયો ! વળી રાજાએ વિષ આપવાની ચિઠ્ઠી મોકલેલી તો એમાંય મરવાની વાત તો દૂર, ઊલટું એ જ ચિઠ્ઠી પર રાજકન્યા પરણવા મળી ! આમ છતાં રાજાના આવેશ-અભિનિવેશ એવો જબરો છે કે હજી એને એ બોધપાઠ લઈ પ્રપંચથી દુર્બુદ્ધિથી પાછો ન ફરવા દે. તે હવે એમ વિચારે છે કે 'નરસિંહનું મારાઓ પાસે અંધારી રાતે કાટલું કઢાવી નાખું.'

**રાજાની નરસિંહ પર મારાઓની યોજના :**

રાજા એક બાજુ ખાનગીમાં ચાર મારાઓને બોલાવી કહે છે, આજ રાતે નગરના એક દરવાજા બહાર દેવીનું એક મંદિર છે ત્યાં રાતના ૯-૧૦ વાગે એક માણસ પૂજા કરવા આવશે. એના હાથમાં પૂજાપાનો થાળ હશે એ એની ઓળખ. તો જેવો એ નગરની બહાર નીકળી જરાક આગળ ચાલે કે એને ધારિયાથી પૂરો કરી નાખજો. એ આવે એ પહેલાંથી તમે લોકો ઝાડીમાં ગુપચુપ સંતાઈ રહેજો.'

એક બાજુ તો આમ મારાઓની ગોઠવણ કરી, ને બીજી બાજુ નરસિંહને કહે છે, "જુઓ આપણે ત્યાં રિવાજ છે કે લગ્ન કરીને તરત રાતના પૂજાપો લઈ આ નગરના અમુક દરવાજા બહાર દેવીનું મંદિર છે ત્યાં એ દેવી પાસે જવાનું, અને દેવીને પૂજાપો ધરી આવવાનો; કેમકે એ દેવીમાતા આપણા કુળના રખેવાળ છે. તેથી તમો આજે રાત્રે ૯ વાગ્યા પછી પૂજાપો લઈને જજો, ને દેવીમાતાને પૂજાપો ધરી, એ રખેવાળીના આશીર્વાદ માગી લેજો. જો જો સાથે કોઈને લઈ જતા નહિ. રાતના એટલી હિંમત તો રાખવી જ પડે, તો જ દેવીમાતાને વિશ્વાસ પડે કે 'આ સાત્વિક છે તો મારે એનું રક્ષણ કરતા જ રહેવું જોઈએ' અમે પણ એ રીતે એકલા જઈને પૂજા કરી આવેલા."

જુઓ રાજાનો પ્રપંચ ! બંને બાજુ એવી ગોઠવી દીધી કે એને હવે હાશ થાય છે કે 'હાશ ! હવે કામ પતી જશે.'



નરસિંહ કહે, 'મહારાજા ! એની ફિકર ન કરો જેવો આપનો આદેશ. મોટી લડાઈ લડ્યા પછી આમા શી મોટી હિંમત જોઈએ છે ? દેવી માતાની આશિષ તો મેળવવી જ જોઈએ; તેમ કુળના રિવાજનું પાલન પણ કરવું જ જોઈએ. બસ, રાતના નવ વાગ્યા પછી દેવી માતાને પૂજાપો ધરી આશિષ માગી આવીશ.'

નરસિંહ આમેય જનમથી હસમુખો છે, ગમે તેવા ફરતા સંયોગમાં ય રોતડ નથી, તો અહીં પણ શાનો રોતડ બને ? એનું મન ફોરું ફૂલ છે. મનને કશી ચિંતા નથી. આ બક્ષીસ છે પૂર્વ જન્મના વીતરાગ દર્શનનો ધર્મ બહુ કર્યાની. ત્યારે જોવા જેવું છે કે

**એક વીતરાગ દર્શનના ધર્મમાં કેટકેટલા સારા બનાવોનાં બીજ પડ્યા હશે ? અંશ પડ્યા હશે ?**

**એક સુકૃતમાં કેટકેટલા સુખનાં બીજ ?**

બીજ વિના તો સુખનો પાક આવે નહિ. દા.ત. જીવદયા પાળી તો પરભવે મહાન શાતા મળે છે, તો એ શાતાનાં બીજ વર્તમાન જીવદયાના સુકૃતમાં પડેલું સમજવાનું. એમ એકલી શાતા જ નહિ, બીજા એમાં સમાવાનાં. પૂછો, -

પ્ર. વર્તમાન સુકૃતમાં ભાવી સુખના બીજ શી રીતે ?

ઉ. જેમ ઘઉં વાવવાથી પાકમાં ઘઉં આવે છે, એમ વર્તમાન સુકૃતથી કર્મવિપાકમાં ભાવી સુખ અને સુકૃત આવે છે, એ જ પુરવાર કરે છે કે વર્તમાન સુકૃતમાં ભાવી સુખોનાં અને સુકૃતનાં બીજ પડેલાં છે, પછી જેવું સુકૃત, જેવા ભાવવાળું સુકૃત તે પ્રમાણે એના સુખોનાં ને સુકૃતનાં બીજ હોય. અલબત્ત અહીં સુકૃતસેવન સાથે મલિન ભાવ ન જોઈએ.

નરસિંહે જિનદર્શનનાં પવિત્ર ભાવે સુકૃત એવા અદ્ભુત કરેલાં છે કે એમાં કેઈ જાતના સુખના બીજ પડેલા હશે કે અહીં એનામાં વિપરીત સંયોગોમાં અથાગ સુખના પ્રકાર ઊભા થાય છે. આવા એકમાત્ર જિનદર્શનનાં જબરદસ્ત સુકૃતની સામે રાજા ફાંફાં મારે એનું શું વળે ? એણે તાકડો તો એવો ગોઠવ્યો કે નરસિંહ પાસે જો પુણ્યબળ ન હોય, પૂર્વભવની જિનદર્શનની પ્રચંડ સાધનાનું બળ ન હોય, તો તો એનો ઘડો લાડવો જ થઈ જાય, પરંતુ જુઓ એને કેવી રીતે બચાવ મળે છે.

નરસિંહ પોતે રાજાને માનનીય વડીલ તરીકે માને છે ને હવે પાછા પોતાના સસરા બન્યા છે, તેથી રાજાના હુકમ પ્રમાણે કરવામાં એને કશો બીજો વિચાર

કરવો નથી. એટલે રાતના નવ વાગતાં પૂજાપાની થાળી લઈને નીકળે છે.

બોલો, હવે આમાં નરસિંહને બચવાની આશા છે ? ના, કેમ કે હવે એ નગરની બહાર નીકળે એટલી જ વાર છે, ઝાડીઓમાં છુપાઈ બેઠેલા ચાર મારા અંધારી રાતે એના પર તૂટી પડવાના છે, તેમજ નરસિંહ નિશ્ચિતપણે દેવી પૂજાર્થે મુકામેથી નીકળી પડ્યો છે. મારાઓ નિર્દય છે અને ચિટ્ઠીના ચાકર છે, ને એમને રાજાનો હુકમ છે કે 'આ સમયે જે પૂજાપો લઈને મંદિર તરફ જતો હોય એને ઠોકી પાડજો.' એટલે એમને એ જોવાનું રહેતું નથી કે આ કોણ વ્યક્તિ છે. આમ મારા તરફથી દયા મળે એવી નથી, તેમજ રાજા તરફથી પણ દયા નહિ કે એને પાછળથી વિચાર ફરે ને મારાઓને પાછા બોલાવી લે, અગર નરસિંહ પર દયા આવવાથી એને પૂજાપો લઈ ધરવા જવાની ના પાડે. આમ રાજા તરફથી દયા મળે એવી નથી, ત્યાં નરસિંહને બચાવનાર કોણ ?

**આપણી સામે બે ચીજ છે - એક સંયોગો, બીજું આપણાં શુભાશુભ કર્મ.**

**આપણે માત્ર સંયોગો પર મદાર રાખીએ છીએ ને એમાં ધાર્યું થતું નથી એટલે કષાયો ને દુર્ધ્યાન કરીએ છીએ;**

પરંતુ આપણા શુભાશુભ કર્મ તરફ નજર જ લઈ જતા નથી, એના પર વિશ્વાસ નથી કરતા. દા.ત. આજે કારમી મોંઘવારી આવી, તો સંયોગો જોઈશું કે 'આજ સરકાર કેવી થઈ ગઈ છે ? પ્રધાનો અમલદારો કેવા લાંચિયા થઈ ગયા છે ? લાંચ ખાઈ ખાઈને માલના ભાવ વધારાને સરજે છે.' આ જોઈને કષાયો અને દુર્ધ્યાનમાં દૂબળા પડીએ છીએ. પણ આ શું જોયું ? માત્ર સંયોગો જોયા. ખરી રીતે ત્યાં જો આપણા અશુભ કર્મ પર નજર નાખીએ તો દેખાય કે 'આપણા પુણ્ય જ દૂબળા અને પાપના એવા ઉદય કે એનું આ જ પરિણામ હોય. પૂર્વ ભવે ઊંધુ ચીતર્યું હોય, ઊંધા વેતરણ કર્યા હોય, એટલે અહીં સારું ક્યાંથી પામવાનું મળે ? માટે કર્મને દોષ આપી સંયોગોને દોષ આપવાની જરૂર નથી. એમાં એથી પણ આગળ વિચારી શકાય કે "પૂર્વ ભવે ભગવાનની ભક્તિમાં ને ત્યાગ-તપસ્યાદિ ધર્મમાં ખામી રાખેલી, તેથી પુણ્યોપાર્જનમાં ખામી રહી. એટલે અહીં કાળઝાળ મોંઘવારી ને વસ્તુની અછત વગેરે કેટલીય આપદાઓ આવી પડે છે. માટે હવે અહીં ભગવાનની ભક્તિ વધારું ત્યાગ-તપસ્યા આદિ ધર્મ વધારું." આમ સંયોગો પર મદાર રાખવાને બદલે શુભાશુભ કર્મ પર મદાર રાખીએ, તો ખોટા દ્વેષ ન થાય, આર્તધ્યાન ન થાય, કર્મસત્તાને આગળ કરવાથી આશ્વાસન મળે, તેમજ હવે માટે અરિહંત-ભક્તિ અને ધર્મ સૂઝે.



**આર્ય માનવ-જીવન જીવવાની આ જ ખૂબી છે કે સંયોગોને બદલે શુભાશુભ કર્મનો વિચાર મુખ્ય રહે. તેમજ ધર્મપ્રવૃત્તિ વધારવા પર નજર રહે.**

**નરસિંહના પૂર્વ જન્મની દર્શનધર્મ-પ્રવૃત્તિ ગંભીરતાથી વિચારી એવા દર્શનધર્મમાં લાગો.**

નરસિંહે પૂર્વભવે જિનદર્શનનો ધર્મ એવો શુદ્ધ રીતે અને ખૂબ જ હોંશ સાથે કર્યો છે કે અહીં એને સંયોગ ગમે તેવા પ્રતિકૂળ આવે પણ એને પૂર્વધર્મના સરજેલા પુણ્ય અર્થાત્ શુભકર્મ આબાદ રક્ષણ આપી દે છે; ને ઉપરાંત ઉચ્ચ ઉચ્ચતર સ્થાન સામગ્રી આપી દે છે. જુઓ, નરસિંહ અંધારી રાતે સહજ રીતે કેવા જબ્બર રક્ષણને પામે છે. એ જ્યાં રસ્તેથી ચાલ્યો જાય છે, ત્યારે રાજકુમાર પોતાના આવાસના ઝરુખે બેઠો છે. એ નરસિંહકુમારને જતો જોઈ તરત ઊભો રાખી પોતાના આવાસમાં બોલાવી લઈ પૂછે છે, 'અત્યારે અંધારી રાતે ક્યાં ચાલ્યા ?

નરસિંહ કહે, 'બાપુજીનો આદેશ છે કે લગ્ન પછી તરત દેવી માતાને રાતના દસ વાગે પૂજાપો ધરી આવવો જોઈએ. આપણા કુળમાં રિવાજ છે.'

રાજકુમાર વિસ્મય સાથે વિચારે છે કે 'આ વળી રિવાજ ક્યાંથી આવ્યો ? ખેર, પિતાજીનો હુકમ છે તો પાળવો જોઈએ; પરંતુ એ માટે આવા નબીરા મહાન સૌભાગ્યવંતા નરસિંહકુમારને ધક્કો ખાવાની શી જરૂર ? એ તો હું પણ પૂજાપો ધરી આવું તો ચાલે.'

રાજકુમારને નરસિંહ સાથે દોસ્તી તો ગાઢ થયેલી જ હતી, એમાં એણે નરસિંહનો જે મુલાયમ ઉમદા સ્વભાવ જોયો છે, યુદ્ધમાં જે પરાક્રમ જોયું છે... એ બધાથી એને નરસિંહ તરફ એટલું બધું આકર્ષણ છે, નરસિંહકુમાર ઉપર એટલું ભારોભાર બહુમાન છે કે એ વગર કહ્યે પોતે સામેથી પૂજાપો લઈ જવાની માગણી કરે છે. નરસિંહ આવી મામૂલી વાતનું કષ્ટ ઉઠાવે એ એને પસંદ નથી.

**ગુરુ પર ને મહાન ઉપકારી પર આપણને એવું ઊછળતું બહુમાન હોય તો અવસરે અવસરે એમનાં કષ્ટ આપણે ઉપાડી લઈએ.**

જો એ મન નથી થતું તો એનો અર્થ જ એ છે કે એમના પર એ ભારોભાર બહુમાન જ નથી. રાજકુમારને નરસિંહ પર ભારોભાર બહુમાન હોવાથી એટલું બધું આકર્ષણ છે કે નરસિંહને આમ એકલો પૂજાપો ધરવા જવા દેવા તૈયાર નથી, તેથી નરસિંહને કહે, -

'ભલે બાપુજીનો આદેશ છે ને કુળનો રિવાજ છે તો આ દેવીમાતાને પૂજાપો ધરવો જોઈએ. પણ તેથી કાંઈ તમારે જ જવું પડે એવો કાયદો નથી. તમારા વતી,

લાવો પૂજાપો, હું જ ધરી આવું છું. તમે તમારે જાઓ આવાસ પર, આરામ કરો.'

નરસિંહે કહ્યું તો ખરું કે, 'ના, ના એમ હોય ? લગ્ન મારા થયેલાં છે તેથી મારે જ જવું જોઈએ ને ?'

પણ રાજકુમાર કહે, 'અરે ! કુમાર સાહેબ ! લગ્ન થાય તો દેવીને માત્ર પૂજાપો ધરવાનો હિસાબ હોય. પછી એ ગમે તેના હાથે ધરાય તો ચાલે. તો તમારી વતી જ હું પૂજાપો લઈ જાઉં છું ને ? તેથી તમારે પોતાને જવાની જરૂર નથી. હું તમને નહિ જવા દઉં.' આમ રાજકુમારના આગ્રહ પર નરસિંહને મંજૂર કરવું પડ્યું. પૂજાપાની થાળી રાજકુમારે લઈ લીધી. નરસિંહ પોતે પોતાના આવાસ તરફ ચાલ્યો ગયો.

જુઓ, હવે રાજકુમાર અંધારી રાતે પૂજાપાની થાળી લઈને ચાલ્યો છે દેવીના મંદિર તરફ ! કેમ જઈ રહ્યો છે ? ભલાઈનું કામ કરવા. ભલાઈનું કામ કરવા જાય એને આફત આવે ? જુઓ.

**ભલાઈનું કામ કરવા જવું એ સત્ પુરુષાર્થ-શક્તિનું ફળ છે; ને આફત આવવી એ પૂર્વભવનાં કર્મનું ફળ છે.**

પુરુષાર્થ અને કર્મ એ બે સ્વતંત્ર છે એટલે વાંકા કર્મની વસ્તુનો દોષ કર્મને અપાય, પણ પુરુષાર્થને નહિ. તેથી એમ ન બોલાય કે, 'લો જુઓ આ ભલાઈ કરવા ગયા એટલે માર પડ્યો.' કેમ ન બોલાય ? કહો મારે એ પૂર્વકર્મની વસ્તુ છે, અહીંની ભલાઈના પુરુષાર્થની વસ્તુ નહિ. માટે મારનો દોષ કર્મને અપાય, પુરુષાર્થને નહિ.

**રાજપુત્ર પર મારાઓ :**

રાજકુમારને બિચારાને પોતાના કોઈ એવા પૂર્વના કર્મ ઉદયમાં આવ્યા કે પોતાના સગા બાપે કરેલી કરપીણ માયા-યોજનાનો ભોગ પોતે જ બની જાય છે ! જો જો કર્મની વિચિત્રતા. જેવો એ રાજપુત્ર બિચારો નગરની બહાર નીકળી જંગલમાં ઊતર્યો કે ઝાડીમાં છૂપાઈ બેઠેલા ચાર મારાઓ ઝાડીમાંથી બહાર નીકળી ધારિયાઓથી રાજકુમાર પર તૂટી પડ્યા. ચીસો પાડવાનો સમય જ નહિ એવા એક ક્ષણમાં એને ખત્મ કરી મારાઓ ભાગી ગયા.

હવે રાતના કોણ તપાસ કરે કે રાજકુમાર ક્યાં છે ? એ તો સવારે લોકો જંગલ જતાં જુએ તો રાજકુમાર કપાઈ મરેલો પડ્યો છે ! ત્યાં હાહાકાર થઈ ગયો. રાજાની પાસે વાત પહોંચી. પરિવાર સાથે એ દોડતો આવ્યો. નગરમાં વાત ફેલાઈ



ગઈ. લોકો ય ખૂબ ઉદ્વિગ્ન થઈ ગયા. લોકમાં વાત ચાલી - 'અરે ! કોણ દુષ્ટે આવા ઉમદા રાજકુમાર બિચારાને આવી કરપીણ રીતે મારી નાખ્યો ? મારનારનું સત્યાનાશ જજો...'

નરસિંહ પણ ત્યાં આવ્યો, એ તો પોકેપોક રુએ છે. - 'ઓ મારા પ્રાણપ્યારા દોસ્ત ! આ તને કયા હરામીએ મારી નાખ્યો ? ઓ મારા ભગવાન ! આ બિચારા નિર્દોષ જીવની તેં રક્ષા ન કરી ? હાય રે હૈયા ! આ જીગરજાન મિત્રને મરેલો જોઈ તું કેમ ફૂટી જતું નથી ?...' અંદરમાં સમસમી ગયો કે, 'આ શું ? પૂજાપો લઈને હું જ જતો હતો, તો હું ત્યાં ગયો હોત તો શું મારી આ જ દશા થાત ? મિત્ર મર્યાનો ભારે ખેદ કલ્પાંત કરે છે.

**રાજાનો કલ્પાંત :**

ત્યારે રાજા તો અવાક્ જેવો જ થઈ ગયો. એણે જોયું કે, 'જે નરસિંહને મારે ખત્મ કરાયેલ જોવો હતો એ પૂર્વની જેમ અહીં તે પણ સુરક્ષિત છે, ને મારો અતિપ્રિય પુત્ર જ ખત્મ થયો ? હાય ! હાય ! આ શું થયું ? મારાં જ કર્યાં મારા જ લમણે વાગ્યાં ? ખરેખર ! જેનું પુણ્ય જોર કરે છે એને કોણ કશું કરી શકે ? આ મારો હવસ જ ખોટો હતો. એમાં નરસિંહ પર વારંવાર આક્રમણ લઈ ગયો છતાં એને ઊની આંચ ન આવી, ને મેં વ્યર્થ પાપનાં પોટલા બાંધ્યા ! અને અંતે મારા પોતાના જ દીકરાની બિચારાની કરપીણ હત્યા થઈ.'

હાય ! હાય ! રાજાને પસ્તાવાનો પાર નથી. એના મનને એમ થાય છે કે, 'મારાં આ ગોઝારા છૂપા પાપ મને કેવી નરકમાં લઈ જશે ? હજી પણ જગત મને સારા રાજા તરીકે ઓળખશે ! મારા જેવા ભયંકર પાપીના સન્માન કરશે ? અને હું માયાવી કપટી બન્યો રહી શું એવા ખોટાં માનપાન લઈ હજી પણ ઘોર પાપ બાંધતો રહેવાનો ? આ મનુષ્ય જન્મ શા માટે મળ્યો છે ? શું પુણ્ય ભોગવી ભોગવીને ખલાસ કરવા માટે ? અને ભરચક નવા ભયંકર પાપોના પોટલાં કમાવા માટે મળ્યો છે ? કે નવા પાપ બંધ કરી પૂર્વના જન્મ-જન્મનાં પાપોનો નિકાલ કરવા અને ભગવાનની ભક્તિમાં જ લાગી જવા માટે ? પરંતુ આ ભગવદ્ ભજન સાચું ક્યારે થાય ? પાપી છતાં દુનિયાની આગળ સારા દેખાવાની માયા મૂકી દઉં તો જ સાચું ભજન વાસ્તવિક ભજન થાય.

**કોઈપણ નાની ય ધર્મસાધના માયા-કપટ-દંભ રાખીને નિર્મળ થઈ શકે જ નહિ.**

માટે હું દુનિયા આગળ ખુલ્લો થઈ જાઉં પછી ભલે કદાચ દુનિયા મારી નીચતા જાણી ગુસ્સે થઈને મને કૂટી મારે ! તો પણ મેં જે ઘોર પાપ કર્યા છે, તેનાં નરકનાં ફળ આગળ અહીંનું કૂટાવાનું કાંઈ વિસાતમાં નથી. મારું આ મહાપાપી નાલાયક શરીર કૂટાવા લાયક જ છે.

રાજા સંતાપ-પશ્ચાત્તાપમાં એવો ચડ્યો, એવો ચડ્યો કે સ્વમાન યાને જાતની વડાઈ અને અહંત્વ પર ચોકડી મારે છે. નહિતર જાતના આવા પાપોનો લોકો આગળ ઈકરાર કરવો સહેલો છે, પરંતુ પોતાના પાપોનો પશ્ચાત્તાપ એટલો બધો તીવ્ર છે કે પોતાની જાત અધમાધમ લાગે છે, જાતનું કશું માન જ લાગતું નથી એટલે પાપોના ઈકરારમાં માનહાનિ શી માનવી ? એને જાતે જ વડાઈ-અહંત્વ તોડી નાખવા છે અને પોતાના દાખલાથી જગતના જીવો પાપ કરતાં અટકે એવું કરવું છે; એ માટે ત્યાં લોકોની આગળ ઈકરાર કરે છે.

**રાજાના પાપોનો ઈકરાર :**

"હે મંત્રીઓ ! અમલદારો અને પ્રજાજનો ! તમે સાંભળો આ નિર્દોષ રાજકુમાર બિચારો શી રીતે આ કરપીણ હત્યાનો ભોગ બન્યો એની તમને ખબર નથી, પરંતુ જાણી લો એની હત્યામાં હું મહાપાપી જ કારણ છું." તમને લાગશે કે, 'શું આ દીકરો મને ગમતો નહોતો તે મેં એની હત્યા કરાવી નાખી ?' ના, ના એવું કશું નથી. કુમાર તો મને બહુ જ વહાલો હતો; પરંતુ મેં પાપાત્માએ આ મહામાનવ નરસિંહકુમારને મરાવી નાખવા પેંતરો રચેલો. એમાં એ તો એના પુણ્યે બચી ગયો ને નિર્દોષ બિચારો રાજકુમાર એ પેંતરામાં ફસાઈ ગયો.

"ત્યારે તમને આશ્ચર્ય થશે કે આવા મહાલાયક, મહામાનવ નરસિંહકુમારને મારી નાખવાનો પેંતરો ? હા, એનું કારણ મૂળ આ નરસિંહ ગરીબ બ્રાહ્મણનો દીકરો; બાળપણે એને એનો બાપ મારા પગે પાડવા લાવેલો ને રાજજ્યોતિષીએ એની મુદ્રા-રેખા જોઈ મને કહ્યું કે, 'આ તમારી ગાદીએ રાજા થશે.' ત્યારે મે બહારથી તો આનંદ દેખાડ્યો, પરંતુ અંતરથી દુભાયો કે, 'હેં શું આવો માગણિયાનો છોકરો મારો વારસદાર ? એને અત્યારથી જ ઠેકાણે પાડી દઉં.' એમ વિચારી એને ખાનગીમાં મારાને ભળાવ્યો; મારો મારા જેમ અધમ પાપી નહિ તે એને વળી દયા આવી હશે તે એને ઉદ્યાનમાં મૂકી આવેલો.

"એટલે આ નરસિંહ હવે માલણનો છોકરો થઈ ઉછરવા લાગ્યો. પાંચેક વરસનો થયો ત્યારે એને લઈને માલણ ફૂલ આપવા આવી, ત્યાં પણ પાસે બેઠેલા રાજજોષીએ આ જ ભવિષ્ણવાણી ઉચ્ચારી કે આ છોકરો ભાગ્યશાળી છે તમારી



રાજ્યગાદીએ આવશે. એટલે મને વહેમ પડ્યો કે 'આ પેલું બાળક તો નહિ હોય ?' ગમે તે હો પણ આને ખત્મ કરાવી નાખવા બીજા મારાને ખાનગીમાં કામ સોંપતા કહ્યું, 'જો આને દૂર દૂર જંગલમાં લઈ જઈ કોઈ કૂવામાં પધરાવી દેજે.'

"પરંતુ હે નગરજનો ! જુઓ કે જેને રામ રાખે તેને કોણ ચાખે ?"

**માણસ બીજાનો દ્રોહ કરવા ફોગટનાં પાપો કરે છે.**

સામો પુણ્યવંતો હોય તો એથી એનું કશું બગડતું નથી.

આ નરસિંહકુમાર મહાપુણ્યવાન તે જંગલમાં ગમે તે બન્યું હશે. મારાએ કૂવામાં નાખી દેવાને બદલે કોઈ મોટા શેઠને સોંપ્યો હશે, તે આજે મોટા શેઠનો દીકરો બની અહીં આવ્યો ને ફરીથી રાજજોષીએ એને જોતાં પાછી એ જ આગાહી કરી ! ત્યારે મારું દુષ્ટ હૃદય એ વસ્તુ સહન કરી શક્યું નહિ ને મેં આને વહાલ દેખાડી મારા પુત્રની સાથે યુદ્ધની કળા શીખવી અને અવસર આવતાં દુશ્મનની સામે એને લડવા મોકલ્યો. 'એક જ મારી ધારણા હતી કે યુદ્ધમાં મરશે ને કાંટો નીકળી જશે.'

મારા જેવા અધમ માણસોને ઉચ્ચ માનવ જન્મની કદર નથી. તે એવો પરોપકારાદિ સદ્ગુણ સાધી લેવાને બદલે પરદ્રોહ-વિશ્વાસઘાત જેવા ભયંકર કુકૃત્ય કરે છે. એને ખબર નથી કે જેની ખાતર આ દુષ્ટ કૃત્યો કરે છે એ પદાર્થો તો અહીં મરીને છૂટી જવાના છે પછી શા સારુ એવા નાશવંત પદાર્થ ખાતર દુષ્કૃત્યો કરી તારા અવિનાશી આત્માનું બગાડે ? વળી દ્રોહ કરી સામાનું બગાડવા ઈચ્છે છે, પરંતુ

**જેનું પ્રબળ પુણ્ય તપે છે એને ઊંધા પાસા સવળા થઈ જાય;** તે નરસિંહકુમાર યુદ્ધમાં મરવાને બદલે વિજેતા બન્યો ! એટલે મેં વળી પાછો પેંતરો કર્યો. યુદ્ધ જોવા સાથે ગયેલા પુત્ર પર ચિઠ્ઠી મોકલી કે, 'આને વિષ આપી દેજો.' ત્યાંય નરસિંહકુમારનું પુણ્ય જબરું, તે ગમે તે રીતે ચિઠ્ઠીમાં 'વિષ'ને બદલે 'વિષા' થઈ ગયું ! અને ત્યાં ગયેલી બેન વિષાને ભાઈએ આની સાથે પરણાવી દીધી ! નરસિંહકુમાર જમાઈ થઈને પાછો આવ્યો ત્યારે મને આશ્ચર્ય સાથે દુઃખ થયું કે, 'અરર ! આ ક્યાંથી મારો જમાઈ બની ગયો ?'

માણસનું ધાર્યું શું થાય છે, જ્યાં બળવાન કર્મસત્તાનું સામ્રાજ્ય ચાલી રહ્યું હોય છે ? છતાં મૂઢ માણસ પાપપ્રપંચો કરવામાં બાકી રાખતો નથી એટલે કેટલા હજારો લાખો દુઃખભર્યા દુર્ગતિના અવતારોની પરંપરાના આંધણ ચડે એમાં નવાઈ શી ? પાપપ્રપંચો કરી અહીં કશું વળવાનું તો નહિ, તે અંતે બધું મૂકીને મરવાનું

અને પાપનાં પોટલા માથે લઈ દુર્ગતિના પ્રવાસે નીકળી પડવાનું ! છતાં આશ્ચર્ય છે કે અહીં પાપપ્રપંચો છોડવા નથી ! પણ એનું કારણ પરલોક નજરમાં લેવો જ નથી. આવી જ મારી પાપિષ્ઠતા જુઓ કે 'દીકરી રાંડે તો ભલે રાંડે પણ આ નરસિંહને ખત્મ કરું' એવા દુષ્ટ વિચારથી એક બાજુ મેં ચાર મારાઓને ખાનગીમાં તૈયાર કર્યા અને રાતના પૂજાપો લઈને દેવીમંદિરે જતો હોય એને ખત્મ કરવાનું ભળાવ્યું અને બીજી બાજુ નરસિંહને કહ્યું, 'આપણે ત્યાં લગ્ન પછી દેવીમાતાને રાતના પૂજાપો ધરી આવવાનો રિવાજ છે તો તમારે ધરી આવવાનો.'

નરસિંહકુમાર પૂજાપો લઈ નીકળ્યા હશે, પણ મારા પુત્રે પૂજાપો લઈ જવાનું કહ્યું હશે; એમાં એ બિચારો મારાઓથી મારી નંખાયો !

"આ મારા જીવનની કાળી કથની છે. હું મહાપાપી છું, અધમાધમ છું. મારા જેવો જગતમાં કોઈ દુષ્ટ માણસ નહિ હોય. લાખ વાનાં કર્યા, પરંતુ નરસિંહકુમારના પ્રબળ પુણ્ય આગળ મારા પાસા અવળા પડ્યા.

"હવે હું નરસિંહકુમારની ક્ષમા માગું છું ને રાજ્યગાદી એમને સુપરત કરું છું. મારી તમો સૌને સલાહ છે કે ભગવદ્-ભજન માટે મળેલા આ કિંમતી માનવદેહને પાપિષ્ઠ કાર્યો, પાપિષ્ઠ વાણી-વિચારો અને પાપિષ્ઠ વર્તાવોથી અભડાવશો નહિ."

**રાજાએ નરસિંહકુમારનો રાજ્યાભિષેક કર્યો.** એટલામાં જાણવા મળ્યું કે જ્ઞાની મહાત્મા પધાર્યા છે એટલે રાજા અને બીજાઓ મહાત્મા પાસે ગયા. ત્યાં રાજાએ પૂછ્યું કે, 'નરસિંહકુમારનું એટલું બધું પુણ્ય શાથી ?' મહાત્માએ જ્ઞાનથી જોઈને કહ્યું કે પૂર્વભવે એણે ભિખારીપણે વીતરાગ પ્રભુનાં દર્શન ખૂબ કરેલાં એથી પ્રબળ પુણ્ય ઊભાં થયાં, તે અહીં આ જન્મમાં એના રૂડા ફળ પામી રહ્યો છે.

**જ્ઞાનીનો ઉપદેશ :**

'જીવનમાં ધર્મ જ સાર છે, બાકી બધું અસાર છે; માલ વિનાનું છે. અસારને છોડી સારભૂત ધર્મને સેવે એ સુખી થાય છે. અહીં આ ઉત્તમ જન્મમાં સુખ-સગવડો મળી એ પૂર્વે સારભૂત ધર્મ આરાધ્યાનું ફળ છે; માટે અહીં પણ સારભૂત ધર્મને સારી રીતે આરાધી લો. સારભૂત ધર્મ પણ જો સર્વ પાપત્યાગ સાથે થાય અર્થાત્

**સર્વ વિરતિમય અહિંસા-સંયમ-તપ ધર્મની આરાધના કરાય તો, એની એટલી બધી પ્રચંડ તાકાત છે કે એ માત્ર આ જન્મના જ શું, જન્મ-જન્મનાં પાપ તોડી નાખે !**

અરે ! એમાંય સામાન્ય પાપો તો શું, પણ ભયંકર પાપોને ય નષ્ટ કરી દે !



એટલે તો એક વખતના ભયંકર પાપી પણ આત્માઓ અહિંસા-સંયમ-તપથી કર્મ માત્રનો ક્ષય કરી મોક્ષ પામી ગયા છે. નરસિંહને આ જન્મમાં ભારે આફતો અને એમાંથી ગજબના બચાવ તેમજ સરવાળે રાજ્યગાદીના વૈભવ મળે છે, એ બધાના મૂળમાં શું છે ? કહો, પૂર્વભવમાં ભિખારી અવસ્થામાં પણ જિનમંદિરોમાં કરેલ પ્રભુદર્શનનો ધર્મ.

**નાનકડો પણ મહાન પ્રભાવવંતો જિનદર્શન-ધર્મ.**

જો જો, આમ જોઈએ તો દર્શનનો ધર્મ નાનકડો સામાન્ય ધર્મ ગણાય, છતાં એની તાકાત કેટલી બધી મોટી ? નરસિંહના અવતારમાં એનાં જે ફળ નીપજ્યાં એ પરથી દર્શન-ધર્મની તાકાત સમજાય ને ?

**જિનદર્શનની આ પ્રચંડ તાકાતનું કારણ આ જગતમાં વીતરાગ દેવાધિદેવ એ સર્વશ્રેષ્ઠ કલ્યાણવિભૂતિ છે.**

એમને સહેજ મન પર લાવો એટલામાં ય મોહરાજાને ત્યાં ઉથલપાથલ થઈ જાય. વીતરાગમાં મન ગયું અને વીતરાગ પર આંખ ગઈ; એ વીતરાગ તરફ ખેંચાણ રાગ-દ્વેષના શત્રુ તરફ થયું અને એમાં ય મન એટલે આખા શરીરતંત્ર અને આત્મતંત્રનો સંચાલક; એ મનને રાગ અને મોહનાં પાત્રો પરથી ઉઠાડી વીતરાગમાં જોડ્યું સાથે આંખ જોડી દર્શન કર્યા, એથી એવા શુભ અધ્યવસાય થાય કે મનમાંથી રાગ-મોહ આદિના કચરાનાં અધ્યવસાય મોળા પડી જાય. એની તાકાત આ - જન્મ જન્મનાં પાપ તોડી નાખે, મહાન સ્વર્ગ સુધીનાં પુણ્ય ઊભા કરી આપે તથા શુભ સંસ્કારો અને એના દ્વારા સદ્બુદ્ધિ-ધર્મબુદ્ધિની પરંપરા સર્જી આપે. ત્યારે આવા લાભ કરાવનાર પ્રભુદર્શન કરવામાં કષ્ટ કેટલું ? ખર્ચ કેટલો ? જે પ્રભુદર્શન ભિખારી કરતો ગયો, એવાં પ્રભુદર્શન આપણને આવડે ? પૂછો - 'એમાં શું આવડવું છે ? પ્રભુ આગળ હાથ જોડી માથું નમાવીએ એટલે દર્શન થયાં. પેલો ભિખારી તો કદાચ સ્તુતિ નહિ બોલતો હોય, અમે તો સ્તુતિ ય બોલીએ; પછી અમારાં દર્શનમાં શું બાકી રહ્યું ?' પરંતુ કહે છે ને કે **'નમન નમન મેં ફેર હૈ.'** એમ દર્શન દર્શનમાં ફરક છે. દા.ત.,

- દર્શન પરાણે થાય, દર્શન ઉમળકાથી થાય.
- દર્શન રેઢિયાળ રીતે થાય, દર્શન ઢંગથી થાય.
- દર્શન ભોજન ખુલ્લું કરવા થાય, દર્શન ભોજનમાં ઝેર ન ચડે માટે થાય.
- દર્શન રોતડ ચહેરે થાય, દર્શન ઉછળતા ઉલ્લાસ-ઊછરંગથી થાય.

♦ દર્શન રાબેતા મુજબ રોજનો રિવાજ સમજીને થાય, દર્શન નવનવી હોંશ ને હરખથી થાય.

આ દરેક જોડકામાં એક કરતાં બીજામાં કેટલો ફરક ? કહો, બહુ મોટો ફરક. દર્શન **દેવપાલે** જંગલમાં મળેલી મૂર્તિનાં કર્યાં. એ દર્શનમાં એવો ઘેલો ઘેલો થઈ ગયો કે પહેલાં તો આ નિયમ કર્યો કે, 'રોજ આ પ્રભુનાં દર્શન વિના મોમાં પાણી ય નહિ નાખું.' એ કર્યું કે સાત દિનની વરસાદની હેલીમાં પાણીના ચડેલા મોટા પૂરમાં દર્શને જઈ ન શક્યો, તો ભૂખ્યો રહ્યો ! ને આઠમે દિન પૂર ઊતરી જતાં પ્રભુ પાસે જઈ ભક્તિથી ખૂબ રોયો, "પ્રભુ ! તારા દર્શન વિના મારા ૭-૭ દિન વાંઝિયા ગયા ! ઓ પ્રભુ ! મને ભલે ભૂખ્યો રાખજે, પરંતુ આવી દર્શનબંધની સજા કદી ન કરીશ." વિચારો.

દેવપાલને દર્શનની કિંમત કેવી ? ૭-૭ દિવસના ઉપવાસ થયા છતાં આઠમે દિન દર્શન કરી હાશ નથી માનતો કે 'ચાલો આજે ખાવાનું ખુલ્લું થશે.' પરંતુ દર્શન વિનાના સાત દિવસ વાંઝિયા ગયા એનું રુદન કરે છે. પ્રભુનાં દર્શનને એ કેવી કિંમતી સમજ્યો હશે. આઠમે દિવસે એનાં ભક્તિરુદનથી આકર્ષાઈ ચક્રેશ્વરી દેવી આવીને કહે છે, 'દેવપાલ ! દેવપાલ ! તારા આ ઋષભદેવ ભગવાનની હું અધિષ્ઠાયી દેવી છું. તારી પ્રભુભક્તિથી તુષ્ટમાન થઈ ગઈ છું; તો તું આ ભક્તિનાં બદલામાં માગી લે, હું તારું શું પ્રિય કરું ? હું તને શું આપું ?'

ત્યાં દેવપાલ કહે છે, 'મને ભક્તિ આપ.'

દેવી આગ્રહ કરે છે કે 'ભક્તિ તો તારી પાસે છે જ. બીજું કાંઈ માગી લે !'

ત્યાં દેવપાલ કહે છે 'તું આપે એ ગધેડા તુલ્ય છે. મારી પ્રભુભક્તિ ઐરાવણ હાથી જેવી છે. તું કહે છે ભક્તિના બદલામાં કાંઈક માગ, એનો અર્થ એ કે તું તારો ઐરાવણ હાથી વેચી દે ને બદલામાં ગધેડો ખરીદી લે. એમ કરવા જેટલો હું મૂર્ખ નથી.'

દેવપાલનાં પ્રભુદર્શન અને બીજી ભક્તિ કેવાક હશે એ જોવા જેવું છે એની સામે આપણાં પ્રભુદર્શન સરખાવો.

દર્શનનું ફળ દેવતા સામે ચાલીને આવી આગ્રહપૂર્વક આપવા માગે તો આપણે એ નથી જોઈતું ને ? અરે ! પ્રભુનાં દર્શન કરતાં કોઈ દેવતા દર્શન દે, તો ખીલી ન ઊઠીએ ને ? **દર્શન-ધર્મને એટલું બધું ઊંચું અને મહાકિંમતી માનીએ ખરા કે એની આગળ કરોડો અબજો રૂપિયા તુચ્છ લાગે ?**



**આર્દ્રકુમારનાં દર્શન :**

આર્દ્રકુમારને અભયકુમારે જિનપ્રતિમા ભેટ મોકલી. **'તમે જાજો વિદેહમાં, કહેજો ચાંદલિયા ! સીમંધર તેડું મોકલે.'** આ આપણે ગાઈએ ત્યારે સીમંધર ભગવાનનાં દર્શન કેવાક ઝંખીએ છીએ ? જુઓ આર્દ્રકુમારની ઝંખના -

આર્દ્રકુમારને પૂર્વ ભવ અને ત્યાં પાળેલું સંયમ ખ્યાલમાં આવી ગયું; અનાર્યદેશમાં જન્મેલાને વીતરાગ પ્રભુદર્શન અને સંયમસાધના એવા કિંમતી લાગ્યાં કે બીજું બધું તુચ્છ લાગ્યું. તે દેશ મૂક્યો, કુટુંબ મૂક્યું, રાજ્યવૈભવ મૂકી અનાર્યદેશમાંથી અહીં આર્યદેશમાં આવી, ચારિત્ર સંયમ લઈ લીધું. અનાર્યદેશમાં જન્મેલો પ્રભુદર્શનમાંથી કેટલો આગળ વધી ગયો ! **આર્યદેશમાં જન્મેલા આપણે પ્રભુદર્શન કેટલી હોંશથી કરીએ છીએ ?**

**સુદર્શનની દર્શનઝંખના :**

મહાવીર ભગવાન વિચરતા વિચરતા એક નગર બહાર પધાર્યા છે. એમના દર્શને સુદર્શન શ્રાવકને જવું છે, પરંતુ માતાપિતા કહે, 'ભાઈ ! હજી અર્જુનમાલીએ સાત હત્યા પૂરી કર્યાનો ઘંટ નથી વાગ્યો, તેથી ઘરની બહાર નીકળવામાં ભય છે કે એ આકાશમાંથી નીચે ઊતરીને મોગરના ઘાથી મારી નાખે !'

ત્યારે સુદર્શન કહે, 'બાપુ ! ફિકર ન કરો, પ્રભુની દયાથી કશો વાંધો નહિ આવે, મારે તો પ્રભુ પધાર્યાનું સાંભળ્યા પછી પ્રભુનાં દર્શન વિના બેસી રહેવાય નહિ કે બીજું કશું કામ થાય નહિ. આપ મારા માથે હાથ મૂકો, આશીર્વાદ આપો જેથી મારે હેમખેમ દર્શન થાય.'

સુદર્શન કહીને ચાલ્યો. અધરસ્તે સામે ઉપર આકાશમાંથી અર્જુનમાલી મોઘર ઉલાળતો આવતો દેખાયો. સુદર્શનને કોઈ પસ્તાવો નથી કે, 'હાય ! ક્યાં આ જોખમમાં આવ્યો ?' એ તો વિચારે છે, 'મારે પ્રભુદર્શનની તીવ્ર ભાવના છે, એમાં કદાચ અહીં મૃત્યુ ય થઈ જાય તો ધન્ય મૃત્યુ ! ધન્ય અવતાર ! **આ જગતમાં મોત તો ઘણા દેખ્યા, પરંતુ આવું પ્રભુદર્શનની ભાવનામાં મૃત્યુ ક્યારેય નહિ મળ્યું હોય!** નહિતર તો મારા આત્માનો ઉદ્ધાર થઈ ગયો હોત...' આમ વિચારી સુદર્શન ત્યાં સાગાર અનશન કરી કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઊભો રહી જાય છે અને ત્યાં ચમત્કાર એવો થયો કે સુદર્શનના ધર્મતેજથી અર્જુનમાળીના શરીરમાં રહેલો દેવ અંજાઈ ગયો, તે ત્યાંથી ભાગી જ ગયો ! ને અર્જુનમાળી ઊંચેથી નીચે જમીન પર પડ્યો. ઊઠીને સુદર્શન પાસે આવ્યો. મહાન શ્રાવક સુદર્શન એને સમજાવીને મહાવીર

પરમાત્મા પાસે લઈ ગયો; ત્યાં અર્જુનમાળીએ પ્રભુ પાસે શરણું માગ્યું, ચારિત્ર માગ્યું ને પ્રભુએ એને ચારિત્ર-દીક્ષા આપી.

સુદર્શનની પ્રભુદર્શનાર્થે આ ઝંખના હતી કે આવા ઘોર હત્યારા અર્જુનમાળીથી પોતાની હત્યા થવાનો ભય ભલે હોય, પણ પ્રભુ પધાર્યા છે તો પહેલું કામ પ્રભુનાં દર્શન કરવાનું તે કરવાનું. **સુદર્શનની જેમ આપણને કોઈ આફત ન દેખાતી હોય છતાં પહેલું કામ પ્રભુદર્શનનું એમ હૈયામાં નિર્ધાર ખરો ?**

**શય્યંભવને પ્રભુદર્શન :**

શય્યંભવ બ્રાહ્મણ યજ્ઞના સ્તંભ નીચેથી નીકળેલ ભગવાનની પ્રતિમાનું દર્શન કરતાં સ્તબ્ધ થઈ ગયા ! મનને થયું કે, 'અહો વીતરાગ ભગવાનની આ શાંત પ્રશાન્ત મુદ્રા ! આમના પ્રભાવે યજ્ઞ સમારંભની ચારે કોર કીર્તિ ફેલાયેલ ! તો આ પ્રભુનાં સ્વરૂપને જાણવું જ જોઈએ.' **આપણે હજારો પ્રભુદર્શન કર્યા, કયે દિવસે "આ પ્રભુનું સ્વરૂપ ગુરુ પાસેથી મારે જાણવું જ જોઈએ' એવું થયેલું ?"**

વાત આ છે કે દર્શન હોંશથી અને ભયને બાજુએ રાખી પ્રભુમાં એકમેક-તન્મયતા ઊભી કરીને કરવા જોઈએ. એનાં સુખદ ફળનું પૂછવું જ શું ? તે તે દૃષ્ટાન્તોમાં આપણને ફળ જાણવા મળે છે. દા.ત., શય્યંભવને તરત જ ચારિત્ર મળ્યું અને આઠેક વરસમાં ચૌદ પૂર્વધર યુગપ્રધાન બની ગયા !

## ૩. ચિલાતીપુત્રનો પૂર્વભવ

**ચિલાતીપુત્ર**નું નામ સાંભળ્યું છે. ચારણમુનિના મુખેથી **'ઉવસમ, વિવેગ, સંવર'** એટલું જ માત્ર જિનવચન મળતાં એનું જબરદસ્ત ઉત્થાન થયું. મનને થશે કે

પ્ર.- એટલા એક જ નાનકડા વચનથી શી રીતે એમ બન્યું ?

ઉ.- એની પાછળ પૂર્વ જીવનની જિનવચનની ભરપૂર સાધના હતી. સાધનાની સાથે થોડી વિરાધના થયેલ, તેથી અહીં દાસીના પુત્ર તરીકે જન્મી પછી લૂંટારો થાય છે; પરંતુ સાધના એવી જબરી હતી કે એનો સંસ્કાર વારસો એને અહીં અંતે ક્ષણવારમાં જબરદસ્ત સાધક બનાવી દે છે ! મૂળ એ પુરોહિત બ્રાહ્મણ પાક્કો વેદશાસ્ત્રી; તે જૈન સાધુને ય બકાવે ! એમાં એને સાધુ માથાના મળી ગયા, રાજસભામાં વાદ નક્કી થયો અને શરત એ કે જે હારે તે જીતનારના મતમાં આવી જાય.



**પુરોહિતના જૈનધર્મ વિરુદ્ધ પ્રશ્ન :**

બસ, પછી વાદ શરૂ થતાં એણે વિધાન કર્યું કે જૈન સાધુ

(૧) સ્નાન કરતાં નથી માટે અપવિત્ર છે.

(૨) વેદને માનતા નથી માટે નાસ્તિક છે.

(૩) મહા ઉપકારક સૂર્યની પૂજા નથી કરતા માટે કૃતઘ્ન છે.

(૪) જગતકર્તા ઈશ્વરને નથી માનતા તેથી તત્ત્વના અજાણ છે.

પુરોહિત સમજે છે કે, 'આમાં હવે જૈનાચાર્ય શો બચાવ કરી શકવાના હતા ?' એટલે જાણે વિજેતાની અદાથી છાતી માથું ઊંચું રાખીને બેઠો છે, પરંતુ એને બિચારાને જૈનાચાર્ય અને સર્વજ્ઞકથિત જૈન ધર્મની તાકાતની ક્યાં ખબર છે ? શેરને માથે સવાશેર હોય એ મદોન્મત એના મગજમાં શાનું યાદ આવે ? હશે પણ મામાનું ઘર કેટલે ?

**જડબાતોડ જવાબ :**

જૈનાચાર્ય હવે એનો જવાબ કરે છે. વાદમાં મધ્યસ્થ સ્થાને રાજા છે. એમને ઉદ્દેશીને કહે છે, -

(૧) જુઓ રાજન ! આ ભાઈ જૈનમુનિઓ સ્નાન નથી કરતા માટે એમને અપવિત્ર કહે છે, પરંતુ એમને જ કહો કે તમારા જ **મહાભારત**માં સ્નાન કેવાં કહ્યાં છે ! એમાં કહ્યું છે કે, -

**અહિંસા સત્યમસ્તેયં, બ્રહ્મચર્યં ચતુર્થકમ્ ।**
**પંચમં તુ જલસ્નાનં સ્નાનાન્યેતાનિ પંચધા ॥**

અર્થાત્ સ્નાન પાંચ પ્રકારે છે : (૧-૪) અહિંસા એ જ સ્નાન, સત્ય એ જ સ્નાન, ચોરી-ત્યાગ એ જ સ્નાન અને બ્રહ્મચર્ય એ જ સ્નાન (૫) પાંચમું છે જલસ્નાન. એમ સ્નાન પાંચ પ્રકારે છે. સ્નાન શેને કહે છે ? પવિત્ર કરે તેને ને ? કોને પવિત્ર કરે ? ખોખાને કે આત્માને ? ખોખું ઉજળું થયું પણ આત્મા મેલોદાટ છે, બીજી બાજુ ખોખું મેલું છે; પરંતુ આત્મા ઉજ્જવળ થયો તો બેમાંથી શું વધુ સારું ? આત્મા પવિત્ર બને એ જ ને ? બહારના સ્નાનથી જીવોની હિંસા થાય છે અને એ આત્માને કર્મથી મેલો કરી દે છે; જ્યારે અહિંસા આત્માને પવિત્ર કરનારી છે. શરીરની શુદ્ધિ કરનારો તો આત્મા જ છે, પરંતુ ખુદ પોતે અશુદ્ધ બનીને જડ કલેવરને ઉજળું કરવામાં કોઈ બુદ્ધિમત્તા નથી. માટે કહ્યું કે પહેલું સ્નાન શ્રેષ્ઠ સ્નાન અહિંસા છે. એવું બીજું સત્ય સ્નાન, ત્રીજું અ-ચૌર્ય સ્નાન, ચોથું

બ્રહ્મચર્ય સ્નાન એ પછી છેલ્લું જળ સ્નાન. મહાભારતના આ કથનથી જૈન મુનિઓ તો શ્રેષ્ઠ સ્નાનવાળા કહેવાય, મહાપવિત્ર ગણાય.

જૈનાચાર્યના આ કથન પર રાજા અને સભાને એ વાત હૈયે બરાબર બેસી ગઈ. પુરોહિત પણ જુએ છે, હવે એ શું બોલી શકે ?

**વેદને જૈનો જ માને છે :**

પછી આચાર્ય મહારાજે એના બીજા પ્રશ્નનો નિકાલ કરતાં કહ્યું કે વેદને ખરેખર માનનારા તો જૈન જ છે, કેમકે વેદનું મુખ્ય સૂત્ર છે **'મા હિંસ્યાત્ સર્વભૂતાનિ.'** કોઈપણ સ્થૂલ કે સૂક્ષ્મ જીવની હિંસા નહિ કરવી. હવે વૈદિક ધર્મે ભલે પૃથ્વીકાય, અપ્કાય જીવ ન માન્યા, પરંતુ વનસ્પતિ જીવ તો માને જ છે. તો એની પણ અહિંસા વેદાનુયાયી ક્યાં પાળે છે ? વનસ્પતિની હિંસા તો કરે જ છે. ત્યારે જૈન મુનિઓ તો એને અડતા પણ નથી, અડવામાંય અંશે હિંસા સમજે છે તો વેદના આદેશનું પાલન કરનારો એ વેદને માનનારો ગણાય ? કે આદેશનું પાલન નહિ કરનારો એ વેદને માનનારો ગણાય ?

હવે અહીં પેલો વૈદિક પુરોહિત શું બોલી શકે ? પહેલી સ્નાનની બાબતમાં પાછો પડ્યો; આ બીજા વેદ માનવાની બાબતમાં ય પાછો પડ્યો.

(૩) **ત્રીજી સૂર્ય પૂજાની બાબત** અંગે પણ જૈનાચાર્યે કહ્યું કે, જૈનો જ સૂર્યના સાચા પૂજારી છે. કારણ કે સૂર્ય જ્યાં અસ્ત પામવાની આફતમાં આવે છે ત્યાં એ ભોજન-પાણી છોડી દે છે તે બીજે દિવસે સૂર્ય પાછો ઉદય સંપત્તિ ન પામે ત્યાં સુધી. સાધુ પુરોહિતને કહે છે, 'તમે શું કરો છો ? એક બાજુ તો મીઠા મીઠા શબ્દોથી સૂર્યની સ્તુતિ કરો છો અને બીજી બાજુ રાત્રિ ભોજન એટલે આવો ઉપકારી મહાઉપકારી તરીકે માનેલો અને સ્તુતિ કરાયેલ સૂર્ય અસ્ત પામવાની મહા આફતમાં મૂકાઈ ગયા પછી ઘીકેળાં ઉડાવો છો ! ક્યાં રહ્યો એનો શોક, અફસોસી ? હૃદય કેટલું ધિટ્ઠું હોય ત્યારે ઉપકારીના આપત્કાળમાં ભોજનપાણીની મોજ ઉડાવાય ? અને વેદે ફરમાવેલ સર્વ જીવોની અહિંસાને અવગણી જ્યાં રાત્રિના કાળે રાત્રિંચર જીવાતની ભારોભાર હિંસા થવાનો સંભવ છે એવા રાત્રિભોજનને રોજ ને રોજ સેવાય ? આમાં સૂર્યની પૂજા ય ક્યાં રહી ? ને વેદની માન્યતા ય શી ધરી ?'

અહીં પણ બિચારો પુરોહિત શું બોલી શકે ? સૂર્ય સ્તુતિ નહિ કરતા જૈનોને કૃતજ્ઞતા વિનાના ઠરાવવા નીકળ્યો હતો, પણ પોતે જ સૂર્ય પશ્ચિમ સાગરમાં ડૂબી ગયાના કાળે ભોજન-પાણીની મોજ કરતાં ઉપકારીની આફત સામે ધિટ્ઠાઈ કરનારો ઠર્યો !



(૪) ચોથી બાબત **જગત્કર્તા ઈશ્વરને** માનવામાં પંડિતાઈ અને ન માનવામાં અજ્ઞાનતા અંગે મુનિએ કહ્યું કે પરમેશ્વરને જગતના સર્જનારા માનવામાં જ મહા અજ્ઞાનદશા છે.

કેમકે એમાં તો પરમેશ્વર જીવોના હિંસક શસ્ત્રો-સાધનો સર્જવામાં નિર્દય ઠરે છે ! વળી જીવોને ગુના કરતા જ ન અટકાવવામાં અસમર્થ ઠરે છે ! પાછળથી જીવોને ક્રૂર રીતે પીડવામાં કઠોર દિલનો ઠરે છે ! પરમેશ્વર જેવી વ્યક્તિમાં આવી વિકૃતતા માનવી એમાં પંડિતાઈ ક્યાં આવી ? ઈશ્વર બધુ સર્જનાર એટલે ધરતીકંપ, હેલી, દુકાળ, વિજળીપાત, આગ-દાવાનળ, સમુદ્ર તોફાન, હિમ વગેરે અનેક આફતો સર્જનાર પણ માનશો. આમાં ખરૂં કારણ તો જીવોનાં કર્મ છે. સર્જનહાર કર્મ છે, એના બદલે ઈશ્વરને માથે આ ક્રૂર ઘાતકી સર્જનનો આરોપ મૂકવામાં કઈ વિદ્વત્તા કે બુદ્ધિમતા રહી ? પાછો વળી એ ભક્તને ન્યાલ કરી દેનારો અને વિરોધીને દંડી નાખનારો માનવામાં એને રાગ-દ્વેષથી ભર્યોભર્યો માનવો પડે ! એવું માનવું એ બુદ્ધિમતા છે કે મૂર્ખતા ? ઈશ્વર તો આદર્શ છે, એ જેવા સ્વરૂપનો નજર સામે રહેશે અને સ્તવાશે, એવા સ્વરૂપના જ કર્તવ્ય મન પર જામવાના ને ? આમાં રાગ, દ્વેષ, ભૌતિક ગડમથલ વગેરેના આદર્શ કલ્પવા જતાં બુદ્ધિમત્તા રહી કે ગમારતા ? પાછું જગત્કર્તા માનવા જતાં એ ન જોયું કે પહેલાં તો એનું શરીર જ કોણ બનાવશે ? કઈ સામગ્રીથી બનાવશે ? અને જો પોતાને શરીર જ નહિ, હાથ નહિ, પગ નહિ, મોં નહિ, તો બીજું સર્જન કેવી રીતે કરી શકે ? ઉપદેશ કેવી રીતે આપી શકે ? વળી જો એ સર્જન (૧) ક્રીડા-લીલા તરીકે કરે તો બાળક જેવો બન્યો ! (૨) કૃપાથી કરે તો બધાને સુખી અને સુખનાં જ સાધન સર્જવા જોઈએ ! (૩) જીવોના કર્મ પ્રમાણે સર્જન કરે તો જીવોને સુખ-દુઃખ આપવામાં પોતાની સ્વતંત્રતા ન રહી, કર્મની પરાધીનતા રહી ! આવી બધી આપત્તિવાળી જગત્કર્તૃત્વની કલ્પના કરવામાં શું વિદ્વત્તા ? કે અજ્ઞાનદશા ? પંડિતાઈ તો જૈનોની છે કે જે પરમેશ્વરને આવી વિટંબણામાં ન જોડતાં એવો વિકૃત ન કલ્પતાં, અનંતગુણ સંપન્ન અને યથાર્થ મોક્ષમાર્ગોપદેશક માને છે.

અહીં પણ પુરોહિત હવે શું બોલી શકે ? જૈનોને અપવિત્ર, નાસ્તિક, કૃતજ્ઞતાહીન અને અજ્ઞાન કહેવા જતાં પોતે જ એવો ઠર્યો ! ઊલટું જૈનો તો અહિંસાદિ સાચાં સ્નાન કરવાથી પવિત્ર, વેદોક્ત 'મા હિંસ્યાત્'નું પાલન કરવાથી સાચા આસ્તિક, સૂર્યાસ્તકાળે ભોજન ત્યાગવાળા હોઈ સાચા સૂર્યપૂજક અને સાચા આદર્શભૂત ઈશ્વરને માનવાથી બુદ્ધિમાન સાબિત થયા.

બસ, રાજા અને સભા બધા જ મુનિના પ્રતિપાદનથી પ્રભાવિત થઈ ગયા અને પુરોહિત ભોંઠો પડી ગયો. એની હાર જાહેર થઈ ગઈ, હવે કેમ ? તો કે શરત મુજબ સાધુદીક્ષા લઈ મુનિના શિષ્ય બનવું પડ્યું. પણ પછી તો ચારિત્ર અને જૈન આગમ શાસ્ત્રના પરિચય વધતો ચાલ્યો. એમાં વિશેષ વિશેષ પ્રકાશ થતો ગયો. ત્યાગ અને તપ, અહિંસા અને સત્ય વગેરેની આરાધના વધતી ચાલી. એમાં એવું એક સામર્થ્ય ઊભું થઈ ગયું કે જે ભવાંતરે પાછું પ્રગટ થઈ જતાં ઘોર ઉપસર્ગ-પરીસહ ભારે સમતાથી સહી લેવાનું સુલભ બની ગયું. પૂર્વ જીવનમાં જો એવું સામર્થ્ય ઊભું ન કર્યું હોત તો અહીં ચિલાતીપુત્રના ભવમાં એકાએક એ ક્યાંથી આવત ? એમ જિનાગમની પૂર્વે એટલી રટણા ન હોત તો અહીં 'ઉપશમ, વિવેક, સંવર' એટલા ત્રણ જ શબ્દના જિનવચન પર તન્મય અને એને અમલી કરનારા શે બનત ?

આ ખૂબ ધ્યાનમાં લેવા જેવું છે. આ જીવનમાં (૧) અવસરે અવસરે કષ્ટ-આપત્તિ-પ્રતિકૂળતામાં સમતા-શાંતિ જાળવવાનું સત્ત્વ સામર્થ્ય કેળવ્યે જઈએ તો એ સત્ત્વ-સામર્થ્યના સુસંસ્કાર ભવાંતરે અતિશય ઉપયોગી થાય અને (૨) જિનાગમનો ખૂબ ખૂબ પરિચય-પરિશીલન રાખ્યા હોય તો ભવાંતરે એ થોડુંય મળે તો પણ એના પર તન્મય થઈ એને અમલમાં ઉતારવાનું બની આવે. એથી ઊલટું અસંયમ અને શાસ્ત્રજ્ઞાનની બેપરવાઈ તો માનવભવની ઉત્તમતાને કચરી નાખનારી બને !

પુરોહિત સાધુ થઈને જિનવચનનો પરિચય સારી રીતે સાધવા માંડ્યો, તત્ત્વજ્ઞાન નવું નવું મેળવવું, જૂનું મેળવેલું રટ્યા કરવું, એનું પુનરાવર્તન ચિંતન મનન ચલાવ્યા કરવું, એમાં સારી રીતે પુરુષાર્થ કર્યે રાખ્યો. એનું એ પરિણામ કે ભવાંતરે ચિલાતીપુત્રના અવતારે માત્ર એક **'ઉપશમ, વિવેક અને સંવર'** એટલા જિનવચન ઉપર વિસ્તૃત વિચારણા કરી શક્યા. વિચારણા પણ એવી કે જે કડક અમલમાં ઉતરી ! પ્રશ્ન એટલો થાય -

પ્ર.- ચારિત્ર લઈ જિનવચનની આવી સુંદર આરાધના જો હતી તો પછી એક દાસીના પુત્ર તરીકે કેમ જન્મ્યો ? અને તે પછી પણ લૂંટારો કેમ બન્યો ?

ઉ.- આનું કારણ એ બન્યું કે એમને સાધુ જીવનમાં પોતાની સંસારી પત્ની પર મોહ ઊભરાઈ આવ્યો, એથી સંયમની વિરાધનામાં પડ્યા. આર્દ્રકુમારને શું થયું હતું ? પૂર્વભવે એને પણ એવો પત્નીમોહ થઈ આવેલો. તેથી જ એ અનાર્ય દેશમાં જન્મી પડ્યા ! પછી જાતિસ્મરણે પાછા ચારિત્રમાર્ગમાં આવ્યા તો પણ પૂર્વની પત્ની અહીં શ્રેષ્ઠિકન્યા થયેલી પાછી મળી તો ચારિત્રથી ચુકાવે એવો મોહ



જાગી ગયો ! ત્યારે ચિલાતીપુત્રને પણ પૂર્વ જન્મની પત્ની અહીં પોતાના શેઠની કન્યા તરીકે મળી, તો એના મોહમાં તણાયા.

**વિરાધનાની શિરજોરી :**

સંયમ જીવનની વિરાધના કેટલી બધી ખતરનાક છે ! મોહને કેવો સીલપેક કરી આપે છે ! સાથે જન્મ પણ કેવી હલકી જગાએ અને જૈન ધર્મથી કેવો વંચિત સ્થિતિમાં ! બીજી રીતે તો સાધનાબળ એવું ઊભું કર્યું છે કે જે ભવાંતરે સારા ઊંચા લઈ આવશે, છતાં તે પહેલાં આ વિરાધના એમને કેવી કફોડી હાલતમાં મૂકે છે !

**મેતારજ** જેવા ચરમ શરીરીને પણ એવું જ બન્યું ને ? અવતાર ભંગણીના પેટે ! પછી જનમતાં જ પરાવર્તન સારા વણિકના ઘરે થવા છતાં અને દેવ પ્રતિબોધ કરવા આવવા તથા પૂર્વ જન્મનો ખ્યાલ આવવા છતાં વિષયભોગની કારમી લંપટતા ! શાથી એમ ? કહો વિરાધનાની શિરજોરીના લીધે.

ચિલાતીપુત્રને પણ આવું બને છે. વિરાધનાને લીધે શેઠની નોકરડીના પેટે જન્મી મોટો થતાં શેઠની છોકરીને રમાડવાનું કરે છે. એ છોકરી પોતાની પૂર્વની પત્નીનો જ જીવ છે. એ રડતાં બીજી રીતે છાની ન રહેતાં આ ચિલાતીપુત્ર એના અવાચ્ય ભાગને અડતાં શાન્ત થઈ જાય છે. બસ પછી તો ચાલ્યો એ ધંધો. બંનેના કેવા મોહનો ઉદય ? પૂર્વ વિરાધનાના આ પ્રત્યાઘાત છે.

આપણે આપણા વર્તમાન જીવનની અનિચ્છનીય બાબત અંગે પણ આ કલ્પી શકીએ કે પૂર્વ જન્મની વિરાધનાના આ પ્રત્યાઘાત છે. માટે સમજી લેવાનું કે હવે અહીં દાન-શીલ-તપ વગેરે કોઈપણ આરાધનામાં વિરાધનાથી બચવાનું. આરાધના ઓછી થાય એનો ખેદ રાખવાનો, કમભાગ્ય સમજવાનું પણ વિરાધના નહિ થવા દેવાની. આ જો ઝંખના નહિ રખાય તો વિરાધના તૈયાર જ છે કૂદી પડવા !

**વિરાધનાનો પ્રસંગ :**

બહુ ખબરદાર બનવાની જરૂર છે. નહિતર જ્યાં આરાધના નહિ કરવી હોય ત્યાં વિરાધના ત્રાટકી પડે એવું કેટલીક વાર બની આવે છે. દા.ત. એમ સમજો ને કે કોઈ ગામડાવાળા ધર્મખાતાની ટીપ લઈને આવ્યા. હવે સામાને પૈસા દેવાના નથી, આમાં દાનની આરાધના નથી કરવી. એટલે કહેશે, 'ના, બને એવું નથી.' ત્યાં પેલા કરગરશે, જરા દાબીને ય કહેશે. ત્યાં પેલો ઉકળી ઊઠે છે, બોલે છે 'શું બધાએ મને એકલાને જ ભાળ્યો છે. તે બધા અહીં જ તૂટી પડો છો ?'

ટીપવાળા કહે છે, 'શેઠ ! આ તો પુણ્યે તમને દીધું છે એટલે કોઈ આશા કરીને આવે.'

આ કહે છે, 'એટલે ધાડ મારે ઘેર જ ?'

'અરે શેઠજી ! આ કોઈ લૂંટારાની ધાડ નથી. કાંઈ અમારા ઘર માટે નથી જોઈતું. આ તો ધર્મખાતાનું કામ છે.

ત્યાં પેલો તાડૂકે છે. 'બેસો બેસો, મોટા ઉપદેશ આપવા નીકળી પડ્યા તે ? અમારું ઘર-કુટુંબ વેચી આવો અને તમારું તરભાણું ભરો !'

બસ, આ શું ચાલ્યું ? ધર્મખાતાની માગણીને લૂંટારાની ધાડ સમજે છે ! કોઈ ગોરનું તરભાણું માને છે ! અને હજી પણ વાત આગળ વધતાં કદાચ ધર્મખાતા વિરુદ્ધ, ધર્મખાતાનું કામ કરવા નીકળેલાની વિરુદ્ધ, યાવત્ ધર્મની વિરુદ્ધ પણ કાંઈનું કાંઈ બોલી નાખશે ! કદાચ કહેશે, 'ક્યાં ભોગ લાગ્યા તે એક બે ટીપમાં આપ્યું ?... જુઓ મોટા દાનના ધતીંગ કાઢી બેઠા છે !...'

આ બધું શું છે ? આરાધના નથી કરવી ને વિરાધનામાં ચડી જાય છે ! ધર્મ, ધર્મક્ષેત્રે એનું સેવાભાવે કામ કરનાર ધર્મસેવકો, સંઘ વગેરેની વિરુદ્ધ બોલવું, મનમાં લાવવું, એ વિરાધના નથી તો બીજું શું છે ? ડહાપણ હોય તો શક્તિ અનુસાર દઈ દે અને ન દઈ શકતો હોય તો કહે, 'ભાગ્યશાળી ! કામ તો ઉત્તમ છે. પણ હવે મારું મન વધતું નથી એટલી પુણ્યની ખામી છે. જે કાંઈ મારાથી પૂર્વે થયું છે એની અનુમોદના રહેવા દો.' પણ આવું કાંઈ નથી સૂઝતું પણ અભિમાનના એલફેલ બોલ આવડે છે ! આરાધના નથી ત્યાં વિરાધનાના સોદા કરે છે !

આવું બીજે પણ બની આવે છે. મંદિરમાં દર્શને ગયો, પૂજા કરવા ગયો, ઉપાશ્રયે ગયો અને ત્યાં ઝઘડી પડતાં પછી ગમે તેમ બોલે છે ! કદાચ કોઈ સાધુ ભૂલા પડી જઈ કહે છે, 'લો લો આ નિયમ કરી લો.' ત્યાં ઉકળી જઈ કાંઈનું કાંઈ બોલી નાખે છે ! ઘરવાળા કહે છે, 'આજે ચૌદશ છે, તો કાંઈ એકાસણા જેવું તો કરો.' ત્યાં ગુસ્સે થઈ તપની વિરુદ્ધે ય બોલી નાખશે, 'જોયા જોયા તમારા એકાસણા !' ધર્મ બધો એમાં જ આવી ગયો ? બીજી વાતનું ઠેકાણું નથી ને લાંઘણ કરી એટલે ધર્મ ?... છે બોલવાનું ભાન ? કોઈ વિવેક ? કોઈ પરલોક ચિંતા ? ના, મદમાં ભરાયો ઘોર વિરાધનામાં પડતાં કોઈ આંચકો નથી. એ જોવાની પરવા નથી કે 'આ જાણી જોઈને કરેલી વિરાધનાનો કદાચ જીવનમાં ક્યારેય પસ્તાવો નહિ થાય, ગુરુ આગળ આલોચના કરી પ્રાયશ્ચિત્ત લેવાનું નહિ થાય અને એનાં બંધાયેલા કૂડા પાપકર્મ ભવાંતરે ધર્મહીન અને પાપિષ્ઠ બનાવશે ! અહીં પાપવિચારો,



પાપશબ્દો, પાપી દેખાવ વગેરે સૂઝે છે એ વળી પૂર્વ જીવનની વિરાધનાનું ફળ છે, એમ આગળના ભવે પણ આથી વધુ પાપિષ્ઠતા લાવશે.'

આ બહુ સમજી રાખવા જેવું છે કે ઉકળાટ આવેશમાં વિરાધનાનું બોલી વિચારી નાખેલું અને એમાં પછી સામા ચૂપ થઈ ચાલી ગયા એના પર સંતોષ વાળેલો, એનો પસ્તાવો થતો નથી; કેટલુંય તો એવું ભૂલાઈ જાય છે એટલે પછી ગુરુ આગળ આલોચના પ્રાયશ્ચિત્ત કરી એ પાપથી પાછા વળવાનું થતું નથી. એ પાપનાં શલ્ય આત્મામાં જડબેસલાક ચોંટી જાય છે અને ભવોના ભવો સુધી પાપાસક્ત બનાવે છે !

**લક્ષ્મણા, રુકમી, જમાલી, મરીચિ** વગેરેનું શું થયું ? આવું જ વિરાધના કરી અને પછી એનું પ્રાયશ્ચિત્ત પ્રતિક્રમણ થયું નહિ; એથી જન્મોના જન્મો પાપાચરણ લલાટે લખાઈ ગયા !

**આર્દ્રકુમાર મેતારજ, ચિલાતીપુત્ર** વગેરેને વળી મૃદુ રૂપમાં વિરાધના થઈ હશે, તે પછીના એક જ ભવમાં પાપ નડ્યું. પણ નડ્યું કેવું ?

**આર્દ્રકુમાર**ને અનાર્ય દેશમાં જન્મ ! જાતિ સ્મરણ જ્ઞાનથી વળી ચારિત્ર પામ્યો, તો પણ પૂર્વ ભવે સંયમ જીવનમાં સ્નેહ કરેલ પત્નીનો જીવ અહીં પાછી કન્યા તરીકે મળી આવતાં ચારિત્રમાંથી પતન ! પૂર્વ જન્મનું સ્મરણ છતાં ચારિત્રમાંથી પડવાનું ! તેમ સ્વેચ્છાએ લીધેલા ચારિત્રમાંથી ? હા.

**વિરાધના કરી અને એની પાછળ આલોચના પ્રાયશ્ચિત્ત નહિ એટલે એના ભવાંતરે પ્રત્યાઘાત જાણકારીને ય દબાવી દઈ પાપમાં પાડે.**

માત્ર વિરાધના કાંઈક મૃદુ દિલની હશે, તે અહીં અશુભોદય ભોગવ્યા પછી એનો અંત આવ્યો ને આગળ પર પાછા ચડી ગયા માર્ગે; બાકી કઠોર દિલની વિરાધના તો ભવોના ભવો પાપમાં જ રુલતા રાખે.

**મેતારજ**ને ચરમ શરીરી તદ્ભવ મુક્તિગામી છતાં અને પોતે જ દેવલોકમાં સંકેત કર્યા મુજબ દેવતાએ આવી પ્રતિબોધ કરવા છતાં, જાલિમ વિષયલંપટતા નડી, વર્ષોના વર્ષો ધર્મ ન સૂઝ્યો ! માત્ર 'ચારિત્ર તો ઉત્તમ, પણ આમ પરાણે ન અપાય.' એવી વિરાધના કાંઈક મૃદુ રૂપની હશે તે એનો અહીં અશુભોદય ભોગવી અંત આવ્યો. પૂર્વની ચારિત્ર-આરાધના પાછી તાજી થઈ આવી, ઘોર તપ-સંયમ-સમતામાં ચડી ગયા અને મરણાંત ઉપસર્ગસહી કેવળજ્ઞાન પામી મોક્ષે સિધાવી ગયા. પણ જો પૂર્વભવે કઠોર વિરાધનામાં ચડ્યા હોત, 'ગુરુએ આમ પરાણે ચારિત્ર ન અપાય. ગુરુ છે જ એવા. બસ લો જાણે પઠાણગીરી ! આમને

આમ જ લોકો પર ધોકો ચલાવે છે ! એમને કોઈ માથાનો મળતો નથી, નહિતર ખબર પાડી દે, લો મોટા ધર્મની પ્રભાવના કરવા નીકળી પડ્યા છે ! આમ ધોકામાં ધર્મ ?...' આવા કોઈક આવેશ ઉકળાટ કર્યા હોત તો પછી એક ભવે એમાં દારુણ વિપાકથી ન પતે, એ તો ભવોના ભવો સુધી ખબર લઈ નાખે.

પ્ર.- તો મરીચિને શી એવી કઠોરતા આવી, તે ભવોના ભવો નડી ?

ઉ.- **મરીચિએ સમ્યગ્દર્શનની વિરાધના કરી,** મિથ્યાધર્મ પર સત્યધર્મની બરાબરીનો સિક્કો લગાવ્યો. આજે અજ્ઞાન માણસો કહે છે ને કે, 'બધા ધર્મ સરખા !' એમ મરિચિએ કંઈક ને દલીલપૂર્વક સમજાવેલું કે, 'ભાઈ ! ધર્મ જોઈતો હોય તો મારી પાસે નથી, ધર્મ તો ઋષભદેવ ભગવાન અને એમના ત્યાગી મુનિઓ પાસે છે; માટે ત્યાં જાઓ હું તો પતિત છું, ચારિત્ર ભ્રષ્ટ છું.' આ સમજુતીના હિસાબે પોતાના દિલમાં શુદ્ધ ધર્મ કેટલો યુક્તિસિદ્ધ ઠસ્યો હશે ! એ હવે શિષ્ય કરવાના લોભમાં એ પણ ધર્મ હોવાનું કહે, ત્યારે વિચારો કે હૈયું કેટલું કઠોર બનાવ્યું હશે ? એવા કઠોર ધિટ્ઠા દિલની સમકિત-વિરાધના અને પછી ક્યારે ય એનો પશ્ચાત્તાપ-આલોચના-પ્રાયશ્ચિત્ત નહિ, એ કેમ ભવોના ભવો ખબર ન લઈ નાખે ? દિલની કઠોરતાનું માપ, વિરાધનાની ઉગ્રતાનું માપ, માત્ર ધમધમવા ઉપર નથી મપાતું; પણ સંયોગ, પરિસ્થિતિ, ધિટ્ઠાઈ, દિલની ગાંઠ, ચિત્ત પરિણામની ચિકણાશ વગેરે વગેરે ઉપર આધાર રાખે છે. એ હોય તો એક ભવે એની શિક્ષા અને પાપાચરણથી ન પતે; એ તો જન્મોજન્મ પાપિષ્ઠ બનાવ્યે રાખે.

**મૃદુ પર વિરાધના કેવી નડે છે :**

**ચિલાતીપુત્ર**ને પૂર્વભવે ચારિત્રમાં પત્નીના સ્નેહથી વિરાધના થઈ, પણ એવી ચીકણી નહિ હોય તે અહીં ચિલાતીપુત્રના એક જ ભવે નડી; પણ એવી નડી કે દાસીના પેટે અવતાર ! આવેશમાં લૂંટારાગીરીનો ધંધો અને એજ શેઠની છોકરી ઉઠાવી ભાગતાં, શેઠ અને એના છોકરા પૂંઠે પડ્યા જોઈ એમની મમત મૂકાવવા છોકરીનું ગળું કાપી નાખવા સુધી પહોંચી ગયો ! નરકમાં સિધાવવાનો જ ધંધો ને ?

**જિનાગમની આરાધનાનો પ્રભાવ :**

છતાં જુઓ, પૂર્વ જીવનમાં જિનાગમની આરાધના કરી હતી તે કેવી આડે આવીને ઊભી રહી ! કેવો એણે એને એક અધમ દુરાત્માપણામાંથી ઊંચકી ઉત્તમ મહાત્માગીરીમાં ચડાવ્યો ! ચિલાતીપુત્ર જંગલમાં હવે એક હાથમાં લોહી-નીગળતું છોકરીનું ડોકું અને બીજા હાથમાં તલવાર લઈ દોડી રહ્યો છે; વચમાં ચારણમુનિ અર્થાત્ ગગનગામી લબ્ધિવાળા વિદ્યાધર સાધુ મહાત્મા મળ્યા એમને 'શું કહેવા



માગો છો ?' એમ ગુસ્સામાં તડકાવે છે, ત્યારે મુનિ કહે છે, 'ઉપશમ, વિવેક, સંવર' કહીને તરત આકાશમાં ઊડી જાય છે.

ચિલાતીપુત્ર આ જોઈ ચોંકી ઉઠે છે ! મુનિએ કહેલા ત્રણ પદ પર ચિંતનમાં ચડી જાય છે. સંભવતઃ ત્યાં એને પૂર્વ જન્મનું સ્મરણ થઈ આવે છે. એ વિચારે છે કે -

"અહો ! આ મહાત્માએ શું કહ્યું ? **'ઉવસમ,** ઉપશમ; શાનો ઉકળાટમાં ઉકળી રહ્યો છે ?' શાંત થા. ખરેખર ! આ તલવારના જોર પર હું ક્રોધમાં ધમધમી રહ્યો છું, ઉકળતો છું, ત્યાં સુધી બીજાને દબડાવું ખરો કે 'શું કહેવા માંગો છો ? પરંતુ ખરેખર હું પોતે જ સ્વસ્થ નથી, જાતે જ ઉકળાટમાં સીધું વિચારી શકતો નથી, પછી બીજાની હાજરી લેવાની શી લાયકાત ? સાચું લાઈનસરનું વિચારવું-કરવું હોય તો પહેલાં જાતે જ કષાયના ઉકળાટ વોસિરાવવા જોઈએ, કષાયમુક્ત થઈ શાંત પ્રશાંત ઉપશાંત થઈ જવું જોઈએ, બિલકુલ સ્વસ્થ સમભાવમાં આવી જવાય પછી જ યોગ્ય સીધી લાઈનની વિચારણા આવી શકે ને એ આવ્યા પછી જ ખરાં જીવનકર્તવ્ય સૂઝે."

બસ, એટલું વિચારતાં જ ચિલાતીપુત્ર તલવાર ફેંકી દઈ શાંત-સ્વસ્થ બન્યો. ત્યારે વિચારો કે એવા દેવી-દેવતા જે શસ્ત્ર હાથમાં રાખી બેઠા છે, એ શાંત-સ્વસ્થ ક્યાંથી હોય ? અજ્ઞાન લોક એને ઇષ્ટ દેવ માને છે ! એવા આદર્શમાંથી એ શું મેળવે ? સમતા ઉપશમ ? કે વિરોધી પર ધમધમાટ ? ચિલાતીપુત્ર તલવાર ફેંકી દઈ ઉપશાંત-સ્વસ્થ બની આગળ વિચારે છે -

"અહો ! મુનિએ શું કહ્યું ? **'વિવેગ',** વિવેક કર. તારી કઈ ચીજ અને પારકી કઈ એનો વિભાગ સમજ. આ છોકરીને શાની તારી માની હજી એનું ડોકું હાથમાં ઝાલી રહ્યો છે ? તારી હોય તો ધડ કપાઈ શાનું જાત ? તારી હોત તો મરી કેમ જાત ? મુનિએ ખરું કહ્યું, આ મારી ચીજ નથી. મારાં તો દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, જે કબ્જે કર્યા, પ્રગટ કર્યા પછી મારી સાથે જ રહે. મારી તો આ ચીજ, કે જે મને ભય મુક્ત કરે, દુઃખ મુક્ત કરે. તારે પણ કદી મારે નહિ. બાકી તો જગતની ચીજો ન મારી, ન સાથે જ રહેનારી, ન નિર્ભય રાખે, ન દુઃખમુક્ત કરે. તો પછી આ ડોકાનું ય મારે શું કામ છે ?"

બસ, એટલું વિચારી ડોકું ફગાવી દીધું અને સ્નેહ-કામવાસનાથી મુક્ત બન્યો. ત્યારે એ પણ જોવા જેવું છે કે જે દેવ સ્ત્રીને સાથે રાખી બેઠા છે, એ સ્નેહમુક્ત, કામમુક્ત શી રીતે ? અને એવા દેવ ભક્તને આદર્શ કેવો પૂરો પાડે ?

દેવ વીતરાગ હોય તો એમને શસ્ત્ર શા ? સ્ત્રી સંગ શાનો ? ચિલાતીપુત્ર સમજપૂર્વક ડોકું ફેંકી દઈ બાહ્ય વસ્તુના રાગ સ્નેહ વિનાનો બન્યો. વાત આ છે કે રાગદ્વેષથી બચવું હોય તો પહેલાં એ કરાવનાર-પોષનાર જડ-ચેતન વસ્તુના સંગ મૂકો, એનો સંયોગ છોડો. નહિતર જો નિમિત્ત પાસે છે તો એવા દુષ્ટ ભાવ દિલમાંથી ખસશે નહિ. બાધા-વ્રત-નિયમનો શો મહિમા છે ? આ જ કે એ નિમિત્તથી દૂર રખાવે છે. મનમાંથી એનો સંગ છોડાવી દે છે. નિયમથી ગભરાતો હશે, એને તો મનના ઉંડાણમાં નિમિત્ત વસેલા રહેવાનાં. એટલે પછી ક્યારેક બહારથી આવી મળશે ત્યારે પાપી ભાવ ઊભો થઈ જવાનો. ચિલાતીપુત્રે રાગનું નિમિત્ત ડોકું ફગાવી દીધું અને એના કામરાગ-સ્નેહરાગથી છૂટ્યો. હવે વળી વિચારે છે -

"અહો ! મહાત્માએ ત્રીજી વાત શી કરી ? **'સંવર.'** અર્થાત્ રાગ-દ્વેષનાં બાહ્ય નિમિત્ત ડોકું અને તલવાર છોડ્યાં. પણ હજી જગતના કોઈ પદાર્થોની આશા-અપેક્ષા ક્યાં છોડી છે ? ક્યાં કાયા-માયા, ઈન્દ્રિયો, કષાયો, હિંસા-અસત્યાદિ પાપક્રિયાઓ વગેરેના હૃદયથી ત્યાગ કર્યા છે ? જો એ અંતરથી નથી છોડ્યા, તો આત્મામાં પાપોનો પ્રવાહ પેસવા માટેની એ નીકો ખુલ્લી છે. જ્યાં સુધી પ્રતિજ્ઞાબદ્ધ એના ત્યાગ કરી દરવાજા બંધ નહિ કરે, એ નીકો-આશ્રવો માથે ઢાંકણ નહિ દઈ દે, સંવરણ નહિ કરે, ત્યાં સુધી પાપમુક્ત નહિ; તો ભયમુક્ત નહિ, ભવકટ્ટી નહિ, સંસારભ્રમણ અટકે નહિ. મુનિની વાત સાચી છે. શા માટે હવે જગતના પદાર્થોની કે હિંસાદિ પાપોની યાવત્ આ મારી નાશવંત કાયાની મમતા-આશા-અપેક્ષા રાખવી ? બસ બધુ જ વોસિરે. બધું જ મારે ત્યાગ. હું તો હવે મારા જ્ઞાન-દર્શન-ચારિત્રના સ્વરૂપમાં જ લીન બની જાઉં ! વિનશ્વર માટીની માયા સાથે મારે કોઈ નિસ્બત નથી.

પત્યું, ચિલાતીપુત્રે સર્વ આશ્રવોના ત્યાગરૂપ સંવરમાર્ગ અપનાવી લીધો, દુનિયાના સંબંધ અને હિંસાદિ પાપોનો ત્યાગ કરી દઈ, કષાયો-રાગદ્વેષ વગેરે ફગાવી દઈ ત્યાંને ત્યાં જ કાયોત્સર્ગ ધ્યાનમાં ઊભો રહી ગયો. હવે તો મહાત્મા ચિલાતીપુત્ર એવા બન્યા કે પેલા ડોકામાંથી પોતાના શરીર પર વહેલા લોહીની ગંધથી કીડીઓ ઉભરાઈ, શરીર પર ચડી એને ખાવા માટે ચટકા દે છે, કોચી કોચીને શરીરની અંદર પેસે છે, અંદરથી આરપાર કોચતી કોચતી બીજી બાજુ બહાર નીકળે છે ! શરીરને ચાળણી જેવું કરી દે છે ! આવી સેંકડો-હજારો કીડીઓના ઠેઠ મર્મસ્થાન સુધીના ભયંકર ચટકાથી કારમી વેદના ઊઠે છે ! પરંતુ મહાત્મા ચિલાતીપુત્ર જરાય હાલતા નથી, ચિત્ત વિહ્વળ કરતા નથી, કીડીઓ પર



લેશમાત્ર રોષ કે પીડાની હાયવોય અને સહેજ પણ ત્યાંથી ખસવાનું કરતા નથી ! જાલિમ પરિસહ સહે છે !

શાનો પ્રતાપ ? **'ઉવસમ વિવેગ સંવર'** એવા જિનવચનનો ! જિનવચનના, જિનાગમના, જૈન શાસ્ત્રોના ભરચક પરિચયે પૂર્વજીવનમાંથી વારસો કેટલો અદ્ભુત લઈ આવ્યા હશે કે અહીં હવે એક નાનકડું 'ઉવસમ વિવેગ સંવર'નું જિનવચન મળ્યું તો એના પર મહાલયલીન મહાધ્યાનસ્થ મહાત્મા અને તે પણ ઘોર પીડા-વેદનાની વચ્ચે અત્યંત ઊંચી ક્ષમા-સમતા અને જિનવચનના એકાગ્ર ચિંતનમાં સ્થિર થઈ ગયા, તે મરણ આવ્યું ત્યાં સુધી !

**જિનવચનની સમજૂતીઓ :**

જિનવચન કેટલું અદ્ભુત કે આવી ઘોર વેદના શાંતિથી સહવાની તાકાત આપે છે ! શું એ પીડા વખતે દુઃખી હતા ? ના, મહાદુઃખ છતાં જરાય દુઃખી નહિ ! મન જિનવચનના પ્રકાશમાં એટલું બધું મસ્ત હતું કે સમજતા કે -

(૧) કાયાએ કરેલા પાપગુમડાનું આ નસ્તર ચાલી રહ્યું છે.
(૨) જે કાયા પાપમાં કૂદેલી, એવી દુષ્ટ કાયાને આ ઠીક જ વળતર છે.
(૩) બીજાને હોંશથી મારવાની તાકાત હતી તો હોંશથી મરી જાણવાની પણ તાકાત છે.
(૪) પીડાવા દો કાયાને, મારે તો આત્માનો પાપ કચરો સાફ થઈ રહ્યો છે. **'વિંધાય વિંધાય કાયા ! તું વિંધાય એમ મારાં કર્મ વિંધાય.'**
(૫) કાયાદિ પરભાવના ધફા નીચે દટાયેલ આત્મસમૃદ્ધિ તો જ પ્રગટ થાય કે જો આ ધફા ખોદાઈ પિંખાઈ જાય.
(૬) કીડીઓ બિચારી ભલે તૃપ્ત થાઓ. આ કાયા તો માટીનું ભાંડ, તે આમેય એક દી ફૂટી જનારી જ હતી, તો ભલે અત્યારે ફૂટો.
(૭) આ જીવો બિચારા કર્મનો માર તો ખાઈ રહ્યા છે, તેથી દયાપાત્ર છે તો મારે દયાપાત્ર પર દ્વેષ કરવાથી સર્યું.
(૮) હું ઉપશમ-વિવેક-સંવરમાં છું. કાયાની મમતા મારે નથી, કાયા મારો પરિગ્રહ નથી, તો એના પરના આક્રમણમાં મારે લહેવાઈ જવાનું શું ? મારે તો દ્વેષ વગેરે આશ્રવ પર ઢાંકણ જ સંવર, મમતા, સલામત રહો.

ચિલાતીપુત્રને જિનવચનથી આ સમાધાનો મનમાં રમતાં હતાં, તેથી મનને જરાય દુઃખ નહોતું. પણ આ જિંદગીમાં પહેલી જ વારના મળેલા આ નાનકડા

જિનવચનના પ્રભાવનું કારણ પૂર્વ જીવનમાંના જિનવચનના ભરપૂર પરિચય-પરિશીલન હતા. માટે આ વાત છે કે દ્વાદશાંગી શ્રુતમાંથી ઘણું નષ્ટ થઈ જવા છતાં જે આજે અલ્પ પણ મળે છે એનાં શ્રવણ-મનન-પરિશીલનનો ખૂબ અભ્યાસ રાખો. જિનવચનના આ અભ્યાસને જીવનમાં મુખ્ય બનાવવાથી ભવાંતરમાં એ સુંદર જવાબ આપશે.

## ૪. શ્રી ભગવતી સૂત્રમાં શું છે ?

વર્તમાનમાં મળતા શ્રુતમાં અંગસૂત્રો ૧૧, ઉપાંગ ૧૨, છેદ ૬, મૂળ ૪, પયન્ના ૧૦ અને નંદી-અનુયોગ ૨ એમ ૪૫ આગમ છે, એના પર નિર્યુક્તિ-ભાષ્ય-ચૂર્ણી-ટીકા એ મળી પંચાંગી આગમ બને છે. ઉપરાંત ઉપદેશમાળા, પ્રશમરતિ, સન્મતિતર્ક, અનેકાંતવાદ, કમ્મપયડી, પંચસંગ્રહ વગેરે અનેકાનેક શાસ્ત્રો એ પણ શ્રુત છે. આમાં ૧૧ અંગસૂત્રો પૈકી પહેલું આચારાંગ, પછી સૂયગડાંગ, ઠાણાંગ, સમવાયાંગ, બાદ **પાંચમું અંગ વિવાહપન્નતિ એજ 'શ્રી ભગવતી સૂત્ર'** કહેવાય છે. આના પર અહીં વ્યાખ્યાન કરવાનાં છે.

શ્રી ભગવતી સૂત્રમાં અનેકાનેક વિષયો પર ગૌતમસ્વામિજી વગેરેના પ્રશ્નો છે અને પ્રભુશ્રી મહાવીર દેવના ઉત્તરો છે. એમાં ભરચક મસાલો છે. વિજ્ઞાનની જ્યાં ચાંચ ખૂંચે નહિં, એવા પદાર્થો એમાં બતાવ્યા છે. એમ જે વાત વિજ્ઞાન આજે સાબિત કરે છે એ વાત અહીં અઢી હજાર વર્ષ પૂર્વે કહેવાઈ ગયેલી પડી છે. એ બધી વાતો મહાબુદ્ધિનિધાનોની મનાતી સ્વીકારાતી આવી છે.

શું શાસ્ત્રોમાં લખી નાખી એટલા માત્રથી માની લેવાની ? હા અનંતજ્ઞાની વીતરાગ ભગવાનથી કહેવાયેલી છે, સર્વજ્ઞવચન છે, માટે અજ્ઞાન એવા આપણે અવશ્ય માની લેવાની. કહે છે, 'આજે બુદ્ધિવાદનો યુગ છે એમાં એમ કેવી રીતે મનાય ?' પણ ખરો બુદ્ધિવાદ તો પૂર્વે હતો કે જ્યાં સનાતન કાળથી સંસારમાં પરિભ્રમણ કરતા ચેતન તત્ત્વને મુખ્ય નજર સામે રાખીને સચોટ સૂક્ષ્મ તર્કના આધાર પર વસ્તુનિર્ણય કરાવામાં આવતો. આજ તો નજરમાં જડને જ મુખ્ય રાખી વિચાર કરાય છે, ત્યાં વિકસ્વર બુદ્ધિવાદ શાનો ? મુદ્દામ ચેતન તત્ત્વનું જ વિસ્મરણ કરીને વિચાર કરાય તે શું બુદ્ધિનો ઉપયોગ છે ? જુઓ વિચારો કે વિજ્ઞાનની વાતો થાય છે એ વખતે ચેતન આત્મા એના ભાવો અને ઇંદ્રિયાદિ આશ્રવો એથી એના પર કર્મજૂથનાં સર્જન-બંધન, એના વિપાકમાં આ ચતુર્ગતિમય સંસારમાં આત્માની દુઃખદ દુર્દશા વગેરે કશું લક્ષમાં ખરું ? આટલા મહાઅગત્યના અને જડ પર અસર



કરનારા આત્મ તત્ત્વ પર દૃષ્ટિ જ નહિ એ શું વિકસિત બુદ્ધિનો યુગ છે ? કે જ્યારે એ લક્ષમાં રાખીને વિચાર થતો હતો, એ બુદ્ધિયુગ ? પરંતુ એમ કહો કે આજના બુદ્ધિવાદનો અર્થ એવો છે કે પ્રત્યક્ષ દેખાય એના પર વિચાર કરવાનું માને. ત્યારે શું જગતના પદાર્થ બધા જ ચર્મચક્ષુથી દેખાય એવા જ છે ? કે અતીન્દ્રિય પદાર્થો પણ છે ? એનું ઉઠાંતરું કરાય એ શું બુદ્ધિનો ઉપયોગ છે ?

વિજ્ઞાને ચક્ષુથી પ્રત્યક્ષ કરવા માટે અણુનું વિભાજન કર્યું, એમાં ન્યુકલીયર વિજ્ઞાનથી ઇલેકટ્રોન, પ્રોટોન વગેરે ૧૧૪ તત્ત્વ શોધી કાઢ્યા અને એને છેલ્લા અવિભાજ્ય પદાર્થ માન્યા. ત્યારે પ્રશ્ન થાય કે,

'અણુ' એટલે શું ? પરમાણુ જ ને ? પરમાણુ એટલે તો છેલ્લામાં છેલ્લો અવિભાજ્ય અંશ; એનું પછી વિભાજન થઈ શકે ? અને જો થાય તો એમાં સમાવિષ્ટ મળતાં અંશને જ અણુ કહેવો ? કે એ અંશોના જૂથને ? જૈન તત્ત્વજ્ઞાને તો હજારો વર્ષ પૂર્વેથી આ વિજ્ઞાન આપ્યું છે કે અનંતા સૂક્ષ્મ નૈશ્ચયિક અણુનો એક વ્યાવહારિક અણુ બને છે.

### વિજ્ઞાને નવું શું કહ્યું ? :

આજે શોધો આવિષ્કારોથી પ્રગટ કરાતા પદાર્થ કરતાં કેટલાય સૂક્ષ્મ પદાર્થ શ્રી તીર્થંકર ભગવાને પોતાના કેવળજ્ઞાનથી પ્રત્યક્ષ કર્યા છે અને જગતને ઉપદેશ્યા છે.

(૧) વિજ્ઞાન તો સંશોધનથી આજે નવી જેવી વાત કહે છે કે 'હાઈડ્રોજન ઓક્સિજન વાયુના મિશ્રણથી પાણી બને છે.' પરંતુ જૈન દર્શન તો પ્રાચીન કાળથી કહેતું આવ્યું છે કે વાયુ એ પાણીની યોનિ છે. વિજ્ઞાને ક્યાં નવું શોધ્યું ?

(૨) વિજ્ઞાન દાવો રાખે છે કે, 'અમે વનસ્પતિમાં જીવ અને એની વિવિધ લાગણીઓ હોવાનું નવું શોધી કાઢ્યું', પરંતુ જૈન તત્ત્વજ્ઞાન તો હજારો લાખો વર્ષ પૂર્વે માત્ર વનસ્પતિ જ નહિ, કિંતુ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ પણ જીવનાં શરીર હોવાનું કહેતું આવ્યું છે અને જીવ-ચૈતન્ય શક્તિનાં લક્ષણ, આહારગ્રહણ, શરીરવર્ધન, ઘા-પૂરણ વગેરેથી એ જીવ શરીર હોવાનું પુરવાર કરે છે. એમાંથી જીવ નીકળી ગયા પછી તેવાં નિર્માણ નથી બનતા એ હકીકત પૂર્વાવસ્થા-અનંતર અવસ્થા વચ્ચે તફાવત સૂચવે છે. વિજ્ઞાને શી નવી વાત કહી ?

(૩) વિજ્ઞાને ફોટોગ્રાફી શોધી. શું એ નવા જ તત્ત્વનો આવિષ્કાર છે ? જૈન તત્ત્વજ્ઞાન તો પરાપૂર્વથી કહેતું આવ્યું છે કે પુદ્‌ગલમાંથી છાયાણુ નીકળ્યા જ કરે છે, બરાબર તેવા તેવા રંગના, વિજ્ઞાને ફોટોગ્રાફિક પ્લેટ-ફિલ્મ ઉપર એને

પકડવાનું કર્યું. પણ એનું તત્ત્વ તો સર્વજ્ઞ ભગવાને કહેલું જ ને ? પૂછો,

પ્ર.- તો પછી જો સર્વજ્ઞ બધું જ જાણતા હતા તો માત્ર છાયા બતાવીને એ ઝીલવાની ફોટો-પ્લેટ કેમ ન બતાવી ?

ઉ.- એટલે શું એમ કહેવું છે કે એ છાયા જાણતા હતા અને ફોટાની પ્લેટ કેમ બને એ નહોતા જાણતા ? એવું કાંઈ નથી. સર્વજ્ઞના જ્ઞાનમાં કશું અજ્ઞાત નથી. માત્ર એ જોતા હતા કે આવું અણુનું વિશ્લેષણ અને એમાંથી ઉત્પન્ન થતી ઇલેક્ટ્રિસીટી, ટેલિફોન, ટેલિવિઝન, રેડિયો, ફોટોગ્રાફ વગેરે તો જીવોના અહિતમાં છે. વિલાસી વૃત્તિના પોષક ને ઇન્દ્રિયોને મહેકાવનારા તથા આત્મદૃષ્ટિ પરલોકદૃષ્ટિ વગેરેથી દૂર પાડનારા છે. માટે જગતના બચાવ અર્થે એ બધું જાણતાં છતાં બતાવ્યું નહિ.

પરંતુ મિથ્યાત્વનો કેફ હોય ત્યાં આ વાત નથી સમજાતી કે જ્ઞાનીઓએ કહ્યું નહિ બતાવ્યું નહિ માટે એ નહોતા જાણતા એમ નહિ. જાણતા તો હતા જ; પરંતુ જીવોનું અહિત ન થઈ જાય એટલા માટે બતાવ્યું નહિ; જીવોનું અહિત એટલા માટે કે જીવો અનાદિરૂઢ મોહની વાસનાઓથી ભરેલા છે, પાછા મૂઢ છે તેથી જડની આસક્તિને લીધે જડની વધારે સગવડ કરવા જતાં અહિત થાય એ સમજતા નથી. આજે દેખો છો ને કે યંત્ર, રેલગાડી, મોટર, વિમાન, ટેલીફોન, રેડિયો વગેરે વગેરેની સગવડો થવાથી, માણસની જરૂરિયાતો એટલે કે લોભ કેટલો વધ્યો છે? એ મેળવવા પાપપ્રવૃત્તિ કેટલી બધી વધી પડી ? સારા ગણાતા શ્રાવકો પણ રાત્રિભોજન કરતા થઈ ગયા છે ને ? ટેક્ષચોરી ધૂમ ચાલી પડી છે ને ? બજાર ધંધા અને બીજાને મળવા કરવાની બહુ લપમાં શ્રાવકનાં અનુષ્ઠાન પ્રતિક્રમણ-પૌષધ વગેરેની બેપરવાઈ કરી રહ્યા છે ને ? આમ પાપપ્રવૃત્તિ કેટલી બધી વધી પડી ? ત્યારે લક્ષ્મી અને જડસરંજામ વધારાયા પછી એને સાચવવા પાછળ કેટકેટલા આર્ત-રૌદ્રધ્યાન, પાપવિકલ્પો, મમત્વના આવેશ, માયા પ્રપંચ વગેરે વધી પડ્યા છે ? તો ભોગવવામાં લંપટતા મદ-અહંકાર વગેરે કેટલા ? આજે તો સામાન્ય સ્થિતિના માણસોને ય ઉદ્ભટ ભોગ સુલભ થઈ ગયા ! ત્યાં આત્માની કેટલી બધી દુર્દશા ? પૂર્વના કાળે લક્ષ્મી તો હતી, પરંતુ વિજ્ઞાને શોધેલ સગવડો નહોતી એ વખતે જીવનમાં જડના વિચારવાણી-વર્તાવ કેટલા ઓછા ને આજે કેટલા ફાલ્યા-ફૂલ્યા ? એ તફાવત લક્ષમાં લઈએ તો સમજાઈ જાય કે જ્ઞાની ભગવંતોએ જાણવા છતાં આ ચીજો ન બતાવી એમાં જીવોનું હિત હતું. બાકી વિજ્ઞાને શોધી કાઢેલ વાતોનાં મૂળ જ્ઞાની ભગવંતે બતાવ્યા છે. ઉપરાંત પણ એવું એવું પદાર્થ સ્વરૂપ બતાવ્યું છે કે



જેમાં એમને પ્રયોગ-અખતરા કરવા પડ્યા નથી અને આજના વૈજ્ઞાનિકો હજી જેને સ્પર્શી શક્યા નથી, એવું એવું બતાવીને પણ એના પર મોહના ઉન્માદ નહિ કિન્તુ તત્ત્વદૃષ્ટિ-જ્ઞાનદૃષ્ટિ વધે એ રીતના નિરૂપણ કર્યા છે.

શ્રી ભગવતી સૂત્રમાં એવી કેટલીક વાતો ભરી પડી છે કે જે જીવની તત્ત્વદૃષ્ટિને ખીલવે છે. એમાં વળી જીવનની કેટલીક સમસ્યાઓના ઉકેલ પડ્યા છે. આજના વિજ્ઞાનની એ તાકાત નથી. કેમકે દૃષ્ટિ જ ખોટી છે. નહિતર જુઓને આજે કેટલીક દુઃખદ સમસ્યાઓ, સગવડો વધ્યા પછી ઊકલી જવાને બદલે કેમ અધિક વધી પડી ? અને તેથી અશાંતિ, અજંપો, ભય વગેરે શાથી ઉભરાઈ પડ્યા છે ? આટઆટલી જંગી ઉત્પાદન કરી શકે એવી વિજળી, યંત્ર વગેરેની શોધથી તો ઊલટું જીવનધોરણ ડાટ મોઘું થઈ ગયું ! મોંઘવારી, અછત, તે તે પ્રાંતના નિકાસ અંકુશ, બેકારી, હડતાલો વગેરે વગેરે સમસ્યાઓ આજે કેટલી બધી ઉભરાઈ ઉઠી છે ? મધ્યમ વર્ગ કેટલો રેંસાઈ રહ્યો છે ? આજના વિજ્ઞાન પાસે આના ઉકેલ જ ક્યાં છે ? મૂળમાં દૃષ્ટિ જ ખોટી, એટલે વિકટ સમસ્યાઓ ઉકેલવાને બદલે દહાડે દહાડે નવી ઊભી કરે છે ! અનાદિના જડાસક્તિના સંસ્કાર વારસાવાળા જીવોને જડની અધિકાધિક સગવડો અપાય ત્યાં જડની લોલુપતા ઔર વધે વધે અને તેથી કલેશ ન વધે એ કેમ બને ? વધે જ.

ત્યારે જ્ઞાનીઓની દૃષ્ટિ ચૈતન્યને મુખ્ય કરવાની; તેથી જડની ગુલામી ઓછી કેમ થતી આવે એજ મુખ્ય આશય. પછી એવી એવી બાબતો એવી વાતો બતાવી કે જેથી જડાસક્તિ વધવા પર ઊભી થતી સમસ્યાઓ ઊકલતી આવે. જ્ઞાનીઓનાં વચન મુજબ ચાલનારને જીવનમાં એવી સમસ્યાઓજ નહિ કે જીવને જે મુંઝવ્યા કરે. અરે ! એ વચનને સચોટ માથે ધર્યા પછી ય ઘણું ઉકલી જાય છે, ત્યારે આચરણમાં ઉતારી દીધા પછી તો પૂછવાનું જ શું ? આજે 'જૈન' નામ ધરાવવા છતાં અને 'અમે જિનને માનીએ છીએ' એવો દાવો રાખવા છતાં જિનવચનને સચોટ માનવાનું એકમાત્ર એના પર અવિહડ શ્રદ્ધા ધરવાનું મોંઘું થઈ ગયું છે. એટલે જડ વિજ્ઞાનની વાતોમાં મુંઝાઈ જવાય છે અને જીવનમાં કેટલીક સમસ્યાઓનો ભોગ બનાય છે. નહિતર ચંદ્રલોક પરના ઉતરાણની કે બીજી ગમે તેવી વાતો આવે એમાં મુંઝાવાનું શું હોય ? એમ, 'અરે ! આટલી જાલિમ મોંઘવારી ? આ શું થવા બેઠું છે ? ક્યાં સુધી આ ચાલવાનું ?... આ ભાઈ કેમ વાંકો ?... પત્નીનું કેમ દિલ ઓછું થઈ ગયું છે ?... પાડોશી કેમ પૂંઠે પડ્યો છે ?... શ્રાવકો કેમ એક બીજા પર ચડા-ઉતરી કરે છે ?... સંઘમાં કેમ અરાજકતા જેવું દેખાય

છે ?...' વગેરે વગેરે સમસ્યાઓ કેમ ચિત્તને કોર્યા કરે ? કેમ એનાં માત્ર રોદણાં જ ગાયા કરવાનું થાય ? વરસોના વરસો જવા છતાં સમસ્યા ઊકેલવાનું બને નહિ અને બદબોઈ ગાવાનું એવું ચાલ્યા કરે કે જેમાં બીજાના દિલ પણ નિંદા, અવગણના, તિરસ્કાર ભર્યા બનાવાય ? કેમ આવું બધું ચાલે ? કહો, જિનવચન પર સર્વેસર્વા શ્રદ્ધા નહિ, ને વિજ્ઞાનના આવિષ્કાર તથા એની સાથોસાથ શરૂ થયેલ નવી જીવનપદ્ધતિઓનાં અંજામણે અંજાઈ જવાનું બને. જેને મહત્ત્વ આપવાનું બન્યા કરે, એટલે પછી પહેલાં કહ્યાં તેવા ચિત્તસંતાપો કર્યા કરવાનું અને બફારા કાઢવાનું બને એમાં નવાઈ નથી.

નહિતર, જો જડનાં આકર્ષણ એવાં ન રાખ્યા હોય અને જિનવચનને સર્વેસર્વા માન્યા હોય, તો બહાર સંઘમાં દોષ પ્રસર્યાની બૂમ મારતા પહેલાં જાતે તો એવા દોષોથી બચે ને ? જિનવચને ફરમાવેલ અમૂઢ દૃષ્ટિ, ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવનાના મર્મને ચિત્ત પર લે કે નહિ ? જીવનમાં એને ઉતારવાનું કરે જ ને ? એ દર્શનાચારો જો ઝગમગતા જીવાય તો પછી બોલ ઉકરડાના કઢાય કે ઉદ્યાનના ?

જિનવચન પર જ મદાર રાખ્યો હોય તો મોંઘવારીની સમસ્યા શી ? રોજના એના સંતાપ અને બખાળા શા ? કહે છે **'અમે સંઘના હિતમાં બોલીએ છીએ.'** પણ વિચારવાનું છે કે એમ વર્ષો સુધી બોલીને એ સમસ્યા ઉકેલી ? આજે મોંઘવારીમાં કપરી સ્થિતિ અનુભવતાનાં દિલ ઠાર્યાં ? અને શ્રીમંતોને ઉદાર તથા સમસ્યા ફેડનારા બનાવ્યા ? એ તાકાત તો વિજ્ઞાનમાં અંજામણ અને નવી જીવન પદ્ધતિઓનાં આકર્ષણ હેઠાં મૂકી જિનવચનને મહત્ત્વ આપવાનું કરાય તો બને.

જિનવચન તો કહે છે, કે આજના વિષમ યુગમાં આવી પડવાથી સમજાય છે કે પુણ્ય કાચાં છે એટલે પછી પરિસ્થિતિ એવી જ જોવા મળે. પરંતુ જીવન જો વ્રત-નિયમ, સંયમન અને બહુ ઓછી જરૂરિયાતોવાળું તથા લહેલાટ-લોકસંજ્ઞા અને લાલસાઓ વિનાનું બનાવાય તો ઘણી સમસ્યા ઉકલી જાય. જિનવચન તો જીવન અગવડમાં મૂકાય એના કરતાં મન દુર્ધ્યાન-સંતાપ-સંકલ્પ વિકલ્પોમાં રહ્યા કરે એ બહુ ખતરનાક કહે છે. દુઃખદ દુર્ગતિદાયક અને શુભ ગુમાવી અશુભ ભાવોના અનુબંધ પોષનારું કહે છે. એના ડરવાળો તો એ દુર્ધ્યાન આદિથી બચવાનું પહેલું કરે. એ બચવા માટે જિનવચનનું જ આલંબન પકડે; સમજે કે 'સોંઘવારી વગેરે માલ પુણ્યનાં નાણા પ્રમાણે મળે, પુણ્ય દૂબળું તો માલ પણ એવા જ પ્રાપ્ત થાય. છતાં મને જે બીજી બાજુ આવા અરિહંત પરમાત્મા વિશુદ્ધ ચારિત્રી સદ્‌ગુરુઓ



અને લોકાત્તર જિનશાસન મળ્યું છે એ અપૂર્વ નિધાન છે. કોહીનૂર હીરા મળ્યા છે પછી કાચના ટૂકડા બે રાશિ મળ્યા પર ખેદ શાનો ? મોંઘવારી તો આખા જગતને પીડી રહી છે, પણ મને જૈનધર્મની આરાધના મળી છે એ મારું મહાન અહોભાગ્ય છે તો એને જ મુખ્ય રાખું.' આમ જિનવચન આ સમસ્યાનો ઉકેલ લાવી આપે છે.

ત્યારે ભાઈ કે પાડોશી વગેરેની વાંકાશની સમસ્યા પણ જિનવચન એવી ઉકેલી આપે છે કે પહેલાં તો જિનવચનના આધારે પોતાના દિલમાં મૈત્રી-કરુણા-પ્રમોદ અને માધ્યસ્થની ભાવનાઓ અને એ ભાવો એવા મહેકાવતા જવાય કે એની સામા પર જબ્બર અસર પડે. સામો જીવ બિચારો કદાચ ભારે કર્મથી પીડાતો હોય તો ભલે એની ઉપર અસર 'ન' પડી, તોય એની ભાવદયા વિચારવાનું થાય અને પોતાને પોતાનાં અશુભ કર્મનું જ પરિણામ નડતું માની એના નિવારક અરિહંત પ્રભુનું વિશેષ શરણ-સ્મરણ-ભક્તિ થાય. પછી સમસ્યા ક્યાં ઊભી રહે ?

આ જ વાત છે કે જડવિજ્ઞાનના પલ્લે ન પડાય, એનાં આકર્ષણ-મૂલ્યાંકન ન કરાય અને જિનવચન પર જ અથાગ બહુમાન ધરાય તો જીવનની બધી સમસ્યાઓનો ઉકેલ આવે.

## જિનવચન શ્રદ્ધા

ગણધર મહર્ષિઓ અને પ્રખર શાસ્ત્રકાર આચાર્ય ભગવંતો કમ બુદ્ધિના નહોતા, મહા બુદ્ધિનિધાન હતા એમ એમનાં શાસ્ત્રો કહે છે. છતાં એમણે પણ એક જ વાત રાખી હતી કે **'તમેવ સચ્ચં નિસ્સંકં જં જિણેહિં પવેઈઅં' 'જે જિન ભાખ્યું તે નવિ અન્યથા'** એવો દૃઢ રંગ રાખ્યો હતો. જિનવચનને ટંકશાળી સત્ય માનતા હતા. શ્રી ભગવતી સૂત્રમાં અને એની ટીકાગ્રંથમાં આ સ્પષ્ટ દેખાય છે. એનું કારણ મૂળમાં પુરુષ વિશ્વાસ. કહેનાર કોણ છે ? વીતરાગ સર્વજ્ઞ શ્રી મહાવીર પ્રભુ. એ સાચા આપ્ત પુરુષ છે. જગત પર એકાંત કરુણા વરસાવનારા, તત્ત્વ સંબંધમાં લેશમાત્ર અજ્ઞાનતા મૂઢતા વિનાના અને સ્વયં રાગ-દ્વેષાદિ દોષોથી તદન મુકાયેલા. માટે પુરુષ-વિશ્વાસે વચનવિશ્વાસ; એ ન્યાયે એમનાં વચન પર અનન્ય અને અથાગ શ્રદ્ધા કરવાની. સમર્થ બુદ્ધિનિધાનોએ જો જિનવચન પ્રમાણ કર્યું તો આપણે કોણમાત્ર ? અલબત ભગવતી સૂત્રમાં તર્ક દલીલો આવે છે, એથી વાત દિલને જચી જાય, છતાં પણ બધે જ કાંઈ દલીલ ન મળે. એટલે પછી ત્યાં શું અશ્રદ્ધા કરવાની ? ના, વચન પ્રમાણ જ કરવાનું. ગણધર ગૌતમસ્વામીજી જેવાએ વચન પ્રમાણ કર્યું તો આપણે પણ એ જ કરીએ.

પ્ર.- તો પછી પ્રભુનાં શું લોક અંગેના વચનો કે આવાં નરકસ્થાનો છે,

આવા દેવલોક છે વગેરે તે શું એમ જ માની લેવાય ? આજે ચંદ્રલોક અને મંગળલોકની તો વૈજ્ઞાનિકો જુદી વાત કરે છે.

ઉ.- પ્રભુના વચન જરૂર માની લેવા જોઈએ. વિજ્ઞાનની વાતો તો દહાડે દહાડે ફરે છે. ૨૫-૫૦ વરસ પહેલાં કેવી વાતો હતી ? ને આજે કેવી છે ? ગુરુત્વાકર્ષણના નિયમ પર કેટલો બધો મદાર હતો ! ત્યારે પ્રો. આઈન્સ્ટાઈનની Theory of Relativity સાપેક્ષવાદ અને પરસ્પર સંબંધના સિદ્ધાન્તે એમની માન્યતાઓને કેવી ફેરવી નાખી ? વૈજ્ઞાનિકોનાં સંશોધન અધુરાં છે અને સદા અધુરા રહેવાના.

માટે એના પર મદાર ન બાંધતા જિનવચન પર જ મદાર બાંધવા જેવો છે, જે ત્રિકાળસત્ય છે. ભલે એની નરક-દેવલોક જેવી વસ્તુ પ્રત્યક્ષ ન દેખાય, પરંતુ જ્યારે પહેલાં કહી તેવી અણુ-પરમાણુની વાત, છાયા પુદ્ગલની વાત, શબ્દ પુદ્ગલની વસ્તુ, પાણીની યોનિભૂત વાયુની હકીકત વગેરે વિજ્ઞાન-સંશોધનથી સાચી પડી છે, તે ઉપરાંત પણ બીજી કેટલીક કર્મફળ વગેરેની વાતો તેમજ જીવનને મહા શાંતિ-સ્ફુર્તિભર્યું બનાવનાર વ્રત-નિયમ દેશવિરતિ-સર્વવિરતિની વાતો પ્રત્યક્ષસંગત કે બુદ્ધિસંગત બને છે તો પછી બીજી અતીન્દ્રિય વસ્તુઓ પણ જિને કહેલી કેમ ન માની લેવી ? સારી સુશીલ નિઃસ્વાર્થ માતાના કેટલાંક વચન પ્રત્યક્ષ હિતકર અને માતાની ભરપૂર પ્રેમલાગણી જોઈ બાળક એનાં બીજાં પણ વચન માત્ર શ્રદ્ધાથી માની લઈને જ મોટો થાય છે, ગુણિયલ થાય છે. તો અહીં જિનેશ્વર ભગવાન તો પરમ સુશીલ, પરમ નિઃસ્વાર્થ અને પરમજ્ઞાની છે; વળી આપણને કઠિન આરાધના માર્ગ બતાવતા પહેલાં એથી ય અનેક ગણો મહા કઠિન આરાધના-માર્ગ એમણે સ્વયં આરાધ્યો છે; પછી કેવળજ્ઞાન પામ્યા બાદ જ એ ઉપદેશ કરે છે, તો પછી એમનાં સમસ્ત વચન કેમ જ ટંકશાળી સત્ય ન માની લેવા ? નહિ માનીએ તો દોરંગી દુનિયાના રવાડે ચડી ખુવાર થવાનું થશે ! અહીં પણ સાચી શાંતિ સ્વસ્થતા ઉન્નતિ નહિ અને પરલોકમાં તો વાતેય શી ? માટે ભગવતી સૂત્રમાં પ્રભુનાં વચન અટલ શ્રદ્ધા-બહુમાન અને જ્વલંત સંવેગ-ધર્મરંગથી સાંભળજો. જમાનાની અસર લેશો નહિ. નહિતર જો એ વચમાં આવી તો એમાં તો વિજ્ઞાનના ચમત્કારો, નવી ઉદ્ભટ જીવન પદ્ધતિઓ કષાયપ્રેરિત નવા સિદ્ધાન્તો વગેરે આવવાનું. એની અસર નીચે આવી જતાં મહાજ્ઞાનીઓનાં શાસ્ત્રની વાતો પર સંવેગ-ધર્મરંગ વધવાને બદલે કુતર્કો, કુ-વિકલ્પો, ઉપેક્ષાભાવ વગેરે ઊભા થશે. માટે આપણે તો એક જ વાત કે જગતમાં તો કાળે કાળે પરિવર્તનો આવ્યાં જ કરે



છે; એની વચમાંથી આપણે પસાર થવાનું છે. ત્યાં ત્રિકાળસત્ય જિનવચન જ પ્રમાણ કરીને ચાલવાનું. એ માટે પહેલા કહ્યા તેવા મુદ્દાથી જિનવચન પર અથાગ શ્રદ્ધા રાખવાની. ફરીથી ગણી લો એ મુદ્દા.

**જિનવચન પર અનન્ય શ્રદ્ધા રાખવા આ વિચારો :**

(૧) જિનેશ્વર ભગવાને અસત્ય બોલાવનારા રાગ-દ્વેષ, મોહ-અજ્ઞાન વગેરે દોષોનો સદંતર નાશ કરી એ વીતરાગ સર્વજ્ઞ બનેલા છે. માટે એમને અસત્ય બોલવાને કોઈ કારણ નથી. તેથી જિનવચન પ્રમાણભૂત છે.

(૨) મહાબુદ્ધિનિધાન મહર્ષિઓએ જિનવચન ઝીલ્યા છે અને સાંગોપાંગ પ્રમાણિત કર્યાં છે તો અજ્ઞાન-મૂઢ એવા આપણા માટે તો જિનવચન સુતરાં પ્રમાણ હોય. ગૌતમસ્વામી હરિભદ્રસૂરિ મહારાજ વગેરે ક્યાં ઓછા વિદ્વાન હતા ? એમણે જિનવચનને સર્વેસર્વા પ્રમાણ કર્યા તો આપણે શું એમના કરતાં વધારે વિદ્વાન અને બુદ્ધિમાન છીએ તે જુદા વિચાર કરીએ ?

(૩) મોટા ચક્રવર્તીઓ રાજામહારાજા અને શેઠ શાહુકારોએ જિનવચનને સંપૂર્ણ અપનાવ્યા છે, એને જીવન સોંપ્યા છે તો પછી એમ કરવામાં આપણે શો વિચાર, શી આનાકાની કરાય ?

(૪) જિનવચન સો ટચના સોનાની જેમ કષ, છેદ અને તાપની પરીક્ષામાં પૂર્ણ પસાર છે, માટે એ પ્રમાણભૂત જ હોય, એજ પ્રમાણભૂત માનવાનાં. એમાં **(i) 'કષ-પાસ'** એટલે સુયોગ્ય વિધિ-નિષેધ છે કે દાન-શીલ-તપ-ભાવના કરો અને હિંસાદિ પાપસ્થાનક ન સેવો; **(ii) 'છેદ-પાસ'** એટલે એમાં એ વિધિનિષેધના પાલનને અનુકૂળ આચાર-અનુષ્ઠાનો અને યોગ્યતાના ગુણોનું પ્રતિપાદન છે, પણ નહિ કે વિધિનિષેધ ક્યાં ને આચાર આદિ એથી ઊલટા ! **(iii) 'તાપ-પાસ'** એટલે વિધિનિષેધ અને આચાર આદિ સંગત થાય એવાં તત્ત્વ-સિદ્ધાન્ત વર્ણવ્યા છે. દા.ત. સ્યાદ્વાદ-અનેકાન્તવાદનો સિદ્ધાન્ત હોવાથી આત્મા નિત્ય પણ છે, અનિત્ય પણ છે. એમાં નિત્ય હોઈ જે દાનાદિ કરે છે, એ જ એનું ફળ ભોગવે છે, તેમ અનિત્ય હોઈ પહેલાં દાનાદિ ન કરવાની અવસ્થામાંથી હવે એ કરવા જોગી અવસ્થામાં પરિવર્તન પામી શકે. એકાન્તે નિત્ય જ હોય તો આ ન ઘટે, સંગત ન થઈ શકે. આમ જિનવચન ત્રિવિધ પરીક્ષામાં પાસ હોવાથી પ્રમાણભૂત જ છે.

(૫) જિનવચનોમાં પરસ્પર વિસંવાદ નથી. જૈન શાસ્ત્રોમાં એક જગાએ અમુક કહ્યું ને પછી બીજે ક્યાંક તેથી વિરુદ્ધ જ બતાવ્યું એવું નથી. જિનવચનો અ-વિસંવાદી છે, પરસ્પર મેળવાળા છે, વિરોધરહિત છે.

(૬) જિનવચનમાં કોઈએ ન બતાવી હોય એવી કેટલીક વાતો પ્રત્યક્ષ સંગત મળે છે, તો પછી એની બીજી અતીન્દ્રિય વાતો પણ માન્ય જ કરવા યોગ્ય હોય. માટે સમસ્ત જિનવચન પ્રમાણ છે.

(૭) જિનવચન (અ) પૂર્વે કહ્યું તેમ વસ્તુમાત્રને અને એના ધર્મ તથા કાર્યને ન્યાય આપે એવા અનેકાંતવાદાદિ સિદ્ધાન્તને કહેનારા છે, તેમજ (બ) ઠેઠ પૃથ્વી કાયાદિ એકેન્દ્રિય સૂક્ષ્મ જીવો સુધીના જીવોની તેમજ અજીવ-પુણ્યપાપ-આશ્રવસંવર વગેરે તત્ત્વની ઓળખાણ કરાવે છે. અને (ક) એ જીવોની ભરપૂર-સંપૂર્ણ દયા, મન-વચન-કાયાથી એની હિંસા ન કરવા, ન કરાવવા અનુમોદવારૂપે અહિંસા આદિ કર્તવ્યોનું પ્રતિપાદન કરે છે. જે આ સિદ્ધાન્ત જીવાદિ પરિચય અને કર્તવ્યોનું વિધાન બીજે નથી; વળી (ડ) અન્યત્ર અલભ્ય કર્મવિજ્ઞાન, ષડ્દ્રવ્ય વિસ્તાર, અણુવિજ્ઞાન વગેરે પ્રરૂપે છે. માટે એવાં અકાટ્ય સિદ્ધાન્ત, સંપૂર્ણ જીવાદિ તત્ત્વ, કર્મવિજ્ઞાનાદિ અને વ્યાપક અહિંસાદિ કલ્યાણ કર્તવ્યને કહેનારાં જિનવચન ટંકશાળી પ્રમાણ છે.

(૮) જિનવચન આત્માના ઉત્થાનનો ક્રમ વ્યવસ્થિત બતાવે છે. ૧લા ગુણસ્થાનકથી ૧૪મા ગુણસ્થાનક સુધીનો યુક્તિસિદ્ધ ઉત્થાન-ઉત્ક્રાંતિનો માર્ગ બતાવે છે; એમ અપુનર્બંધક માર્ગાનુસારિત્વ, સમ્યક્ત્વ દેશવિરતિ વગેરે સાધનાઓનાં ક્રમને યથાસ્થિત રજૂ કરે છે. માટે એવાં જિનવચન પ્રમાણ જ હોય.

(૯) જિનેશ્વરનાં વચન એમના જેવા પરમેશ્વર થવાનો માર્ગ બતાવે છે, માટે એ નિઃસ્વાર્થ-વચન હોઈ પ્રમાણભૂત છે. બીજે ક્યાંય આ માર્ગદર્શન નથી; ત્યાં તો પરમેશ્વરપણાની સોલ એજન્સી અમુક જ વ્યક્તિને અપાઈ ગયેલી છે. બીજો કોઈ એવા પરમેશ્વર થઈ ન શકે. ત્યારે અહીં તો માર્ગ ખુલ્લો મૂક્યો છે, એ માર્ગે ખુશીથી પરમેશ્વર થાઓ. માટે આ કહેનારાં જિનવચન પ્રમાણ બને છે.

(૧૦) જિનવચનને જ સાંગોપાંગ રૂપે મોટમોટા ચક્રવર્તી રાજામહારાજા અને મહારાણીઓ તથા બુદ્ધિનિધાન મંત્રીઓ ને શેઠશાહુકારોએ અતુલ સમૃદ્ધિ સત્તા સન્માનને ત્યજી દઈ જીવનમાં અપનાવ્યા છે. જિનવચનને અણીશુદ્ધ અનુસર્યા છે તો એવા તારક એકાંત કલ્યાણકર જિનવચન પર શંકા લવાય જ કેમ ? એને મુખ્ય બનાવ્યા વિના ચાલે જ કેમ ?

આવી આવી રીતે જિનવચનને **'તમેવ સચ્ચં નિસ્સંકં'** માની **'એસેવ અટ્ઠે પરમટ્ઠે, સેસે સવ્વં ખલુ અણિટ્ઠે'** - 'આ જિનવચનકથિત તત્ત્વપૂર્ણ મોક્ષમાર્ગ જ ઈષ્ટ છે, પ્રાર્થ્ય છે, અર્થ છે, પરમાર્થ છે, બાકી બધું અનર્થ-અનિષ્ટ-અપ્રાર્થ્ય છે.'



એવી અટલ શ્રદ્ધા ઊભી થવી જોઈએ, દૃઢ બનાવવી જોઈએ. જેથી ન તો વિજ્ઞાનની શોધોના લેશ પણ અંજામણ થાય, કે ન તો વૈભવ-વિલાસના કોઈ મહત્ત્વ દિલને અડી જાય. પછી ભગવતી સૂત્રનું શ્રવણ થશે એ ખૂબ જ ભાવભર્યું થશે.

## ૫. શ્રી ભગવતી સૂત્ર શ્રવણની શરતો

**સાંભળેલું સ્વજીવનમાં લાગુ કરો :**

**ઉછળતા ભાવથી સૂત્રશ્રવણ કરાય એનું પરિણામ આ આવીને ઊભું રહે કે એને પોતાના જીવનમાં ઘટાવવાનું થાય. સારા શ્રવણનું લક્ષણ આ છે કે એને જીવનમાં ઘટાવવાનું થાય, લાગુ કરવાનું થાય. આટલું ભવ્ય સૂત્ર, ને એનું શ્રવણ મળે, પછી જો પોતાના જીવનમાં એને યથાયોગ્ય લાગુ કરવાનું ન કરાય, તો સાંભળ્યાથી શું પામ્યા ? અનંતા શ્રવણ આમ જ નિષ્ફળ કર્યા છે કે એ સાંભળેલી વસ્તુ પોતાના જીવન સાથે કાંઈ જ લેવાદેવા રાખી નથી; કાં તો લક્ષ પુણ્યકમાઈ અને પૌદ્ગલિક સમૃદ્ધિ-માનપાન મેળવવા પર, કાં શૂન્ય મગજે શ્રવણ, અથવા જેવાં બીજા શ્રવણ કોરા દિલના એવું આ પણ શ્રવણ! પરંતુ એથી શું વળે ? ભવના ફેરા ન ટળે; આત્માનું ઉત્થાન કે શુદ્ધિકરણ ન થાય. એ તો મેલા આશયો કાઢી નાખી ભાવભર્યા શ્રવણ થાય તો ઊંચા અવાય અને એવાં ભાવભર્યા શ્રવણ માટે સૂત્ર પર જિનવચન પર ઊંચા આદર-બહુમાન જોઈએ.**

શાસ્ત્ર પર જેટલું બહુમાન એટલી એની વાતો જીવનમાં ઉતારવાનું થશે અને એ બહુમાનનું માપ એના લેખન, ઊંચા દ્રવ્યોથી પૂજન વગેરે પર અંકાશે. માટે તો જાણવા મળે છે કે **સંગ્રામસોની** અને **પેથડશા મંત્રી** આ પાંચમુ અંગ શ્રી ભગવતી સૂત્ર સાંભળતાં ગૌતમ સ્વામીના ૩૬,૦૦૦ પ્રશ્નોના ઉત્તરમાં મહાવીર ભગવાનના શ્રીમુખેથી જ્યાં જ્યાં **'ગોયમા'** ! શબ્દ સાંભળવા મળતો, ત્યાં ત્યાં એકેક સોનામહોર સાથિયા પર મૂકતા ! આ શું છે ? શાસ્ત્ર સૂત્ર પ્રત્યે હૈયામાં ઉછળતા ગૌરવ બહુમાનને એમણે સોનામહોરથી પૂજનમાં સક્રિય કર્યું. ચરિતાર્થ કર્યું. બાકી તો શક્ય પૂજન વિનાનું બહુમાન તો બૂંદીકોટાની ભાવના જેવું થાય.

**જેટલા પ્રમાણમાં વચન પર આદર-બહુમાન ઊંચા, એટલા ઉછળતા ભાવથી એનું શ્રવણ થશે.** માટે તો જાણો છો ને કે, **'કાલે વિણયે બહુમાણે ઉવહાણે તહ ય અનિન્હવણે વંજણ અત્થ તદુભએ...'** એ જ્ઞાનના ૮ આચારોમાં છઠ્ઠો નંબર સૂત્રનો સૂત્રપઠન-શ્રવણનો આવે છે ? પહેલું તો સ્વાધ્યાયનો કાળ સાચવો, પછી સૂત્ર અને સૂત્રપાઠકનો ભરપૂર વિનય અને બહુમાન ઊભું કરો, સૂત્રનું પુસ્તક

જ્ઞાન આપે છે, જ્ઞાનદાતા એ ગુરુ કહેવાય. માટે પુસ્તક લઈ ભણવા બેસતાં, પહેલાં એને પગે લાગવું પછી ભણવાનું શરૂ થાય; આ વિનય. પુસ્તકને બગલમાં ન મરાય કે એને માથા નીચે ઓશીકું ન બનાવાય, એને પગ ન અડાડાય કે ભોંય ન મૂકાય; એ વિનય. એમ ગુરુનો વિનય સાચવવાનો ભક્તિ બહુમાન કરવાના. ભક્તિ બાહ્ય સરભરાથી; એને બાહ્ય બહુમાન કહેવાય. આંતર બહુમાન આંતર પ્રીતિ-ગૌરવ વસાવવાથી. એમ ચોથો જ્ઞાનાચાર ઉપધાન એટલે કે તપ, તપસહિત જોગ વહેવાનાં. પાંચમો જ્ઞાનાચાર સૂત્ર અને ગુરુનો કદી અપલાપ ઈન્કાર નહિ કરવાનો. અવસર આવ્યે ઉપકારી ગુરુનો નિર્દેશ કરતાં શરમ કે નાનમ નહિ લાગવી જોઈએ.

આ પાંચ પ્રકારનો જ્ઞાનાચાર પાળો પછી જ સૂત્રનો અધિકાર આવે, સૂત્ર ભણવાનું કરાય, આચારો પાળવા નથી અને સીધું પુસ્તક લઈ સૂત્ર ભણવા લઈ બેસાય એ અધિકાર-લાયકાત વિનાની ચેષ્ટા છે. એથી એ કાળ-વિનયાદિ આચારોથી દબાય એવા દોષો-સ્વચ્છંદતા, અવિનય-ઉદ્ધતાઈ, સંસાર બહુમાન, ઉપકારી ગુરુ તરફ કૃતઘ્ન ભાવ ને સુખશીલતા - એ ઊભા રહે છે. પછી એ તફડંચી સૂત્રવિદ્વત્તા મેળવી લે એ પચે ક્યાંથી ? એવી વિદ્વત્તા પર જ એ સ્વચ્છંદતાદિ દોષ વધુ ફાલવા-ફૂલવાના ! આ પરિણામ લાવે એને 'જ્ઞાન' કહેવાય કે 'મહાઅજ્ઞાન' ? શાસ્ત્ર કહે છે -

**'તજ્જ્ઞાનમેવ ન ભવતિ યસ્મિન્નુદિતે વિભાતિ રાગગણઃ ।'** એ જ્ઞાન જ નથી કે જેના ઉદયમાં રાગાદિ દોષ સમૂહ ઝળકતો રહે. સૂર્યના કિરણ પ્રસર્યા પછી અંધકાર શાનો ટકી શકે ? જ્ઞાન તો સૂર્ય છે, એનો પ્રકાશ હૃદયપટ પર પાંગર્યા પછી રાગાદિ અંધકાર શી રીતે ઊભો જ રહી શકે ? ગુરુવિનય-ગુરુબહુમાનાદિ આચારોનાં ધરખમ પાલન વિના એમજ જ્ઞાન ભણનારા અને ભણી રહેલામાં આ દેખાય છે કે રાગ આદિ દોષો એમ જ તાંડવ ખેલતા હોય છે. પૂજ્ય પ્રત્યે વિનય-બહુમાનાદિ વિનાનું તે કાંઈ જીવન છે ? એ આચારોની પરવા નહિ એટલે સહેજે કષાયો અને સ્વચ્છંદચારિતા ફાલેફૂલે. એક નવકાર સૂત્રનો પાઠ પણ આ પાંચ આચાર પાળીને લેવાનો છે.

**શ્રવણની શરતો :**

એટલા જ માટે શ્રી ભગવતી સૂત્રનું શ્રવણ આ આચારોના પાલન પૂર્વક કરવાનું છે, એ ન ભૂલશો. **શ્રવણની આ એક શરત છે.**

**શ્રવણની બીજી શરત** એ કે બુદ્ધિના ૮ ગુણનો ઉપયોગ રાખીને શ્રવણ કરવાનું. **બુદ્ધિના ૮ ગુણ** આ.



**શુશ્રૂષા-શ્રવણં ચૈવ ગ્રહણં ધારણં તથા ।**
**ઊહાડપોહોડર્થ વિજ્ઞાનં તત્ત્વજ્ઞાનં ચ ધીગુણાઃ ॥**

૧. સાંભળવાની ઈચ્છા, ૨. શ્રવણ, ૩. સંભળાતું સમજવું, ૪. સમજેલું લક્ષપૂર્વક ધારી રાખવું, ૫-૬. વિષય પર સાધક બાધક વિચારણા તે ઉહા અને અપોહ એમ કરીને, ૭. મનમાં પદાર્થનું સ્પષ્ટ ચિત્ર ખડું કરવું, ૮. એના પર તત્ત્વનો નિર્ણય; સિદ્ધાન્તની તારવણી કરવી.

(૧) શુશ્રૂષા જોઈએ. શ્રવણ કરવા આવતાં પહેલાં સાંભળવાની ઈચ્છા જોઈએ. મનને થાય કે 'મારે તત્ત્વ-ઉપદેશ સાંભળવો છે.' એ ધગશ ન હોય તો સાંભળતાં ઝોકાં આવે, ડાફોળિયાં મરાય, બીજી વિચારણામાં ચડી જવાય અને તેથી વાસ્તવિક શ્રવણ ન થાય.

(૨) મનનો ઉપયોગ રાખીને બરાબર શ્રવણ કરવું; જેથી એક અક્ષર પણ લક્ષ બહાર જાય નહિ. નહિતર આગળનું જે સાંભળવામાં આવે એનું પૂર્વ સાથે અનુસંધાન ન મળે. તેથી કદાચ ખોટું સમજાઈ જાય.

(૩) શ્રવણ કરેલાનું ગ્રહણ કરતા ચાલવું જોઈએ અર્થાત્ જે જે અક્ષર સંભળાય તેને સમજમાં ઉતારતા ચાલવું. ભલે સૂત્ર સાંભળવા મળે અને એને તરત સમજવાની આપણી તાકાત નથી, 'તોય સૂત્રના આ આ શબ્દ બોલાઈ રહ્યા છે.' એટલી તો સમજ જાગતી રાખવી પડે. તો એ સૂત્રનું શ્રવણ કરતાં ગ્રહણ કર્યું કહેવાય, બાકી આપણી ભાષામાં એની પર વિવેચન ચાલે એ તો સમજમાં લઈ શકાય.

(૪) જેમ જેમ સમજમાં ઉતારતા જઈએ તેમ તેમ સાથે સાથે મનમાં એને ધારી રાખવું જોઈએ, એની ધારણા વ્યવસ્થિત કરીએ તો ઘેર લઈ જવા જોગું ભેગું કર્યું ગણાય, તે એની પર આગળના બુદ્ધિગુણ લાગુ થાય. એટલે શ્રવણ કરતા જઈએ; સમજમાં લેતા જઈએ. એમ ચોક્કસ કરતા જઈએ કે આ મળ્યું, આ વિષય આવ્યો ! વળી થોડેક જઈને ધારણા પાકી કરીએ કે પહેલાં અમુક આવ્યું ને હવે અમુક ચાલે છે. એની પૂર્વ સાથે કડી જોડાય. એમ આગળ આગળ જો કડી જોડતા જઈએ તો અખંડ વ્યાખ્યાનનું ચિત્ર મનમાં અંકિત થાય; તે પછી એ યાદ આવે.

(૫) સાંભળી સમજી ધારી રાખેલ પર ઉહ-અપોહ કરવા જોઈએ. 'ઊહ' એટલે એ વસ્તુ જ્યાં બરાબર લાગુ થાય ત્યાં એનું કહ્યા પ્રમાણે પરિણામ આવે છે, એનું ચિંતન કરવું તે. 'અપોહ' એટલે એ જ્યાં લાગુ નથી થતી ત્યાં એનું પરિણામ પણ નથી આવતું, એનું ચિંતન. દા.ત. સાંભળ્યું કે, 'ક્રોધ કરવાથી

અનર્થ ઊભા થાય.' એ કથનને બહાર જગતમાં કોઈ દાખલામાં તપાસવું કે, 'એ પ્રમાણે બને છે ને ?' એ ઊહ કર્યો કહેવાય. ત્યારે એ જોવું કે 'જેણે ક્રોધ ન કર્યો, તો એ અનર્થ પણ ન પામ્યો ને ?' એ અપોહ કર્યો ગણાય.

(૭) એ પ્રમાણે ઊહાપોહ કરીને પદાર્થનો નિર્ણય કરાય તે અર્થવિજ્ઞાન નામનો સાતમો બુદ્ધિગુણ. દા.ત. 'ક્રોધથી અનર્થ થાય' એ વાત નક્કી છે.

(૮) એના પર તત્ત્વ, સિદ્ધાન્ત, રહસ્ય, તાત્પર્યને નક્કી કરવો એ તત્ત્વજ્ઞાન નામનો ૮મો બુદ્ધિગુણ છે. એ દા.ત. પેલામાં નક્કી કર્યું કે 'ક્રોધ એ ત્યાજ્ય છે.' એ તત્ત્વજ્ઞાન.

શ્રવણમાં ધારણા અને ઊહાપોહ બે બહુ મહત્ત્વના છે. સાંભળતા સાંભળતા ધારણા કરતા જઈએ તો મનમાં એ ટકેલા પર ઊહાપોહ થઈ શકે. તેમ ઊહાપોહ કરતા રહીએ તો સાર મળે, તત્ત્વજ્ઞાન હાથમાં આવે, હૃદયમાં પરિણમન થાય.

ભગવતીસૂત્ર સાંભળવું છે ને ? આ રીતે સાંભળવું જોઈશે. તો સુંદર ભવ્ય તત્ત્વો પામી જશો, જીવનમાં ઓતપ્રોત થશે, આત્મામાં પરિણમન પામશે, જે તમારા આત્માને ઊર્ધ્વગામી બનાવ્યે જશે. વાત આ કે જિજ્ઞાસાપૂર્વક ચોક્કસ લક્ષ રાખી સાંભળતા જવાનું, એના પર સમજ અને ધારણા કરતા ચાલવાનું અને પછી ઊહાપોહથી પદાર્થનિર્ણય અને તત્ત્વનિર્ણય કરતા જવાના.

**શ્રવણની ત્રીજી શરત :**

આ રીતે શ્રવણ કરો તેમાં ત્રીજી શરત એ છે કે નિદ્રા વિકથા દૂર જ રાખવાની. તેમજ ઇંદ્રિયોને બીજી દિશામાંથી સંગોપી-સંકોચી રાખવાની, જેથી એ બીજા વિષયોમાં જઈ મનને ત્યાં તાણી ન જાય અને અંજલિ જોડી સાંભળવાનું.

**નિદ્રાના અનર્થ :** જો ઝોકા આવ્યાં તો રીતસર પગથિયા માંડી બહુ સરળ કરી સમજાવેલા પદાર્થ પણ એમ જ ધ્યાન બહાર ચાલ્યા જશે અને પછી એના પર મંડાયેલ પદાર્થની સમજ મનમાં નહિ ઉતરે. પછી ખોટું ખોટું લાગ્યા કરશે કે આ વિષય તો બહુ અઘરો. તેથી કદાચ આગળ સાંભળવા-સમજવા માટે અરુચિ ઊભી થશે અને મુકાઈ જશે ! એમાં જો કોઈએ આગ્રહ કર્યો તો સંભવ છે કે અભાવ-દુર્ભાવ પણ થાય. એક નિદ્રા પાછળ કેટલા અનર્થ ઊભા થાય છે !

**વિકથાના અનર્થ :** એમ, જો સાંભળતી વખતે અંદર અંદર વિકથા, કુથલી વાતો માંડી, તો ય નિદ્રાની માફક અનર્થ તો થવાના જ; ઉપરાંત વાચનાની અને વાચનાદાતા ગુરુની અવગણનાનું પાપ પણ લાગવાનું. કોઈ મોટા માણસને મળવા



ગયા, ને એ તમને કાંઈક કહેતા હોય, એ વખતે વિકથા-વાતોચીતો કરો ખરા ? કરો તો એ સામાને અપમાન જેવું લાગે કે નહિ ? તો અહીં તો સુધર્માસ્વામીની વાચના છે, એની તરફ બેપરવાઈ કરી વાતોચીતો કેમ કરાય ? વાચનાના અપમાનથી જ્ઞાનાવરણ કર્મ બંધાય છે. જ્ઞાન લેવા આવો ત્યાં જ્ઞાનાવરણ તૂટવાને બદલે બાંધીને જાઓ એ કેટલી મૂર્ખાઈ ? કોઈ વાત કરાવવા આવે ત્યાં આ વિચારો કે, 'લેવાના બદલે દેવાના થશે. જ્ઞાનાવરણ કર્મ તૂટવાને બદલે બંધાવાનું થશે માટે વાતો નહિ જોઈએ. **નહિ કરવાની; ન સાંભળવાની**' એમ વાતોમાં થતી ગુરુની અવગણના પણ ગુરુ પ્રત્યેના બહુમાનને તોડી નાખશે. સાધુ કે આચાર્ય પ્રત્યેનું બહુમાન તૂટે, પછી 'નમો આયરિયાણં', 'નમો સવ્વસાહૂણં' જપો એની શી કિંમત ?

પ્ર.- આટલા અનર્થ હોય તો તો સાંભળવા જ ન આવીએ એ સારું ને ?

ઉ.- શું સારું ? એમાં તો એ બેપરવા કરી કે 'ચાલો આપણે ગુરુસેવા ય ન જોઈએ, ને શાસ્ત્રશ્રવણ પણ નહિ.' આમ ગુરુસેવા અને શાસ્ત્રશ્રવણની બેપરવા કરાય, એ કેટલું મોટું પાપ ? પેલામાં તો આ બંનેની પરવા ગરજ ઊભી છે, વાતોચીતોને લીધે થોડી અવગણના ઊભી થાય છે એટલું જ પાપ છે, ને એ પાપ પણ મનને સમજાવીને છોડી શકાય છે.

**ઈન્દ્રિય ચંચળતાના અનર્થ :**

ત્યારે ઈન્દ્રિયોને જો સંગોપી ન રાખો, તો એ ચળવિચળ થઈ કોઈ ને કોઈ વિષય તરફ ભટકશે. આંખ ક્યાંક જશે, કાન વળી બીજે, ત્યારે નાક કોઈ સુવાસ તરફ, તો સ્પર્શેન્દ્રિય કોઈ સ્પર્શ પરખવામાં પડશે... આના અનર્થ સમજો છો ? આવાં પછી કોઈ પણ શુભ યોગમાં સ્થિરતા જ નહિ આવે, ચંચળતા-ચળવિચળતા જ રહ્યા કરશે. ત્યારે યોગચાંચલ્ય એ મોટો દોષ છે. કેમકે મન શુભ યોગમાં બંધાતું જ નથી. પછી અનાદિના વિષયલુબ્ધ મનને વિષયોની રટણ-રમણતામાંથી શી રીતે બચાવી શકવાનું હતું ? શુભ યોગો શુભ ધર્મપ્રવૃત્તિઓનું પ્રયોજન એ છે કે એમાં મન બંધાવાથી વિષયરમણતા ઓછી થતી આવે, ને એના સંસ્કાર ઘસાતા જાય, પરંતુ જો યોગચાંચલ્ય જ રહ્યા કરે, તે પણ મહાન પુણ્યોદયે શુભ યોગસાધના કરવાનો અવસર મળ્યો ત્યારે પણ એવાં મનને જો બાંધવું નથી, સ્થિર નથી કરવું, તો પછી શુભયોગ વિનાના કાળે તો બચવાનું રહે જ શાનું ? અનાદિ વિષયલુબ્ધ મન વિષયોમાં ભટક્યા કરવાનું. એટલે જ યોગસ્થિરતા માટે ઈન્દ્રિયો સંગોપી રાખવી અતિ જરૂરી છે. તો સૂત્રશ્રવણ વખતે પણ અત્યંત આવશ્યક છે કે વિકથાદિથી સર્વથા દૂર રહી શ્રવણ યોગમાં મનને સ્થિર રખાય. નહિતર પછી એ વિકથા

ડાફોળિયાં કે સંકલ્પ વિકલ્પની કુટેવ દૃઢ બનવાથી ચંચળ મનથી કરાતી હજારો વર્ષની ય યોગસાધના જીવને ઊંચો નહિ લાવી શકે. આ વસ્તુ વર્ષોના એ રીતે સાધનારાઓમાં દેખાય છે કે એ વર્ષો પછી પણ ત્યાંના ત્યાં જ છે, એવા જ યોગચાંચલ્યવાળા છે. માટે નિદ્રા-વિકથા વગેરે ત્યજી દઈને એકાગ્રતાથી અંજલિ જોડી શ્રવણ કરવાનું. અંજલિ જોડી રાખવાથી સૂત્રવચન અને વક્તા ઉપર બહુમાન જાગતું રહે છે ને અનાદરદોષથી બચાય છે.

**શ્રવણની ચોથી શરત એ**, કે સાંભળતા જવાય તેમ તેમ એને સ્વાત્મામાં લાગુ કરતા જવાય, ઘટતી અસર લેતા જવાય. શાસ્ત્રશ્રવણનો આ ઉદ્દેશ છે કે શાસ્ત્રનાં વચનોનું હૃદયમાં પરિણમન થાય; હૃદય એના કહેલા ભાવથી ભાવિત થાય. શ્રવણની આ મોટામાં મોટી શરત છે, અતિ અગત્યની શરત. કેમ કે, બીજી બધી શરતો પાળી સાંભળ્યું પરંતુ કહેલી વસ્તુનું જો હૃદયમાં પરિણમન ન કરવાનું હોય, દિલને એનાથી ભાવિત-વાસિત ન કરવાનું હોય, હૃદયમાં એની અસર ન લેવાની હોય, તો શાસ્ત્રોનાં કિંમતી વચનોનો લાભ શો ? જેટલો વખત શ્રવણમાં ગયો એટલો સમય બાહ્ય આશ્રવોથી પાપ કથલાથી બચ્યા એટલો જ ? પછી હૃદય એની એ મિથ્યા મતિ, એના એ રાગ-દ્વેષ, મદ-તૃષ્ણા વગેરેથી વાસિતનું વાસિત ? એને કશો ધક્કો ન લાગ્યો ? એના પર કોઈ અસર ન પડી ?

પ્ર.- સાંભળીએ એટલે અસર તો પડે જ ને ?

ઉ.- ના, એવો કોઈ નિયમ નથી. નિર્ધાર હોય કે હું જે માનું છું અને કરું છું એ બરાબર જ છે તો સાંભળ્યાની કશી અસર ન થાય. તીર્થંકર ભગવાનના સમવસરણમાં એવા કેટલાય પાખંડીઓ કુ-વાદીઓ મિથ્યામતિઓ બેસે છે, જે સાંભળે છે બધું, પરંતુ એની અસર લેવાની વાત નહિ. પાછા સાંભળીને બહાર જાય એટલે ભગવાનનાં વચનની સામે બખાળા કાઢે, એનું ખંડન કરે, લોકને સામે કુયુક્તિઓ ધરી કહે, 'જિન વચને કહેલું ખોટું છે.' આમાં સાંભળ્યાંની ક્યાં અસર લીધી ?

મનમાં જો લોચા વાળે કે, 'ઠીક છે આ બધું કહે છે તે તર્ક-દલીલના જોરથી કહે એટલે બરાબર સાચા જેવું લાગે, પણ એ તો બુદ્ધિનો-વાણીનો ચમત્કાર છે. બાકી આપણે જે દેખીએ-માનીએ છીએ એ બરાબર છે. શું આખી દુનિયા માનતી-કરતી હશે તે ખોટું ?' આવા હિસાબ મનમાં રાખી મૂક્યા હોય, ત્યાં શ્રવણની શી અસર ? જંગલમાંથી જતા મુનિએ સામેથી આવતા એક પાપી જીવને પાપથી બચાવવા ઉપદેશ આપ્યો, યાવત્ પાપની ભયાનકતા દેખાડવા એનો પૂર્વ ભવ કહ્યો. એ સાંભળીને પેલાને પૂર્વ જન્મનું સ્મરણ પણ થઈ આવ્યું. ત્યારે હવે એ



કહે છે, 'વાહ જબરો જાદુગર ! જેવું બોલે છે, તેવું દેખાડી પણ આપે છે.' પરંતુ હું ક્યાં એમ ભોળવાઉં એવો છું ? કહો અહીં આબેહૂબ પૂર્વજન્મ યાદ આવ્યો, તો ય ક્યાં અસર લેવાની વાત રહી ? એટલે અસર લેવી હોય તો લેવાય, જૂની પક્કડો મૂકવી જ ન હોય તો કશી જ અસર ન થાય. એવા કેટલાય ડોસા ડોસી હોય છે જે કહે છે, 'મહારાજ કહે એ બધું માત્ર સાંભળવાનું, પણ કાંઈ લહેવાઈ જવાનું નહિ. કલેજું ઠેકાણે રાખી સાંભળીએ તો શાના ઉછળી પડાય ?' બોલો હવે, આવાઓ રોજ ને રોજ સાંભળે છતાં સાંભળ્યાની શી અસર એને ? અસર થઈ જાય એને કાચાં કાળજાના ગણતા હોય, પછી એવા છોકરા જુવાનિયાને શાના સાંભળવા લાવે ?

મૂઢતા તે કેટલી કે જિનવચનની અસર લે એના કાચાં કલેજાના ગણે ? અને કશી અસર ન લે એ પાકું કલેજું ? અરે ! પાકું કે ધિટ્ઠ નિષ્ઠુર ? એવું કલેજું ઠેકાણે ગણાય ? કે ખસી ગયેલું ? અને સારી અસર લે એ ઠેકાણે આવ્યું કહેવાય કે કાચું કહેવાય ?

પેલા **મગર-વાંદરાની વાત** જાણો છો ને ? મગર રોજ વાંદરાને પીઠ પર બેસાડી સમુદ્રની લહેર કરાવતો હતો, એમાં એક વાર સમુદ્રની વચ્ચે જઈ કહે છે, 'દોસ્ત ! આજે તારી ભાભીને તારું કલેજુ ખાવાની ઈચ્છા થઈ છે, તો કાઢી આપ.'

હવે વાંદરો શું કરે ? જો ના કહે તો પેલો સમુદ્રમાં જ ડૂબાડી દે તો ? ને હા કહે તો પેટ ફાટી મરવાનું જ આવે ને ? પણ એ હોશિયાર હતો. ઝટ મગરને કહે છે, 'વાહ રે વાહ દોસ્ત ! ભાભીને બિચારીને કોક દિ' ઈચ્છા થઈ. તો તો પહેલાં ન કહ્યું ? આપણે લઈને આવત ને ? આજ ઝાડેથી ઠેકતાં મારું કાળજું ખસી ગયું, તે જઈને પડ્યું કાદવમાં. એટલે એને ધોઈને સૂકવ્યું છે ઝાડ પર. એ... પેલું દેખાય ઝાડ પર. ચાલ જલદી જઈને લઈ આવીએ.'

મગર ભોળો, તે લઈ ચાલ્યો વાંદરાને કિનારે, વાંદરો ઝટ ઠેકડો મારી ચડી બેઠો ઝાડ પર. કહે છે, 'જા મૂરખ જા, કાળજું મારું તો ઠેકાણે જ છે. તારું ખસી ગયેલું, તે કાળજું ખસવાનું સાચું માની લીધું ?'

કહો જો કાળજું ઠેકાણે કોનું ? ને ખસી ગયેલું કોનું ? પાકું કોનું ને કાચું કોનું ? સાચા યથાસ્થિત તત્ત્વ અને માર્ગ કહેનારાં જિન વચનની અસર લઈ પોતાની અસત્ માન્યતા ધોરણોને તિલાંજલિ આપીને એને અંતરમાં ઉતારે એનું કલેજું ઠેકાણે ? કે પોતાનું ખોટું પકડી રાખી મહાદુર્લભ મળેલ સત્ય વસ્તુને જતી કરે એનું ?

## ૬. શ્રવણની છાયા જયણા

વાત આ છે કે સાંભળવાનું ને સાંભળવાની અસર લેવાની છે. જીવનમાં ઘટાવતા જવાનું છે. કોરા તત્ત્વની વાત હોય તો એના પર અટલ શ્રદ્ધા થવા સાથે આલ્હાદ થાય કે, 'અહો ! સર્વજ્ઞ પ્રભુ વિના આ કોણ બતાવે ? કેવો એમનો અનંત ઉપકાર કે આ તત્ત્વદર્શન કરાવ્યું !' એ તત્ત્વની વળી આપણાં જીવન પર એને અનુરૂપ જે છાયા પડવી જોઈએ તે છાયા પાડવાની. ત્યારે જો શ્રવણ કોઈ માર્ગનું મળ્યું તો એને આપણા જીવનમાં કેમ ઘટાવવું એ તો સમજાય એવું છે.

**તત્ત્વની છાયામાં**, દા.ત., ભગવાને ભગવતી સૂત્રમાં એક સ્થાને બતાવ્યું છે કે 'વસ્તુનું અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે, ને નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે. અર્થાત્ દા.ત., ઘડો માટીમય તરીકે છે, અસ્તિ, તો એ તરીકે છે જ. 'નથી' નાસ્તિ નહિ. એમ સુવર્ણમય તરીકે નથી, નાસ્તિ, તો નથી જ, 'અસ્તિ' નહિ. હવે આની છાયા શી લેવાની ? છાયા આ, કે વસ્તુ જે અપેક્ષાએ જેવી છે, એ અપેક્ષાએ ભલે આપણને એ પ્રતિકૂળ હોય તોય તેવી રહેવાની જ. દા.ત., બાપ છોકરાના જનક તરીકે બાપ છે જ, પછી ભલે એ એક કડક શિક્ષક જેવો હોય. તો છોકરાએ એ કડકાઈ દેખીને એમ ન મનાય કે 'આ મારો બાપ નથી.' એમ બાપ એમના પિતાના પુત્ર છે એટલે છે જ. પછી પૌત્રને દાદા પૂજ્યના પણ પૂજ્ય જ છે. ભલે બાપ પુત્રની સગવડો વધુ સાચવતો હોય, તેથી કાંઈ પુત્રને દાદા પૂજ્ય તરીકે મટી જાય નહિ. તત્ત્વમાંથી છાયા લેવાની આ વાત છે. તત્ત્વનું શ્રવણ કોરે કોરું શું કામ જવા દઈએ ? જીવનમાં એને યોગ્ય રીતે ઘટાવવું જોઈએ. 'આત્મા નિત્યાનિત્ય છે.' એ તત્ત્વ સમજવા મળ્યું તો એને જીવનમાં એમ ઘટાવી શકાય કે દુઃખ આવે, કષ્ટ આવે તો ય આત્મા આત્મા તરીકે તો નિત્ય ઊભો જ છે. એનો એક પ્રદેશ પણ ખેરવાતો નથી. પછી મન બગાડવાનું શું કામ ? શા માટે અધીરા અને દીન-રાંકડા બનવું ? એમ વૈભવ-માનપાન મળ્યા ત્યાં આત્મા વૈભવી તરીકે અનિત્ય હોઈ ટકવાનો નથી, તો શા ગુમાન કરવા ?

**દુઃખમાં દ્રવ્યદૃષ્ટિ અને સુખમાં પર્યાયદૃષ્ટિ રાખવામાં આવે** તો ચિત્ત-સમાધિ જળવાઈ રહે, ખેદ-હર્ષ થાય નહિ. નિત્ય આત્મા પર દૃષ્ટિ એ દ્રવ્યદૃષ્ટિ કહેવાય, આત્માના પલટાતા ભાવ યાને અનિત્ય અવસ્થા પર દૃષ્ટિ એ પર્યાયદૃષ્ટિ કહેવાય. 'નિત્યાનિત્ય' તત્ત્વ જાણવા-સાંભળવા મળે, તત્ત્વ દર્શન મળે, એમાંથી આ રીતે જીવનમાં ઘટાવવાનું કરી શકાય.

ત્યારે પ્રભુએ કરાવેલ માર્ગદર્શન પર પણ જીવનમાં ઘટાવ્યા-ઉતાર્યા વિના



એ શ્રવણ એમ જ નહિ જવા દેવાનું. માર્ગ સાંભળ્યો કે જયણા એ કર્મબંધથી બચાવનારી છે માટે કર્તવ્ય છે, ત્યારે અજયણા એ કર્મબંધનું કારણ હોવાથી ત્યાજ્ય છે. એટલે આ માર્ગ બતાવ્યો કે જયણા સાચવો સાવધાની રાખો, બિનસાવધાન ન બનો.

**હવે જીવન પર આ માર્ગશ્રવણની પહેલી છાયા** એ પાડવાની કે કમમાં કમ દૃષ્ટિ જયણા તરફ ઝૂકનારી બને. જયણાની વાત પર પહેલી નજર જાય, અજયણા દેખી દુઃખ થાય. માનો કે છોકરીએ ગરમાગરમ ચાની તપેલી ચૂલેથી ઉતારી, ને ઉઘાડી મૂકી. હવે એ જોઈ મનને શું થાય ? 'અરે ! આ ઠંડી પડી જશે' એ જ ને ? બસ ત્યાંય રસનાના વિષય તરફ દૃષ્ટિ ગઈ ? કર્મબંધમાં ફસાયા, પરંતુ જો જયણા તરફ ધ્યાન હોય તો એમ થશે કે 'હાય ! આમાં કોક જીવજંતુ પડશે તો ?' આ જયણા દૃષ્ટિ કર્મબંધથી બચાવનારી છે. ખૂબી જુઓ કે કાર્ય એક જ છે. 'ગરમ ચા ઉઘાડી રહે એ સારું નથી ઢાંકવી જોઈએ.' પરંતુ દૃષ્ટિમાં ફેર છે. એક ઇન્દ્રિય વિષયની દૃષ્ટિ અને બીજી જયણાની દૃષ્ટિ છે. એકમાં કર્મનાં બંધન વધે છે, બીજામાં બંધન અટકે છે. માર્ગ શ્રવણમાંથી જીવનમાં યોગ્ય અસર લેતાં આવડે તો બચાય, નહિતર છતે શ્રવણે બંધાવાનું ને ડૂબવાનું થાય. જીવન તો પ્રસંગોથી ભરચક ભરેલું છે. **પ્રસંગો તો આવ્યા જ કરવાના પણ જયણાની દૃષ્ટિ રહે તો બચાય, ને વિષયરસની દૃષ્ટિ રહે તો ડૂબવાનું થાય.**

### જયણા સમજો છો ?

જયણા એટલે આત્માની જતના, આત્માનું જતન. કોઈપણ પ્રસંગમાં સ્વાત્માને જેટલા અંશે પાપથી, કર્મબંધથી, મોહની પરિણતિથી બચાવી લેવાનું કરાય તેટલા અંશે જયણા થઈ કહેવાય. તપેલી ગરમ ચાની ઉઘાડી છે, એમાં જીવજંતુ પડે તો બિચારા મરે, એ હિંસાથી બચી જવું. એ જીવ પ્રત્યેની ઉપેક્ષા કે નિર્દયતાથી બચવું. અધિકરણ એટલે કે પાપના સાધન યા રગડાઝઘડામાં સાવધાન બની જવું જેથી પાપ ન લાગે. આને જયણા કરી કહેવાય. બાઈ ચૂલો સળગાવે છે. એમાં જો પહેલાં મુલાયમ પૂંજણીથી ચૂલાને પૂંજી લે જેથી ત્યાં જીવજંતુ હોય તો આઘાપાછા થઈ જાય, એમ કોલસા ચાળી લે, અગર લાકડાં ખળખોળી જોઈ લે જેથી એને ચૂલામાં ઘાલતા પહેલાં જીવજંતુ ન રહે, તો એ જયણા કરી કહેવાય.

એવી રીતે કોઈ બોલવાનો પ્રસંગ આવ્યો ત્યાં પહેલેથી વિચારી લે કે જે બોલશે એમાં જૂઠ કે જૂઠમિશ્રણ નહિ આવે, સામાના હૃદયને ઘા નહિ કરે, કોઈ પાપોપદેશ રૂપે કે વિકથારૂપ શબ્દ નહિ નીકળે, તો એ જયણા કરી કહેવાય.

માણસ દુકાન ચલાવે છે. ધંધો કરે છે, એ પાપ છે ને ? કે સામાયિક જેવી ધર્મક્રિયા છે ? ના, પાપ ક્રિયા છે. છતાં એમાં જયણા ધર્મ દાખલ કરી શકાય. શી રીતે ? આમ, જો લક્ષ રાખે કે જરાય અનીતિ ન થાય, જૂઠ ન બોલાય, બહુ લોભ ન વધી જાય. ધંધાને જીવનનું સર્વસ્વ ને સારભૂત ન મનાઈ જાય. ટૂંકમાં પરલોક બગાડી નાખે એવા તત્ત્વથી આઘા રહેવાનું લક્ષ રખાય એ જયણા કરી કહેવાય. એવું સંસારના બીજા વ્યવસાયોમાં સમજવાનું.

ધર્મક્રિયાઓમાં પણ પ્રમાદ રાગદ્વેષ, વિકથા વગેરેથી બચવાનું લક્ષ રખાય એ પણ જયણા કરી કહેવાય. એમ ધર્મનો અનાદર, અનુત્સાહ વગેરે ન પેસવા દેવાય એ પણ જયણા થઈ. એવી રીતે શક્ય એટલી બધી વિધિ બરાબર સાચવવાનું અને ન સાચવી શકાય ત્યાં અવિધિના ખેદ સાથે વિધિની ગરજ-અપેક્ષા રાખવાનું પાકું લક્ષ રખાય એ જયણા કરી કહેવાય.

સારાંશ, આત્મહિતનો નાશ કરે, પરલોક બગાડે, નિરર્થક જીવહિંસા થાય, એવા ભાવ અને પ્રવૃત્તિથી બચવાનું જાગતું લક્ષ રખાય, એ જયણા કરી કહેવાય.

**માનવજીવન આવી જયણા પાળવા માટે અનન્ય ઉચ્ચ જીવન છે.** કેમ કે સુખદુઃખની મધ્યમ સ્થિતિ છે અને વિશિષ્ટ વિવેક બુદ્ધિશક્તિ છે. દેવભવમાં ભરપૂર સુખ-વિલાસ એટલી બધી ઘેરી અસર કરનારા મળે છે કે એ જીવને ગળિયો કરી દે છે. જીવને વિષયોથી બચાવી લેવાનું જોમ નહિ. ત્યારે નરક ગતિમાં અપરંપાર જાલિમ દુઃખ એવાં કે એમાં ક્ષણ વાર પણ શાંતિ નહિ. તેમ તિર્યંચ ગતિમાં તેવી વિવેકશક્તિ વિશિષ્ટ બુદ્ધિશક્તિ નથી. જ્યારે અહીં માનવભવે જયણા પાળવા માટે બધી અનુકૂળતા છે. આમે ય સુખ મધ્યમ હોઈ જયણાના પાલન માટે થોડા સુખ વિલાસ જતા કરવા હોય તો કરી શકાય છે. મનને સમજાવી દેવાય કે મૂક મૂક આ ગોઝારી સુખશીલિયા વૃત્તિ. આમેય કયા એવા દિવ્ય સુખ મળ્યા છે કે એમાં ગળિયો થાય છે ? થોડા જતા કરીશ એમાં બહુ ગુમાવવાનું નથી, ને જયણા પાળીશ એથી મહાન આત્મબળ, પુણ્યબળ, ધર્મબળ ને સંસ્કારમૂડી ઊભી થશે.

મૂળ વસ્તુ જયણાની કદર જોઈએ. કેમ આપણા આત્માને શકય એટલા પ્રમાણમાં હિંસાદિ પાપથી, ઇંદ્રિય-વિષયોથી, ક્રોધાદિ મેલી લાગણીઓથી, દેવ-ગુરુ-સંઘ-શાસ્ત્ર વગેરેના અવિનય આશાતનાથી વગેરે વગેરે **પાપસ્થાનકથી શક્ય એટલો બચાવી લઈએ એવી કાળજી, એવો યત્ન, યતન એ જયણા કરી કહેવાય.**

શ્રી ભગવતીસૂત્ર શું કે બીજું શાસ્ત્ર શું, એના શ્રવણની આત્મા પર અસર



લેવાની આ વાત ચાલે છે. શ્રવણ કર્યું સાર્થક ત્યારે થાય કે આત્મા એનાથી થોડા ઘણા અંશે ભાવિત થાય, એની દિલ પર અસર થાય. એ શ્રવણ કોઈ હેય વસ્તુનું હોય, ઉપાદેય વસ્તુનું જ્ઞેય, અગર જ્ઞેય તત્ત્વનું હોઈ શકે. એનો આત્માને બોધ મળ્યો, પ્રકાશ મળ્યો એટલે આત્માને એનાથી ભાવિત કરવાનો.

**ભાવિત કરવો એટલે** એની અસર ઊભી કરવી. હૃદયમાં અસર ઊભી કરવી એટલે સાંભળેલી વસ્તુ પ્રત્યે એને યોગ્ય વલણ ઊભું કરવાનું. દા.ત., શ્રવણ કોઈ પાપ-સ્થાનકના વર્ણનનું અને એની ત્યાજ્યતાનું કર્યું. તો એને યોગ્ય વલણમાં પહેલું તો એ ત્યાજ્ય તત્ત્વની વાત છે, અનર્થ કારક વસ્તુની વાત છે. માટે એ વસ્તુ અનિષ્ટ લાગે, એના પ્રત્યે આજ સુધી જીવ રુચિ-આકર્ષણ ધરતો હતો, એમાં હોંશ-હર્ષ રહેતા હતા તે હવે હૈયાનું વલણ બદલાય. હવે એના પ્રત્યે અરુચિ અણગમો-વિરોધ ઊભો થાય અને એમાં ભય લાગે. કંપ ધ્રુજારી ગ્લાની અનુભવમાં આવે. દા.ત., સાંભળ્યું કે આ આ રીતે અવિનય પાપ છે અને એ ત્યાજ્ય છે, અહિતકર છે તો આજદિન સુધી એવા એવા અવિનયના પ્રકાર પ્રત્યે નિશ્ચિત હતા, કોઈ ગ્લાની નહોતી. તે હવે એ અવિનયની પ્રત્યે અનિષ્ટતા-અરુચિ-તિરસ્કારનું વલણ ઊભું થાય. દિલને ભય લાગે કે આવા તો કઈ વાર મેં અવિનય કર્યા, તો મારું થશે શું ? કેટલાં પાપ અને કેટલો કુસંસ્કારનો જથ્થો ભેગો કર્યો ? કલેજું કંઈક કંપે, ખટકો થાય અને અવિનય આચરવા યોગ્ય નથી એવું ચોક્કસ લાગે. આનું નામ એના પ્રત્યે દિલનું વલણ બદલાયું. એ પરિવર્તન થયું એ શ્રવણની અસર થઈ કહેવાય. એવી અસર હવે જાગતી રખાય, એનું નામ દિલ શ્રવણથી ભાવિત કર્યું કહેવાય. જેવું આમાં, એવું બીજા હિંસાદિ પાપો, ઇંદ્રિયવિષયો, ક્રોધ-લોભાદિ મલીન લાગણીઓ અને આશાતનાઓના પાપસ્થાનકોનાં શ્રવણ પર દિલમાં એ પાપસ્થાનકોની પ્રત્યે ભય અરુચિનું વલણ ઊભું થાય, દિલમાં એની અસર જાગતી રહે, એ દિલને શ્રવણથી ભાવિત કર્યું કહેવાય.

આ ભાવિતતાનું પરિણામ જયણામાં આવે. મન જયણાશીલ બને, શક્ય એટલા પ્રમાણમાં એ પાપસ્થાનકથી બચવાની કાળજીવાળું બને. પહેલાં દિલ જે એના પ્રત્યે નિરપેક્ષ હતું તે હવે સાપેક્ષ બને. અકાર્ય થયું પાપ લાગ્યું. એની પરવા નહોતી, ચિંતા નહોતી એ નિરપેક્ષપણું કહેવાય. હવે એ મટી પરવા ઊભી થઈ, ચિંતા રહે છે એ સાપેક્ષપણું કહેવાય.

**સઘળા ઉપદેશના શ્રવણની સાર્થકતા આ છે કે કર્તવ્યાકર્તવ્ય પ્રત્યે સાપેક્ષ બનો, સચિંત બનો, શકય એટલા પ્રમાણમાં કર્તવ્યપાલન અને અકર્તવ્યત્યાગ તરફ**

**કાળજીવાળા, પ્રયત્નશીલ, યતનાવાળા થાઓ; અને એમાં કચાશ રહે ત્યાં દિલમાં મુંઝવણ કંપ ખેદ અનુભવો.**

એક બારી બંધ કરવી છે, દિલ જો પાપ પ્રત્યે નિરપેક્ષ નહિ હોય તો, ઝટ બારીના સંધાનની ભાગ તરફ નજર નાખશે કે કોઈ વાંદો, ગીરોલી, કરોળિયો વગેરે જીવજંતુ તો નથી ને ? નહિતર બીચારું બારી બંધ કરતા કચરાઈ જશે ! જંતુ ઝીણું હોઈ તરત નજરે ન પણ ચડ્યું, તો ય સુકોમળ કપડાના છેડાથી સાંધાના ભાગ પૂંજી લેશે જેથી જીવજંતુ હોય તો આઘુપાછું થઈ જાય, જેથી પછી બારી-બારણું બંધ કરતાં જીવ મરે નહિ. આ જીવજંતુ જોવાની કાળજી એ સાપેક્ષપણું કહેવાય એને બચાવવાના યત્ન એ જયણા કહેવાય.

એમ વાસણમાં કાંઈ પાણી વગેરે નાખવું છે, ત્યાં પણ પહેલાં એમાં જીવજંતુ જોવા તરફ અને એને બચાવવા તરફ દૃષ્ટિ એ સાપેક્ષપણું કહેવાય, જયણા કહેવાય. એવું કપડું ધોવામાં કાઢતાં પહેલાં એમાં કોઈ માંકણ વગેરે નથી ને એ જોવા તરફ અને બચાવવા તરફ દૃષ્ટિ ગઈ એ સાપેક્ષ હૃદય કહેવાય.

એમ, બોલવામાં કાળજી રખાય, પહેલું ધ્યાન જાય કે અસત્ય ન આવે, અપ્રિય ન બોલાય, કોઈને અહિતકર ન બને, એ સાપેક્ષતા કહેવાય.

એમ, કોઈની સાથેના વ્યવહારમાં આપણાથી અન્યાય, અનીતિ, વિશ્વાસભંગ વગેરે ના સેવાઈ જાય એ માટેની સચિંતતા કાળજી સાવધાની રહે એ સાપેક્ષતા કહેવાય.

એવું ક્યાંક સામે કે આજુબાજુ જુઓ છો એમાં પરસ્ત્રી તરફ રાગ-આકર્ષણથી ન જોવાઈ જાય એવી ચિંતા કાળજી સાવચેતી રખાય એ સાપેક્ષતા કહેવાય, જયણા-યતના કરી ગણાય. એમ જીવન વ્યવહારમાં બ્રહ્મચર્યની નવ વાડનો ભંગ ન થાય એની સાવચેતી રખાય એમાં દિલ સાપેક્ષ, જયણાવાળું કહેવાય.

ત્યારે પરિગ્રહપાપમાં ધ્યાન રહે કે બહુ લોભ તો નથી થતો ને ? અતિશય તૃષ્ણા તો નથી થતી ને ? મમ્મણ શેઠની મમતા તો જાગતી નથી ને ? પરિગ્રહ તો પૂર્વના પુણ્યનો ખુરદો કરે છે, ને આય-વ્યયમાં પાપસ્થાનકો સેવરાવી નવો પાપોનો ઢગ ભેગો કરાવે છે. તો એવા પરિગ્રહમાં આત્માનો શક્ય બચાવ કેમ કરું !... ઈત્યાદિ સાવધાની રહે એ સાપેક્ષતા છે. નહિતર તદ્દન નિરપેક્ષ નિષ્ઠુર નિર્ભીક હૃદય ગણાય.

ઈન્દ્રિય-વિષયોના અંગે પણ સાપેક્ષ દિલ અને જયણા જરૂરી છે. દા.ત.,



પકવાન્ન જમવા મળ્યું, ત્યાં જીભડીની ચળ અને મનની લોલુપતા ન પોષાય, ગાઢ રાગથી વાસના કુસંસ્કાર ન દૃઢ થાય, રસની કવિતા ન ગવાય, પાપના થોક ન બંધાય વગેરેની કાળજી કરવી એ સાપેક્ષતા છે. નિરપેક્ષ હૃદયને આની કોઈ ચિંતા પરવા હોતી નથી. એવું બીજા વિષયોમાં દા.ત., સંગીતના કે સન્માનના શ્રવણમાં, કપડાં, મકાન, ફર્નીચર વગેરેના ઠઠારામાં, સુંવાળા ગાદલાં વગેરેમાં, સિનેમા-નાટક, પ્રદર્શન જોવામાં, ફૂલ-અત્તર-ઈસેન્સ સુંઘવામાં વગેરે વિષયોમાં કોઈ બચાવની ચિંતા જ નહિ, પરવા જ નહિ, આંખ મીંચીને જ એમાં પ્રવર્તવાનું એ બધું નિરપેક્ષ દિલના ચાળા છે. ત્યાં 'અરે ! ગૃદ્ધિ-આસક્તિ-લંપટતા-મદ વગેરેના કુસંસ્કાર વધારે દૃઢ બને અને થોકબંધ ચીકણાં અશુભ કર્મ બંધાય, બીજી બાજુ ત્યાગ, તપ, દાન, શીલ વગેરે ધર્મ માટે જીવ નિઃસત્વ અસમર્થ નાલાયક બને !' એનો કમકમાટીભર્યો વિચાર રાખી ને એથી શક્ય એટલો આત્માને કેમ બચાવું એની કાળજી રખાય, સાવચેતી સેવાય એ સાપેક્ષતા કહેવાય, જયણા-યતના કહેવાય.

આવી જ સાપેક્ષતા દેવ-ગુરુ-ધર્મની ઉપાસના અંગે રાખવાની છે કે એમના પ્રત્યે જરાય અવિનય ન સેવાઈ જાય ! આશાતના ન થઈ જાય ! નિંદા-અવર્ણવાદ ઘસાતું બોલવાનું ન બની જાય ! તેમ બીજાની દેવ-ગુરુ-ધર્મોપાસનામાં અંતરાયભૂત ન થઈ જવાય ! આની પાકી ચીવટ, કાળજી સાવચેતી રાખવાની.

એવી સાવચેતી, ક્રોધ-લોભ, મદ-માયા, હાસ્ય-મશ્કરી, ઈર્ષ્યા-અસૂયા, વૈર-વિરોધ વગેરે મેલી લાગણીઓથી જીવને શક્ય એટલો બચાવી લેવાની કાળજી-સાવધાની રહે એ સાપેક્ષતા છે, જયણા છે. ઉપદેશ શ્રવણની અસર આ રીતે લેવાની છે.

આના કેટલાક દાખલા જુઓ -

**કુમારપાલ** મહારાજા પચાસ વરસની ઉંમર સુધી રાજા સિદ્ધરાજ જયસિંહના ભયથી રખડપટ્ટીમાં રહ્યા, પછી રાજ્યગાદી પામ્યા ને વર્ષોની જહેમતથી કેટલા દુશ્મન રાજાઓને જેર કરી ૧૮ દેશના સમ્રાટ બન્યા. હવે તો નિરાંતે સત્તા-ઠકરાઈ અને અમન-ચમનમાં જ મશગૂલ રહેવાનું મન રહે ને ? પણ ના, ગુરુ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ પાસે ધર્મનું શ્રવણ એવું કર્યું કે એ ઉપદેશથી પોતાના દિલને ભાવિત કરતા ગયા. એના પરિણામરૂપે એમણે સાપેક્ષતા કેવી કેળવી ? એ જયણાશીલ કેવા બન્યા ? કે ભલે રાજ્યના સંરક્ષણ અર્થે ૧૧ લાખ ઘોડા રાખ્યા છે, પરંતુ એને પાણી ગાળેલું જ પાવાનો પાકો પ્રબંધ રાખ્યો. બોલો આજે શ્રાવકના જનાવરને શું,

પણ શ્રાવકના સંતાનને અળગણ પાણી ન જ વાપરવા ન જ પીવાનો આગ્રહ છે ? ના, જયણાધર્મ અને સાપેક્ષ હૃદય, કે જે જૈનશાસનની અનેરી બક્ષીસ છે, મહામૂલ્યવંતો ધર્મ છે, એની ગમ જ નથી, ગમ છે તો કદર નથી.

પ્ર. કળિયુગની બલિહારી છે ને ?

ઉ. કળિયુગ તો કુમારપાળ રાજાના વખતે પણ હતો. તો એમને કેમ ન નડ્યો ? કેમ એ ભાન ભૂલા ન બન્યા ? માટે બલિહારી કળિયુગની ના માનો, પણ નીતરતા ભૌતિક જડવાદી વાતાવરણની અંજામણની સમજો. એમાં ખોટાં અંજાઈ જાઓ છો, એને કિંમતી લેખો છો, માટે આજે સામાન્ય પણ જયણા ગઈ, દિલ સાપેક્ષ મટી, પાપ-નિરપેક્ષ બની ગયું. કાચા પાણીના અસંખ્ય જીવ તો મરે, પણ એને ગાળીને જે સૂક્ષ્મ ત્રસ બચાવી શકાય એમ છે, એને ય હોઈયાં કરી જવામાં કે નહાવા-ધોવામાં કચડી નાખવામાં દિલને કોઈ ક્ષોભ નથી. અરેરાટી નથી, દયા નથી. જડવાદી ભૌતિક લાલ-પીળાનાં અંજામણ ફગાવી દો અને જિનવાણી કે જે આ જગતમાં અતિ અતિ દુર્લભ છે અને અનંત કલ્યાણસાધક છે, એનાં અંજામણ દિલ પર ધરો જો, પછી જુઓ કેવા સાપેક્ષ અને જયણાશીલ બની જવાય છે ! ૧૮ દેશના માલિક મહારાજા કુમારપાળને હૃદય પર જિનવચનના અંજામણ લાગી ગયાં હતાં. એમને મન 'શી વાત જિનવચન ! કેવાં અમૂલ્ય, કેવાં વિશ્વહિતકર, કેવાં સંસારોચ્છેદક જિનેન્દ્ર પરમાત્માનાં વચન !' દિલને આ અહો અહો, આ સંભ્રમ આ અંજામણ જિનવચનનાં હોય એટલે પછી સહેજે એના કહેલ માર્ગ તરફ હૈયું સાપેક્ષ બને જ. તમે પણ આ ઊભું કરો, જિનવચનને સર્વશ્રેષ્ઠ અને એક જ તરણતારણ તથા શરણ કરવા યોગ્ય માનો, તો તમે પણ એવા બનવા લાગશો. ભૂલશો નહિ, જગતનાં ધન-માલ વગેરે તો ઘણું મળે, પણ જિનવચન મળવાં અતિ બહુ કઠિન છે. એ મળ્યાં છે તો હવે આજની ગમે તેવી ભૌતિક વિજ્ઞાનની શોધો અને સગવડોથી અંજાવાનું શું ?

**જિનવચનના અંજામણ મહાકર્તવ્ય છે ! મહારક્ષક છે !**

મહારાજા કુમારપાળનું જિનવચન-જિનશાસન પ્રત્યેનું આકર્ષણ કેવું અને એના પર સાપેક્ષતા તથા જયણા કેવી કે પોતાને લડાઈ લડવા જવું છે એ માટે ઘોડા પર સવારી કરતાં પહેલાં ઘોડાના પલાણને સુંવાળી પૂંજણીથી પૂંજી લેવાનું, જેથી કોઈ નિર્દોષ-નિરપરાધી જીવ ન મરે ! કેવી સ્વ-પરરક્ષાની જયણા ! જિનવચનનું અંજામણ એ કરાવે છે. ગુરુ પાસે શાસ્ત્રશ્રવણ કરીને એ મેળવ્યું છે.



## ૭. લોકસંજ્ઞાના અંજામણ

**માણસ લોકસંજ્ઞાના અંજામણમાં ભૂલે છે.** અનાદિ આ ભવ પર્યટનમાં કેમ જાણે લોકે લોકસંજ્ઞાએ બાહ્યભાવે જીવના મન પર જાદુ કર્યો છે, કામણ કર્યા છે એટલે જીવ એ તરફ ખેંચાય છે. કામણ વશીકરણ એ જ કરે છે ને ? જીવની પ્રજ્ઞાને દબાવી એવો પરવશ કરે છે કે એ સહેજે સહેજે એ તરફ ખેંચાય છે. સામાથી એવો એ અંજાઈ ગયો છે કે એને જ એ દેખે. જીવનું અહીં એવું જ બને છે. લોકસંજ્ઞાનું અંજામણ જીવને એની તરફ જ તાણે છે. કુમારપાળને જો એ અંજામણ હોત તો સંગ્રામ માટે નીકળવા વખતે એ જોયું હોત કે ઘોડાના પલાણને પુંજણીથી પુંજી લેવા અંગે આજુબાજુ ઊભેલા સામંત રાજાઓ અમલદારો વગેરે શું માનત ? એ લોકો કાંઈ એવા જિનશાસનના પરિચિત નહિ, પરમાર્થ દૃષ્ટિવાળા નહિ, તેથી હાંસી કરત કે 'મોટા પંચેન્દ્રિય મનુષ્યજીવોના ઘાતની લડાઈ લડવા જવા વખતે આ નાના જીવની રક્ષાનું પુંજવા પ્રમાર્જવાનું શું ?' અને ખરેખર એક સામંત રાજા પાછળથી મશ્કરીમાં હસ્યો ય ખરો. પરંતુ કુમારપાળ મહારાજાને એવા લોકનું લોકસંજ્ઞાનું અંજામણ નહોતું. ગુરુ પાસેથી જિનવચનનું શ્રવણ કરીને એની એવી અસર લીધી છે કે હવે જાણે જિનવચને એમના પર જાદુ કર્યો છે કે કામણ વશીકરણ કર્યું છે તે એને જ સર્વસ્વ દેખે છે. કહો જિનેશ્વર ભગવંતે જ જાણે કુમારપાળના મન પર જાદુ-કામણ-વશીકરણ કર્યું છે તે એ એમના વચન તરફ સહેજે સહેજે ખેંચાય છે. જિનનું જિનના વચનનું કુમારપાળના મન પર મોટું અંજામણ છે, તે હવે શાના લોકથી લોકસંજ્ઞાથી અંજાય ? એટલે જ લોકોને શું લાગશે એની પરવા કર્યા વિના ઘોડાના પલાણને પુંજણીથી પુંજી લે છે. ત્યાં એક સામંત રાજાને હસવું આવવા પર એ સમજી ગયા. એને આગળ બોલાવી એના પગ પર પોતાનો પગ મૂકી ભાલો આરપાર ઉતાર્યો. જ્યાં પોતાનો પગ વીંધી ભાલો પોતાના પગને વીંધવા ગયો ત્યાં એ કમકમે છે.

કુમારપાળ કહે છે, 'કેમ ભાઈ ! લડાઈમાં ભાલા ખાવા પડશે તો એ ખાવાની થોડી તાલિમ અહીં લેવી જોઈએ ને ?'

પેલો કહે, 'મહારાજ ! એની તે તાલિમ લેવાની હોય ?' તો પછી લડાઈમાં મોટા જીવ મારવા પડશે માટે અહીં નાના જીવ મારવાની તાલિમ લેવી પડે ખરી ? મૂર્ખ ! તને શું ખબર નથી કે લડાઈમાં તો સામે અપરાધી શત્રુ આવે છે એટલે આપણી સંસાર-લાલસાએ એને મારવા પડે છે, પરંતુ નાના જંતુનો શો ગુનો તે અહીં પલાણ પર તો બિચારા નિરપરાધી નાના જીવ બેઠા હોય, તે એને શું વગર

વાંકે કચડી નાખવાના ? આ તને વગર વાંકે સહેજ ભાલાની અણી વાગે એ નથી ગમતું, તો એ નાના જીવોને આખા પ્રાણના નાશ થઈ જાય એ ગમે ? આપણા પ્રમાદથી એને કચડી નાખવાના ? સામંત રાજા તરત સમજી ગયો. મહારાજા કુમારપાળનો ઉચ્ચ વિવેક, ઊંચી જાગૃતિ અને સાચી જીવદયા પર ઓવારી ગયો, તરત પગમાં પડી ક્ષમા માંગે છે, ને કુમારપાળની પ્રશંસા કરે છે.

વાત આ છે કે **લોકના અંજામણ મન પરથી કાઢી નાખી જિનનાં અને જિનવચનનાં અંજામણ ધરો.** જિનવચનને સાપેક્ષ બનો. એની જરાય અવગણના, બેપરવા, વિસ્મરણ થાય નહિ. એ જિનવચનને બંધાયા રહેવાનો અપેક્ષાભાવ જયણાના મહાધર્મને સુલભ કરે છે.

**મદાંધ જુલ્મી દત્ત રાજા** કાલિકસૂરિજી મહારાજને સભામાં બોલાવી પૂછે છે, 'બોલો યજ્ઞનું શું ફળ ?'

આચાર્ય મહારાજ કહે છે, **'યજ્ઞનું ફળ હિંસા.'**

રાજા પૂછે, 'હિંસાનું ફળ શું ?'

અહીં આચાર્ય મહારાજના મન પર રાજા કે લોકોનું અંજામણ નથી. એમના મન પર તો જિનવચનનું અંજામણ છે. 'શી વાત જિનવચન એટલે ! કેવા અહોભાગ્ય કે આ વિશ્વમાં અત્યંત દુર્લભ એવાં જિનવચન મળ્યાં ! બસ, મારે તો પ્રાણ નહિ પણ એ જિનવચન જ સર્વસ્વ.' આવાં એના અંજામણથી એના તરફ ખેંચાયા ઉત્તર કરે છે કે -

**'હિંસાનું ફળ નરક.'**

આ ઉત્તર કરતાં ભીતિ નથી કે એથી યજ્ઞમાં હિંસા કરનારો રાજા એને નરકગામિતાની ગાળ લાગવાથી ગુસ્સે થઈ કંઈ કરી નાખશે તો ? આવો કોઈ ભય નથી. કેમકે ભય તો પોતાના શરીર પર જુલ્મ આવે એનો ને ? પરંતુ પોતાની કાયાનું ય એવું અંજામણ નથી જેવું જિનવચનનું અંજામણ છે.

રાજા ગુસ્સે થઈ કહે છે, 'તો શું હું નરકગામી ? ત્યારે તમે ક્યાં જશો ?

કાલિકસૂરિજી મહારાજ કહે છે, 'અમારે તો અહિંસાથી સ્વર્ગે જવાનું.'

રાજા કહે, 'મારી નરકગામિતાની ખાતરી શી ?' આચાર્ય મહારાજ કહે છે, 'એની ખાતરી એ કે તું આજથી સાતમે દિને ઘોડા પર બેઠે તારા મોંઢામાં વિષ્ટાનો કણિયો પડશે ને તું કમોતે મરીશ.'

રાજાને ગુસ્સાનો પાર નથી. પણ કરે શું ? છતાં કહે છે, 'તમને સાત



દિવસ અટકાયતમાં રાખીશ. જો તમારું વચન ખોટું પડ્યું તો તમને દેહાંત દંડની સજા મળશે !'

બસ, રાખ્યા આચાર્ય મહારાજને અટકાયતમાં. રાજા પણ મહેલમાં ભરાઈ બેસે છે રખે ને ક્યાંકથી મોંઢામાં વિષ્ટાનો કણિયો પડે તો ? દિવસ છ પસાર થઈ ગયા, પણ રાજા એ ભ્રમણાથી માની લીધું કે સાત દિન વીતી ગયા, તે હવે ખુશ થતો કાલિક સૂરિજી મહારાજની ખબર લઈ નાખવા બહાર નીકળ્યો. મદાંધપણામાં ઘોડા પર બેસી એને જોરથી દોડાવતો ચાલ્યો.

**રાજાના મોંમા વિષ્ટાનો કણિયો :**

હવે અહીં બન્યું એવું કે રાજાનો માળી વહેલી પરોઢે ફૂલ આપવા આવતો હતો એને વડી સંજ્ઞાની જોરદાર હાજત લાગી, તે રસ્તા વચ્ચે જ એણે અંધારાનો લાભ લઈ હાજત ટાળી ને પોતાની વિષ્ટાના પોદરા ઉપર ફૂલ પાથરી દીધા ને ત્યાંથી ચાલ્યો ગયો. બસ, હવે રાજા ઘોડો દોડાવતો એ જ રસ્તે નીકળ્યો છે તે ચારે પગે કૂદતા ઘોડાનો પગ પેલા પોદરા પર પડવાથી વિષ્ટાના કણ ઊછળીને જાય રાજાના મોંઢામાં.

ત્યાં ખટ્ રાજા ગભરાયો. લાગ્યું કે પોતે દિવસ ગણવામાં ભૂલ્યો અને સૂરિજીનું વચન સાચું પડ્યું. પણ હવે આગળ જતાં ક્યાંક મૃત્યુ ન આવે માટે મહેલ તરફ પાછો ફરે છે.

અહીં બન્યું કે એના જુલ્મથી મંત્રી અમલદારો ત્રાસી ગયા છે. રાજા સામે બળવો કરવાની તાલાવેલીમાં છે. તેની તૈયારી પણ કરી લીધી છે. તે જેવો રાજા પાછો આવ્યો કે તરત એને સિપાઈઓએ પકડી લઈ ખતમ કરી નાખ્યો. આચાર્ય મહારાજનો યશવાદ ગવાઈ ગયો.

કાલિકસૂરિજી મહારાજ જિનવચનથી અંજાયેલા હતા, જિનવચન પ્રત્યે સાપેક્ષ ભાવવાળા હતા. તેથી અવસરે સત્ય પ્રકાશમાં ડર્યા નહિ.

વાત આ છે કે મનમાં કેઈ કેઈ વાતોના અંજામણ લાગી ગયા હોય છે. એ જગતના જીવોમાં આપણે ઘણા રંગ જોઈએ છીએ અને આપણા જીવનમાં પણ અનંતા સંસારકાળમાં અનુભવ્યું છે. તે જીવનમાં કોઈ અન્નદાતાના, કોઈ શેઠના, કોઈ રક્ષકના, કોઈ સેવાકારકના, કોઈ જોષીના કે કોઈ વૈદ ડૉક્ટરનાં અંજામણ મન પર ધર્યા છે. આજે દેખાય છે ને કે કોઈ કહે છે, 'ભાઈ ! મારે તો આ ડૉક્ટરની દવા પર ગાડું બરાબર ચાલે છે.' બીજો કહે છે, 'આપણે તો પેલા જ્યોતિષીએ કાઢી આપેલ વરતારા બરાબર બનતા આવે છે. ત્યારે કોઈને સારો નોકર મુનીમ

મળી ગયા પર ઇતબાર છે. બીજાને વળી સારી પત્ની મળી ગયા પર ભારે હુંફ છે. આ શું ? પાકાં અંજામણ.

સવાલ માત્ર આ છે કે જિનવચનનું અંજામણ ક્યાંય ધર્યું ? શ્રી ભગવતીજી સૂત્ર સાંભળવું છે ને ? એ સાંભળેલું સફળ ક્યારે થાય ? સાંભળવા પર ભાવોલ્લાસ કેવી રીતે જાગે ? જિનવચનનું ભારે અંજામણ મન પર વસ્યું હોય તો જ તો. પરમ તારક, પરમ કલ્યાણકર, પરમ રક્ષા-શરણાદાયી, જિનવચનથી મન એવું અંજાઈ ગયું હોય, પ્રભાવિત બન્યું હોય, વશીભૂત થયું હોય, મનને લાગ્યા કરે કે આ સંસારમાં સારભૂત જિનવચન છે, સત્ત્વ-જોમ, શાંતિ-સમાધિ, પુણ્યબળ અને બાદશાહી આપનાર કોઈ હોય તો તે જિનવચન જ છે. એને જ જીવનસૂત્ર બનાવવામાં એકાંતે વિજય છે, વિઘ્નોનો નાશ જ થતો આવે છે, મહાન કર્મ જંજીરો તૂટતી આવે છે. એ કાર્ય ધન, માલ, પરિવાર, પ્રતિષ્ઠા કે આપણી આંતરિક ક્રોધ, લોભ, માન, મદ, ભય કે માયા વગેરેથી શક્ય નથી ત્યારે જ જ્યાં મોકો આવે ત્યાં એ બધાંની આશા બાજુએ મૂકી બંધન કોરાણે રાખી મારે તો જિનવચનનું જ શરણ લેવાનું.

**સાજન વણિકને** છીપાના ઘરમાં ભાડે રહેતાં પ્રસંગવશ એના વાડામાં ખોદતા સોનાની કઢાઈ નીકળી આવી. અહીં જો ધનનું અંજામણ મન પર હોત તો, તો મનને થાત કે ચાલો ફાવી પડ્યા ! ઘર છીપાનું ને માલ ઘરમાં છૂપાયેલો, પણ ભાગ્ય આપણા ઉઘડી ગયા કે કોઈ જાણે નહિ ને ભાડવાતગીરીમાં આપણને એ માલ મળી ગયો. બસ એને ઘાલી દો આપણી તિજોરીમાં ! લક્ષ્મીનું અંજામણ હોત તો સોનાની કઢાઈ પચી કરી દેત, પરંતુ ના. એને અંજામણ હતું જિનવચનનું અને જિનવચન તો કહે છે, ચોરી-અન્યાય, અનીતિ ન કરીશ. એનો માલ પચશે નહિ પણ ફૂટી નીકળશે. **'ચોરીનું ધન ન રહે ઘરમાં, ચોર સદા ભૂખે મરે.'** જે પુણ્યે આવો ઊંચો માનવભવ આપ્યો છે, એનું સહચારી પુણ્ય ખાવા જેટલું તો આપી દેશે અને એટલુંય પુણ્ય નહિ હોય તો લાખ અનીતિ કરવા છતાં ખાવા જેટલુંય નહિ પામે. માટે અધિક મેળવવાના લોભમાં ચોરી અનીતિથી આ સુવર્ણજીવનની માટી ન કરીશ. ધ્યાન રાખજે કે ચકચકતા સોનૈયા કિંમતી નથી, કિંમતી તો તારું પવિત્ર હૃદય છે. એના પર જ બીજા લખલૂટ લાભદાયી ગુણો અને શુભ અધ્યવસાયો શુભ ચિત્તભાવો ઊભા કરી શકાય છે. માટે પવિત્ર દિલ પહેલું સાચવવાનું. સમજી રાખવાનું કે હૈયું નિર્મળ રાખ્યું હશે તો જ બીજા શુભ ભાવો કમાઈ શકાશે, સદ્‌ગુણો સગાં થશે. માટે ધનના ખોટા લોભમાં હૃદય મેલું અપવિત્ર નથી કરવું.'



જિનવચન આ કહે છે. એનાથી અંજાયેલું મન એના આદેશ પર જ મદાર રાખી પ્રવર્તવાનું. સાજન એ કરે છે અને સોનાની કઢાઈ ચાઉં કરવાનું જરાય મન જ થતું નથી. એ લઈને ઊઠ્યો ભાડાનો ઘરમાલિક છીપા પાસે અને એને કહે છે, 'લો આ તમારા ઘરમાંથી નીકળેલી સોનાની કઢાઈ ખોદતાં મળી આવી છે.'

ત્યારે છીપો ય જબરો નીકળ્યો. એ કહે, 'ના, મારી શેની ? મારા ભાગ્યમાં હોત તો હું ઘર ભોગવતો હતો ત્યારે જ મળી હોત ને ? મકાન તો હાલ તમારા તાબામાં છે, ને મળી આવી છે માટે હકપૂર્વક ઘર ભોગવો એમ આ પણ ભોગવો.'

બસ, બંને વચ્ચે ન લેવાની ખેંચા ખેંચ ચાલી. એકે ય રાખી લેવા તૈયાર નહિ ! શું સોનાની કઢાઈ ? આજે સગા બે ભાઈ વચ્ચેય બે વાસણ તાણી લેવાની લડાઈ ચાલે છે ને અહીં સોનાની કઢાઈ પણ ન લેવાની ખેંચાખેચ ચાલે છે ! બસ કેસ પહોંચ્યો રાજા સિદ્ધરાજ જયસિંહ પાસે. આ એમાંથી પરિણામ એ આવ્યું કે રાજાએ સાજનને પોતાનો દંડનાયક મંત્રી બનાવ્યો અને સામંત રાજાઓ પાસેથી ખંડણીઓ ઉઘરાવવાનું કામ સોંપ્યું. પ્રમાણિકતા જોઈ ને ?

## ૮. જિનવચનના અંજામણ

જિનવચનનાં અંજામણ અન્યાય અનીતિથી બચાવે છે. એમ દુરાચારથી રક્ષણ કરે છે, ચાહે બીજે ગમે તેવી આપત્તિ આવે. સુદર્શન શેઠને જાણો છો ને ?

**સુદર્શન શેઠે** શું કર્યું ? મિત્ર પત્ની કપિલાએ પોતાના ઘરમાં 'તમારા મિત્ર માંદા છે જોવા ચાલો' એમ જૂઠું હંકારી ઘેર બોલાવીને એકાંત ઓરડામાં દ્વાર બંધ કરી દઈ ભોગની માગણી કરી. વિષય મોજ માણી લેવાની તક છે ને ? ચાલે છે આવું દુનિયામાં. પિયરથી સાસરે જવા જાય ને રસ્તામાં સાગ્રીતનો લાભ લેવાય. કોણ હિસાબ રાખવાનું હતું કે ક્યારે નીકળી પિયરથી ને ક્યારે પહોંચી સાસરે ? એમ ધણી ગયો છે ધંધાર્થે ને પાડોશી બપોરે ભોજન-આરામ અર્થે ઘેર આવ્યો છે. મકાન જોડે જોડે એવા છે કે ઉપરના માળ, અગાશી બારણા વગેરેથી સીધા એકથી બીજામાં જઈ શકાય છે પછી અનર્થ ચાલ્યા કરે. શેઠાણી કોઈ કાર્યનાં બહાને ગુમાસ્તા પત્નીને ઘેર બોલાવે છે અને પછી પોતે શેઠના કારસ્તાનમાં સામેલ છે. અનર્થ ચાલતાં શી વાર ? કોણ બચાવશે આર્ય પ્રજાને ? સંતતિ નિયમનનાં સાધન સગવડ વધ્યા પછી આજના કોલેજિયન સાથે ભણતા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓની કઈ દશા છે ? સાથે લેસન કરવાના બહાને, નોટચોપડી એકબીજાના ઘેર લેવા જવાના બહાને, ફરવા જવા, સભા મેળાવડામાં જવા કે સિનેમા જોવા જવાના બહાને શા

અનર્થો નહિ થતા હોય ?

કપિલાએ જાળમાં સુદર્શનને ફસાવ્યા, પરંતુ એ તો સાવધાન છે. જિનવચનથી અંજાયેલા છે, વિષયરંગથી નહિ અને જિનવચન તો કહે છે કે

**'સાધુ અને શ્રાવક તણાં વ્રત છે સુખદાઈ**

**શીલ વિના વ્રત જાણજો કુસકાસમ ભાઈ રે, શીલસમો વ્રત કો નહિ.'**

કઠોર વ્રતોનું પાલન હોય, ઘોર તપસ્યા હોય, અગાધ શાસ્ત્રબોધ હોય, પરંતુ જો શીલ ન હોય, તો એ બધું કુશકી જેવું છે. એનું કારણ એ છે કે શીલની બેપરવાહીમાં અને કુશીલની વૃત્તિમાં મૂળ હૃદય જ અપવિત્ર રહે છે, પછી અપવિત્ર દિલની વ્રત-તપ-જ્ઞાનની વૃત્તિઓ શી રીતે પવિત્ર હોય ? વળી કુશીલનું પાપ એવું ખતરનાક છે કે એને મનમાં ઘાલો એટલે એ બાબતનો સંતાપ રહે નહિ, દિલ જઈ જઈને કુશીલ પાપ તરફ ખેંચાયા કરે, વિચાર સરણી મેલી ને મેલી રહ્યા કરે. પછી એવા એ તરફ ખેંચાઈ ગયેલું મન વ્રત આદિમાં ઠરી શકે નહિ. ત્યારે મુખ્ય કિંમત હૃદયની પવિત્રતાની છે. હૃદયને મલીન અને એવા પ્રત્યે આકર્ષાયેલું રાખવું હોય, પછી સારું તત્ત્વ ભલે કાયા કે વાણીમાં ઉતાર્યું પરંતુ એ હૃદયમાં ક્યાંથી પ્રવેશી શકે ? માટે જિનવચન આ કહે છે કે

**'મૂળ વિના તરુવર જેહવા, ગુણ વિના લાલ કમાન**

**શીલ વિના વ્રત એહવાં, ભાખે શ્રી વર્ધમાન રે, શીલ સમું વ્રત કો નહિ.'**

સુદર્શન શેઠને જિનવચનનું અંજામણ છે. એનો રંગ છે, એટલે એકાંતમાં યુવાન સ્ત્રી એની મેળે આગ્રહપૂર્વક પ્રાર્થના કરતી ઊભી છે, છતાં એની કોઈ જ લલચામણ નથી, આકર્ષણ નથી. એમાં ભોગસુખને ઝેર સમજે છે. નરકની કાતિલ કટારી દેખે છે, ધીખતી ભઠ્ઠી લેખે છે. ધર્મ એમાં પડવામાં જિનવચનનો ભયંકર ભંગ અને બધા વ્રત, નિયમ, ધર્મ, સુકૃતો ઉપર કાજળનો કૂચડો ફરી વળવાનું દેખે છે. એ કાંઈ આ માનવ અવતારે પોષાય એવું નથી. કેમકે અહીં ચૂક્યા એટલે તો પછી હલકા ભાવ અને હલકી કુશીલ અને બીજાં દુષ્ટ દુષ્કૃત્યોની પરંપરા જ ચાલે ! ત્યાં પાછું એની ખરાબી સમજાવનારે ય ન મળે અને જાતે એની ગંધ પણ ન આવે ! એટલે આંખ મીંચીને દુ:શીલ-દુષ્કૃત્યો અને દુષ્ટ વૃત્તિઓમાં ડૂબી જ જવાનું રહે. એટલે પછી ખલાસ ! નરક નિગોદાદિ દુર્ગતિઓમાં ભટકતા થઈ જવાનું ! અસંખ્ય કાળે પણ છૂટકારો મુશ્કેલ ! અહીંના ક્ષણિક ક્ષુદ્ર કુશીલસંગના સુખ માટે આ ભયાનકતા કોણ ઊભી કરે ?



સુદર્શન શેઠને આ ફાંસામાંથી બચવું છે, ને પેલી બાઈ ધર્મની હીલના ન કરાવે એ પણ સાચવવું છે. એટલે એને કહે છે, 'અરે ! તું ભૂલી પડી. હું તો નપુંસક છું.'

સાંભળતાં જ કપિલા ઝંખવાણી પડી ગઈ. તરત જ કહે છે, 'એમ ? તો તો જાઓ, કોઈને આ કહેશો નહિ.'

બસ, સુદર્શન છૂટી ગયા ને મનમાં ગાંઠ વાળી કે એકલી સ્ત્રીવાળા મકાનમાં જવું ય નહિ, ને ઊભા ય ન રહેવું.

સુદર્શનનો જિનવચન પરનો રંગ કેવો ? એ જરા આગળ પણ જુઓ, કપિલા રાજરાણી અભયાની સખી હતી. એણે એને વાત કરી ત્યારે અભયા કહે છે, 'ઘેલી રે ઘેલી ! સુદર્શન તને બનાવી ગયો ! એ નપુંસક નથી, એને તો છ છોકરા છે. મૂર્ખી ! આવડત જ નહિ નહિતર હાથમાં આવેલો જતો કરાય ?'

કપિલાને ટોણો લાગ્યો. એ કહે છે, 'હવે તમારામાં આવડત છે તે જોઈશું.' અભયા કહે છે, 'એમાં શું ? હું તને બતાવીશ.'

કપિલા કહે, 'શું બતાવશો ? હવે તો એ શિખાઈ ગયો. તમારે ત્યાં એય આવે જ શાનો ? કે તમારાથી એને ત્યાં એકાંતમાં મળાય જ શાનું ?'

અભયા કહે, 'ધીરી પડ, તું તો સાવ ભોળી. એના રસ્તા જુદા અવસરે કરી દેખાડીશ.' બસ અભયાએ પેંતરો રચ્યો. સુદર્શનની તપાસ કરાવી કે એ એકલા ક્યાં મળે ? પત્તો લાગ્યો કે પર્વતિથિએ શૂન્ય ઘરમાં ધ્યાનમાં રહે છે. પછી એણે સુદર્શનના દેહ પ્રમાણ સોને મઢેલું એક પૂતળું કરાવ્યું ને બરાબર પોષધની રાતમાં માણસો પાસે બહારથી એ પૂતળું મંગાવ્યું. માણસો રાણીના મહેલ પર લઈ આવતાં નીચે દરવાન પૂછે છે, 'આ શું ઢાંકીને લઈ જાઓ છો ?' પેલા કહે છે, 'આજે રાણી સાહેબને કામદેવની પૂજા વિધિ કરવાની છે તે એમની મૂર્તિ લઈ જઈએ છીએ, લો જૂઓ.' એમ કહીને પૂતળા ઉપર ઢાંકેલું કપડું ખસેડીને બતાવે છે.

પૂતળું અંદર જવા દીધું. થોડીવાર પછી એને ફૂલહારથી શણગાર કરી બહાર કાઢ્યું. ગામ બહાર લઈ ગયા. ધોઈને પાછું લાવ્યા. વળી દરવાને પૂછતાં એ જ ઉત્તર. અંદર લઈ જઈ એ જ વિધિ, એ જ પ્રમાણે પાછું ગામ બહાર. વળી ત્રીજી વાર લઈ આવ્યા. દરવાને પૂછતાં કહે છે, 'એ જ કામદેવની મૂર્તિ છે. લો જોવી હોય તો જુઓ. આ તો અનેક પૂજાઓની વિધિ હોવાથી લાવવી લઈ જવી પડશે.'

હવે દરવાન જોવાનું માંડી વાળે છે. એટલે પેલા નિશ્ચિન્ત થયા પછી પૂતળાને બદલે આખા ને આખા ધ્યાનમાં ઊભેલાં સુદર્શન શેઠને કપડામાં ઢાંકી ઉપાડી લાવે છે. અહીં દરવાન કાંઈ પૂછતો નથી. તે ક્ષેમકુશળ સુદર્શનને રાણીની સામે ખડા કરી દીધા ને માણસો ગયા. તે ભલું હશે તો પોતાનામાં એક માણસને જ કપડે ઢાંકી બહાર લઈ ગયા હશે, જેથી દરવાન જાણે કે મૂર્તિ ગઈ.

અહીં રૂપ-સૌંદર્યવાળા સુદર્શનને જોઈ રાણી વધારે કામવિહ્વળ બની. શેઠની આગળ હાવભાવ કરતી પ્રાર્થના કરે છે.

'શેઠ ! આ ખરો અવસર મળ્યો છે. લહાવો લો. હું તૈયાર છું. અહીં એકાંત છે. મારા જેવી એક રાણી તમારી સેવામાં છે.' બોલતી જાય છે ને પવૈયાને પાનો ચઢે એમ કામચેષ્ટા, અંગપ્રદર્શન અને આંખના કટાક્ષ લગાવતી જાય છે. આજુબાજુ વાતાવરણ પણ વિલાસભર્યું છે. રાત્રિનો સમય છે અને રાણી પાછી કહે છે, 'માની જાઓ, ફાવે એટલો વિલાસ કરો, મારી આગ બુઝાવો, નહિતર તમને ફજેત કરીશ તો રાજા તમને ગરદને મારશે. રંગરાગ ખેલશો, તો ક્ષેમકુશળ તમને બહાર પહોંચતા કરીશ.'

છે કાંઈ બાકી ? રાજાની રાણી અને એકાંતમાં સામે ઊઠીને કરગરે છે. ભલભલાને પિગળાવી નાખે. વાસના-વિવશ કરી નાખે, એવી એની ચેષ્ટાઓ છે, પરંતુ આ તો સુદર્શન છે, જિનવચનથી અંજાઈ ગયેલા દિલવાળો છે. એને મન વિષયો હળાહળ છે. કુશીલસેવન વિટંબણા છે, ચામડાની રમત મૂર્ખચેષ્ટા છે. કૂતરા-કૂતરીના ખેલ છે. ઉચ્ચ માનવના અવતારે એ એપાછું પશુ ક્રીડામાં કાં જવું ? સુદર્શનને લેશમાત્ર વિકાર નથી થતો.

મનને નિર્ધાર છે કે, 'મારે મોહનું નથી માનવાનું, જિનનું જ માનવાનું છે.' પ્રસંગ આવતા પહેલેથી સતત ભાવના ભાવ્યા કરી હોય કે ગમે તેવા સંયોગ આવી લાગો, એકાંતમાં મોટી ઇંદ્રાણી જેવી યુવતી ગમે તેવા હાવભાવ દેખાડતી હો, પરંતુ હું એને પશુક્રિયા પશુચેષ્ટા સમજું છું. બાલિશ ગદ્ધાગીરી દેખું છું. મારે મારા આત્માને એની સાથે કશું લાગતું વળગતું નથી. ખુદ મારા અંગો સાથે કશું લાગતું વળગતું નથી. હું નિર્વિકાર શુદ્ધ જ્ઞાનમય આત્મા છું. શુદ્ધ જ્યોતિમય મારે કાયાના સુખદ, દુઃખદ સ્પર્શ કે ઇંદ્રિયોના ઇષ્ટ-અનિષ્ટ વિષયો સાથે શું લાગે વળગે ?... આવી વારંવાર ભાવના કરવાનું રાખ્યું હોય, તો એ અવસરે જવાબ આપે.

સુદર્શન શેઠને તદન નિર્વિકાર જોયા, શરીરનું એક રૂંવાડું ય ન ફરકયાનું



જોયું ત્યારે હારેલી રાણી વિફરી, પોતાના હાથે પોતાના ઝટિયા તાણ્યા, શરીર પર નહોરિયા ખણ્યા ને બૂમ મારી, 'દોડો દોડો કોઈ દુષ્ટ મારા પર આક્રમણ કરે છે.'

સુદર્શન શેઠે તો પહેલેથી સમજી મૂક્યું હતું કે રાણી જાય તો કેટલી હદના તોફાન સુધી જાય. તેથી ગભરાવવાનું નથી, શીલરક્ષા પાછળ પ્રાણ પણ જતા કરવા પડે તો તૈયારી છે. તેથી શાંત ધ્યાનમાં ઊભા છે. સિપાઈઓ દોડતા આવી એમને પકડી અટકમાં રાખી સવારે રાજા પાસે હાજર કરે છે.

રાણી કહે છે, 'જુઓ આ દુષ્ટ મારા શરીર પર ધસી આવી આ મને લહુરિયા ભર્યા. સારું થયું કે સિપાઈઓ આવી ગયા. નહિતર કોણ જાણે આ દુષ્ટ શું ય કરત ? મારે તો શીલભંગ પહેલા જીભ કચડીને મરવાનો સમય આવત.

રાજા ન્યાયી છે. એક પક્ષનું ગમે તેવું યુક્તિયુક્ત સાંભળીને પણ દોરવાઈ જાય એવો નથી. એમાં વળી આ તો સામે પ્રસિદ્ધ સુદર્શન શેઠ છે. એટલે એકદમ રાણીનું સાચું શાનો માની લે ? તેથી સુદર્શનને પૂછે છે, 'શેઠ ! આ શું છે ? મારે તો બંને પક્ષનું સાંભળી ન્યાય તોળવાનો છે ? તો કહો અહીં શી રીતે આવ્યા ? કેમ આવ્યા ? ને શું કર્યું તમે ?'

હવે અહીં જુઓ શેઠ કેવા જિનવચનની ધારાએ ચાલે છે. એ જુએ છે કે જો હું સત્ય હકીકત કહું, તો રાજા આજુબાજુ તપાસ કરે, તો સંભવ છે રાણીનો પ્રપંચ ખુલ્લો પડે ને તેથી રાજા એને ભયંકર સજા કરે. મારે ચોથું વ્રત તો સચવાઈ ગયું, પણ પહેલા અહિંસાવ્રતના હિસાબે રાણીના કષ્ટમાં નિમિત્ત કાં બનવું ? માટે મારું ગમે તે થાઓ મારે મૌન રાખવું એ જ શ્રેયસ્કર છે.

શું કર્યું આ ? જિનવચનનો પાકો રંગ છે, ને જિનવચન કહે છે કોઈની હિંસા ન કરો, બીજાને દુઃખ કષ્ટ થાય એવું ન આચરો, ન બોલો. એમાં નિમિત્ત ન થાઓ.' બસ તો પછી આ અસાર જીવનમાંથી એ સાર પકડી લેવાનો.

શેઠ ફરીથી પૂછવા છતાં કાંઈ બોલતા નથી. એટલે રાજા કહે છે, 'જુઓ આ પરથી સાબિત થાય છે કે તમે ગુનેગાર હોઈ બોલતા નથી. માટે તમને અવળે ગધેડે ચડાવી તમારા ગુનાની જાહેરાત કરતાં શૂળીએ લઈ જવાની અને શૂળીએ ચડાવી દેવાની સજા કરું છું.' કહીને શેઠને સિપાઈઓને હુકમ બજાવવા સોંપી દીધા.

કેવું દૃશ્ય ? શેઠ છતાં અક્ષર બોલતા નથી. નહિતર કહી ન દે ? કે જુઓ આવી રીતે મને માણસો કપડે ઢાંકી ઊંચકી લાવેલા. પૂછો તમારા રાણીવાસના દરવાનને. કહ્યું હોત તો રાજા ઊંડો ઊતરત. તપાસ થાત ને રાણીનું પોકળ બહાર

આવત પણ શેઠને બોલવું જ નથી ને ? કેવું સત્ત્વ ? કેવું ધૈર્ય ? કેવાં જિનવચનનાં અંજામણ ?

પ્ર.- સુદર્શન શેઠને એવો વિચાર કેમ ન આવ્યો કે જો અહીં સત્ય હકીકત કહી દઉં અને સાથે અભયા રાણી માટે અભયદાન માગી લઉં, તો હુંય બચી જઉં ને એ પણ બચી જાય અને હું જીવતો રહીશ તો પછી ઘણો ધર્મ આરાધી શકીશ ?

ઉ.- એમ કરવામાં નિશ્ચિત નથી કે અભયાનો એવો ઘોર પ્રપંચ સાંભળીને અત્યંત ગુસ્સે ભરાયેલો રાજા અભયાને શિક્ષા વિના જતી કરે ? વળી પોતે સત્ય પ્રકાશવા જતા અભયાનું મર્મ ખૂલવાથી એના દિલને જબરદસ્ત આઘાત તો થાય જ એ નિશ્ચિત છે. અહિંસા અને દયાના મહાન ઉપાસક સુદર્શન શેઠ એ કેવી રીતે વધાવી લે ? આપણા દિલમાં એવો દયાભાવ ન હોય એટલે સામાના હૃદય મર્મ ભેદાતાં એને કેટલો સજ્જડ આઘાત લાગે છે અને તીવ્ર દુઃખ થાય છે એની કલ્પના નથી આવી શકતી. ત્યારે સુદર્શન શેઠ જે શ્રાવકધર્મ પામ્યા છે અને જે એમણે અહિંસા, સત્ય વગેરેનાં વ્રત લીધા છે, એમાં એનો પરમાર્થ એનું રહસ્ય એનો ઊંડો ભાવ હૈયે એવો વસાવ્યો છે કે એ જીવો પ્રત્યેનો દયાથી છલોછલ ભરેલો છે. પછી ત્યાં સામાએ પોતાને ઘણો બધો ત્રાસ આપ્યો; કેટલી વિટંબણા કરી એને આડે આવવા દેતા નથી. તેની ગણતરી કરતા નથી અને સામાના દુઃખનો વિચાર પહેલા કરે છે. સામાને દુઃખ પડે એનાથી પોતાનું દિલ દ્રવિત થઈ ઊઠે છે. મહાવીર પ્રભુને છ મહિના સુધી રંજાડનારો અને એક રાતમાં અતિ ભયંકર ઉપસર્ગ કરનારો સંગમ દેવતા હવે હારીને જવા લાગ્યો ત્યારે પ્રભુને એ જુલ્મનો હિસાબ ન ગણતા એને ભાવી નરકાદિ દુઃખો વરસવાની કલ્પના પર દિલ દ્રવી ઊઠ્યું ને ? આંખમાં આંસુ આવી ગયા ને ? હું આવા માલિકનો આજ્ઞાંકિત છું એ ગૌરવ હૈયે વસ્યું હોય તો આપણને પણ આપણા પર દુઃખ વરસાવનાર દુઃખી થયા અંગે દયા કેમ ન ઊભરાય ? સુદર્શન શેઠને જિનેશ્વર ભગવંતના અને એમનાં વચનનાં એવાં અંજામણ છે કે એમના દિલમાં અભયા પ્રત્યે એ દયા ઉભરાય છે. એણે કેવા પ્રપંચ અને જુલ્મ કર્યા એ તદ્દન ભૂલી જઈને એનો મર્મ ખુલ્લો કરવામાં એના દિલને કેટલો બધો આઘાત કરે એની દયાથી દ્રવિત થઈ જાય છે. એટલે એ રહસ્ય ખોલનારું સાચું પણ વચન કેમ બોલે ?

વળી પોતે જીવતા રહે તો ભવિષ્યમાં ઘણો ધર્મ કરી શકે એ વિચારમાં પણ ધર્મની વિશેષ ભૂખ કરતાં પોતાના પ્રાણ બચાવવાનો લોભ મુખ્ય હોવાની ગંધ આવે છે. કેમ કે પહેલું તો જીવ પોતાને બચાવવા માટે સામાના ગુપ્ત દુષ્કૃત્યને



જે પ્રકાશમાં લાવશે એથી એને જ સજ્જડ હૃદયાઘાત લાગે અને કદાચ એને ભયંકર સજા થાય એ તરફ આંખ મિંચામણા થાય છે અર્થાત્ સામાને ઊભા થનાર દુઃખ પ્રત્યે ઉપેક્ષા, કઠોરતા, નિર્દયતા થાય છે. જો એ હોય અને પોતાનો જીવ બચાવવો છે તો એનો અર્થ એ કે બીજાના ભોગે પોતાના બચાવની તાલાવેલી મુખ્ય બની. પછી 'ભવિષ્યમાં હું ધર્મ ઘણો કરીશ' એ એક બહાનું અથવા ગૌણ ઈચ્છા થઈ. પોતાના પ્રાણના લોભે, હાથવેંતમાં રહેલ પ્રત્યક્ષ દયાધર્મને કચડવા જતાં ભાવી ધર્મસાધનાની લાગણી જોરદાર રહેવાનું શી રીતે કહી શકાય ?

માટે તો કુમારપાળ મહારાજાએ કંટકેશ્વરી દેવીને વરસોવરસ અપાતા બોકડાના ભોગમાં સંમતિ ન આપી. દેવીએ ત્રિશૂલ મારી કોઢિયા બનાવ્યા તો પણ વધની સંમતિ ન આપી અને બળી મરવાની તૈયારી કરી. ત્યાં એમ ન વિચાર્યું કે હું જીવતો હોઈશ તો ભવિષ્યમાં ઘણી શાસન પ્રભાવના કરીશ. ઘણો ધર્મ કરી શકીશ. કેમ નહિ ? કારણ આ જ કે બોકડા પ્રત્યે દયા અને અહિંસાની જિનાજ્ઞાનું અંજામણ. એથી પોતાના પ્રાણના સંકટે પણ એ બજાવવામાં ઝાલ્યા રહી શકતા નથી. અંજામણ ચીજ એવી છે.

સુદર્શન શેઠને જિનવચનનું અને જિનવચને કહેલ દયા અને વ્રતધર્મનું એવું અંજામણ છે એટલે પોતાના બોલવા પર અભયા રાણીને આઘાત અને સજા થાય એ જોવા તૈયાર નથી. બસ રાજાના હુકમ મુજબ એમને શૂળીએ લઈ જવામાં આવ્યા. શૂળીએ ચડવા સુધીની તૈયારી છે, પછી લોકો ફિટકાર કરે એની શી ગભરામણ હોય કે, 'રાજાને તો સાચું કહી દેવા દે ને ? એવું મનમાં ય ઊઠે ?' ના, એ તો ખુશ છે કે રાણીને આપત્તિમાં ન મુકાવું પડ્યું. કઈ હદની દયા ? એક ગૃહસ્થ માણસ ભયંકર લુચ્ચાઈ અને દુષ્ટ અપરાધ કરનાર સામા પર દયા કરે ? એને દુઃખ ન આવે એ ફિકરમાં હોય ? અને એ માટે જરૂર પડી તો પોતે કેટલી હદનો ભોગ આપે ? શૂળીએ ભેદાઈ જવા સુધીનો ? સુદર્શન શેઠ માત્ર પોષધમાં જ મહાત્મા હતા ? કે પોષધ પાર્યા પછી પણ મહાત્મા ? એકલદોકલ નથી હો. બૈરા-છોકરાવાળા છે. છ છોકરાંના બાપ છે. છતાં ખૂબી છે કે એ બધા પછી, જિનવચન પહેલું, વ્રતો પહેલાં, ધર્મ પહેલો. નગરનો પ્રસિદ્ધ વેપારી, શ્રીમંત માણસ રાણીવાસમાં ઘૂસી દુરાચાર સેવવા ગયેલ અને રાણી પર આક્રમણ કરનાર તરીકે નગરના માર્ગો પર લોકનિંદા પામતો લઈ જવાઈ રહ્યો છે. છતાં એમાંથી બચવા દુશ્મન રાણીની દુષ્ટતા પ્રગટ કરવી નથી. કેટલી બધી સમતા, સૌમ્યતા અને પ્રાણીદયા ? એમાં જાત-નિંદાની કેવી બેપરવાહી ?

પ્રભુ પાસે આવું માગવાનું મન થાય ખરૂં કે, 'મને પણ જાતની નિંદા-અપમાન-જાનજોખમે પણ ભયંકર દુશ્મનની દયા કરવાનું મળો ?' જિનવચનનું મન પર અંજામણ હોય તો એવું માગવાનું મન થાય. કેમ કે જિનવચન એ જ કરવાનું કહે છે. **'અપરાધીશું પણ નવી ચિત્ત થકી ચિંતવીએ પ્રતિકૂળ.' એ સમકિતનાં** પહેલાં લક્ષણનું સ્વરૂપ છે. એટલે એ જો આપણામાં ન હોય, તો પ્રભુ પાસે એની પ્રાર્થના કરાય. પ્રભુની પાસે ઘણુંય માગતા હશો, તો આવું આવું માગો; મહાપુરુષોના જીવનમાં સધાયેલા આવા ધર્મ પરાક્રમ આપણને કેમ મળે એ માગો.

પ્ર. શું માગવાથી મળે ?

ઉ. હા, વિશુદ્ધ ભાવે માંગવામાં પ્રણિધાન યાને મનનું કેન્દ્રીકરણ થાય છે અને પ્રણિધાન એ સિદ્ધિનું બીજ છે. પ્રણિધાનથી પ્રવૃત્તિ અને વિઘ્નજય દ્વારા સિદ્ધિ થાય છે, એમ **'ષોડશક'** અને **'યોગવિંશિકા'** શાસ્ત્ર કહે છે, તેમ ગણધર ભગવાને **'જયવીયરાય'** સૂત્રમાં પ્રણિધાન માટે જ **'ભવનિવ્વેઓ'** વગેરે માગણી મૂકી છે. વારંવારની શુભ માંગણી અને વારંવારના પ્રણિધાનથી અંતરાય કર્મ તૂટે છે; પછી સિદ્ધિ કેમ ન થાય. માંગણી અરિહંત પરમાત્મા આગળ કરીએ છીએ અને એ પ્રભુનો અચિંત્ય પ્રભાવ **'પંચસૂત્ર'** શાસ્ત્ર ને **'લલિતવિસ્તરા'** શાસ્ત્ર કહે છે. એમના અચિંત્ય પ્રભાવે સિદ્ધિ થાય એ નિશ્ચિત છે, નિસ્સંદેહ છે. માટે અરિહંત પરમાત્મા પર એમની અચિંત્ય શક્તિ પર અટલ શ્રદ્ધા રાખી માંગો, નિરંતર નિયમિત વારંવાર માંગો, જરૂર મળશે.

**ખરેખરું માંગવાનું** 'આ સત્ત્વ છે, આમાં પરાક્રમ છે કે માથા વાઢ દુશ્મનની પણ દયા આવે, હૃદયભીની કરુણા ઊભરાય એ બિચારાનું ભલું થાઓ, એને કષ્ટ ન આવો' એવો હૈયે દયાલચબચ સદ્ભાવ ઊઠે.

સુદર્શન શેઠ સ્વયં પવિત્ર રહીને ફસાવનારી અને લોકનિંદા તથા ઠેઠ શૂળી સુધી પહોંચાડનારી અભયારાણી ઉપર આ દયા કરી રહ્યા છે, પરંતુ એમની પત્ની મનોરમાને શેઠની પવિત્રતાની ખાતરી છે એટલે એને તો લોકનિંદા અને વિશેષે ધર્મનિંદા અસહ્ય થઈ પડે છે. એ કેમ બેસી રહે ? એણે શેઠનું કલંક ઊતરે એ માટે કાઉસ્સગ્ગ માંડ્યો શાસનદેવતા હાજર થઈ પૂછે છે, 'કેમ શું છે ?'

મનોરમા કહે છે, 'આ જુઓને નગરમાં શું ચાલી રહ્યું છે ? આવા પવિત્ર આત્માની જગતમાં હલકાઈ અને શાસનની નિંદા થાય ?'

બસ, પેલી બાજુ જ્યાં સુદર્શન શેઠને શૂળીએ ચડાવી છૂટકારાનો દમ ખેંચે કે, 'હાશ, રાજાનો હુકમ બજાવાઈ ગયો !' અનાડી લોક ખુશ થાય છે કે,



'બરાબર આ લુચ્ચાને ઠીક સજા મળી !' પણ ત્યાં તો શાસન દેવતાએ ઝટ શૂળીનું સિંહાસન બનાવી દીધું ! લોકો જુએ તો શેઠને એના પર બેઠેલા અને માથે છત્ર, બે બાજુ ચામર, આકાશમાંથી પુષ્પવૃષ્ટિ તથા 'જય હો નિષ્કલંક શીલધારી સુદર્શન શેઠનો' એવો જયનાદથી દીપી ઊઠેલા દેખે છે ! અનાડીઓનાં મોંઢા પહોળા થઈ ગયા કે હેં ? 'આ શું ?'

રાજા ખબર પડતાં આશ્ચર્ય પામી દોડતો આવ્યો. પૂછે છે, 'શું આ ? શેઠ શી હકીકત છે ?'

પરંતુ શેઠને ક્યાં બોલવું છે ? અરે ! હજીય એમને તો એ ચિંતા છે કે, 'કદાચ બિચારી અભયા રાણી મુશ્કેલીમાં ન મૂકાય !' શેઠ નથી બોલતા.

**વિચારજો શેઠનું હૃદય,** એમની ઉત્તમતા, એમને ચોલમજીઠ લાગેલા જિનવચનના રંગ, એમણે કેળવેલી મહાત્માગીરી ? છે વિચારવા જેવું ? એ શીલપાલન તે આટલી પરાકાષ્ટા પર્યન્તના આત્મભોગ અને દુશ્મનદયા સુધી કરવાનાં પરાક્રમ સાથે કરે અને આપણે ચાલુ સુખદ સંયોગોમાં ય શીલપાલન ન કરીએ ? સહેજ આંખને સખણી ન રાખી શકીએ ? શીલભંજક વાંચન-દર્શન છોડી ન શકીએ ? આજના સિનેમા-ચિત્રપટો, ટી. વી. શું છે ? આંખ અને મનથી શીલ ભંગાવનાર કે શીલરક્ષા આપનાર ? એટલી ય જોવાની નફટાઈ ન છૂટે ? શેઠનાં ગજબનાક પરાક્રમ જાણ્યા પછી પરસ્ત્રી માત્રનો આંખ, મન અને કાયાથી ત્યાગ ન થાય ?

ત્યારે શેઠની દયા પણ કેટલી બધી ઊંચી ? હજીય 'દુષ્ટ અભયા કષ્ટમાં ન મૂકાઓ' એ ભાવનામાં રમે છે ! દેવતાઈ સન્માન મળ્યાં ! લોક અને રાજા આ દિવ્ય બનાવ પર પાગલ થઈ ગયા છે ! નિંદા ટળી ને ભારોભાર પ્રશંસા પ્રસરી ગઈ છે ! છતાં એની કોઈ ખુશ ખુશાલી શેઠને નથી; એમને તો બિચારી રાણી કષ્ટમાં ન પડો' એ ચિંતા છે. એટલે હજી પણ રાજાના પૂછવા છતાં બોલતા નથી. આવી જીવલેણ દુશ્મનભૂત અભયા ઉપર પણ દયા હોય એમને બીજા સાથે વૈર-વિરોધ કે દુશ્મનાવટ હોઈ શકે ? ત્યારે આપણે કદાચ એ દયા સુધી હજી ન પહોંચ્યા હોઈએ, પરંતુ ચાલુ જીવનમાં વૈર-વિરોધથી ન બચી શકીએ ? સાજી સારી સ્થિતિમાં ય જગત્મૈત્રી ચિંતવી ના શકીએ ? વાતવાતમાં ઝઘડવાનું કે સામાન્ય બાબતમાં ક્યારે ય પણ ઝઘડવાનું ન છોડી શકીએ ? ત્યારે એવો કોઈ ધન્ય પ્રસંગ ન બનાવીએ કે આપણો અપરાધ કરેલાને ઉદારતાથી ક્ષમા આપી ઉપરથી એને કોઈ સહાય કરાય ?

શેઠ તો જીવલેણ અભયા કષ્ટમાં ન મૂકાય માટે બનેલ વસ્તુ કહેતા નથી,

પરંતુ શાસન દેવતાને લોકનિંદા મિટાવવી છે તે તરત જ આકાશવાણી કરી લોક અને રાજાને બધી વિગત કહી દે છે. શેઠ નાઈલાજ બન્યા. રાજાને રાણી પર હવે ગુસ્સાનો પાર નથી. સ્ત્રી જાતને મારી તો શું નખાય, એને દેશવટો દઈ દીધો. લોકમાં શેઠનો, સત્યનો અને શાસનનો જયજયકાર ફેલાઈ ગયો.

આ બધો પ્રતાપ જિનવચનના રંગનો, અંજામણનો. જિનવચન પાળવાનું આવ્યું ત્યાં બીજા પ્રલોભનો કૂચા અને ભયંકર આપત્તિ પણ વિસાતમાં નહિ ! એટલો બધો એ બધા કરતાં જિનવચનનો ભારે પક્ષપાત, શી વાત જિનવચન એટલે ! જગતમાં હીરા-માણેક મળે, દેવતાઈ વિમાન ને અપ્સરાઓ મળે, પરંતુ જિનવચન ક્યાં મળે ? ક્યારે મળે ? મારે તો એક જ આશ જિનવચનની.

ભગવતી સૂત્ર સાંભળવું છે, એ જિનવચન છે માટે એના પર આ રંગ ઊભો કરીને, મન પર એનું કામણ-અંજામણ ઊભું કરીને શ્રવણ કરવાનું છે. તો એ શ્રવણ અદ્‌ભુત લાગશે, તન્મય ચિત્ત થશે અને જીવનસ્પર્શી બનશે.

પ્ર.- પણ પહેલું તો જિનવચનનું એવું અંજામણ જ શી રીતે થાય કે જેથી બીજી વસ્તુની પરવા ન રહે ?

ઉ.- થાય. જિનેશ્વર ભગવંતનું અંજામણ લાગી જાય તો પછી એમનાં વચનનું અંજામણ લાગવું સરળ છે. પુરુષ વિશ્વાસે વચન વિશ્વાસ. જુઓ છો ને કે બાળકને મા-બાપ પર આસ્થા છે, તો એમનાં વચન પર ઝટ વિશ્વાસ પડે છે. બીજા ગમે તેટલા લોભાવવા-લલચાવવા આવે, પણ એ લાલચ કરતાં મા-બાપનું અંજામણ ભારે છે એટલે બાળક લાલચ પડતી મૂકી મા-બાપ તરફ ઢળેલું રહે છે. મામા-માશી કે કાકા-કાકીનું ખાઈ આવે, કંઈ બક્ષિસ લઈ આવે, તો પણ એના મન પર મા-બાપની ઘેરી છાયા હોય છે, ને એમનાં વચનને ત્યાં ને ત્યાં આગળ કરે છે. કષ્ટ દેખાતું હોય તો પણ એ પાળવાનું પણ કષ્ટથી ભાગવાનું નહિ. મા-બાપની જો રોજની કેળવણી હોય તો બચ્ચાં મોટાં થયા પછી પણ આ છાયા, આ અંજામણ રાખશે.

## ૯. બ્રાહ્મણીની ૩ છોકરીઓનું દૃષ્ટાંત

પેલી બ્રાહ્મણીની ત્રણ છોકરીનું દૃષ્ટાંત જાણો છો ને ? **'અનુયોગદ્વાર'** સૂત્રની ટીકામાં એ દૃષ્ટાંત આવે છે. એમાં માતાને છોકરીઓ પતિ સાથે સુખી જીવન ગાળે એવું કરવું છે. એટલે પહેલાં મોટી છોકરીને પરણાવ્યા પછી સાસરે પહેલી વાર મોકલતા કહે છે, 'જો તું આટલું કરજે; તારા પતિ પહેલી રાતે તારી પાસે આવે ત્યારે પહેલાં જરાક એમને લાત લગાવજે.'



જુઓ કેવી સલાહ ? ઉતાવળ કરીને 'ગાંડી' કહેશો નહિ. બ્રાહ્મણી ગંભીર અને દીર્ઘ દૃષ્ટિવાળી છે. એ આગળ સમજાશે, પણ તમારા જેવાને આ સલાહ જરા અજુગતી લાગે, તો પેલી નાદાન છોકરીને ન લાગે ? પણ ના. માતાએ એની કાળજીભરી એવી કેળવણી કરી છે કે એના પર માતાનું અંજામણ છે. તેથી મા કહે છે તે વિચાર કરીને જ કહેતી હશે એવી અટલ શ્રદ્ધા છે. એટલે એ વચન એ તરત સ્વીકારી લે છે.

જિનેન્દ્ર ભગવાનનું આપણા મન પર આ અંજામણ છે ? હોય તો તો એમનાં વચનની મન પર ઘેરી છાયા અંજામણ રહે. ઝટ 'તહત્તિ' - તથાસ્તુ થાય. કષ્ટનો વિચાર ન રહે. 'શી વાત મારા ભગવાન !' પહેલું આ જોઈએ. છોકરીને એ છે, 'શી વાત મારી મા !' એટલે એ અંજામણ નીચે એનું વચન માન્ય કરી લઈ ગઈ સાસરે. હવે એને પતિ પર કેટલો બધો રાગ ઊછળતો હોય ? એ પહેલો મળે ત્યારે કેવી હોંશ અને હેતથી ? આ બધું તો તમારા અનુભવનું છે ને ? એ બધું છતાં ક્ષણભર એ ઊભું રાખીને બ્રાહ્મણપુત્રીએ પતિ પહેલપહેલો પાસે આવતાં માતાની સલાહ મુજબ એણે પતિને લાત લગાવી.

કોઈ જિનવચનનાં આકર્ષણ નીચે, બીજી બાજુ આપણા પર સામાને ઊભરાતો રાગ છતાં, એને ઘડીભર ટક્કર લાગવા જાય એવું આચરણ કર્યું છે. પૃથ્વીચંદ્ર રાજકુમાર પરણી લાવેલી આઠ નવોઢાને પહેલી મુલાકાતે કહે છે, 'સાંભળો ગુણોના ભંડાર ! જેના મનોરથ લઈને આવ્યા છો એ ભોગસુખના વિપાક કેવા ભયંકર કટુ છે એ જાણો છો ? વિપાક ફળનાં સુખ તો એક જ વાર નસો ખેંચાઈ તણાઈને મોત નીપજાવે, પરંતુ આ વિષયભોગ તો સુમાર વિનાના દુઃખભરી દુર્ગતિઓના અને દુઃખદ મૃત્યુઓ આપે ! શું અહીં વિષયભોગથી તૃપ્તિ થવાની છે ? ભૂલા પડતા મા.

**'અગ્નિ જો તૃપ્તે ઇંધણે, નદીએ જો જલધિ પૂરાય;**
**તો વિષયસુખ ભોગતાં, જીવ એ તૃપ્તો થાય.'**

વિષયભોગ રૂપી ઇંધનથી તો જીવનો કામાગ્નિ બૂઝે નહિ, વધે છે. આ સંસારચક્રમાં ભમતાં જીવે અનંતી વાર દેવલોકના વિષયભોગ પણ કર્યા, છતાં ક્યાં છે આજે તૃપ્તિ ? માટે વિષયોમાં મૂઢ ન બનો. વિષયભોગથી સુખી બનવાની આશા રાખો મા. ઝાંઝવાના નીર જેવા એ સુખની લત મૂકી દો.'

પહેલી મુલાકાતે નવોઢા પત્નીઓના ઊછળતા રાગ-સ્નેહ અને ભારે બહુમાન છતાં જિનની જિનવચનની છાયા-અંજામણ નીચે એ રાગને ટક્કર લગાડી જાય

એવા કેવા આ બોલ ? તમારે આવો પ્રસંગ તો શાનો પરંતુ મહાપુરુષ પૃથ્વીચંદ્ર રાજકુમારની આ બોલવાની વર્તાણુક તમારા હૈયે જચે ય ખરી ? સમજ્યા નહિ ?

તમને શું એમ લાગે ખરું કે, 'વાહ ! એણે અવસર-સર ખરેખરું કહ્યું ?'

કે શું એમ થાય કે, 'આવું તે પહેલી તબક્કે કહેવાતું હશે ? સામી બિચારીને કેટલો આઘાત લાગે ? સાધુ થયો હોય તો તો ઠીક, પણ ઘરમાં બેસીને આવું પહેલ પહેલાં કરાય ?' જો આવું લાગે તો એનો અર્થ જ એ કે, પૃથ્વીચંદ્રનો એ વર્તાવ હૈયે જચતો પણ નથી, આચરવાની તો વાતે ય ક્યા ? પૃથ્વીચંદ્રના બોલ શા ખોટા છે ? જિનવચનને અનુસરતા એ બોલ છે.

પ્ર.- પણ તે આવા ટાણે બોલાય ?

ઉ.- ત્યારે શું સામાને ભોગના કિચડમાં ખૂંચાવ્યા પછી બોલાય ? વાઘને લોહી ચખાડ્યા પછી લોહીનો ત્યાગ શિખવવાનો ? કે લોહી ચખાડ્યા પહેલાં ? વાત એ છે કે મન પર જિનવચનનું અંજામણ નથી, એનું કારણ જિન-વીતરાગને ખરેખરા ઓળખીને એમના પર મન ઓવારી જતું નથી માટે જાતે એને આદરવાની વાત તો ક્યાં, કિંતુ બીજાએ આદરેલું હૈયે જચતું પણ નથી.

**જુઓ બીજો દાખલો.**

**સમરાદિત્ય** રાજકુમારને પહેલી મુલાકાતે, પરણી લાવેલી બે રાજકન્યાઓ સાથે બેઠેલી સખી કુમારને પાનનું બીડું આપતાં કહે છે, 'કુમાર સાહેબ ! લો આ આપની પ્રાણપ્રિયાઓએ તૈયાર કરેલું પ્રેમનું બીડું.'

કુમારને તો જિનવચનના અંજામણ નીચે કશું બોલવાની તક જ જોઈતી હતી; એટલે તક ઝડપી પૂછે છે, 'હેં ? પૂછો તમારી સખીઓને કે એમને મારા પર પ્રેમ છે ?'

તમારે કોઈને ભાગ્યે જ પહેલે તબક્કે આવો પ્રશ્ન કરવાનું બન્યું હશે. છતાં સમરાદિત્યનું આ પ્રશ્ન કરવાનું હૈયે જચે ખરું ? કે એમ લાગે છે કે, 'આવું તે પૂછાય ? તે ક્યારે ? પહેલા મિલને ?'

બસ, અહીં જ કસોટી છે. ઉત્તમ પુરુષોના સત્ કર્તવ્યો, તાત્ત્વિક બોલ અને વિવેકભર્યો વર્તાવ હૈયે જચે છે કે કેમ ? એના જાત માટે મનોરથ જાગે છે ખરા ? જો નથી જચતા, મનોરથો નથી જાગતા, તો જિનવચનનાં મન પર અંજામણ ક્યાં રહ્યા ? અંજામણ હોય તો લાગે કે, 'ખરો નરવીર, ખરું પૂછ્યું.' બાકી તો જાત આચરણ તો દૂર, પણ મહાપુરુષોએ આચરેલું પચાવવાની ય ત્રેવડ



નહિ, ત્યાં જિનવચન રંગના વાંધા.

સમરાદિત્યના પ્રશ્ન પર પેલી સખી કહે છે, 'કુમાર સાહેબ ! પ્રેમનું શું પૂછો છો ? જ્યારથી એણે આપનો ગુણભર્યો પરિચય સાંભળ્યો છે ત્યારથી તો એ રાતદિવસ આપના માટે ઝૂરી રહી છે ! ગાંડીતૂર બની છે ! આપની રટમાળા ચાલુ છે !'

કુમાર કહે, 'તો પછી એમને એ પૂછો કે, પ્રેમીજન પોતાના પ્રિય પાસે એવું કરાવવા ઈચ્છે ખરું કે જેથી એ પ્રેમપાત્રને આ સંસાર કારાગારમાં રુલવું પડે ?'

કેવો પ્રશ્ન ? જિનવચનના અંજામણમાં એને નવી પત્નીઓને એ ઠસાવવું છે કે, 'તમે મારી પાસે જે વિષયભોગ કરાવવા આવ્યા છો, એ ચીજ એવી છે કે જેથી મારે પછી આ ભવકેદમાં જકડાયા રહેવું પડે ને દુઃખદ ભવભ્રમણ કરવાં પડે. એવી મારી પરિસ્થિતિ સર્જવાનું તમે કરાવો એમાં શું તમારો પ્રેમ ગણાય કે નિષ્ઠુરતા ? સાચો પ્રેમી તો સામાને ઊંચે ચડવાનું કરી આપે, નીચે પટકવાનું નહિ એ તો દુશ્મનનું કામ ગણાય.' તમે તે પ્રેમી થઈને આવ્યા છો કે દુશ્મન ?

પૃથ્વીચંદ્ર અને સમરાદિત્ય બંનેની પત્નીઓએ પ્રથમ તબક્કાની વાત પરથી બુજી ગઈ. જિનવચનના અંજામણ નીચેના કુમારોના બોલે પેલીઓના રાગને ટક્કર લગાવી દીધી.

અહીં બ્રાહ્મણીની કન્યાને માતૃવચનને અનુસારે પતિના રાગને ટક્કર મારે એવું કાર્ય કર્યું ! શું ? પહેલી મુલાકાતે પતિને લાત મારી ! પણ પતિ લંપટ નહોતો, ગુલામ નહોતો તે એ તો એવો ગુસ્સે થઈ ગયો કે કહે છે, 'નાલાયક ! આ ધંધો ? કેવા કુળની છો ? ઊઠ અહીંથી, હમણાં ને હમણાં ચાલી જા તારા બાપના ઘેર. જિંદગીમાં ફરી અહીં આવીશ નહિ.' એમ કહીને કાઢી ઓરડાની બહાર અને સવારે પિયેર રવાના કરી.

અલબત્ત બ્રાહ્મણી પુત્રીને દુઃખ થયું, પરંતુ એમાં એને પોતાની માતા ઉપર અભાવ-અરુચિ નથી થતાં. કારણ ? માનું અંજામણ એના મન પર છે, 'શી વાત મારી મા !' ઘરે આવી માતાને હકીકત કહી કહે છે, 'મા ! તે કહ્યું તેમ કર્યું, પણ હવે તો એ કહે છે કે જિંદગીમાં અહીં આવીશ નહિ ! હવે મારે શું કરવાનું ?'

માતા એને આશ્વાસન આપતી કહે છે, 'મુંઝાઈશ નહિ. હમણાં જમાઈને સમજાવી દઉં છું. પણ એક વાત સમજી લે, તારા માટે ઘર તો બહુ જોઈ વિચારીને સારું પસંદ કર્યું હતું; કિન્તુ જમાઈનો સ્વભાવ જાણવો હતો એ માટે આ પ્રયોગ કરાવ્યો હતો. જેથી પછી તારે કેમ વર્તવું એ બતાવી શકાય. એનું કારણ એ છે

કે આમ તો સાસરું શ્રીમંત હોય તો સુખ તો મળે પણ પતિ જો મિજાજી હોય અને તને યોગ્ય વર્તાવ ન આવડે તો એ તને દબડાવ્યા કરે ને જીવન ખારું બની જાય. ત્યારે જો ઘર મધ્યમ હોય ને પતિ સામાન્ય મિજાજી હોય અને તું પણ સામે જવાબ દેતી થાય તો ય જીવન કલેશભર્યું રહે. ત્યારે જો પતિ ગુલામી માનસનો હોય ને તું બહુ આજ્ઞાકાંક્ષી રહેવા જાય, નમતી ને આજ્ઞા માગતી રહેવાનું કરે, તો પતિને ગમે નહિ. આ બધી પરિસ્થિતિમાં કેવા થઈને રહેવું, કેવો વર્તાવ રાખવો કે જેથી સ્વભાવનો મેળ જામી સુખદ જીવન ચાલે એ ખાસ કરવાનું છે.'

આ હિસાબે હવે જો કે તારા પતિનો સ્વભાવ એવો કડક છે કે એ તારી ભૂલને જરા પણ સહન નહિ કરે. એ વખતે જો તું બચાવ કરવા જઈશ તો એ વધારે ગુસ્સે થશે. માટે તારે આ ધ્યાન રાખવાનું કે એમની એક દેવતાની જેમ ઉપાસના કરવાની. બનતા લગી ગુનામાં નહિ આવવાનું ને કદાચ ભૂલ થઈ ગઈ તો તરત ક્ષમા માગી લેવાની. આમ જો ચાલીશ તો તું સુખી જીવન ગાળી શકશે.

બસ, દીકરીને આમ બરાબર શિખવી કરી એને લઈ બ્રાહ્મણી ગઈ એના સાસરે. ત્યાં એના પતિને ખૂણામાં બોલાવી કહ્યું કે, 'આ તમે શું કર્યું ? તમને લાત મારવાનું લાગ્યું ને તેથી આ મારી કન્યા ઉદ્ધત લાગી; પરંતુ તમારી ગેરસમજ થઈ. આ તો અમારા કુળનો રિવાજ છે કે પહેલા મિલનમાં આમ કરવાનું એટલે બિચારીએ એમ કરેલું. બાકી તો તમે જોશો કે દીકરી મારી કેવી વિનયી, નમ્ર અને આજ્ઞાંકિત છે.'

જમાઈ જરા ઝંખવાણો પડી ગયો. કહે છે, 'એમ ? તો આની મને ખબર નહિ; ખેર ! હવે મારા મનમાં કાંઈ નથી.' પત્યું. કન્યા રહી ત્યાં ને માતાએ કહેવા મુજબ વર્તન રાખ્યું. પતિને ઘણો સંતોષ થયો ને બંનેનું જીવન સુખદ ચાલ્યું.

ત્યાર બાદ બ્રાહ્મણીની બીજી કન્યાનો વારો આવ્યો. એ પણ માતાથી અંજાયેલી અને એના વચન પર ભારે ઇતબારવાળી, તે એણે એ પ્રમાણે પતિને લાત મારતાં, પતિએ જરા મોં બગાડી કહ્યું કે, 'આમ કરાય ? જો હવે ફરીથી આવું કરીશ નહિ, એમ સહેજ રોષ દેખાડી શાંત થઈ ગયો.' બીજે દિવસે કન્યાએ માતાને કહેતાં માતા બોલી,

'જો તારા પતિ મધ્યમ સ્વભાવના છે. માટે તું ગમ ખાતાં શીખજે. ક્યારેક એ ગુસ્સે થશે પણ તું સામો બોલ-બચાવ નહિ કરે, તો પોતાની મેળે એ શાંત થઈ જશે. એટલે તું સમજ કે તારે એક દેવતા નહિ, પણ સજ્જન મનુષ્યની ઉપાસના કરવાની છે. તેથી ઉદ્ધત અક્કડ પણ નહિ ને બહુ નમતા કરગરતા પણ



નહિ, એવું જીવન જીવવાનું.' ખરેખર એમ વર્તતાં છોકરીનું જીવન સુખદ ચાલ્યું.

ત્રીજી પુત્રીનો વારો આવ્યો ત્યારે એણે પતિને જ્યાં લાત મારી ત્યાં પતિ તો ઊલટો એને કહે છે કે, 'અહો દેવી ! શું તારો પ્રેમ ! કેવો તારા પગનો સુકોમળ મીઠો સ્પર્શ ! પણ તને વાગ્યું હશે, લાવ પંપાળું એમ કરી એના લાત લગાવનાર પગને પંપાળવા બેસી ગયો !' બીજે દિવસે માતાને જઈને કહેતા એણે દીકરીને એવી સલાહ આપી કે,

'જો આ તારા પતિના વર્તાવ પરથી લાગે છે કે એ બહુ આજ્ઞાપેક્ષી સ્વભાવના છે, આજ્ઞાકારી સ્વભાવના નહિ. એમને તું આજ્ઞા પૂછવા જાય, નમ્ર કરગતી થઈને રહે એ નહિ ગમે. એ તો ઊલટો તારી આજ્ઞાની અપેક્ષા રાખશે. તેથી જેમ જેમ તું પ્રેમભરી આજ્ઞા કરશે, તેમ તેમ એ ખુશી થશે. માટે એ ઉપાસ્ય દેવતા નહિ, પણ તું દેવતા થઈને રહેજે, તો બંનેનો પરસ્પર મેળ જામશે, પ્રેમ વધશે ! ખરેખર છોકરી એમ પતિ પર હુકમ બજાવતા કરતાં સુખી થઈ.'

આમાં એક મહત્ત્વની જીવન ચાવી જડે છે. લોક કહે છે કે, 'સામા સાથે સંબંધ બાંધવો હોય તો પહેલાં તો એના સ્વભાવ આપણને અનુકૂળ હોય એ જોવું પડે.' પરંતુ એ જોવામાં કેટલીક વાર માણસ થાપ ખાય છે. કેમકે સામાને સંબંધ બાંધવો હોય એટલા પૂરતું પહેલાં દંભથી અનુકૂળ સારો સ્વભાવ દેખાડે. પછી સંબંધ ચાલુ થઈ ગયો એટલે કેમ ? તો કે પેટમાં પગ ઘાલીને પહોળા કરે ! દેખાય છે ને કેટલાંકનાં લગ્ન, કેટલાયની વેપારની ભાગીદારી, કેટલાયની મિત્રાચારી યાવત્ કેટલાયના ગુરુ-શિષ્યના સંબંધ ખારા થઈ ગયા ! કારણ છે; સામાને ગરજ હતી એટલે સ્વભાવ સારો દેખાડી સંબંધ જોડ્યો, પણ પછી કેમ ? તો કે, 'આ જા ફસા જા.' પોત પ્રકાશ્યું ! ત્યારે સંબંધ બાંધનારને લાગે છે કે, 'અલ્યા આપણે ફસાયા ! આનો સ્વભાવ સારો નહિ.' પણ કરે શું ? ઘંટીનું પડ ગળે પેઠું, હવે કેમ નીકળે ?

ત્યારે કેટલીક વાર એવું બને છે કે સામો તો ઠીક જ સ્વભાવવાળો હોય, પરંતુ પોતાના મનને અનુકૂળ ન લાગવાથી માન્યા કરે કે, 'આમનો સ્વભાવ સારો નહિ.' અને પોતાની પદ્ધતિએ ચાલવાનું કરે એટલે પછી ઘર્ષણ થયા કરે. જુઓ સ્વભાવ સારો જોવા ગયા અને જોઈને સંબંધ બાંધ્યો, છતાં આજે કેટલા ઘરોમાં ને વેપારમાં સામાનો સ્વભાવ સારો નહિ હોવાના રોદણાં છે ? ધણી કહે છે, 'પત્નીનો સ્વભાવ સારો નહિ; ત્યારે પત્ની કહે છે ધણીનો સ્વભાવ સારો નહિ. એમ ભાગીદાર-ભાગીદારનું, બાપ-દીકરાનું, મા-દીકરાનું, શેઠ-નોકરનું ચાલ્યા કરે છે. ડૉક્ટર દરદીના અને દરદી ડૉક્ટરના સ્વભાવનો વાંક કાઢ્યા કરે છે. માસ્તર કહે

છે, 'વિદ્યાર્થીનો સ્વભાવ સારો નહિ' ને વિદ્યાર્થી કહે છે, 'માસ્તરનો સ્વભાવ સારો નહિ.' સામાના સ્વભાવનો વાંક કાઢી માને છે કે આપણે સંબંધ જોડવામાં ફસાયા, ક્યાં રહ્યું સંબંધ બાંધતાં સ્વભાવ સારો જોવાનું પરિણામ ? નથી લાગતું કે ક્યાંક ગંભીર ભૂલ થાય છે ?

પ્ર.- પણ સ્વભાવ તો સારો જોવો પડે ને ? એ જોયા વિના એમ જ આંધળિયા કરે તો પસ્તાવું ન પડે ?

ઉ.- તો પછી શું બધાય આંધળિયા જ કરે છે ? તે કેમ આજે રોદણાં રોવાય છે કે સામાનો સ્વભાવ સારો નહિ ? શું પહેલાં સ્વભાવ સારો જોવાનું નહોતું કર્યું ? અલબત્ત સ્વભાવ સારો સજ્જન જરૂર જોવાનો, પછી જ સંબંધ બાંધવાનો. પૈસા, પ્રેમ, સુખ, શિષ્ય વગેરેની લાલચમાં સામાનો ખરાબ દુર્જન સ્વભાવ જાણવા છતાં સંબંધ બાંધવાના આંધળિયા નહિ કરવાના. પરંતુ એટલું સમજી લેવા જેવું છે કે,

'આપણે સારા સ્વભાવના છીએ અને બીજા બધા ખરાબ સ્વભાવના છે, એવી ગણતરી જ ખોટી છે. આપણે ત્યાં ખખડાટ જોઈ આપણા સંબંધીના સ્વભાવનો વાંક કાઢીને ને બીજાને ત્યાં સારો મેળ જોઈ કહીએ કે એમને સંબંધી સારા સ્વભાવના મળ્યા છે, એ તારવણી ખોટી છે.' ખરી રીતે જ્યાં સારું ચાલે છે, ત્યાં પોતાની આવડત છે કે, 'સામાનો સ્વભાવ સારો અનુકૂળ જોવા કરતાં પોતે એના સ્વભાવને અનુકૂળ થઈ વર્તવું.' માટે સારું ચાલે છે એટલે,

**ખરી રીતે સામાનો સ્વભાવ સારો, આપણને અનુકૂળ હોવો એ મુખ્ય નથી, કિન્તુ પોતે સામાના સ્વભાવને અનુકૂળ બની જવું એ અગત્યનું છે; એ સુખદ જીવનની ચાવી છે.**

બ્રાહ્મણી આ ચાવી સમજતી હતી એટલે એણે ભલે પહેલાં પોતાની કન્યાનો ઉમેદવાર સારા સજ્જન સ્વભાવવાળા તરીકે શોધ્યો હશે, પરંતુ માત્ર એના પર મદાર ન બાંધી. એને તો મુખ્ય એ રાખ્યું કે, 'મારી દીકરીએ સામાના સ્વભાવ-રીતભાતને અનુકૂળ થઈ જવું જોઈએ.' અને એ માટે સામાનો સ્વભાવ-રીતિનીતિનો પત્તો લગાડવા લાતનો પ્રયોગ કરાવ્યો ને પછી દીકરીઓને શિખવાડ્યું તમારે આ રીતે પતિને અનુકૂળ બની જવું. કન્યાઓ એમ વર્તીને સુખી થઈ. પહેલી દીકરી રોદણું રોવા ન બેઠી કે, 'પતિ ખરાબ સ્વભાવનો છે ને ભારે મિજાજી છે; તે આપણી જરાક શી ભૂલમાં ભારે સજા ઠોકે છે ! ક્યાં આવા સાથે પાનું પડ્યું ?' ના, એ પોતે પતિના સ્વભાવને અનુકૂળ થઈ ગઈ. એના સ્વભાવને માતાએ ઓળખાવી દીધા પછી એની દેવની જેમ ઉપાસના કરનારી થઈ. ક્યાંક ભૂલ થઈ



તો તરત જ ભૂલ કબૂલી ક્ષમા માગી લેતી ને પતિની ચોકસાઈની પ્રશંસા કરતી. એટલે પેલાને વિફરવાની તક જ નહોતી રહેતી. ઊલટું એને પત્ની તરફ આવર્જન-આકર્ષણ ઊભું થઈ ગયેલું. પછી શાનો ચડભડાટ કરે ?

સામાનો તીખો કે કડક સ્વભાવ હોય છતાં આપણે પણ કોઈ અહંત્વ સાચવવાના સ્વભાવમાં કોઈ ધનલાલસા કે વિષય લંપટતાના, કોઈ સામાના દોષ જ જોવાના, સામાને મૂકી બીજા પર જ પક્ષપાત કરવાના વગેરે સ્વભાવમાં તણાઈએ છીએ એટલે સામા સાથે મેળ ખાતો નથી ને એના કડક સ્વભાવનો વાંક કાઢીએ છીએ. આત્મ જાંચ કરો, તપાસો આપણી સામાના સ્વભાવને અનુકૂળ થવાની કેટલી તૈયારી છે ? આ યાદ રહેવું જોઈએ કે **સામાનો સારો સ્વભાવ મુખ્ય નથી પરંતુ આપણે એને અનુકૂળ થઈ જઈએ એ અગત્યનું છે.**

**સુખી કોણ ?**

વસ્તુ, વ્યક્તિ કે પ્રસંગ અનુકૂળ શોધનારો નહિ, પણ વસ્તુ, વ્યક્તિ કે પ્રસંગને પોતે અનુકૂળ બની જનારો. વસ્તુ અનુકૂળ શોધવા જનારો કદાચ એ મેળવશે પણ આજનાં પુણ્ય કાચાં, તે પછી એમાં કોઈને કોઈ દૃષ્ટિએ ઉણપ દેખાશે, તે સહી નહિ શકે ને રોદણું ઊભું થશે. બસ ત્યાં સુખ લુપ્ત ! એના બદલે પોતે જ એને અનુકૂળ બની જશે, તો કશી ન્યૂનતા નહિ લાગે એટલે સુખ અખંડ.

દાખલા તરીકે સમજો કે દરજીએ કોટ સીવી આપ્યો, પરંતુ કપડું ધોયે ચડી જાય એવું નીકળ્યું તે પહેરવામાં જરા તંગ કરે છે. હવે જો 'એ કોટ અનુકૂળ નહિ, અનુકૂળ નહિ.' એમ કર્યા કરવાનું થશે તો મોંઘવારીમાં કપડા-સિલાઈના મોટો ખર્ચ થયા હોવાના હિસાબે એ કોટ કાઢી તો નખાય એવો નથી. પહેરવો તો પડશે જ, પણ એને અનુકૂળ જોવાની દૃષ્ટિમાં જ્યારે જ્યારે પહેરશે ત્યારે ત્યારે રોદણાં જ લલાટે લખાયેલાં ! એના બદલે પોતે એને અનુકૂળ થઈ જો એમ વિચારશે કે 'કામમાં પડું ત્યારે આ કોટ તંગ છે એવું ક્યાં યાદે ય આવે છે ? અને નવરો પડ્યે કે પહેરતા યાદ આવી જાય છે, તો ત્યાં એમ માનું કે ચાલો આ પણ એક ચીજ એવી મળી કે જે આપણું સત્ત્વ, ધીરજ, સહિષ્ણુતા કેળવવા તક આપે છે. બધું સારું સારું ને અનુકૂળ અનુકૂળ મળે એમાં ક્યાં સત્ત્વ કેળવવાનો અવસર જ છે ? શી ધીરજ અને સહિષ્ણુતા વધારવાની રહે છે ? વસ્તુ પ્રતિકૂળ છે અને આપણે વિકૃત નથી થતા, ઊંચા નીચા નથી થતાં, શાંતિથી આનંદપૂર્વક વધાવીએ છીએ, તો આપણું એક સત્વ ખીલે છે. આપણી સહિષ્ણુતા Resisting Power કેળવાય છે.' માટે એને આપણે અનુકૂળ થઈ જાઓ. એ આપણને અનુકૂળ હોવી જોઈએ

એ માથાકૂટ મૂકો.

એમ કોઈ વ્યક્તિ આપણાં છિદ્ર શોધે છે. બહાર આપણી વિરુદ્ધ બોલે છે, ત્યાં આપણે એને અનુકૂળ થવાનું એ કે આપણે માનવું કે 'ચાલો આ પણ ઠીક છે કે આપણને જાગતા રાખશે કે જેથી ક્યાંય ભૂલભાલ ન કરી બેસીએ. તેમ બહાર આપણી ચોકખી પ્રતિષ્ઠા જ હોવાના ખોટા ભરોસે ન બેસીએ. આપણને સાવધાન રાખવાનો ને ચેતીને ચાલવાનો આ લાભ કરાવે છે, ને જીવનમાં એ બહુ જરૂરી છે.'

એમ કોઈના ટોણાં-ટપકાં ખાવા પડે ત્યાં પણ એ સ્થિતિને અનુકૂળ થવાનું; એ કે મન કહે, 'ઠીક છે આ પણ; એથી ક્ષમા કેળવવાની તક મળે છે.' કોઈ આપણે 'ભાઈ ભાઈ' કરે એમાં શી ક્ષમા રાખવાની મળે ? એ તો કડવું સાંભળવા મળે ત્યાં ક્ષમા રાખવાનો અવસર ઊભો થાય છે. વળી આ જગતમાં જેટલું સહવાનું મળે એ લાભમાં છે. એથી પાપ ખપી જાય છે. માટે તો શાસ્ત્ર કહે છે, **'દેખે દુક્ખં મહાફલં'**

**- આપણી કાયા પર દુઃખ આવે એ કર્મક્ષય સહિષ્ણુતા-સમતા, સત્ત્વ, ભગવત્- સ્મરણ વગેરે મહાન લાભને કરનારું બને છે.**

બસ આ રીતે વસ્તુ, વ્યક્તિ કે પ્રસંગને લાભદાયી માની શાંત-સ્વસ્થ-ધીર બની જઈએ એ આપણે એને અનુકૂળ થયા કહેવાય ને એમાં સુખ અખંડ રહે; આપણે સદા સુખી.

**પ્રસંગ ગમે તે બનો,** પણ પોતે અનુકૂળ થઈ જવાથી હૃદયમાં કોઈ સંતાપ, વિકલ્પો કે રોદણાં નહીં રહે, **સીતા**ની નિંદા થઈ, પણ પોતે માન્યું કે 'આ પાપનો ઉદય છે.' એમ માની સમાધિ-સ્વસ્થતા રાખી તો, કશું રોદણું નહિ, ને પાપ ખપી જતાં જશનો પાર ન રહ્યો.

**ઢંઢણ અણગાર**ને છ મહિના પોતાની લબ્ધિની ભિક્ષા ન મળી, ને એકવાર એવી ભિક્ષા હોવાનું માની લઈ આવ્યા પણ નેમનાથ પ્રભુએ કહ્યું, 'આ તારી લબ્ધિની નહિ, પણ કૃષ્ણ રાજાએ તને રસ્તા વચ્ચે વંદના કરી તે દેખી, ઓહો આ મહારાજાના પણ પૂજ્ય છે ?' એમ સમજી વહોરાવનારે વહોરાવ્યું એ કૃષ્ણની લબ્ધિની ભિક્ષા થઈ, તો ઢંઢણે હતાશ ન થતાં ચાલો હજી અંતરાય કર્મ ખપે છે. એમ માની એને અનુકૂળ બની જઈ પરઠવી દેવા ગયા ને ત્યાં શુભ ભાવનામાં વધતાં સર્વ અંતરાયાદિ ઘાતી કર્મ તોડી વીતરાગ થયા ! ભિક્ષા અનુકૂળ કરવા મથ્યા હોત તો ?



**સુખી કોણ ? વસ્તુને પોતે અનુકૂળ બની જાય એ.**

**દુઃખી કોણ ? વસ્તુને અનુકૂળ કરવા મથે એ.**

આમ સુખ-દુઃખ એ મન અનુકૂળ કે વસ્તુ અનુકૂળ બનાવવા પર નિર્ભર છે. બ્રાહ્મણીની પુત્રીઓ પતિને અનુકૂળ બનાવવાની મથામણમાં ન પડતાં પોતે પતિને અનુકૂળ બની ગઈ તો સુખી થઈ.

**વિષયલંપટતાની દુર્દશા કેવી ?**

જગતમાં જીવોના સ્વભાવ કેવા વિચિત્ર હોય છે ! બ્રાહ્મણીની ત્રણ પુત્રીના પ્રસંગમાં પહેલો પતિ અલબત સંસાર સુખનો અભિલાષી હતો માટે તો પરણ્યો હતો, પરંતુ જરાય એવો કામલંપટ નહોતો કે સહેજ પણ અપમાન વેઠીને એ વિષયસુખ પસંદ કરે. ત્યારે બીજો પતિ મધ્યમ તે અપમાન ભર્યા વિષયસુખ પર જરા ગ્લાનીવાળો થાય, પણ પાછો સુખનો ચાહક તો ખરો એટલે અપમાન ફરીથી ન થાય એની શિખામણ આપી અપમાનને ગળી જનારો હતો. ત્યારે ત્રીજો તો વળી એવો એકલો સુખલંપટ, તે અપમાનને અપમાન સમજવાને બદલે સુખ ચટાડનારી પત્નીની એ મહેરબાની વરસી એમ સમજી વધારે કાલાં કરવા જાય !

વિષયસુખની લંપટતા માણસને કેવો ઘેલો પાગલ બનાવે છે ! ગાળને ઘીની નાળ અને અપમાનને મહેરબાની સમજે છે ! બસ એક જ દૃષ્ટિ છે, 'ઇન્દ્રિયોને ચાટવાનું મળે છે ને ? પછી લાત લાગી પણ તે મુલાયમ મધુરા સ્પર્શવાળી પત્નીની લાત છે તો એને પણ એક વિષય-પિરસણ સમજવાનું ! ને એમાં પત્નીનો ઉપકાર મહેરબાની કૃપા માનવાની !' આવા માણસ લાત મારવા જેવું કરનાર પણ વિષયો જરા આઘાપાછા થાય એમાં નાખુશ થાય છે ને તેથી લાતને મહેરબાની માની વધારે ચાપલુસી-ચાટુગીરી કરતા બેસે છે ! પછી એની પાસે સ્ત્રી પોતાના કપડાં ય ધોવરાવે તો ઊલટા ખુશી થશે ! એવાને તો 'શી વાત પત્ની એટલે !' એમાં એ માન ભૂલે, સ્વમાન ભૂલે, મર્યાદા ભૂલે, ત્યાં ધર્મ તો ફરકે જ શાનો ?

## ૧૦. ધર્મરસ અને ધર્મ કેમ નથી જાગતા ?

(૧) **વિષયસુખની લંપટતા** એ ચીજ જ એવી છે કે એની આંધીમાં ધર્મ રુચે નહિ, દેવ-ગુરુ-ઉપાસના ગમે નહિ કેમકે એમાં તો થોડો વિષયસંગ જતો કરવો પડે ને ? હૈયુ વિષયરસથી પડકાયેલું હોઈ વિષયત્યાગ બતાવનાર ધર્મનો રસ જામે જ ક્યાંથી ? ધર્મરસ વિના ધર્મ શે સધાય ? એમ પૈસાના લંપટ, માન-પ્રતિષ્ઠાના ભૂખ્યા, વાતોના રસિયા, હરવા ફરવાના શોખીન, ખાવાના લાલચુ વગેરેની દશા

જુઓ. એની પાછળ એ ઘેલા થઈને ફરશે પણ એને ધર્મ નહિ ગમે ! કેમકે એમાં પોતાની લંપટતાનો વિષય સંગ થોડો જતો કરવો પડે ને ?

(૨) **લક્ષ્મીના લંપટ**ને દાન-પરોપકાર-ભક્તિ કરવાનું શાનું ગમે ? એમાં તો એના પ્રાણભૂત પૈસા થોડા ખર્ચવા પડે ! એટલે પછી કેમ, તો કે ઘરે લક્ષ્મીના ઢેર થવા લાગે પણ થોડોય દાન ધર્મ નહિ કરી શકે. અરે ! સીધો ઉપભોગ પણ નહિ ! એમ, પૈસા મળતા હશે તો કૂદશે, નાચશે, પણ અન્યાય, દ્રોહ, વિશ્વાસભંગ વગેરે કશું નહિ જુએ. સગા બાપનો કે ભાઈનો ધન-માલ ખાતર વિરોધ કરશે ! જુઆરૂં કરશે ! આ જગતમાં પૈસા, વેપાર, મકાન, યાવત્ રાજ્યપાટની લંપટતાએ કેવા કેવા કુકૃત્ય અને શા શા અનર્થ નથી જગાવ્યા ? એ તો એમાંથી તે બચે કે જેને ધન-માલની લંપટતા ન હોય.

**કાશીનરેશ**ની ઉદારતા આદિ ગુણોએ બહુ પ્રશંસા થતી તેથી કોશલનરેશે એના પર ચઢાઈ કરી. કાશીનરેશે જોયું કે, 'આમ લડવામાં તો પ્રજાને ઘણું સોસાવું પડશે; ને મારા લોભમાં શા સારું એમ થવા દઉં ?' તેથી પોતે રાજ્ય છોડી ચાલી ગયો. જંગલમાં જઈ મુકામ કર્યો. અહીં હજી પણ લોક કાશી નરેશના ગુણ ગાય છે. તેથી કોશલનરેશે ઈર્ષ્યાના માર્યા હજી પણ કાશીના નરેશનો પ્રપંચ જાણી ઢંઢેરો પીટાવ્યો કે જે કાશીનરેશનું માથું લઈ આવશે એને હજાર સોનામહોર ભેટ મળશે. પણ બહુ લોકપ્રિય કાશીનરેશનું માથું કાપવા કોણ તૈયાર થાય ? કોઈને એ ઇનામનો લોભ નથી.

હવે પછી બન્યું એવું કે એક પરદેશી બ્રાહ્મણ પોતાની કન્યાના લગ્ન ખર્ચ માટે કાશીના રાજા પાસે મદદ લેવા જતો હતો, તો જંગલમાં પૂછાતાં કાશીનરેશને જ કહે છે. 'હું કાશી નરેશની પાસે સહાય લેવા જાઉં છું; કેમકે એ બહુ ઉદાર છે, તે મારી પુત્રીના લગ્ન માટે ખર્ચની મદદ કરશે.'

કાશીનરેશે જોયું કે, 'એ બિચારો મને ઓળખતો નથી, તેમ જાણતો પણ નથી કે કાશીમાં તો હવે કોશલનરેશનું રાજ્ય છે. હવે એ ત્યાં માગવા જશે તો કોને ખબર પેલો આને સહાય કરે કે કેમ ? તેથી હું જ એને મદદ મળી જાય એવું કરું.' એટલે એ બ્રાહ્મણને કહે, 'ચાલ હું તને રકમ અપાવું.'

આ તો રાજી રાજી થઈ ગયો. બંને જણા કાશી રાજાના દરબારમાં પહોંચ્યા. ત્યાં કોશલનરેશને પ્રણામ કરી કાશીનરેશ કહે છે,

'જુઓ તમે જેનું માથું લાવવા ઢંઢેરો પિટાવ્યો છે, એ જ હું કાશીનરેશ છું, તો મારું મસ્તક કાપી લો અને મને અહીં લાવનાર આ ગરીબ બ્રાહ્મણને હજાર



સોનૈયાનું ઇનામ આપી દો, જેથી એ બિચારાને કન્યા પરણાવવા મદદની જરૂર છે તે એને મળી જાય.'

આમેય કાશીનરેશના ગુણ સમજનારી સભા આટલી હદની ઉદારતા અને આત્મભોગ દેખી સ્તબ્ધ થઈ જાય એ તો નવાઈ નહિ, પણ હવે તો કોશલનરેશ પણ ચકિત થઈ ગયો કે આ શું ? મારાથી નહિ પકડાતો આ કાશીનરેશ સામે પગલે ઉઠીને માથું આપવા આવે છે ? તે પણ મારા ઢંઢેરા મુજબ એક પરદેશી બ્રાહ્મણને હજાર સોનૈયાની મદદ કરાવવા ખાતર ? આ હું શું જોઈ રહ્યો છું ?

કોશલનરેશના હૃદયનું એકદમ જ પરિવર્તન થઈ ગયું. હૈયાને પોતાની સરાસર અધમતા માટે ફિટકાર છૂટ્યો. તરત જ સિંહાસન પરથી ઊઠી સામે આવીને કાશીનરેશની ક્ષમા માગવા પગે પડવા જાય છે ! પણ કાશીનરેશ એને બાવડેથી ઝાલી લે છે. ત્યારે એ રડતી આંખે દડદડ પાણી પડવા સાથે કાશીનરેશને ભેટી પડી કહે છે,

**કોશલનરેશનો પશ્ચાત્તાપ :**

'નરેશ ! નરેશ ! તમે તો ગજબ કરી ! આ કેટલી બધી તમારી ઉદારતા કે એક ગરીબ માણસને મદદ કરાવવા તમે જાન આપવા તૈયાર થઈ ગયા છો ! અરે ! પ્રજાને કષ્ટ ન પડે માટે તમે પણ યુદ્ધ ટાળવા રાજ્યપાટ છોડી ગયા !' આ પાપ ભરેલી પૃથ્વી ઉપર પણ આટલી ઊંચી પુણ્ય કરણી હોય છે ? ક્યાં હું બિનહકનું તમારું રાજ્ય પડાવી લેનારો અધમાધમ લૂંટારો ! ને ક્યાં તમે દઈ દેનારા મહાન દાતાર ! આવા ઉચ્ચ ત્યાગીનું ય માથું કપાવવાની મારી દુષ્ટ બુદ્ધિ ક્યાં અને ક્યાં તમારો એક અજાણ્યા પરદેશી ખાતર પ્રાણત્યાગની તૈયારીનો ઉચ્ચ આશય ? ભગવાન ! મારી અધમતાની જ્યારે હદ નથી, ત્યારે તમારી ઉત્તમતા અપરંપાર છે ! માફ કરજો આ મારા દુષ્ટ કૃત્યને ! આ તમારી જનેતાને પણ ધન્ય છે કે જેની કુક્ષીએ તમારા જેવું રત્ન પાક્યું ! ત્યારે નાલાયક મેં માતાની કુક્ષીને કલંકિત કરી ! કેવાં આકાશ-પાતાળના અંતર ! સમાન માનવભવ છતાં જ્યારે તમે આટલાં ઊંચાં સુકૃતને કરી શકો છો ત્યારે હું પાપી દુષ્ટતાની માઝા મૂકું છું ! કેવી મારી ભયંકર ઈર્ષ્યા ? ભયંકર રાજ્યલંપટતા ? ભયંકર પાશવીપણું ? માફ કરજો મારા આ ઘોર અપરાધને, હું તમારી ક્ષમા માગું છું. ને લો આ તમારું રાજ્ય તમને સુપરત કરું છું, એમ કહી કાશીનરેશને પકડીને બળાત્કારે રાજ્યગાદી ઉપર બેસાડી દે છે !

કોશલરાજ હાથ જોડીને રડી રહ્યો છે, સભા પણ રડી રહી છે. કાશી નરેશની આંખ પણ ભીની થઈ જાય છે. એ કહે છે,

**કાશીનરેશના યોગ્ય બોલ :**

'નરેન્દ્ર ! અત્યારે તમારા કબજામાં છતાં તમે આ એક ગરીબની જેમ ક્ષમા માગી રહ્યા છો, ગદ્ગદ દિલે રાજ્ય સુપરત કરી રહ્યા છો એ તમારી કેટલી મોટી વડાઈ ? સત્તાધીશ છતાં આ કરગરતા માફી માગવી એ કોઈ મામૂલી વાત નથી. જીવનપાપથી ભરેલા હોય એની આ જગતમાં કોઈ નવાઈ નથી; પરંતુ પાપનો ત્યાગ કરવાની, પાપનો પ્રશ્ચાત્તાપ અને પ્રક્ષાલન કરી એનાથી પાછા હટી જવાની નવાઈ છે. મહારાજ ! રાજ્યપાટ અને જીવન કયા ટકવાના છે ?' ગમે તેટલાં સાચવ્યા ક્યાં સચવાવાના છે ? એક દિવસ આ બધું છોડી ચાલ્યા જવાનું છે પણ એ જતાં પહેલાં જીવ પાપોને તિલાંજલિ આપી દે એના જેવું બીજું પરાક્રમ નથી, બીજું શાણપણ નથી. સાથે લઈ જવાની ચીજ બે - સુકૃત અને દુષ્કૃત્ય. એમાં શા સારુ દુષ્કૃત્યોને પડતા મૂકી સુકૃતોનો ભંડાર જ સાથે ન લઈ જવો ? આજ તમારી આ ઉદાર મનસ્કતા જોઈ મારું હૈયું ગદ્ગદ થઈ જાય છે !

બસ, કોશલનરેશ રાજ્ય સોંપીને પોતાના સ્થાને ચાલ્યો ગયો અને કાશીનરેશે પેલા બ્રાહ્મણને આ મહા સુખદ પ્રસંગનું નિમિત્ત માની વિશેષ મોટું દાન કર્યું. એને રાજ્યલક્ષ્મીની પણ લંપટતા નહોતી તેથી અવસરે એને જતું કરવામાં લેશ પણ આંચકો ન આવ્યો, ત્યારે અર્થલંપટોની દશા ભૂંડી છે કે મળવામાં તો પૈસાનો કશો ભલીવાર ન હોય, અત્યન્ત મામૂલી મળ્યું હોય, પરંતુ ધર્મ ખાતર એમાંથી સહેજ પણ જતું કરવા તૈયાર નહિ ! ને એ ઠીકરા જેવાને ય બાથ ભીડીને બેસી રહેશે ! થોડું ય દાન નહિ કરે. એમ ટૂકડા ખાતર પણ જૂઠ બોલશે, અનીતિ કરશે, કિન્તુ સત્ય નીતિનો ધર્મ સાચવવાની વાત નહિ !

**વિષયલંપટોની પણ એ જ દશા છે** કે એની આંધીમાં ચડેલા એમને એ અધમ ગલીચ વિષયસુખ જરાય જતા કરી ધર્મ સાધવાનો મોખ નથી !

**ખાનપાનની લંપટતા** પણ કેવા ભૂલાવે છે ? આજે આઠમ ચૌદશ જેવી પર્વતિથિએ પણ એક નાનાં બેસણાં જેવો ય તપ ક્યાં છે ? તિથિએ પણ એક ઘી વિગઈનોય ત્યાગ અને જૂઠનો ત્યાગ ક્યાં છે ? પર્વતિથિનો માથે કોઈ ભાર જ નથી ! શાસનનો માથે ભાર નથી કે 'આ પામ્યાની રૂએ મારે આટલું તો કરવું જ જોઈએ. જૂઠું ક્યારે ય ન બોલાય, પણ કમમાં કમ મહાન પર્વતિથિ જેવા દિવસે તો એ છોડું.' ના કશો ભાર જ નહિ, બંધાયેલાપણું નહિ, વિશ્વ શ્રેષ્ઠ શાસન ભલે ને મળ્યું, ભલે ને એ ત્યાગના કેટલા ય આદેશો કરતું હોય, કિન્તુ આપણે એને બંધાયેલા નથી કે એ બધું કરવું જ પડે. ભાવના હોય એટલું કરીએ આપણી



મરજીની વાત છે.

**ખાનપાનાદિની લંપટતા શું શું કરાવે ? :**

કોણ બોલાવે છે આ ? કોણ આ માથે શાસનના ભાર-બંધન વિના સ્વચ્છંદતાનું વિચારાવે છે ? ખાનપાનાદિ વિષયોની લંપટતા. રખેને ખાવાનું રહી જશે ! રખે કાયા દૂબળી પડી જશે ! માંદો પડીને મનગમતું ખાવાનું રહી જાય કે શરીર દૂબળું પડે, એનો વાંધો નહિ. વાંધો માત્ર ધર્મખાતામાં જોખવાનો !

ધર્મની, શાસનની અને અતિ અતિ દુર્લભ મોક્ષમાર્ગની કિંમત નથી, આકર્ષણ નથી, સાચું સેવકપણું નથી. કિંમત છે વિષય-સુખોની ! આસક્તિ-સેવકપણું છે વિષયોનું, તે એમાંથી થોડુંય જતું કરી, નથી કોઈ તપ કરવો, નથી કોઈ ત્યાગ, નથી કોઈ વ્રતનિયમમાં આવવું.

**માનવના ખોળિયે જનાવરની સંજ્ઞાને પોષવી છે !**

- આગળ વધીને રાત્રિભોજન-અભક્ષ્યભક્ષણ-ઇંદ્રિયગુલામી સેવતાં પણ સંકોચ નથી.
- પરસ્ત્રીઓ જોવાના ને વિલાસી વાંચન કરવાના આંખોના દુરાચાર.
- બીભત્સ કામગીતો ને નિંદાઓ-પાપકથાઓ સાંભળવાના કાનના દુરાચાર, એમ.
- નિંદા-વિકથા-પાપોપદેશ કરવાના જીભના દુરાચાર અને
- પરનું ભૂંડું તથા અનાચારો અને અસત્ય-અનીતિ-ઈર્ષ્યાદિ ચિંતવવાના મનના દુરાચારો.

એ સેવતાં આંચકો નથી. ઉચ્ચ માનભવની કિંમત હોય તો ને ? વિષયગૃદ્ધિ એનો વિચાર જ નથી કરવા દેતી.

**કલેવર માનવનું, પણ હૃદય જંગલી પશુનું !** જોવું નથી કે મોટમોટા શેઠ શાહુકારો તથા રાજા મહારાજ અને ચક્રવર્તી જેવાઓએ પણ કેટલું ભરપૂર મળેલું છતાં એની તેવી આસક્તિ નહોતી, લંપટતા નહોતી ને આ ભવની કિંમત હતી, તો કેવા અદ્ભુત ત્યાગ-વ્રતનિયમ અને સંતોષ કેળવેલા ? વિષયલંપટતા ઓછી કરાય તો જ થોડોય આ ત્યાગ-વ્રતનિયમ-સંતોષનો ધર્મ સૂઝે.

**વિકથા-કૂથલીની લંપટતા :**

એમ, વાતોના રસિયાની પણ દુર્દશા છે કે એ રસમાં કલાકો બગાડશે, પણ નવકારવાળી, સામાયિક, શાસ્ત્રસ્વાધ્યાય વગેરે કંઈ નહીં સૂઝે. 'લાવો મહાપુરુષોનાં ચરિત્ર વાંચીએ, રાસ વાંચીએ, પ્રતિક્રમણ કરીએ.' એવું કશું મનમાં નહિ આવે,

આવશે વાતો કરવાનું ! જીવ એમાં ફોરો થતો લાગે છે ! એમાં નવનવું જાણવાનું મળવાથી જ્ઞાની સબુઝ સમજદાર થતો લાગે છે ! વાતોનો ચડસ, ગામ-ગપાટાની લંપટતા, નિંદા કૂથલીની આંધળી આસક્તિ, લાખેણી ધર્મકરણીની કિંમત કોડીની લેખાવે છે. મનમાં હલકટ વાતોના કચરા ભરતાં કોઈ સંકોચ નથી ! કચરો લાગે તો ને ?

**ભાન નથી કે,** 'અનંતા કાળની આવી ને આવી ઊંધી રમતે ઝેરી રાગ-દ્વેષ-મૂઢતાની વાસનાઓ તો લઈને આવ્યો છે, એમાં વળી **અહીંની પ્રત્યેક નિંદા-વિકથા-કૂથલી એ કુટિલ વાસનામાં વધારો કરી રહી છે. પછી એ વાસનાઓને ઘસારો પાડવાની ક્યારે ?'**

**વાસનાપોષણના પ્રત્યાઘાત :**

ભૂલતા નહિ, એક પણ બોલ નકામો નથી જતો, વાતોના બોલ બોલાય છે તે રાગ-આસક્તિ કે દ્વેષ-અરુચિના અસત્ પુરુષાર્થ ઊભા કરીને બોલાય છે અને વળી બોલતાં બોલતાં કે સાંભળતાં એ મેલી લાગણીઓ ખીલે છે. એના પ્રત્યાઘાત ભૂંડા ! પછી અહીં વૈરાગ્ય આદિના ઉપદેશ કે પ્રસંગદર્શન હૈયે જચવા ન દે ઠરવા ન દે, ત્યારે પરલોકમાં તો દારુણ દુર્દશા !

**સંસારમાં જીવની એવી પુષ્ટ રાગદિની વાસનાઓ જ એને દુઃખ-ત્રાસ-પીડામાં ખદબદતો રાખે છે.** માટે આવી વાસનાઓની પોષક વાતોના રસ-ચડસ ભૂંડા ! કેમકે એ હાથ વેંતમાં રહેલ ઉત્તમ આધ્યાત્મિક વાંચન-શાસ્ત્ર સ્વાધ્યાય-સામાયિક-જાપ આદિ ધર્મ નહિ સૂઝવા દે ! કારણ કે પેલો આનંદ જતો કરવો પડે ને ? એટલે જ કદાચ કુળધર્મથી કે આજુબાજુવાળાના સંસર્ગને લીધે, યા કોઈ બાધા-નિયમ આદિના હિસાબે ધર્મપ્રવૃત્તિમાં બેસવું પડ્યું તો ત્યાંય હૃદયમાં પેલી વાતો-વિકથાનો રસ ભર્યો પડ્યો હોવાથી જરાક મોકો મળ્યો કે વાત-વિકથા-કૂથલી કરવા લાગી જશે ! અહીં જ દેખાય છે ને કે પાંચ મિનિટ કોઈ કારણસર વ્યાખ્યાન બંધ પડ્યું એટલી વાર; ઝટ વાતો ગરબડ શરૂ થઈ જાય છે ! એ વાતચીત શું સાંભળી ગયેલ વ્યાખ્યાનના વિષય અંગે હોય છે ? ના રે ના, એ તો આડીઅવળી મફતિયા વાતોસ્તો. મૂઢ જીવને ભલે ને વીતરાગ સર્વજ્ઞ ભગવાનની અનુપમ વાણીનો યોગ મળ્યો. પણ હૈયામાં રસ-ચડસ-લંપટતા પેલી વાતો-વિકથા-કૂથલીનો બેઠો છે, એ ધર્મમાં ચિત્ત તન્મય-રસિયું-ગુલતાન ક્યાંથી બનવા દે.

વિશેષ દુઃખદ તો પાછું એ છે કે એ વિકથા-કૂથલી-નિંદા કર્યા પછી પણ એનાં ખેદ નથી કે, 'અરે ! મેં આ શું કર્યું ? ઉત્તમ માનવકાળ આ કૂથલીની અધમ



ચર્યામાં ક્યાં વેડફી નાખ્યો ? અનાદિ કુવાસનાઓને ઘસારો પાડનાર સુંદર ભાવનાઓ, ધર્મવાંચન, ધર્મકથા વગેરેને છોડી કુવાસના દઢ કરનારી આ વિકથાદિ દુષ્ટ ચર્યામાં ક્યાં પડ્યો ? આવી અફસોસી પણ નથી. કેમકે દિલમાં એની દુષ્ટતા લાગી હોય તો ને ? આંધળો રસ એ લાગવા જ ન દે ને ? જીવની આ કેટલી મૂઢતા ? મોહ રાજાની આંધળી ગુલામી નીચે મૂઢ જીવ અસત્ કાર્યો કરે તો છે જ પરંતુ એને ખોટાં માનવા ય તૈયાર નહિ ને એનો ખેદ કરવાનીય વાત નહિ ! પછી વાતો-વિકથામાં જાતનું તો બગાડે પણ બીજાને ય એમાં ઘસડવામાં એને કોઈ અરેકારો નહિ કે 'આ બિચારા એક ભવ્ય જીવને હું ક્યાં મારા ચડસથી પાપમાં પાડું ? ક્યાંય આમાં પાપનો ખેદ-ખોટાપણું લાગવાનું છે ? જો નહિ તો સમ્યક્ત્વ ક્યાં રહેવાનું ?'

સમ્યકત્વ પાપના રાજીપા ને સારાપણા ઉપર નહિ રહી શકે. કેમકે ત્યાં પછી એનો અનંતાનુબંધી કષાય જાગતો રહે છે, જે સમ્યકત્વ ઘાતક-પ્રતિબંધક છે. એ પગભર હોય ત્યાં મિથ્યાત્વ પગભર રહી સમકિતને આવવા દે નહિ, કે પહેલાં આવ્યું હોય તો એને ટકવા દે નહિ. તો વિચારજો વાતો-વિકથા નિંદા-કૂથલીનો રસ-ચડસ-લંપટતા જીવને ક્યાં સુધી નીચે પટકે છે ? એટલો સમય ધર્મ કરવો તો ચૂકાવ્યો, ઉપરાંત એ વિકથાદિનો ખેદ અને ધર્મ ચૂકાયાનો ખેદ પણ ન રહેવા દીધો ! પછી

**જ્યાં ધર્મ ચૂકાયાનો ખેદ નહિ, ત્યાં ધર્મની અત્યંત કર્તવ્યતા લાગે જ ક્યાંથી ?**

**એ જો ન લાગે તો એના સુસંસ્કાર શી રીતે પડે ?**

**અને એ જો ન પડે, તો ભવિષ્યમાં ધર્મમમતા શે મળવાની ?**

**એ જો ન મળે તો જીવન કેવું પાપભર્યું ને પાપના ચડસભર્યું બનવાનું ?**

**બીજી બાજુ વિકથાના જે વિષયનો રસ પોષાયેલો એના કુસંસ્કાર અને પાપકર્મ કેટલો અનર્થ કરશે ?**

વાતોના રસ, નિંદા-વિકથાના ચડસ ઇંદ્રિય-વિષયોની લંપટતા, લક્ષ્મીની લંપટતા વગેરેના અનર્થ જોવા જેવા છે. કે એ જીવને કેટલો બધો નીચે પડકે છે ! ચૌદ પૂર્વધર મહામુનિ જેવા પણ વિકથાના રસમાં નીચે ગબડતા હશે તે શું એમ ને એમ ? કે ઠેઠ સમ્યકત્વ અને ધર્મપ્રીતી પણ ગુમાવીને ? માટે જ ડહાપણ એ છે કે મૌન અને અતિ અલ્પ ખાસ જરૂરી જ બોલવાનો અભ્યાસ પાડવા જેવો છે. ગળા સુધી કાંક બોલવાનું આવી ગયું હોય છતાં મન કઠણ કરી એને દાબી દેવાનું. મન સામે ઝટ એ ખડું કરવાનું કે, 'જો આ કૂથલી-વાતોનો રસ પોષ્યો છે તો

ધર્મરસને જબરદસ્ત ફટકો પડશે ! અને એના પ્રત્યાઘાત ભયંકર ! સાચી ધર્મસગાઈ નહિ રહે. માટે હાલ અને ભાવી માટે મારી ધર્મલેશ્યા ટકાવવા વાતો-કૂથલી મને ન ખપે.'

**દાળ ભેગી ઢોકળી :**

આ રીતે મન મારીને મૌન કેળવવાની જરૂર છે. નહિતર વાતો-વિકથાના રસ-ચડસમાં તો પછી દાળ ભેગી ઢોકળી ચડવા જેવું થશે એ ભૂલવા જેવું નથી. એમાં લાગ્યા એટલે,

(૧) સહેજે અભિમાન પોષાવાનું, કેમકે વાતો કરવામાં હોશિયારી બતાવવા તરફ સહેજ દિલ હોય છે ને 'હું સાચું કહું છું, તમારા પરની લાગણીથી કહું છું.' એવો સામા પર ભાસ કરાવનારું હું પદ હોય છે. પોતાનું સાચું ઠરાવવા તરફ અહંત્વ રહે છે.

(૨) વળી વાતોની લંપટતાથી વાતો-વિકથા કરવામાં અસત્ય, અજુગતું ને વધારે પડતું બોલવાનું પણ થાય છે.

(૩) એમ, વાતોના તે તે વિષયથી રાગ, લોભ, માયા બીજા પર દ્વેષ વગેરે કષાયો પણ જાગે છે, વધે છે, પોષાય છે.

(૪) બીજાનાં ગુપ્ત રાખવા જેવાં રહસ્ય બોલી કાઢવાનું થાય તેથી વિશ્વાસઘાત પણ કર્યાનું બને.

(૫) જાતની ક્ષુદ્રતા નીચવૃત્તિ પોષાય.

(૬) એમ, કેટલીક વાર બીજાના છતા પણ દોષની નિંદા ચાડી અને અછતા દોષનું આરોપણ, આક્ષેપ, અભ્યાખ્યાન પણ થાય. આ બહુ ભયંકર પાપ છે, કોઈનામાં જે દોષ નથી, ભૂલ નથી એનું આળ ચડાવવા જેવી નીચતા જગતમાં બીજી કઈ હોય ? તે પણ વાતોના ચડસમાં એનાથી ખાનગી ! એટલે કેમ ? તો કે પછી એનો પ્રચાર ચાલવાનો. હૃદય ધિઠ્ઠું કઠોર નિર્દય બને ત્યારે આવું અભ્યાખ્યાનનું પાપ થાય. બહુ વાતરસિયાને આ સુલભ છે.

(૭) વાતોના ચડસમાં પાપોપદેશ-પાપસલાહ-પાપાનુમોદના અને પાપપ્રેરણાનો હિસાબ નથી રહેતો. કંઈ ને કંઈ વાત કરવી છે ને ? એટલે જેમ ગધેડાને કંઈ ને કંઈ આરોગવું છે, તેથી ઉકરડાનો કચરો આરોગે છે. એમ અહીં વાતોના રસમાં પોતે કરેલ પાપકાર્યોની હોશિયારી બતાવશે, પાપાનુમોદન કરશે ! પછી ત્યાં પાપનો ડંખ પણ ક્યાં ઊભો રહે ? સીધો એ પાપના અનંતાનુબંધના રાગમાં તાણી



જાય ! ને સમકિતથી ભ્રષ્ટ કરે !

વળી વાતોનો ચડસ; એટલે સામાને પાપની સલાહ-પ્રેરણા આપવાનો. ભોજનની, સ્ત્રીની, દેશની કે રાજ્યની એવી વાતો માંડશે કે જેથી સામાને રાગ-દ્વેષ થાય અને એને કોઈ પાપની પ્રેરણા પણ મળે. જરૂર પડ્યે આ વાતોડિયો એને હિંસાની જૂઠની કે અનીતિ-માયા વગેરેની પણ સલાહ આપતાં અચકાશે નહિ ! એમ સામાના પાપકાર્યની પ્રશંસા કરશે, યા એમાં મતું મારશે. પેલો કહે, 'આપણી છોકરી જરા રાશિ, પણ ગમે તેમ ઓઠકોઠ કરીને ઠેકાણે તો પાડવી ને ?' એટલે આ વાતોડિયો કહેશે કે, 'હાસ્તો, ઠેકાણે પાડવી જ પડે ને ?' શુ કર્યું આ ? સામો એ ઠેકાણું પાડવામાં જે માયા-પ્રપંચ રમે એમાં મતું માર્યું ! સંમતિ આપી, ભયંકર પાપ 'માયા'ની અનુમોદના કરી ! આવાં આવાં તો કેઈ દુષ્ટ પાપો વાતોના ચડસમાં પોષાય છે.

માટે જ બહેતર છે કે ઘરના ખૂણે બેસી રહેવું અથવા સંતસાધુના સંસર્ગ સાધવા, વાંચન કરવું કે જાપ વગેરે કરવો, પણ વાતો-વિકથા-કૂથલીમાં લેશ પણ નહિ ઉતરવું.

**માન-પ્રતિષ્ઠાની લંપટતા**

**જગતમાં ધર્મરસ ન જાગવા દેનારી અને ધર્મ ભૂલાવનારી લંપટતાઓ કેટકેટલી છે ?**

વાતોના રસની જેમ માન-પ્રતિષ્ઠાની લંપટતા પણ ધર્મ ભૂલાવે છે, ધર્મરસ જ જાગવા નથી દેતી. એ તો એક જ જોશે કે, 'આપણને માન ક્યાં મળે છે ? આપણે સારા કેમ લાગીએ ? આપણી પ્રતિષ્ઠા કેમ વધે ?' અર્થ-કામ-ઠઠારાની લંપટ દુનિયામાં સારા દેખાવું છે, માન મેળવવું છે, આબરૂ વધારવી છે એટલે પછી જીવ એ અર્થ, કામ, વિષયો અને દેખાવ-ઠઠારાની પ્રવૃત્તિમાં જ લાગ્યો રહેવાનો. ત્યાં ધર્મને જગા જ શાની મળે ? ધર્મ કદાચ કરવાનું કરે, તો પણ એની પાછળ આશય તો માન મેળવવાનો જ હોય એટલે પછી ધર્મ તરીકે ધર્મનો રસ હોય જ શાનો ?

**શુદ્ધ ધર્મરસ કેવો :**

આ જો રસ હોય તો તો મનને એમ થાય કે દુનિયાના બાહ્ય માન-સન્માનની આકાંક્ષા એ તો લોભપાપ છે અને લોભ સૌથી ભુંડું પાપ છે. તો કમમાં કમ જ્યારે હું ધર્મસાધનામાં જોડાઉં છું ત્યારે તો એ આકાંક્ષાના પાપને દૂર રાખું. કેમ કે એ આકાંક્ષા ચિત્તના અધ્યવસાયરૂપ છે એટલે જો એ ઊભી હશે તો

નિર્લોભતાની અહંત્વ ત્યાગની, જિનવચનરાગની વગેરે વગેરે ધર્મ આકાંક્ષાને જગા ક્યાંથી મળશે ? પેલી માનાકાંક્ષાનો અશુભ અધ્યવસાય રહેવામાં આ ધર્મઆકાંક્ષાના શુભ અધ્યવસાયની ઉપેક્ષા-બેપરવાહી રહેવાની ! ધર્મ કરીને ધર્મરસ પોષવાને બદલે પાપ પોષવાનું ! એ કેમ પાલવે ? માટે આ માનની લાલસા ભૂંડી !

**બાહુબળજીના** યુદ્ધભૂમિ ઉપર બાર બાર મહિના સુધી ચારિત્ર, સળંગ ઉપવાસો અને કાઉસ્સગ્ગધ્યાને એક સ્થાન પર ખડા રહેવાની ધર્મસાધના ક્યાં કમ હતી ? છતાં કેવળજ્ઞાન ક્યારે મળ્યું ? પેલી માનાકાંક્ષા, માનની લાગણી કે 'મારે કેવળજ્ઞાની નાના ભાઈઓને વંદન ન કરવી પડે.' એ ઊભી હતી ત્યાં સુધી નહિ, પણ હેઠી મૂકી ત્યારે ! ઋષભદેવપ્રભુએ બ્રાહ્મી-સુંદરી બેનસાધ્વીઓને મોકલી એમના માનાકાંક્ષા-માનકષાયના પાપ-અધ્યવસાય પર ટકોર લગાવી,

**'વીરા મોરા ગજ થકી ઊતરો, ગજ ચઢ્યે કેવળ ન હોય રે.'**

અર્થાત્ 'ભાઈ મારા ! અભિમાનના હાથી પરથી નીચે ઊતરો, તો જ કેવળજ્ઞાન થાય પણ અભિમાનના હાથી ઉપર બેઠા રહ્યે કેવળજ્ઞાન નહિ થાય.' એમ માનાકાંક્ષા-માનકષાયને થપ્પડ લગાવી રવાના કરાવ્યા, ત્યારે કેવળજ્ઞાન મળ્યું. ત્યાં બાહુબળજી મહામુનિએ શું વિચાર્યું ? આવું જ કાંક, કે, 'અરે ! હું ક્યાં ભૂલ્યો ? કેવળજ્ઞાન તો વીતરાગ થાય એને જ મળે. એટલે પહેલાં તો મારે અહીં વીતરાગ બનવું પડશે. તે સમસ્ત ક્રોધ-માન વગેરે કષાયો નિર્મૂળ નાશ પામે તો જ બનાય અને અહીં તો હું 'નાનાને કેમ નમું ?' એમ માનકષાયને પોષી-થાબડી રહ્યો છું. પછી વીતરાગ ક્યાંથી બની શકવાનો ? એ નહિ તો કેવળજ્ઞાન પણ શી રીતે મળવાનું હતું ? માટે હવે તો પહેલું આ માન પડતું મૂકું અને એ માટે જાઉં, વીતરાગ કેવળજ્ઞાની મહર્ષિ બનેલા નાના ભાઈ મુનિઓને જઈને નમસ્કાર કરું. એમ ભાવનામાં ચડ્યા અને પગ ઉપાડતાં ભાવના ખૂબ વધી તે ક્ષપકશ્રેણીના ભાવ ઉછળ્યા ત્યારે કેવળજ્ઞાન થયું ! અહીં એક પ્રશ્ન થાય,

## ૧૧. શુભ ભાવની અગત્યતા

પ્ર. ઠીક છે માનાકાંક્ષા તો પડતી મૂકી, પરંતુ નાના ભાઈ મહર્ષિઓને નમન કરવાની આકાંક્ષા જાગી એ પણ આકાંક્ષા એક રાગરૂપ જ છે ને ? તો એ છતેય વીતરાગ શી રીતે બનાય ? વીતરાગ એટલે તો સર્વથા રાગરહિત.

ઉ. અહીં સમજવાની જરૂર છે કે માનાકાંક્ષા એ અશુભ અધ્યવસાય છે અને નમસ્કારની આકાંક્ષા એ એક શુભ અધ્યવસાય છે. ત્યાં પહેલાં એ અશુભ અધ્યવસાય



તોડવાને માટે આ શુભ અધ્યવસાયની જરૂર છે. માનનો કે લોભનો અધ્યવસાય એ કષાયપરિણતિ છે, સંકલેશ છે, તે 'ચાલો આપણે આ કષાય-પરિણતિ મૂકી દો આપણે માન રાખવાની કે લોભ કરવાની જરૂર નથી.' એમ ચિંતવવામાત્રથી કાંઈ એ રવાના ન થાય. એ તો રવાના કરવા માટે સંકલેશના અધ્યવસાયને બદલે વિશુદ્ધિનો અધ્યવસાય લાવવો પડે ને એ વિશુદ્ધિનો અધ્યવસાય પણ કષાયના ઘરનો છે. સાંભળીને ભડકતા નહિ. શાસ્ત્ર કહે છે.

**'જેટલા સંકલેશ સ્થાન છે એનાં એ વિશુદ્ધિસ્થાન છે.'** અશુભ કષાયભાવમાં નીચે અંદર ઊતરતા જાઓ એ સંકલેશમાં પડ્યા કહેવાય. ત્યારે એમાંથી બહાર નીકળતા જાઓ એટલા વિશુદ્ધિમાં ચડ્યા ગણાય. ખૂબી જુઓ કે દા.ત., નવમા ગુણઠાણે બે આત્મા છે, પણ એક સાતમે-આઠમે થઈ ઉપર ચડતો નવમે છે, ને બીજો ૧૧મે ગુણઠાણેથી પડતો નવમે ગુણઠાણે આવ્યો છે. આ એના જેવું છે કે જેમકે તીર્થાધિરાજ શ્રી શેત્રુંજા પર હનુમાન હડે આગળ બે યાત્રિક એક જ પગથિયા ઉપર દેખાય છે. પણ એક જણ યાત્રા કરીને ઉપરથી ઉતરતો છે ને બીજો યાત્રા કરવા માટે નીચેથી ઉપર ચડતો ત્યાં આવ્યો છે. એ જ રીતે અહીં એક જણ વીતરાગ બનવાની દિશામાં નીચેના ગુણસ્થાનકેથી ચડતો ચડતો નવમા ગુણઠાણે આવ્યો છે. ત્યારે બીજો ૧૧મે ગુણઠાણે વીતરાગ બનીને હવે એ અંદરમાં ક્ષણભર તદ્દન ઉપશાંત કરી નાખેલા કષાય ઉદય પામતા એ બીજો ૧૧ મે ગુણઠાણેથી પડતો નવમે ગુણસ્થાનકે આવ્યો છે. આમાં ચડતો એ વિશુદ્ધિમાં છે, ને પડતો એ સંકલેશમાં છે, આમ બંને અમુક સમયે એકસાથે નવમા ગુણઠાણે હોવા છતાં એક આત્મા કષાયમાંથી બહાર નીકળતો નીકળતો ઉપર ચડતાં નવમે આવ્યો છે માટે એ વિશુદ્ધિમાં ગણાય છે અને બીજો ઉપરથી નીચે ઊતરતો કષાયની અંદર અંદર પેસતાં એ જ નવમાં ગુણઠાણે આવ્યો છે. કષાયસ્થાન, અધ્યવસાયસ્થાન સમાન, એ જ છતાં એકને વિશુદ્ધિ, વિશુદ્ધ પરિણામ અને બીજાને સંકલેશ, સંક્લિષ્ટ પરિણામ ! એનો અર્થ એ થયો કે સંકલેશસ્થાન એજ વિશુદ્ધસ્થાન; સવાલ માત્ર પડવા-ચડવાનો; તફાવત માત્ર કષાયમાં અંદર ઊતરવાનો કે એમાંથી બહાર નીકળવાનો. હવે એ જુઓ કે,

**કષાયમાંથી બહાર શી રીતે નીકળાય ?** આ સમજવા માટે પહેલાં એટલું ધ્યાનમાં રહે કે કષાયનો અધ્યવસાય યાને ભાવ કાંઈ એક જ પ્રકારનો નથી, કિન્તુ એમાં ડિગ્રીઓ (DEGREES) છે, માત્રાઓ છે. સૌથી ઊંચી ડિગ્રીનો ઉત્કૃષ્ટ માત્રાનો, એનાથી જરાક ઉતરતી માત્રાનો, એનાથી પણ જરાક ઉતરતી માત્રાનો ઓછો

કરતાં કરતાં વીતરાગભાવ યાને તદ્દન નિષ્કષાયભાવ આવવા પૂર્વેનો અત્યંત નહિવત્ કષાયભાવ. એ સૌથી અલ્પ માત્રાનો કષાયભાવ. એ ઊતરતી માત્રાઓ થઈ. એના બદલે અલ્પમાંથી વધતી માત્રાનો કષાય થતો આવે એ ચડતી માત્રાઓના કષાયભાવ ગણાય.

હવે જોવાનું એ છે કે એમાં શી રીતે અલ્પ અલ્પ માત્રાના કષાય-અધ્યવસાય થતા આવે ?

એનો ઉત્તર એ છે કે કષાય જેવા પ્રકારનો હોય, તેના-તેનાથી વિરુદ્ધ શુભ ભાવ ઊભો કરાય તો એ દબાય. દા.ત. ક્રોધ-કષાયનું ઉપશમન ક્ષમા-સમતાના ભાવથી થાય, માનકષાયનું શમન નમ્રતા-મૃદુતા-લઘુતાના ભાવથી; માયાનું ઋજુતા-સરળતા-નિખાલસતાના ભાવથી અને લોભનું ઉપશમન નિસ્પૃહતા-તૃપ્તિ-નિર્મમતાના ભાવ વડે થાય. એનો અર્થ એ કે પેલા કષાયના અશુભ ભાવની સામે આ ક્ષમાદિના શુભ ભાવ ઊભા કરવા પડે. એમાં પણ ડિગ્રી-માત્રા તો રહેવાની. સૌથી અલ્પમાત્રાનો ક્ષમાનો ભાવ, એનાથી વધતી માત્રાનો એથી પણ અધિક માત્રાનો... એવું નમ્રતાદિના ભાવોમાં ય અનેક માત્રાઓ રહેવાની. છતાં એટલું તો નક્કી કે આ ક્ષમાદિ એ પણ ભાવ છે, ને કાંઈ વીતરાગ દશા નથી. વીતરાગ દશા તો પરાકાષ્ઠાની સર્વથા કષાયમુક્ત અવસ્થા છે. એટલે એની નીચેની ગુણમય અવસ્થાઓ આમ કષાયના અસ્તિત્વવાળી અવસ્થા હોઈને **'વિશુદ્ધિ'** કહેવાય છે. કેમ કે ક્ષમાદિ વિકસતાં કષાય શમતા આવીને વિશુદ્ધ-વિશુદ્ધ અવસ્થા બનતી આવે છે.

અર્થાત્ વીતરાગ બનવા પૂર્વે કષાયના અશુભ ભાવ દબાવતા આવવા માટે ક્ષમાદિના શુભ ભાવો કેળવતા આવવું જ પડે. ત્યારે જો કોઈ એમ કહે કે 'મારે વીતરાગ જ બનવું છે ને એમાં તો કોઈ અત્યલ્પ પણ કષાય રખાય નહિ, એ તો તદ્દન કષાય મુક્ત શુદ્ધ અવસ્થા છે; માટે મારે ક્ષમાદિના શુભ ભાવનું શું કામ છે?' તો એ સમજદાર ગણાય ? કે અજ્ઞાન પાગલ ગણાય ?

**પોકળ નિશ્ચયવાદીનું અજ્ઞાન :**

એટલે, 'આપણે તો વીતરાગ બનવાનું છે શુદ્ધ ભાવવાળા બનવાનું છે, ત્યાં શુભ ભાવનું શું કામ છે ?' એમ કહેનારો, કહેવું પડે કે, એ ખરેખર સમજ્યો જ નથી કે વીતરાગભાવ કઈ અવસ્થા છે, એ કેવી રીતે આવે છે. એની પૂર્વે કષાયોની કેવી કેવી અનેકવિધ ઉતરતી માત્રાઓ છે. એ કેવી કેવી રીતે પસાર કરવી પડે છે, એ માત્રાઓને ઘટાડતા જવા કયા કયા શુભ ભાવ ઉપયોગી થાય છે ?... વગેરે વગેરે એ સમજ્યો જ નથી. તેથી એમ બોલે છે કે નિશ્ચય આરાધ્ય



છે, વ્યવહાર નહિ. વીતરાગ ભાવ એ નિશ્ચયથી શુદ્ધ અવસ્થા છે, ને એજ ધ્યેય છે માટે એનોજ પુરુષાર્થ કરવો; હું નિશ્ચયથી શુદ્ધ વીતરાગવાળો છું પણ કષાયમિશ્રિત શુભ ભાવવાળો નહિ. એ તો અસદ્‌ભૂત વ્યવહારનયની વસ્તુ છે. એ આરાધ્ય નથી, ઉપાદેય નથી. માટે એવા શુભ ભાવને લાવનારી ક્રિયાઓ પણ આરાધ્ય-ઉપાદેય નહિ. એવી ક્રિયાઓ તો અનંતી કરી ચૂક્યા, તો ય હજી રખડતા છીએ. માટે ક્રિયા તો મજૂરી છે; એનાથી વીતરાગ દશા પ્રાપ્ત થવાનું માનવું એ મિથ્યાત્વ છે....' વગેરે વગેરે બોલે એ અજ્ઞાન પ્રલાપ મૂઢતાભર્યો લવારો છે.

**પોકળ નિશ્ચયવાદીનો એ મૂઢ લવારો હોવાનું કારણ,** કે એ એવી જાતનું કથન છે કે જેમ કોઈ જમીન પર ઊભેલો બોલે કે, 'આપણે તો સાતમા મજલાની અગાશી પર ઊભા રહેવાનું લક્ષ્ય છે, તો વચલા મજલાઓની સીડીઓ ચડવાનું શું કામ છે ? વળી જો એ સીડીઓ ત્રાંસી નહિ પણ સીધા ઊભા થાંભલાની જેમ એકદમ ઊભી છે તો એ ચડતાં બાજુના કોઈ કઠેરા કે દોરડાના ટેકો પકડવાનું શું કામ છે ? એવા સીડી ચડનારા અને ટેકાને પકડનારા તો કેઈ પડ્યા. આપણેય બાળક હતા ત્યારે પડેલા. માટે સીડી ને ટેકાથી સાતમા મજલાની અગાશીએ પહોંચવાનું માનવું એ મિથ્યાત્વ છે...' આવું બોલે એ મૂઢતાભર્યો લવારો નહિ તો બીજું શું ગણાય ? નીચે જમીન ઉપર ઉભેલાને સાતમા માળની અગાશી એ કાંઈ એક પગલાની વસ્તુ નથી, એક જ ફલાંગે પહોંચવાની ચીજ નથી કે માત્ર એક ફલાંગ મારી ને ટપ અગાશી પર ઊભા ! એ તો પાયરીઓ ચડવી પડે ને એ માટે ટેકા લેવા પડે. એમ કષાયની અસંખ્ય માત્રાઓ છે. ઊંચી ઊંચી માત્રાના કષાય કાપતા આવવું પડે. એ માટે ક્ષમાદિ શુભ ભાવ અને એના જગાડનારા-પોષનારા વ્યવહાર માર્ગના ટેકા આલંબન લેવા પડે. એના આધારે, પેલામાં જેમ જેમ ઉપર ચડતાં નીચેના મજલાઓ પસાર થતા જાય અને અગાશીની નજીક નજીક પહોંચાતું જવાય, એમ અહીં નીચે નીચેના કષાયભાવો ઓળંગાતા જાય ને વી તરાગભાવની નજીક નજીક થવાતું જવાય.

પ્ર.- ખેર ! પણ એમાં તો આંતરિક ક્ષમાદિ-ભાવની જરૂર ગણાય, કિન્તુ બાહ્ય ક્રિયાની શી જરૂર ? એથી શું વળે ?

ઉ.- ક્રિયા એ પેલી ઊભી સીડીના કઠેડા જેવો ટેકો છે. કઠેડાનો આધાર પકડી ઉપર ઉપરના પગથિયા ચડાય છે. એમ ક્રિયાના આલંબને ઉપર ઉપરના ભાવમાં ચડાય છે. જો બાહ્ય અશુભ ક્રિયાના આધારે કષાયના ભાવ જાગે છે પોષાય છે અને વધે છે તો બાહ્ય શુભ ક્રિયાના આલંબને ક્ષમાદિશુભ ભાવો જાગી-

વધી ન શકે ? કૃત્રિમ નિશ્ચયવાદીનું જ વર્તન જુઓ ને કે એમનો પોકળ નિશ્ચયવાદ પ્રચારવા માટે એમણે પહેલાં ભાષણની ક્રિયા શરૂ કરી ! એથી ચાર માણસો જોડાતા દેખ્યા એટલે એમને પ્રચારનો લોભ લાગ્યો ને માસિક પત્ર પ્રચારવાની ક્રિયા ચલાવી ! એથી વળી એમનામાં વધુ જોડાવાનું દેખ્યું એટલે લોભ ઓર વધ્યો ને દૈનિક પત્રિકા શરૂ કર્યું ! એનું ધાર્યું ફળ જોઈ પાછો આંતરિક લોભ વિકસ્યા તે ટેપ રેકર્ડિંગ ચલાવી એને પણ પ્રચારવાની ક્રિયા કરે છે ! આ શું છે ? બાહ્ય ક્રિયાના આધારે આંતરિક લોભની માત્રા વધવાનો સ્પષ્ટ પુરાવો.

એમ નિશ્ચય-વ્યવહાર ઉભયને ન્યાય આપનાર મતની શ્રદ્ધા-રાગવાળો કોઈ એમને કહે કે, 'આ તમારું કહેલું ગળે ઉતરતું નથી.'

તો એ એને કહે છે કે, 'એનું કારણ એ છે કે તમે પેલો મિથ્યારાગ ધરી બેઠા છો એટલે ક્યાંથી ગળે ઉતરે ? એ તો એ મિથ્યારાગ હટે તો સાચી વસ્તુ ગળે ઉતરે પણ ફિકર ન કરો, જરા ધીરજ ધરી અહીં રોજ પ્રવચન સાંભળો, અહીંવાળાનો સત્સંગ કરો એટલે તમારો ભ્રમ ભાંગી જશે ને સાચું સમજાશે.'

આ એમણે શું સમજીને સલાહ આપી ? એજ કે, 'બાહ્ય પ્રવચનશ્રવણ અને સત્સંગની ક્રિયા કરતા આવવાથી જેમ બીજાઓ બુઝ્યા છે અર્થાત્ એના આંતરિક મિથ્યા રાગ તૂટ્યા છે, એમ આ ભાઈને પણ એ બાહ્ય ક્રિયાના આલંબને મિથ્યારાગ કપાતો આવશે, સાચી સમજ-શ્રદ્ધા વધતી આવશે.' આવું એ દૃઢપણે માનીને એને એવી સલાહ આપે છે. આમાં પણ શું આવ્યું ? એ જ કે બાહ્ય ક્રિયાના આધારે મિથ્યારાગ કપાતો આવે ને સાચી સમજ-શ્રદ્ધા વધતી ચાલે.

આવી રીતે પોકળ નિશ્ચયવાદી બંને વસ્તુ માને છે, બાહ્ય ક્રિયાથી લોભ વધતો આવવાનું અને બાહ્ય ક્રિયાથી રાગ ઘટતો આવવાનું પછી એ કયા મોંઢે બોલે છે કે 'બાહ્ય ક્રિયા અંદરના ભાવ પર કશી અસર કરતું નથી માટે એની શી જરૂર પડે ? એથી શું વળે ?'

વાત સાચી છે કે ગધેડાને બાહ્ય તાલિમ ગમે તેટલી આપે છતાં એ અંદરથી ઘોડાના જેવા ભાવવાળો ન બને; કિન્તુ એ પણ એટલું જ સાચું છે કે બે ઘોડામાં એક ને બાહ્ય તાલિમ મળી તો એ અંદરથી સારા ઘડતરવાળો બને છે ને બીજો એવી તાલિમ વિનાનો એવા ઘડતરવાળો નથી બનતો, જંગલી ઘોડા જેવો રહે છે.

પેલા પોપટના બે બચ્ચાની વાત આવે છે ને ? એકને વાઘરીના ઘરે રાખ્યું, બીજાને પંડિતના ઘરે; પછી રાજા જોવા નીકળ્યો તો વાઘરીના ઘરવાળો પોપટ



'ગાળો ને મારો કાપો' બોલતું હતું ! ને પંડિતના ઘરવાળો 'આવો, પધારો, જય જય' કહેતું હતું.

એમ ક્ષમાશીલ પુરુષોના સંસર્ગમાં રહેવાથી ક્રોધી પણ થોડો શાંત બને છે. એમ પોતે જાતે જ ક્ષમાના પુસ્તક કે ક્ષમાશીલ કોઈનું ચરિત્ર વાંચે તો અને પોતાનામાં અંતરમાં પોતાની ક્રોધિષ્ઠતા ઉપર ખટકો-પસ્તાવો થાય છે, ને કંઈક પણ ક્રોધ દબે છે, ક્ષમાભાવ થોડો પણ વિકસે છે. **આ સત્સંગ-વાંચનની ક્રિયાનું ફળ છે.**

એમ બાહ્ય રસત્યાગ ભક્ષ્યદ્રવ્ય-સંકોચ અને તપસ્યા કરતાં કરતાં અંદરમાંથી ખાનપાનના રાગ ઓછા થતાં આવે છે. વિરાગભાવ વધે છે, એ પણ દેખાય છે, અનુભવથી અનુભવી શકાય છે.

એવી રીતે પહેલાં અંતરમાં બહુ અભિમાન-અક્કડતા-સ્વોત્કર્ષ (આત્મગૌરવ) રહેતા હોય, કિન્તુ નમ્ર, મૃદુ અને લઘુતા ધરનારા સારા માણસોના સંપર્કમાં આવે, એવાના ચરિત્ર સાંભળે, તેમ જાતે એવાને નમન-પ્રણામ-નમસ્કાર કરતો રહે, તો પોતાનામાં નમ્રતા-મૃદુતા-લઘુતા અંશે અંશે પણ આવતી જાય છે. આ બાહ્ય ક્રિયાની જ અસર છે.

બાહુબલજી મુનિ ગમે એટલા માનમાં હતા કે 'સર્વજ્ઞ પણ નાના ભાઈને વંદન ન કરું' છતાં જ્યાં પોતે બેનસાધ્વીઓ બ્રાહ્મી-સુંદરીનાં વચનનાં શ્રવણની ક્રિયા કરી અને એટલા માત્ર વિચારમાં ચડ્યા કે 'જાઉં હવે તો એ સર્વજ્ઞ લઘુબંધુઓને નમન કરું' ત્યાં અંતરનો અભિમાન-અક્કડતા-મોટાઈરૂપ માનકષાય દબાતો આવ્યો, નમ્રતા-મૃદુતા-લઘુતા વિકસતી આવી ને એ માર્ગે પગલું ઉપાડવાની ક્રિયા શરૂ કરી ત્યાં ભાવનો ઉત્કર્ષ વધી જતાં માનકષાય અને બીજા કષાય સમૂળગા નષ્ટ થઈ ગયા, ને વીતરાગ બની સર્વજ્ઞ બન્યા ! જો ક્રિયાનું મૂલ્ય જ ન હોત, જો પોતે માનતા હોત કે, 'નમનની ક્રિયાથી કાંઈ ન વળે, એથી કાંઈ અંદરના કષાય શમે નહિ' તો એ નાના ભાઈને નમવા જવાનો વિચાર જ શું કામ કરત ? તેમ પગલું ય શું કામ ઉપાડત ? ને એ ન કરતે તો એમને માનકષાય શી રીતે દબાત ?

એટલે આ હકીકત છે કે **ક્રિયા તો ભાવને જગાવવા-વધારવામાં બહુ ઉપયોગી હોઈ ભાવને પેદા કરે છે. પુષ્ટ કરે છે.**

એવી એ પણ વસ્તુ છે કે એમાં શુભ ભાવ એ પ્રશસ્ત રાગ-દ્વેષના ઘરના હોય છે ને એ અપ્રશસ્ત કષાયને દબાવે છે.

**બાહુબળજીના પ્રશસ્ત રાગદ્વેષ :**

દા.ત., બાહુબળજીને બેનસાધ્વીનાં વચન 'વીરા મોરા ગજ થકી ઉતરો, ગજ ચઢ્યે કેવળ ન હોય' એ સાંભળવાની ક્રિયાથી પસ્તાવો થયો કે 'અરે ! આ મેં શું કર્યું ? અભિમાનમાં રહીને મારે વીતરાગ સર્વજ્ઞ બનવું છે ? કેવી મારી સરાસર ભ્રમણા ? કેવો હું મૂઢ ?' એ જાત પર ઘૃણા-અરુચિનો અને અભિમાન-દુષ્કૃત પર દ્વેષનો ભાવ થયો કહેવાય. એ પ્રશસ્ત દ્વેષ છે. એમ, પછી જે થયું કે 'કોની સામે મારી મોટાઈ અક્કડતા અને અભિમાન ? સર્વજ્ઞ એવા નાના ભાઈઓની સામે ? ક્યાં હું મૂઢ રાગદ્વેષમાં ખૂંચેલો અધમ આત્મા ? ને ક્યાં એ તદ્દન નિર્દોષ વીતરાગ અનંતજ્ઞાની પરમાત્મભાવ પામેલા ? ધન્ય અવતાર કે એ નાના છતાં વહેલા વીતરાગ બન્યા ! તો જાઉં, એમને હું નમું ! આ જે ભાવ આવ્યો તે એ વીતરાગતા ને વીતરાગ સર્વજ્ઞ લઘુબંધુ પ્રત્યે ભક્તિ બહુમાનનો અર્થાત્ પ્રશસ્ત રાગનો ભાવ જાગ્યો કહેવાય. એ વિશુદ્ધિ છે. પેલા સ્વગૌરવ-અક્કડતા-અભિમાનના ભાવ એ સંકલેશ હતા. હવે એ મટીને વિશુદ્ધિ આવી ને વધતી ચાલી. એ કષાયના ઘરના જ ભાવ છે, પણ પ્રશસ્ત એટલે અપ્રશસ્ત કષાયમાંથી બહાર નીકળતા ચાલ્યા એમાં વધતા વધતા શી વાત ? સર્વજ્ઞ વીતરાગ ભાઈ ! કોઈ જ લેશમાત્ર કષાય નહિ !' એમ વીતરાગતાના અત્યંત વધેલા રાગમાં વીતરાગતાના સાથે એકતાન ધ્યાનમાં ચડી ગયા ! ધ્યાતા-ધ્યેય-ધ્યાનની એકરૂપતા એકરસતા થઈ ગઈ ! સમભાવ આવી ગયો ! ત્યાં પ્રશસ્ત રાગ સહેજે છૂટી ગયો ! એને ધક્કો ન મારવો પડ્યો, એના પર ઘૃણા ન કરવી પડી કે 'આ તું પ્રશસ્ત પણ રાગ જ ને ? તું ય ખોટો.' એવું ન કરવું પડ્યું એ તો વીતરાગ-વીતરાગતાના ઉત્કૃષ્ટ રાગથી એની સાથે એવા એકમેક થઈ ગયા કે પછી 'હું સરાગ, પેલા વીતરાગ' એવો ભેદ જ ભુલાઈ ગયો. તેથી સહેજે વીતરાગ ઉપર રાગ કરવાનો રહ્યો નહિ ને એ ન રહેતાં વીતરાગભાવ પામ્યા.

એટલે અપ્રશસ્ત રાગ-દ્વેષ-મોહ-મમતા વગેરેને હટાવવા દેવ-ગુરુ-શાસ્ત્ર-તીર્થ-સંઘ વગેરે ઉપર રાગ વધારતાં ડરવાનું નથી કે 'આ પણ એક જાતના કષાય જ છે ને ? એથી તો બંધન ઊભું રહ્યું !' ના, આ ભય ખોટો છે, કેમકે એથી જ પેલા દેહ-દ્રવ્ય-કુટુંબ-કીર્તિ વગેરે પરના અપ્રશસ્ત કષાય દબાતા આવે અને આ દેવાધિદેવાદિ પરનો રાગ-ભાવ પરાકાષ્ઠાએ પહોંચતાં તો અંતરથી પરમાત્મા સાથે એવી એકમેકતા ઊભી થશે કે પછી એમની સાથેનો ભેદ જ ભુલાઈ જશે. પોતાની જાત પરમાત્મા સ્વરૂપ લાગે એવી અભિન્નતા-અભેદ ઊભો થશે, ત્યાં પરમાત્મા



પોતાથી જુદા જ નહિ ભાસે, તો એમના પર રાગ કરવા જવા પણ ક્યાં ઊભું રહે ? પછી ત્યાં તો વીતરાગ ભાવ આવીને ઊભો રહેવાનો.

બાહુબલજી મુનિને એ થયું. જાત પરનું ગૌરવ હટી વીતરાગ સર્વજ્ઞ લઘુબંધુ મુનિઓ પ્રત્યે એવું બહુમાન ઊભું થયું કે એ વીતરાગ પ્રત્યેનો અધ્યવસાય પરાકાષ્ઠાએ પહોંચતા પોતે જ વીતરાગથી અભિન્ન એટલે કે સ્વયં વીતરાગ બની ગયા. પરંતુ એમાં ભૂલવાનું નથી કે એ બહુમાન જાગવા વધવામાં આલંબન બની નમન ક્રિયા, મનથી એમણે ધાર્યું કે આ હું ભાઈઓને ન નમવાનું ધારું છું એ જ મારી મોટી ભૂલ છે. તેથી જ અહીં બાર બાર મહિનાથી આટલો ઉગ્ર તપ સંયમ અને ધ્યાન છતાં અટકી પડ્યો છું. માટે હવે તો જાઉં ભાઈઓને નમું ને મારા અભિમાનનો ચૂરો કરું. શું કર્યું આ ? વીતરાગી ભાઈ મુનિઓને નમસ્કાર કરવાની ક્રિયાનું મનથી આલંબન કર્યું. એવા ચડતા રંગે કર્યું કે એ રંગે વીતરાગતાના રંગ સુધી પહોંચી ગયો ! પણ તે ક્રિયાનું આલંબન ધરવા ઉપર. માટે **ક્રિયા તો ભાવનું મહાન આલંબન છે.**

પોકળ નિશ્ચયવાદી બિચારા આ વિશ્લેષણ કરી શકતા નથી. એટલે ક્રિયાને તિરસ્કારી ભાવ માટે ફોગટ ફાંફા મારે છે ! 'ફોગટ' એટલા માટે કે શુભ ધર્મક્રિયાનો ખપ કરવો નથી એટલે અશુભ પાપક્રિયાઓ ભરચક ચાલુ રહે છે ને તેથી અશુભ ભાવ પોષાયો રહે છે; પછી શુભ ભાવ શાનો જાગે ? શી રીતે સગો થાય ? તપની ક્રિયા જો નથી તો 'ખા-ખા'ની ક્રિયા ઊભી રહેવાથી જીવનો અનાહારિપણાનો ભાવ લેશ પણ શે ઊભો થાય ? આહારની લંપટતા-આસક્તિનો ભાવ શે દબાય ? એમ પૂજ્યને નમન-પૂજનાદિ ક્રિયાના ખપ વિના સ્વાભિમાનનો હ્રાસ ને પૂજ્ય પ્રત્યે બહુમાનનો વિકાસ શી રીતે થઈ શકે ?

ધર્મનો રસ ઊભો કરવો હોય તો પાપરસો મંદ પાડવા જોઈએ. ને આ માટે પાપક્રિયાઓ ઓછી કરી હોંશથી ધર્મક્રિયાઓમાં જોડાયા રહેવું જોઈએ. આ જો નથી તો ધર્મરસ નહિ જાગે. માણસને હરવા ફરવાના રસમાં સામાયિક-સત્સંગ-સ્વાધ્યાયાદિ ધર્મનો રસ નથી રહેતો, એની આકાંક્ષા જ નથી જાગતી. પછી એની પ્રવૃત્તિ શે જાગે ? જુઓ છો ને કે આજે પ્રતિક્રમણમાં કે રાતના યા રજાના દિવસે પણ સાધુ-સત્સંગમાં કેટલા આવે છે ? કેમ નહિ જેવી સંખ્યા ? કહો, એની આકાંક્ષા જ નથી રસ જ નથી, પછી શું કામ આવે ? એ રસ-આકાંક્ષા ન હોવાનું કારણ, કે હરવા-ફરવાના રસ પૂર જોસમાં ઊછળી રહ્યા છે ! જરાક નવરા પડ્યા કે 'ચાલો ફરવા' ભલેને એમાં કશું મળવાનું ન હોય, છતાં ચડસ એનો. માને છે

કે 'એથી ચિત્ત ફોરું થાય' ચાર જણને મળાય કરાય, તો મહોબ્બત વધે. માનવજીવનના આ કસ ખેંચવાના ? આવાં તુચ્છ પ્રયોજનો ? શું નથી કોઈ ઉચ્ચ પ્રયોજનો ? હરવા-ફરવામાં શું ચિત્ત ફોરું થયું કે એના રસથી છલોછલ ભરાયું તે ધર્મરસને પેસવા જગા જ નથી ? ચારની મહોબ્બત થઈ તે મોહના કીડાઓની કે જ્ઞાની-ડાહ્યા-ધર્માત્માઓની ?

કહે છે અમને પ્રતિક્રમણમાં રસ નથી, પણ તે ક્યાંથી હોય જો પેલા હરવા ફરવા-મળવાના રસના પૂર વહેતા હોય ? કોને વિચારવું છે કે પ્રતિક્રમણનો રસ નહિ એટલે શાનો રસ નહિ ? પાપના કચરા સાફ કરવાનો જ રસ નહિ ને ? પણ જાત પાપથી ભારે લાગે છે જ ક્યાં ? પાપ પર અને પાપભરી જાત પર ઘૃણા જ ક્યાં છે ?

હરવા-ફરવા-મળવામાં કેટલાય રકમબંધ રાગ-દ્વેષનાં પાપ મફતિયાં ઊભા થાય છે એ તરફ દૃષ્ટિ જ ક્યાં છે ? દૃષ્ટિ જ નહિ, તો એનો ભય એનો અરેકારો-અફસોસી-પશ્ચાત્તાપ થાય જ શાનો ?

એકલું જગત સામે જોવું છે. જગત કેમ વર્તે છે એની ચાલે ચાલવું છે ને જિન સામે જોવું નથી, જિનનાં વચન વિચારવાં નથી, એની આ રામાયણ છે કે હરવા ફરવા જેવા અતિ તુચ્છ આનંદના રસ બન્યા રહે છે. ત્યારે સમજવા જેવું છે કે,

**માણસનું નૂર એના આનંદરસના પ્રકાર પરથી મપાય છે.** આનંદનો પ્રકાર જેમ ઊંચો તેમ એનું નૂર, તેજસ્વિતા ઊંચી ગણાય. ત્યારે અતિતુચ્છ હલકટ વાત-વસ્તુથી જો આનંદ આનંદ થાય છે તો ત્યાં નૂરની અધમતા છે. પશુમાં જૂઓ, ગધેડો ઉકરડે ભટકવામાં આનંદ માને છે, ત્યારે ઘોડો સવારીમાં ફરવામાં, ને એમાંય લશ્કરી ઘોડો વળી યુદ્ધભૂમિ પર દોડવા-ઘૂમવામાં, કાગડો અશુચિ ચૂંથવામાં આનંદિત થાય છે. તો પોપટ ફળ-ફળાદિ ખાવામાં, ઊંટ રસ્તે ચાલતાં બાવળિયે બાવળિયે મોઢું મારવા તત્પર અને રાજહસ્તી સામે લાડું ધરાય છતાં એની બેપરવાહીમાં મસ્ત હોય છે. લાડુ ખાવાના આનંદ કરતાં માવતનાં મનામણાંની બેપરવાહીનો આનંદ વધુ હોય છે. એ એનું ઊંચું નૂર ગણાય. ત્યારે ગધેડાને લાડુ તો શું પણ ઉકરડે ચર-ચર કરવાનો આનંદ હોય છે. એ એની અધમ કક્ષા સૂચવે છે.

એમ માણસોમાં પણ તરતમતા દેખાય છે. કેટલાકને તુચ્છ પદાર્થ પણ ખાતાં આનંદનો પાર નથી રહેતો ! ત્યારે બીજાને મેવા-પકવાન્ન પર પણ એવી



ચોંટ નથી હોતી. કાળી બુધા જેવી સ્ત્રીમાં ય કેટલાક ભારે લંપટ અને એની સહર્ષ ગુલામી ઉઠાવતા હોય છે તો બીજા વળી ગોરી ગોરાંગના પ્રત્યે પણ અલિપ્ત ગંભીર ઉદાસીન હોય છે. ૫-૨૫ હજારની મૂડી પર હરખ અને મદનો પાર નહિ એવા ય જીવો હોય છે; તો બીજા વળી લાખોની આવક છતાં ઉદાસીન જેવા અને ઉદાર ચિત્તવાળા હોય છે. કેટલાકને જરાક શી સત્તા મળી સન્માન મળ્યું એમાં ખુશીનો પોટલો થવા જોઈએ છે. ત્યારે મહા સત્તા-સન્માનમાં પણ એવો આનંદ નહિ, એવા ય માણસ હોય છે.

આ શું છે ? ઓછા-વધતાં નૂરની નિશાની. નૂર તેજ સત્વ વધે એમ તુચ્છ બાબતના આનંદ કપાય. અથવા કહો, જેમ જેમ તુચ્છ બાબતના આનંદ અટકાવતા જઈએ તેમ તેમ આત્માનું નૂર વધતું આવે.

પ્ર.- તો શું નૂર વધવાથી મોટી બાબતના આનંદ વધે ?

ઉ.- ના, એમાંય આનંદની માત્રા કપાતી આવે. નૂર વિકસ્યા પહેલાં જેટલો ભારે આનંદ થતો હતો, તે હવે નૂર વિકસ્યા પછી નહિ. એટલે કિંમતી ગણાતા વિષયોમાં પણ આનંદની માત્રા ઘટાડતા અવાય તો નૂર વધતું ચાલે. જે નૂર ભરત ચક્રવર્તીનું હતું તે બ્રહ્મદત્ત ચક્રીનું નહિ, કેમકે બ્રહ્મદત્તે પૂર્વજીવનમાંથી પૌદ્ગલિક આશંસા-નિયાણું કરીને છતું નૂર તોડી નાખેલું તેથી અહીં વિષયોની ભારે લંપટતા અને ગુલામી વહોરેલા.

એટલે જ આ વિચારવાનું છે કે હરવા-ફરવાની તુચ્છ બાબતનો રસ હોય એનું નૂર કેટલું જઘન્ય ? એવા જઘન્ય નૂરવાળાને પ્રતિક્રમણાદિ સુંદર ધર્મક્રિયાના આનંદ લૂંટવાનું શાનું ગમે ?

આશ્ચર્ય તો એ છે કે માણસને નાની નાની બાબતની સફાઈ નૂર તેજ વધારવાનું લક્ષ રહે છે, પરંતુ પોતાના આત્માનું નૂર વધારવા તરફ કોઈ લક્ષ જ નહિ ! પેલી બ્રાહ્મણીની ત્રીજી છોકરીનો ધણી એની લાત પર એના પગ પંપાળવા અને એનું ચાટુ કરવામાં આનંદ માની રહ્યો છે ! ગધેડા કરતાં કોઈ વધારે નૂર ? ત્યારે તો બ્રાહ્મણી છોકરીને એ સલાહ આપે છે કે 'જો આ પતિને તો તું આજ્ઞા કરીશ એમાં એ ખુશી રહેશે. પણ તું - જો એની આજ્ઞાની અપેક્ષા રાખીશ અને એને દેવની જેમ માનવા પૂજવા જઈશ તો એ કરમાઈ જશે ને એ ખુશ નહિ, તો તું ય ક્યાંથી ખુશીમાં રહેવાની ? અસ્તુ. વાત શ્રવણના અંજામણની છે.

સારાંશમાં શ્રી ભગવતીસૂત્ર નિદ્રા તથા વિકથાને ત્યજીને મનવચન અને

કાયાને ગોપવીને લલાટે અંજલિ જોડીને ભક્તિ બહુમાનપૂર્વક ઉપયુક્ત થઈ શ્રવણ કરવું.

(આ ભગવતીસૂત્રમાં એક શ્રુતસ્કંધ - ૧૦૦થી વધુ અધ્યયન, ૧૦૦૦૦ ઉદ્દેશક, ૩૬૦૦૦ પ્રશ્નો અને ૨,૮૮,૦૦૦ પદ છે.)

પહેલા શતકના પહેલાં ઉદ્દેશમાં પ્રશ્ન,–

**"સે, ણૂણં ભંતે ચલમાણે ચલિએ ? ઉદીરિજ્જમાણે ઉદીરિએ ? વેઇજ્જમાણે વેઇએ ? પહિજ્જમાણે પહીણે... નિજ્જરિજ્જમાણે નિજ્જણે ?"**

**હંતા ગોયમાં ! ચલમાણે ચલિએ, જાવ નિજ્જરિજ્જમાણે નિજ્જિણ્ણે !**

**છિજ્જમાણે છિન્ને ? ભિજ્જમાણે ભિન્ને ? ડજ્ઝમાણે દડ્ઢે ? મિજ્જમાણે મડે ?**

**પ્ર.- હે ભગવાન, જે ચાલતું હોય તે ચાલ્યું એ પ્રમાણે કહેવાય ?..... તેમજ બળતું હોય તો બળ્યું અને નિર્જરાતું હોય તે નિર્જરાયું એ પ્રમાણે કહેવાય ?**

**ઉ.- હા, ગૌતમ ! ચાલતું હોય તે ચાલ્યું... યાવત્ નિર્જરાતું નિર્જરાયું એ પ્રમાણે કહેવાય.**

આ જ ભરતખંડમાં કુંડપુર નામનું શહેર હતું. ત્યાં ભગવંત મહાવીરદેવનો ભાણેજ જમાલિ નામે રાજપુત્ર હતો. ભગવંત મહાવીરદેવની પુત્રી સુદર્શના જમાલિની વહુ હતી. કાળક્રમે તે કુંડપુર શહેરમાં ૫૦૦ પુરુષોની સાથે જમાલિએ ભગવાન પાસે દીક્ષા લીધી. ત્યાર પછી ૧૦૦૦ સ્ત્રીઓ સાથે સુદર્શનાએ પણ દીક્ષા લીધી. જમાલિ દીક્ષા લીધા બાદ ૧૧ અંગોને ભણ્યો. છઠ્ઠ, અઠ્ઠમ, પંદર અને માસખમણ વગેરે તપ કરીને આત્માને ભાવિત કરે છે. અન્ય કોઈ દિવસે ભગવાનને કહ્યું કે હે ભગવાન ! તમારી આજ્ઞાથી હું પાંચસો સાધુ સાથે બહારના દેશોમાં વિહાર કરવાને ઇચ્છું છું. છતાં ભગવંત મૌન રહ્યા, આજ્ઞા ન આપી તો પણ તે પાંચસો સાધુઓને સાથે લઈને વિહાર કરે છે. ગામે ગામ ફરતાં સાવત્થી નામની નગરીમાં આવ્યો. ત્યાં તે તૈંદુક નામના બગીચામાં કોષ્ટક ચૈત્યમાં રહ્યો છે. અન્ય કોઈ દિવસે શરીરમાં દાહજ્વર ઉત્પન્ન થયો તેથી તે બેસી શકતો પણ નહિ. તેથી તેણે સાથે આવેલા સાધુઓને કહ્યું કે મારે માટે શીઘ્ર સંથારો પાથરો કે જેથી હું શયન કરું. ત્યારબાદ તે સાધુઓએ પથારી પાથરવાની શરૂઆત કરી. દાહજ્વરથી અત્યંત પીડા પામેલ તે જમાલિએ પ્રશ્ન કર્યો ત્યારે જો કે પથારી પૂરી પથરાઈ ન હતી, અડધી પથરાઈ હતી તો પણ ત્યારે સાધુઓએ કહ્યું કે પથારી પથરાઈ છે. ત્યારબાદ પીડાથી ભાંભળા ચિત્તવાળો બનેલો તે જમાલિ ઉઠીને જ્યાં પથારી તૈયાર થતી



હતી ત્યાં આવ્યો અને આવીને અડધી પથારી જોઈને ક્રોધિત થયો. પછી કરાતું હોય તે કરાયું કહેવાય ઇત્યાદિ શાસ્ત્રના વચનને સંભારી મિથ્યાત્વ મોહનીયના ઉદયથી તે ખોટું છે અર્થાત્ ભગવાન મહાવીરદેવ જે 'કરાતું હોય તે કરાયું, ચાલતું હોય તે ચાલ્યું, યાવત્ નિર્જરાતું હોય તે નિર્જરાયું' કહેવાય તે મિથ્યા છે. કારણ કે પ્રત્યક્ષ દેખાય છે કે પથરાતો હોય ત્યાં સુધી પથરાયો નથી. બીજા સ્થવિર ભગવંતોએ યુક્તિઓથી સમજાવ્યો. દા.ત., કોઈ ભાઈ અમદાવાદથી મુંબઈ જવા ઘરેથી હમણાં નીકળ્યા છે. ત્યાર પછી તુરતમાં કોઈ પૂછે છે કે ભાઈ ક્યાં ગયા ? તો કહેવાય છે કે મુંબઈ ગયા. હજી તો અમદાવાદના સ્ટેશને પણ પહોંચ્યા નથી... છતાં તે સમજ્યો નહિ. ત્યારે તે સ્થવિર મુનિઓ તેમનો ત્યાગ કરી ભગવંત પાસે ગયા. બીજા જમાલિની પાસે જ રહ્યાં. સુદર્શનાએ પણ જમાલિ ઉપરના અનુરાગથી તેનો જ મત સ્વીકારી ઢંક નામના કુંભાર શ્રાવકને ઘરે જ રહી. ઢંક ભગવાનનો શ્રાવક હતો તો પણ તેના મતનો સ્વીકાર કરાવવા પ્રવૃત્ત થઈ. ત્યારે તે ઢંક શ્રાવકે સુદર્શનાને પ્રતિબોધવા નિભાડામાં મૂકેલ માટીના વાસણોનો હેરફેર કરતો હતો ત્યારે તેણે એક અંગારો સ્વાધ્યાયને કરતી તે સુદર્શનાના કપડામાં મૂક્યો જેથી તેની સંઘાટી (સાલ્લો)નો છેડો બળ્યો. ત્યારે તે સુદર્શનાએ કહ્યું કે, 'હે શ્રાવક ! મારી સંઘાટી તેં બાળી ?' પછી તે ઢંકે કહ્યું કે બળતું હોય તે બળ્યું ન કહેવાય એમ તમારો સિદ્ધાંત છે અને આ સંઘાટી તો હજી સુધી બળી નથી પણ બળતી છે માટે ક્યારે અને કોણે તારી સંઘાટી બાળેલી છે ? ઇત્યાદિ તે ઢંકનું વચન સાંભળીને સુદર્શના સમજી ગઈ કે જમાલિનું મંતવ્ય યુક્તિ અને શાસ્ત્ર વિરુદ્ધ છે. પછી તે સુદર્શનાએ ઢંકને તમે ઠીક પ્રેરણા કરી-ઠીક સમજાવી એમ કહીને પોતે માનેલ ખોટી વાતની માફી માંગી. પછી સુદર્શનાએ જમાલિને સમજાવ્યો, પણ જ્યારે તે કોઈ પ્રકારે ન સમજ્યો ત્યારે તેને મૂકીને સુદર્શના સાધ્વી પોતાનો પરિવાર લઈ ભગવાન પાસે ગઈ અને બાકી રહેલા સાધુઓ પણ ભગવંતની પાસે ગયા. એકલો જમાલિ પોતાના મતમાં ઘણાં માણસોને મેળવીને મરણ પામી કિલ્બિષિક દેવમાં ઉત્પન્ન થયો.

આવી રીતે શરૂઆતમાં નવ પ્રશ્નો ભગવાન ગૌતમ સ્વામિએ ભગવાન મહાવીર સ્વામિને પૂછ્યાં તે પ્રશ્નોનો ઉત્તર આપતાં ભગવાને પ્રથમ પ્રશ્નનો ઉત્તર ચાલતું ચાલવા માડ્યું-તે ચાલ્યું કહેવાય. બીજા પ્રશ્નો અંગે વિવેચન વગેરે અવસરે.

જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ બોલાયું હોય તો મિચ્છા મિ દુક્કડં.

**(પ્રથમ ભાગ સમાપ્ત)**

## ધર્મદાસગણિ વિરચિત

# ઉપદેશમાળા

## પ્રાસંગિક

અવધિજ્ઞાની મહર્ષિએ પોતાના સંસારી પુત્ર રણસિંહને પ્રતિબોધ કરવા માટે જે મહિમાવંત ગ્રંથની રચના કરી તે જ ગ્રંથ આજે દરેક ગાથાના સરળ અને અર્થ ગંભીર અનુવાદ સાથે 'ઉપદેશમાળા' નામે પ્રસિદ્ધ થઈ રહ્યો છે, જે જિજ્ઞાસુ અને મુમુક્ષુ જૈન જનતા માટે ઘણા જ આનંદનો વિષય છે. જૈન જગતમાં 'ઉપદેશમાળા'એ ઉપદેશના વિષયમાં પ્રાચીનતમ ગ્રંથો પૈકીનો એક ગ્રંથ છે, એનો પ્રતિપાદ્ય વિષય એટલો બધો સુંદર છે કે પ્રાચીન કાળથી જ વ્યાખ્યાન આદિમાં એ ગ્રંથ વંચાતો આવ્યો છે અને આજે પણ વંચાઈ રહ્યો છે. ધુરંધર તાર્કિક પૂ.આ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજ, પૂ. સિદ્ધર્ષિગણી, પૂ. રત્નપ્રભસૂરિ, પૂ. ઉદયપ્રભસૂરિ, પૂ. રામવિજયગણિ વગેરે અને પૂર્વજ મહર્ષિઓએ આ ગ્રંથ ઉપર અનેક વિવરણો લખ્યા છે. એ આ ગ્રંથની ઉપાદેયતા સિદ્ધ કરવા માટે ઓછા નથી. પૂ. મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે પણ સ્વ-નિર્મિત અનેક ગ્રંથોમાં ઉપદેશમાળાના અનેક શ્લોકો સાક્ષી તરીકે ટાંકી દેખાડ્યા છે. તાત્પર્ય, ઉપદેશનાં વિષયમાં આટલો બધો પ્રાચીન અને મહા પ્રમાણભૂત અન્ય ગ્રંથ મળવો દુર્લભ છે. તદુપરાંત આ ગ્રંથને અનુસરીને બીજા પણ અનેક આચાર્ય ભગવંતોએ જુદા જુદા ઉપદેશ વિષયક ગ્રંથોનું નિર્માણ કર્યું છે.

સાધુ અને શ્રાવક બંનેના જીવનમાં અતિ ઉપયોગી એવા એક એક માર્મિક ઉપદેશો શ્લોકના પ્રારંભમાં નિર્દેશીને એ જ શ્લોકમાં એનું એક એક સચોટ દૃષ્ટાંત પણ આપી દેવું એ આ ગ્રંથની અનોખી વિશેષતા છે. ખરેખર આ ગ્રંથ હૃદયંગમ ઉપદેશો અને એના શાસ્ત્રીય દૃષ્ટાંતોનો અદ્ભુત ખજાનો છે. બધી જ કક્ષાના જીવોને આત્મપ્રગતિમાં આ ગ્રંથ ઘણો જ પ્રેરક બની રહે તેવો છે, પણ મૂલગ્રંથની ભાષા પ્રાકૃત છે અને આજે સંસ્કૃતની જેમ પ્રાકૃતભાષા પણ વિદ્યાભ્યાસના ક્ષેત્રમાંથી



દૂર થઈ ગઈ છે. એ કારણે ભાષાના અનભિજ્ઞ જીવો આવા ઉત્તમ ગ્રંથના માર્મિક ઉપદેશથી વંચિત રહી જાય એ બાબત કોઈ પણ દીર્ઘદૃષ્ટા વિશેષજ્ઞને સહેજ ખૂંચે એ સ્વાભાવિક છે.

ન્યાયવિશારદ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબે પોતાના અનેકવિધ કર્તવ્યોમાંથી રોજ થોડો થોડો બહુમૂલ્ય સમય ફાળવીને ઉપદેશમાળાની બધી ગાથાઓનો સુંદર અને સરળ અનુવાદ કરી આપી ગુજરાતી ભાષા વ્યવહર્તાઓ ઉપર ઘણો મોટો ઉપકાર કર્યો છે. પૂજ્યપાદ આચાર્યદેવશ્રીને શરૂઆતથી જ આ ગ્રંથ સાથે આત્મીયતા એટલી બધી કેળવાઈ ગઈ છે કે વ્યાખ્યાનમાં જ્યારે જ્યારે તેઓ ઉપદેશમાળાના કોઈ એકાદ શ્લોકને લઈને સાથે તેમાંનાં કથા પ્રસંગનું ધારદાર નિરૂપણ કરે છે ત્યારે શ્રોતાઓ કેટલા બધા ઊંડા સંવેગ-વૈરાગ્યના મહાસાગરમાં ડૂબી જાય છે કે એ તો સાંભળનારા સૌ જાણે જ છે. લગભગ દરેક સાધુ-સાધ્વીઓને પૂજ્યશ્રી અવારનવાર આ ગ્રંથને કંઠાભરણ કરવા માટે પ્રેરણાઓ કરતા જ રહ્યા છે અને એના સત્પ્રભાવે તેઓશ્રીના અનેક અંતેવાસીઓ આ ગ્રંથને કંઠસ્થ કરવા સદ્ભાગી બન્યા છે. 'ઉપમિતિભવ-પ્રપંચા કથા' મહાશાસ્ત્રના રચયિતા મહાવિદ્વાન શ્રી સિદ્ધર્ષિગણી મહારાજે આ ઉપદેશમાળાશાસ્ત્રના શબ્દે શબ્દના ખોલેલા રહસ્યના આધારે પૂજ્યશ્રીએ આ ગ્રંથ ઉપર માર્મિક અનુવાદનું આલેખન કર્યું છે.

આત્માની ઉન્નતિ બહુધા નિમિત્તાધીન જ છે. મોટા ભાગના જીવો મુક્તિની સાધનામાં ઉપદેશના સહારે જ આગળ વધે છે. જીવનો મુક્તિમાં જવાનો કાળ એક બાજુ પાક્યો હોય અને બીજી બાજુ આવા સુંદર-ગંભીર શાસ્ત્રીય ઉપદેશોના સંવાહક સદ્ગુરુ ભગવંતોનો ભેટો થઈ જાય, પછી પૂછવું જ શું ? આ ઉપદેશમાળા ગ્રંથના તાત્ત્વિક ઉપદેશોએ આજ સુધી અનેક માર્ગ ભૂલ્યા પથિકોના રાહમાં નિર્ણાયક પ્રકાશ પાથર્યો છે. અનેક ઉન્માર્ગગામીઓને સન્માર્ગમાં આવવાની ઉચ્ચતમ પ્રેરણાઓ પ્રાપ્ત થઈ છે. અનેક પુણ્યાત્માઓ પતનની પગથારેથી પાછા વળી ગયા છે. આત્મોન્નતિની સાધનાવાળાઓમાં આ ગ્રંથરત્ને અપૂર્વ પ્રાણ સંચાર કર્યો છે.

આ ગ્રંથ માત્ર કોરા ઉપદેશોનો ભંડાર નથી પણ આત્મામાં વૈરાગ્યનો વિરાટ દાવાનળ પ્રગટાવવા માટે અનેક ચિનગારીઓ એમાં ભરી પડી છે. કોઈ મુમુક્ષુને એમાંથી એકાદ ચિનગારી પણ અડી જશે તો એના પાપ કર્મોના ઝુંડે ઝુંડે વિરાગના ચિરાગમાં બળીને ખત્મ થઈ જશે એમાં કોઈ સંદેહ નથી.

જેઓ સંપૂર્ણ ગ્રંથ ન ગોખી શકે તેમ હોય તેવા પુણ્યાત્મા માટે પૂજ્યપાદશ્રીએ આ માલામાંથી વિશિષ્ટ ગોખવા લાયક શ્લોક પુષ્પોનો પુષ્પિકાના ચિહ્નથી ★(ફૂંદડીથી) અલગ નિર્દેશ કરેલો છે. એટલા શ્લોકો પણ ગોખનારને આ માલાની મહેંક પ્રાપ્ત થયા વિના નહીં રહે.

આ ઉપદેશમાળાનું પુસ્તક કદમાં ઘણું નાનું છે અને સાથે જ નીચે એનો અર્થ પણ છે. એટલે ગોખવા માટે તથા શ્લોકનો અન્વયાર્થ સમજવા માટે તેમજ ઉપદેશમાળાના રસથાળને માત્ર ગુજરાતી ભાષામાં સળંગ અવગાહવા હોય તેમના માટે પણ ઘણું જ ઉપયોગી સિદ્ધ થશે.

ગ્રંથના શ્લોકોનો તથા ગ્રંથગત દૃષ્ટાંતોનો અકારાદિક્રમ આપ્યો હોવાથી ગ્રંથની ઉપયોગિતામાં સારો વધારો થયો છે.

સૌ કોઈ મુમુક્ષુ આત્માઓ આનો સાદર સ્વાધ્યાય કરી, તથા ઉપદેશોને જીવનમાં ઊતારી તેની પ્રભાવના દ્વારા સ્વ-પર સર્વનું કલ્યાણ સાધે એ જ મંગળકામના.

**(પ્રથમ આવૃત્તિમાંથી)**



# દૃષ્ટાંતોનો અકારાદિક્રમ


| દૃષ્ટાંત | ગાથા | | | | |
|---|---|---|---|---|---|
| અંગવીર | ૧૭ | જા સા સા સા | ૩૩ | માસાહસ | ૪૭૨ |
| અંગારમર્દક | ૧૬૮ | ઢંઢણ મુનિ | ૩૯ | મેઘકુમાર | ૧૫૪ |
| અભયકુમાર | ૪૩૯ | તામલિતાપસ | ૯૧ | મૃગાવતી | ૩૪ |
| અર્ણિકાપુત્ર | ૧૭૧ | દત્તમુનિ | ૯૯ | મેતાર્ય | ૯૧ |
| અવંતી સુકુમાળ | ૮૮ | દર્દુરાંકદેવ | ૪૩૯ | રથકાર | ૧૦૮ |
| આર્યમહાગિરિ | ૧૫૨ | દ્રમકભિખારી | ૧૨૨ | વજ્રસ્વામી | ૪૮ |
| ઋષભદેવ | ૩ | દઢપ્રહારી | ૧૩૬ | વસુદેવ | ૫૩ |
| ક્નકકેતુ | ૧૪૬ | નંદીષેણ | ૫૩ | વારત્રઋષિ | ૧૧૩ |
| કરકંડુ | ૧૮૦ | પરશુરામ | ૧૫૧ | વિનયરત્ન | ૩૧ |
| કંડરીક | ૨૫૧ | પંથક | ૨૪૭ | શશિપ્રભ સુરપ્રભ રાજા | ૨૫૬ |
| કામદેવ | ૧૨૧ | પીઠ | ૬૮ | શિવભક્તભિલ્લ | ૨૬૫ |
| કાલ સૌકરિક | ૪૩૯ | પુષ્પચૂલા | ૧૭૦ | શેલક | ૨૪૭ |
| કાલિકાચાર્ય | ૧૦૫ | પુષ્પશૂક | ૨૨૭ | શ્રીકૃષ્ણ | ૨૫૦ |
| કેશી ગણધર | ૧૦૨ | પુંડરિક | ૨૫૨ | શ્રેણિક | ૧૪૯ |
| કોણિક | ૧૪૯ | પૂરણતાપસ | ૧૦૯ | સનત્કુમાર | ૨૮ |
| ગજસુકુમાળ | ૫૫ | પ્રદેશી | ૧૦૨ | સ્કંદકસૂરિ | ૪૨ |
| ગિરિશૂક | ૨૨૭ | પ્રભવ | ૩૭ | સ્કંદકુમાર | ૧૪૧ |
| ગોશાળો | ૧૩૦ | પ્રસન્નચંદ્ર | ૨૦ | સ્થૂલભદ્ર | ૫૯ |
| ગૌતમસ્વામી | ૬ | બળદેવમુનિ | ૧૦૮ | સંગમસૂરિ | ૧૧૦ |
| ચંડરૂદ્રાચાર્યશિષ્ય | ૧૬૭ | બ્રહ્મદત્તચક્રી | ૩૧ | સંવાહન રાજા | ૧૭ |
| ચંદનબાલા | ૧૩ | બાહુબલી | ૨૫ | સાગરચંદ્ર | ૧૨૦ |
| ચંદ્રાવતંસક | ૧૧૮ | ભરતચક્રી | ૨૦ | સિંહગુફાવાસી | ૬૧ |
| ચાણક્ય | ૧૫૦ | મરીચિ | ૧૦૬ | સુનક્ષત્ર | ૧૦૦ |
| ચિલાતીપુત્ર | ૩૮ | મરુદેવી | ૧૭૯ | સુભૂમ | ૧૫૧ |
| ચુલણી | ૧૪૫ | મંગુઆચાર્ય | ૧૯૧ | સુલસ | ૪૪૫ |
| જમાલી | ૪૫૯ | મહાપીઠ | ૬૮ | સૂર્યકાંતા | ૧૪૮ |
| જંબૂકુમાર | ૩૭ | મહાવીર | ૨ | હરિકેશી | ૪૪ |

# ॥ श्री उपदेशमाला ॥

(કર્તા- શ્રી ધર્મદાસગણી મ.)

❖ नमिऊण जिणवरिंदे, इंदनरिंदच्चिए तिलोयगुरु ।
उवएसमालमिणमो, वुच्छामि गुरुवएसेणं ॥१॥

❖ जगचूडामणिभूओ, उसभो वीरो तिलोयसिरितिलओ ।
एगो लोगाइच्चो, एगो चक्खू तिहुयणस्स ॥२॥

❖ संवच्छरमुसभजिणो, छम्मासा वद्धमाणजिणचंदो ।
इय विहरिया निरसणा, जएज्ज एओवमाणेण ॥३॥

❖ जइ ता तिलोगनाहो, विसहइ बहुयाइं असरिसजणस्स ।
इय जीयंतकराइं, एस खमा सव्वसाहूणं ॥४॥

---

**અર્થ :-** ત્રણે જગતના ગુરુ, દેવેન્દ્રો અને નરેન્દ્રો વડે પૂજાયેલા શ્રી જિનેશ્વર ભગવંતોને નમસ્કાર કરીને હું (ધર્મદાસગણિ ક્ષમાશ્રમણ) ગુરુના ઉપદેશને અનુસારે આ ઉપદેશમાળાને કહીશ. (૧)

ત્રણ જગતના ચૂડામણિ પહેલા શ્રી ઋષભદેવ અને ત્રણ જગતની લક્ષ્મીના તિલક છેલ્લા શ્રી મહાવીર જિન થયા, તેમાં એક શ્રી ઋષભદેવ આ અવસર્પિણી કાળમાં કેવળજ્ઞાન દ્વારા સમસ્ત પંચાસ્તિકાય લોકના સૂર્ય છે અને એક શ્રી વીરજિન ત્રિભુવનનાં નેત્ર છે. (૨) (કેમકે સૂર્યવત્ સકલ માર્ગદર્શક અને નેત્રવત્ જ્ઞાનદાયક છે.)

શ્રી ઋષભદેવ એક વર્ષ સુધી અને વર્ધમાન જિનચંદ્ર છ માસ સુધી, એમ બંને તદ્દન આહાર પાણી વિના વિચર્યા, તે દૃષ્ટાંતથી હવે જીવ ! તું પણ તપનો ઉદ્યમ કર. (૩)

હવે જો ત્રિલોકના નાથ શ્રી વીરપ્રભુ હાલીમવાલી માણસોના પણ મારણાંતિક ઘણા ઉપસર્ગોને સહન કર્યા કરે છે, તો સર્વ સાધુઓએ પણ એવી ક્ષમા કરવી જોઈએ. (૪)



❖ न चइज्जइ चालेउं, महइ महावद्धमाणजिणचंदो ।
उवसग्गसहस्सेहिं वि, मेरू वायगुंजाहिं ॥५॥

❖ भद्दो विणीयविणओ, पढमगणहरो समत्तसुअनाणी ।
जाणंतो वि तमत्थं, विम्हियहियओ सुणइ सव्वं ॥६॥

❖ जं आणवेइ राया, पगइओ तं सिरेण इच्छंति ।
इय गुरुजणमुहभणियं, कयंजलिउडेहिं सोयव्वं ॥७॥

जह सुरगणाण इंदो, गहगणतारागणाण जह चंदो ।
जह य पयाण नरिंदो, गणस्स वि गुरुतहाणंदो ॥८॥

---

જેમ ભયંકર સુસવાટાવાળા વાવાઝોડાથી પણ મેરુ ન ડગાવી શકાય, તેમ હજારો ઉપસર્ગોથી પણ મોક્ષના જ એક નિશ્ચયવાળા મહાન શ્રીવર્ધમાનજિનચંદ્રને ધ્યાનમાંથી ચલાયમાન ન કરી શકાય. (તેમ સાધુઓએ પણ ઉપસર્ગો-પરિષહોમાં નિશ્ચલ થવું જોઈએ. (૫)

કલ્યાણના કરનારા, મંગળરૂપ વિનયથી વિનીત અને સંપૂર્ણ શ્રુતજ્ઞાની પ્રથમ ગણધર શ્રી ગૌતમપ્રભુ જાણવા છતાં પણ રોમાંચિત થઈને આશ્ચર્ય પૂર્ણ હૈયે ભગવાનના મુખથી બધું જ સાંભળે છે. (તેમ સાધુએ ગુરુમુખે વિનયપૂર્વક શાસ્ત્રો સાંભળવાં જોઈએ) (૬)

રાજા જે આજ્ઞા કરે તેને પ્રાકૃત (પ્રજા)જન જેમ શિરોમાન્ય કરે છે, નતમસ્તકે સ્વીકારે છે, તેમ સાધુએ ગુરુજનના મુખથી નીકળેલા વચનને બે હાથથી અંજલિ કરી નત મસ્તકે સાંભળવું (સ્વીકારવું) જોઈએ. (૭)

જેમ દેવના સમુહોને ઈન્દ્ર, જેમ ગ્રહ-નક્ષત્ર અને તારાઓના સમૂહને ચંદ્ર અને જેમ પ્રજાજનને રાજા આનંદ આપે છે તેમ સાધુગણને ગુરુ આનંદદાતા છે. (માટે ગુરુનો અવિનય, તે ઉંમરે નાના હોય તો પણ, નહિ કરવો.) (૮)

बालु त्ति महीपालो, न पया परिहवइ एस गुरुउवमा ।
जं वा पुरओ काउं, विहरंति मुणी तहा सो वि ॥९॥

❈ पडिरूवो तेयस्सी, जुगप्पहाणागमो महुरवक्को ।
गंभीरो धीमंतो, उवएसपरो य आयरिओ ॥१०॥

❈ अप्परिसावी सोमो, संगहसीलो अभिग्गहमई य ।
अविकहणो अचवलो, पसंतहियओ गुरु होइ ॥११॥

कइया वि जिणवरिंदा, पत्ता अयरामरं पहं दाउं ।
आयरिएहिं पवयणं, धारिज्जइ संपयं सयलं ॥१२॥

---

રાજા બાળક હોય તો પણ પ્રજા તેનો પરાભવ નથી કરતી, તેમ અહીં ગુરુને માટે પણ સમજવું; અથવા સાધુએ જેને તે અગ્રેસર માનીને તેની નિશ્રામાં વિચરે છે તે ગીતાર્થ વય-પર્યાયથી લઘુ હોય તો પણ તેનો પરાભવ ન કરવો. તેને માન્ય કરવા. ગુરુને તો વિશેષથી માન્ય કરવા. એમના પરાભવમાં દુસ્તર ભવદંડની પ્રાપ્તિ થાય છે. (૯)

પ્રધાનગુણે તીર્થંકરાદિના રૂપક, યા સુંદર શરીરવાળા, તેજસ્વી (પ્રતિભાશાળી) પોતાના કાળમાં અન્ય જીવો કરતાં વિશેષજ્ઞાની, મધુરભાષી, ગંભીર, ધીમાન = ધૈર્યવાન-નિશ્ચલ ચિત્તવાળા, સદુપદેશથી માર્ગ પ્રવર્તક, (૧૦)

બીજાએ કહેલી ગુપ્તવાતો કોઈને નહિ જણાવનારા, સૌમ્ય આકૃતિવાળા, તે તે લાભની દૃષ્ટિએ શિષ્યવસ્ત્રપાત્રાદિના સંગ્રહમાં તત્પર, સ્વ-પરને દ્રવ્યાદિ અભિગ્રહો ગ્રહણ કરવા-કરાવવાના રસવાળા, થોડું બોલનારા-સ્વશ્લાઘા નહિ કરનારા, સ્થિર સ્વભાવવાળા અને ક્રોધાદિ રહિત પ્રશાન્ત ચિત્તવાળા, એવા ગુરુ-આચાર્ય હોય છે. (૧૧)

શ્રી જિનેશ્વરો તો મોક્ષનો માર્ગ (જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ) બતાવીને કેટલાય કાલ પૂર્વે સિદ્ધિને પામ્યા છે. વર્તમાનમાં એમના વિરહમાં સમસ્ત શાસનને-આગમને તથા ચતુર્વિધ સંઘને આચાર્ય ભગવંતો જ ટકાવનારા છે. (૧૨)



❈ अणुगम्मइ भगवई, रायसुयज्जा सहस्सविंदेहिं ।
तह वि न करेइ माणं, परियच्छइ तं तहा नूणं ॥१३॥

दिणदिक्खियस्स दमगस्स, अभिमुहा अज्जचंदणा अज्जा ।
नेच्छइ आसणगहणं, सो विणओ सव्वअज्जाणं ॥१४॥

❈ वरिससयदिक्खियाए, अज्जाए अज्जदिक्खिओ साहू ।
अभिगमणवंदणनमंसणेण विणएण सो पुज्जो ॥१५॥

❈ धम्मो पुरिसप्पभवो, पुरिसवरदेसिओ पुरिसजिट्ठो ।
लोए वि पहू पुरिसो, किं पुण ? लोगुत्तमे धम्मे ॥१६॥

संवाहणस्स रन्नो, तइया वाणारसीए नयरीए ।
कण्णासहस्समहियं, आसी किर रूववंतीणं ॥१७॥

---

ભગવતી રાજપુત્રી સાધ્વી આર્યાચંદના હજારોના સમૂહોથી અનુસરાય છે. છતાં તે અભિમાન નથી કરતા; કેમકે તે જાણે છે કે આ મહિમા જ્ઞાનદર્શનચારિત્રાદિ ગુણોનો છે, પણ મારો નહિ. એક દિવસના પણ દીક્ષિત દ્રમક સાધુની સામે તે ચંદના આસન પર બેસવાનું ઇચ્છતા નથી. (ઊભા રહેતા હતા) એ રીતે સર્વ સાધ્વીઓએ વિનય કરવો. (૧૩-૧૪)

સો વર્ષના દીક્ષિત સાધ્વીએ આજના પણ દીક્ષિત સાધુની સામે જઈને, વંદન-નમસ્કાર કરીને તથા વિનયથી એટલે કે આસનદાનાદિથી પૂજવા યોગ્ય છે. (૧૫)

(કારણ) ધર્મની ઉત્પત્તિ ગણધરરૂપ પુરુષથી થાય છે, તેના મૂળ દેખાડનારા તીર્થંકરો પણ પુરુષ છે. એથી ધર્મ પુરુષને આધીન હોવાથી ધર્મમાં પુરુષ જયેષ્ઠ છે. લોકમાં પણ પુરુષનું પ્રભુત્વ છે, માલિકી હોય છે, તો લોકોત્તર ધર્મમાં તો પૂછવું જ શું ? (૧૬)

ત્યારે (પૂર્વકાળે) સંવાહન રાજાને વાણારસી નગરીમાં રૂપવતી એક હજાર ઉપર કન્યાઓ હતી તો પણ (રાજાનું મરણ થતાં વારસના અભાવે

❈ तहवि य सारायसिरी, उल्लटंती न ताइया ताहिं ।
उयरट्ठिएण एक्केण, ताइया अंगवीरेण ॥१८॥

महिलाण सुबहुयाण वि, मज्झाओ इह समत्थघरसारो ।
रायपुरिसेहिं निज्जइ, जणे वि पुरिसो जहिं नत्थि ॥१९॥

❈ किं ? परजएबहुजाणावणाहिं, वरमप्पसक्खियं सुकयं ।
इह भरहचक्कवट्टी, पसन्नचंदो य दिट्ठंता ॥२०॥

❈ वेसो वि अप्पमाणो, असंजमपएसु वट्टमाणस्स ।
किं परियत्तियवेसं, विसं न मारेइ ? खज्जंतं ॥२१॥

❈ धम्मं रक्खइ वेसो, संकइ वेसेण दिक्खिओमि अहं ।
उम्मग्गेण पडंतं, रक्खइ राया जणवउव्व ॥२२॥

---

બીજાઓ રાજ્યને લૂંટવા લાગ્યા ત્યારે) તેઓ લૂંટાતી રાજ્યલક્ષ્મીનું રક્ષણ કરી શકી નહિ. માત્ર અંગવીર નામનો એક જ પુત્ર કે જે પટ્ટરાણીના ઉદરમાં હતો તેણે રાજ્યશ્રીનું રક્ષણ કર્યું. (શત્રુને નિમિત્તિયાઓએ એનો પ્રભાવ બતાવ્યો તેથી એ ભાગી ગયા.) (૧૭-૧૮)

જે ઘરમાં પુરુષ નથી તે ઘરમાં ઘણી પણ સ્ત્રીઓ હોય તોય એની વચ્ચેથી (પતિના અભાવે) તે ઘરનું સમસ્ત ધન રાજપુરુષો લઈ જાય છે. (લોકમાં પણ પુરુષ પ્રધાન છે.) (૧૯)

સુકૃત બીજા મનુષ્યોને બહુ જણાવવાથી શું ? તે આત્મસાક્ષીએ કરવું તે જ શ્રેષ્ઠ છે, એ વિષયમાં ભરતચક્રી અને પ્રસન્નચંદ્ર રાજર્ષિ દૃષ્ટાંત રૂપ છે. (૨૦)

(ધર્મ જનરંજન પ્રધાન નથી પણ ચિત્તશુદ્ધિ પ્રધાન છે)

છકાય-વિરાધનાદિ અસંયમ-સ્થાનો સેવનારને સાધુનો રજોહરણાદિ રૂપ વેષ પણ અપ્રમાણ છે-નકામો છે. શું વેષ બદલીને ઝેર ખાનારને ઝેર મારતું નથી ? (૨૧)

(માટે બાહ્ય વેષ માત્રથી સંતોષ ન ધરતાં પંચાચાર પાલનથી ભાવ



❈ अप्पा जाणइ अप्पा, जहट्ठिओ अप्पसक्खिओ धम्मो ।
अप्पा करेइ तं तह, जह अप्पसुहावओ होइ ॥२३॥

❈ जं जं समयं जीवो, आविसइ जेण जेण भावेण ।
सो तंमि तंमि समए, सुहासुहं बंधए कम्मं ॥२४॥

❈ धम्मो मएण हुंतो, तो नवि सीउण्हवायविज्झडिओ ।
संवच्छरमणसिओ, बाहुबली तह किलिस्संतो ॥२५॥

नियगमइविगप्पिय-चिंतिएण सच्छंदबुद्धिचरिएण ।
कत्तो ? पारत्तहियं, कीरइ गुरुअणुवएसेण ॥२६॥

---

શુદ્ધિનો ઉદ્યમ કરવો.) છતાં વેષ નકામો નથી. વેષ ધર્મનું કારણ હોવાથી મુખ્ય છે. વેષ ચારિત્રધર્મનું રક્ષણ કરે છે. વેષથી લજ્જા પામે કે હું સાધુ છું. જેમ રાજા લોકને ઉન્માર્ગથી અટકાવે તેમ વેષ ઉન્માર્ગમાં પડતાને અટકાવે છે. (૨૨)

આત્મા જ પોતાને યથાવસ્થિત અર્થાત્ કેવા શુભ કે અશુભ ભાવવાળો છે ? તે જાણે છે, ધર્મ આત્મ-સાક્ષિક છે, સ્વતઃ વેદ્ય છે. તેથી હે આત્મન્ ! ધર્મ નિષ્કપટ ભાવે તેવો કર કે જે તારા આત્માને સુખકાર બને. (૨૩)

જીવ જે જે સમયે જે જે ભાવ (અધ્યવસાય) વાળો વર્તે છે તે તે સમયે તેવું શુભ-અશુભ કર્મ બાંધે છે. (માટે શુભભાવમાં જ રહેવું.) (૨૪)

જો ધર્મ ગર્વ વગેરેથી થતો હોત તો બાહુબળીજીએ એક વર્ષ અણાહારીપણે શીત, તાપ, વાયુ વગેરે ત્રણે ઋતુના કષ્ટ સહન ન કર્યા હોત. (ધર્મ કષ્ટથી સાધ્ય છે.) (૨૫)

જે ગુરુ ઉપદેશ વગર પોતાની મતિ કલ્પનાથી તત્ત્વાતત્ત્વને કલ્પે-વિચારે, સ્વચ્છંદ બુદ્ધિથી આચરણ કરે એનું પારલૌકિક હિત શી રીતે થાય ? (ગુર્વાધીનતાથી જ આત્મહિત થાય.) (૨૬)

थद्धो निरोवयारी, अविणीओ गव्विओ निरूवणामो ।
साहुजणस्स गरहिओ, जणे वि वयणिज्जयं लहइ ॥२७॥

❈ थोवेण वि सप्पुरिसा, सणंकुमार व्व केइ बुज्झंति ।
देहे खणपरिहाणी, जं किर देवेहिं से कहियं ॥२८॥

❈ जइ ता लवसत्तमसुरविमाणवासी वि परिवडंति सुरा ।
चिंतिज्जंतं सेसं, संसारे सासयं कयरं ॥२९॥

❈ कह तं भण्णइ सोक्खं ? सुचिरेण वि जस्स दुक्खमल्लियइ ।
जं च मरणावसाणे, भवसंसाराणुबंधिं च ॥३०॥

❈ उवएससहस्सेहिं वि, बोहिज्जंतो न बुज्झइ कोई ।
जह बंभदत्तराया, उदाइनिवमारओ चेव ॥३१॥

---

અભિમાનથી અક્કડ, કૃતઘ્ન, અવિનીત, ગર્વિષ્ઠ આપ બડાઈ કરનારો, ગુરુને પણ નહિ નમનારો અને એથી સજ્જનોમાં નિંદ્ય એવો માણસ લોકમાં પણ હલકાઈને પામે છે. (૨૭)

કેટલાક પુરુષો નાના પણ નિમિત્તથી સનત્કુમાર ચક્રીની જેમ બોધ પામી જાય છે, જેમકે બે દેવોએ તેમને કહ્યું, શરીરમાં ક્ષણમાત્રમાં હાનિ થાય છે (અને એટલાથી ચક્રી બૂઝી જઈ સાધુ થયા.) (૨૮)

(અતિ દીર્ઘ આયુષ્યવાળા) લવ સત્તમિયા (અનુત્તરવાસી) દેવોને ચ્યવવું પડે છે. તો વિચાર કરતાં સંસારમાં બીજું શાશ્વત શું દેખાય છે ? (માટે ધર્મ જ નિત્ય છે.) (૨૯)

(તેથી જ) તેને સુખ જ કેમ કહેવાય કે લાંબા કાળે પણ જેના પરિણામે દુઃખ આવી પડે ? ને જે મૃત્યુ સુધી જ ચાલે છે ? અને જે ભવમાં પરિભ્રમણની પરંપરાવાળું હોય ? (વસ્તુતઃ સાંસારિક સુખો દુઃખો જ છે.) (૩૦)

હજારો ઉપદેશોથી પણ બોધ કરતા છતાં બ્રહ્મદત્તચક્રી અને ઉદાયીનૃપમારક (વિનયરત્ન)ની જેમ કોઈક (ભારે કર્મી) જીવ બોધ પામતો જ નથી. (૩૧)



❈ गयकन्नचंचलाए, अपरिचत्ताए रायलच्छीए ।
जीवा सकम्मकलिमल-भरियभरा तो पडंति अहे ॥३२॥

❈ वोत्तूण वि जीवाणं, सुदुक्कराइं ति पावचरियाइं ।
भयवं जा सा सा सा, पच्चाएसो हु इणमो ते ॥३३॥

❈ पडिवज्जिऊण दोसे, नियए सम्मं च पायपडियाए ।
तो किर मिहावईए; उप्पन्नं केवलं नाणं ॥३४॥

किं सक्का ? वोत्तुं जे, सरागधम्मंसि कोइ अकसाओ ।
जो पुण धरेज्ज धणियं, दुव्वयणुज्जालिए स मुणी ॥३५॥

❈ कडुयकसायतरूणं, पुप्फं च फलं च दोवि विरसाइं ।
पुप्फेण झायइ कुविओ, फलेण पावं समायरइ ॥३६॥

---

હાથીના કાન સમી ચંચળ રાજ્યલક્ષ્મી જો નહિ છોડી, તો જીવો તે (લક્ષ્મીની મૂર્છાથી એકત્રિત) પોતાના પાપરૂપ કચરાથી ભારે થઈને નરકમાં પડે છે. (૩૨)

જીવોનાં આચરેલાં કેટલાક એવા પાપકર્મોને બોલવાં પણ દુષ્કર બને છે. આનું દૃષ્ટાંત આ કે વીર ભગવાને એક પૃચ્છકના 'જા સા સા સા,' એ પ્રશ્નમાં એ જ ઉત્તર આપી સમાધાન કર્યું હતું. (કેમકે પાપ પ્રગટ બોલાય તેવું ન હતું.) (૩૩)

ગુરુણી ચંદનબાળા સાધ્વીએ દર્શાવેલ પોતાની ભૂલ સ્વીકારીને આર્યા મૃગાવતીજી ગુરુણીના પગોમાં મસ્તક મૂકી ખમાવતાં કેવળજ્ઞાન પામ્યા. (તાત્પર્ય, આત્માર્થીએ ગુરુનો સર્વ પ્રકારે વિનય કરવો.) (૩૪)

શું સરાગ સંયમવાળો કોઈ કષાય વિનાનો હોય એમ કહી શકાય ? નહિ, તથાપિ મુનિ તે છે કે જે અનિષ્ટ વચનથી પ્રજ્વલિત કરાયેલ કષાયના ઉદયને રોકે છે, યા નિષ્ફળ કરે છે. (૩૫)

કેમકે તે સમજે છે કે કટુ કષાયરૂપ વૃક્ષનાં પુષ્પો અને ફળો બંને કડવાં છે,-ક્રોધિત થયેલો કષાયના પુષ્પરૂપે બીજાનું બૂરું ચિંતવે છે,-અને ફળ રૂપે

❉ संते वि कोवि उज्झइ, कोवि असंते वि अहिलसइ भोए ।
चयइ परपच्चएण वि, पभवो दट्ठूण जह जंबुं ॥३७॥

❉ दीसंति परमघोरा वि, पवरधम्मप्पभावपडिबुद्धा ।
जह सो चिलाइपुत्तो, पडिबुद्धो सुंसुमाणाए ॥३८॥

पुप्फियफलिए तह पिउघरंमि, तण्हाछुहा समणुबद्धा ।
ढंढेण तहा विसो( स )ढा, विसढा जह सफलया जाया ॥३९॥

❉ आहारेसु सुहेसु अ, रम्मावसहेसु काणणेसुं च ।
साहूण नाहिगारो, अहिगारो धम्मकज्जेसु ॥४०॥

---

તાડન આદિ પાપ કરે છે. (માટે કષાયો અને એના નિમિત્તભૂત વિષયોનો ત્યાગ રાખવો જોઈએ.) (૩૬)

કોઈ વિવેકી છતાં ભોગોને પણ આર્ય જમ્બૂની જેમ તજે છે. કોઈ અવિવેકી પ્રભવ ચોરની જેમ અછતના અભરખા કરે છે. (કિન્તુ સમર્થ ત્યાગીનું આલંબન લઈ સ્વયં ત્યાગમાં આવવું,) જેમાં જમ્બૂના ત્યાગને જોઈને પ્રભવે પણ ત્યાગ કર્યો. (૩૭)

અતિ ભયંકર આચરનારા પણ કેટલાક અરિહંત-કથિત શ્રેષ્ઠ ધર્મના મહાત્મ્યથી બોધ પામેલા દેખાય છે. જેમ સુંસુમાના દૃષ્ટાંતમાં ચારણમુનિના ધર્મ તથા ધર્મ વચનને પામી પેલો પાપી ચિલાતીપુત્ર પ્રતિબોધ પામ્યો. (૩૮)

પિતા કૃષ્ણનું ઘર ખાન-પાનાદિ ભોગસાધનાથી ભરેલું અને ભોગવિલાસથી પૂર્ણ છતાં મહાત્મા ઢંઢણને ભૂખ-તૃષાદિ નિરંતર પૂંઠે પડ્યા છતાં એની એવી તિતિક્ષા કરી એ પરિષહને એવા આવકાર્યા કે તે આવકારેલું સફળ થયું કેવળજ્ઞાનદાયી બન્યું. (૩૯)

સુંદર આહારમાં, સુંદર સુખોમાં, સુંદર આવાસોમાં, સુંદર ઉદ્યાનોમાં અને સુંદર વસ્ત્રપાત્રાદિમાં પણ સાધુને આસક્તિ કરવાનો અધિકાર નથી, માત્ર તપ-સ્વાધ્યાય-સાધ્વાચાર આદિ ધર્મકાર્યોમાં જ તેનો અધિકાર છે. (કેમકે સાધુઓને આ જ ધનરૂપ છે.) (૪૦)



साहू कंतारमहाभएसु, अवि जणवए वि मुइअम्मि ।
अवि ते सरीरपीडं, सहंति न लहं( यं )ति य विरुद्धं ॥४१॥

❉ जंतेहिं पीलिया वि हु, खंदगसीसा न चेव परिकुविया ।
विइयपरमत्थसारा, खमंति जे पंडिया हुंति ॥४२॥

❉ जिणवयणसुइसकण्णा, अवगयसंसारघोरपेयाला ।
बालाण खमंति जई, जइ त्ति किं इत्थ अच्छेरं ? ॥४३॥

न कुलं एत्थ पहाणं, हरिएसबलस्स किं कुलं आसी ? ।
आकंपिया तवेणं, सुरा वि जं पज्जुवासंति ॥४४॥

देवो नेरइउ त्ति य, कीडपयंगु त्ति माणुसो वेसो ।
रूवस्सी य विरूवो, सुहभागी दुक्खभागी य ॥४५॥

---

સાધુઓ અટવીમાં કે મહાભયમાં હોય તો પણ અનેષણીય ન લઈને શરીરપીડા સહી લે છે, કિન્તુ માર્ગ વિરુદ્ધ લેતા નથી. અટવીમાં પણ ગ્રામવાસની જેમ નિર્ભય રહે છે. (શરીર પીડા કહીને માનસપીડા-અસમાધિમાં યતનાથી ગ્રહણ કરે એમ સૂચવ્યું.) (૪૧)

યંત્રમાં પીલાવાની પીડા પામ્યા છતાં સ્કંધકસૂરિના ૫૦૦ શિષ્યો ક્રોધિત થયા જ નહિ. પંડિતજન પરમાર્થ તત્ત્વના સારને જાણતા હોવાથી સહન કરવાનું જ રાખે છે. (આપત્તિમાં પણ ધર્મ ન છોડવો.) (૪૨)

જિનવચનમાં શ્રોત્રનો ઉપયોગ કરનારા સાવધ અને તેથી જ સંસારની ભયંકરતાનો વિચાર કરનારા સાધુઓ બાલિશ જનોનાં દુષ્ટ વર્તાવ સહન કરે એમાં શું આશ્ચર્ય ? (૪૩)

‘ધર્મ કોણ કરી શકે’ એ મુખ્યપણે કુળ ઉપર આધારિત નથી. હરિકેશિ મહામુનિનું ક્યા ઊંચું કુળ હતું (છતાં) તેમના તપથી આવર્જિત થયેલા દેવતાઓ પણ તેમની સેવા કરતા હતા. (૪૪)

(સંસારમાં ભ્રમણ વિકાસવાદના અનુસારે નથી, કિન્તુ) જીવ દેવ પણ થાય છે, નારકી પણ થાય છે. કીડો, પતંગિયો વગેરે તિર્યંચમાં પણ ઉપજે છે.

❇ राउ त्ति य दमगु त्ति य, एस सपागु त्ति एस वेयविऊ ।
सामी दासो पुज्जो, खलो त्ति अधणो धणवइ त्ति ॥४६॥

❇ न वि इत्थ को वि नियमो, सकम्मविणिविट्ठसरिसकयचिट्ठो ।
अन्नुन्नरूववेसो, नडु व्व परियत्तए जीवो ॥४७॥

❇ कोडीसएहिं धणसंचयस्स, गुणसुभरियाए कन्नाए ।
न वि लुद्धो वयररिसि, अलोभया एस साहूणं ॥४८॥

अंतेउरपुरबलवाहणेहिं, वरसिरिधरेहिं मुणिवसहा ।
कामेहिं बहुविहेहि य, छंदिज्जंता वि नेच्छंति ॥४९॥

---

એ જ જીવ મનુષ્ય પણ થાય, રૂપાળો કે કદ્રુપો પણ થાય, સુખ ભાગી થાય છે તેમ દુઃખ ભાગી પણ થાય છે, (૪૫)

રાજા થાય છે, ભિખારી થાય છે, એ જ ચાંડાળ થાય છે, વેદજ્ઞ બ્રાહ્મણ પણ થાય છે, સ્વામી થાય છે, દાસ પણ થાય છે, પૂજ્ય થાય છે, ને દુર્જન પણ થાય છે, નિર્ધન થાય છે તો ધનવાન પણ થાય છે. (૪૬)

અહીં કોઈ નિયમ નથી (કે પશુ પશુ જ થાય, ને માણસ માણસ જ થાય) કિન્તુ પોતે બાંધેલા કર્મની પ્રકૃતિ સ્થિતિ આદિના ઉદયને અનુરૂપ વર્તતો સંસારમાં નટની જેમ અન્યાન્ય આકારે વેશ કરતો જીવ ભમે છે. (માટે સંસારનું આ સ્વરૂપ વિચારી વિવેકીજનો મોક્ષરસિક જ બને છે, ધનરસિક નહિ.) (૪૭)

(ધનવાહ પિતાવડે) સેંકડો કરોડના ધનરાશિ સહિત અને ગુણગણભરેલી રૂપાળી કન્યા અપાવા છતાં આર્ય વ્રજસ્વામી તેમાં લોભાયા નહિ. સાધુઓએ આવી નિર્લોભિતા રાખવી. (૪૮)

અતઃપુરો, નગરો, લશ્કર, હાથીઓ વગેરે વાહનો, પુષ્કળ ધનના ભંડારો અને ઘણી જાતના શબ્દાદિ વિષયોથી વિનવાવા છતાં ઉત્તમ મુનિવરો તેને ઇચ્છતા જ નથી. (કેમકે પરિગ્રહ અને વિષયો એ અનર્થનું કારણ છે.) (૪૯)



❇ छेओ भेओ वसणं, आयासकिलेसभयविवागो अ ।
मरणं धम्मब्भंसो, अरई अत्था उ सव्वाइं ॥५०॥

❇ दोससयमूलजालं, पुव्वरिसिविवज्जियं जई वंतं ।
अत्थं वहसि अणत्थं, कीस अणत्थं तवं चरसि ? ॥५१॥

वहबंधणामारणसेहणाओ काओ परिग्गहे नत्थि ? ।
तं जइ परिग्गहुच्चिय, जइधम्मो तो नणु पवंचो ॥५२॥

❇ किं आसि नंदिसेणस्स, कुलं ? जं हरिकुलस्स विउलस्स ।
आसी पियामहो सुचरिएण वसुदेवनामु त्ति ॥५३॥

---

પરિગ્રહમાં અનર્થો - શરીરનું ખડ્ગાદિથી છેદન, ભાલાદિથી ભેદન, ચોરાદિથી ચોરી, તેની પ્રાપ્તિ અને રક્ષા માટે આયાસ, બીજાઓ તરફથી ક્લેશ-ઉપદ્રવો, રાજાદિનો ભય, રગડા-ઝગડા, પ્રાણનાશ, જ્ઞાન-ચારિત્રાદિ ધર્મથી ભ્રષ્ટતા, ઉદ્વેગ-સંતાપ વગેરે સહન કરવા પડે છે. (૫૦)

અર્થ એ સેંકડો દોષોનું મત્સ્યજાળની જેમ મૂળ કારણ છે અને તેથી જ પૂર્વ ઋષિઓએ ત્યજેલ તથા દીક્ષા લેતાં તેં પણ વમી નાખેલ એવું ધન એ અર્થ નહિ પણ નરકાદિ-સર્જક હોવાથી અનર્થ છે. એટલે એને જો તું ધારણ કરે છે તો તારો તપ નિષ્ફળ છે. તો એવા નિષ્ફળ તપને (હે સાધુ !) તું શું કામ આચરે છે ? (૫૧)

પરિગ્રહમાં તાડન, બંધન, મરણ અને શી શી કદર્થનાઓ નથી ? અર્થાત્ બધી છે, ને એ જો પરિગ્રહથી નીપજે છે, તો એ રાખીને તારો સાધુવેષ લોકોને ઠગવા માટેનો પ્રપંચ જ છે. (૫૨)

પૂર્વે નંદિષેણના ભવમાં એનું કયું (ઉત્તમ) કુળ હતું કે એ પોતાના સચ્ચારિત્રથી પછીના ભવે (કૃષ્ણ વાસુદેવના) વિશાળ-હરિવંશમાં વસુદેવ નામે દાદા થયા ? (જગતમાં સચ્ચારિત્રનો પ્રભાવ છે.) (૫૩)

❊ विज्जाहरीहिं सहरिसं, नरिंददुहियाहिं अहमहंतीहिं ।
जं पत्थिज्जइं तइया, वसुदेवो तं तवस्स फलं ॥५४॥

❊ सपरक्कमराउलवाइएण, सीसे पलीविए नियए ।
गयसुकुमालेण खमा, तहा कया जह सिवं पत्तो ॥५५॥

❊ रायकुलेसु वि जाया, भीया जरमरणगब्भवसहीणं ।
साहू सहंति सव्वं, नीयाण वि पेसपेसाणं ॥५६॥

पणमंतिय पुव्वयरं, कुलया न नमंति अकुलया पुरिसा ।
पणओ इह पुव्विं जइ-जणस्स जह चक्कवट्टिमुणी ॥५७॥

❊ जह चक्कवट्टिसाहू, सामाइयसाहुणा निरूवयारं ।
भणिओ न चेव कुविओ, पणओ बहुयत्तणगुणेणं ॥५८॥

રૂપથી વશ થયેલી વિદ્યાધરીઓ અને રાજપુત્રીઓ 'હું વરું હું વરું' એવી સ્પર્ધા વડે ખૂબ હર્ષથી જેમને વરવા પ્રાર્થે છે તે તેમના પૂર્વભવના વૈયાવચ્ચરૂપ તપનું જ ફળ હતું. (૫૪)

કૃષ્ણ વાસુદેવના ભાઈ તરીકે લાડકોડમાં ઊછરેલા અને પરાક્રમી એવા પણ ગજસુકુમાળે પોતાના મસ્તક ઉપર બળતા અંગારા ભરી સળગાવનાર ઉપર એવી ક્ષમા કરી કે જે (ક્ષમા)થી મોક્ષ પામ્યા. (માટે મોક્ષાંગભૂત અને સકળ સિદ્ધિદાયિકા ક્ષમા રાખવી.) (૫૫)

રાજકુળોમાં જન્મેલા સાધુઓ હલકા દાસના પણ દાસોનું દુર્વચન-તાડનાદિ બધું સહન કરે છે. (પણ ક્રોધાદિ કરતા નથી.) કેમકે તે જરા મરણ ગર્ભવાસથી ડરતા રહે છે. (૫૬)

વિશિષ્ટ કુળના આત્માઓ પહેલાં નમે છે, અકુલીન નમતા નથી, એટલા માટે જૈનશાસનમાં ચક્રવર્તી સાધુ પણ એક નાના સાધુને સર્વ સાધુની પહેલાં નમ્યા. (૫૭)

જેમકે, એક સામાયિક માત્ર-ઉચ્ચરેલા (અજ્ઞ નાના) સાધુએ ચક્રી સાધુને વિનયાદિ મર્યાદા રહિત શબ્દોમાં કહ્યું (કે 'તમો માની છો-મુનિઓને વંદન



❊ ते धन्ना ते साहू, तेसिं नमो जे अकज्जपडिविरया ।
धीरा वयमसिहारं, चरंति जह थूलिभद्दमुणी ॥५९॥

❊ विसयासिपंजरंमिव, लोए असिपंजरम्मि तिक्खंमि ।
सीहा व पंजरगया, वसंति तवपंजरे साहू ॥६०॥

❊ जो कुणइ अप्पमाणं, गुरुवयणं न य लहेइ उवएसं ।
सो पच्छा तह सोअइ, उवकोसघरे जह तवस्सी ॥६१॥

जेट्ठव्वयपव्वयभर-समुव्वहणववसियस्स अच्चंतं ।
जुवइजणसंवइयरे, जइत्तणं उभयओ भट्ठं ॥६२॥

કરવું જોઈએ.') ત્યારે તેની ઉપર કોપ તો ન કર્યો પણ તે ચક્રી મુનિએ ઉમદાગુણથી સૌ પહેલાં તેને વંદન કર્યું. (કેમકે કુલાભિમાન અને કોપ એ તુચ્છ છે, જ્યારે પ્રણામ અને ક્ષમા એ ઉમદા ગુણ છે.) (૫૮)

તેઓ ધન્ય છે, તેઓ સાધુપુરુષો છે, તેઓને નમસ્કાર થાઓ ! કે જે ધીર સાધુઓ સ્થૂલિભદ્ર મુનિની જેમ અકાર્યથી દૂર રહ્યા થકા તલવારની ધાર ઉપર ચાલવા સમાન વ્રતોને અખંડપણે પાળે છે. (૫૯)

સ્વવ્રતોના નિર્મળ પાલન માટે સાધુઓ 'જેમ સિંહો સ્વરક્ષણાર્થે પાંજરામાં પુરાઈને પણ રહે છે, તેમ આ વિષયોરૂપી શસ્ત્રોના ઘર સમા લોકમાં બચવા માટે' સાધુઓ તપરૂપ તલવારોના પાંજરામાં પુરાઈને રહે છે. (અર્થાત્ તપના મહાકષ્ટો વેઠીને પણ વિષયોના મારથી બચો.) (૬૦)

જે ગુરુવચનને માનતો નથી, તેઓના ઉપદેશને સ્વીકારતો નથી તે ઉપકોશા વેશ્યાના ઘેર ગયેલા સિંહ-ગુફાવાસી મુનિની જેમ પાછળથી પસ્તાય છે. (૬૧)

મહાવ્રતોરૂપ પર્વતના ભારને વહન કરવામાં લાગી ગયેલા સાધુને યુવાન બાઈ માણસોનો નિકટ સંબંધ કરવા જતાં એનું સાધુપણું ઉભય-નષ્ટ જેવું છે. (અર્થાત્ સાધુતાના પરિણામ વિના સાધુપણું ન રહ્યું અને સાધુવેષ હોવાથી ગૃહસ્થપણું પણ ન રહ્યું, માટે ઉભય ભ્રષ્ટ થયો.) (૬૨)

जइ ठाणी जइ मोणी, जइ मुंडी वक्कली तवस्सी वा ।
पत्थन्तो अ अबंभं, बंभा वि न रोयए मज्झं ॥६३॥

❈ तो पढियं तो गुणियं, तो मुणियं तो अ चेइओ अप्पा ।
आवडियपेल्लियामंतिओ वि जइ न कुणइ अकज्जं ॥६४॥

❈ पागडियसव्वसल्लो, गुरपायमूलंमि लहइ साहुपयं ।
अविसुद्धस्स न वड्ढइ, गुणसेढी तत्तिया ठाइ ॥६५॥

❈ जइ दुक्कर दुक्करकारओ त्ति, भणिओ जहट्ठिओ साहू ।
तो कीस अज्जसंभूअ-विजयसीसेहिं नवि खमिअं ॥६६॥

જો કાયોત્સર્ગમાં રહેનારો હોય, જો મૌની હોય, જો મસ્તક મુંડાવેલું હોય, ઝાડની છાલનાં વસ્ત્રોવાળો નગ્ન પ્રાયઃ હોય, કે કઠોર ઘોર તપસ્વી હોય, પણ જો અબ્રહ્મની ઈચ્છા કરે તો તેવો સાધુ બ્રહ્મા હોય તો પણ મને રુચતો નથી. (૬૩)

તો જ સૂત્રો ભણ્યા ગણાય, તો જ ગુણ્યું ગણાય, તો જ એનો અર્થ જાણ્યો ગણાય, યા આત્માને ઓળખ્યો ગણાય, કે જો આત્મા કોઈ કુશીલના પ્રસંગમાં ફસાયો અગર પાપ મિત્રોએ અકાર્યની પ્રેરણા કરી યા કોઈ સ્ત્રી વગેરેએ અકાર્ય માટે પ્રાર્થના કરી તો પણ તે અકાર્યને ન જ આચરે. (ભણતરનું ફળ અકાર્ય ત્યાગ છે.) (૬૪)

(એ હેતુથી સિંહગુફાવાસી મુનિની જેમ) ગુરુના ચરણ સમીપે પોતાના મૂળ-ઉત્તરગુણ અંગેના સર્વ અપરાધ શલ્યોને જણાવે તો અશુભ પરિણામથી નષ્ટ પણ શ્રમણત્વને પુનઃ પ્રાપ્ત કરે છે. કારણ કે આલોચના વિના કલુષિત ચિત્તવાળાને જ્ઞાનાદિ ગુણોની પરિણતિ વધતી નથી. બલ્કે અપરાધ કાળે હોય તેટલી જ રહે છે. (શેષ અનુષ્ઠાનો વિના તો તેટલી પણ ગુણશ્રેણિ નાશ પામે છે.) (૬૫)

(પરગુણ-અસહિષ્ણુતામાં અવિવેક છે, નહિતર) જો સ્થૂલભદ્ર સાધુને હતા તેવા જ 'દુષ્કર દુષ્કરકારક' ગુરુએ કહ્યા તો આર્ય સંભૂતિવિજયના શિષ્યો (સિંહ ગુફાવાસી વગેરે)એ તે કેમ સહન ન કર્યું ? (૬૬)



❈ जइ ताव सव्वओ सुंदरु त्ति, कम्माण उवसमेण जइ ।
धम्मं वियाणमाणो, इयरो किं मच्छरं वहइ ॥६७॥

अइसुट्ठिओ त्ति गुणसमुइओ त्ति जो न सहइ जइपसंसं ।
सो परिहाइ परभवे, जहा महापीढ-पीढरिसी ॥६८॥

परपरिवायं गिण्हइ, अट्ठमयविरल्लणे सया रमइ ।
डज्झइ य परसिरीए, सकसाओ दुक्खिओ निच्चं ॥६९॥

विग्गहविवायरुइणो, कुलगणसंघेण बाहिरकयस्स ।
नत्थि किर देवलोए वि, देवसमिईसु अवगासो ॥७०॥

जइ ता जणसंववहार-वज्जियमकज्जमायरइ अन्नो ।
जो तं पुणो विकत्थइ, परस्स वसणेण सो दुहिओ ॥७१॥

જો એ રીતે (સ્થૂલભદ્રજી) કર્મોનો ઉપશમ થવાથી સર્વ રીતે ઉત્તમ હતા તો ધર્મને સમજનારા બીજા (સિંહગુફાવાસી) મુનિએ તેમની ઉપર મત્સર કેમ કર્યો ? અર્થાત્ અવિવેક સિવાય મત્સર કરવાનું કોઈ કારણ નહોતું. (૬૭)

(દૃષ્ટાંતથી ઈર્ષ્યાના દોષો કહે છે) 'આ મૂળ-ઉત્તર ગુણોમાં અતિ સ્થિર (દૃઢ) છે, વૈયાવચ્ચાદિ ગુણ સમુદાયવાળો છે,' એવી સાચી પણ અન્ય સાધુની પ્રશંસાને જે સહન ન કરે તે મહાપીઠ અને પીઠ મુનિઓની જેમ પરભવે સ્ત્રીપણું વગેરે હલકા ભાવોને પામે છે. (૬૮)

જે બીજાની નિંદા કરે, વચનથી આઠ મદના વિસ્તારમાં સદા રમતો રહે અને જે બીજાની લક્ષ્મી જોઈને બળે, તેને હલકો પાડવા મથે તે ઉત્કટ ક્રોધાદિગ્રસ્ત આત્મા સદા દુઃખ-સંતાપમાં રહે છે. (૬૯)

લડાઈ-ઝઘડાની રુચિવાળો હોય, તેથી સર્વ સાધુઓએ અને ચતુર્વિધ શ્રીસંઘે પણ અવંદનીય તરીકે તજી દીધો હોય (બહાર કર્યો હોય, તેને દેવલોકમાં દેવોની સભામાં પણ સ્થાન નથી મળતું.) તાત્પર્ય પરલોકમાં કોઈ સારું સ્થાન નથી મળતું. (૭૦)

જે કોઈ બીજો લોક-વ્યવહારથી વિરુદ્ધ (જેવાં કે નિંદા, ચોરી, વ્યભિચાર

❋ सुट्ठु वि उज्जव(म)माणं, पंचेव करिंति रित्तयं समणं ।
अप्पथुई परनिंदा, जिब्भोवत्था कसाया य ॥७२॥

❋ परपरिवायमईओ, दूसई वयणेहिं जेहिं जेहिं परं ।
ते ते पावइ दोसे, परपरिवाई इय अपेच्छो ॥७३॥

❋ थद्धा च्छिद्दप्पेही, अवण्णवाई सयंमई चवला ।
वंका कोहणसीला, सीसा उव्वेअगा गुरुणो ॥७४॥

❋ जस्स गुरुम्मि न भत्ती, न य बहुमाणो न गउरवं न भयं ।
न वि लज्जा न वि नेहो, गुरुकुलवासेण किं तस्स ? ॥७५॥

---

આદિ) અકાર્યને કરે છે, (તે તો સ્વયં પોતાના જ પાપોથી રાજદંડ, ફાંસી વગેરે દુઃખોથી દુઃખિત થાય છે,) પણ જે પુનઃ બીજો તેની લોક સમક્ષ નિંદા કરે છે, તે નાહક બીજાના દુઃખે દુઃખી થાય છે. (માટે પાપીનો પણ અવર્ણવાદ કરવો નહિ.) (૭૧)

કારણ કે તપ સંયમમાં સારી રીતે ઉદ્યમ કરનારને પણ ૧. આત્મશ્લાઘા, ૨. પરનિન્દા, ૩. જિહ્વા, ૪. સ્પર્શનેન્દ્રિયની પરવશતા તથા ૫. કષાયો એ પાંચ (બીજા દુષ્કૃત્યો વિના પણ) સાધુને ગુણરહિત કરે છે. (૭૨)

બીજાની નિંદા કરવાની વૃત્તિવાળો, જે જે દોષવચનોથી બીજાની હલકાઈ કરે છે, તે તે દોષ તેમનામાં પ્રગટે છે. એટલા માટે પરનિંદકનું મુખ પણ જોવા લાયક નથી. (૭૩)

ગુરુની સામે પણ ગર્વથી અક્કડ, ગુરુનાં પણ છિદ્ર જોવા ટેવાયેલા, ગુરુની પણ નિંદા કરનારા, આપમતિએ વર્તનારા, અસ્થિર ચિત્તવાળા (દા.ત. અપર અપર શાસ્ત્રોનો અંશ લઈ ચાલનારા, ગાત્રોને આમતેમ ફેરવનારા), વક્ર, ક્રોધી સ્વભાવવાળા એવા શિષ્યો ગુરુને ઉદ્વેગ કરાવનારા છે. (૭૪)

જેનામાં ગુરુ પ્રત્યે ભક્તિ નથી, બહુમાન નથી, (સ્વસમાન દેખી) પૂજ્યભાવ નથી, અકાર્ય કરવામાં ગુરુનો ભય નથી, લજ્જા-દાક્ષિણ્ય નથી, તેને ગુરુકુલવાસથી શું ? (એવાને ગુરુકુલવાસનું ફળ મળતું નથી.) (૭૫)



❋ रूसइ चोईज्जंतो, वहइ य हियएण अणुसयं भणिओ ।
न य कम्हि करणिज्जे, गुरुस्स आलो न सो सीसो ॥७६॥

❋ उव्विलणसूअणपरिभवेहिं अइभणियदुट्ठभणिएहिं ।
सत्ताहिया सुविहिया, न चेव भिंदति मुहरागं ॥७७॥

❋ माणंसिणो वि अवमाण-वंचणा ते परस्स न करंति ।
सुहदुक्खुग्गिरणत्थं, साहू उयहिव्व गंभीरा ॥७८॥

❋ मउआ निहुअसहावा, हासदवविवज्जिया विगहमुक्का ।
असमंजसमइबहुअं, न भणंति अपुच्छिया साहू ॥७९॥

---

જે ભૂલ સુધારણાની હિતશિક્ષા આપનાર ગુરુ પર રોષ કરે, સારણા-વારણાનું કહેવાતાં હૃદયમાં ક્રોધથી ગાંઠ વાળી રાખે (અવસરે એ ક્રોધનું કાર્ય દેખાડે. સારણા-વારણા કરવા છતાં) કોઈ પણ કર્તવ્યમાં લાગે નહિ, તે ગુરુનો શિષ્ય નહિ પણ આળરૂપ છે. (દુશ્મન છે.) (૭૬)

ક્રોધાદિ નિગ્રહ કરવાના સત્ત્વની વિશેષતાવાળા સુવિહિત મુનિઓ, કોઈ પોતાના વચનની અવગણના કરે, પોતાની ચાડી કરે, કે પરાભવ અપમાન કરે તથા કોઈ આડું અવળું બોલે કે કર્કશ-કઠોર વચનો કહે તો પણ મોં બગાડતા નથી. (કેમકે એવાની એ કરુણાદિ વિચારે છે.) (૭૭)

(ઇંદ્રાદિને પૂજ્ય) માનવંતા એવા પણ સાધુઓ બીજા (દુષ્ટ કરનારા)ના પણ અપમાન કે ઠગાઈ કરતા નથી; કેમકે એ શાતા-અશાતાની વિટંબણા ફગાવી દેવા માટે (કર્મ નિર્જરાની અંતરગત શાતા અશાતાના હેતુભૂત પુણ્ય-પાપના પણ ક્ષયની પ્રવૃત્તિવાળા હોય છે;) તેમજ સમુદ્રવત્ ગંભીર (એમનો ઉમદા આંતરભાવ બીજા ન પામી શકે એવા ગંભીર હોય છે. જેમ સમુદ્ર પોતાના રત્નો બહાર ફેંકવા તૈયાર નહિ.) (૭૮)

મુનિઓ મૃદુ-નમ્ર (નિરભિમાની), 'નિભૃત' એટલે નિર્વ્યાપાર યાને પ્રવૃત્તિની ધાંધલ વિનાના (સંયમ પ્રવૃત્તિ છતાં ઉપશાંત હોવાથી નિભૃત; જેમ

❉ महुरं निउणं थोवं, कज्जावडियं अगव्वियमतुच्छं ।
पुव्विं मइसंकलियं, भणंति जं धम्मसंजुत्तं ॥८०॥

❉ सट्ठिं वाससहस्सा, तिसत्तखुत्तोदयेण धोएण ।
अणुचिण्णं तामलिणा, अन्नाणतवु त्ति अप्पफलो ॥८१॥

❉ छज्जीवकायवहगा, हिंसगसत्थाइं उवइसंति पुणो ।
सुबहुं पि तवकिलेसो, बालतवस्सीण अप्पफलो ॥८२॥

---

સૂર્ય,) હાસ્ય-મશ્કરીથી રહિત, દેશકથા વગેરે વિકથાઓથી રહિત; (કેમકે એ અત્યંત અનુચિત છે;) લેશ પણ અસંગત વચન નહિ બોલનારા; તેમજ પૂછ્યા વિના યોગ્ય પણ અતિ બહુ બોલતા નથી. (૭૯)

(સાધુ બોલે તે પણ) 'મધુર' (શ્રોતાને આલ્હાદક) 'નિપુણ'=સૂક્ષ્મ અર્થવાળું, થોડું (પરિમિત) કાર્ય પ્રાપ્ત પ્રયોજન પૂરતું જ, ગર્વ વિનાનું= સ્વશ્લાઘાથી રહિત અને અતુચ્છ અર્થગંભીર, ('અલ્યા' !... વગેરે તુચ્છ બોલ રહિત) અને બોલવા પૂર્વે પુખ્ત વિચાર કરીને જે ધર્મ-સંયુક્ત નિરવદ્ય હોય તેવું જ બોલે... (આવાઓ વિવેકભર્યા હોઈ શીઘ્ર મોક્ષ સાધે છે.) (૮૦)

ઘર છોડીને તામલી તાપસે એકવીસ વાર પાણીથી ધોએલા આહારથી પારણું કરીને સાઠ હજાર વર્ષ છઠ્ઠ ઉપર છઠ્ઠ તપ કરવા છતાં એ અજ્ઞાન તપ હોવાથી (મોક્ષ કે સુદેવત્વદાયી ન હોવાથી) અલ્પ જ ફળવાળો છે. (એ દેવ થયો એનું કારણ એના અલ્પ કષાય અને જલસ્થલ-ગગનચારી પ્રાણીઓ પર પોતાની ભિક્ષામાંથી ત્રણ ભાગ દેવાની અનુકંપા હતી. નહિતર એ અસતી-પોષણથી બીજો અનર્થ ઊભો થાત) (૮૧)

અજ્ઞાની જેઓ છકાય જીવની હિંસામાં પ્રવર્તે છે, અને હિંસા પોષે તેવા અર્થવાળા વેદાદિ શાસ્ત્રોનો ઉપદેશ કરે છે, તેવા બાળ અજ્ઞાન તપસ્વીઓનાં ઘણાં પણ તપનું કષ્ટ અલ્પફળ આપે છે, અથવા 'અપ્પફલો = અપિ અફલો' ઈષ્ટ નહિ કિન્તુ સંસારરૂપી અનિષ્ટ ફળદાયી હોઈ નિષ્ફળ છે. (૮૨)



❉ परियच्छंति अ सव्वं, जहट्ठियं अवितहं असंदिद्धं ।
तो जिणवयणविहिन्नू, सहंति बहुअस्स बहुआइं ॥८३॥
जो जस्स वट्टए हियए, सो तं ठावेइ सुंदरसहावं ।
वग्घी छावं जणणी, भद्दं सोमं च मन्नेइ ॥८४॥

❉ मणिकणगरयणधणपूरियम्मि भवणंमि सालिभद्दोवि ।
अन्नो किर मज्झ वि सामिओ त्ति जाओ विगयकामो ॥८५॥

❉ न करंति जे तवं संजमं च, ते तुल्लपाणिपायाणं ।
पुरिसा समपुरिसाणं, अवस्स पेसत्तणमुविंति ॥८६॥

---

(સર્વજ્ઞના ઉપદેશથી જીવાજીવાદિ) સર્વ તત્ત્વોને યથાર્થ સ્વરૂપમાં જાણે છે. નિઃશંકપણે સદ્દહે છે, તેથી જ તે શ્રી જિનવચનના વિધિના જાણ (યાને સર્વજ્ઞ આગમના વિચારવાળા મુનિવરો) ઘણાઓના ઘણા ઉપસર્ગોને (દુર્વચનોને) સમ્યગ્ રીતે સહન કરે છે. (કેમકે 'આ મારાં જ અશુભ કર્મનું ફળ છે, આમનો દોષ નથી' એવી ભાવના કરે છે.) (૮૩)

(તેમાં કારણ એ છે કે મોહથી કે બીજા કારણથી) જે જેના હૈયે વર્તે છે તે (ખરાબ હોય તો પણ) તેને પોતે સુંદર સ્વભાવવાળો માને છે. વાઘણ માતા પોતાના બચ્ચાને પણ ભદ્ર અને શાંત સ્વભાવવાળું માને છે. (તેમ મંદબુદ્ધિવાળા આવા અજ્ઞાન તપસ્વીને જે સારા માને છે, તે અવિવેકવશ છે. માટે જ વિવેકની આવશ્યકતા છે.) (૮૪)

વિવેકથી જ મણિ, સુવર્ણ, રત્ન અને ધન વગેરેથી ભરેલા ઘરમાં પણ શાલિભદ્રજી 'મારે માથે પણ બીજો સ્વામી ?' એ વિચારે વિષયોની અભિલાષાથી રહિત થયા. (૮૫)

(એમણે વિચાર્યું કે-વિષયમગ્ન અને મોહરાજાના ગુલામ એવા મારે માથે સ્વામી હોય એ ઠીક જ છે; કેમકે) જેઓ બાર પ્રકારે તપને અને છ કાયના રક્ષા વગેરે સંયમને આચરતા નથી તેઓ હાથે પગે સમાન અને તુલ્ય-શક્તિ પુરુષાર્થવાળા મનુષ્યોના પણ અવશ્ય દાસ બને છે. (ત્યારે સંયમી આ

❈ सुंदरसुकुमालसुहोइएण, विवेहेहिं तवविसेसेहिं ।
तह सोसिविओ अप्पा, जह न वि नाओ सभवणेऽवि ॥८७॥

❈ दुक्करमद्धोसकरं, अवंतिसुकुमालहरिसीचरियं ।
अप्पा वि नाम तह तज्जइ त्ति अच्छेरयं एयं ॥८८॥

उच्छूढसरीरधरा, अन्नो जीवो सरीरमंन्नति ।
धम्मस्स कारणे सुविहिया, सरीरं पि छड्डुंति ॥८९॥

❈ एगदिवसं पि जीवो, पव्वज्जमुवागओ अनन्नमणो ।
जइ वि न पावइ मुक्खं, अवस्स वेमाणिओ होइ ॥९०॥

---

દાસપણાથી મુક્ત આત્મ સ્વાતંત્ર્ય ભોગવે છે, એમ વિચારી) શાલિભદ્રજીએ રૂપાળી કોમળ અને સુખ ભોગને ઉચિત એવી પણ પોતાની કાયાને વિવિધ વિશિષ્ટ તપથી એવી સુકાવી દીધી કે જેથી એ પોતાના ઘર આંગણે પણ ન ઓળખાયા ! (૮૬-૮૭)

(અરે ! એથી પણ આગળ વધીને) અવંતિસુકુમાળ મહર્ષિનું ચરિત્ર દુઃખે આચરી શકાય એવું અને રોમાંચ ખડાં કરે તેવું છે કે જેમણે (પોતાના અનશન, કાયોત્સર્ગ ધર્મ પાર પાડવા) પોતાના શરીરનો સર્વથા ત્યાગ કર્યો ! આ એક અચ્છેરું છે. (૮૮)

શરીર ઘરની પરવા મૂકી દેનારા સુવિહિત શોભન આચારવાળા મુનિઓ 'જીવ જુદો છે, શરીર તેનાથી જુદું છે,' એ ભાવનાથી ભાવિત થઈ ધર્મ નિમિત્તે શરીરને પણ છોડે છે. (અર્થાત્ પ્રાણાંતે પણ ધર્મની રક્ષા કરે છે.) (૮૯)

(એ પ્રમાણે ધર્મના આદરવાળો) જીવ એક દિવસ પણ સંયમને પામીને સંયમમાં અનન્ય યાને નિશ્ચલ મનવાળો બને તો મોક્ષ પામે છે. કિન્તુ (જો તથાવિધ સંઘયણકાળાદિ સામગ્રીના અભાવે) મોક્ષ ન પામે તો પણ એ વૈમાનિક દેવ થાય છે. (ચારિત્રથી સમર્થિત સમ્યક્ત્વ થોડા પણ કાળનું છતાં વિશિષ્ટ ફળનું કારણ બને છે.) (૯૦)



❈ सीसावेढेण सिरम्मि, वेढिए निग्गयाणि अच्छीणि ।
मेयज्जस्स भगवओ, न य सो मणसा वि परिकुविओ ॥९१॥

❈ जो चंदणेण बाहुं, आलिंपइ वासिणा वि तच्छेइ ।
संथुणइ जो अ निंदइ, महरिसिणो तत्थ समभावा ॥९२॥

❈ सिंहगिरिसुसीसाणं भद्दं गुरुवयणसद्दहंताणं ।
वयरो किर दाही वायणत्ति न विकोविअं वयणं ॥९३॥

मिण गोणसंगुलीहिं, गणेहिं वा दंतचक्कलाइं से ।
इच्छं ति भाणिऊणं, कज्जं तु त एव जाणंति ॥९४॥

---

(ક્રૌંચે ગળેલા સોનાના યવની વાત મેતાર્ય મુનિએ ક્રૌંચની કરુણાથી સોનીને ન કરી તો) ભગવાન આર્ય મેતાર્ય મસ્તક (સોનારે) વાધરથી વીંટ્યું તો એમના નેત્રો નીકળી પડ્યા છતાં પણ તેઓ વાણી-કાયાથી તો શું કિન્તુ મનથી પણ (સોની ઉપર) ન કોપ્યા. (મુનિ ધર્મ માટે શરીર નષ્ટ થવા દે, પરંતુ શરીરનાશક પર ગુસ્સો ન કરે.) (૯૧)

(શારીરિક શાતા-અશાતારૂપે) કોઈ હાથને ચંદનનું વિલેપન કરે કે કોઈ વાંસલાથી તેને છોલે; (માનસિક શાતા-અશાતારૂપે) કોઈ સ્તુતિ કરે કે કોઈ નિન્દા કરે; કિન્તુ ઉત્તમ મુનિઓ બંને પ્રત્યે સમભાવ રાખે છે. (ન તોષ, ન રોષ.) (૯૨)

(આવી સાધુતા ગુરુના ઉપદેશથી પ્રગટે છે; માટે ગુરુવચનને વિકલ્પ કર્યા વિના ઝીલનારા મુનિઓને ધન્ય છે !) ગુરુવચનમાં શ્રદ્ધાવાળા તે આર્ય સિંહગિરિના ઉત્તમ શિષ્યોનું કલ્યાણ થાઓ કે 'તમને વાચના બાળ વજ્ર આપશે' એમ કહેવા છતાં જેઓનું મોં જરા પણ બગડ્યું નહિ ! (૯૩)

(વિનીત શિષ્યનું એ કર્તવ્ય છે કે) ગુરુ કદાચ એમ કહે કે 'આંગળીઓથી સાપને માપ' યા 'સાપના દાંત ગણ' તો પણ 'ઇચ્છં' કહી સ્વીકારી લઈને તે કાર્યને તુર્ત કરે. (કેમ ? તો કે) એનું પ્રયોજન આજ્ઞા કરનારા ગુરુ જ સારી રીતે સમજે છે. (૯૪)

❈ कारणविऊ कयाइ, सेयं कायं वयंति आयरिया ।
तं तह सद्दहिअव्वं, भविअव्वं कारणेण तहिं ॥९५॥

जो गिण्हइ गुरुवयणं, भण्णंतं भावओ विसुद्धमणो ।
ओसहमिव पिज्जंत, तं तस्स सुहावहं होइ ॥९६॥

❈ अणुवत्तगा विणीया, बहुक्खमा निच्चभत्तिमंता य ।
गुरुकुलवासी अमुई, धन्ना सीसा इह सुसीला ॥९७॥

जीवंतस्स इह जसो, कित्ती य मयस्स परभवे धम्मो ।
सगुणस्स य निग्गुणस्स य, अयसो अकित्ती अहम्मो य ॥९८॥

---

ક્યારેક પ્રયોજન સમજનાર આચાર્ય (ગુરુ) કાગડાને ધોળો કહે, તો પણ તે વચનને એ રીતે સદ્દહવું (માનવું) જોઈએ. (એમ સમજીને કે) આમ કહેવામાં કારણ હશે એમ ગુરુ વચનમાં વિશ્વાસ રાખવો જોઈએ. (૯૫)

જે શિષ્ય ગુરુના મુખથી નીકળતું વચન ભાવપૂર્વક નિર્મળ-નિર્વિકલ્પ મનથી સ્વીકારી લે છે, તેને તે ગુરુ-આજ્ઞા 'જેમ પીધેલાં ઔષધ રોગનો નાશ કરે' તેમ કર્મ રોગનાં નાશક બની સુખકારક થાય છે. (૯૬)

ગુરુની ઈચ્છાને અનુકૂળ વર્તનારા, વિનયભાવ વાળા, રોષ નહિ કરનારા, બહુ ક્ષમાવાળા, ગુરુની ભક્તિ કરવામાં હંમેશાં લાગ્યા રહેનારા, સ્વગુરુના ગચ્છને સેવનારા અને શ્રુતની ઉપસંપદા માટે બીજા આચાર્ય પાસે ગયા હોય તો ભણવાનું પૂર્ણ થવા છતાં એમને ઝટ નહિ છોડનારા, એવા પુણ્યવંત શિષ્યો હોય છે, એટલે જ એ સુશીલ હોય છે. (૯૭)

(શિષ્યમાં આવા ગુણોનો પ્રભાવ એ છે કે) એ જીવે ત્યાં સુધી લોકમાં એના ગુણવાન તરીકેનો યશ ગવાય છે, મરણ પછી અહીં કીર્તિ અખંડ રહે છે અને પરભવમાં (વળી ભાવી સુદેવત્વાદિમાં હેતભૂત) ઉત્તમ ધર્મ મળે છે. સદ્ગુણીને આ બધું મળે છે. ત્યારે (ગુરુ-અનુવર્તનાદિ) ગુણોથી હીનને (અહીં) અપયશ, અપકીર્તિ અને (પરભવમાં કુગતિ-કારણભૂત) અધર્મ મળે છે. (૯૮)



वुड्ढावासे वि ठियं, अहव गिलाणं गुरुं परिभवंति ।
दत्तु व्व धम्मवीमंसएण, दुस्सिक्खियं तं पि ॥९९॥

❈ आयरिय-भत्तिरागो, कस्स सुनक्खत्तमहरिसीसरिसो ? ।
अवि जीवियं ववसियं, न चेव गुरुपरिभवो सहिओ ॥१००॥

❈ पुण्णेहिं चोइया पुरक्खडेहिं, सिरिभायणं भविअसत्ता ।
गुरुमागमेसिभद्दा, देवयमिव पज्जुवासंति ॥१०१॥

❈ बहु-सुक्खसयसहस्साण-दायगा मोअगा दुहसयाणं ।
आयरिआ फुडमेयं, केसिपएसी व्व ते हेऊ ॥१०२॥

---

દત્તમુનિની જેમ મંદબુદ્ધિમુનિ ધર્મના કુવિકલ્પથી (અર્થાત્ 'હું ધર્મમાં દોષ નથી લગાડતો, ગુરુ લગાડે છે,' એવા કુવિચારથી) જંઘાબળ ક્ષીણ થવાને લીધે વૃદ્ધાવાસ સ્થિરવાસમાં રહેલા કે ગ્લાન (માંદા) પડેલા ગુરુનાં છિદ્ર શોધી એમનો પરાભવ-તિરસ્કાર કરે છે (તે માત્ર ઉદ્ધતાઈથી જ નહિ, કિન્તુ તે પોતાને વ્યવસ્થિત હોવાનું માનતો હોય તો પણ), તેનો તે અભ્યાસ દુષ્ટ છે. (કેમકે દુર્ગતિનું કારણ છે.) (૯૯)

(પોતે) તો ગુરુનો પરાભવ ન જ કરે, પરંતુ બીજા તરફથી કરાતા પરાભવને પણ સહન ન કરનાર) આર્ય સુનક્ષત્ર મહર્ષિના જેવો ગુરુ પ્રત્યેનો ભક્તિરાગ બીજા કોનો શોધવો કે જે રાગમાં પોતાના જીવનને પણ ખલાસ થવા દીધું ! પણ ગુરુના તિરસ્કારને સહન ન કર્યો. (ગોશાળાએ ભગવંતને કહેલા અપશબ્દો એમને ન સાંખ્યા.) (૧૦૦)

જે ગુરુની દેવાધિદેવની જેમ ઉપાસના કરે છે તે ભવ્ય જીવો ખરેખર પૂર્વકૃત પુણ્યાનુબંધી પુણ્યથી પ્રેરાયા કરે છે. અને (તેથી) જ્ઞાનાદિ સંપત્તિનું ભાજન બની ભવિષ્યમાં (સ્વર્ગ-મોક્ષના) કલ્યાણના ભાગી બને છે. (૧૦૧)

ધર્મગુરુ શિષ્યને બહુવિધ લાખો સુખોના આપનારા અને સેંકડો દુઃખોથી બચાવનારા હોય છે, એ કેશી ગણધર અને પ્રદેશી રાજાના દૃષ્ટાંતથી સ્પષ્ટ છે. તે હેતુથી (હે શિષ્ય ! તું ગુરુની ઉપાસના કર.) (૧૦૨)

नरयगइगमणपडिहत्थए कए तह पएसिणा रण्णा ।
अमरविमाणं पत्तं, तं आयरियप्पभावेणं ॥१०३॥

❈ धम्ममएहिं अइसुंदरेहिं, कारणगुणोवणीएहिं ।
पल्हायंतो व्व मणं, सीसं चोएइ आयरिओ ॥१०४॥

❈ जीअं काऊण पणं, तुरुमिणिदत्तस्स कालिअज्जेण ।
अवि अ सरीरं चत्तं, न य भणिअमहम्मसंजुत्तं ॥१०५॥

❈ फुडपागडमकहंतो, जह-ट्ठियं बोहिलाभमुवहणइ ।
जह भगवओ विसालो, जरमरणमहोअही आसि ॥१०६॥

---

જે રીતે નરકગતિ-ગમનમાં 'પડિહત્થ' = કુશળ કર્મ બંધાયેલાં છતાં પ્રદેશી રાજા વડે દેવ-વિમાન પ્રાપ્ત કરાયું તે ધર્માચાર્યના મહિમાથી જ બન્યું. (૧૦૩)

ધર્માચાર્ય (કેવા કરુણા ને વાત્સલ્ય ભર્યા હોય છે કે એ) શિષ્યને પ્રેરણા = પ્રોત્સાહન આપે છે. તે ધર્મમય (નિરવદ્ય) અને અતિ સુંદર (અર્થાત્ વચન-દોષ રહિત) વચનોથી; ને તે પણ પ્રયોજન તથા જ્ઞાનપાત્રતાદિ ગુણો સહિત રજૂઆતવાળા વચનોથી; અને તેમ કરીને શિષ્યના મનને આલ્હાદ ઉત્પન્ન કરનારા હોય છે. (મનઃપ્રલ્હાદ સત્ય વચનોથી જ કરાય. અસત્ય પ્રાણાન્તે પણ ન બોલાય.) (૧૦૪)

(જેમ કે) તુરુમિણી નગરીમાં મંત્રીપણામાંથી રાજા થયેલ દત્તબ્રાહ્મણની આગળ શ્રી કાલિકાચાર્યે જીવનને હોડમાં મૂકીને શરીરની પણ મમતા મૂકી દીધી ! કિન્તુ અધર્મયુક્ત વચન ન બોલ્યા. (૧૦૫)

સ્પષ્ટ અને પ્રગટ (અગૂઢાર્થક) તથા યથાવસ્થિપણે ધર્મને ન કહેનાર (પરલોક માટે) બોધિલાભને હણે છે જેમ ભગવાનને (મરીચિના ભવમાં 'કવિલા ! ઈહયંપિ ઈત્થંપિ' એવું ગડબડીયું બોલવાને લીધે) જન્મ જરા-મૃત્યુનો મોટો સાગર નિર્માણ થયો. (૧૦૬)



कारुण्णरूण्णसिंगार-भावभयजीवियंतकरणेहिं ।
साहू अवि अ मरंति, न य निअनियमं विराहिंति ॥१०७॥

❈ अप्पहियमायरंतो, अणुमोअंतो य सुग्गइं लहइ ।
रहकारदाणअणुमोअगो, मिगो जह य बलदेवो ॥१०८॥

जं तं कयं पुरा पूरणेण, अइदुक्करं चिरं कालं ।
जइ तं दयावरो इह, करेंतो तो सफलयं हुंतं ॥१०९॥

कारणनीयावासे, सुट्ठुयरं उज्जमेण जइयव्वं ।
जह ते संगमथेरा, सपाडिहेरा तया आसि ॥११०॥

---

સાધુને (નિયમમાંથી ચલિત કરવા, સામેથી કરુણાભાવ આવે, (સ્વજનનાદિના) રુદન-વિલાપ આવે, (સ્ત્રીઓના) કામોત્તેજક શ્રૃંગાર હાવભાવ આવે, (રાજાદિથી) ભય-ત્રાસ યા પ્રાણ-નાશક કારણ આવે, તો પણ સાધુ (જરૂર પડ્યે) મોત સ્વીકારે છે. કિન્તુ નિયમ વિરાધતા નથી. (૧૦૭)

(તપ સંયમાદિ) આત્મહિત આચરનાર અને એને (દાનમાનાદિથી) અનુમોદનાર સદ્ગતિ પામે છે. જેમ, રથકારના દાનના અનુમોદક હરણિયો અને બળદેવ (પાંચમા સ્વર્ગે ગયા.) (૧૦૮)

પૂર્વે પૂરણતાપસે જે અતિ દુષ્કર તપ દીર્ઘકાળ કર્યો, તે તપ જો દયા તત્પર બની (સર્વજ્ઞ-શાસનમાં રહીને) કર્યો હોત તો તે સફળ થાત. (મોક્ષ-સાધક થાત.) (૧૦૯)

સર્વજ્ઞ-શાસનમાં અપવાદ પદે ઉદ્યત વિહારી રહીને જુદું વર્તે તો ય તે આરાધક છે. દા.ત. ક્ષીણ જંઘાબળ આદિ કારણે મુનિને એક જ સ્થાને સ્થિરવાસ કરવો પડે તો સંયમમાં ઉત્કટ ઉદ્યમથી પ્રયત્ન રાખવો; જેમ તે સ્થવિર સંગમસૂરિ સ્થિરવાસમાં એવી ઉત્કટ ઉદ્યત યતના રાખતા ત્યારે એમને દેવકૃત અતિશયોની સંપત્તિ હતી. (એથી વિપરીત) (૧૧૦)

एगंतनियवासी, घरसरणाईसु जह ममत्तं पि ।
कह न पडिहंति कलिकलुस-रोसदोसाण आवाए ॥१११॥

अविकत्तिऊण जीवे, कत्तो घरसरणगुत्तिसंठप्पं ? ।
अवि कत्तिआ अ तं तह, पडिया असंजयाण पहे ॥११२॥

❈ थोवोऽपि गिहिपसंगो, जइणो सुद्धस्स पंकमावहइ ।
जह सो वारत्तरिसी, हसिओ पज्जोयनरवइणा ॥११३॥

❈ सब्भावो वीसंभो, नेहो रइवइयरो य जुवइजणे ।
सयणघर-संपसारो, तवसीलवयाइं फेडिज्जा ॥११४॥

---

નિષ્કારણ સદા સ્થિરવાસ કરનારા એમાં વળી ઘર-છાપરું (સ્વજન) આદિની સાર સંભાળની ય મમતામાં પડનારા, એ કલહ-હિંસાદિ પાપ, તથા ક્રોધ (માનાદિ)ના દોષોના સંમિલનમાં કેમ નહિ પડે ? (કારણ,) (૧૧૧)

જીવોના છેદનાદિ કર્યા વિના ઘર-છાપરું-વાડ-દિવાલ વગેરે સમારવાનું ક્યાંથી બની શકે ? (ન જ બને) અને એમ છેદનાદિ કરી-કરાવીને તો સાધુ અસંયમી-ગૃહસ્થોના માર્ગે જ પડ્યા ! (૧૧૨)

(માત્ર ગૃહકર્મ જ નહિ) ગૃહસ્થોનો થોડો સંબંધ પણ પવિત્ર સાધુને ય મલિનતા લગાડનારો બને છે. જેમકે તે વારત્રઋષિની પ્રદ્યોતરાજા વડે હાંસી કરાઈ. (અલ્પ પણ ગૃહસ્થ-પરિચય દોષકારી છે. વિશેષમાં સ્ત્રી સંબંધનું તો પૂછવું જ શું ?) (૧૧૩)

નારીજનની સાધુ વસતિમાં અકાળે હાજરી, એના પર વિશ્વાસ, સ્નેહરાગ, કામરાગકારી વાતચીત (ઈસારા-ગાત્ર-હાવભાવાદિ દર્શન) તથા એની સાથે સ્વજન સંબંધી-ઘરસંબંધી વિચારણા (એ સાધુના) તપ-શીલ (ઉત્તર ગુણો) તથા મહાવ્રતોનો નાશ કરે છે. (ગાથાના 'તવ' શબ્દનો બીજો અર્થ 'હે શિષ્ય ! તારા.') (૧૧૪)



❈ जोइसनिमित्तअक्खर, कोउयआएसभूइकम्मेहिं ।
करणाणुमोअणाहि अ, साहुस्स तवक्खओ होइ ॥११५॥

जह जह कीरइ संगो, तह तह पसरो खणे खणे होइ ।
थेवो वि होई बहुओ, न य लहइ धिइं निरुभंतो ॥११६॥

❈ जो चयइ उत्तरगुणे, मूलगुणे वि अचिरेण सो चयइ ।
जह जह कुणइ पमायं, पिल्लिज्जइ तह कसाएहिं ॥११७॥

❈ जो निच्छएण गिण्हइ, देहच्चाए वि न य धिइं मुयइ ।
सो साहेइ सकज्जं, जह चंडवडिंसओ राया ॥११८॥

---

(સાધુનો જ્યાં વિષય નહિ ત્યાં) જ્યોતિષ યા નિમિત્ત બતાવવું, મૂળાક્ષરો આદિ વિદ્યા શીખવવી (અમુક કાર્ય માટે) સ્નાનાદિ કૌતુક દર્શાવવા, ભવિષ્યવાણી કહેવી, રાખ (વાસક્ષેપ દોરા આદિ) મંત્રી આપવા, (મંત્રાદિ) પ્રયોગ કરવા...એ સાધુ સ્વયં કરે, કરાવે કે અનુમોદે તો તેથી એના બાહ્ય આભ્યંતર તપનો નાશ થાય છે. (૧૧૫)

જેમ જેમ (દોષ યા અસત્ ક્રિયાનો) સંગ કરાય તેમ તેમ આગળ-આગળના સમયે એનો પસારો વધે છે. (અતિ પ્રવૃત્તિ થાય છે. થોડામાં શો વાંધો ? તો કે) થોડો પણ દોષ-પ્રમાદ વધીને બહુ થાય છે. (કેમકે અનાદિનો એનો અભ્યાસ છે.) પછીથી એ રોકી શકાતો નથી ને (ગુર્વાદિથી) રોકાવા જતાં સમાધિ-સ્વસ્થતા ગુમાવે છે. (૧૧૬)

(થોડો દોષ બહુ કેમ થાય ? તો કે) જે થોડા અર્થાત્ નિર્દોષ ગોચરી વગેરે ઉત્તર ગુણ જતા કરે છે તે થોડા વખતમાં અહિંસાદિ મૂળ ગુણ પણ જતા કરે છે. કેમકે જેમ જેમ ગુણોમાં પ્રમાદ-શિથિલતા થાય, તેમ તેમ (અવકાશ મળવાથી) કષાયો પ્રજ્વલિત થાય છે. નાના પણ દોષનો રાગ ત્રીજા કષાયની ચોકડીનો રાગ બનવાથી મૂળ ચારિત્રની જ હાનિ થાય. (એથી ઊલટું-) (૧૧૭)

જે દૃઢ નિશ્ચયી (અમુક સદ્ વ્રત અનુષ્ઠાનને) સ્વીકારે છે અને પ્રાણાંતે પણ એમાં સ્થિરતાને નથી છોડતાં, તે પોતાના પ્રયોજનને સિદ્ધ કરે છે. જેમ રાજા ચંદ્રાવતંસક. (૧૧૮)

❉ सीउण्हखुप्पिवासं दुस्सिज्जपरीसहं किलेसं च ।
जो सहइ तस्स धम्मो, जो धिइमं सो तवं चरइ ॥११९॥

❉ धम्ममिणं जाणंता, गिहिणो वि दढव्वया किमुअ साहू ? ।
कमलामेलाहरणे, सागरचंदेण इत्थुवमा ॥१२०॥

देवेहिं कामदेवो, गिही वि न वि चालिओ तवगुणेहिं ।
मत्तगयंदभुयंगम-रक्खसघोरट्टहासेहिं ॥१२१॥

❉ भोगे अभुंजमाणा वि, केइ मोहा पडंति अहरगइं ।
कुविओ आहारत्थी, जत्ताइ-जणस्स दमगु व्व ॥१२२॥

---

વળી શીત-ઉષ્ણ-ક્ષુધા-પિપાસા તથા ઊંચી નીચી શયનભૂમિ, વિવિધ પરિસહ-પીડા તેમજ (દેવતાઈ આદિ ઉપસર્ગ) કષ્ટ જે સમતાથી સહન કરે છે એને જ ધર્મ હોય (તે જ ધર્મી ગણાય) છે. કેમકે જે નિષ્પ્રકંપ ચિત્તથી ધૈર્યવાન હોય છે તેને જ પરિસહ-સહનની તપસ્યાનું આચરણ હોય છે. (પરિસહની અસહિષ્ણુતામાં આર્તધ્યાનના લીધે ધર્મભંગ.) (૧૧૯)

(આ ધૃતિ જિનશાસન-તત્ત્વજ્ઞોને અવશ્ય હોય. એટલે જ) સર્વજ્ઞ પ્રણીત ધર્મને જાણનારા ગૃહસ્થો પણ વ્રત-પાલનમાં દૃઢ હોય છે; તો સાધુનું તો પૂછવું જ શું ? (એમણે તો સુતરાં દૃઢવ્રતી બનવું જ જોઈએ.) આમાં કમલામેલાનું હરણ કરનાર સાગરચંદ્ર (પોષધ પ્રતિમાવાળા)નું દૃષ્ટાંત છે. (૧૨૦)

કામદેવ શ્રાવક ગૃહસ્થ છતાં પણ કાઉસ્સગ્ગમાં દેવકૃત ઉન્મત્ત હાથી, સર્પ, રાક્ષસના ઘોર અટ્ટહાસો વડે તપ અને ગુણોમાંથી ચલિત ન કરી શકાયો. (સાધુ તો વિશેષ વિવેકવાળા હોઈ નિતરાં અક્ષોભ્ય હોય.) (૧૨૧)

(વિના વાંકે ગુસ્સે થનાર અવિવેકી) કેટલાકને શબ્દાદિ-સુખભોગ ન મળવા છતાં અજ્ઞાનતાથી નીચી ગતિમાં પડે છે, જેમ (વૈભારગિરિ તળેટીએ) ઉજાણીમાં એકચિત્ત લોક પર આહાર માટે ગુસ્સે ભરાયેલ દ્રમક-ભિખારી. (સાતમી નરકે પડ્યો.) (૧૨૨)



❉ भवसयसहस्स-दुलहे, जाइजरामरणसागरुत्तारे ।
जिणवयणंमि गुणायर ! खणमवि मा काहिसि पमायं ॥१२३॥

❉ जं न लहइ सम्मत्तं लद्धूण वि जं न एइ संवेगं ।
विसयसुहेसु य रज्जइ, सो दोसो रागदोसाणं ॥१२४॥

तो बहुगुणनासाणं, सम्मत्तचरित्तगुणविणासाणं ।
न हु वसमागंतव्वं, रागद्दोसाण पावाणं ॥१२५॥

❉ न वि तं कुणइ अमित्तो, सुट्ठुवि सुविराहिओ समत्थो वि ।
जं दोवि अणिग्गहिया, करंति रागो य दोसो य ॥१२६॥

इह लोए आयासं, अजसं च करेंति गुणविणासं च ।
पसवंति अ परलोए, सारीरमणोगए दुक्खे ॥१२७॥

---

માટે હે ગુણના ખાણભૂત શિષ્ય ! લાખો ભવે ય દુર્લભ અને જન્મ-જરા-મૃત્યુમય સંસારસાગરથી પાર ઉતારનાર એવા જિનવચન(ના આદર) વિષે એક ક્ષણવાર પણ પ્રમાદ કરીશ નહીં. (૧૨૩)

જીવ જે સમ્યક્ત્વ પ્રાપ્ત નથી કરતો યા (સમ્યક્ત્વ) પ્રાપ્ત કર્યા પછી પણ સંવેગ યાને મોક્ષની લગન નથી આવતી, પણ શબ્દાદિ વિષય સુખોમાં આસક્ત ગુલામ બન્યા રહેવાય છે, એ વાંક રાગ અને દ્વેષનો જ છે. (કેમકે રાગદ્વેષ જીવને દુઃખ-કારણમાં સુખનો ભ્રમ કરાવે છે.) (૧૨૪)

તેથી જેનો નાશ બહુ ગુણકારી એવા રાગદ્વેષ સમ્યગ્દર્શન-ચારિત્ર-જ્ઞાનાદિગુણોના નાશક હોવાથી એની પરવશતામાં નહિ જવું. (એને વશ નહિ થવું. કારણ કે,-) (૧૨૫)

અત્યંત પણ પ્રબળ પણે વિફરાયેલ શત્રુ તે પણ ભારે શક્તિવાળો જે (નુકસાનો) નથી કરતો તે વશમાં નહિ લીધેલ (નિરંકુશ) રાગ અને દ્વેષ કરે છે. (શ્લોકમાં રાગ અને દ્વેષ તુલ્યબલી છે એમ સૂચવે છે.) (૧૨૬)

(રાગ-દ્વેષજનિત કયા નુકસાનો ? તો કે,-) આ જનમમાં શરીર-મનમાં ખોટા શ્રમ, અને અપયશ તથા ગુણોનો વિધ્વંસ કરે છે, અને

धिद्धी अहो अकज्जं, जं जाणंतोवि रागदोसेहिं ।
फलमउलं कडुअरसं, तं चेव निसेवए जीवो ॥१२८॥

❉ को दुकखं पाविज्जा ?, कस्स व सुक्खेहिं विम्हिओ हुज्जा ? ।
को व न लभिज्ज मुक्खं ?, रागद्दोसा जइ न हुज्जा ॥१२९॥

माणी गुरुपडिणीओ, अणत्थभूओ अमग्गचारी अ ।
मोहं किलेसजालं, सो खाइ जहेव गोसालो ॥१३०॥

❉ कलहणकोहणसीलो, भंडणसीलो विवायसीलो य ।
जीवो निच्चुज्जलिओ, निरत्थयं संयमं चरइ ॥१३१॥

---

પરલોકમાં (નરકાદિમાં પાડીને) શારીરિક-માનસિક દુઃખોને પેદા કરે છે. (આવું છે ત્યારે,) (૧૨૭)

અત્યંત ધિક્કાર છે જીવને કે (અહીં જુઓ) એ અસત્પ્રવૃત્તિઓમાં રાગ-દ્વેષ કરી કરીને મહા ઉગ્ર કટુ રસવાળા વિપાકને આવવાનું જાણતો હોવા છતાં ખેદની વાત છે કે એ રાગ-દ્વેષભરી અસત્ ચેષ્ટાને સેવતો રહે છે. (૧૨૮)

જો જીવમાં રાગ-દ્વેષ ન હોત તો (દુઃખનું કારણ જવાથી) કોણ જીવ દુઃખ પામત ? અને કોને (સુખના પ્રતિબંધક રાગ-દ્વેષના અભાવે સુલભ થતા) સુખો પામવાથી વિસ્મય થાત ? (રાગ-દ્વેષાભાવે) કોણ મોક્ષ ન પામત ? (૧૨૯)

ગર્વિષ્ઠ, તથા ગુરુનો દ્રોહી પ્રતિકૂળ વર્તનારો, (દુઃશીલતાથી) અનેક અનર્થ ભરેલો, ને માર્ગ (સૂત્ર) વિરુદ્ધ આચરણવાળો, એ (મોઘ=) નિષ્પ્રયોજન જ (શિરમુંડન તપસ્યાદિ) કષ્ટ સમૂહને વધાવી લે છે; જેમકે ગોશાળો. (કષ્ટ-ક્લેશથી સાધ્ય કશું ફળ નથી આવતું.) (૧૩૦)

કજિયાખોર, ક્રોધિલો, ભાંડણશીલ (દંડાદિથી લડનાર), (કોર્ટ આદિથી) ઝગડાખોર, આવો જીવ સદા ઉકળતો ને ક્રોધાન્ધ બન્યો રહી સંયમને નિરર્થક આચરે છે. એને સંયમનું સાધ્ય સિદ્ધ થતું નથી. (૧૩૧)



❉ जह वणदवो वणं, दवदवस्स जलिओ खणेण निद्दहइ ।
एवं कसायपरिणओ, जीवो तवसंजमं दहइ ॥१३२॥

परिणामवसेण पुणो, अहिओ ऊणयरओ व हुज्ज खओ ।
तह वि ववहारमित्तेण, भण्णइ इमं जहा थूलं ॥१३३॥

❉ फरुसवयणेण दिणतवं, अहिक्खिवंतो अ हणइ मासतवं ।
वरिसतवं सवमाणो, हणइ हणंतो अ सामण्णं ॥१३४॥

अह जीविअं निकिंतइ, हंतूण य संजमं मलं चिणइ ।
जीवो पमाय बहुलो परिभमइ अ जेण संसारे ॥१३५॥

❉ अक्कोसणतज्जणताडणा य, अवमाणहीलणाओ य ।
मुणिणो मुणियपरभवा, दढप्पहारि व्व विसहंति ॥१३६॥

---

જેમ વનમાં ઝટપટ સળગેલો દાવાનળ ક્ષણમાં વનને બાળી નાખે છે. એમ ક્રોધાદિ કષાય-પરિણામવાળો આત્મા તપ-પ્રધાન સંયમને બાળી નાખે છે. (૧૩૨)

(શું ક્રોધથી તપ-સંયમ સર્વથા નષ્ટ ? ના,) તપ-સંયમનો અધિકતર કે ન્યૂનતર ક્ષય પરિણામને (યાને અધ્યવસાય-તરતમતાને) અનુસારે જ થાય. છતાં પણ વ્યવહાર માત્રથી સ્થૂલ દૃષ્ટિએ આમ કહેવાય છે કે,- (૧૩૩)

સાધુ (સાધુપ્રત્યે) કર્કશ વચન બોલવાથી એક દિવસના તપ (અને સંયમ) હણે છે, જાતિ વગેરેથી આક્ષેપ (હીલના) કરતાં એક માસનો તપ, શ્રાપ આપતાં એક વર્ષનો તપ, અને મારતાં સમસ્ત ચારિત્ર પર્યાને હણે છે. (૧૩૪)

અને જીવ પ્રમાદની બહુલતાથી જો સામાના જીવિતનો નાશ કરે તો હણીને (સકલકાલવ્યાપી) સંયમનો નાશ કરે છે. ત્યાં એવું પાપ બાંધે છે, કે જેથી સંસારમાં ભટકતો થઈ જાય છે. (૧૩૫)

દૃઢ પ્રહારીની જેમ મુનિઓ પોતાની ઉપર આક્રોશ (વચનથી ટોણાંમેણાં), નિર્ભર્ત્સના, (દોરડેથી) તાડના, અપમાન-તિરસ્કાર અને હીલના સમભાવે સહન

अहमाहओ त्ति न य पडिहणंति, सत्ता वि न य पडिसवंति ।
मारिज्जंता वि जई, सहंति सहस्समल्लु व्व ॥१३७॥

दुज्जणमुहकोदंडा, वयणसरा पुव्वकम्मनिम्माया ।
साहूण ते न लग्गा, खंतीफलयं वहंताणं ॥१३८॥

❊ पत्थरेणाहओ कीवो, पत्थरं डक्कुमिच्छइ ।
मिगारिओ सरं पप्प, सरूप्पत्तिं विमग्गइ ॥१३९॥

❊ तह पुव्विं किं न कयं ?, न बाहए जेण मे समत्थोऽवि ।
इण्हिं किं कस्स व कुप्पिमुत्ति धीरा अणुप्पिच्छा ॥१४०॥

---

કરે છે, કેમકે એ (ન સહતા સામનો કે હાયવોય કરવામાં પરલોકના) પરિણામને જાણે છે. (૧૩૬)

(અધમ માણસોએ) મને (મુષ્ટિ વગેરે) મારી એમ કરી મુનિઓ સામે નથી મારતા. પેલાઓ શ્રાપની ભાષા બોલ્યા છતાં આ સામે શ્રાપની ભાષા નથી બોલતા. (અધમો વડે) મુનિઓ માર ખવાતા છતાં શાંતિથી સહન જ કરે છે (ઊલટું દયા ખાય છે કે આ બિચારા મારા નિમિત્તે દુર્ગતિ ન પામો.) જેમ કે સહસ્રમલ્લ મુનિ. (૧૩૭)

દુર્જન-મુખ એ ધનુષ્ય છે, એમાંથી કુવચન-રૂપી બાણ નીકળ્યા તે પૂર્વકૃત કર્મથી નીકળ્યા. પરંતુ સાધુઓને એ ભોકાયા નહિ, કેમકે એ ક્ષમાની ઢાલ વહતા હતા. (ક્ષમામાં આ વિવેક હોય છે કે દુર્વચનરૂપી બાણને મૂળ ફેંકનાર જે પૂર્વ કર્મ તેના પર દૃષ્ટિ જાય છે.) (૧૩૮)

(અવિવેકીને કોપનો અવકાશ છે,-) પત્થરથી હણાયેલો કૂતરો પત્થરને બચકાં ભરવા ઈચ્છે છે, ત્યારે સિંહ બાણ પામી (બાણ નહીં પણ) બાણની ઉત્પત્તિ (અર્થાત્ બાણના ફેંકનાર) તરફ દૃષ્ટિ લઈ જાય છે. એટલે જ, (૧૩૯)

(મુનિ દુષ્ટના દુર્વચનાદિ આવતાં વિચારે છે કે) મેં પૂર્વ જન્મમાં તેવું (સારું) કેમ ન કર્યું કે જેથી પુણ્યના હિસાબે સમર્થ પણ માણસ મને પીડી-સતાવી શકે નહિ ? (એટલે આ મારો જ દોષ છે.) તો હવે અત્યારે શા માટે



❊ अणुराएण जइस्स वि, सियायपत्तं पिया धरावेइ ।
तह वि य खंदकुमारो, न बंधुपासेहिं पडिबद्धो ॥१४१॥

गुरु गुरुतरो य अइगुरु, पियमाइअवच्चपियजणसिणेहो ।
चिंतिज्जमाणगुविलो, चत्तो अइधम्मतिसिएहिं ॥१४२॥

❊ अमुणियपरमत्थाणं, बंधुजणसिणेहवइयरो होइ ।
अवगयसंसारसहाव-निच्छयाणं समं हिययं ॥१४३॥

❊ माया पिया य भाया, भज्जा पुत्ता सुही य नियगा य ।
इह चेव बहुविहाइं, करंति भयवेमणस्साइं ॥१४४॥

---

(નિષ્કારણ) કોપ કરું ? ને કોના પર કોપ કરું ? આ પ્રમાણે વિચારીને ધીરતાવાળા મહાત્માઓ અ-વિહ્વળ રહે. (આમ દ્વેષી પર દ્વેષત્યાગ કહ્યો. હવે રાગી પર રાગત્યાગ કરવા કહે છે.) (૧૪૦)

પિતા અનુરાગથી મુનિને પણ સફેદ છત્ર ધરે છે ! તો પણ સ્કંદકુમાર સ્વજનના સ્નેહ-પાશથી બંધાયા નહિ. (૧૪૧)

માતા-પિતાનો, સંતાનનો અને (ભાર્યા ભગિની આદિ) પ્રિયજનનો સ્નેહ ક્રમશઃ ગુરુ=દુસ્ત્યજ, વધુ દુસ્ત્યજ અને અત્યંત દુસ્ત્યજ હોય છે (અતિ દુસ્ત્યજતાનું કારણ જીવને ત્યાં ગાઢ ચિત્ત-વિશ્રામ હોય છે) બધો ય સ્નેહ, વિચાર કરતાં, (દુઃખદ ભવોનું કારણ હોવાથી) અતિગહન છે, માટે જ ધર્મના અતિ પિપાસુઓએ એને છોડી દીધા છે. (સ્નેહ સાધુધર્મથી વિરુદ્ધ છે.) (૧૪૨)

જેઓએ વસ્તુ-સ્વરૂપને જાણ્યું નથી તેઓને સ્વજનના સ્નેહના બંધન હોય છે. (કિંતુ) સંસારના સ્વભાવને સમજનારને ક્ષણભંગુરરૂપે નિર્ણયવાળાને હૃદય સ્નેહ-દ્વેષરહિત હોય છે. (સ્વજનો અનર્થકારી હોવાથી એમના પર સ્નેહ નકામો છે. દા.ત.) (૧૪૩)

માતા-પિતા-ભાઈ-ભાર્યા-પુત્ર- મિત્રો અને બીજા સગાં-સ્નેહીઓ અહીં જ બહુવિધ ત્રાસ અને વિરોધ અંટસ કરે છે. (દા.ત.) (૧૪૪)

माया नियगमइविगप्पियंमि, अत्थे अपूरमाणंमि ।
पुत्तस्स कुणइ वसणं, चुलणी जह बंभदत्तस्स ॥१४५॥

❇ सव्वंगोवंगविगत्तणाओ, जगडणविहेडणाओ अ ।
कासी अ रज्जतिसिओ, पुत्ताण पिया कणयकेऊ ॥१४६॥

❇ विसयसुहरागवसओ, घोरो भाया वि भायरं हणइ ।
ओहाविओ वहत्थं, जह बाहुबलिस्स भरहवई ॥१४७॥

भज्जा वि इंदियविगार-दोसनडिया करेइ पइपावं ।
जह सो पएसिराया, सूरियकंताइ तह वहिओ ॥१४८॥

सासयसुक्खतरस्सी, नियअंगसमुब्भवेण पियपुत्तो ।
जह सो सेणियराया, कोणियरण्णा खयं नीओ ॥१४९॥

---

(માતા :) માતા સ્વમતિથી ધારેલ પ્રયોજન સિદ્ધ ન થતાં પુત્રને આપત્તિમાં મૂકે છે, જેમ માતા ચુલણીએ પુત્ર બ્રહ્મદત્તને મૂક્યો. (૧૪૫)

(પિતા :) પિતા કનકકેતુને કાયમી રાજ્યની મમતા લાગવાથી એ પુત્રોને (રાજ્ય માટે અયોગ્ય ઠરાવવા) સર્વ અંગોપાંગમાં છેદન અને કદર્થના-પીડાઓ કરતો. (૧૪૬)

(ભાઈ :) શબ્દાદિ સુખ-સમૃદ્ધિના રાગની પરવશતાથી (હાથમાં શસ્ત્ર લઈ) ભયંકર બનેલો ભાઈ સગાભાઈને પણ હણે છે. જેમ ભરત રાજ્યાધિપતિ (ચક્ર લઈને) ભાઈ બાહુબળને મારી નાખવા દોડ્યો. (૧૪૭)

(ભાર્યા :) પત્ની પણ ઇન્દ્રિય-વિકારના અપરાધને પરવશ બનેલી પતિને મારી નાખવાનું પાપ કરે છે; જેમકે તે પ્રદેશી રાજા સૂર્યકાન્તારાણી વડે તેવા પ્રકારે (અર્થાત્ ઝેર આપીને) મારી નખાયો. (૧૪૮)

(પુત્ર :) જેમ પ્રિય પુત્ર કોણિકરાજા પિતા શ્રેણિક રાજાના અંગથી ઉત્પન્ન થયેલ છતાં એના વડે (ક્ષાયિક સમ્યક્ત્વથી) શાશ્વત સુખ તરફ વેગબંધ દોટવાળા એવા પણ પિતા શ્રેણિક ખતમ કરાયા. (૧૪૯)



❇ लुद्धा सकज्जतुरिआ, सुहिणो वि विसंवयंति कयकज्जा ।
जह चंदगुत्तगुरुणा, पव्वयओ घाइओ राया ॥१५०॥

नियया वि नियकज्जे, विसंवयंतंमि हुंति खरफरूसा ।
जह रामसुभूमकओ, बंभक्खत्तस्स आसि खओ ॥१५१॥

कुलघरनिययसुहेसु अ, सयणे अ जणे य निच्च मुणिवसहा ।
विहरंति अणिस्साए, जह अज्जमहागिरी भयवं ॥१५२॥

रूवेण जुव्वणेण य, कन्नाहि सुहेहिं वरसिरीए य ।
नय लुब्भंति सुविहिया, निदरिसणं जंबूनामुत्ति ॥१५३॥

---

(મિત્ર :) લોભી અને સ્વાર્થ સાધવામાં ઉત્સાહી મિત્રો પણ કાર્ય સર્યે ફરી બેસે છે. જેમ, ચંદ્રગુપ્તના ગુરુ ચાણક્યે નંદરાજાને ખતમ કરવા માટે મિત્ર બનાવેલા મ્લેચ્છ રાજા પર્વતનો (વિષભોજિત કન્યા પરણાવવા દ્વારા) ઘાત કર્યો. (૧૫૦)

પોતાના ગણાતા પણ પોતાનું કાર્ય બગડે ત્યારે નિષ્ઠુર કર્મકારી અને કર્કશવાદી બને છે. જેમ, (પૃથ્વી પરથી) પરશુરામ વડે ક્ષત્રિયોનો (સાત વાર) અને સુભૂમ વડે બ્રાહ્મણોનો (૨૧ વાર) નાશ કરાયો (બંને પરસ્પર સંબંધી છતાં). (૧૫૧)

એટલા માટે ઉત્તમ મુનિઓ, કુટુંબો, ઘરો, અને પોતાની સુખાકારીતા, તથા સ્વજનનો અને જનસામાન્યને વિષે હંમેશાં નિશ્રા (પરાધીનતા-સાપેક્ષતા) રાખ્યા વિના વિચરે છે. જેમ મહાત્મા આર્યમહાગિરિ. (૧૫૨)

સુવિહિત સુસાધુઓ સુંદર રૂપથી, યૌવનથી, 'ય' = કલાઓથી, ગુણિયલ કન્યાઓથી, ઐહિક સુખોથી, અને વિશાળ સંપત્તિથી (કોઈ લોભાવે તો ય) લોભાતા નથી. (એમાં) દૃષ્ટાંત તરીકે જંબૂ નામે મુનિ. (માટે મુનિઓએ ઐહિક સુખોની સ્પૃહારહિત અને સુગુરુથી નિયંત્રિત બહુ સાધુઓ મધ્યે રહેવું જોઈએ.) (૧૫૩)

❉ उत्तमकुलप्पसूया, रायकुलवडिंसगा वि मुणिवसहा ।
बहुजणजइसंघट्टं, मेहकुमार व्व विसहंति ॥१५४॥

❉ अवरूप्परसंबाहं सुक्खं तुच्छं सरीरपीडा य ।
सारण वारण चोयण, गुरुजणआयत्तया य गणे ॥१५५॥

❉ इक्कस्स कओ धम्मो, सच्छंदगई मईपयारस्स ? ।
किं वा करेई इक्को, ? परिहरउ कहं अकज्जं वा ? ॥१५६॥

❉ कत्तो सुत्तत्थागम-पडिपुच्छणचोयणा य इक्कस्स ? ।
विणओ वेयावच्चं, आराहणया य मरणंते ॥१५७॥

---

ઊંચા કુળમાં જન્મ પામેલા અને રાજકુળના અલંકાર (તિલક) તુલ્ય એવા પણ દીક્ષિત થયેલા ઉત્તમમુનિઓ બહુજન (વિવિધ દેશ)ના સાધુઓની (સારણા-વારણાદિને યા) સંઘટ્ટનને સમતાથી સહન કરે છે જેમ મેઘકુમારમુનિ. (માટે ગચ્છમાં રહી સહિષ્ણુ બનવું, નહિતર ક્ષુદ્રતા પોષાય છે.) (૧૫૪)

ગચ્છમાં રહેવામાં પરસ્પર ઘર્ષણ થાય, સુખ સગવડ નહિવત્ હોય, પરીસહોથી શરીર પીડા થાય, સારણા (વિસ્મૃત કર્તવ્યની યાદગીરી), વારણા (નિષિદ્ધનું વારણ), ને ચોયણા (મૃદુકઠોર વચનથી પ્રેરણા) હોય, તેમજ ગુરુજનની આધીનતા રહે. (૧૫૫)

(એવા કષ્ટ ભર્યા ગચ્છવાસ કરતાં એકલા વિચરવું સારું ને ? ના, કેમકે) એકાકી રહેતાં સ્વેચ્છાથી બાહ્ય પ્રવૃત્તિ અને આપમતિનો જ પ્રચાર રહેવાથી એને ધર્મ ક્યાંથી હોય ? તેમ એકલો કર્તવ્ય બજાવે શું ? ને અકૃત્યનો ત્યાગ પણ શું કરે ? (૧૫૬)

વળી (ગુરુનિશ્રારહિત) એકલો સૂત્ર-અર્થનો લાભ કોની પાસેથી પામે ? અર્થાત્ કોની પાસે ભણે ? (ન સમજાતું) કોને પૂછે ? તર્ક ઊઠે તેનું સમાધાન કોની પાસેથી મેળવે ? અભ્યુત્થાનાદિ વિનય કોનો કરે ? ગ્લાન સેવાદિ વૈયાવચ્ચ કોની કરે ? અને મરણરૂપ અવસાનકાળે (નવકાર) પચ્ચક્ખાણાદિ નિર્યામણાની આરાધના ક્યાંથી પામે ? (૧૫૭)



पिल्लिज्जेसणमिक्को, पइन्नपमयाजणाउ निच्च भयं ।
काउमणो वि अकज्जं, न तरइ काऊण बहुमज्झे ॥१५८॥
उच्चारपासवणवंत-पित्तमुच्छाइ मोहिओ इक्को ।
सद्दवभायणविहत्थो, निक्खिवइ व कुणइ उड्डाहं ॥१५९॥

❉ एगदिवसेण बहुआ, सुहा य असुहा य जीवपरिणामा ।
इक्को असुहपरिणओ, चइज्ज आलंबणं लद्धुं ॥१६०॥

❉ सव्वजिणप्पडिकुट्ठं, अणवत्था थेरकप्पभेओ अ ।
इक्को अ सुआउत्तोवि, हणइ तवसंजमं अइरा ॥१६१॥

---

એકલો ફરે એ (નિર્ભય હોવાથી) ગવેષણા ગ્રહણેષણા-ગ્રાસેષણાનું ઉલ્લંઘન કરશે, દોષિત ગોચરી વાપરશે. અહીં તહીં આકર્ષાયેલી સ્ત્રીઓ તરફથી એકલાને હંમેશાં (કામોપદ્રવનો ચારિત્ર-ધનનાશનો) ભય રહે, જ્યારે ગચ્છમાં બહુની મધ્યે રહેતાં (અકાર્ય કરવાનું મન થાય તો ય તે) ન કરી શકે. (૧૫૮)

સ્થંડિલ-માતરું-ઊલટી યા પિત્તના ઉછાળાની અચાનક એકાએક બાધા થતાં ગભરામણથી શરીર હલી ઉઠવાથી એકલો સાધુ હાથમાં પાણીવાળું પાત્ર લેતાં કદાચ પડે તો સંયમ વિરાધના, આત્મ વિરાધના થાય. જો પાણી લીધા વિના સ્થંડિલાદિ જાય તો શાસનની હીલના થાય. (૧૫૯)

(બીજું એ પણ બને કે) એક દિવસમાં પણ જીવને શુભ અને અશુભ ઘણા માનસિક વિતર્કો ચાલે છે. એમાં જો એકલો હોય તો સંક્લિષ્ટ અધ્યવસાયમાં ચડશે, ને કાંઈક આલંબન (કારણ) પામીને સંયમનો ત્યાગ કરશે. (૧૬૦)

(મોટી વાત એ છે કે) સર્વ જિનેશ્વર ભગવંતોએ સાધુને એકલવિહારી બનવાનો નિષેધ કરેલો છે, કેમકે એથી (જીવો પ્રમાદ ભરેલા તેને જોઈને) બીજાઓમાં એકાકીપણાની પરંપરા ચાલે, એમાં સ્થવિરકલ્પ (ગચ્છવાસિતા) છિન્ન ભિન્ન થાય. વળી સારો (અપ્રમત્ત) પણ સાધુ એકલવિહારી થતાં તપપ્રધાન સંયમનો શીઘ્ર જ નાશ કરવાનો. (૧૬૧)

वेसं जुण्णकुमारिं, पउत्थवइअं च बालविहवं च ।
पासंडरोहमसइं, नवतरूणिं थेरभज्जं च ॥१६२॥

❈ सविडंकुब्भडरूवा, दिट्ठा मोहेइ जा मणं इत्थी ।
आयहियं चिंतंता, दूरयरेणं परिहरंति ॥१६३॥

❈ सम्मद्दिट्ठी वि कयागमो वि, अइविसयरागसुहवसओ ।
भवसंकडंमि पविसइ, इत्थं तुह सच्चई नायं ॥१६४॥

❈ सुतवस्सियाण पूया-पणामसक्कारविणयकज्जपरो ।
बद्धं पि कम्ममसुहं, सिढिलेइ दसारनेया व ॥१६५॥

---

વેશ્યા, પ્રૌઢ છતાં કુમારી, પતિ પરદેશ ગયેલો હોય તેવી, બાલવિધવા, જોગણી, કુલટા, નવયૌવના, ઉંમરલાયક પત્ની, (૧૬૨)

શુભ અધ્યવસાયથી પાડે એવી ઉદ્‌ભટરૂપ વેષવાળી તથા જોવા માત્રથી મનને મોહ પમાડનારી, આમાંની કોઈ પણ સ્ત્રીને આત્મહિતની ચિંતાવાળા સાધુઓ અતિ દૂરથી જ તજે છે, આગળ એની સંભાવના હોય ત્યાંથી પણ આઘા રહે છે. (કારણ કે સ્ત્રીથી થતાં અનર્થ સર્વ વિષયરાગનું કારણ હોવાથી અતિ દીર્ઘ સંસાર સર્જે છે.) (૧૬૩)

તત્ત્વાર્થ-શ્રદ્ધાવાળો પણ, અને આગમનો જાણ (ગીતાર્થ) પણ જો શબ્દાદિ વિષયોના અતીવ રાગને વશ પડે તો ક્લેશમય સંસારમાં પડે છે. (હે શિષ્ય !) આ વિષયમાં તારે સત્યકી વિદ્યાધરનું ઉદાહરણ જાણવું. (સાધુ છતાં વિષયાસક્ત ખુવાર થાય.) (૧૬૪)

(ત્યારે ગૃહસ્થ પણ સાધુની ઉપાસના કરતાં કેવા લાભ પામે ? તો કે) ઉત્તમ સાધુઓની વસ્ત્રાદિથી પૂજા, પ્રણામ, સ્તુતિરૂપ સત્કાર, વિનય, એ કાર્યો કરવામાં તત્પર (ગૃહસ્થ પણ) કૃષ્ણની જેમ બાંધેલાં પણ અશુભ કર્મોને શિથિલ કરે છે. (૧૬૫)



❈ अभिगमणवंदणनमंसणेण, पडिपुच्छणेण साहूणं ।
चिरसंचियं पि कम्मं, खणेण विरलत्तणमुवेइ ॥१६६॥

केइ सुसीला सुहम्माइ, सज्जणा गुरुजणस्स वि सुसीसा ।
विउलं जणंति सद्धं, जह सीसो चंडरूद्दस्स ॥१६७॥

❈ अंगारजीववहगो, कोइ कुगुरु सुसीस परिवारो ।
सुमिणे जईहिं दिट्ठो, कोलो गयकलहपरिकिन्नो ॥१६८॥

सो उग्गभवसमुद्दे, सयंवरमुवागएहिं राएहिं ।
करहोवक्खरभरिओ, दिट्ठो पोराणसीसेहिं ॥१६९॥

---

આવતા સાધુની સામે જવાથી, વંદન-ગુણસ્તુતિ કરવાથી, નમસ્કાર-મન કાયાથી નમનો કરવાથી અને શરીર કૌશલ્યાદિ પૂછવાથી, ઘણા જન્મોનાં પણ બાંધેલાં કર્મો અલ્પ કાળમાં ઓછાં થઈ જાય છે. (૧૬૬)

કેટલાક સુશીલ (ઇન્દ્રિયો અને મનની વિશિષ્ટ સમાધિવાળા) સુધર્મા (જ્ઞાન-ચારિત્ર રૂપ ધર્મવાળા) અને અતિ સંતજન (સર્વને અમૃતરૂપ હોઈ સજ્જન) સુશિષ્યો ગુરુજનને પણ મોટી શ્રદ્ધા ઉત્પન્ન કરે છે. જેમ ચંડરુદ્રાચાર્યનો નૂતન શિષ્ય. (૧૬૭)

કોલસીને જીવ માની એની હિંસા કરનારો કોઈ કુગુરુ અંગારમર્દકાચાર્ય સુશિષ્યોથી પરિવરેલો તે (બીજા આચાર્યના) મુનિઓએ સ્વપ્નમાં એક ડુક્કરને હાથીના બચ્ચાઓથી પરિવરેલો જે જોયો, (ને એ પરથી આચાર્યના કહેવાથી ઓળખાયો) (૧૬૮)

એ (અંગારમર્દકાચાર્ય) રૌદ્ર સંસાર સાગરમાં (ભમતો) ઊંટ થયેલ તે ભરચક સામાનથી લદાયેલ સ્થિતિમાં પૂર્વના શિષ્યો જે રાજા થયેલ અને સ્વયંવરમાં આવેલ એમના વડે દેખાયો. (આચાર્ય છતાં આવા સંક્લિષ્ટ પરિણામવાળો ? કારણ ભવાભિનંદી) (૧૬૯)

❊ संसारवंचणा न वि, गणंति संसारसूअरा जीवा ।
सुमिणगएण वि केई, बुज्झंति पुप्फचूला व्व ॥१७०॥

❊ जो अविकलं तवं संजमं च, साहू करिज्ज पच्छा वि ।
अन्नियसुय व्व सो नियगमट्ठमचिरेण साहेइ ॥१७१॥

❊ सुहिओ न चयइ भोए, चयइ जहा दुक्खिओ त्ति अलियमिणं ।
चिक्कणकम्मोलित्तो, न इमो न इमो परिच्चयइ ॥१७२॥

जह चयइ चक्कवट्टी, पवित्थरं तत्तियं मुहुत्तेण ।
न चयइ तहा अहन्नो, दुब्बुद्धी खप्परं दमओ ॥१७३॥

❊ देहो पिवीलियाहिं, चिलाइपुत्तस्स चालणी व्व कओ ।
तणुओ वि मणपओसो, न चालिओ तेण ताणुवरिं ॥१७४॥

---

સંસારના (વિષય-વિષ્ટા-ગૃદ્ધ) ભૂંડ જેવા જીવો સંસારથી (નરકાદિ સ્થાન પ્રાપ્તિ દ્વારા) ઠગાય છે. ત્યારે, કેટલાક સ્વપ્નમાં જોયેલ (નરકાદિ)થી પણ બૂજી (સંસાર-વિરક્ત બની) જાય છે. જેમ (રાણી) પુષ્પચૂલા. (લઘુકર્મી જીવો જાગ્રત દશામાં ગુરુ ઉપદેશથી બૂજવાનું તો પૂછવું જ શું ?) (૧૭૦)

જે સાધુ અખંડિત તપ અને સંયમ (પૃથ્વીકાયાદિ રક્ષા)ને આરાધે છે, તે પછી (અંતકાળે) પણ અર્ણિકાપુત્ર આચાર્યની જેમ પોતાના પ્રયોજનને શીઘ્ર સાધે છે. (૧૭૧)

'સુખિયા જીવો ભોગસુખો નથી છોડતા જેમ દુખિયા જીવો છોડે છે,' આવું બોલવું એ અસત્ય વચન છે; (કેમકે) ચીકણાં (જ્ઞાનાવરણાદિ) કર્મોથી લેપાયેલ (ભારે કર્મી) ન સુખિયો જીવ ભોગોને છોડતો, કે ન દુખિયો જીવ. (ભોગત્યાગમાં લઘુકર્મિતા જ કારણ છે, સુખ દુઃખ નહિ). (૧૭૨)

(દૃષ્ટાંતમાં) જેમ મહાસુખિયો ચક્રવર્તી ક્ષણમાત્રમાં એવડો મોટો (છખંડ સમૃદ્ધિનો) પથારો, ભિખારી ભીખ માગી ખાવાનું ઠીકરું ય નથી છોડતો. (૧૭૩)

(કર્મે વિવર આપેલા જીવો તો સંયમરક્ષાર્થે શરીરને પણ છોડી દે



पाणच्चए वि पावं, पिवीलियाए वि जे न इच्छंति ।
ते कह जई अपावा, पावाइं करेंति अन्नस्स ? ॥१७५॥

❊ जिणपहअपंडियाणं, पाणहराणं पि पहरमाणाणं ।
न करंति य पावाइं, पावस्स फलं वियाणंता ॥१७६॥

❊ वहमारणअब्भक्खाण-दाणपरधणविलोवणाईणं ।
सव्वजहन्नो उदओ, दसगुणिओ इक्कसि कयाणं ॥१७७॥

❊ तिव्वयरे उ पओसे, सयगुणिओ सयसहस्सकोडिगुणो ।
कोडाकोडिगुणो वा, हुज्ज विवागो बहुतरो वा ॥१७८॥

---

છે, જેમ) ચિલાતીપુત્રના શરીરને કીડીઓએ (ફોલી ખાઈ) ચાલણી જેવું કર્યું (છતાં) તે મહાત્માએ મનમાં કીડીઓ પર લેશ પણ દ્વેષ ન ઊઠવા દીધો. (૧૭૪)

જે પ્રાણાંતે પણ કીડી જેવી પ્રત્યે ય દ્વેષ કરવાનું ઈચ્છતા નથી તે નિષ્પાપ (સાવદ્ય-ત્યાગી) મુનિ ભગવંતો બીજાની પ્રત્યે અપરાધ કેમ કરે ? (૧૭૫)

(નિરપરાધીને તો તે ન દંડે, પરંતુ અપરાધીનું કેમ સહન કરે ? તો કે) પાપના ફળ (રૌરવ નરકાદિ)ને જે જાણતા હોય છે એ જિનકથિત માર્ગના અજાણ અને જીવઘાતક એવા (શસ્ત્રથી) ઘા કરનારાઓની પ્રત્યે પણ (દ્રોહનો વિચાર, મારણા ચિંતન આદિ) પાપ નથી કરતા. (ઊલટું અહીં કરુણા ચિંતવે છે કે 'અરે ! અમારું નિમિત્ત પામી આ બિચારા પાપ કરી નરકમાં પડશે ?') (૧૭૬)

તાડન, પ્રાણનાશ, જૂઠા આળ ચડાવવા, પરધન-હરણાદિ ('આદિ' પદથી બીજાનાં ગુપ્ત મર્મ ઉઘાડવા વગેરે) એક જ વાર સેવ્યાનો ઓછામાં ઓછો વિપાક દસગુણો આવે છે. (દા.ત. એકવાર મારનારો દસવાર મરાય છે.) (૧૭૭)

ત્યારે જો અધિક ઉત્કટ દ્વેષ-અપ્રીતિ હોય તો (કરેલા એકવારના પાપનું એ દ્વેષની માત્રા પ્રમાણે) સોગણું, લાખગણું, ક્રોડગણું યા ક્રોડાક્રોડ ગણું ફળ ભોગવવું પડે, અથવા એથી પણ બહુતર ભોગવવું પડે છે. (તેથી પ્રાયઃ રાગ ન થાય અને એમાં ય રાગદ્વેષાદિના સંક્લેશ ન થાય એ માટે અપ્રમત્ત રહેવું.) (૧૭૮)

के इत्थ करेंतालंबणं, इमं तिहुयणस्स अच्छेरं ।
जह नियमाखवियंगी, मरूदेवी भगवई सिद्धा ॥१७९॥

किं पि कहिं पि कयाई, एगे लद्धीहिं केहि वि निभेहिं ।
पत्तेयबुद्धलाभा, हवंति अच्छेरयब्भूया ॥१८०॥

निहिं संपत्तमहन्नो, पत्थिंतो जह जणो निरूत्तप्पो ।
इह नासइ तह पत्तेअ-बुद्धलच्छिं पडिच्छंतो ॥१८१॥

❇ सोऊण गइं सुकुमालिए, तह ससगभसगभइणीए ।
ताव न विससियव्वं, सेयट्ठी धम्मिओ जाव ॥१८२॥

---

કેટલાક આ વિષયમાં ત્રિભુવનમાં (ક્યારેક જ બને એવાં અતિ) અદ્‌ભુતના આધાર લે છે કે જેમ ભગવતી મરુદેવામાતા નિયમ (તપ-સંયમના કષ્ટ દ્વારા દેહ નિયંત્રણ)થી કર્મ ખપાવ્યા વિના મોક્ષ પામ્યા. (એમ મોક્ષ થઈ જશે, તપ સંયમ કષ્ટનું શું કામ છે ?) (૧૭૯)

(આ આલંબન લેવું ખોટું છે કેમકે) ક્યારેક કોઈક ઠેકાણે કોઈક (વૃષભાદિ વસ્તુ)ને પામીને કેટલાક (કરકંડુ જેવા) આશ્ચર્યભૂત પ્રત્યેક-બુદ્ધતાના લાભવાળા બન્યા ને કોઈક તેવી લબ્ધિઓ (કર્મ-ક્ષયોપશમાદિ) રૂપ નિમિત્તોથી બન્યા. તેથી એના આલંબને પ્રમાદી ન બનાય, નહિતર મોક્ષ ન થાય.) (૧૮૦)

(દેવાધિષ્ઠિત) રત્નાદિ-નિધાનની નજીક આવેલો જેમ કોઈ નિર્ભાગી પુરુષ એની ઈચ્છાવાળો છતાં 'નિરુત્તપ્પો' = (એની પૂજા બલિ આદિના) ઉદ્યમ વિનાનો આ લોકમાં નાશ પામે છે. (નિધિલાભ ગુમાવી હાંસીપાત્ર બને છે.) એમ પ્રત્યેક બુદ્ધના લાભની રાહ જોનારો (કિન્તુ તપ સંયમનો ઉદ્યમ વિનાનો) નષ્ટ થાય છે. નિધિસમાન મોક્ષ ન પામતાં તપ સંયમના ઉદ્યમ વિના સન્માર્ગથી ભ્રષ્ટ થાય છે.) (૧૮૧)

તથા શશક-ભશકની બેન સુકુમાલિકા સાધ્વીની (મૂર્છિત દશામાં સહેજ ભ્રાતૃસ્પર્શના સુખદ સંવેદનથી, અતિભ્રષ્ટાવસ્થા સાંભળીને) ધર્મચારીએ 'સેયટ્ઠી'



खरकरहतुरयवसहा, मत्तगइंदा वि नाम दम्मंति ।
इक्को नवरि न दम्मइ, निरंकुसो अप्पणो अप्पा ॥१८३॥

वरं मे अप्पा दंतो, संजमेण तवेण य ।
मा हं परेहिं दम्मंतो, बंधणेहिं वहेहि य ॥१८४॥

❇ अप्पा चेव दमेयव्वो, अप्पा हु खलु दुद्दमो ।
अप्पा दंतो सुही होइ, अस्सिं लोए परत्थ य ॥१८५॥

निच्चं दोससहगओ, जीवो अविरहियमसुभपरिणामो ।
नवर दिन्ने पसरे, तो देइ पमायमयरेसु ॥१८६॥

---

= શ્વેતાસ્થિ = મૃત ન થાય ત્યાંસુધી. અથવા શ્રેયાર્થી (મોક્ષાર્થી) 'ધાર્મિક' = યતિ (જીવંત) હોય ત્યાં સુધી રાગાદિનો વિશ્વાસ નહિ કરવો. (રાગાદિથી ડરતા રહેવું.) (૧૮૨)

ગધેડાં, ઊંટ, ઘોડા, બળદ અને ઉન્મત્ત હાથી સુદ્ધાં વશ કરાય છે, માત્ર નિરંકુશ (તપ-સંયમના અંકુશ વિનાનો) પોતાનો આત્મા વશ નથી કરાતો. (આશ્ચર્ય છે.) (૧૮૩)

(વાસ્તવમાં વિચારવું કે) શ્રેષ્ઠ એ છે કે મારે જ મારા આત્માનું ચારિત્ર અને દ્વાદશવિધ તપથી નિયંત્રણ કરવું જોઈએ જેથી હું બીજાઓ દ્વારા દુર્ગતિમાં (લગામો-બેડીઓના) બંધનોથી અને (ચાબુક-સોટાદિના) મારથી દમન ન કરાઉં. (૧૮૪)

(કર્તવ્ય આ જ છે કે) પોતાના આત્માનું દમન કરવું અતિ જરૂરી છે. કેમકે (બાહ્ય શત્રુનું નહિ પણ સ્વીય) આત્માનું જ દમન મુશ્કેલ છે. બાકી દમન કરાયેલ આત્મા અહીં અને પરલોકે પણ સુખી થાય છે. (૧૮૫)

(આત્મ-દમન વિનાનો જીવ) હંમેશાં રાગાદિ દોષથી ગ્રસ્ત અને સતત સંક્લિષ્ટ અધ્યવસાયવાળો રહે છે, માત્ર એ (યથેષ્ટ ચેષ્ટાને) પ્રસરણ અપાતાં "અતરેષુ" = લોકવિરુદ્ધ - શાસ્ત્ર વિરુદ્ધ કાર્યો વિષે (વિષયકષાયપ્રવૃત્તિ રૂપ) પ્રમાદને આચરે છે. (૧૮૬)

अच्चियवंदिय पूइअ, सक्कारिय पणमिओ महग्घविओ ।
तं तह करेइ जीवो, पाडेइ जहप्पणो ठाणं ॥१८७॥

❉ सीलव्वयाइं जो बहुफलाइँ, हंतूण सुक्खमहिलसइ ।
धिइदुब्बलो तवस्सी, कोडीए कागिणिं किणई ॥१८८॥

❉ जीवो जहामणसियं, हियइच्छियपत्थिएहिं सुक्खेहिं ।
तोसेऊण न तीरई जावज्जीवेण सव्वेण ॥१८९॥

❉ सुमिणंतराणुभूयं, सुक्खं समइच्छियं जहा नत्थि ।
एवमिमं पि अईयं, सुक्खं सुमिणोवमं होई ॥१९०॥

---

(પ્રમાદ શું કરે છે ?) જીવ ચંદનાદિથી અર્ચિત થાય, ગુણ-સ્તુતિથી વંદાય, વસ્ત્રાદિથી પૂજાય, અભ્યુત્થાનાદિથી સત્કાર પામે, મસ્તકથી નમસ્કાર પામે, તથા (આચાર્યપદવી આદિથી) મહામૂલ્યવાન બનાવાય, ત્યારે તે મૂઢ જીવ દુષ્ટ આચરણ કરે છે કે એ પોતાના (આચાર્યપદાદિ) સ્થાનનો નાશ કરે છે. (વંદનાદિ કરનારમાં અધમ તરીકે નિંદાય છે.) (૧૮૭)

(સ્વર્ગ મોક્ષપર્યંતના) બહુ ફળોને આપનાર મૂળવ્રત ઉત્તર ગુણોને હણીને જે (તુચ્છ વૈષયિક) સુખને ઇચ્છે છે. તે વિશિષ્ટ ચિત્તસ્થિરતા વિનાનો બિચારો ક્રોડના ધનથી કાકિણી (૧/૮૦ રૂા.)ને ખરીદે છે. (આવાને વિષયોથી તોષ તો ન થાય, ઊલટું ભોગોથી શ્રમ વધે, ઇન્દ્રિયોની અસ્વસ્થતા વધે, કેમકે,) (૧૮૮)

સંસારી જીવ 'યથામનસ્કૃત' = ચિંતિત પ્રમાણે હૈયાને ઇષ્ટ અને પ્રાર્થિત (વિષય)સુખો આખા જીવન પર્યંત પણ પ્રાપ્ત થયે સંતોષ પામતા નથી. (દિવસો, મહિનાઓ સુખો મળ્યે તો સંતુષ્ઠ થાય જ શાનો ?) (૧૮૯)

જેમ સ્વપ્ન મધ્યે ભોગવેલું સુખ સ્વપ્ન પસાર થઈ ગયે રહેતું નથી. એમ આ પણ (વૈષયિક સુખ) વ્યતીત થયે સ્વપ્ન સુખની જેમ રહેતું નથી. (કેમકે તે તુચ્છ છે માટે જ એના પર આસ્થા નહિ કરવી. નહિતર) (૧૯૦)



❉ पुरनिद्धमणे जक्खो, महुरामंगू तहेव सुयनिहसो ।
बोहेइ सुविहियजणं, विसूरइ बहुं च हियएण ॥१९१॥

❉ निग्गंतूण घराओ, न कओ धम्मो मए जिणक्खाओ ।
इड्ढिरससायगुरुयत्तणेण, न य चेइओ अप्पा ॥१९२॥

❉ ओसन्नविहारेणं, हा जह झीणंमि आउए सव्वे ।
किं काहामि अहन्नो, संपइ सोयामि अप्पाणं ॥१९३॥

❉ हा जीव ! पाव भमिहिसि, जाईजोणीसयाइं बहुआइं ।
भवसयसहस्सदुलहं पि, जिणमयं एरिसं लद्धुं ॥१९४॥

---

શ્રુતના કસોટી-પત્થર જેવા (અર્થાત્ બીજાઓને સ્વશ્રુતનું પરીક્ષા સ્થાન એવા મહાન શ્રુતધર) આચાર્ય આર્યમંગુ પણ તેમજ (જિહ્વાવશ) મથુરામાં નગરીની ખાળ પાસે યક્ષ થયા. જે (પોતાના શિષ્ય) સાધુજનોને (પછીથી) બોધ આપે છે, અને (પોતાની અવદશા માટે) હૃદયથી બહુ સંતાપ પામે છે. (૧૯૧)

(તે યક્ષ સંતાપ કરે છે કે) મેં ઘરવાસમાંથી નીકળીને જિનેશ્વરદેવ-કથિત ધર્મ આરાધ્યો નહિ અને ઋદ્ધિ (શિષ્યાદિ સંપત્તિ), રસ (ખાટા મીઠાં ભોજન) અને શાતા (મુલાયમ શય્યાદિના સુખ), એ ત્રણ ગારવથી ભારે અર્થાત્ તેના આદરવાલો બનીને મેં મારા આત્માને ઓળખ્યો નહિ. (૧૯૨)

(આત્માને આ રીતે ન ઓળખ્યો કે) હાય ! શિથિલ વિહારીપણાથી હું એવો રહ્યો કે સઘળું આયુષ્ય ક્ષીણ થઈ ગયું. હવે હું અભાગી શું કરીશ ? એમ હવે તો મારે મારા આત્મા પર શોક કરવાનો જ રહ્યો. (૧૯૩)

'હે જીવ ! ખેદ થાય છે કે તું પાપી દુરાત્મા ! લાખો ભવોએ પણ દુષ્પ્રાય આવા (અચિંત્ય ચિંતામણિ સમાન) જિનાગમ પામીને ય એનો અમલ નહિ કરવાથી બહું સેંકડો (એકેન્દ્રિયાદિ) જાતિ અને (શીતઉષ્ણાદિ) યોનિઓમાં રખડીશ. (૧૯૪)

❋ पावो पमायवसओ, जीवो संसारकज्जमुज्जुत्तो ।
दुक्खेहिं न निव्विण्णो, सुक्खेहिं न चेव परितुट्ठो ॥१९५॥

परितप्पिएण तणुओ, साहारो जइ घणं न उज्जमइ ।
सेणियराया तं तह, परितप्पंतो गओ नरयं ॥१९६॥

❋ जीवेण जाणि विसज्जियाणि, जाईसएसु देहाणि ।
थोवेहिं तओ सयलंपि, तिहुयणं हुज्ज पडिहत्थं ॥१९७॥

❋ नहदंतमंसकेसट्ठिएसु, जीवेण विप्पमुक्केसु ।
तेसु वि हविज्ज कइलास-मेरुगिरिसन्निभा कूडा ॥१९८॥

---

(વળી) જીવ (કષાયાદિ)-પ્રમાદવશ પડી સંસારવર્ધક કાર્યોમાં રક્ત બને છે. દુઃખો ભોગવવા પડ્યા છતાં એનાથી કંટાળ્યો નથી ! (નહિતર દુઃખના કારણોમાં વારંવાર કેમ પ્રવર્તતો રહે ?) સુખો ય મળ્યા છતાં સંતોષ પામ્યો નથી (નહિતર સુખ મળવા છતાં અધિક તૃષ્ણા કેમ ઊભી રહે ?) ('ચ' શબ્દથી મોક્ષ હેતુથી વિમુખ રહ્યો છે.) (૧૯૫)

જો તપ સંયમમાં અપ્રમત્તપણે ગાઢ ઉદ્યમ ન કરે, તો એકલા પરિતાપ (પાપ-સંતાપ)થી અત્યલ્પ રક્ષણ મળે. (દૃષ્ટાંત તરીકે) શ્રેણિક રાજા (તેવા તપ સંયમના ઉદ્યમ વિના) આત્મનિંદા કરતાં છતાં નરકમાં ગયા. (૧૯૬)

(દુઃખોથી ભવ નિર્વેદ પામવા આ વિચાર કે) સેંકડો જાતિઓમાં જીવે જેટલા શરીરો મૂક્યા એમાંના (અનંતમાં ભાગ જેટલા) થોડા પણ શરીરોથી ત્રણે જગતમાં 'પડિહત્થ' પૂર્ણ ભરાઈ જાય. (આશ્ચર્ય છે કે તો પણ જીવને તોષ નથી !) (૧૯૭)

જીવે (અનાદિ સંસારમાં જેટલા) નખ, દાંત, માંસ, કેશ, હાડકા મૂક્યા તેનાથી પણ મોટા અષ્ટાપદ મેરુ પર્વત જેવા સ્તૂપ થાય. (૧૯૮)



❋ हिमवंतमलयमंदर-दीवोदहिधरणिसरिसरासीओ ।
अहिअयरो आहारो, छुहिएणाहारिओ होज्जा ॥१९९॥

❋ जं णेण जलं पीयं, घम्मायवजगडिएण तं पि इहं ।
सव्वेसु वि अगडतलाय नईसमुद्देसु न वि हुज्जा ॥२००॥

❋ पीयं थणयच्छीरं, सागरसलिलाओ होज्ज बहुअयरं ।
संसारम्मि अणंते, माऊणं अन्नमन्नाणं ॥२०१॥

पत्ता य कामभोगा, कालमणंतं इहं सउवभोगा ।
अपुव्वं पिव मन्नइ, तह वि य जीवो मणे सुक्खं ॥२०२॥

❋ जाणइ य जहा भोगिड्ढिसंपया सव्वमेव धम्मफलं ।
तहवि दढमूढहियओ, पावे कम्मे जणो रमइ ॥२०३॥

---

જીવે ભૂખ્યા થઈને જે આહાર વાપર્યો તેનો હિમવંત પર્વત, મલયાચલ, મેરુ પર્વત, દ્વીપો, સમુદ્રો અને પૃથ્વીઓ સમાન રાશિઓ કરતાં અધિક રાશિ થાય. (૧૯૯)

આ જીવે ગ્રીષ્મના આતપથી અભિભૂત થઈને જેટલાં પાણી પીધાં તેટલું પાણી પણ આ લોકના સર્વ કૂવા, તળાવ, નદી અને સમુદ્રોમાં (સમાય એવું) નથી. (૨૦૦)

જેની આદિ ઉપલબ્ધ નથી એવા સંસારમાં અન્યાન્ય જન્મોમાં થયેલી માતાઓના થાનનું દૂધ જે પીધું તે (સઘળા) સમુદ્રોના પાણીથી પણ અતિ વધારે થાય. (૨૦૧)

(જીવે) અનંતકાળ સંસારમાં શબ્દાદિ વિષયોના ભોગો મેળવ્યા અને એને ભોગવ્યા પણ છતાં જીવ મનમાં વિષયસુખને જાણે પૂર્વે જોયું જ નથી એવું સમજે છે ! (૨૦૨)

જીવ જાણે છે 'ચ' = દેખે છે કે "ઉત્કૃષ્ટ શબ્દાદિ વિષયોની પ્રાપ્તિ અરે ! એટલું જ શું, બધું જ સારું (સુગુરુ યોગ વગેરે) એ ધર્મનું ફળ

❈ जाणिज्जइ चिंतिज्जइ, जम्मजरामरणसंभवं दुक्खं ।
न य विसएसु विरज्जइ, अहो सुबद्धो कवडगंठी ॥२०४॥
जाणइ य जह मरिज्जइ, अमरंतं पि हु जरा विणासेई ।
न य उव्विग्गो लोगो, अहो ! रहस्सं सुनिम्मायं ॥२०५॥
दुपयं चउप्पयं बहु-पयं च अपयं समिद्धमहणं वा ।
अणवकएऽवि कयंतो, हरइ हयासो अपरितंतो ॥२०६॥
❈ न य नज्जइ सो दियहो, मरियव्वं चाऽवसेण सव्वेण ।
आसापासपरद्धो, न करेइ य जं हियं वज्झो ॥२०७॥

---

છે,'' તો પણ ગાઢપણે 'મૂઢ' = ભ્રાંત ચિત્તવાળા લોકો પાપકાર્યોમાં રક્ત રહે છે. (૨૦૩)

(ગુરુ ઉપદેશથી) જણાય છે ને (બુદ્ધિથી) મનમાં ય બેસે છે કે (વિષયસંગથી) જન્મ, જરા, મૃત્યુથી થતાં દુઃખ ઊભા થાય છે, તો પણ (લોક) વિષયોથી વિરક્ત નથી બનતા ! (ત્યારે કહેવું પડે કે) અહો મોહની ગાંઠ કેવી સખ્ત બંધાયેલી છે. (૨૦૪)

એ પણ ખબર છે કે મરવાનું છે, અને ન મરે ત્યાં સુધીમાં પણ જરાવસ્થા સફેદ વાળ, પળિયા વગેરે વિનાશ સર્જે છે, તો પણ લોક (વિષયોથી) ઉદ્વેગ નથી પામતા ત્યારે અહો ! (હે વિવેકી જનો જુઓ કે) એનું રહસ્ય કેવું દુર્ગમ છે ! (૨૦૫)

હરામી યમરાજનું કાંઈ બગાડ્યું નથી છતાં એ બેપગાને, ચારપગાને બહુપગા (ભ્રમરાદિ)ને અને અપગા (સર્પાદિ)ને તેમજ સમૃદ્ધિવાળાને ને નિર્ધનને અવિશ્રાંતપણે (વણથાક્યો) ઉપાડે છે. (૨૦૬)

તે દિવસની ખબર નથી કે જ્યારે સૌએ પરવશપણે (અનિચ્છાએ) મરવાનું છે એમ છતાં પણ (જીવ) આશા (મનોરથો)ના પાશથી બંધાયેલા આત્મહિત જે આચરતા નથી તે 'વધ્યઃ'=મૃત્યુ માટે જ સરજાયેલા છે. (૨૦૭)



❈ संझरागजलबुब्बुओवमे, जीविए य जलबिंदुचंचले ।
जुव्वणे य नईवेगसन्निभे, पावजीव ! किमियं न बुज्झसि ॥२०८॥
जं जं नज्जइ असुइं, लज्जिज्जइ कुच्छणिज्जमेयं ति ।
तं तं मग्गइ अंगं, नवरमणंगुत्थ पडिकूलो ॥२०९॥
❈ सव्वगहाणं पभवो, महागहो सव्वदोसपायट्टी ।
कामग्गहो दुरप्पा, जेणभिभूयं जगं सव्वं ॥२१०॥
जो सेवइ किं लहइ ? थामं हारेइ दुब्बलो होइ ।
पावेइ वेमणस्सं, दुक्खाणि य अत्तदोसेणं ॥२११॥

---

સંધ્યાના રંગ અને પાણીના પરપોટા સમાન તથા (ઘાસના ટોપચા પરના) જલબિંદુ સમાન ચંચળ આયુષ્ય છે, તેમજ યુવાની નદીના વેગ તુલ્ય છે. (તો) હે પાપી જીવ ! (આ જોવા છતાં) કેમ બોધ પામતો નથી ? (આ ભ્રમ પ્રાયઃ અતિ ગાઢ કામરાગથી થાય છે. તેથી આ વિચાર કે,-) (૨૦૮)

જે જે અંગ બાળ વડે પણ અશુચિ અશુદ્ધ સમજાય છે, અને 'આ ગંદુ છે' એમ કરી જેનાથી લજ્જા પમાય છે, તે (સ્ત્રીના ગંદા) અંગની જ ઈચ્છા કરાય છે એમાં માત્ર અનંગ-કામદેવ-કામવાસનાની વક્રતા જ કામ કરે છે. (કેમકે એ જ કામ ગંદામાં સુંદર તરીકેનો ભ્રમ કરાવે છે.) (૨૦૯)

સમસ્ત ઉન્માદોનું ઉત્પત્તિસ્થાન એવો મહા ઉન્માદ કોણ ? સર્વ દોષોનો પ્રવર્તક કોણ ? તો કે દુરાત્મા કામનો ઉન્માદ, જેણે આખું જગત વશ કર્યું છે. (૨૧૦)

(એ કામને) જે સેવે છે એ શું પામે છે ? (અર્થાત્ વાસ્તવ તૃપ્તિ વગેરે કશું જ પામતો નથી માત્ર) બળ ગુમાવે છે. તેથી દૂબળો પડે છે. તેમજ ચિત્તનો ઉદ્વેગ અને (ક્ષયરોગાદિ) દુઃખો પામે છે, આ જે પામે છે, તે પોતાના જ વાંકે પામે છે. (૨૧૧)

❋ जह कच्छुल्लो कच्छुं, कंडुयमाणो दुहं मुणइ सुक्खं ।
मोहाउरा मणुस्सा, तह कामदुहं सुहं बिंति ॥२१२॥

विसयविसं हालहलं, विसयविसं उक्कडं पियंताणं ।
विसयविसाइन्नं पिव, विसयविसविसूइया होई ॥२१३॥

❋ एवं तु पंचहिं आसवेहिं, रयमायणित्तु अणुसमयं ।
चउगइदुहपेरंतं, अणुपरियट्टंति संसारे ॥२१४॥

सव्वगईपक्खंदे, काहंति अणंतए अकयपुण्णा ।
जे य न सुणंति धम्मं सोऊण य जे पमायंति ॥२१५॥

---

(વળી) જેમ ખસ-ખરજવાવાળો એને ખણતો હોય ત્યારે એ રોગનાં દુઃખને સુખ માને છે, એમ કામવાસના જનિત ભ્રમવાળા મનુષ્ય કામાગ્નિનાં દુઃખને સુખ કહે છે. (કામવાસના એ વાસ્તવમાં ભયંકર રોગ છે) (૨૧૨)

શબ્દાદિ વિષયો (મારક હોવાથી) વિષ છે. એ જ (શીઘ્રઘાતી હોવાથી) હલાહલ છે. 'ઉત્કૃષ્ટ' તીવ્ર-ઉગ્ર 'વિશદ' = સ્પષ્ટ, લોકપ્રસિદ્ધ, (તાલપૂટાદિ) વિષ પીનારને એ વિશદ વિષનું અજીર્ણ થાય (અર્થાત્ વિષ પચી ન જતાં મારનારું બને) છે, એમ વિષયોરૂપી વિષ સેવનારને વિસૂચિકા (અજીર્ણ યાને અનંત મરણ) થાય છે. (૨૧૩)

એ પ્રમાણે જીવ (પાંચ ઇન્દ્રિયો યા પાંચ હિંસાદિ) આશ્રવોથી સમયે સમયે કર્મરજ ભેગી કરીને પછીથી સંસારમાં ચાર ગતિના દુઃખની પરાકાષ્ઠા પામવા સુધીના ભ્રમણ કરે છે. (૨૧૪)

જે (જિનોક્ત) ધર્મને નથી સાંભળતા અને જે સાંભળીને પ્રમાદ (શિથિલતા) કરે છે, તે પુણ્યહીન જીવો અનંત (સંસાર)માં સર્વ ગતિઓમાં ભટકણ કર્યા કરશે. (આ તો ધર્મ પામ્યા છતાં અનર્થ ! કિન્તુ ધર્મ નહિ પામેલાને કેવા વિશેષ અનર્થ ? તો કે,) (૨૧૫)



❋ अणुसिट्ठा य बहुविहं, मिच्छद्दिट्ठी य जे नरा अहमा ।
बद्धनिकाइयकम्मा, सुणंति धम्मं न य करंति ॥२१६॥

❋ पंचेव उज्झिऊणं पंचेव य रक्खिऊण भावेणं ।
कम्मरयविप्पमुक्का, सिद्धिगइमणुत्तरं पत्ता ॥२१७॥

❋ नाणे दंसणचरणे तवसंजमसमिइगुत्तिपच्छित्ते ।
दमउस्सग्गववाए, दव्वाइ अभिग्गहे चेव ॥२१८॥

❋ सद्दहणाचरणाए निच्चं उज्जुत्त एसणाइ ठिओ ।
तस्स भवो अहितरणं, पव्वज्जाए य सम्मं तु ॥२१९॥

---

બહુ પ્રકારે હિતશિક્ષા કહેવાયા છતાં જે 'મિથ્યાદૃષ્ટિ'=બુદ્ધિ વિપર્યાસવાળા નીચ મનુષ્યો છે (તે તો અનંત સંસારે અચૂક સર્વગતિભ્રમણ કરવાના; કેમકે) તે બદ્ધ અને નિકાચિત કર્મવાળા હોઈ (હજી કદાચ કેવા સંયોગ મળ્યે બીજાના આગ્રહથી) ધર્મ સાંભળે ખરા, પરંતુ ધર્મ કરતા જ નથી. (ધર્મ કરનારને લાભ શો ? તો કે) (૨૧૬)

જે ધર્મ કરે છે, તેઓ ભાવપૂર્વક (હિંસાદિ) પાંચનો ત્યાગ કરીને તેમજ (અહિંસાદિ યા સ્પર્શનાદિ) પાંચની રક્ષા કરીને, કર્મરજથી મુક્ત થયેલા સર્વોચ્ચ સિદ્ધિ ગતિને પામી ગયા. (૨૧૭)

(વિસ્તારથી જ્ઞાનાદિ મુક્તિ-કારણોમાં જે સ્થિત છે, તેનો જન્મ મોક્ષ માટે થાય છે.) જે જ્ઞાનમાં, દર્શનમાં, ચરણમાં (અનશનાદિ) તપમાં, (પૃથ્વીસંરક્ષણાદિ) સંયમમાં, ૫ સમિતિઓમાં, ૩ ગુપ્તિઓમાં, (આલોચનાદિ) પ્રાયશ્ચિત્તોમાં, ઇન્દ્રિયોના દમનમાં, ઉત્સર્ગ માર્ગના અનુષ્ઠાનમાં, આવશ્યક અપવાદ માર્ગના અનુષ્ઠાનમાં દ્રવ્યાદિ ચાર પ્રકારના અભિગ્રહોમાં, (૨૧૮)

શ્રદ્ધા સહિત આચરણમાં, સદા ઉપયોગવાળો બની નિર્દોષ ગવેષણામાં જે રહેલો હોય છે એનો જ માનવજન્મ સંસારસાગર તરવા માટે થાય છે. અને પ્રવ્રજ્યાનો સ્વીકાર પણ એ જ ભવતરણ માટેનો સમ્યક્ છે. (અહીં 'દર્શન' કહેવા ઉપરાંત 'શ્રદ્ધાન' કહ્યું એ જ ન આચરી શકાય એવી સાધનાઓ હોય એની ય શ્રદ્ધા રાખવા માટે કહ્યું. (૨૧૯)

जे घरसरणपसत्ता, छक्कायरिऊ सकिंचणा अजया ।
नवरं मोत्तूण घरं, घरसंकमणं कयं तेहिं ॥२२०॥

❈ उस्सुत्तमायरंतो, बंधइ कम्मं सुचिक्कणं जीवो ।
संसारं च पवड्ढइ, मायामोसं च कुव्वइ य ॥२२१॥

जइ गिण्हइ वयलोवो, अहव न गिण्हइ सरीरवुच्छेओ ।
पासत्थसंगमोऽविय, वयलोवो तो वरमसंगो ॥२२२॥

❈ आलावो संवासो, वीसंभो संथवो पसंगो य ।
हीणायारेहिं समं, सव्वजिणिंदेहिं पडिकुट्ठो ॥२२३॥

---

(અણગાર અગાર-ઘર-ત્યાગી છતાં) જે ઘર મરમ્મત-ઘરસંભાળમાં લાગેલા હોય છે, એ (પૃથ્વીકાયાદિ) ષટ્કાયના શત્રુ છે, પરિગ્રહધારી છે, ને મનવચન-કાયાની યતના (સંયમ) વિનાના છે. એમણે તો માત્ર એક ઘર મૂકી બીજા ઘરમાં જ સંક્રમણ કર્યું (કહેવાય. એ એમને મહા અનર્થ માટે થાય છે, કેમકે.) (૨૨૦)

જિનાગમ-નિરપેક્ષ (જિનવચનથી ઊલટું) આચરે (અર્થાત્ અકાર્ય કરે), એ જીવ ગાઢ ચીકણા કર્મ બાંધે છે, અને એથી ભવના ફેરા વધારે છે; વળી એ માયા મૃષા ય સેવે છે. (કેમકે પહેલા હું 'સૂત્રોક્ત કરીશ' એમ કબૂલી હવે ઉત્સૂત્ર-આચરણમાં જાય છે.) (૨૨૧)

(ઉત્સૂત્ર-સેવી પાસત્થાના આહાર-પાણી વસ્ત્રાદિ) જો લે તો (આધાકર્માદિ-દોષ અને આગમ નિરપેક્ષતાના અનુમોદનાથી) વ્રત-લોપ થાય; અને જો ન લે તો શરીરને બાધા પહોંચે. અરે ! પાસત્થાની વચ્ચે જઈને રહેવું એ પણ વ્રતલોપવાળું છે, (કેમકે 'અસંકિલિટ્ઠેહિં સમં ન વસેજ્જા મુણિ, ચરિતસ્સ જઓ ન હાણી' એવી જિનાજ્ઞા ભંગરૂપ છે) તેથી શ્રેયસ્કર એ છે કે પહેલેથી જ એવાને ભેગા જ નહિ થવું. (૨૨૨)

આચાર-હીનોની સાથે વાતચીત, એક મકાનમાં સહવાસ, મનમેળ-વાતવીસામો, પરિચય અને પ્રસંગ (વસ્ત્રાદિ લેવડદેવડ); એનો સમસ્ત જિનેશ્વર ભગવંતોએ નિષેધ કર્યો છે. (૨૨૩)



अन्नुन्नजंपिएहिं हसिउद्धसिएहिं खिप्पमाणो य ।
पासत्थमज्झयारे, बलाऽवि जइ वाउली होइ ॥२२४॥

लोएऽवि कुसंसग्गी पियं जणं दुन्नियच्छमइवसणिं ।
निंदइ निरूज्जमं पिय-कुसीलजणमेव साहुजणो ॥२२५॥

❈ निच्चं संकिय भीओ, गम्मो सव्वस्स खलियचारित्तो ।
साहुजणस्स अमओ, मओऽवि पुण दुग्गइं जाइ ॥२२६॥

❈ गिरिसुयपुप्फसुआणं, सुविहिय ! आहरणकारणविहिन्नु ।
वज्जेज्ज सीलविगले, उज्जुयसीले हविज्ज जई ॥२२७॥

---

પાસત્થાની મધ્યે રહેવામાં સુસાધુ બલાત્ (અનિચ્છાએ) પણ કુસંગના પ્રભાવે પરસ્પર વાતચીતમાં પડે છે, ને (હરખના ઉછાળામાં એની સાથે) હસવું-ખીલવું થાય છે, એમાં રોમાંચ અનુભવે છે, એથી વ્યાકુળ થાય છે, (ધર્મ-સ્થૈર્યથી ચૂકે છે.) (૨૨૪)

લોકો પણ ખરાબ માણસની સંગતના પ્રેમીને 'દુન્નિયચ્છ'=ઉદ્ભટ વેષધારીને, ને અતિવ્યસનવાળાને નિંદે છે. (એની ઘૃણા કરે છે), એમ સુસાધુ મધ્યે રહેવા છતાં નિરુદ્યમી (શિથિલાચારી)ની તથા કુશીલજનને વહાલો કરનારની સાધુજન ઘૃણા કરે છે. (૨૨૫)

ચારિત્રની સ્ખલનાવાળો હંમેશાં ('આ મારી વાત કરતો હશે ?' એમ) શંકાશીલ રહે છે, અને (ગચ્છથી બહાર મૂકાવાના) ભયવાળો રહે છે, તેમજ (બાળસહિત) સૌથી પરાભવ પામનારો બને છે, સાધુજનને અમાન્ય બને છે, અને મરીને પણ (નરકાદિ) દુર્ગતિમાં જાય છે. ('પુણ'=વળી અનંત સંસારી ય બને છે) (૨૨૬)

(એક જ મેનાના બે પોપટ એમાં એક 'ગિરિશુક' નામે તે મ્લેચ્છોના સંગે ઉછરેલો, તેથી અપશબ્દો બોલતો, બીજો 'પુષ્પશુક' નામે તે તાપસોના સંગમાં ઉછરેલો શિષ્ટ શબ્દ બોલતો.) ગિરિશુક-પુષ્પશુકના દૃષ્ટાંત અને એની કારણવિધિ જાણનાર તું હે સુવિહિત ! શીલરહિત (પાસત્થાદિ)ના સંગનો ત્યાગ કર. અને ઉદ્યત શીલવાળો યતિ બન. (૨૨૭)

ओसन्नचरणकरणं जइणो वंदंति कारणं पप्प ।
जे सुविइयपरमत्था, ते वंदंते निवारंति ॥२२८॥

❉ सुविहियवंदावंतो, नासेई अप्पयं तु सुपहाओ ।
दुविहपहविप्पमुक्को, कहमप्प न याणई मूढो ॥२२९॥

❉ वंदइ उभओ कालं पि, चेइयाइं थयत्थुई परमो ।
जिणवरपडिमाघरधूव-पुप्फगंधच्च अणुज्जुत्तो ॥२३०॥

❉ सुविणिच्छियएगमई, धम्मम्मि अनन्नदेवओ अ पुणो ।
न य कुसमएसु रज्जइ, पुव्वावरबाहियत्थेसु ॥२३१॥

મૂળગુણ-ઉત્તરગુણમાં શિથિલ સાધુને સુવિહિત મુનિઓ કોઈ (સંયમાદિ) કારણ પામીને વંદન કરે છે. (અલબત તે શિથિલ મુનિઓમાં 'આ વંદન લેવું એ અમારે મહાઅનર્થ માટે છે,' એમ) જે આગમ-રહસ્યના સારા જ્ઞાતા છે, તે વંદન કરતા સુવિહિત મુનિઓને વંદન કરતાં રોકે છે. (૨૨૮)

(પોતે શિથિલ છતાં) સુવિહિત મુનિઓ પાસે વંદન કરાવનારો (વંદન કરતાં નહિ રોકનારો), પોતાના આત્માને સુપથ-રત્નત્રયીમાંથી ભ્રષ્ટ કરે છે. આમ (સાધુ-શ્રાવક) બંને માર્ગથી રહિત બનેલો તે મૂઢ પોતાના ભ્રષ્ટ આત્માને કેમ ઓળખી શકતો નથી (તે સુવિહિતનું વંદન ઝીલે છે ?) (૨૨૯)

### ❉ શ્રાવકધર્મ-વિધિ ❉

(અહીં સુધી સાધુ ધર્મવિધિ કહી. હવે શ્રાવક ધર્મવિધિ કહે છે) સુશ્રાવક ઉભયકાળ ('ચ' શબ્દથી મધ્યાહ્ને પણ) જિનપ્રતિમાને વંદના કરે છે. (ભક્તામરાદિ) સ્તોત્ર ભણે છે. (બૃહદ્ દેવવંદનાદિમાં) થોયો બોલે છે. અને જિનવર-પ્રતિમાઘર (જિનમંદિર)માં ધૂપ - પુષ્પ - કેશર - વાસક્ષેપાદિ ગંધથી પૂજન કરવામાં 'પરમ' = અત્યંત ઉદ્યત (ઉદ્યમયુક્ત) રહે છે. (૨૩૦)

(અહિંસાદિ) ધર્મમાં અત્યંત નિશ્ચિત એક = અનન્ય મતિવાળો, અને (બીજા કોઈ મિથ્યા દેવ પર નહિ અને) ભગવાન પર જ અનન્ય શ્રદ્ધાવાળો હોય. 'પુનઃ' = વળી (પ્રશમાદિ ગુણયુક્ત હોય) એ મિથ્યા શાસ્ત્રો પર



❉ दट्ठूण कुलिंगीणं, तसथावरभूयमद्दणं विविहं ।
धम्माओ न चालिज्जइ, देवेहि सइंदएहिं पि ॥२३२॥

❉ वंदइ पडिपुच्छइ, पज्जुवासइ साहुणो सययमेव ।
पढइ सुणइ गुणेइ अ, जणस्स धम्मं परिकहेइ ॥२३३॥

❉ दढसीलव्वयनियमो, पोसहआवस्सएसु अक्खलियो ।
महुमज्जमंसपंचविह-बहुबीयफलेसु पडिक्कंतो ॥२३४॥

❉ नाहम्मकम्मजीवी, पच्चक्खाणे अभिक्खणुज्जुत्तो ।
सव्वं परिमाणकडं, अवरज्झइ तं पि संकंतो ॥२३५॥

રાગવાળો ન બને; કેમકે એ શાસ્ત્રો પૂર્વાપર-બાધિત (અર્થાત્ અઘટમાન ખંડિત) પદાર્થોને કહેનારા હોય છે. (૨૩૧)

(બૌદ્ધ સાંખ્યાદિ મિથ્યાધર્મવાળા) કુલિંગીઓ દ્વારા ત્રસ સ્થાવર જીવોની (પચન-પાચનાદિમાં) થતી વિવિધ કચરામણ જોઈને, ઈન્દ્રો સહિત દેવો વડે પણ (સર્વજ્ઞોક્ત સમસ્ત જીવરાશિની સૂક્ષ્મતાથી રક્ષાને ઉપદેશનારા) જૈન ધર્મથી ચલાયમાન થતો નથી. (તો મનુષ્યોથી તો ચલાયમાન થાય જ શાનો ?) (૨૩૨)

સાધુઓને સતત (એક દિવસના અંતર વિના નિરંતર મન-વચન-કાયાથી) વંદન કરે, સંદેહના નિરાકરણ પૂછે, પાસે રહીને ઉપાસના કરે, સૂત્રોને ભણે, એનો અર્થ સાંભળે, સૂત્રાર્થનું ગુણન-પરાવર્તન કરે, ('ચ' શબ્દથી એના પર ચિંતન કરે), લોકોને ધર્મ ઉપદેશે, (સ્વયં બોધ પામેલો બીજાને પણ બોધવાળા કરે.) (૨૩૩)

શીલ-સદાચારોમાં દઢ ચિત્ત પ્રણિધાન રાખે, અણુવ્રતો તથા બીજા નિયમો પાળવામાં ય નિષ્પ્રકંપ હોય, (આહાર-શરીર-સત્કારાદિ ત્યાગના) પૌષધ તથા આવશ્યક (સામાયિક પ્રતિક્રમણાદિ નિત્યકૃત્યો)માં કોઈ અતિચાર ન સેવે, મદ્ય-મદિરા-માંસ પાંચ પ્રકારના (વડ આદિના) ફળથી તથા બહુબીજ (વેંગણાદિ) ફળથી નિવૃત્ત હોય (એના ત્યાગવાળો હોય.) (૨૩૪)

(અંગાર કર્માદિ) બહુ પાપકર્મોથી આજીવિકા ન ચલાવે. પચ્ચક્ખાણ લેવામાં સતત ઉત્સાહવાળો રહે, (વાતવાતમાં પચ્ચક્ખાણનો પ્રેમ હોય. વળી

❈ निक्खमण-नाण-निव्वाण-जम्मभूमीउ वंदइ जिणाणं ।
न य वसइ साहुजणविरहियंमि देसे बहुगुणेऽवि ॥२३६॥
परतित्थियाण पणमण-उब्भावण-थुणण-भत्तिरागं च ।
सक्कारं सम्माणं, दाण विणयं च वज्जेइ ॥२३७॥
❈ पढमं जईण दाऊण, अप्पणा पणमिऊण पारेइ ।
असइ य सुविहियाणं, भुंजेइ कयदिसालोओ ॥२३८॥

---

ધનધન્યાદિ) સર્વમાં પરિમાણ કરી રાખે. (એમ છતાં કદાચ ક્યારેક ક્યાંક) અપરાધ (દોષ) થઈ જાય તો (તરત આલોચના-પ્રાયશ્ચિત્તથી) એનાથી સંક્રાંત થતો ચાલે, (ખસીને નિરતિચાર શુભ યોગમાં લાગી જતો ચાલે.) અથવા 'સંકંતો'નો બીજો અર્થ શંકા પામતો યાને 'ભય પામતો' અર્થાત્ મોટા પાપસ્થાન તો દૂર પણ કુટુંબાદિ અર્થે જે ધાન્યાદિની રસોઈ આદિ કરવું પડે એમાં હેતુ-હિંસાને લીધે પડતાં અલ્પ કર્મબંધથી પણ બીતો રહે. (૨૩૫)

જિનેશ્વર ભગવાનના દીક્ષા-કેવળજ્ઞાન-નિર્વાણ તથા જન્મની (કલ્યાણક) ભૂમિઓને વંદન કરે અને (સુરાજ્ય, સુજલ, ધાન્ય સમૃદ્ધ ઈત્યાદિ) બહુ ગુણભર્યા પણ સાધુમહાત્માઓથી રહિત દેશોમાં વસવાટ ન કરે. (કેમકે એમાં માનવજન્મના સારભૂત ધર્મ-કમાઈને હાનિ પહોંચે.) (૨૩૬)

મિથ્યાદૃષ્ટિ બૌદ્ધાદિ સાધુને શિરથી પ્રણામ, બીજાઓ આગળ એમના ગુણવર્ણનરૂપ ઉદ્ભાવન, અને એમની સ્તવના તથા એ કુગુરુઓ પર હાર્દિક ભક્તિરાગ, વસ્ત્રોથી સત્કાર, (વળી) એમને વળાવા જવા કે અનુસરવાદિરૂપ સન્માન અને એમના ચરણ ધોવાદિરૂપ વિનય કરવાનું વર્જે. (૨૩૭)

(વળી શ્રાવક) પહેલાં મુનિઓને સુપાત્રદાન કરીને પછી પોતે નમસ્કાર કરવાપૂર્વક ભોજન કરે છે. ('ચ' શબ્દથી વસ્ત્રાદિ પણ મુનિને વહોરાવવા પૂર્વક વાપરે.) કદાચ સુવિહિત મુનિઓ ન મળે તો દિશાલોક કરીને અર્થાત્ 'આ અવસરે મુનિઓ મળે તો મારા પર ઉપકાર થાય' એમ ભાવનાપૂર્વક ચારે બાજુ નજર નાખે કે મુનિઓ દેખાય છે ?) (૨૩૮)



❈ साहूण कप्पणिज्जं, जं नवि दिन्नं कहिं वि किंचि तहिं ।
धीरा जहुत्तकारी, सुसावगा तं न भुंजंति ॥२३९॥
वसहीसयणासणभत्त-पाणभेसज्जवत्थपत्ताई ।
जइवि न पज्जत्तधणो, थोवावि हु थोवयं देइ ॥२४०॥
संवच्छरचाउम्मासिएसु, अट्ठाहियासु अ तिहीसु ।
सव्वायरेण लग्गइ, जिणवरपूयातवगुणेसु ॥२४१॥
❈ साहूण चेइयाण य पडिणीयं तह अवण्णवायं च ।
जिणपवयणस्स अहियं, सव्वत्थामेण वारेई ॥२४२॥

---

સાધુને ખપે એવું જે કાંઈ અશનાદિ કોઈક એવા સ્થાને કે સમયે થોડુંક પણ ન આપી શકાયું હોય તો સુશ્રાવકો એને વાપરતા નથી; કેમકે એ સત્ત્વશાળી અને વિહિત અનુષ્ઠાનમાં તત્પર હોય છે. (ગુરુ મહારાજે ન વાપર્યું એ મારાથી ન જ વપરાય એમાં સત્ત્વ જોઈએ. શ્રાવક માટે વિહિત અનુષ્ઠાન આ, કે તપયોગ્ય આ ઉત્તમ ભવમાં ન છૂટકે કરવું પડતું ભોજન મુનિના પાત્રે પાડીને જ વાપરે.) (૨૩૯)

(શ્રાવક પોતે) કદાચ એવા પૂરતા ધનવાળો ન હોય તો ય મુકામ, સંથારાદિ શયન, બાજોઠ આદિ આસન, ભોજન-પાણી, ઔષધ, વસ્ત્ર-પાત્રાદિ, (આદિ પદથી કાંબલ વગેરે) થોડામાંથી પણ થોડું સુપાત્રમાં દે ('પાત્રમાં ન દીધેલું ન વપરાય' એ નિયમ) (૨૪૦)

સાંવત્સરિક-ચાતુર્માસિક પર્વોમાં, ચૈત્રી આદિ અઠ્ઠાઈઓમાં, પર્વતિથિઓમાં, જિનેશ્વર ભગવાનનાં પૂજન, ઉપવાસાદિ તપસ્યા, તથા જ્ઞાનાદિ ગુણોમાં હૈયાના પૂરા આદર બહુમાનથી લાગી જાય છે. (૨૪૧)

મુનિઓના, તથા મંદિર કે મૂર્તિઓનાં પ્રત્યનીકો (ક્ષુદ્ર ઉપદ્રવ કરનારાઓ)ને તથા એમના નિંદકોને તેમજ જિનશાસનનું અહિત કરનારાઓને સમસ્ત શક્તિ (યાવત્ પ્રાણાર્પણ)થી અટકાવે છે. (કેમકે એ મહાઉદયનું કારણ છે.) (૨૪૨)

विरया पाणिवहाओ, विरया निच्चं च अलियवयणाओ ।
विरया चोरिक्काओ, विरया परदारगमणाओ ॥२४३॥

❈ विरया परिग्गहाओ, अपरिमिआओ अणंततण्हाओ ।
बहुदोससंकुलाओ, नरयगइगमणपंथाओ ॥२४४॥

❈ मुक्का दुज्जणमित्ती, गहिया गुरुवयणसाहुपडिवत्ती ।
मुक्को परपरिवाओ, गहिओ जिणदेसिओ धम्मो ॥२४५॥

---

(હવે શ્રાવકના વિશેષે કરીને ગુણોમાં) સ્થૂલ જીવહિંસાથી વિરામ પામેલા, હંમેશાં સ્થૂલ અસત્ય વચનથી વિરત, સ્થૂલ ચોરીથી વિરત અને પરસ્ત્રીગમનથી વિરામ પામેલા. (૨૪૩)

(શ્રાવક પરિગ્રહ પરિમાણવ્રત દ્વારા) અપરિમિત પરિગ્રહથી વિરામ પામેલો હોય. (કેમકે અપરિમિત પરિગ્રહ એ) (૧) અનંતતૃષ્ણા ભર્યો છે, (૨) બહુ દોષથી વ્યાપ્ત છે, અને (૩) નરકગતિ-ગમનનો ઉપાય છે. (પરિગ્રહમર્યાદાનું વ્રત ન હોય તો (૧) પાસે પરિગ્રહ ન હોવા છતાં અંતરમાં અપરિમિત પરિગ્રહની અનંત અમાપ તૃષ્ણા બેઠી છે. વળી (૨) એ રાજા-ચોર આદિના ઉપદ્રવોનું નિમિત્ત હોઈ શારીરિક-માનસિક કેઈ સંતાપ સંક્લેશાદિનું કારણ બનવાથી બહુ દોષોથી વ્યાપ્ત છે. તેમજ (૩) એટલા જ માટે ઉગ્ર સંક્લેશકારી એ અપરિમિત પરિગ્રહ નરકગતિ-ગમનનો ઉપાય બને છે. આમ અનંત તૃષ્ણાવાળા અપરિમિત પરિગ્રહથી વિરત, બહુદોષ વ્યાપી અમિત પરિગ્રહથી વિરત, તથા નરકગતિ-ગમનહેતુ અમિત પરિગ્રહથી 'વિરત' એમ અનેકવાર 'વિરત' કહ્યું તે વિરતિની વિચિત્રતા સમજાવવા કહ્યું.) (૨૪૪)

(ઉત્તમ શ્રાવકો વડે) દુર્જનની મૈત્રી (સંગ) ત્યક્ત હોય છે. ગુરુ (તીર્થંકર ગણધરાદિ)નાં વચનોનો 'સાહુ-પડિવત્તી' = સુંદર સ્વીકાર (પ્રતિજ્ઞા - પાલન) કરાયેલો હોય છે. બીજાનો અવર્ણવાદ કરાતો નથી, અને જિનભાષિત (વ્રત-ભક્તિ આદિ) ધર્મ ગ્રહણ કરાયેલો હોય છે. (૨૪૫)



तवनियमसीलकलिया, सुसावगा जे हवंति इह सुगुणा ।
तेसिं न दुल्लहाइं, निव्वाणविमाणसुक्खाइं ॥२४६॥

सीइज्ज कयाइ गुरु, तं पि सुसीसा सुनिउणमहुरेहिं ।
मग्गे ठवंति पुणरवि, जह सेलग-पंथगो नायं ॥२४७॥

दस दस दिवसे दिवसे, धम्मे बोहेइ अहव अहिअयरे ।
इय नंदिसेणसत्ती, तहवि य से संजमविवत्ती ॥२४८॥

कलुसीकओ अ किट्टीकओ अ, खयरीकओ मलिणिओ अ ।
कम्मेहिं एस जीवो, नाऊण वि मुज्झइ जेण ॥२४९॥

---

એ પ્રમાણે જૈન-શાસનમાં તપ-નિયમ-શિયળથી સંપન્ન જે ઉત્તમ શ્રાવકો સદ્‌ગુણી હોય છે, તેઓને મોક્ષનાં કે સ્વર્ગના સુખો દુર્લભ નથી. (સદુપાયમાં પ્રવૃત્તને કાંઈ પણ અસાધ્ય નથી.) (૨૪૬)

(કર્મોદયને વશ થઈ) કદાચ ગુરુ શિથિલ (પ્રમાદી) થાય તો તેને પણ ઉત્તમ શિષ્યો અતિ નિપુણ (સૂક્ષ્મ) બુદ્ધિપૂર્વકનાં મધુર (વચનો કહી તથા સુખદ પ્રવૃત્તિ)થી પુનઃ જ્ઞાનાદિરૂપ સન્માર્ગે ચઢાવે છે. જેમકે આ વિષયમાં શૈલક આચાર્ય પંથક શિષ્ય દૃષ્ટાંતભૂત છે, (આગમજ્ઞાતા ગુરુ પણ શિથિલ) બને ? હા, જાણકારને પણ કર્મની વિચિત્રતા મહા અનર્થ સર્જે છે. દા.ત., (૨૪૭)

પ્રતિદિન દસ દસને અથવા તેથી પણ અધિકને પ્રતિબોધ કરી (ચારિત્ર) ધર્મમાર્ગમાં જોડે છે, એ નંદીષેણમાં શક્તિ હતી, તથાપિ તેઓના ચારિત્રનો નાશ થયો ! (૨૪૮)

(મૂળ સ્વરૂપે નિર્મળ પણ) આ જીવને કર્મે બંધ દ્વારા (માટીથી પાણીની જેમ) કલુષિત કર્યો; (નિધત્તિથી) કર્મે આત્મપ્રદેશોની સાથે એકમેક મળી જઈને કીટ્ટીભૂત કર્યો. (સુવર્ણમાં રજ ભળેલી હોય તેમ). (નિકાચનાથી) કર્મે જીવને ખલુરી કર્યો (ગુંદરમાં ભળેલું ગુંદર દ્રવ્ય સાથે એકરસ બને તેમ); અને (સ્પૃષ્ટતાથી) મલિન કર્યો, (ધૂળવાળા શરીરની જેમ દા.ત. ૧૧-૧૨-૧૩ મે

**कम्मेहिं वज्जसारोवमेहिं, जउनंदणो वि पडिबुद्धो ।**
**सुबहुं पि विसूरंतो, न तरइ अप्पक्खमं काउं ॥२५०॥**

**वाससहस्सं पि जई, काऊणं संजमं सुविउलं पि ।**
**अंते किलिट्ठभावो, न विसुज्झइ कंडरीउव्व ॥२५१॥**

**अप्पेण वि कालेणं, केइ जहागहियसीलसामण्णा ।**
**साहंति नियय‍कज्जं, पुंडरीयमहारिसि व्व जहा ॥२५२॥**

**काऊण संकिलिट्ठं सामण्णं, दुल्लहं विसोहिपयं ।**
**सुज्झिज्जा एगयरो, करिज्ज जइ उज्जमं पच्छा ॥२५३॥**

---

ગુણઠાણે) કર્મ-કલુષિત થવાનું કારણ જીવ તત્ત્વને જાણવા છતાં મોહોદયે મુંઝાય છે. (૨૪૯)

(કર્મ-વિટંબણા કેવી ? કે નેમનાથ પ્રભુથી) સારી રીતે બોધ પામેલ યદુપુત્ર-વિષ્ણુ પણ સેંકડો વાર મનમાં ખેદ કરતાં છતાં વજ્રસમાં કઠોર કર્મોથી આત્મકલ્યાણ કરવા (વિરતિ લેવા) શક્તિમાન ન થયા ! (૨૫૦)

(ક્લિષ્ટ કર્મોની વિષમતા એવી છે કે) મુનિ એક હજાર વર્ષો સુધી અતિ દીર્ઘ ચારિત્ર પાળીને પણ અંતે (કર્મોદયથી) સંક્લિષ્ટ પરિણામી થયેલો, કંડરીકની જેમ, શુદ્ધ પરિણામવાળો થતો નથી. (૨૫૧)

(ત્યારે ક્લિષ્ટ કર્મ ન હોય એવા મહા સત્ત્વશાળી) કેટલાક આત્માઓ જેવાં 'શીલ' = મહાવ્રત સ્વીકાર્યા તે પ્રમાણે (યથાર્થરૂપમાં પાલન કરીને) પ્રાપ્ત શ્રમણપણાના હિસાબે અલ્પકાળમાં જ પુંડરિક મહર્ષિની જેમ પોતાના પ્રયોજનને સિદ્ધ કરે છે. (૨૫૨)

પહેલાં સાધુતાને સંક્લેશવાળું (દૂષિત) કરીને પાછળથી આત્માને વિશુદ્ધિ સ્થાન પ્રાપ્ત કરાવવું દુર્લભ છે. છતાં 'એકતરઃ' = કોઈક (કર્મ-વિવર મળવાથી) પાછળથી જો ઉદ્યમ કરે તો પુનઃ વિશુદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. (પરંતુ ઉદ્યમ વિના નહિ. માટે આત્માર્થીએ ચારિત્રમાં પહેલેથી જ દૂષણ ન લાગવા દેવું. કેમકે ચારિત્ર આમ દુષ્કર છે.) (૨૫૩)



**उज्झिज्ज अंतरि च्चिय, खंडिय सबलादउ व्व हुज्ज खणं ।**
**ओसन्नो सुहलेहड, न तरिज्ज व्व पच्छ उज्जमिउं ॥२५४॥**

**अवि नाम चक्कवट्टी, चइज्ज सव्वं पि चक्कवट्टिसुहं ।**
**न य ओसन्नविहारी, दुहिओ ओसन्नयं चयइ ॥२५५॥**

**नरयत्थो ससिराया, बहु भणई देहलालणासुहिओ ।**
**पडिओ मि भए भाउअ ! तो मे जाएह तं देहं ॥२५६॥**

**को तेण जीवरहिएण, संपयं जाइएण हुज्ज गुणो ? ।**
**जइऽसि पुरा जायंतो, तो नरए नेव निवडंतो ॥२५७॥**

---

ચારિત્ર (ગ્રહણ કરીને) વચ્ચે જ છોડી દે યા એકાદ વ્રતનું ખંડન કરે, નાના નાના ઘણા અતિચારોથી ચારિત્રને શબલ (કાબરચિતરું) કરે, અથવા 'આદિ'-પદથી ચારિત્રને તદ્દન છોડી દે, તેથી અવસન્ન (શિથિલ સાધુ) વિષયસુખમાં લંપટ બની ગયેલો પછીથી ચારિત્રમાં ઉદ્યમ કરી શકતો નથી. (૨૫૪)

હજી ચક્રવર્તી ચક્રીપણાના (છ ખંડ આદિ) સર્વ સુખોને તજી દે છે, પણ શિથિલ-વિહારી દુઃખ થાય તો પણ શિથિલતાને છોડી દેતો નથી ! (કેમ કે મોહપરવશ બની ગયો છે.) (૨૫૫)

નરકમાં રહેલો શશિપ્રભરાજા (ધર્મ કરી દેવ થયેલ) પોતાના ભાઈને બહુ પ્રકારે કહે છે કે 'હે ભાઈ ! પૂર્વના શરીરના લાલનપાલનથી આનંદ મંગળ માનતો હું (નરકથી ઉદ્ભવતા) ભયમાં પડ્યો છું. મારે મારા તે શરીરને કષ્ટો દે; (જેથી આ નરક દુઃખો મટે.) (૨૫૬)

(તેના ઉત્તરમાં તેના ભાઈ સૂરપ્રભ રાજા કહે છે કે) 'જીવરહિત બનેલા તે શરીરને હવે વર્તમાનમાં કષ્ટ દેવાથી શો લાભ થાય ? જો પહેલાં (જીવતાં) તે શરીરને (ત્યાગ-તપ-પરિસહોના) કષ્ટ આપ્યાં હોત, તો તું નરકમાં જ ન પડત. (૨૫૭)

जावाऽऽउ सावसेसं, जाव य थोवोऽवि अत्थि ववसाओ ।
ताव करिज्जप्पहियं, मा ससिराया व सोइहिसि ॥२५८॥

घित्तूण वि सामण्णं, संजमजोगेसु होइ जो सिढिलो ।
पडइ जई वयणिज्जे, सोअइ अ गओ कुदेवत्तं ॥२५९॥

सुच्चा ते जिअलोए, जिणवयणं जे नरा न याणंति ।
सुच्चाण वि ते सुच्चा, जे नाउणं नवि करेंति ॥२६०॥

दावेऊण धणनिहिं, तेसिं उप्पाडिआणि अच्छीणि ।
नाऊण वि जिणवयणं, जे इह विहलंति धम्मधणं ॥२६१॥

---

(માટે હે શિષ્ય !) જ્યાં સુધી આયુષ્ય (કાંઈ પણ) બાકી છે, જ્યાં સુધી થોડો પણ (વ્યવસાય) ચિત્તનો ઉત્સાહ છે, ત્યાં સુધી આત્મહિતકર સાધના કરી લે; જેથી શશીપ્રભરાજાની જેમ પાછળથી ભવિષ્યમાં શોક કરતો ન બેસે. (ધર્મ ન કરનારો પસ્તાય છે. એટલું જ નહિ પણ.) (૨૫૮)

સાધુ ધર્મ સ્વીકારીને પણ જે સંયમ (મહાવ્રતો) ને યોગો (તપ-સ્વાધ્યાય-આવશ્યકાદિ)માં પ્રમાદી બને છે, તે સાધુ આ ભવમાં નિંદાનું પાત્ર બને છે. અને હલકું (કિલ્બિષિકાદિ) દેવપણું પામીને ત્યાં (દીર્ઘકાળ) શોક કરે છે (કે હાય ! મેં મંદભાગીએ કેવો પ્રમાદ કર્યો !) (૨૫૯)

આ 'જીવલોકમાં' જગતમાં તેઓ શોચનીય છે કે જેઓ (વિવેક શૂન્યતાથી) શ્રી જિનવચનને જાણતા નથી. શોચનીયોથી પણ વધારે શોચનીય તો તે છે કે જેઓ જિનવચન જાણીને પણ તેનો અમલ કરતા નથી. (૨૬૦)

જેઓ શ્રી જિનવચનને જાણીને પણ અહીં (એને ન સેવીને) ધર્મ-ધનને નિષ્ફળ કરે છે, તેઓને (દૈવે) ધનનો રત્નાદિ ભરેલો નિધિ બતાવીને (તે બિચારાના) નેત્રો ઉખાડી લીધાં છે ! (અંધ બનાવ્યા છે !) (૨૬૧)



ठाणं उच्चुच्चयरं, मज्जं हीणं च हीणतरगं वा ।
जेण जहिं गंतव्वं, चिट्ठा वि से तारिसी होई ॥२६२॥

जस्स गुरुम्मि परिभवो, साहूसु अणायरो खमा तुच्छा ।
धम्मे य अणहिलासो, अहिलासो दुग्गईए उ ॥२६३॥

सारीर-माणसाणं, दुक्खसहस्साण वसणपरिभीया ।
नाणंकुसेण मुणिणो, रागगइंदं निरुंभंति ॥२६४॥

सुग्गइमग्गपईवं, नाणं दिंतस्स हुज्ज किमदेयं ? ।
जह तं पुलिंदएणं, दिन्नं सिवगस्स नियगच्छिं ॥२६५॥

---

(એ દોષ તેઓની કરણીનો છે, અને) સ્થાન તો જગતમાં સ્વર્ગરૂપ ઉચ્ચ, મોક્ષરૂપ અતિ ઉચ્ચ, મનુષ્યભવરૂપ મધ્યમ, તિર્યંચગતિરૂપ નીચ, અથવા નરકગતિરૂપ અતિ નીચ હોય છે, પરંતુ જેને જે સ્થાને કે જે કાળમાં ભવિષ્યમાં જવું હોય છે તેને કરણી પણ (તેવી) તેને અનુરૂપ હોય છે. (એ કરણી કેવી ? તો કે) (૨૬૨)

જે (જડમતિ જીવ) ધર્મગુરુનો પરાભવ-અપમાન કરે છે, સાધુઓનો જે આદર કરતો નથી, જેનામાં ક્ષમા નથી યા તુચ્છ (સ્વલ્પ) છે અને જેને શ્રુત ચારિત્રધર્મની અભિલાષા નથી, તેની અભિલાષા (પરમાર્થથી) દુર્ગતિની જ છે. (તાત્પર્ય, તેવી ચેષ્ટાથી તે દુર્ગતિ ઇચ્છી રહ્યો છે. એથી ઊલટું) (૨૬૩)

શારીરિક અને માનસિક હજારો દુઃખોની પીડા-આફતથી ભય પામેલા મુનિઓ જ્ઞાનરૂપી અંકુશથી રાગરૂપી ઉચ્છૃંખલ ગજેન્દ્રને (એના પર આક્રમણ કરી) નિગૃહિત કરે છે (તાત્પર્ય રાગ એ ભવહેતુ છે, ભવ દુઃખાત્મક છે. તેથી ભવના ભીરું તેના હેતુભૂત રાગને જ પહેલેથી તોડે છે.) (૨૬૪)

(રાગનિગ્રહ સમ્યગ્જ્ઞાનથી થાય માટે) શ્રેષ્ઠ ગતિ મોક્ષના માર્ગને દીપકની જેમ પ્રકાશનારા સમ્યગ્જ્ઞાન આપનારા ગુરુને બદલામાં શું આપવા યોગ્ય નથી ? અર્થાત્ પ્રાણ પણ આપી દેવાય ! જેમકે તે (શિવનો ભક્ત) એક

सिंहासणे निसण्णं, सोवांग सेणिओ नरवरिंदो ।
विज्जं मग्गइ पयओ, इअ साहुजणस्स सुअविणओ ॥२६६॥

विज्जाए कासवसंतिआए दगसूअरो सिरिं पत्तो ।
पडिओ मुसं वयंतो, सुअनिण्हवणा इअ अपत्था ॥२६७॥

सयलम्मि वि जिअलोए, तेण इहं घोसियो अमाघाओ ।
इक्कं पि जो दुहत्तं, सत्तं बोहेइ जिणवयणे ॥२६८॥

---

ભીલે (શિવની મૂર્તિનું એક નેત્ર ઉખડી ગયેલું જોઈ) પોતાનું નેત્ર ઉખેડીને તે મૂર્તિને ચોઢી દીધું. (એમ જ્ઞાનદાતા પ્રત્યે માત્ર બાહ્ય ભક્તિ નહિ, પણ આંતરિક બહુમાન ધરવું જોઈએ.) (૨૬૫)

ચંડાળને સિંહાસને બેસાડીને શ્રેણિકરાજાએ (એની પાસે) 'પ્રયતઃ' વિનયપૂર્વક વિદ્યાની પ્રાર્થના કરી. એ પ્રમાણે સાધુજને શ્રુતજ્ઞાનનો (શ્રુતદાતાનો) વિનય કરવો જોઈએ. (આમ છતાં ગુરુનો અપલાપ કરનાર દુર્બુદ્ધિ શું પામે ? તો કે,) (૨૬૬)

કોઈ 'કાશ્યપ' હજામની પાસેથી મેળવેલી વિદ્યા દ્વારા કોઈ ઉદક શૂકરે=જળભૂંડે (નિત્ય સ્નાનકારી ત્રિદંડિકે આકાશમાં ત્રિદંડ અદ્ધર રાખી) પૂજા-લક્ષ્મી મેળવી. (કોઈએ વિદ્યા ક્યાંથી મળી એમ પૂછતાં તેણે હજામને બદલે 'હિમવંતવાસી યોગી પાસેથી' એમ) અસત્ય ઉત્તર આપતાં, (તેનો ત્રિદંડ આકાશમાંથી નીચે) પડ્યો. શ્રુતનો અપલાપ એ વિદ્યાનું કુપથ્ય છે. (કેમકે ગુરુનો અપલાપ એ શ્રુતનો અપલાપ છે.) (૨૬૭)

(ગુરુ આટલા બધા પૂજ્ય કેમ ? તો કે) 'ઈહ'=આ જગતમાં તે બોધદાતા ગુરુએ સકળ ચૌદ રાજલોકમાં 'અ-મારિ'ની ઘોષણા કરી કે જે ગુરુ એક પણ દુઃખ પીડિત જીવને શ્રી જિનવચનના વિષયમાં બૂજવે છે. (કેમકે બૂજેલો જીવ સર્વવિરતિ પામીને જીવનભર માટે તથા મુક્ત થયા પછી સર્વ કાળ માટે સર્વ જીવોને અભયદાતા બને છે.) (૨૬૮)



सम्मत्तदायगाणं दुप्पडिआरं भवेसु बहुएसु ।
सव्वगुणमेलियाहि वि, उवयारसहस्सकोडीहिं ॥२६९॥

सम्मत्तंमि उ लद्धे, ठइआइं नरयतिरिअदाराइं ।
दिव्वाणि माणुसाणि अ, मोक्खसुहाइं सहीणाइं ॥२७०॥

कुसमयसुईण महणं, सम्मत्तं जस्स सुट्ठियं हियए ।
तस्स जगुज्जोयकरं, नाणं चरणं च भवमहणं ॥२७१॥

सुपरिच्छियसम्मत्तो, नाणेणालोइयत्थसब्भावो ।
निव्वणचरणाउत्तो, इच्छियमत्थं पसाहेइ ॥२७२॥

---

ઘણા ભવો સુધી 'સવ્વગુણ મેલિયા' દ્વિગુણ ત્રિગુણ યાવત્ અનંતગુણા ઉપકારો ક્રોડો-હજાર વાર કરવા છતાં (વિશિષ્ટ દેશનાથી) સમકિત પમાડનારા (ગુરુના ઉપકાર)નો પ્રત્યુપકાર કરી શકાતો નથી. (બદલો વળાતો નથી.) (૨૬૯)

(કારણ કે) સમ્યક્ત્વ પ્રાપ્ત થયેથી (પૂર્વે આયુષ્ય ન બાંધ્યું હોય તો) નરક તિર્યંચગતિનાં બારણાં બંધ થાય છે, અને દેવભવનાં, મનુષ્યભવનાં તથા અંતે મોક્ષના પણ સુખો સ્વાધીન થાય છે. (સમ્યક્ત્વથી અનંતા મોક્ષ-સુખો સ્વાધીન કેમ ? તો કે) (૨૭૦)

મિથ્યા શાસ્ત્રોના શ્રવણને (શ્રવણજનિત મિથ્યાત્વને) તોડી નાખનારું સમ્યક્ત્વ જેના હૃદયમાં સુસ્થિર થયું છે, તેને જગત્-ઉદ્યોતકર જ્ઞાન (કેવળજ્ઞાન) અને સંસાર-નાશક (સર્વસંવરરૂપ) ચારિત્ર (પ્રગટ થાય) છે. (આમ કહીને સૂચવ્યું કે સમ્યક્ત્વ હોય તો જ્ઞાનચારિત્ર તે ભવે કે ભવાંતરે અવશ્ય સંસાર-નાશક બને છે. ત્રણેય જરૂરી છે, એ કહે છે,) (૨૭૧)

સુપરીક્ષિત (અર્થાત્ અતિદૃઢ) સમ્યક્ત્વવાળો, જ્ઞાનથી 'અર્થ-સદ્ભાવ' યાને જીવાદિતત્ત્વોના બોધવાળો, અને 'નિર્વર્ણ'=નિરતિચાર ચારિત્રવાળો, એ ઈચ્છિત અર્થ (મોક્ષ)ને સાધે છે. (૨૭૨)

जह मूलताणए पंडुरंमि दुव्वन्नरागवण्णेहिं ।
बीभच्छा पडसोहा, इय सम्मत्तं पमाएहिं ॥२७३॥

❉ नरएसु सुरवरेसु अ, जो बंधइ सागरोवमं इक्कं ।
पलिओवमाण बंधइ, कोडिसहस्साणि दिवसेणं ॥२७४॥

पलिओवमसंखिज्जं, भागं जो बंधई सुरगणेसु ।
दिवसे दिवसे बंधइ, स वासकोडी असंखिज्जा ॥२७५॥

❉ एस कमो नरएसु वि, बुहेण नाऊण नाम एयंपि ।
धम्मंमि कह पमाओ, निमेसमित्तंपि कायव्वो ॥२७६॥

---

જેમ કોઈ વસ્ત્રનાં તંતુઓ મૂળમાં સફેદ છતાં પાછળથી એના પર ખરાબ રંગના વર્ણો લાગે તો તેથી વસ્ત્રની શોભા બગડે, તેમ સમ્યક્ત્વ (પ્રારંભમાં નિર્મળ છતાં પશ્ચાત્) કષાયાદિ પ્રમાદ લાગે તો તેથી એ મલિન થાય છે. (એ પ્રમાદી અત્યંત અવિચારી કાર્યકારી છે, કેમકે સમ્યક્ત્વ અવશ્ય વૈમાનિકાયુ-બંધક હોવાથી થોડા પ્રમાદથી ઘણું ગુમાવે છે તે આ રીતે,)- (૨૭૩)

(જે સો વર્ષના આયુષ્યમાં) પ્રમાદથી નારકીનો એક સાગરોપમ જેટલો અને અપ્રમાદથી દેવગતિનો એક સાગરોપમ જેટલો બંધ કરતો હોય, તે એક દિવસના અપ્રમાદથી હજારો-ક્રોડ પલ્યોપમો દેવલોકનો અને એક દિવસના પ્રમાદથી હજારો-ક્રોડ પલ્યોપમો નારકીનો બંધ કરે છે. (સો વર્ષના દિવસોથી સાગરોપમને અર્થાત્ ૧૦ કોટાકોટિ પલ્યોપમોને ભાગ દેતાં હજારો-ક્રોડ પલ્યોપમ થાય છે. એમાં પ્રમાદથી નરકનો અને અપ્રમાદથી સ્વર્ગનો બંધ થાય છે. તો એક જ દિવસના પ્રમાદથી કેટલું ગુમાવે ?) (૨૭૪)

(એમ, જે સો વર્ષના અપ્રમાદથી પલ્યોપમના સંખ્યાતમાં ભાગ જેટલો દેવગતિનો બંધ કરતો હોય તે પ્રતિદિન અસંખ્યાત ક્રોડ વર્ષો જેટલો બંધ કરે છે. (સો વર્ષના દિવસોથી પલ્યોપમના સંખ્યાતમા ભાગને ભાગ દેતાં તેટલાં થાય.) (૨૭૫)

એ જ ક્રમ નરકના બંધ માટે પણ છે, (અર્થાત્ પ્રમાદથી નરકના સો વર્ષના પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલા બંધના હિસાબે પ્રતિદિન પ્રમાદથી



दिव्वालंकारविभुसणाइं, रयणुज्जलाणि य घराइँ ।
रूवं भोगसमुदओ, सुरलोगसमो कओ इहयं ? ॥२७७॥

❉ देवाण देवलोए, जं सोक्खं तं नरो सुभणिओऽवि ।
न भणइ वाससएण वि, जस्सऽवि जीहासयं हुज्जा ॥२७८॥

नरएसु जाइं अइकक्खडाइँ दुक्खाइँ परमतिक्खाइँ ।
को वण्णेही ताइं ? जीवंतो वासकोडीऽवि ॥२७९॥

कक्खडदाहं सामलि-असिवणवेयरणिपहरणसएहिं ।
जा जायणाउ पावंति, नारया तं अहम्मफलं ॥२८०॥

---

અસંખ્ય ક્રોડ વર્ષનો બંધ કરે) બુદ્ધિમાન પુરુષ (આ ગણિત) સમજીને દુર્ગતિનિવારક ધર્મમાં (પલક) ક્ષણ માત્ર પણ પ્રમાદ કેમ કરે ? (૨૭૬)

(સિંહાસન છત્ર વગેરે) દિવ્ય શણગારો, (મુગટ-હાર કુંડલ વગેરે) દિવ્ય આભરણો અને રત્નોથી પ્રકાશમય દેવતાઈ ઘરો (વિમાનો-ભવનો), તથા અતિ અદ્ભુત સૌંદર્ય અને (નિરૂપમ દિવ્ય શબ્દાદિ) 'ભોગ૦' = વિષય-સમૃદ્ધિ (દેવલોક) સમી અહીં મૃત્યુલોકમાં ક્યાંથી લાવવી ? (જે એ અહીં નથી, તો ઠીકરા જેવા સુખમાં રાચી ધર્મ કાં ગુમાવવો ?) (૨૭૭)

દેવલોકમાં દેવોને જે સુખો હોય છે તે કુશળ વક્તા મનુષ્ય, જેને સો જીભ હોય, તે એક સો વર્ષ સુધી (વર્ણવવા બેસે, તો પણ) ન વર્ણવી શકે. (કેમકે એ સુખો એટલા બધા અમાપ હોય છે ! એથી ઊલટું,) (૨૭૮)

નરકોમાં જે (શારીરિક) અતિ કઠોર અને (માનસિક) અતિ તીક્ષ્ણ દુઃખો (ભોગવવાનાં) હોય છે, તેને એક ક્રોડ વર્ષના આયુષ્યવાળો પણ જીવન પર્યંત વર્ણવે છતાં કોણ પૂર્ણ વર્ણવી શકે ? (કેમકે એ દુઃખો અપરિમિત હોય છે. (૨૭૯)

**(હવે ગાથા ૨૮૭ સુધી ચારે ગતિના દુઃખ કહે છે.)**

નરકોમાં નારકો (તીવ્ર અગ્નિના) આકરા દાહ, શાલ્મલી વન અને અસિપત્રવન, વૈતરણી નદી અને સેંકડો શસ્ત્રોથી જે પીડાઓ પામે છે, તે અધર્મ (પાપકાર્યો)નું ફળ છે. (૨૮૦)

तिरिया कसंकुसारा-निवायवहबंधमारणसयाइं ।
नवि इहयं पावेंता, परत्थ जइ नियमिया हुंता ॥२८१॥

❈ आजीवसंकिलेसो, सुक्खं तुच्छं उवद्दवा बहुया ।
नीयजणसिट्ठणा वि य, अणिट्ठवासो अ माणुस्से ॥२८२॥

चारगनिरोहवहबंध-रोगधणहरणमरणवसणाइं ।
मणसंतावो अजसो, निग्गोवणया य माणुस्से ॥२८३॥

चिंतासंतावेहि य, दरिद्दरूआहिं दुप्पउत्ताहिं ।
लद्धुणऽवि माणुस्सं, मरंति केई सुनिव्विण्णा ॥२८४॥

---

તિર્યંચો જે 'કસ'=ચાબુક. અંકુશ, અને આરો(પરોણા)ના સેંકડો માર, 'વહ'=(સેંકડો લાઠીના) પ્રહારો, દોરડા વગેરેના બંધનો અને પ્રાણઘાતક માર પામે છે, તે પૂર્વભવમાં જો નિયમવાળા (ધર્મી) બન્યા હોત, તો આ (તિર્યંચના) ભવમાં ન પામવા પડત. (૨૮૧)

મનુષ્ય ભવમાં જીવનભર સંક્લેશ (ચિત્ત અસમાધિ) વિષય-સુખ તે માલ વિનાનું (ચોર વગેરેથી) ઉપદ્રવો ઘણા, જેવા તેવા નીચ માણસોના આક્રોશ વચનો અને અનિષ્ટ સ્થાને વસવાટ હોય છે. (૨૮૨)

વળી જેલમાં પુરાવું 'વહ' = શસ્ત્રાદિના પ્રહારો પડવા, દોરડાં વગેરેનાં બંધનો, (અનેક પ્રકારના) રોગો, ધન-માલ લૂંટાવા, મારણાંતિક સંકટો, ચિત્તના સંતાપ, અપયશ અને (અનેક જાતની) વગોવણી-વિટંબણાઓ, એ મનુષ્ય ભવમાં દુઃખો હોય છે. (મનુષ્ય ભવમાં શારીરિક-માનસિક દુઃખો પુષ્કળ એ બતાવવા પુનરુક્તિ દોષ નહિ ગણીને કહે છે,-) (૨૮૩)

(કુટુંબ આદિના ભરણ-પોષણની) ચિંતા (ચોરી વગેરેનાં ચોર આદિથી થતાં) સંતાપ, નિર્ધનતા (ખાંસી આદિ) રોગો વગેરે પૂર્વકૃત દુષ્ટ કર્મોના ઉદયથી (એવાં આકરાં હોય છે કે) તેનાથી અત્યંત કંટાળેલા કોઈ કોઈ તો ઉત્તમ મનુષ્ય ભવ પામીને પણ (અકાળે) મરે છે. (આપઘાત કરે છે.) (૨૮૪)



देवा वि देवलोए, दिव्वाभरणाणुरंजियसरीरा ।
जं परिवडंति तत्तो, तं दुक्खं दारुणं तेसिं ॥२८५॥

तं सुरविमाणविभवं, चिंतिय चवणं च देवलोगाओ ।
अइबलियं चिय जं नवि, फुट्टइ सयसक्करं हिययं ॥२८६॥

❈ ईसाविसायमयकोह-मायालोभेहिं एवमाईहिं ।
देवाऽवि समभिभूया, तेसिं कत्तो सुहं नाम ? ॥२८७॥

❈ धम्मंपि नाम नाऊण, कीस पुरिसा सहंति पुरिसाणं ? ।
सामित्ते साहीणे, को नाम करिज्ज दासत्तं ? ॥२८८॥

---

દેવલોકમાં દેવતાઈ આભરણોથી સુશોભિત શરીરવાળા દેવો પણ જે દેવલોકથી (ગર્ભની અશુચિમાં) પડે છે, તે દુઃખ તેઓને (દેવલોકના સુખ કરતાં ય) અતિ દારુણ હોય છે. (૨૮૫)

તે (પૂર્વોક્ત) દેવવિમાનના વૈભવનો અને દેવલોકથી પતનનો ખ્યાલ કરીને પણ હૃદય શતખંડ થઈને ફૂટી જતું નથી ત્યારે એ હૃદય કેવુંક અત્યંત નિષ્ઠુર-કઠોર ! (૨૮૬)

દેવો પણ ઈર્ષ્યા, વિષાદ, મદ, ક્રોધ, માયા અને લોભ, 'વગેરે' (એટલે કે હર્ષ, શોક, દીનતાદિ ચિત્ત વિકારો)થી પરાભવ પામેલા (વશ થયેલા) છે. તેઓને વળી સુખ હોય જ ક્યાંથી ? (તાત્પર્ય તેઓને સુખની સંભાવના પણ નથી.) (૨૮૭)

(માટે એવા એવા દુઃખ ભરેલા સંસારના ઉચ્છેદક સર્વજ્ઞ-કથિત) ધર્મને ઓળખીને પણ માણસો અન્ય માણસોની રાહ જ શા માટે જોતા હશે ? (કે એ ભવ ક્ષય કરી રહેલા પુરુષો અમને ઉપકાર કરે પછી અમે ધર્મ કરશું ? તત્ત્વજ્ઞ પુરુષ એવી આશાએ વિલંબ ન કરે.) સ્વામિપણું સ્વાધીન હોય તો દાસપણું કોણ કરે ? (૨૮૮)

❈ संसारचारए चारए व्व आवीलियस्स बंधेहिं ।
उव्विग्गो जस्स मणो, सो किर आसन्नसिद्धिपहो ॥२८९॥

❈ आसन्नकालभवसिद्धियस्स, जीवस्स लक्खणं इणमो ।
विसयसुहेसु न रज्जइ, सव्वत्थामेसु उज्जमइ ॥२९०॥

हुज्ज व न व देहबलं, धिइमइसत्तेण जइ न उज्जमसि ।
अच्छिहिसि चिरं कालं, बलं च कालं च सोअंतो ॥२९१॥

❈ लद्धिल्लियं च बोहिं, अकरिंतोऽणागयं च पत्थिंतो ।
अन्नं दाइं बोहिं, लब्भिहिसि कयरेण मुल्लेण ? ॥२९२॥

---

જેલની જેમ સંસારરૂપ કેદખાનામાં કર્મમય બંધનોથી પીડાવાને લીધે (અર્થાત્ બંધનો પીડારૂપ લાગીને) જેનું મન ત્રાસ પામી ગયું હોય (કે 'ક્યારે આમાંથી છૂટીશ') એને મોક્ષમાર્ગ નજીક છે. 'કિર' = 'કિલ' = એમ આપ્ત પુરુષો કહે છે. (૨૮૯)

નજીકના કાળમાં સંસારમાંથી જેની સિદ્ધિ = મુક્તિ થવાની હોય તેવા જીવનું આ લક્ષણ છે કે તે વિષય-સુખોમાં આસક્ત ન થાય. અને (મોક્ષ-સાધક તપસ્યાદિ) સર્વ સ્થાનોમાં ઉદ્યમ કરે. (વિશિષ્ટ સંઘયણ શારીરિક બળ વિના ધર્મ શી રીતે થાય ? એમ બચાવ નહિ કરવો; કેમકે) (૨૯૦)

શારીરિક બળ હો કે ન હો, તો પણ 'ધૃતિ' = મનઃપ્રણિધાન (મનનો પાકો નિર્ધાર), 'મતિ' = બુદ્ધિ, અને 'સત્ત્વ' = (ચિત્તની સ્થિરતા) સ્થિતપ્રજ્ઞતાથી જો તું ધર્મમાં ઉદ્યમ નથી કરતો તો તું દીર્ઘકાળ શરીર બળ અને દુષમ કાળનો શોક કરતો બેસી રહેવાનો. (કિન્તુ સમજી રાખ, શોકથી બચાવ-રક્ષણ નહિ મળે, ને દીનતાની વૃદ્ધિ થશે. માટે મળેલ સામગ્રી-બળ વગેરેથી શક્ય ધર્મનો ઉદ્યમ કરી એને સફળ કરવા.) (૨૯૧)

('ભવાંતરે જૈનધર્મ અને સામગ્રી પામી ધર્મ સાધના કરીશ' આ વિચાર ખોટો છે; કેમકે) વર્તમાનમાં મળેલી 'બોધિ' = જિન ધર્મની પ્રાપ્તિને (સદનુષ્ઠા નથી) જે સફળ કરતો નથી અને ભવિષ્ય માટે બોધિની માગણી કરે છે, તો



संघयणकालबलदूसमारूयालंबणाइं घित्तूणं ।
सव्वं चिय नियमधुरं, निरूज्जमाओ पमुच्चंति ॥२९३॥

कालस्स य परिहाणी, संजमजोगाइं नत्थि खित्ताइं ।
जयणाइ वट्टियव्वं, न हु जयणा भंजए अंगं ॥२९४॥

❈ समिईकसायगारव-इंदियमयबंभचेरगुत्तीसु ।
सज्झायविणयतवसत्तिओ अ जयणा सुविहियाणं ॥२९५॥

---

(હે મૂર્ખ !) તે બીજી (ભાવીની) બોધિને તું કયા મૂલ્યથી મેળવીશ ? (બોધિલાભને સદનુષ્ઠાનથી અમલી કરવામાં શુભ સંસ્કાર ઊભા થાય છે, એ ભવાંતરે બોધિલાભ માટે મૂલ્ય રૂપ બને છે. એ સંસ્કાર વિના તો શી રીતે બોધિ મેળવે ?) (૨૯૨)

(પ્રમાદી જીવો 'શું કરીએ ?) સંઘયણ બળ નથી, દુષ્કાળ કે પાંચમાં આરાનો કાળ છે (ધૈર્ય ઓછું હોઈ) માનસિક બળ નથી; અને ભગવાને તો પહેલેથી જ કહ્યું છે કે પડતા કાળમાં ધૈર્ય વિષમ છે (અથવા દુષમ આરો કઠીન છે. શું કરીએ ? અમે રાગ ભરેલા છીએ...' વગેરે ખોટાં) આલંબનો લઈને નિરુદ્યમીઓ (શક્ય એવા પણ) સર્વ 'નિયમ-ધુરા' = સંયમ ભાર - વહન કરવાનું તદ્દન છોડી દે છે. (૨૯૩)

(ત્યારે બુદ્ધિમાને આ વિચારી શું કરવું જોઈએ ? તો કે) કાળ ખરાબ આવતો જાય છે. (એથી દ્રવ્યો-ક્ષેત્રો-ભાવો પણ હીન થતાં હોઈ) સંયમને યોગ્ય ક્ષેત્રો પણ નથી, માટે સર્વ વિષયમાં જયણાથી વર્તવું જોઈએ, (જયણા એટલે આગમોક્ત ગુણગ્રહણ દોષત્યાગ) જયણા સંયમ-શરીરનો નાશ થવા દેતી નથી. (૨૯૪)

સુવિહિત મુનિઓની એ 'જયણા' = યતના (કર્તવ્યકરણ-અકર્તવ્યત્યાગનો પ્રયત્ન) સમિતિ, કષાય, ગારવ, ઈન્દ્રિય મદ તથા બ્રહ્મચર્યગુપ્તિમાં અને સ્વાધ્યાય વિનય-તપ તથા શક્તિમાં કરવાનાં હોય છે. (૨૯૫)

(આ દ્વારગાથા છે, તેથી હવે ક્રમશઃ દ્વાર વર્ણવે છે.)

❈ जुगमित्तंतरदिट्ठी, पयं पयं चक्खुणा विसोहिंतो ।
अव्वक्खित्ताउत्तो इरियासमिओ मुणी होई ॥२९६॥

❈ कज्जे भासइ भासं, अणवज्जमकारणे न भासइ य ।
विगहविसुत्तियपरिवज्जिओ अ जई भासणासमिओ ॥२९७॥

❈ बायालमेसणाओ, भोयणदोसे य पंच सोहेइ ।
सो एसणाइसमिओ, आजीवी अन्नहा होइ ॥२९८॥

पुव्विं चक्खुपरिक्खिय-पमज्जिउं जो ठवेइ गिण्हइ वा ।
आयाणभंडमत्तनिक्खेवणाइ समिओ मुणी होइ ॥२९९॥

(**'સમિતિ'દ્વાર**-'ઈર્યાસમિતિ') ઈર્યાસમિતિમાં સાવધાન મુનિ યુગ (ધુંસરી) પ્રમાણ અંતરે દૃષ્ટિ રાખીને નેત્રોથી પગલે પગલે (અહીં કોઈ જીવજંતુ નથી ને ? એમ) ભૂમિ શોધતો, (બાજુ કે પાછળનો પણ ઉપયોગ રાખતો) 'અવ્યાક્ષિપ્ત' = શબ્દાદિ કોઈ વિષયમાં રાગદ્વેષ કર્યા વિના ઉપયોગપૂર્વક ચાલતો હોય છે. (૨૯૬)

('ભાષા સમિતિ') જ્ઞાનાદિ-પ્રયોજને જ વચન ઉચ્ચારે તે પણ નિરવદ્ય (નિષ્પાપ) વચન બોલે, જ્ઞાનાદિ પ્રયોજન વિના ન બોલે, (સ્ત્રી-ભોજન કથાદિ) વિકથાઓ તથા 'વિશ્રોતસિકા' આંતરિક ખરાબ બબડવું એનો ત્યાગી, 'ચ'=૧૬ વચન વિધિજ્ઞ એવો સાધુ ભાષાસમિતિનો પાલક છે. (૨૯૭)

૪૨ એષણાના (આધાકર્માદિ દોષો જેનાથી રહિત આહારદિ શોધવામાં આવે છે તે), અને ભોજનના પાંચ દોષોને જે લાગવા ન દે, તે સાધુ એષણા-સમિતિવાળો છે; અન્યથા (દોષોને નહિ ગણકારનારો) 'આજીવી'=સાધુ વેષ ઉપર ચરી ખાનારો (પેટ ભરનારો વેષવિડંબક) જાણવો. (૨૯૮)

કોઈ વસ્ત્ર-પાત્રાદિ વસ્તુ લેતાં-મૂકતાં જે સાધુ પહેલાં મૂકવાના સ્થળને નેત્રથી જોઈને અને રજોહરણથી પ્રમાર્જીને મૂકે, કે તેવી રીતે જોઈ પ્રમાર્જીને ગ્રહણ કરે, તે આદાનભંડમાત્રનિક્ષેપ-સમિતિવાળો જાણવો. (૨૯૯)



उच्चारपासवणखेले, जल्लसिंगाणए य पाणविही ।
सुविवेइए पएसे, निसिरंतो होइ तस्समिओ ॥३००॥

❈ कोहो माणो माया, लोहो हासो रई य अरई य ।
सोगो भयं दुगंछा, पच्चक्खकली इमे सव्वे ॥३०१॥

कोहो कलहो खारो, अवरूप्परमच्छरो अणुसओ य ।
चण्डत्तणमणुवसमो, तामसभावो य संतावो ॥३०२॥

निच्छोडण निब्भंछण, निराणुवत्तित्तणं असंवासो ।
कयनासो य असम्मं, बंधइ घणचिक्कणं कम्मं ॥३०३॥

સ્થંડિલ (મળ), પ્રશ્રવણ (પેશાબ) 'ખેલ' શ્લેષ્મ, 'જલ્લ'=શરીરના મેલ, 'સિંઘાણય' = નાસિકાના મેલને અને (ચ = વધેલા યા અશુદ્ધ આહાર-પાણી વસ્ત્રાદિ ઉપકરણોને, તથા) એમાં ચઢી ગયેલા 'પાણવિહી'=ત્રસ કીડી કુંથુઆ વગેરે જીવોને 'સુવિવેચિતે' = સારી રીતે પરખેલી (ત્રસ-સ્થાવર જીવરહિત) ભૂમિ પર 'નિસિરંતો' = ચક્ષુથી જોઈને અને પ્રમાર્જીને જયણાથી પરઠવે (છોડે), તે મુનિ પરિષ્ઠાપનિકા - સમિતિવાળો સમજવો. (૩૦૦)

(હવે **'કષાય'** દ્વારમાં પેટા દ્વારો) ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, (હાંસી) રતિ-અરતિ શોક, ભય જુગુપ્સા, (દુર્ગંછા) એ સર્વ (કલહના કારણ હોઈ) પ્રત્યક્ષ કલિ જાણવા. (ઉપલક્ષણથી એ સર્વ અનર્થોના હેતુ છે.) (૩૦૧)

(તત્ત્વ-ભેદ-પર્યાયથી વ્યાખ્યા થાય, એ ન્યાયે હવે ક્રોધ આદિના પર્યાય કહે છે.)

(**ક્રોધદ્વાર**,-) ક્રોધ એ કલહ (કજીયો), ખાર (ઈર્ષ્યા), પરસ્પર મત્સર (અસૂયા અસહિષ્ણુતા), પશ્ચાત્તાપ (ખેદ), ઉગ્રરોષ, અશાન્તિ (હૈયાનો ઉકળાટ), તામસભાવ (રોષણ-શીલતા-કનિષ્ઠવૃત્તિ) અને સંતાપ (બળાપો) સ્વરૂપ છે. એ બધાં ક્રોધ જ છે.) તથા (૩૦૨)

'નિચ્છોડણ' = રૂખસદ (કાઢી મૂકવું) 'નિબ્ભંછણ' = નિર્ભર્ત્સના, ફિટ્કાર-તિરસ્કાર, (વડીલને) નહિ અનુસરવાપણું, (ગુરુની) સાથે ન રહી

माणो मयऽहंकारो, परपरिवाओ य अत्तउक्करिसो ।
परपरिभवो वि अ तहा, परस्स निंदा असूया य ॥३०४॥

❈ हीला निरूवयारित्तणं, निरवणामया अविणओ अ ।
परगुणपच्छायणया, जीवं पाडंति संसारे ॥३०५॥

माया कुडंग पच्छण्ण-पावया कूडकवडवंचणया ।
सव्वत्थ असब्भावो, परनिक्खेवावहारो व ॥३०६॥

छलछोमसंवइयरो, गूढायारत्तणं मई कुडिला ।
वीसंभघायणं पि य, भवकोडिसएसु वि नडंति ॥३०७॥

શકવું, 'કૃતનાશ'-ગુર્વાદિના ઉપકારને વિસરી જવો (અકૃતજ્ઞતા) અને 'અસમ્મં' = સમભાવ ગુમાવવો, (એ પણ ક્રોધનાં કાર્ય હોવાથી ક્રોધના જ રૂપાંતરો છે. તે તે પ્રકારે ક્રોધ કરનારો) 'ઘન' = ગાઢ ચીકણાં (જ્ઞાનાવરણીયાદિ) કર્મોને બાંધે છે. (૩૦૩)

(હવે **'માન'**,) માન એ (જાત્યાદિ) મદ, અહંકાર, બીજાઓનું ઘસાતું બોલવું, પોતાની પ્રશંસા, બીજાઓનો પરાભવ (ઉતારી પાડવા), તથા પરની નિંદા અને બીજાઓ પ્રત્યે અસૂયા (અસહિષ્ણુતા) સ્વરૂપ છે. (૩૦૪)

'ઉપરાન્ત' બીજાને વગોવવા, કોઈના ય પર ઉપકાર ન કરવો, અક્કડપણું-અનમ્રતા, અવિનય, બીજાના ગુણોને ઢાંકવા, એ માનનાં પર્યાયો-રૂપાંતરો છે. એ જીવને સંસારમાં પાડે છે, (રખડાવે છે.) (૩૦૫)

(હવે **'માયા'**-) માયા એ 'કુડંગ' = વક્રતા, પાપના ગુપ્ત આચરણ, કૂડ, કપટ, બીજાને ઠગવા, બધે જ અસદ્ભાવ (શંકા, અવિશ્વાસ) કરવો, પારકી થાપણ ઓળવવી. (એ બધાં માયાનાં રૂપાંતરો છે. તે ઉપરાંત) (૩૦૬)

**'છળ'** = દેખાવ જુદો વર્તાવ જુદો, 'છદ્મ' = ખોટું બહાનું એના પ્રસંગ (દા.ત. પોતાના સ્વાર્થ માટે ગાંડાંમાં ગણાવું) 'ગૂઢ' = બીજાને પોતાના હાર્દ ન કળાય એવું આચરણ, વક્ર બુદ્ધિ, વિશ્વાસઘાત એ પણ (માયાનાં રૂપાંતરો છે, ને એ બધાં એ માયાદિ કરનાર જીવને) ક્રોડાક્રોડ જન્મોમાં નચાવે છે. (૩૦૭)



लोभो अइसंचयसीलया य, किलिट्ठत्तणं अइममत्तं ।
कप्पण्णमपरिभोगो, नट्ठविणिट्ठे य आगल्लं ॥३०८॥

❈ मुच्छा अइबहुधणलोभया य, तब्भावभावणा य सया ।
बोलंति महाघोरे, जरमरणमहासमुद्दंमि ॥३०९॥

❈ एएसु जो न वट्टिज्जा, तेणं अप्पा जहट्ठिओ नाओ ।
मणुआण माणणिज्जो, देवाण वि देवयं हुज्जा ॥३१०॥

❈ जो भासुरं भुअंगं पयंडदाढाविसं विघट्टेइ ।
तत्तो चिय तस्संतो, रोसभुअंगोवमाणमिणं ॥३११॥

(**'લોભ'**-) લોભ, અતિસંચયશીલતા (એકઠું કરવાનો સ્વભાવ) સંક્લિષ્ટ ચિત્ત, અતિમમતા 'કલ્પ્યાન્ન-અપરિભોગ' ખાવા યોગ્ય અન્ન પાસે છતાં એના પરની તૃષ્ણાથી એ ખાય નહિ એવી કૃપણતા, વસ્તુ ગુમ થતાં કે નાશ પામતાં (અત્યંત મૂર્ચ્છાવશ રોગ આવી જવાથી) ભારે આકુળ-વ્યાકુળ-બેચેની (સ્વરૂપ છે. વળી) (૩૦૮)

મૂર્ચ્છા, ધનની અતિઘણી લોભિતા અને સદા 'લોભ ભાવના' = ચિત્તને લોભથી રંગી નાખવું, (અર્થાત્ ચિત્તમાં જે કોઈ વિચારણા ચાલે તે લોભના પાયા પર જ ચાલે.) (લોભના આ અતિ સંગ્રહશીલતાદિ સ્વરૂપો) જરા-મરણે કરી મહા-ભયંકર અપાર સંસાર સમુદ્રમાં ડૂબાડે છે. (૩૦૯)

(અકષાયી એ સાચો આત્મજ્ઞઃ) એ ઉપર્યુક્ત ક્રોધાદિમાં જે રહેતો (ફસાતો) નથી તેણે આત્માને યથાર્થ (અર્થાત્ જ્ઞાન-દર્શન-સુખ-વીર્યાત્મક સ્વરૂપે તથા કર્મથી જુદા તરીકે) ઓળખ્યો છે; અને તે મનુષ્યોને માનનીય અને દેવોનો પણ (પૂજ્ય હોઈ) દેવ જેવો બને છે. (૩૧૦)

(ક્રોધ એ પ્રચંડ સર્પ-) જે રૌદ્ર અને દાઢમાં પ્રચંડ ઝેરવાળા સર્પને છેડે (સતાવે) છે, તેનો તે સર્પથી જ 'અંત' = નાશ (મરણ) થાય છે. એ ઉપમા ક્રોધ સર્પની છે.(અર્થાત્ ક્રોધ જગાવનારો આત્મા નાશ પામે છે, સંયમાદિ ભાવ પ્રાણથી અને સદ્ગતિથી રહિત થાય છે.) (૩૧૧)

❊ जो आगलेइ मत्तं, कयंतकालोवम वणगइंदं ।
सो तेणं चिय छुज्जइ, माणगइंदेण इत्थुवमा ॥३१२॥

विसवल्लिमहागहणं, जो पविसइ साणुवायफरिसविसं ।
सो अचिरेण विणस्सइ, माया विसवल्लिगहणसमा ॥३१३॥

घोरे भयागरे सागरम्मि, तिमिमगरगाहपउरम्मि ।
जो पविसइ सो पविसइ, लोभमहासागरे भीमे ॥३१४॥

गुणदोसबहुविसेसं, पयं पयं जाणिऊण नीसेसं ।
दोसेसु जणो न विरज्जइ त्ति कम्माण अहिगारो ॥३१५॥

---

(માન એ જંગલી હાથી,-) જે જમરાજ જેવા મદોન્મત્ત જંગલી હાથીનો સામો થવા જાય છે, તે તેનાથી જ ચૂરાઈ જાય છે. એ ઉપમાં માન કષાય રૂપ હાથીને લઈને છે. (અર્થાત્ માનને પણ કરનારો આત્મા નાશ પામે છે.) (૩૧૨)

(માયા એ) વિષવેલડી-વન છે; એ વિષવેલડીઓના મહાભયંકર જંગલમાં (સામા પવને) ઝેરી પવન એને સ્પર્શે તે રીતે જે પેસે છે, તે (એ ઝેરી પવનના સ્પર્શ અને ગંધથી) તત્કાળ નાશ પામે છે. તેમ માયા એ વિષવેલડીઓના જંગલ જેવી છે. (કેમકે માયા આત્માની મારક અને ભવોની માતા, ને મરણોની સર્જક છે.) (૩૧૩)

(લોભ ભયંકર મહાસાગર,-) જે લોભરૂપી ભયંકર મહાસમુદ્રમાં પ્રવેશ કરે છે, તે 'તિમિ' = મોટા મચ્છો, મગરો, અને 'ગાહ' = ઝૂંડ (વગેરે જળચર જીવો)થી ભરપૂર ભયંકર મોટા સમુદ્રમાં પ્રવેશ કરે છે, (અર્થાત્ લોભને વશ થવું તે અનંત દુઃખરૂપી જળચરથી વ્યાપ્ત ભયંકર સંસાર-સાગરમાં ડૂબવા બરાબર છે.) (૩૧૪)

જિનાગમના પદે પદે (જ્ઞાનાદિ) ગુણોનું તથા (ક્રોધાદિ) દોષોનું (મોક્ષફળ અને સંસારફળ જેવું) બહું મોટું અંતર સંપૂર્ણ જાણવા છતાં પણ, લોક 'દોષો' = પાપક્રિયાઓથી વિરક્ત થતો નથી, (વિરામ પામતો નથી અટકતો નથી) એ કર્મોનો જીવ પર અધિકાર (મોહનીય કર્મની શિરજોરી) સૂચવે છે. (૩૧૫)



❊ अट्टहासकेलिकिलत्तणं हासखिड्डजमगरूई ।
कंदप्पं उवहसणं, परस्स न करंति अणगारा ॥३१६॥

❊ साहूणं अप्परूई, ससरीरपलोअणा तवे अरई ।
सुत्थिअवन्नो अइपहरिसो य नत्थि सुसाहूणं ॥३१७॥

उव्वेयओ अ अरणामओ अ, अरमंतिया य अरई य ।
कलिमलओ अ अणेगग्गया य कत्तो ? सुविहियाणं ॥३१८॥

---

(અહીં સુધી ચાર કષાય વર્ણવ્યા... હવે હાસ્યાદિ દ્વાર વર્ણવે છે.)

(**'હાસ્ય'** દ્વાર કહે છે.-) ખુલ્લા મુખે ખડખડાટ હસવાપણું, રમતથી બીજાને ભોંઠા પાડવાપણું 'હાસખિડ્ડ' = ભાંડ-ભવૈયા જેવા ચાળા કરવા; વિષય-રાગ વધે તેવા 'જમગરૂઈ' યમકાદિ કાવ્યો (ગીતો-ઉખાણા-અંત્યાક્ષરી)માં આનંદ 'કંદર્પ' = સામાન્ય હાસ્ય, મજાક કામવશ મજાક અને 'ઉવહસણ' = બીજાઓની હાંસી-મશ્કરી કરવી, ઈત્યાદિ હાસ્ય સાધુઓ કરતાં નથી. (૩૧૬)

(હવે **રતિ દ્વાર**,-) સાધુને શરીર-પ્રિયતા ન હોય (જેવી કે 'મને ઠંડી ન લાગો', 'મને તાપ ન લાગો'...ઈત્યાદિ) તથા પોતાના શરીરને ('આ સશક્ત છે ને ? આ સુંદર દેખાય છે ને ? એવી રાઢાની દૃષ્ટિથી') જોવાનું ન હોય, એથી તપમાં અરતિ (નારાજી) ન રાખે, 'હું સારા વર્ણવાળો (રૂપાળો) છું.' એવી આત્મશ્લાઘા ન કરે, અને (મોટા લાભાદિમાં પણ) અતિ હર્ષ સારા સાધુને ન હોય, (અહીં બે વાર 'સાધુ' શબ્દ સૂચવે છે કે સાધુ એવા ભિન્ન ભિન્ન પ્રકારની રતિ વિનાના હોય.) (૩૧૭)

(હવે **અરતિ** દ્વાર) 'ઉદ્વેગક' (ધર્મ-ધૈર્યમાં કાંઈક ચંચળતા) 'અરણ-આમય' વિષયોમાં ગમનનો ચિત્તરોગ 'અરમંતિયા' = ધર્મ-ધ્યાનથી ચિત્તની વિમુખતા 'અરતિ' - ચિત્તમાં ગાઢ ઉદ્વેગ (ઈષ્ટ વિષયોની અપ્રાપ્તિથી વિષય લંપટતાને લીધે 'કલિમલઓ' = મનનો કચવાટ, અનેકાગ્રતા = આ પહેરીશ... આ ખાઈશ... આ જોઈશ' વગેરે ચિત્તનું ડમડોલપણું એવી અરતિ સુવિહિત અર્થાત્ ધર્મધ્યાન-શુક્લધ્યાનના તત્ત્વથી ભાવિત મુનિઓને ક્યાંથી થાય ? (અર્થાત્ ન જ થાય) (૩૧૮)

❊ सोगं संतावं अधिइं च, मन्नुं च वेमणस्सं च ।
कारूण्ण-रून्नभावं, न साहुधम्मम्मि इच्छंति ॥३१९॥
भयसंखोहविसाओ, मग्गविभेओ बिभीसियाओ य ।
परमग्गदंसणाणि य, दड्ढधम्माणं कओ हुंति ॥३२०॥
कुच्छा चिलीणमलसंकडेसु, उव्वेयओ अणिट्ठेसु ।
चक्खुनियत्तणमसुभेसु, नत्थि दव्वेसु दंताणं ॥३२१॥
एयं पि नाम नाऊण, मुज्झियव्वं ति नूण जीवस्स ।
फेडेऊण न तीरइ, अइबलिओ कम्मसंघाओ ॥३२२॥

(હવે **શોક** દ્વાર,) શોક = સ્વજનાદિના મરણ વગેરેમાં ચિત્તખેદ, 'સંતાપ' = અધિક શોક 'અધૃતિ' = કોઈક અનિષ્ટ ક્ષેત્રાદિ વસ્તુના વિયોગની ચિંતા) 'મન્યુ' = અતિશોકથી જાત ઉપર ગુસ્સો, 'વૈમનસ્ય' = આપઘાતાદિની ભાવના, 'કારુણ્ય' = અલ્પ રૂદન, 'રુન્નભાવ' = મોટા અવાજે રડવું વગેરે સાધુધર્મમાં થાય એવું (શ્રીતીર્થંકર ભગવાન આદિ) ઈચ્છતા નથી. (૩૧૯)

(હવે **'ભય'** દ્વાર) 'ભય' = નિઃસત્ત્વપણાથી આકસ્મિક (અકારણિક) ડર, 'સંક્ષોભ' = ચોર વગેરેથી કંપ, 'વિષાદ' = દીનતા 'માર્ગ-વિભેદ', માર્ગે જતાં સિંહાદિના ભયથી આઘાપાછા થવું. 'બિભીષિકા' = વેતાલાદિથી થરથરવું, (આ બે ભય જિનકલ્પીની અપેક્ષાએ સમજવા) 'પરમગ્ગ દંસણાણિ = (ભયથી) બીજાઓને માર્ગદર્શનો આપવા યાને વર્તન કહેવા. (એ ભયો) ધર્મમાં નિશ્ચલ ચિત્તવાળા મુનિને ક્યાંથી હોય ? (૩૨૦)

(હવે **જુગુપ્સા** દ્વાર) અશુચિ વગેરે મળ ભરેલા (સડેલા દુર્ગંધી મડદા વગેરે પદાર્થો)ની 'કુત્સા' નિંદા 'અનિષ્ટ' = મલિન શરીર વસ્ત્રાદિ તરફ ઉદ્વેગ (ખિન્નતા), અને 'અશુભ' કીડા વગેરેથી સડતાં જીવતાં કૂતરાં વગેરે દ્રવ્યો દેખીને ઘૃણાથી આંખ ફેરવી નાખવી વગેરે જુગુપ્સા, દાન્ત = ઈન્દ્રિય દમનવાળા સાધુઓને હોય નહીં. (૩૨૧)

એ ઉપર જણાવ્યું તે (કષાય નોકષાયને દબાવનારા પ્રગટ શ્રી જિનવચનને) જાણવા છતાં જે મૂઢ બનાય છે, (મૂઢ બની કષાયાદિ) દૂર નથી



❊ जह जह बहुस्सुओ सम्मओ अ, सीसगणसंपरिवुडो अ ।
अविणिच्छिओ अ समए, तह तह सिद्धंतपडिणीओ ॥३२३॥
❊ पवराइं वत्थपायासणोवगरणाइँ एस विभवो मे ।
अवि य महाजणनेया, अहं ति अह इड्ढिगारविओ ॥३२४॥
❊ अरसं विरसं लूहं, जहोववन्नं च निच्छए भुत्तुं ।
निद्धाणि पेसलाणि य, मग्गइ रसगारवे गिद्धो ॥३२५॥

કરી શકાતા, તેમાં ખરેખર જીવનો અતિ બળવાન કર્મ સમૂહ (કામ કરી રહ્યો) છે. (એ તત્ત્વજ્ઞ જીવને પણ બળાત્કારે અકાર્યમાં પ્રવર્તાવે એમાં અમે શું કરી શકીએ ? અમે તો માત્ર દૃષ્ટા બની રહીએ.) (૩૨૨)

(જુગુપ્સા દ્વાર પત્યું, પ્રતિદ્વારો પત્યા, તેથી 'કષાયદ્વાર' પત્યા. **હવે ગારવ દ્વાર :)**

શાસ્ત્રોના શ્રવણ માત્રથી જેમ જેમ બહુ-શ્રુત ગણાતા હોય, વળી તેવા લોકોમાં માન્ય હોય, (તેમ બહુ મૂઢ) શિષ્ય પરિવારવાળો હોય, (કેમ કે મૂઢજીવો જ તેવાને ગુરુ કરે,) તેમ જ આગમ સંબંધમાં પરમાર્થથી તત્ત્વોનો અજાણ હોય, (એટલે જ ત્રણ ગારવમાં મગ્ન હોય), તેમ તેમ એ આગમ-પ્રવચનનો શત્રુ યાને નાશક બને છે. (કેમકે પ્રવચનને લઘુતા પમાડનારો હોય છે. પરમાર્થથી તત્ત્વજ્ઞ પુરુષ ગારવમાં પડે નહિ.) (૩૨૩)

(હવે **'ઋદ્ધિગારવ'** દ્વારઃ) સાધુ સારાં સારાં વસ્ત્ર-પાત્ર-આસન તથા ઉપકરણો વગેરેને લઈને 'આ મારે સમૃદ્ધિ વધી' એમ માને, વળી 'અગ્રણી લોકો પર હું પ્રભુત્વ ધરાવું છું,' એમ માને તો એ ઋદ્ધિ ગારવવાળો છે. (ગારવમાં પ્રાપ્ત ઋદ્ધિ પર ઔત્સુક્ય અહોભાવ અને અપ્રાપ્તિની આસક્તિ-પ્રાર્થના-માગણી હોય છે. તેમાં ચીકણા કર્મથી આત્મા ભારે થાય છે. માટે એને ગૌરવ-ગારવ કહે છે.) (૩૨૪)

(**'રસગારવ'** દ્વાર,-) રસગારવવાળો સાધુ રસમાં ગૃદ્ધ હોવાથી 'અરસ' = હિંગ આદિની સંસ્કાર-વઘારે દીધા વિનાનાં, વિરસ = રસ-કસ વિનાના

❋ सुस्सूसई सरीरं, सयणासणवाहणापसंगपरो ।
सायागारवगुरूओ, दुक्खस्स न देह अप्पाणं ॥३२६॥

तवकुलछायाभंसो, पंडिच्चप्फसंणा अणिट्ठपहो ।
वसणाणि रणमुहाणि य, इंदियवसगा अणुहवंति ॥३२७॥

❋ सद्देसु न रंजिज्जा, रूवं दट्ठुं पुणो न इक्खिज्जा ।
गंधे रसे अ फासे, अमुच्छिओ उज्जमिज्ज मुणी ॥३२८॥

બહુ જૂના પૌંઆદિ 'લૂખાં' = મિઠાશ વિનાના વાલ ચોળાદિ, 'યથોપપન્ન' = કોઈ માયા કે લબ્ધિ વાપર્યા વિના સહેજે પ્રાપ્ત, તે આહારાદિ વાપરવા ઈચ્છતો નથી, કિન્તુ 'સ્નિગ્ધ' = વિગઈ-તરબોળ 'પેશલ' = મનોરમ, સ્વાદિષ્ટ ભોજન શોધે છે. (૩૨૫)

(**'શાતા ગારવ'** દ્વાર :) શાતા ગારવથી ભારે થયેલ સાધુ શરીરની ક્ષણેક્ષણે 'ધોવું', સાફ રાખવું,... વગેરે, સેવા-શોભા કરે છે, પથારી ઓસીકાદિનાં નિષ્કારણ 'વાહણા' = પરિભોગમાં ગાઢ આસક્ત રહ્યા કરે છે, એમ પોતાની જાતને કષ્ટ આપતો નથી. (ગારવ દ્વાર પત્યું.) (૩૨૬)

('હવે **'ઈન્દ્રિય'** દ્વાર :'), ઈન્દ્રિયોને વશ પડેલા (જીવ) અનશનાદિ તપથી ભ્રષ્ટ થાય છે, તપ ગુમાવે છે; કુળના ગૌરવને હણે છે, અને લોકોમાં ફેલાયેલી કીર્તિનો નાશ કરે છે; પંડિતાઈને (જ્ઞાનને) કલંકિત કરે છે, 'અનિષ્ટપથ' = સંસારના માર્ગે ગમન કરે છે, અનેક પ્રકારના સંકટો વેઠે છે, અને (વિનાશના નિમિત્તભૂત) કલહનાં દ્વાર ઉઘાડે છે. (૩૨૭)

(માટે વાજિંત્રાદિના) શબ્દોમાં મુનિએ રાગ કરવો નહિ, મનોહર રૂપ પર અચાનક દૃષ્ટિ પડી ગઈ તો તેને રાગની દૃષ્ટિથી ફરીથી જોવું નહિ. (વાસ્તવમાં પહેલેથી જ જેમ સૂર્ય તરફથી દૃષ્ટિ ખેંચી લેવાય તેમ રૂપ તરફથી દૃષ્ટિ ખેંચી લેવાય); અને (સુંદર) ગંધ, રસ તથા સ્પર્શમાં 'અમુચ્છિઓ' = ગૃદ્ધ બન્યા વિના, (પોતાની સાધુચર્યામાં) ઉદ્યમ કરવો. (૩૨૮)



निहयाणि हयाणि य इंदिआणि, घाएहऽणं पयत्तेणं ।
अहियत्थे निहयाइं, हियकज्जे पूयणिज्जाइं ॥३२९॥

❋ जाइकुलरूवबलसुअ-तवलाभिस्सरियअट्ठमयमत्तो ।
एयाइं चिय बंधइ, असुहाइँ बहुं च संसारे ॥३३०॥

जाईए उत्तमाए, कुले पहाणम्मि रूवमिस्सरियं ।
बलविज्जा य तवेण य, लाभमएणं च जो खिंसे ॥३३१॥

ઈન્દ્રિયો 'નિહત-અનિહત' બંને છે, 'નિહત' = હણાયેલી. ('ઈષ્ટાનિષ્ટ વિષયમાં ગયેલી ઈન્દ્રિય', જો એમાં રાગદ્વેષ ન કરાય તો પોતાનું કાર્ય ન થતાં 'નિહત' થઈ. 'અનિહત' = સક્ષમ (એથી ઊલટું જો રાગદ્વેષ થાય અને સ્વવિષયની જાણીને ગ્રાહક બને તો અનિહત થઈ. હે મુનિઓ !) તમે 'ઘાએહ પયત્તેણં' = છાર-રજ્જુ જેવી બનાવી દીધેલ ઈન્દ્રિયોને (સ્વવિષયના રાગદ્વેષ અટકાવવાના) પ્રયત્નપૂર્વક નિહત કરો, એમ 'અણં' = ઋણ અર્થાત્ કર્મ. (કર્મ પણ ઋણની જેમ ભવકેદમાં જકડી રાખે છે. તેથી કર્મ એ ઋણ) 'નિહતાનિહત' છે; (કર્મ બહુ હણ્યા, નિહત કર્યા, હવે થોડા અનિહત છે,) એનો પણ (કષાય મંદતાદિના) પ્રયત્નપૂર્વક ઘાત કરે, અહિતાર્થમાં જતી ઈન્દ્રિયોને નિહત = સ્વકાર્ય-અકારી અને હિતકાર્ય જિનાગમ શ્રવણ જિનબિંબ-દર્શનાદિમાં ઈન્દ્રિયોને (અનિહત = સ્વકાર્યકરણ-સજ્જ બનાવી) 'પૂજનીય' કરો. (કેમકે એમ કરવામાં પૂજનીય બનાય છે.) (૩૨૯)

હવે (**'મદ'** દ્વાર) જાતિ-કુળ-રૂપ-બળ-શ્રુત-તપ-લાભ અને ઐશ્વર્ય; એ આઠનાં મદથી ઉન્મત્ત (ગર્વિષ્ઠ) બનનારો સંસારમાં (ભાવીકાળે) ને તે જાતિ વગેરે જ બહુ અનંતગુણા ખરાબ મળે તેવા અશુભ ક્લિષ્ટ કર્મ બાંધે છે. (અર્થાત્ તે- તેના મદથી જીવ (તે-તે ખરાબ ભાવોને પામે છે) (૩૩૦)

પોતાની ઉત્તમ જાતિથી, પ્રધાન કુળથી, સુંદર રૂપથી, ઐશ્વર્યથી, બળથી, વિદ્યાથી, ઉત્કટ તપથી અને લાભના મદથી જે (મંદ-બુદ્ધિ) બીજાઓને હલકા પાડે છે. (કે 'હું' ઉચ્ચ જાતિનો છું, આ હલકી જાતિનો છે.' વગેરે) (૩૩૧)

संसारमणवयग्गं, नियट्ठाणाइं पावमाणो य ।
भमइ अणंतं कालं, तम्हा उ मए विवज्जिज्जा ॥३३२॥
सुट्ठुं पि जई जयंतो, जाइमयाईसु मज्जई जो उ ।
सो मेअज्जरिसी जहा, हरिएसबलु व्व परिहाई ॥३३३॥
इत्थिपसुसंकिलिट्ठं, वसहिं इत्थिकहं च वज्जंतो ।
इत्थिजणसंनिसिज्जं, निरूवणं अंगुवंगाणं ॥३३४॥
पुव्वरयाणुस्सरणं, इत्थीजणविरहरूवविलवं च ।
अइबहुअं अइबहुसो, विवज्जयंतो अ आहारं ॥३३५॥

તે મનુષ્ય આ અપાર સંસારમાં તે તે નિંદ્ય જાત્યાદિ સ્થાનો અવશ્ય પામતો પામતો અનંત કાળ ભટકે છે. માટે (જાત્યાદિ) મદોનો ત્યાગ કરવો. (૩૩૨)

જે સાધુ (સુંદર તપ-સ્વાધ્યાદિ અનુષ્ઠાનોમાં) લાગ્યો રહેવા છતાં જાતિમદ વગેરેથી ઉન્મત રહે છે તે મેતાર્યમુનિ અને હરિકેશબળની જેમ હલકાં જાતિકુળ આદિની હીનતાને પામે છે. (૩૩૩)

(હવે **'બ્રહ્મચર્ય ગુપ્તિ'** દ્વાર) (૧) સ્ત્રી, (દેવી માનુષી સ્ત્રી) તથા પશુ સ્ત્રીના સંક્લેશવાળા યાને ખરાબ સંસર્ગવાળા મુકામનો તથા (૨) સ્ત્રીના વેશ-રૂપ વગેરેની વાતોનો, એકલી સ્ત્રીની સાથે ધર્મની પણ વાતનો, ત્યાગ કરતો, (૩) સ્ત્રી બેઠી હોય તે બેઠકનો, અને (૪) સ્ત્રીનાં અંગોપાંગને જોવાનો મુનિએ ત્યાગ કરવો જોઈએ. (ઉપલક્ષણથી સાધ્વીએ પુરુષ અંગે સમજવું.) (૩૩૪)

વળી (સાધુ કે સાધ્વીએ) (૫) પૂર્વ (ગૃહસ્થાવસ્થામાં કરેલ વિલાસો)નાં સ્મરણ-ચિંતનનો, (૬) પતિ-વિયોગની સ્ત્રીના વિરહ-રુદન-વિલાપ તથા ભીતનાં આંતરે સંસક્ત રતિ-ક્રીડાના કૂણા ધ્વનિને, સાંભળવાનો (૭) (રુક્ષ વગેરે પણ) અતિ પ્રમાણ આહારનો અને (૮) (પ્રણીત વિગઈ-તરબોળ તથા સુસ્વાદુની રસસભરતાને લઈને) બહુવાર આહારનો, એ સર્વનો ત્યાગ કરવો. (૩૩૫)



वज्जंतो अ विभूसं, जइज्ज इह बंभचेरगुत्तीसु ।
साहू तिगुत्तिगुत्तो, निहुओ दंतो पसंतो अ ॥३३६॥
गुज्झोरुवयणकक्खोरूअंतरे तह थणंतरे दट्ठुं ।
साहरइ तओ दिट्ठिं, न य बंधइ दिट्ठिए दिट्ठिं ॥३३७॥
❇ सज्झाएण पसत्थं झाणं, जाणइ य सव्वपरमत्थं ।
सज्झाए वट्टंतो, खणे खणे जाइ वेरग्गं ॥३३८॥
उड्ढमहतिरियलोए, जोइसवेमाणिया य सिद्धि य ।
सव्वो लोगालोगो, सज्झायविउस्स पच्चक्खो ॥३३९॥

(હવે નવમી બ્રહ્મચર્ય ગુપ્તિ; 'વિભૂષા-ત્યાગ') 'વિભૂષા' = શરીર-સંસ્કારરૂપ શોભાનો બહુશઃ ત્યાગ કરતો મુનિ આ જિનપ્રવચનમાં બ્રહ્મચર્યની રક્ષાની નવ ગુપ્તિના પાલનમાં યત્ન રાખે છે. કેમકે એ 'ત્રિગુપ્તિગુપ્ત' = મન-વચન-કાય-નિરોધથી સુરક્ષિત, તથા 'નિભૃત' = શાંતતાથી જાણે પ્રવૃત્તિ-રહિત ને 'દાન્ત' = જિતેન્દ્રિય, અને 'પ્રશાન્ત' = કષાયના નિગ્રહવાળો હોય છે. (૩૩૬)

તથા સ્ત્રીનું ગુહ્યાંગ, સાથળ, મુખ, બગલ અને છાતીના ભાગો તથા સ્તનોના ભાગો અજાણતાં દૃષ્ટિએ પડી જાય તો જેમ સૂર્યની સામેથી દૃષ્ટિ તરફ ખેંચી લે તેમ તુર્ત દૃષ્ટિને ખેંચી લેવી, (કેમકે એ દર્શન મહાઅનર્થકારી છે.) અને સ્ત્રીની દૃષ્ટિ સાથે દૃષ્ટિ કદી પણ જોડવી નહીં. (બ્રહ્મચર્ય દ્વાર થયું.) (૩૩૭)

(હવે **'સ્વાધ્યાય'** દ્વાર 'સ્વાધ્યાય'નાં મહાલાભ,-) (વાચના-પૃચ્છનાદિ) સ્વાધ્યાયને કરતાં (૧) પ્રશસ્ત ધર્મ-શુક્લધ્યાન લાગે છે. (૨) (સ્વાધ્યાયવાળો) સમસ્ત જગતનાં પરમાર્થને = તત્ત્વને જાણે છે, (૩) અને સ્વાધ્યાયમાં રહેતાં ક્ષણે ક્ષણે વૈરાગ્યને પામે છે, (યાને રાગ મરતો આવે છે; કેમકે સ્વાધ્યાય એ રાગાદિ વિષ ઉતારનાર પરમમંત્ર રૂપ છે.) (૩૩૮)

(સર્વ પરમાર્થને કેવી રીતે જાણે ? તો કે) સ્વાધ્યાયવેત્તાને ઉર્ધ્વલોકમાં

❈ जो निच्चकाल तवसंजमुज्जओ ण वि करेइ सज्झायं ।
अलसं सुहसीलजणं, न वि तं ठावेइ साहुपए ॥३४०॥
विणओ सासणे मूलं, विणीओ संजओ भवे ।
विणयाओ विप्पमुक्कस्स, कओ धम्मो ? कओ तवो ? ॥३४१॥
विणओ आवहइ सिरिं, लहइ विणीओ जसं च किर्त्ति च ।
न कयाइ दुव्विणीओ, सकज्जसिद्धिं समाणेइ ॥३४२॥

---

વૈમાનિક દેવલોકો અને સિદ્ધિસ્થાન, અધોલોકમાં નરકો, (ભવનપતિઓ), તિર્છાલોકમાં જ્યોતિષ્કદેવલોક (વ્યંતર અને અસંખ્યાત દ્વીપ સમુદ્રો, અરે !) સર્વ લોક અલોક પ્રત્યક્ષ થાય છે. (સ્વાધ્યાયમાં ઉપયોગવાળો સમસ્ત પદાર્થને જાણે સાક્ષાત્ જુએ છે.) (૩૩૯)

(સ્વાધ્યાય ન કરવાનાં અનર્થ :) જે સાધુ નિત્ય કાળે તપ અને સંયમમાં ઉદ્યમી (અર્થાત્ સદા અપ્રમાદી) પણ છતાં સ્વાધ્યાય નથી કરતો તે (કર્તવ્યો બજાવવામા) આળસુ, (ને તેથી જ) સુખશીલિઆ (શાતાલંપટ) લોકને (=પોતાના શિષ્યવર્ગાદિને) સાધુપદે સ્થાપી શકતો નથી, (સાધુતા પમાડી શકતો નથી, કારણ કે સ્વાધ્યાય વિના સાધુતાનું જ્ઞાન થતું નથી. સ્વયં કંઈક અપ્રમાદી પણ જ્ઞાન વિના બીજાનું રક્ષણ નહિ કરી શકે.) (૩૪૦)

(હવે **'વિનય'** દ્વાર :) (દ્વાદશાંગીરૂપ) જૈન શાસનમાં (ધર્મનું) મૂળ વિનય છે. (વિનયથી જ સંયમ યોગ્ય નિરહંકાર અને કષાય-નિગ્રહ આવે છે); માટે વિનીત આત્મા જ સંયમી બને છે. (૩૪૧)

વિનય રહિત દુર્વિનીત જીવમાં (મૂળ ન હોવાથી) તપ ક્યાંથી હોય ? અને ધર્મ ક્યાંથી હોય ? (ન જ હોય.)

વિનય (૮ પ્રકારના કર્મનું વિનયન-અપનયન કરાવતો હોવાથી) સર્વ સંપત્તિને પ્રાપ્ત કરાવે છે; અને વિનીત આત્મા (માનસુભટના પરાભવનું પરાક્રમ કરવા દ્વારા) યશ, અને (પુણ્યનું ભાજન બનવા દ્વારા) કીર્તિને પામે છે. દુર્વિનીત કદાપિ સ્વકાર્યોની સિદ્ધિ કરી શકતો નથી. (૩૪૨)



❈ जह जह खमइ सरीरं, धुवजोगा जह जह न हायंति ।
कम्मक्खओ अ विउलो, विवित्तया इंदियदमो अ ॥३४३॥
❈ जइ ता असक्कणिज्जं, न तरसि काऊण तो इमं कीस ।
अप्पायत्तं न कुणसि, संजमजयणं जइजोगं ? ॥३४४॥
जायम्मि देहसंदेहयम्मि, जयणाइ किंचि सेविज्जा ।
अह पुण सज्जो अ निरूज्जमो य तो संजमो कत्तो ? ॥३४५॥

---

(હવે **'તપ'** દ્વાર) (કેટલાકો કહે છે તેમ દુઃખ વેઠે તો જ તપ એવું નથી; નહિતર મહાદુઃખ વેઠનાર નારકો મહાતપસ્વી ગણાશે ! ને શમનિમગ્નમહાયોગીઓ તપસ્વી નહિ ગણાય ! કિન્તુ) જેટલો જેટલો તપ શરીર સહન કરે અને (જે તપથી) સંયમના પ્રતિલેખના વૈયાવચ્ચ-સ્વાધ્યાયાદિ નિત્ય યોગોમાં હાનિ ન આવે (તેટલો તેટલો તપ કરવો.) એ કરવાથી (૧) વિપુલ કર્મક્ષય થાય છે, (૨) 'વિવિત્તયા' = શરીરથી આત્મા ભિન્ન હોવાની ભાવના થાય છે; (૩) અને ઈન્દ્રિયો પર નિગ્રહ (અંકુશ) થાય છે. (૩૪૩)

(હવે **'શક્તિ'** દ્વાર) (પોતાનામાં શક્તિ ન હોવાનું માની પ્રમાદ સેવનારને શિખામણઃ) જો તું (ભિક્ષુ પડિમાદિ અતિ દુષ્કર આરાધના તારા માટે તેવા દૃઢ સંઘયણના અભાવે) અશક્ય હોઈ કરી શકતો નથી તો (હે સાધુ ! ઉપર જણાવી તે) સાધુને શક્ય (વિધેય-આદર, નિષેધ-ત્યાગ સ્વરૂપ સમિતિ પાલન વગેરે) સ્વાધીન સંયમની યતનાને (આરાધનાને) કેમ નથી કરતો ? (૩૪૪)

(શાસ્ત્ર ઉત્સર્ગ અપવાદ ઉભયરૂપ હોઈ અપવાદપદે પ્રમાદ કરનારને શો દોષ ? તેનો ઉત્તર) પ્રાણાંત સંકટ આવી પડ્યે જયણાથી (પંચકપરિહાનિ દ્વારા અધિક દોષ-ત્યાગ સાથે કાંઈક અનેષણીયાદિ અલ્પ દોષ સેવનરૂપી (વિવેકથી) અપવાદનો આશ્રય કરે; (પરંતુ એ સિવાય નહિ, એમ આગમાભિપ્રાય છે) પણ સમર્થ કે નિરોગી (છતી શક્તિએ પણ) શૈથિલ્ય સેવે તો તેને સંયમ ક્યાંથી રહે ? (અર્થાત્ જિનાજ્ઞાને પરાઙ્મુખ થવાથી સંયમ ન જ રહે, સારાંશ વિહિત અનુષ્ઠાનોમાં ઉદ્યમ જોઈએ. કેમકે કારણે પણ દોષિત ન સેવે એ દૃઢ ધર્મિતા છે, શાસ્ત્રમાન્ય છે) (૩૪૫)

❈ मा कुणउ जइ तिगिच्छं, अहियासेऊण जइ तरइ सम्मं ।
अहियासिंतस्स पुणो, जइ से जोगा न हायंति ॥३४६॥

निच्चं पवयणसोहाकराण चरणुज्जयाण साहूणं ।
संविग्गविहारीणं, सव्वपयत्तेण कायव्वं ॥३४७॥

हीणस्स वि सुद्धपरूवगस्स, नाणाहियस्स कायव्वं ।
जणचित्तग्गहणत्थं, करिंति लिंगावसेसेऽवि ॥३४८॥

दगपाणं पुप्फफलं, अणेसणिज्जं गिहत्थकिच्चाइं ।
अजया पडिसेवंति, जइवेसविडंबगा नवरं ॥३४९॥

(અહીં સુધી ૨૯૫મી ગાથામાં કહેલા સમિતિ વગેરે દ્વારોનું વર્ણન કર્યું. હવે જો સમર્થને શૈથિલ્યથી સંયમનો અભાવ થાય પણ માંદાને નહિ, તો શું ઉપચાર પણ ન કરાવવા ? તે માટે કહે છે કે)

(રોગસહન એ પરિસહજય છે, સંવરસાધના છે, તથા રોગો કર્મક્ષય કરવામાં સહાયક છે, માટે) રોગની અતિ પીડાને પણ જો સહન કરી શકે, (દુર્ધ્યાન ન થવા દે), તો તેણે રોગ પ્રતિકાર-ઉપચાર કરવો નહિ. પરંતુ જો અતિ સહન કરતાં (સંઘયણ બળ ન પહોંચવાથી) સંયમના યોગો (પડિલેહણાદિ કાર્યો) સીદાય, તો તેણે ઔષધ કરવું અનુચિત નથી. (૩૪૬)

(શેષ સાધુઓનું કર્તવ્ય એ છે કે) હંમેશાં જૈન શાસનની પ્રભાવના કરનારા, 'ચરણોદ્યત' અપ્રમાદી અને 'સંવિગ્ન' = મોક્ષની જ એક ઈચ્છાથી વિહરનારા સાધુઓનું સર્વ પ્રયત્નો કરીને (વૈયાવચ્ચાદિક) કરવું જોઈએ. (૩૪૭)

અપ્રમત (આત્માર્થી) મુનિએ લોકરંજન કરવા માટે ચારિત્રમાં શિથિલ છતાં વિશેષ જ્ઞાની અને આગમના શુદ્ધ પ્રરૂપકનું પણ ઉચિત કાર્ય કરવું. (કારણ કે 'સાધુઓ, નિર્દય છે, પરસ્પર ઈર્ષ્યાળુ છે' એવો લોકોમાં શાસનનો ઉડ્ડાહ ન થાય. (૩૪૮)

(તે માત્ર વેશધારી પાર્શ્વસ્થાદિ કેવા હોય ? તો કે) સચિત્ત પાણી,



❈ ओसन्नया अबोही, पवयणउब्भावणा य बोहिफलं ।
ओसन्नो वि वरं पि हु, पवयणउब्भावणापरमो ॥३५०॥

❈ गुणहीणो गुणरयणायरेसु, जो कुणइ तुल्लमप्पाणं ।
सुतवस्सिणो य हीलइ, सम्मत्तं कोमलं तस्स ॥३५१॥

❈ ओसन्नस्स गिहिस्स व, जिणपवयणतिव्वभावियमइस्स ।
कीरइ जं अणवज्जं, दढसम्मत्तस्सऽवत्थासु ॥३५२॥

પુષ્પો, ફળો તથા આધાકર્મિકાદિ દોષિત સેવનારા અને ગૃહસ્થકાર્યો (ગૃહ કરણાદિ) 'અજયા' = યતના વિનાના (પાપ મોકળાં એ રીતે) સેવનારા હોય છે. એ મુનિગુણરહિત માત્ર વેશ વિડંબક છે. (૩૪૯)

(સર્વ ઓસન્નનો) 'શિથિલાચારી' તરીકે (આ ભવમાં જ લોકોમાં પરાભવ થાય છે, અને આજ્ઞા વિરાધક હોઈ પરલોકમાં) 'અબોધિ' = જૈનધર્મ પ્રાપ્તિ વિનાના બને છે. (કારણ કે) શાસનની પ્રભાવના જ બોધિરૂપ કાર્ય પેદા કરે છે. (સંવિગ્નવિહારીના અનુષ્ઠાન દેખી લોક શાસન-પ્રશંસા કરે છે.) પોતે શિથીલ છતાં (વાદ લબ્ધિ વ્યાખ્યાનાદિ) તથા સુસાધુના ગુણપ્રકાશનાદિથી મુખ્યપણે શાસનની પ્રભાવના કરે છે. તે દેશ-ઓસન્નો છતાં શ્રેષ્ઠ છે. (૩૫૦)

જે (ચારિત્રાદિ) ગુણહીન ('અમે પણ સાધુ છીએ' એમ કરી) પોતાને ગુણસાગર સાધુઓની તુલ્ય માને મનાવે છે, તે ઉત્તમ તપસ્વીઓને ('આ તો માયાવી ને લોકને ઠગનારા છે' એમ કહી) હલકા પાડે છે. (તે મિથ્યાદૃષ્ટિ જ છે, કેમકે) તેનું સમ્યક્ત્વ નિઃસાર છે. (સમ્યક્ત્વ ગુણવાન પ્રત્યે પ્રમોદથી સાધ્ય છે.) (૩૫૧)

(પ્રવચન-ભક્તિને વરેલા સુસાધુ) પાસત્થાદિ શિથિલાચારી કે જિનાગમથી ગાઢ રંગાયેલા ચિત્તવાળા દૃઢ સમ્યક્ત્વધારી સુશ્રાવકનું નિરવદ્ય (નિષ્પાપ) ઉચિત કરે, પરંતુ તે (દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-આપત્તિ વગેરે) અવસ્થામાં (કારણે) જ કરે, (સર્વદા નહિ, કેમકે) (૩૫૨)

पासत्थोसन्नकुसील, - नीयसंसत्तजणमहाच्छंदं ।
नाऊण तं सुविहिया, सव्वपयत्तेण वज्जंति ॥३५३॥

❈ बायालमेसणाओ, न रक्खइ धाइसिज्जपिंडं च ।
आहारेइ अभिक्खं, विगईओ सन्निहिं खाई ॥३५४॥

❈ सूरप्पमाणभोजी, आहारेइ अभिक्खमाहारं ।
न य मंडलीए भुंजइ, न य भिक्खं हिंडई अलसो ॥३५५॥

❈ कीवो न कुणइ लोअं, लज्जइ पडिमाइ जल्लमवणेइ ।
सोवाहणो अ हिंडइ, बंधइ कडिपट्टयमकज्जे ॥३५६॥

**'પાસત્થો'** = જ્ઞાનાદિની માત્ર પાસે રહે એટલું જ પણ 'આરાધે' નહિ, **'ઓસન્નો'** = આવશ્યકાદિમાં શિથિલાચારી, **'કુશીલ'** = ખરાબ શીલવાળો, **'નીય'** = નિત્ય એક જ સ્થાને વસનારો, **'સંસત્ત'** = પરગુણ-દોષમાં તેવો તેવો ખેંચાનાર, **'અહાછંદો'** = આગમ નિરપેક્ષ સ્વાભિપ્રાયથી ચાલનાર, (આ પૂર્વોક્તોથી વધુ ભારે દોષવાળો હોઈ અલગ બતાવ્યો) આ છને ઓળખીને સુવિહિત સાધુઓએ એમના સંગનો સર્વપ્રયત્ને ત્યાગ કરવો. (કેમ કે અસત્‌નો સંગ અનર્થહેતુ છે.) (૩૫૩)

(પાસાત્થાદિપણું કેવી શિથિલતાઓમાં આવે ? તો કે) 'એસણા' = ગોચરી ગવેષણાના ૪૨ દોષ ટાળવારૂપ એષણા સમિતિ ન પાળે, બાળ ખેલાવનાર ધાવમાતા જેવું વર્તી આહાર મેળવવારૂપ ધાત્રીપિંડ તથા શય્યાતર પિંડ ન છોડે, સતત (દૂધ આદિ) વિગઈઓ વાપરે; 'સંનિહિ' = (ગોળ વગેરે ક્ષેત્રાતીત કાલાતીતનો) સંગ્રહ રાખી વાપરે. (૩૫૪)

જ્યાં સુધી સૂર્ય (અસ્ત ન પામ્યો હોય) ત્યાં સુધી આહાર-પાણી વાપરે, વારંવાર આહાર વાપર્યા કરે, માંડલીમાં સાધુઓ સાથે ન વાપરે, આળસુ થઈ ભિક્ષાર્થે ન ફરે. (૩૫૫)

સત્ત્વહીન બન્યો રહી કેશલૂંચન ન કરે, 'પડિમા' = કાયોત્સર્ગે રહેતાં શરમાય, શરીરનો મેલ ઉતારે, પગરખાં પહેરીને ચાલે, વિના કારણે 'કડિપટ્ટય'



❈ गामं देसं च कुलं, ममायए पीठफलगपडिबद्धो ।
घरसरणेसु पसज्जइ, विहरइ य सकिंचणो रिक्को ॥३५७॥

❈ नहदंतकेसरोमे, जमेइ उच्छोलधोअणो अजओ ।
वाहिइ य पलियंकं, अइरेगपमाणमत्थुरइ ॥३५८॥

❈ सोवइ य सव्वराइं, नीसड्ढमचेयणो न वा झरइ ।
न पमज्जंतो पविसइ, निसिहीयावस्सियं न करे ॥३५९॥

❈ पायपहे न पमज्जइ, जुगमायाए न सोहए इरियं ।
पुढवीदगअगणिमारुअ-वणस्सइतसेसु निरविक्खो ॥३६०॥

= ચોલપટ્ટકને (કંદોરાથી) બાંધે. (શ્રી આર્યરક્ષિતસૂરિજી મ. પૂર્વે ચોળપટ્ટા ઉપર કંદોરો બાંધવાનો આચાર ન હતો તેથી આ દોષ.) તથા- (૩૫૬)

અમુક ગામ-(નગર) -દેશ-કુલ-(ઉગ્રકુલાદિ) ઉપર ('આ મારા' એવી) મમતા રાખે, (ઋતુબદ્ધ શેષ કાળમાં પણ) પાટ-પાટલા પર 'પડિબદ્ધ' = સેવનમાં આસક્ત થાય, 'ઘરશરણ' = ઘર સમારકામમાં અથવા સ્મરણમાં મગ્ન બને, અને ધન રાખીને ફરે છતાં હું નિર્ગ્રંથ (અપરિગ્રહી) છું એમ બોલે. વળી- (૩૫૭)

નખ-દાંત-કેશ-રોમની (નખ કાપ્યા પછી સુઘડ કરે, દાંત ઘસે, વાળ ઓળે વગેરે) શોભા કરે, ઘણાં પાણીથી હાથ-પગ અને મુખ ધોયા કરે, (એટલે જ ગૃહસ્થની જેમ) યતના રહિત બને, પલંગ વાપરે, તથા (સંથારા ઉત્તરપટ્ટાથી) અધિક પ્રમાણમાં પાથરે, તથા- (૩૫૮)

(જડ કાષ્ટની જેમ) નિશ્ચેષ્ટ બની આખી રાત સૂતો રહી-ઊંઘે (રાત્રે) સ્વાધ્યાય ન કરે (અંધારે) રજોહરણથી (દંડાસણથી) પ્રમાર્જન કર્યા વિના મકાનમાં પેસે (કરે,) અને પેસતાં નિસિહી નીકળતા આવસ્સહી ન કહે. વળી- (૩૫૯)

માર્ગમાં (વિજાતીય પૃથ્વી પર પ્રવેશતાં) પૂર્વ રજવાળા પગને ન પ્રમાર્જે, માર્ગે જતાં 'યુગ' = ધુંસરી પ્રમાણ દૃષ્ટિથી ઈર્યાસમિતિ ન શોધે, પૃથ્વી-પાણી-

❈ सव्वं थोवं उवहिं न पेहए, न य करेइ सज्झायं ।
सद्दकरो, झंझकरो, लहुओ गणभेयतत्तिल्लो ॥३६१॥

❈ खित्ताईयं भुंजई, कालाईयं तहेव अविदिन्नं ।
गिण्हइ अणुइयसूरे, असणाई अहव उवगरणं ॥३६२॥

❈ ठवणकुले न ठवेई, पासत्थेहिं च संगयं कुणई ।
निच्चमवज्झाणरओ, न य पेहपमज्जणासीलो ॥३६३॥

❈ रीयइ य दवदवाए, मूढो परिभवइ तहय रायणिए ।
परपरिवायं गिण्हई, निठ्ठुरभासी विगहसीलो ॥३६४॥

---

અગ્નિ-વાયુ-વનસ્પતિ અને ત્રસ, એ છ કાય જીવોની નિઃશક પણે વિરાધના કરે. વળી- (૩૬૦)

(મુહપત્તિ આદિ) થોડી પણ ઉપધિનું પડિલેહણ ન કરે. (દિવસે પણ) સ્વાધ્યાય ન કરે, (રાત્રે લોક સૂતું હોય ત્યારે) મોટા શબ્દથી બોલે, કલહ (કજિયો) કરે, (રાડો પાડવાનો પ્રેમી હોય), તુચ્છ પ્રકૃતિવાળો 'ગણભેદ' = ગચ્છમાં પરસ્પર ચિત્તભેદ કરવામાં તત્પર રહે. વળી- (૩૬૧)

'ક્ષેત્રાતીત' = બે ગાઉ ઉપર વહોરેલા આહાર, પાણી વાપરે, 'કાલાતીત' ત્રણ પ્રહર ઉપરનું વહોરેલું વાપરે (માલિકે યા ગુરુએ) નહિ આપેલા વાપરે. સૂર્ય ઉગ્યા પહેલાં અશનાદિ અથવા ઉપકરણો વહોરે (જિનાજ્ઞા સંમત નથી.) (૩૬૨)

(ખાસ પ્રયોજને આહારાદિ મેળવવા ગુરુએ સ્થાપી રાખેલા અને રોજના માટે ત્યાગ કરેલા શ્રીમંતના કે ભક્તના ઘર એ) સ્થાપી ન રાખે (પણ એમાં નિષ્કારણ ગોચરીએ જાય.) પાસત્થાઓની સાથે સંગતિ (મૈત્રી) કરે, નિત્ય 'અપધ્યાન' = દુષ્ટ સંક્લિષ્ટ ચિત્તવાળો બન્યો રહી (પ્રમાદથી વસતિ-ઉપધિ આદિમાં) પ્રેક્ષણ-પ્રમાર્જનાશીલ ન રહે. વળી- (૩૬૩)

માર્ગમાં 'દવદવાએ' = દ્રુતં = જલદી ચાલે, વળી એ મૂઢ-મૂર્ખ 'રત્નાધિક' = વિશિષ્ટ જ્ઞાનાદિયુક્તનો તિરસ્કાર કરે છે. બીજાની નિંદા કરે, કડવાં-કઠોર વચન બોલે તથા (સ્ત્રીકથાદિ) વિકથાઓમાં લાગ્યો રહે છે. (૩૬૪)



❈ विज्जं मतं जोगं, तेगिच्छं कुणई भूईकम्मं च ।
अक्खर-निमित्तजीवी, आरंभपरिग्गहे रमइ ॥३६५॥

❈ कज्जेण विणा उग्गह-मणुजाणावेई, दिवसओ सुयइ ।
अज्जियलाभं भुंजइ, इत्थिनिसिज्जासु अभिरमइ ॥३६६॥

❈ उच्चारे पासवणे, खेले सिंघाणे अणाउत्तो ।
संथारगउवहीणं, पडिक्कमइ वा सपाउरणो ॥३६७॥

❈ न करेइ पहे जयणं, तलियाणं तह करेइ परिभोगं ।
चरइ अणुबद्धवासे, सपक्खपरपक्खओमाणे ॥३६८॥

---

(ગૃહસ્થો માટે,-) (દેવી-અધિષ્ઠિત) વિદ્યા (દેવાધિષ્ઠિત) મંત્ર, (વિશિષ્ટ દ્રવ્ય-સંમિશ્રણરૂપ) યોગના પ્રયોગ કે દવા ઉપચાર કરે અને 'ભૂતિ કર્મ' = મંત્રેલી રાખ, એનો પ્રયોગ કરે (એ ગોચરી નિમિત્તે અથવા સામાનું મોં રાખવા કે સન્માન-સત્કાર મેળવવા કરે.) 'અક્ષર-નિમિત્ત' = પાઠશાળા-જોષીપણું એનાથી આજીવિકા ચલાવે, આરંભ = પૃથ્વીકાયાદિ જીવ-નાશે, 'પરિગ્રહ' = અધિક ઉપકરણ-ગ્રહણે રમતો રહે. (૩૬૫)

વિના પ્રયોજને ઈન્દ્ર-રાજા વગેરેના અવગ્રહની અનુજ્ઞા માગે (દા.ત. થોડી જગાની જરૂર હોય અને ઘણી જગ્યાઓના અવગ્રહ માગી રાખે. (દિવસે શયન કરે, સાધ્વીએ મેળવેલા આહારાદિ વાપરે, અને સ્ત્રીના ઉઠ્યા પછી તેની બેઠકનો ઉપભોગ કરે. (૩૬૬)

સ્થંડિલ-માત્રુ-બળખો-શ્લેષ્મ (વગેરે)ને પરઠવવામાં ઉપયોગ ન રાખે, (અજયણા કરે,) સંથારામાં રહીને કે ઉપધિ ઉપર રહીને અથવા વસ્ત્ર ઓઢીને પ્રતિક્રમણ કરે. તથા (૩૬૭)

માર્ગમાં ચાલતાં સચિત પાણી (વગેરે)ની જયણા (જોવું, સંઘટ્ટાથી બચવું વગેરે) ન કરે તથા (પગરખા વિના ચાલવા સશક્ત છતાં) પગરખાંનો ઉપયોગ કરે, વર્ષાકાળમાં ફરે, અને જ્યાં ઘણાં સ્વપક્ષી અને બૌદ્ધાદિ પર પક્ષી સાધુઓ હોય તેવા ક્ષેત્રમાં સુખશીલતાના કારણે એ રીતે વિચરે કે જેથી અપમાન-લઘુતા થાય. (૩૬૮)

❖ संजोअइ अइबहुअं, इंगाल सधूमगं अणट्ठाए ।
भुंजइ रूवबलट्ठा, न धरेइ अ पायपुंछणयं ॥३६९॥

❖ अट्ठम छट्ठ चउत्थं, संवच्छर चाउमास पक्खेसु ।
न करेइ सायबहुलो, न य विहरइ मासकप्पेणं ॥३७०॥

❖ नीयं गिण्हइ पिंडं, एगागी अच्छए गिहत्थकहो ।
पावसुआणि अहिज्जइ, अहिगारो लोगगहणंमि ॥३७१॥

❖ परिभवइ उग्गकारी, सुद्धं मग्गं निगूहए बालो ।
विहरइ सायागुरुओ, संजमविगलेसु खित्तेसु ॥३७२॥

---

(ભોજન માંડલીનાં પાંચ દોષો સેવે) ૧. (દૂધમાં સાકર વગેરે સંયોગ) સંયોજના કરે, ૨. અતિ પ્રમાણ આહાર લે, ૩. અંગારદોષ (રાગ), ને ૪. ધૂમ્રદોષ (દ્વેષ)થી વાપરે, તથા ૫. 'અણટ્ઠાએ' = ક્ષુધાની વેદના વગેરે છ કારણો વિના વાપરે, શરીરનું સૌંદર્ય-પુષ્ટિ વધારવા વાપરે અને રજોહરણ ન રાખે. તથા- (૩૬૯)

સુખશીલતાથી દરેક વાર્ષિક, ચોમાસી અને પાક્ષિક તપનો અટ્ઠમ છટ્ઠ અને ઉપવાસ ન કરે અને (તે કાલે વિહિત છતાં) માસકલ્પ (આદિ નવ કલ્પ) વિહારથી ન વિચરે. (૩૭૦)

'નીયં' હંમેશાં એક ઘરનો આહાર વાપરે, એકાકી રહે, ગૃહસ્થોની વાતો કર્યા કરે, ખગોળ-જ્યોતિષ-ગ્રહચાર વગેરેના પાપશાસ્ત્રો ભણે, અને લોકરંજન-આકર્ષણ કરવામાં 'અધિકાર' = સંતોષ (કિંતુ સ્વઅનુષ્ઠાનોમાં નહિ.) વળી- (૩૭૧)

ઉગ્ર વિહારી (અપ્રમાદી) સાધુઓનો પરાભવ (અવગણના-નિંદા) કરે, બાલ-મંદબુદ્ધિવાળો તે (જ્ઞાનદર્શન-ચારિત્રરૂપ શુદ્ધ માર્ગને ગોપવે, શાતાગારવીયો બનીને (ઉત્તમ સાધુઓથી અભાવિત) સંયમ-પ્રતિકૂળ ક્ષેત્રોમાં સુખ-શીલતા પોષાય એ ઉદ્દેશથી વિચરે. (૩૭૨)



❖ उग्गाइ गाइ हसई असंवुडो, सइ करेइ कंदप्पं ।
गिहिकज्जचिंतगोऽविय, ओसन्ने देइ गिण्हइ वा ॥३७३॥

❖ धम्मकहाओ अहिज्जइ, घराघरं भमइ परिकहंतो अ ।
गणणाइ पमाणेण य, अइरित्तं वहइ उवगरणं ॥३७४॥

❖ बारस बारस तिण्णि य, काइय-उच्चार-कालभूमीओ ।
अंतो बहिं च अहियासि, अणहियासे न पडिलेहे ॥३७५॥

❖ गीअत्थं संविग्गं, आयरिअं मुअइ वलइ गच्छस्स ।
गुरुणो य अणापुच्छा, जं किंचि वि देइ गिण्हइ वा ॥३७६॥

---

મોટા અવાજથી સંગીત કરે, સામાન્ય સંગીત કરે, ખુલ્લા મુખે (ખડખડાટ) હસે, (હાસ્યોદ્દીપક વચનો બોલીને) સદા કંદર્પ (હાસ્ય-મજાક) કરે, ગૃહસ્થનાં કાર્યોની ચિંતા કરે, અને ઓસન્નને (શિથિલાચારીઓને) વસ્ત્રાદિ આપે અથવા તેમના પાસેથી લે. (૩૭૩)

(આજીવિકા અર્થે) ધર્મકથાઓને (શાસ્ત્રોને) ભણે, ઘેર ઘેર ધર્મકથા (ઉપદેશ) કરતો ફરે, અને ગણતરી (સંખ્યા)થી તથા માપથી વધારે (ઘણાં તથા મોટાં) ઉપકરણો રાખે. વળી- (૩૭૪)

મકાનથી (જઘન્ય એક હાથ નજીકની, એની ઉપરાંત મધ્યની) તથા બહારની (સો હાથ દૂર સુધીની) સહ્ય સામાન્ય હાજત તથા અસહ્ય હાજતે રાત્રે માત્રુ તથા સ્થંડિલ માટેની બાર બાર ભૂમિઓનું (માંડલાનું) તથા કાળગ્રહણની ત્રણ ભૂમિઓનું પડિલહણ ન કરે. તથા- (૩૭૫)

'ગીતાર્થ' = આગમના જ્ઞાતા, ને 'સંવિગ્ન' = મોક્ષાભિલાષી ઉદ્યત વિહારી એવા 'આચાર્ય' = પોતાના ગુરુને (વિના કારણે) તજે; (અગીતાર્થ-અસંવિજ્ઞને આગમોક્ત ક્રમથી ત્યજે એમાં દોષ નહિ). (ક્યારેક પ્રેરણા આપનાર) 'ગચ્છસ્સ' = ગુરુને 'વલઈ' = ઉત્તર દેવા સામો થાય, ગુરુને પૂછ્યા વિના (કોઈને) કોઈક (વસ્ત્રાદિ) આપે અથવા (કોઈક પાસેથી) લે. (૩૭૬)

❈ गुरुपरिभोगं भुंजइ, सिज्जा-संथार-उवगरणजायं ।
किं ति तुमं ति भासई, अविणीओ गव्विओ लुद्धो ॥३७७॥

❈ गुरुपच्चक्खाणगिलाण-सेहबालाउलस्स गच्छस्स ।
न करेइ नेव पुच्छइ, निद्धम्मो लिंगमुवजीवी ॥३७८॥

❈ पहगमण-वसहि-आहार-सुयण-थंडिल्लविहिपरिट्ठवणं ।
नायरइ नेव जाणइ, अज्जावट्टावणं चेव ॥३७९॥

❈ सच्छंदगमण-उट्ठाण-सोअणो अप्पणेण चरणेण ।
समणगुणमुक्कजोगी, बहुजीवखयंकरो भमइ ॥३८०॥

ગુરુ વાપરતાં હોય તે 'શય્યા' = શયનભૂમિ વાપરે, 'સંથાર' = પાટ આદિ વાપરે, તથા (વર્ષાકલ્પ = ખાસ કામળ આદિ) ઉપકરણ સમૂહને પોતે વાપરે. (ગુરુસંબંધી બધું ભોગ્ય નહિ, પણ વંદનીય છે.) (ગુરુ બોલાવે ત્યારે) શું છે ? એમ કહે (મત્થએણ વંદામિ કહેવું જોઈએ) વળી ગુરુ સાથે વાત કરતાં, 'તમે તમે' કહે ! ('આપ' એવું માનભર્યું વચન કહેવાય, તો વિનીત ગણાય પરંતુ આ) અવિનીત ગર્વિષ્ઠ અને 'લુદ્ધો' = વિષયાદિમાં ગૃદ્ધ છે. (૩૭૭)

(કર્તવ્ય ચૂકે;) ગુરુ, અનશની, બિમાર, 'સેહ' = શૈક્ષક (નૂતન દીક્ષિત)ને બાળ મુનિથી ભરેલા ગચ્છમાં (દરેક)નું (કરવા યોગ્ય સેવાકાર્ય)એ ન કરતો હોય, (અરે !) પૂછતો ય ન હોય (કે 'મહાનુભાવ ! મારે યોગ્ય સેવા ?') 'નિદ્ધમ્મો' = આચારો ન પાળે, માત્ર વેષ પર ચરી ખાનારો હોય. (૩૭૮)

માર્ગે ગમન, મુકામ, આહાર, શયન, સ્થંડિલ ભૂમિ અંગેની વિધિ(અધિક અશુદ્ધ આહારાદિ) પરિષ્ટાપનની વિધિ જાણવા છતાં નિર્ધર્મી હોઈ ન આચરે, અથવા જાણતો જ ન હોય, તેમજ સાધ્વીઓને (સંયમની રક્ષાર્થે વિધિપૂર્વક) પ્રવર્તાવવાનું (કરે નહિ, યા જાણે પણ નહિ.) (૩૭૯)

(ગુર્વાજ્ઞા વિના) સ્વેચ્છાથી ગમન, (આસનેથી) ઊઠવાનું; ને શયન કરે. (સ્વેચ્છાચારી છે માટે જ) સ્વબુદ્ધિએ કલ્પિત આચરણથી વિચરે. શ્રમણપણાના (જ્ઞાનાદિ) ગુણોમાં પ્રવૃત્તિ વિનાનો હોય, (માટે જ) બહુ જીવોનો નાશ કરતો વિચર્યા કરે. (૩૮૦)



❈ बत्थि व्व वायपुण्णो, परिभमइ जिणमयं अयाणंतो ।
थद्धो निव्विन्नाणो, न य पिच्छइ किंचि अप्पसमं ॥३८१॥

❈ सच्छंदगमणउट्ठाण-सोअणो भुंजई गिहीणं च ।
पासत्थाइठाणा, हवंति एमाइया एए ॥३८२॥

जो हुज्ज उ असमत्थो, रोगेण व पिल्लिओ झुरियदेहो ।
सव्वमवि जहाभणियं, कयाइ न तरिज्ज काउं जे ॥३८३॥

सोऽविय नियपरक्कम-ववसायधिईबलं अगूहंतो ।
मुत्तुण कूडचरिअं, जइ जयंतो अवस्स जई ॥३८४॥

(મદરોગના ઓષધસમા) સર્વજ્ઞ-વચનને ન જાણતો વાયુ ભરેલી મશકની જેમ ગર્વ ભર્યો વિચર્યા કરે. 'થદ્ધો' = (શરીરે પણ ગર્વના ચિહ્નવાળો) અક્કડ થઈને જ્ઞાનહીન છતાં કોઈને પોતાના જેવો મહાન ન જુએ. (સૌને ન્યૂન દેખે. જ્ઞાનીને ગર્વ ન હોય. ગર્વ અજ્ઞાનીને.) (૩૮૧)

સ્વચ્છંદગમન-ઉત્થાન-શયનવાળો (આ ફરીથી કહીને સૂચવ્યું કે સર્વે ગુણો ગુણી પ્રત્યેની પરતંત્રતાથી સાધ્ય છે. એ પરતંત્રતા વિનાનો શું કરે છે ? તો કે) ગૃહસ્થોની વચ્ચે બેસીને આહારપાણી વાપરે. (અથવા અહીં મોહ પરતંત્રનાં દુષ્ટ આચરણ કેટલાં કહેવાય ?) પાસત્થો કુશીલ વગેરેનાં આવાં આવાં દોષ-સ્થાન હોય છે. (આ પરથી વિષય-વિભાગ ન જાણનાર એમ ન સમજે કે 'તો તો ઉદ્યત વિહારી પણ બિમારી આદિમાં દોષિત-સેવનાદિ કરે છે તો તે ય પાસત્થાદિ છે,' એ માટે કહે છે,-) (૩૮૨)

જે 'અસમત્થો' = નબળા સંઘયણને લીધે યથોક્ત બજાવવા અશક્ત હોય, યા (ક્ષય આદિ) રોગથી પીડિત હોય, યા જરાજર્જરિત દેહવાળો હોય, એ શાસ્ત્રે કહ્યા મુજબનું બધું જ કદાચિત્ ન કરી શકે, (ગાથામાં છેલ્લું 'જે' પદ વાક્યાલંકારમાં છે.) (૩૮૩)

તે પણ (એવો બીજો કોઈ દ્રવ્ય-ક્ષેત્ર-કાળથી આપત્તિગ્રસ્ત હોય તે ય) પોતાના 'પરાક્રમ' = સંઘયણનાં વીર્યથી શક્ય 'વ્યવસાય' = બાહ્ય પ્રવૃત્તિ, તથા ધૈર્ય (મનોવીર્ય)નાં બળ (યાને સ્વકાર્ય પ્રવૃત્તિ-સામર્થ્ય)ને છુપાવે નહિ,

**अलसो सढोऽवलित्तो, आलंबणतप्परो अइपमाई ।**
**एवं ठिओऽवि मन्नई, अप्पाणं सुट्ठिओमि त्ति ॥३८५॥**

**जोऽवि य पाडेऊणं, मायामोसेहिं खाइ मुद्धजणं ।**
**तिग्गाममज्झवासी, सो सोयइ कवडखवगु व्व ॥३८६॥**

**एगागी पासत्थो, सच्छंदो ठाणवासी ओसन्नो ।**
**दुगमाइसंजोगा, जह बहुआ तह गुरु हुंति ॥३८७॥**

---

ને એમાં માયા-રમતનો ત્યાગ કરી પ્રામાણિક પ્રયત્ન કરે તે નિયમા (ભગવદ્ આજ્ઞા બજાવવાથી) સુસાધુ જ છે. (૩૮૪)

(માયા ચરિત્તવાળો કેવો હોય ? તો કે) આળસુ હોય, 'શઠ' = ઠગાઈ કરનારો હોય, 'અવલિપ્ત' = ગર્વિષ્ઠ હોય, 'આલંબન' = ગમે તે બહાનું કાઢી સર્વ કાર્યોમાં અધમસ્વાર્થ પૂર્વક પ્રવર્તે, ગાઢ નિદ્રાદિ અતિપ્રમાદ સેવે; આવી દુર્દશાવાળો છતાં પોતાની જાતને 'હું સુસ્થિત (ગુણિયલ સાધુ) છું.' એમ માને છે. (બીજાને પણ માયાથી પોતાની ગુણિયલતા જણાવે છે.) (૩૮૫)

(તેમ માયાવીને નુકસાનમાં,-) (લોકરંજન કરનારો) જે કોઈ પણ મુગ્ધજનને (ભદ્રક જીવોને) માયા પૂર્વકના મૃષા વચનોથી આત્મવશમાં પાડીને 'ખાઈ' = ઠગે છે, તે ત્રણ ગામ મધ્યે રહેવાવાળા બ્રાહ્મણ કપટી માસખમણી સંન્યાસીની જેમ (અંતે) શોક કરતો બેસે છે. (૩૮૬)

એકાકી (સાધર્મિક રહિત), પાસત્થો, સ્વચ્છંદ (ગુર્વાજ્ઞારહિત), સદા સ્થિરવાસી, અવસન્ન (આવશ્યાકાદિમાં શિથિલ), આ પાંચ પદ છે. એના (એકેક પદનાં પાંચ ભાંગા થાય, અને) દ્વિક આદિ સંજોગો (થઈ ૧૦ ભાંગા થાય) એમાં જેમ જેમ બહુ પદ મળે તેમ તેમ વધુ ભારે દુષ્ટ ભાંગો ગણાય. (તાત્પર્ય, કોઈ ફક્ત એકાકીપણાનો જ દોષ વહેતો હોય યા ફક્ત પાસત્થાપણાનો જ દોષ વહેતો હોય, તો એવાં પાંચ ભાંગા થાય, બબ્બેના સંયોગવાળા ૧૦ ભાંગા થાય, દા.ત. કોઈ એકાકી અને પાસત્થો હોય, યા એકાકી અને સ્વચ્છંદ હોય... ૩-૩ના સંયોગવાળા ૧૦ ભાગા. દા.ત. કોઈ એકાકી પાસત્થો અને સ્વચ્છંદ હોય એમ ૪-૪ સંયોગવાળા ૫ ભાગા અને પાંચનાં સંયોગવાળા ૧ ભાંગો. આ સાધુ સૌથી વધુ દુષ્ટ બને.) (૩૮૭)



**गच्छगओ अणुओगी, गुरुसेवी अनियओ गुणाउत्तो ।**
**संजोएण पयाणं, संजमआराहगा भणिया ॥३८८॥**

**निम्ममा निरहंकारा, उवउत्ता नाणदंसणचरित्ते ।**
**एगखित्तेऽवि ठिआ, खवंति पोराणयं कम्मं ॥३८९॥**

**जियकोहमाणमाया, जियलोहपरीसहा य जे धीरा ।**
**वुड्ढावासेऽवि ठिया, खवंति चिरसंचियं कम्मं ॥३९०॥**

**पंचसमिया तिगुत्ता, उज्जुत्ता संजमे तवे चरणे ।**
**वाससयं पि वसंता, मुणिणो आराहगा भणिया ॥३९१॥**

---

(પાસત્થાદિથી ક્રમશઃ વિપરીત સુસાધુ) (૧) ગચ્છવાસી હોય, (૨) જ્ઞાનાદિ સાથે સંબંધવાળો, (૩) ગુરુપરતન્ત્ર, (૪) 'અનિયત' = માસ કલ્પાદિ મર્યાદાયુક્ત વિચરવાવાળો, (૫) 'ગુણેસુ' = રોજની ક્રિયામાં 'આયુક્ત' = અપ્રમાદી હોય. આ પદોના સંયોગથી (પૂર્વની જેમ ૫-૧૦-૧૦-૫-૧ ભાંગાએ) સંયમ આરાધકો (તીર્થંકર ગણધર ભગવંતોએ) કહેલા છે. (આમાં પણ જેમ જેમ પદવૃદ્ધિ થાય તેમ તેમ ગુણવૃદ્ધિ સમજવી.) (૩૮૮)

(આર્ય સમુદ્ર વગેરે મહામુનિઓએ સ્થિરવાસ કર્યો પરંતુ જિનાજ્ઞાપાલક હોવાથી આરાધક હતા કેમકે) જે મમત્વબુદ્ધિ રહિત હોય, અહંકાર વિનાના હોય, જ્ઞાન-દર્શન-ચારિત્રમાં દત્તચિત્ત હોય, પછી તે એકજ ક્ષેત્રમાં જંઘા-બળ આદિ પુષ્ટ આલંબને સ્થિરવાસ કરતા હોય તો પણ તે પૂર્વના (ચિર સંચિત) કર્મોને ખપાવે છે. (૩૮૯)

જેઓએ ક્રોધ-માન-માયા(નો નિગ્રહ કરી એને) જીતી લીધા છે, જેમણે લોભ અને પરીસહો જીતી લીધા છે, જે 'ધીર' = સત્ત્વવાન (મુનિ, પૂર્વે કહ્યા તે રીતે) વૃદ્ધાવસ્થામાં સ્થિર વાસે રહેલા છતાં ચિરસંચિત કર્મ (સમૂહ)નો નાશ કરે છે. (૩૯૦)

પાંચ સમિતિથી સમિત (સમ્યક્ પ્રવૃત્તિવાળા), અને ત્રણ ગુપ્તિ (મન-

तम्हा सव्वाणुन्ना, सव्वनिसेहो य पवयणे नत्थि ।
आयं वयं तुलिज्जा, लाहाकंखि व्व वाणियओ ॥३९२॥

धम्मंमि नत्थि माया, न य कवडं नाणुवत्तिभणियं वा ।
फुडपागडमकुडिल्लं, धम्मवयणमुज्जुयं जाण ॥३९३॥

વચન-કાયાએ સત્પ્રવૃત્તિ-અસત્ નિવૃત્તિ)થી ગુપ્ત (સુરક્ષિત), તથા (૧૭ પ્રકારે) સંયમ, (૧૨ પ્રકારે) તપ અને (૧૦ પ્રકારના યતિધર્મ સહિત સાધ્વાચાર રૂપ) ચરણમાં ઉદ્યુક્ત મુનિઓને (કદાચ) એકસો વરસ સુધી પણ એક જ ક્ષેત્રે રહેવું પડે, તો ય એમને (તીર્થંકર-ગણધર ભગવંતોએ) આરાધક કહ્યા છે. (૩૯૧)

એટલા જ માટે સર્વજ્ઞના આગમમાં (બધા જ કર્તવ્યો અંગે આ કરવું જ એવી સર્વથા અનુજ્ઞા નથી) તેમજ (બધા જ અ-કર્તવ્ય અંગે 'આમ ન જ કરવું' એવો) સર્વથા નિષેધ નથી. (કારણ આગમમાં સર્વ કર્તવ્યો-અકર્તવ્યોનું દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવની અપેક્ષાએ વિધાન-નિષેધ છે. તેથી ક્યારેક તેવા વિચિત્ર દ્રવ્ય-ક્ષેત્રાદિની અપેક્ષાએ વિધેયના ત્યાગનો કે નિષિદ્ધના આદરનો અવસર આવે. એટલા માટે) 'આયં વયં તુલિજ્જા' = જ્ઞાનાદિના લાભ અને હાનિની તુલના કરવી; જેમકે લાભની આકાંક્ષાવાળો વણિક (વેપારાદિમાં નફા-નુકસાનનો હિસાબ માંડી) બહુ લાભવાળી પ્રવૃત્તિ કરે છે. મુનિએ અહીં પ્રવૃત્તિ નિવૃત્તિમાં ધ્યાન આ રાખવાનું કે રાગ-દ્વેષના ત્યાગ પૂર્વક સ્વાત્માને સમ્યગ્ સંતોષવો. પરંતુ માયાથી દુષ્ટ આલંબન ન લેવું. કેમકે (૩૯૨)

(હે જીવ !) તું સમજ કે ધર્મ (તો સદ્ભાવ-સરળ ભાવથી સાધ્ય છે તેથી એ)માં માયાનો અત્યંત ત્યાગ હોય, 'કપટ' = બીજાને ઠગવાની પ્રવૃત્તિ ન હોય, અથવા 'આણુવત્તિ ભણિયં' = બોલવાનું (સદોષ) બીજાને આવર્જવા માટે ન હોય, કિંતુ 'સ્ફુટ' = સ્પષ્ટ અક્ષરવાળા, 'પ્રકટ' = શરમાવું ન પડે એવાં, 'અકુટિલ' = માયારહિત ધર્મવચન એ 'ઋજુ' = મોક્ષ પ્રત્યે અનુકૂળ છે. (૩૯૩)



नवि धम्मस्स भडक्का, उक्कोडा वंचणा व कवडं वा ।
निच्छम्मो किर धम्मो, सदेवमणुआसुरे लोए ॥३९४॥

❉ भिक्खू गीयमगीए, अभिसेए तहय चेव रायणिए ।
एवं तु पुरिसवत्थुं, दव्वाइ चउव्विहं सेसं ॥३९५॥

❉ चरणइयारो दुविहो, मूलगुणे चेव उत्तरगुणे य ।
मूलगुणे छट्ठाणा, पढमो पुण नवविहो तत्थ ॥३९६॥

'ભડક્કા' (મોટું આસન વગેરે) ભપકો આડંબર એ ધર્મનું (સાધન) નથી, (એમ) 'ઉક્કોડા' = ('તેમ મને આ આપો તો હું આ ધર્મ કરું' એવા રૂપનો) બદલો, યા 'વંચના' = (સામો કંઈક આપે માટે તત્ત્વજ્ઞાનાદિ આપવાની) માયાભરી ચતુરાઈ અથવા 'કપટ' = માયાચાર (પરને ઠગવાની પ્રવૃત્તિ), એ ધર્મનું સાધન નથી. (પૂર્વ ગાથા ૫૨ આ પુનરુક્તિ કરી તે માયા સાથે ધર્મને અત્યંત વિરોધ બતાવવા. આ અત્યંત વિરોધ હોવાથી જ કહે છે.) 'નિશ્છદ્મ' = માયા (બહાના) રહિત હોય તે જ 'કિર ધર્મ' = આપ્તોક્ત ધર્મ તરીકે દેવ-મનુષ્ય-અસુર (ભવનપતિ) સહિત લોકમાં પ્રવર્તે છે. (૩૯૪)

(૩૯૨મી ગાથામાં આય-વ્યય તોલીને વર્તવાનું કહ્યું, તો એ શાને આશ્રીને તોલવાના ? તો કે) સાધુ ગીતાર્થ (આગમજ્ઞાતા), અગીતાર્થ, 'અભિષેક' = ઉપાધ્યાય, 'તથા ચ' = આચાર્ય, 'ચેવ' = સ્થવિર-ગણાવચ્છેદક, પ્રવર્તક 'રાયણિએ' = રત્નાધિક (ચારિત્ર પર્યાયે અધિક) એ પ્રમાણે પુરુષ વસ્તુ આશ્રીને આય-વ્યયની તુલના કરવાની. બાકી દ્રવ્યાદિ (દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ) ચાર પ્રકારને આશ્રીને તોલવાનું. (અલબત્ત દ્રવ્યાદિ ચાર પૈકી દ્રવ્યમાં 'પુરુષ' સમાઈ જાય, કિન્તુ અહીં અલગ લીધા તે એની પ્રધાનતા બતાવવા. હવે આ રીતે ન તોલે તો અતિચાર લાગે.) (૩૯૫)

(અતિચાર સામાન્યથી રત્નત્રયી અંગે લાગે. વિશેષથી), ચારિત્રમાં અતિચાર (અતિક્રમણ) બે પ્રકારે, ૧. મૂળગુણમાં, તથા ૨. ઉત્તરગુણમાં (એમાં) મૂળગુણમાં છ 'સ્થાન' (પ્રાણાતિપાત-વિરમણથી રાત્રિભોજન-વિરમણ સુધી) અતિચારના વિષય હોય છે. (૩૯૬)

❈ सेसुक्कोसो मज्झिम-जहन्नओ वा भवे चउद्धा उ ।
उत्तरगुणऽणेगविहो, दंसणनाणेसु अट्ठट्ठ ॥३९७॥

❈ जं जयइ अगीअत्थो, जं च अगीयत्थनिस्सिओ जयइ ।
वट्टावेई य गच्छं, अणंतसंसारिओ होइ ॥३९८॥

❈ कह उ ? जयंतो साहू, वट्टावेई य जो उ गच्छं तु ।
संजमजुत्तो होउं, अणंतसंसारिओ होइ ? ॥३९९॥

---

એમાં ય પહેલો મૂળગુણ પ્રાણાતિપાત-વિરમણ (પૃથ્વી આદિ ૫ સ્થાવર કાય + ૩ વિકલેન્દ્રિય + ૧ પંચેન્દ્રિય, એ નવની રક્ષા કરવાની હોવાથી) નવ પ્રકારે છે. (અતિચારનાં ૯ સ્થાન.)

બાકીના (મૃષાવાદ-વિરમણાદિ પાંચ અતિચારનાં સ્થાન બને. તેમાં મૃષાવાદાદિ અતિચાર) ઉત્કૃષ્ટ મધ્યમ-જઘન્ય (એમ ૩ પ્રકારે) હોય, અથવા (દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી, એમ) ૪ પ્રકારે હોય. 'ઉત્તરગુણ' = પિંડ વિશુદ્ધિ આદિ (અંગેના અતિચાર) અનેક પ્રકારે બને. તેમજ, દર્શન-જ્ઞાનમાં (૮-૮ આચાર હોવાથી અતિચારના સ્થાન) ૮-૮ છે. (અહીં દર્શન-જ્ઞાન કરતાં ચારિત્રના અતિચાર પહેલા કહેવાનું કારણ ચારિત્ર એ મોક્ષનું અંતરંગ સ્વરૂપ છે. મોક્ષ સંપૂર્ણ સ્થિર આત્મસ્વરૂપ છે, ને ચારિત્ર અંશે સ્થિરતારૂપ છે.) (૩૯૭)

(અતિચાર અસત્પ્રવૃત્તિથી લાગે. સત્પ્રવૃત્તિ જ્ઞાન પૂર્વકના પ્રયત્નથી થાય, નહિતર) 'અગીતાર્થ' = શાસ્ત્રજ્ઞાન વિનાનો જે કાંઈ (તપ-ક્રિયાદિમાં) યત્ન કરે છે અને અગીતાર્થની નિશ્રામાં રહેલો (અગીતાર્થને ગુરુ કરીને) યત્ન કરે છે; તેમજ ગચ્છ ચલાવે છે. ('ચ શબ્દથી અજ્ઞ છતાં અભિમાનથી ગ્રંથોની વ્યાખ્યા કરે છે.) તે અનંત સંસારી બને છે.) (૩૯૮)

(સવાલ થાય,-તપ-ક્રિયામાં) પ્રયત્ન કરનારો સાધુ, તથા જે ગચ્છને ચલાવે તે, (અને 'તથા' ગ્રંથોની વ્યાખ્યા કરનાર) સંયમયુક્ત હોવા છતાં માત્ર અગીતાર્થ હોઈને કેમ અનંત સંસારી થાય ? (૩૯૯)



❈ दव्वं खित्तं कालं, भावं पुरिस पडिसेवणाओ उ ।
नवि जाणइ अगीअत्थो, उस्सग्गववाइयं चेव ॥४००॥

❈ जहट्ठियदव्व न याणइ, सचित्ताचित्तमीसियं चेव ।
कप्पाकप्पं च तहा, जुग्गं वा जस्स जं होई ॥४०१॥

❈ जहठियखित्त न जाणइ, अद्धाणे जणवए अ जं भणियं ।
कालं पि अ नवि जाणइ, सुभिक्ख-दुभिक्ख जं कप्पं ॥४०२॥
भावे हट्ठगिलाणं, न वि याणइ गाढाऽगाढकप्पं च ।
सहु असहुपुरिसरूवं, वत्थुमवत्थुं च नवि जाणे ॥४०३॥

---

(ઉત્તરમાં,-) અગીતાર્થ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પુરુષ અને 'પ્રતિસેવના' = નિષિદ્ધ આચરણને જાણતો નથી; તેમજ ઉત્સર્ગમાર્ગનું-અપવાદમાર્ગનું (અનુષ્ઠાન) 'એવ' = તદ્ગત ગુણદોષને જાણતો નથી. (તેથી અજ્ઞાનતાથી વિપરીત વર્તી સાનુબંધ-કર્મબંધ કરી અનંત સંસારી થાય છે.) (૪૦૦)

(પૂર્વના દ્વાર ગાથાના પ્રત્યેક પદનો વિચાર : અગીતાર્થ સાધુ) દ્રવ્યના વિષયમાં યથાસ્થિત દ્રવ્ય નથી જાણતો કે 'આ દ્રવ્ય સચિત્ત છે ? કે અચિત્ત છે ? યા મિશ્ર છે ?' એમ 'સાધુને કલ્પ્ય છે ? કે અકલ્પ્ય ?' અથવા સાધુને યોગ્ય છે કે અયોગ્ય ? યા 'જસ્સ જં હોઈ' (ગ્લાન-બાળ-તપસી આદિ)ને શું પ્રાયોગ્ય છે ? (અગીતાર્થ આ કશું ન જાણે) (૪૦૧)

(અગીતાર્થ) યથાસ્થિત ક્ષેત્રને ન સમજે (કે સંયમને આ ઉપકારક છે ? કે અપકારક ? તથા વિહારના માર્ગમાં તેમજ (તે તે) ગામ-નગરાદિ દેશમાં જિનાગમે કર્તવ્ય તરીકે જે કહ્યું છે તે નથી જાણતો (એમ, યથાસ્થિત કાળને પણ નથી ઓળખતો કે સુકાળ-દુષ્કાળને યોગ્ય (વસ્તુ કે કરણીય) શું છે ? (૪૦૨)

(અગીતાર્થ) ભાવના વિષયમાં ન જાણે કે (સાધુ) નીરોગી છે કે રોગિષ્ઠ છે ? તેમ ગાઢ પ્રયોજનમાં શું કલ્પ્ય ? ને સામાન્ય પ્રયોજનમાં શું કલ્પ્ય છે ? ઉચિત શું છે ? એમ, 'પુરુષના' વિષયમાં એ પણ ન જાણતો હોય કે

पडिसेवणा चउद्धा, आउट्टिपमायदप्पकप्पेसु ।
न वि जाणइ अग्गीओ, पच्छित्तं चेव जं तत्थ ॥४०४॥

जह नाम कोइ पुरिसो, नयणविहूणो अदेसकुसलो य ।
कंताराडविभीमे, मग्गपणट्ठस्स सत्थस्स ॥४०५॥

इच्छइ य देसियत्तं, किं सो उ समत्थ देसियत्तस्स ।
दुग्गाइं अयाणंतो, नयणविहूणो कहं देसे ? ॥४०६॥

---

પુરુષ-સાધુ સહિષ્ણુ (ખડતલ-કઠોર-શરીરવાળો) છે ? કે અસહિષ્ણુ-સુકોમળ શરીરવાળો ? 'તુ' = કેળવાયેલું શરીર છે કે બીન કેળવાયેલું શરીર છે ? વસ્તુ આચાર્યાદિ છે કે સામાન્ય સાધુ છે ? એ પણ ન સમજે; (અર્થાત્ આમાં કેવી વ્યક્તિ છે અને એને શું યોગ્ય છે-અયોગ્ય છે એ નથી સમજી શકતો.) (૪૦૩)

'પ્રતિસેવના' = નિષિદ્ધ આચરણ ૪ પ્રકારે છે, આકુટ્ટિ-પ્રમાદ-દર્પ-કલ્પ (**આકુટ્ટિ** = ઈરાદાપૂર્વક જાણી જોઈને કરવું, **'પ્રમાદ'** = કંદર્પ, હાસ્ય-મશ્કરી આદિથી કરવું, **'દર્પ'** = આપત્તિથી નિષ્કારણ સેવવું, દા.ત. કૂદવું વગેરે, **'કલ્પ'** = કારણે શાસ્ત્ર-વિહિત કરવું.) અગીતાર્થ આ ભેદો તથા 'ય' = પેટાભેદો ન જાણે; તેમ જ (આલોચનાદિ) પ્રાયશ્ચિત્ત ન જાણે, 'ચેવ' = નિષિદ્ધ સેવાના ભાવ કયા બદલાયા ? કેમ બદલાયા ? વગેરે ન જાણે (અહીં 'ન જાણે' એ બહુવાર કહ્યું તેથી સૂચવ્યું કે આગમ વિના કોઈ પણ કર્તવ્ય-અકર્તવ્ય ન જણાય. સ્વમતિ-કલ્પનાનું તો સત્ય સાથે બંધાયેલું નહિ, તેથી મહામોહ રૂપ છે.) (૪૦૪)

દા.ત. જેમ કોઈ માણસ આંખ વિનાનો હોય અને 'અદેસકુસલો' = માર્ગ જાણવામાં અજ્ઞાન હોય, એ ભયંકર અટવીમાં માર્ગભૂલેલા સાર્થને માર્ગદર્શન બનવા (માર્ગે ચડાવવા) સમર્થ છે ? 'દુર્ગ = વિષમ = વાંકાચૂકાં અને ઊંચાનીચા કે સમતલ માર્ગને નહિ દેખી શકનારો અંધ કેવી રીતે (બીજાને) દોરનારો બની શકે ? (તદ્દન અસંભવ.) (૪૦૫/૪૦૬)



एवमगीयत्थोऽवि हु, जिणवयणपईवचक्खुपरिहीणो ।
दव्वाइं अयाणंतो, उस्सगववाइयं चेव ॥४०७॥

कह सो जयउ अगीओ ? कह ? वा कुणउ अगीयनिस्साए ।
कह ? वा करेउ गच्छं, सबालवुड्ढाउलं सो उ ॥४०८॥

❇ सुत्ते य इमं भणियं अप्पच्छित्ते य देइ पच्छित्तं ।
पच्छित्ते अइमत्तं, आसायण तस्स महई उ ॥४०९॥

आसायण मिच्छत्तं, आसायणवज्जणा उ सम्मतं ।
आसायणानिमित्तं, कुव्वइ दीहं च संसारं ॥४१०॥

---

એ પ્રમાણે અગીતાર્થ પણ (ત્રિભુવન ભવનપ્રકાશક) દીપક સમાન જિનવચનરૂપી ચક્ષુ વિનાનો (અર્થાત્ તત્ત્વદર્શનમાં અંધ) એ દ્રવ્યાદિને તથા ઉત્સર્ગ અપવાદના અનુષ્ઠાનને જ નહિ જાણતો, એ અગીતાર્થ ઉચિત પ્રયત્નને શી રીતે કરે ? અથવા કોઈ એવા અગીતાર્થની નિશ્રાએ રહી કેવી રીતે (હિતને) સાધી શકે ? અથવા બાળવૃદ્ધોથી (ને તપસ્વી-મહેમાન મુનિઓથી) ભરેલા ગચ્છને શી રીતે યથાયોગ્ય સંભાળી શકે ? (કેમકે ગચ્છ સંભાળવાના ઉપાયનો અનભિજ્ઞ છે, ઊલટું 'તુ' શબ્દથી વિપરીત પ્રવૃત્તિથી અનર્થ સર્જે !) (૪૦૭/૪૦૮)

આગમમાં આમ કહ્યું છે કે પ્રાયશ્ચિત્તને પાત્ર નહિ એવાને પ્રાયશ્ચિત્ત આપે, અથવા પ્રાયશ્ચિત્ત પાત્રને અત્યધિક (પ્રાયશ્ચિત્ત) આપે, તેને (જ્ઞાનાદિની પ્રાપ્તિમાં શાતન-નાશ આદિ કરવારૂપ) મોટી આશાતનાઓ લાગે. (કેમકે અત્યધિક પ્રાયશ્ચિત્ત વહન કરવામાં એટલો સમય જ્ઞાનાદિની નવી પ્રાપ્તિ અટકે.) (૪૦૯)

આશાતના (જ્ઞાનાદિના નાશરૂપ હોઈ, સાક્ષાત્) મિથ્યાત્વ છે. આશાતનાથી બચવું એ (સાક્ષાત્) સમ્યક્ત્વરૂપ છે. (કેમકે આશાતના-વર્જનનો પરિણામ સમ્યક્ત્વ છે. એટલા જ માટે અગીતાર્થ અત્યધીક પ્રાયશ્ચિત્ત-દાનાદિ અવિધિ સેવવા દ્વારા) આશાતના કરવાના નિમિત્તે પોતાનો સંસાર દીર્ઘ અને 'ચ' = ક્લિષ્ટ સર્જે છે. (૪૧૦)

**एए दोसा जम्हा, अगीय जयंतस्सऽगीयनिस्साए ।**
**वड्ढावेइ गच्छस्स य, जोवि गणं देइ अगीयस्स ॥४११॥**

**अबहुस्सुओ तवस्सी विहरिउकामी अजाणिऊण पहं ।**
**अवराहपयसयाइं, काऊण वि जो न याणेइ ॥४१२॥**

**देसियराइयसोहिय, वयाइयारे य जो न याणेइ ।**
**अविसुद्धस्स न वड्ढइ, गुणसेढी तत्तिया ठाइ ॥४१३॥**

---

(સારાંશ) જે કારણથી (૧) અગીતાર્થપણામાં કરાતા સ્વયં આરાધનાના પ્રયત્નોમાં તથા (૨) બીજા અગીતાર્થની નિશ્રાએ રહી કરાતા આરાધનાના પ્રયત્નોમાં આ બધા દોષો છે, તેથી જ (સ્વયં અગીતાર્થ બન્યો રહી) જે ગચ્છને ચલાવે છે, તથા (૩) જે અગીતાર્થને ગચ્છ સોંપે છે, તેને પણ આ બધા દોષો લાગે છે, (તેથી શાસ્ત્રબોધ વિષે ધરખમ પ્રયત્ન કરવો જોઈએ. અહીં સુધી દ્વાર ગાથા વિવેચન પૂરું થયું.) (૪૧૧)

(હવે અલ્પ આગમજ્ઞાનવાળાની પણ એવી જ સ્થિતિ બતાવે છે,)

જે મોક્ષ માર્ગને નહિ જાણવાને લીધે 'અવરાહ' = 'સેંકડો અતિચારસ્થાન' સેવે છે, કારણ કે એ 'અ-બહુશ્રુત' = વિશિષ્ટ શ્રુતરહિત છે, છતાં ય જે 'વિહરિઉકામો' = ગીતાર્થ વિના એકલો વિચરવાની-રહેવાની ઈચ્છાવાળો હોય છે, એ પછી ભલે 'તવસ્સી' વિકૃષ્ટ તપ (અઠ્ઠમ ઉપરના તપ)થી શરીરને તપાવી (શોષાવી) નાખનારો હોય (તો પણ એની ગુણશ્રેણી વધતી નથી) દૈવસિક-રાત્રિક (અતિચારો)ની 'સોહિય' = પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ-પ્રક્ષાલનને, તથા (મૂળ-ઉત્તર ગુણરૂપ) વ્રતોના ખંડન-અતિચારના સ્વરૂપને જે જાણતો નથી, એવા અવિશુદ્ધની 'ગુણ-શ્રેણિ' = જ્ઞાનાદિગુણ સોપાન આરોહણા વધતી નથી કિંતુ (પૂર્વે હતી) તેટલી જ રહે છે. (અહીં ટીકામાં વિશેષ લખ્યું છે કે ગુરુનિશ્રારહિતને ય પોતે પ્રાયશ્ચિત્ત-શુદ્ધ અને સમ્યક્ પ્રવૃત્તિવાળો હોવા છતાં ગુણશ્રેણિ વધતી નથી, પૂર્વે જેટલી જ રહે છે; કેમકે ગુણવાન ગુરુનો



❊ **अप्पागमो किलिस्सइ, जइ वि करेइ अइदुक्करं तु तवं ।**
**सुंदरबुद्धीए कयं, बहुयं पि न सुंदरं होइ ॥४१४॥**

**अपरिच्छियसुयनिहसस्स, केवलमभिन्नसुत्तचारिस्स ।**
**सव्वुज्जमेण वि कयं, अन्नाणतवे बहुं पडइ ॥४१५॥**

---

યોગ જ ગુણશ્રેણિવૃદ્ધિનું કારણ છે. એમાં ય થોડું જાણનાર એકાકી મુનિ સંક્લિષ્ટ ચિત્તવાળો હોય તો એની ગુણશ્રેણિ તો નષ્ટ જ થઈ જાય છે, અને એને પૂર્વોક્ત અનંત-સંસારિતા નીપજે છે.) (૪૧૨/૪૧૩)

'અલ્પાગમ' = થોડું ભણેલો જો કે અતિ દુષ્કર જ (માસખમણાદિ) તપ કરતો હોય, તો પણ તે માત્ર (અજ્ઞાન) કષ્ટ જ ભોગવી રહ્યો છે. કેમકે પોતાની કલ્પનાનુસાર 'આ સુંદર છે' એવી બુદ્ધિથી કરાયેલું ઘણું પણ (વાસ્તવમાં) સુંદર નથી હોતું, (કારણ, એ અજ્ઞાનથી ઉપહત છે, જેમકે લૌકિક ઋષિઓનાં તપ-કષ્ટ.) (૪૧૪)

'શ્રુતનિકષ' = આગમના સમ્યગ્ભાવને-રહસ્યને (અર્થાત્ ઉત્સર્ગ અપવાદાદિના વિષય વિભાગવાર) સારી રીતે નિશ્ચિતપણે નહિ જાણતો અને માત્ર 'અભિન્ન' = વિવરણહીન-વિશિષ્ટ વ્યાખ્યાન રહિત સૂત્રમાત્રનો અનુસારે 'ચારિ' = ચારિત્ર-અનુષ્ઠાન કરવાનાં સ્વભાવવાળો, એના સમસ્ત પ્રયત્નથી પણ કરાયેલા અનુષ્ઠાન ઘણું તો (પંચાગ્નિ સેવનાદિ સ્વરૂપ) અજ્ઞાન તપમાં પડે છે, (માત્ર થોડું જ આગમાનુસારિતામાં આવે છે, કેમકે ઉપર કહ્યું તેમ એને વિષય વિભાગનું જ્ઞાન નથી. તે આ રીતે-સૂત્રમાં સામાન્યથી કહેલ પદાર્થ સૂત્રની વ્યાખ્યામાં-વિવરણમાં વિશેષરૂપે દર્શાવાય છે, જેથી પૂર્વાપરમાં કહેલ ઉત્સર્ગ-સૂત્ર યા અપવાદ-સૂત્ર સાથે વિરોધ ન આવે. 'વિવરણ' વિના આ ક્યાંથી સમજે ? વળી જો સૂત્રમાત્ર-કાર્યકારી હોય, અર્થાત્ એકલો સૂત્રનો યથાશ્રુત અર્થ જ લેવાનો હોય, પરંતુ એના પર વિચારણા ન કરવાની હોય, તો 'અનુયોગ' પૂર્વાચાર્યોની વ્યાખ્યાઓ નિરર્થક બને ! દા.ત.) (૪૧૫)

जह दाइयम्मि वि पहे, तस्स विसेसे पहस्सऽयाणंतो ।
पहिओ किलिस्सइ च्चिय, तह लिंगायारसुअमित्तो ॥४१६॥

❉ कप्पाकप्पं एसणमणेसणं चरणकरणसेहविहिं ।
पायच्छित्तविहिं पि य, दव्वाइगुणेसु अ समग्गं ॥४१७॥

❉ पव्वायणविहिमुट्ठावणं च, अज्जाविहिं निरवसेसं ।
उस्सग्गववायविहिं, अयाणमाणो कहं ? जयउ ॥४१८॥

---

જેમ પ્રવાસમાર્ગ માત્ર દિગ્દર્શનરૂપે તો બતાવ્યો હોય તો પણ પ્રવાસી (વચલા ગામ, એની વચમાં શું શું, તથા સભય-નિર્ભય કેટલું, વગેરે) વિશેષોને નહિ જાણતો (ભૂખ, ચોર આદિથી) કષ્ટ પામે જ છે, તે જ પ્રમાણે 'લિંગ' = રજાહરણાદિ વેશ, 'આચાર' = માત્ર સૂત્રને અનુસરી આપમતિથી કરાતી ક્રિયા, તથા 'શ્રુતમાત્ર' = વિશિષ્ટ અર્થરહિત સૂત્રમાત્રવાળો (અલ્પજ્ઞાની પણ બહુ અપાયોથી કષ્ટ જ પામે છે.) (૪૧૬)

(આટલું આટલું ન જાણે એ નિર્મળ ચારિત્રના પ્રયત્ન શો કરી શકે ? દા.ત.) 'કપ્પાકપ્પ' = સાધુને કલ્પ્ય-અકલ્પ્ય (ઉચિતાનુચિત), યા માસકલ્પ સ્થવિરકલ્પાદિ-તદિતર, 'એસણ૰' = ગવેષણા-ગ્રહણૈષણા -ગ્રાસૈષ્ણામાં નિર્દોષતા-સદોષતા, 'ચરણ' = મૂળગુણ મહાવ્રતાદિની ચરણસિત્તરી, 'કરણ' = ઉત્તરગુણ પિંડવિશુદ્ધિ આદિની કરણ-સિત્તરી, તથા 'સેહ' = દીક્ષાર્થી યા નૂતન દીક્ષિતને સામાચારી શિક્ષણની ક્રમ વિધિ, (તેમાં આલોચનાદિ) પ્રાયશ્ચિત્ત વિધિ, (એ કેવાને શું અપાય ? અને એ કેમ કરાવાય ? એ વિધિ,) તે પણ "દ્રવ્યાદિ ગુણેષુ" = દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના સારા-નરસા સંયોગોમાં (દેયાદેયની) સમગ્ર વિધિ, (૪૧૭)

દીક્ષા-પ્રદાન વિધિ, 'ઉપસ્થાપના' = મહાવ્રતારોપણ (વિધિ) 'અજ્જા-વિધિ' = સાધ્વીગણપાલન-વિધિ ને સંપૂર્ણ ઉત્સર્ગ - અપવાદ વિધિ (દ્રવ્યાદિની અપેક્ષાએ કર્તવ્યાકર્તવ્ય માર્ગ)ને નહિ જાણનારો અલ્પજ્ઞ કેવી રીતે (શુદ્ધ સંયમનો) પ્રયત્ન કરી શકે ? (તેથી જ્ઞાનનો પ્રયત્ન કરવા જેવો. જ્ઞાનના અર્થીએ ગુરુ આરાધ્ય છે.) (૪૧૮)



सीसायरियकमेण य, जणेण गहियाइं सिप्पसत्थाइं ।
नज्जंति बहुविहाइं, न चक्खुमेत्ताणुसरियाइं ॥४१९॥

जह उज्जमिउं जाणइ, नाणी तव संजमे उवायविऊ ।
तह चक्खुमित्तदरिसण-सामायारी न याणंति ॥४२०॥

सिप्पाणि य सत्थाणि य, जाणंतोऽवि न य जुंजइ जो उ ।
तेसिं फलं न भुंजइ, इअ अजयंतो जई नाणी ॥४२१॥

❉ गारवतियपडिबद्धा, संजमकरणुज्जमम्मि सीअंता ।
निग्गंतूण गणाओ ( घराओ ), हिंडंति पमायरण्णम्मि-॥४२२॥

---

(લોકોત્તર સાધુ તો પછી, પણ લોકમાં ય તેવા વિવેક વિનાના) જન સામાન્ય વડે વિદ્યાર્થી-કલાચાર્યના ક્રમથી જ (ચિત્રાદિ) શિલ્પો અને (વ્યાકરણાદિ) શાસ્ત્રો ગ્રહણ કરાયા છે, ત્યારે જ એમને એનું 'નજ્જંતિ' = યથાર્થ જ્ઞાન થાય છે, કિન્તુ માત્ર આંખેથી બહુ પ્રકારના શિલ્પો અને શાસ્ત્રો જોયા અર્થાત્ સ્વબુદ્ધિથી ગ્રહણ કર્યા તેથી યથાર્થ બોધ નથી થતો. (તેથી આ આવ્યું કે,-) (૪૧૯)

જ્ઞાની અને તપ-સંયમને વિષે 'ઉપાયવિઉ' = તેથી આરાધનામાં કુશળ જેવી રીતે 'ઉજ્જમિઉં' = સમ્યગ્ અનુષ્ઠાન (આરાધના) કરવાનું જાણે છે, એવી રીતે માત્ર ચક્ષુથી (બીજાની ક્રિયા) જોઈ સામાચારી આચરનારા (સમ્યગ્ અનુષ્ઠાન કરવાનું) જાણતા નથી. (આમ જ્ઞાનની પ્રધાનતા સાંભળી જ્ઞાનમાત્રથી સંતોષ નથી વાળવાનો. કેમકે,-) (૪૨૦)

શિલ્પો અને શાસ્ત્રો જાણતો હોવાં છતાં જે (એને ક્રિયામાં) ન જોડતો = ન ઉતારતો હોય તે એનાં (દ્રવ્યલાભાદિ) ફળને ભોગવી શકતો નથી, એજ પ્રમાણે સાધુ પણ જ્ઞાની છતાં અનુષ્ઠાન વિનાનો હોય તો (મોક્ષ ફળ નથી પામતો.) (૪૨૧)

(જ્ઞાન છતાં ક્રિયા કેમ નહિ ? તો કે જ્ઞાની છતાં રસ-ઋદ્ધિ-શાતા) ગારવત્રિકમાં આસક્ત હોઈ 'સંયમ' = ષટ્કાય રક્ષાદિના આચરણ વિષયના

❈ नाणाहिओ वरतरं, हीणोऽवि हु पवयणं पभावंतो ।
न य दुक्करं करंतो, सुट्ठु वि अप्पागमो पुरिसो ॥४२३॥
नाणाहियस्स नाणं, पुज्जइ नाणा पवत्तए चरणं ।
जस्स पुण दुण्ह इक्कं पि नत्थि तस्स पुज्जए काइं ? ॥४२४॥
नाणं चरित्तहीणं, लिंगग्गहणं च दंसणविहीणं ।
संजमहीणं च तवं, जो चरइ निरत्थयं तस्स ॥४२५॥
❈ जहा खरो चंदणभारवाही, भारस्स भागी न हु चंदणस्स ।
एवं खु नाणी चरणेण हीणो, नाणस्स भागी न हु सुग्गईए ॥४२६॥

'ઉદ્યમે' = ઉત્સાહમાં શિથિલ બની જનારા ગચ્છમાંથી (નીકળી યથેષ્ટ પ્રવૃત્તિથી વિષય-કષાયરૂપી ચોર અને શિકારી પશુથી ભરેલા) પ્રમાદ-અરણ્યમાં વિચરતા હોય છે. (તેથી ક્રિયાહીન હોય છે.) (૪૨૨)

(કાંઈક ક્રિયારહિત જ્ઞાની, અને કંઈક જ્ઞાન રહિત ક્રિયાવાળો, બેમાં કોણ સારો ? તો કે) ચારિત્રથી હીન પણ (વાદ-વ્યાખ્યાનથી) પ્રવચનની પ્રભાવના કરનારો જ્ઞાનાધિક એ વધુ સારો છે, કિન્તુ (માસક્ષમણાદિ) દુષ્કરને સારી રીતે કરનારો પણ અલ્પજ્ઞાની તેવો નહિ. (કેમકે અલ્પજ્ઞ શાસ્ત્ર-વિધાનોનો અજાણ હોઈ ખરેખરું કેટલું આરાધે ?) (૪૨૩)

(જ્ઞાનની વડાઈ છે,-) જ્ઞાનાધિકનું જ્ઞાન પૂજાય છે, (કેમકે) જ્ઞાનથી ચારિત્ર પ્રવર્તે છે, (અને ચારિત્રી સાધુ જ્ઞાની હોય એટલે સહેજે પૂજાય.) જેનામાં જ્ઞાન-ચારિત્ર બેમાંથી એકેય નથી તેનું શું પૂજાય ? (વાસ્તવમાં જ્ઞાનચારિત્ર, દર્શન-ચારિત્ર, તપ-ચારિત્ર પરસ્પર સાપેક્ષ રહીને જ કાર્ય કરે છે; તેથી) (૪૨૪)

ચારિત્ર વિનાનું જ્ઞાન નિરર્થક છે. સમકિત વિનાનો સાધુવેશ નિરર્થક છે, સંયમ વિના જે તપ આચરે તે મોક્ષની અપેક્ષાએ નિષ્ફળ છે. (૪૨૫)

(ત્યાં જ્ઞાન એ ચારિત્ર વિના કેમ નકામું ? તો કે) જેવી રીતે ચંદનનો ભાર ઊંચકી લઈ જનાર ગધેડો ભારનો 'ભાગી' = ભાજનમાત્ર બને છે પરંતુ



संपागडपडिसेवी, काएसु वएसु जो न उज्जमइ ।
पवयणपाडणपरमो, सम्मत्तं कोमलं तस्स ॥४२७॥
चरणकरणपरिहीणो, जइ वि तवं चरइ सुट्ठु अइगुरुअं ।
सो तिल्लं व किणंतो, कंसियबुद्धो मुणेयव्वो ॥४२८॥
छज्जीवनिकायमहव्वयाण, परिपालणाइ जइधम्मो ।
जइ पुण ताइं न रक्खइ, भणाहि को नाम सो धम्मो ? ॥४२९॥
छज्जीवनिकायदयाविवज्जिओ, नेव दिक्खिओ न गिही ।
जइधम्माओ चुक्को, चुक्कइ गिहिदाणधम्माओ ॥४३०॥

ચંદન(ના શીતલ વિલેપનાદિ)નો ભાગી નહિ, એ પ્રમાણે ચારિત્રથી રહિત જ્ઞાની (માત્ર) જ્ઞાનનો ભાગી = ભાજન બને, કિન્તુ સુગતિ (મોક્ષ)નો ભાગી નહિ... (૪૨૬)

(ચારિત્રહીનનું દર્શન નિરર્થક :) જે સાધુ 'સુપાગડ' લોકના દેખતાં નિષિદ્ધને આચર્યા કરતો હોય, અને પૃથિવ્યાદિ ષટ્કાયની રક્ષામાં તેમજ (અહિંસાદિ) મહાવ્રતોમાં જે ઉદ્યમ નથી કરતો, ને તેથી જ શાસનની લઘુતા-પ્રધાન જીવન જીવતો હોય, તેનું સમ્યક્ત્વ 'કોમળ' અર્થાત્ ફોફા જેવું છે. (૪૨૭)

(ચારિત્રહીનનો તપ કેવો ? તો કે) ચરણ સિત્તરી કરણ-સિત્તરીનાં સંયમ વિનાનો જો કે (૪-૪ માસના ઉપવાસાદિ) સારા એવા અતિ કષ્ટમય તપ કરતો હોય તો ય તે 'કંસિયા' = આરિસાથી (માપીને તલ આપી માપ્યા વિના) તેલ ખરીદનાર મૂર્ખ ગામડિયા જેવો છે. (સાધુ મૂર્ખ એટલા માટે કે બહુ અલ્પ લઈને ઘણું હારે છે. તે આ રીતે કે,) (૪૨૮)

સાધુધર્મ છ જીવનિકાયની (રક્ષા) અને મહાવ્રતોના પાલનથી બને છે. (હવે) જો એનું પાલન-રક્ષણ ન કરે તો (હે શિષ્ય !) તું જ કહે કે એ કયો ધર્મ બને ? (અર્થાત્ ધર્મરૂપ જ ન બને.) (૪૨૯)

ષટ્ જીવનિકાયની દયાથી રહિત (અર્થાત્ જીવોને કચરનારો) એ દીક્ષિત સાધુ જ નથી, (કેમકે ચારિત્રહીન છે. તેમજ સાધુવેશ ધર્યો હોવાથી એ)

सव्वाओगे जह कोई, अमच्चो नरवइस्स घित्तूणं ।
आणाहरणे पावइ, वहबंधणदव्वहरणं च ॥४३१॥

तह छक्कायमहव्वय-सव्वनिवित्तीउ गिण्हिऊण जई ।
एक्कमवि विराहंतो, अमच्च-रण्णो हणइ बोहिं ॥४३२॥

❈ तो हयबोही य पच्छा, कयावराहाणुसरिसमियममियं ।
पुण वि भवोदहिं पडिओ, भमइ जरामरणदुग्गम्मि ॥४३३॥

---

ગૃહસ્થ પણ નથી. (આ સ્થિતિમાં એ) યતિ ધર્મથી ભ્રષ્ટ થયેલો ગૃહસ્થને શક્ય દાનધર્મથી પણ ચૂકે છે. (કારણ, સુસાધુને ગૃહસ્થનાં આહાર વસ્ત્રાદિ લેવા કલ્પે, પણ આવાનું કશું લેવું ન કલ્પે. આવાનાં ભાગ્યમાં સુસાધુને દાન પણ નહિ.) (૪૩૦)

(સંપૂર્ણ ગુણો તો અતિ દુર્લભ છે, તેથી જેટલો ધર્મ કરે તેટલું સારું નહિ ? હા, પણ તે દેશવિરતીમાં વિચિત્ર પ્રકારો હોવાથી ગૃહસ્થને સારું, કિન્તુ સર્વવિરતિધર સાધુને માટે સારું નહિ. એને તો થોડો પણ આજ્ઞાભંગ ભયંકર નિવડે.) જેમ કોઈ મંત્રી જે (રાજા પ્રસન્ન થવાથી રાજા પાસેથી) રાજા સંબંધી સર્વ અધિકાર મેળવીને ક્યારેક રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરે તો એને (દંડા વગેરેથી) માર, (દોરડાથી) બંધન, સંપત્તિનું અપહરણ, અને ('ચ' શબ્દથી યાવત્ મોત) મળે, (૪૩૧)

તેવી રીતે સાધુ ષટ્ જીવનિકાય અને મહાવ્રતોમાં (સર્વથા રક્ષા-પાલન કરવા રૂપના) 'નિવૃત્તિ' = નિયમો લઈને એક પણ (કાય કે મહાવ્રતની) વિરાધના કરતો 'અમર્ત્ય રાજા' = જિનેશ્વર ભગવાનની 'બોધિ' આજ્ઞાને હણે છે, અથવા (પરભવ માટે) 'બોધિ' = જૈનધર્મ-પ્રાપ્તિને હણે છે. (૪૩૨)

તેથી એમ બોધિને હણનારો પછીથી એ 'કય' = આજ્ઞાનિરપેક્ષ હૃદયે સેવેલા અતિચારોને અનુરૂપ આ (જ્ઞાનીદૃષ્ટ) 'અમિત' = અનંત સંસાર સમુદ્રમાં ફરીથી પણ પડી અતિગહન જરા-મૃત્યુના કિલ્લામાં ભટકતો થઈ જાય છે. (આ તો પરલોકના અનર્થ; પરંતુ અહીં પણ,) (૪૩૩)



❈ जइयाऽणेणं चत्तं, अप्पणयं नाणदंसणचरित्तं ।
तइया तस्स परेसुं, अणुकंपा नत्थि जीवेसु ॥४३४॥

❈ छक्कायरिऊण असंजयाण, लिंगावसेसमेत्ताणं ।
बहुअसंजमपवाहो, खारो मइलेइ सुट्ठुअरं ॥४३५॥

किं लिंगविड्डरीधारणेण ? कज्जम्मि अट्ठिए ठाणे ।
राया न होइ सयमेव धारयं चामराडोवे ॥४३६॥

जो सुत्तत्थविणिच्छिय-कयागमो मूलउत्तरगुणोहं ।
उव्वहइ सयाऽखलियो, सो लिक्खइ साहुलेक्खम्मि ॥४३७॥

---

જ્યારે એ (પુણ્યશાળીએ) પોતાના જ્ઞાનદર્શન-ચારિત્રને ફગાવી દીધા, ત્યારે (એમ કહેવાય કે) બીજા જીવો પર એને અનુકંપા નથી; (કેમકે એ અધર્મ પામવાના.) (૪૩૪)

(પૃથ્વીકાયાદિ) ષટ્ જીવનિકાયના દુશ્મન ભૂત અને 'અસંયત' મન-વચન-કાયાના યથેચ્છ પ્રવર્તક, તથા (એટલા જ માટે) રજોહરણને માત્ર ધરનારા (વેશધારી)ને ઘણો અસંયમનો પ્રવાહ (અને એના લીધે પાપ સમૂહ લાગે છે, ને તે) ક્ષાર છે; (વસ્ત્રાદિને તેવો ક્ષાર બાળીને ડાઘડુઘિયું કરે તેમ). (૪૩૫)

જો રજોહરણાદિ સાધુવેશ ધારણ કરીને 'કાર્યે' = સંયમરૂપી પ્રયોજન ન સરતું હોય તો તેવા વેશનો 'વિડ્ડર' = ફટાટોપ-આડંબર ધરવાથી શું ? (એ સાધુ જ નથી; જેમ) આપમેળે સિંહાસને બેસી ચામર અને (છત્ર ધ્વજ આદિનો) ફટાટોપ ધરતાં રાજા નથી બનાતું. (કેમકે ત્યાં રાજ્યસંપત્તિ-ખજાનો-પ્રજા-સેનાદિ પરિવાર વગેરે રાજાપણાનું કાર્ય નથી થતું. એ થતું હોય તો રાજા કહેવાય, એમ સંપૂર્ણ સંયમ પાલનથી સાધુ બનાય.) (૪૩૬)

જે કોઈ સૂત્ર-અર્થના (શ્રુતસાર-પરમાર્થ સમજવા સાથે) નિશ્ચયવાળો બની 'કૃતાગમઃ' આગમને જિનવચનને (આત્મસ્થ) કરે છે, અને 'મૂલોત્તરગુણૌઘ' = મહાવ્રત તથા પિંડવિશુદ્ધિ આદિ ગુણસમૂહને 'ઉદ્વહતિ' = સમ્યક્ બજાવીને જીવનના અંત સુધી પહોંચાડે છે, તથા હંમેશાં (સંયમમાં)

बहुदोससंकिलिट्ठो, नवरं मइलेइ चंचलसहावो ।
सुट्ठु वि वायामंतो, कायं न करेइ किंचि गुणं ॥४३८॥

❈ केसिंचि वरं मरणं, जीवियमन्नेसिमुभयमन्नेसिं ।
दद्दुरदेविच्छाए, अहियं केसिंचि उभयं पि ॥४३९॥

❈ केसिंचि य परलोगो, अन्नेसिं इत्थ होइ इहलोगो ।
कस्स वि दुण्णि वि लोगा, दोऽवि हया कस्सइ लोगा ॥४४०॥

---

'અસ્ખલિત' = નિરતિચાર રહે છે, તે સાધુને સાચા સાધુની ગણતરીમાં ગણના અપાય છે. બાકી,- (૪૩૭)

(અજ્ઞાન-ક્રોધ-મદાદિ) બહુ દોષોથી ચિત્ત સંક્લેશવાળો તો (વિષયાદિમાં) ભટકતા સ્વભાવનો બની (સ્વાત્માને) માત્ર મલિન કરનારો હોય છે. એ કાયાને (તપસ્યા વગેરેથી) ગાઢપણે પણ કષ્ટ આપનારો હોય, તોય (વિચારપૂર્વક વર્તનારો નહિ હોવાથી) તે કષ્ટ કરતો (પોતાના આત્માને કર્મક્ષયાદિ કશો) ગુણ નથી કરતો. (૪૩૮)

કેટલાકને મરણ સારું છે, બીજાઓને જીવવું સારું છે, તો અન્યોને (વળી જીવતર-મરણ) બંને સારા છે, ત્યારે કેટલાકને બંને અહિતકર હોય છે, - આ દર્દુરાંક નામના દેવતાની ઈચ્છાથી (ભગવાનની પ્રરૂપણા છે.) દેવે ચારને કહેલા શબ્દોના ભાવ પ્રભુશ્રી મહાવીર ભગવાને આ પ્રરૂપ્યો,-દેવે મને 'મરો' કહ્યું કેમકે અનંત સુખમય મોક્ષ રાહ જુએ છે. શ્રેણિકને 'જીવો' કહ્યું કેમકે મરે તો સીધી નરક છે. અભયને 'જીવો મરો' કહ્યું કેમકે જીવતાં સુખ અને ધર્મ છે, મર્યા પછી સ્વર્ગ છે. કાલ સૌકરિક કસાઈને 'જીવ નહિ, મર નહિ' કહ્યું, કેમકે અહીં કસાઈ વેડામાં ભયંકર સંક્લેશ અને મર્યા પછી ૭મી નરક છે." (૪૩૯)

કેટલાકને પરલોક હિતકર છે, (તો) બીજાઓને અહીં આ જન્મ હિતકર હોય છે. કોઈકને (વળી આ લોક પરલોક) બંને હિતકર હોય છે, (ત્યારે) કોઈને બંનેય ભાવ (સ્વકર્મથી) નષ્ટ (અર્થાત્ અહિતકર) છે. (૪૪૦)



छज्जीवकायविरओ, कायकिलेसेहिं सुट्ठु गुरुएहिं ।
न हु तस्स इमो लोगो, हवइऽस्सेगो परो लोगो ॥४४१॥

नरयनिरूद्धमईणं, दंडियमाईण जीवियं सेयं ।
बहुवायम्मि वि देहे, विसुज्झमाणस्स वरं मरणं ॥४४२॥

❈ तवनियमसुट्ठियाणं, कल्लाणं जीविअं पि मरणं पि ।
जीवंतऽज्जंति गुणा, मया वि पुण सुग्गइं जन्ति ॥४४३॥

अहियं मरणं अहियं च जीवियं पावकम्मकारीणं ।
तमसम्मि पडंति मया, वेरं वड्ढंति जीवंता ॥४४४॥

---

પૃથ્વીકાયાદિ ષટ્ જીવનિકાય જીવોને વિષે (સંહાર દ્વારા) 'વિરત' = વિશેષરૂપે આસક્ત હોય, પછી એ ભલેને પંચાગ્નિતપ, માસખમણ વગેરે) 'સુઠ્ઠુગુરુ = મોટા મોટા કષ્ટોથી યુક્ત હોય એવા (અજ્ઞાન તપસ્વી)ને આ ભવ (વિવેક વિનાના કષ્ટ-સહનથી દુઃખરૂપ, હોઈ સાર્થક) નથી. કિન્તુ એવાને (અહીંના અજ્ઞાન કષ્ટોપાર્જિત તુચ્છ પુણ્ય-સ્થાનના હિસાબે સુખકર) એકમાત્ર પરભવ છે. (૪૪૧)

(પરભવે) નરક પર કેન્દ્રિત બુદ્ધિવાળા રાજા વગેરેને અહીં જીવવું સારું છે, (ત્યારે) અહીં બહુ અસહ્ય 'અવાય' = અપાય, રોગ-વેદના, યા 'વાત' = વાયુદર્દ હોવા છતાં (પ્રશસ્ત ધ્યાનથી) વિશુદ્ધિના અધ્યવસાયવાળાને આગળ સુંદર ગતિ હોઈ) મરણ સારું છે. (૪૪૨)

તપ-નિયમ (સંયમના વિશિષ્ટ ગુણો)થી સારી રીતે ભાવિત થયેલા (રંગાયેલા)ને જીવન પણ 'કલ્યાણ' = હિતરૂપ છે, અને મરણ પણ કલ્યાણરૂપ છે, (કેમકે એ) જીવતાં ય (તપ સંયમાદિ) ગુણોને વધારે છે, અને મર્યા ય વળી સારી ગતિમાં જાય છે. (જીવન-મરણ બંનેમાંય ક્યાંય જરાક પણ અહિત થતું નથી.) (૪૪૩)

પાપકર્મો (ચોરી વગેરે) કરનારાને મરણ પણ અહિતરૂપ અને જીવન પણ અહિતરૂપ છે. કેમકે મરે ત્યારે નરક સ્વરૂપ અંધકારમાં પડે છે, અને

अवि इच्छंति अ मरणं, न य परपीडं करंति मणसाऽवि ।
जे सुविइयसुगइपहा, सोयरियसुओ जहा सुलसो ॥४४५॥

मूलग कुदंडगा दामगाणि, उच्छूलघंटिआओ य ।
पिंडेइ अपरितंतो, चउप्पया नत्थि य पसू वि ॥४४६॥

तह वत्थपायदंडग-उवगरणे जयणकज्जमुज्जुत्तो ।
जस्सऽट्ठाए किलिस्सइ, तं चिय मूढो न वि करेइ ॥४४७॥

❈ अरिहंतो भगवंतो, अहियं व हियं व नवि इहं किंचि ।
वारंति कारवेंति य, घित्तूण जणं बला हत्थे ॥४४८॥

જીવતાં થકા વૈરને-પાપને વધારે છે. (બંનેમાં અનર્થ. તેથી એ સમજીને વિવેકી મોત આવે તો ય પાપ નહિ કરે. વિવેક આ,-) (૪૪૪)

(જે વિવેકમાં મોક્ષગતિના માર્ગેને સારી રીતે સમજ્યો છે. તે વિવેકી જીવો જરૂર પડ્યે) હજી મોતને પસંદ કરે છે, કિન્તુ મનથી પણ બીજાને પીડા કરવાનું વિચારતા નથી; જેમકે કાલસૌકરિક કસાઈનો પુત્ર સુલસ. (૪૪૫) (હવે અવિવેક આ-)

(જેમ અવિવેકી માણસ જો કે પાસે એક બકરી જેવું) ચોપગું પશું ય નથી છતાં એને ગાંઠવાનો ખૂંટો, હંકારવાની દંડી, નાથવાની લગામ, ગળે લગાડવાની ઘંટડી...વગેરે અવિશ્રાન્તપણે એકઠું કરે છે. (૪૪૬)

તે પ્રમાણે મૂઢ જાણે જયણા કાર્ય માટે સજ્જ વસ્ત્ર પાત્ર દંડ વગેરે ઉપકરણ અવિશ્રાન્તપણે એકત્રિત કરે છે, પણ એ એકત્રિત કરવાનો ક્લેશ (કષ્ટ) જેના માટે અનુભવે છે, એ સંયમરક્ષા સંયમ-યતના જ નથી કરતો ! (આવાને તીર્થંકર ભગવાન કેમ રોકે નહિ ? તો કે) (૪૪૭)

અરિહંત ભગવાન પણ માણસને બળાત્કારે હાથમાં પકડીને સહેજ પણ અહિતથી રોકતા નથી કે હિત કરાવતા નથી. ('વા' શબ્દથી ઉપેક્ષણીય વસ્તુની ઉપેક્ષા કરાવતા નથી.) (૪૪૮)



❈ उवएसं पुण तं दिंति, जेण चरिएण कित्तिनिलयाणं ।
देवाणऽवि हुंति पहू, किमंग पुण मणुअमित्ताणं ॥४४९॥

वरमउडकिरीडधरो, चिंचइओ चवलकुंडलाहरणो ।
सक्को हिओवएसा, एरावणवाहणो जाओ ॥४५०॥

रयणुज्जलाइं जाइं, बत्तीसविमाणसयसहस्साइं ।
वज्जहरेण वराइं, हिओवएसेण लद्धाइं ॥४५१॥

सुरवइसमं विभूइं, जं पत्तो भरहचक्कवट्टी वि ।
माणुसलोगस्स पहू, तं जाण हिओवएसेण ॥४५२॥

लद्धूण तं सुइसुहं, जिणवयणुवएसममयबिंदुसमं ।
अप्पहियं कायव्वं, अहिएसु मणं न दायव्वं ॥४५३॥

અલબત્ત (ભગવાન) એવો ઉપદેશ આપે છે જે આચરીને એ કીર્તિના આશ્રયભૂત દેવતાઓનો પણ સ્વામી બને છે; તો પછી મનુષ્યમાત્રનો (સ્વામી રાજા બને એનું) પૂછવું જ શું ? (૪૪૯)

(હિતોપદેશ અવશ્ય સકલ કલ્યાણ-સાધક છે, દા.ત. કાર્તિક શેઠ) હિતોપદેશ આચરવાથી (ઉચ્ચરત્નમય) શ્રેષ્ઠ અગ્રભાવથી શોભતા મુગટને ધારણ કરનાર બાજુબંધાદિથી શોભતો, 'ચપલ' = તેજપ્રસારી કુંડલના આભૂષણયુક્ત તથા ઐરાવણ હાથીના વાહનવાળો શક્રેન્દ્ર થયો. (૪૫૦)

એ જ વજ્રધર ઈન્દ્રે જે (ઈન્દ્રનિલાદિ) રત્નોથી ચમકતા ૩૨ લાખ શ્રેષ્ઠ વિમાનો(ની માલિકી) મેળવી તે હિતોપદેશ(ના આચરણ)થી. (૪૫૧)

મનુષ્યલોકના (છખંડના) સ્વામી ભરત ચક્રવર્તીએ પણ ઈન્દ્ર જેવી સમૃદ્ધિ પ્રાપ્ત કરી, તે (પણ) હિતોપદેશ-આચરવાના પ્રભાવે બન્યું સમજ. (એ પ્રાપ્તિ કરાવવાનું સામર્થ્ય હિતોપદેશનું જ છે. માટે કર્તવ્ય શું ? તો કે,-) (૪૫૨)

શ્રોત્રને સુખદ અમૃતબિંદુ સમાન શ્રી જિનવચનોપદેશ પ્રાપ્ત કરીને આત્મહિત (કરનાર જિનવચનોએ કહેલું) કરવું જોઈએ, અને (જિનવચન-નિષિદ્ધ હિંસાદિ) અહિતને વિષે મન પણ નહિ લઈ જવું જોઈએ, (પછી

**हियमप्पणो करिंतो, कस्स न होइ गरुओ गुरू गण्णो ।**
**अहियं समायरंतो, कस्स न विप्पच्चओ होइ ? ॥४५४॥**

**जो नियमसीलतवसंजमेहिं, जुत्तो करेइ अप्पहियं ।**
**सो देवयं व पुज्जो, सीसे सिद्धत्थओ व्व जणे ॥४५५॥**

**सव्वो गुणेहिं गण्णो, गुणाहिअस्स जह लोहवीरस्स ।**
**संभंतमउडविडवो, सहस्सनयणो सययमेइ ॥४५६॥**

**चोरिक्कवंचणाकूडकवड-परदारदारूणमइस्स ।**
**तस्स च्चिय तं अहियं, पुणोऽवि वेरं जणो वहइ ॥४५७॥**

વચન, કાયા લઈ જવાની શી વાત ?) (૪૫૩)

(જિનવચનાનુસાર) આત્માના હિતને આચરનારો કોનો-'ગરુઓ ગુરુ' પ્રધાન આચાર્ય સમાન તથા 'ગણ્ય' = સર્વ કાર્યમાં પૂછવાલાયક નથી થતો ? (અર્થાત્ સર્વનો ગણ્ય મોટો ગુરુ થાય છે. ત્યારે) અહિતને આચરનારો કોને અવિશ્વસનીય નથી થતો ? (અહીં માને કે 'અમે હિતાચરણને યોગ્ય નથી, અમે શી રીતે હિત સાધીએ ?' તો એ બરાબર નથી, કેમકે અયોગ્યની કોઈ જન્મસિદ્ધ ખાણ નથી, કિન્તુ ગુણ હોય એ પૂજ્ય બને, ને ગુણો પ્રયત્ન સાધ્ય છે માટે ગુણોનો પ્રયત્ન કરો.) (૪૫૪)

વ્રત-નિયમ, શીલ, તપ, સંયમથી યુક્ત બની જે આત્મહિત સાધે છે, તે દેવની જેમ પૂજ્ય બને છે, (માંગલિક) સરસવની જેમ લોકમાં મસ્તકે ચડે છે. (તેની આજ્ઞા શિરોધાર્ય બને છે.) (૪૫૫)

સૌ કોઈ (જ્ઞાનાદિ) ગુણોથી ગણનીય-પૂજનીય બને છે, જેમ ઉત્કટ (સત્ત્વાદિ) ગુણોએ કરીને લોકમાં (કર્મ-શત્રુને મારી હટાવનાર) વીર તરીકે પ્રસિદ્ધ (મહાવીર ભગવાન)ની પાસે (અતિશય ભક્તિવશ) સંભ્રમથી હલી ઉઠેલા મુગટાગ્રવાળા શક્રેન્દ્ર સતત (વંદનાર્થે) આવ્યા કરતાં હતા. (ત્યારે ગુણહીનને ઊલટું છે; દા.ત.) (૪૫૬)

ચોરી, ઠગબાજી, કૂટવચન, કપટ (માનસિક શઠતા)ને પરસ્ત્રીને વિષે 'દારુણ' = પાપિષ્ઠ બુદ્ધિવાળાને એનું પોતાનું જ એ આચરણ (અહીં) અહિતકર



**जइ ता तणकंचणलुट्ठ-रयणसरिसोवमो जणो जाओ ।**
**तइया नणु वुच्छिन्नो, अहिलासो दव्वहरणम्मि ॥४५८॥**

**आजीवगणनेया, रज्जसिरिं पयहिऊण य जमाली ।**
**हियमप्पणो करिंतो, न य वयणिज्जे इह पडंतो ॥४५९॥**

❉ **इंदियकसायगारवमएहिं, सययं किलिट्ठपरिणामो ।**
**कम्मघणमहाजालं, अणुसमयं बंधइ जीवो ॥४६०॥**

થાય છે; અને ફરીથી પણ (પરલોકમાં) લોક એના 'વૈર' = ગુસ્સાનો અધ્યવસાય વહન કરે છે. ('આ પાપિષ્ઠ છે. એનું મોઢું જોવાલાયક નથી' એવા આક્રોશ-વચન બોલે છે.) (૪૫૭)

ત્યારે જો બુદ્ધિમાન મનુષ્ય તૃણ (ઘાસ) કે કંચન, માટીનું ઢેફું કે રત્ન(રાશિ) પ્રત્યે (નિસ્પૃહતાથી) સમાન બુદ્ધિવાળો બની જાય, તો તો નિશ્ચિત છે કે એને પરદ્રવ્ય-હરણની ઈચ્છા જ ખલાસ થઈ ગઈ. (માટે આ વિચારીને સન્માર્ગે ચાલવું. એમાં સ્ખલનાથી મોટાઓની પણ વાસ્તવિકતા યાને કિંમત ઊડી જાય છે.) (૪૫૮)

('દ્રવ્યલિંગ' = સાધુવેશ માત્રથી લોક પર આધાર રાખી જીવનારા) 'આજીવક' = નિહ્નવોના સમૂહનો નેતા જમાલિ રાજ્ય સંપત્તિ છોડી આવેલો ! (ને આગમ ભણેલો ! એણે જો 'કડેમાણે કડે' એ જિનવચનનો અપલાપ યાને નિહ્નવપણું ન કર્યું હોત ને) પોતાના આત્માનું (જિનોક્ત) હિત સાચવ્યું હોત તો 'અહીં' આ ભવમાં જ નિંદ્ય ન બનત. ('આ નિહ્નવ છે' એવી નિંદા ન પામત. દુષ્કર તપ-સંયમ કરવા છતાં હિત ભૂલવાથી છઠ્ઠા દેવલોકે ભંગી જેવું કિલ્બિષિક દેવપણું પામ્યો.) (૪૫૯)

ઈન્દ્રિયો-કષાયો-ગારવો અને મદ વડે સતત સંક્લિષ્ટ 'પરિણામ' = અધ્યવસાયવાળો જીવ પ્રત્યેક સમયે કર્મરૂપી મેઘના મોટા સમૂહને બાંધે છે, (આત્મપ્રદેશ સાથે એકમેક કરે છે. કર્મ એ જીવરૂપી ચંદ્રને આવરે છે માટે કર્મ એ મેઘ-વાદળ જેવા છે. આ ઈન્દ્રિયાદિથી વાસ્તવ સુખ કશું નથી; વિષયસુખ દુઃખ-પ્રતિકારરૂપ હોવાથી ખરજવાને ખણવા જેવું સુખ છે; પરંતુ

परपरिवायविसाला, अणेगकंदप्पविसयभोगेहिं ।
संसारत्था जीवा, अरइविणोअं करंतेवं ॥४६१॥
आरंभपायनिरया, लोइयरिसिणो तहा कुलिंगी य ।
दुहओ चुक्का नवरं, जीवंति दरिद्दजियलोयं ॥४६२॥
सव्वो न हिंसियव्वो, जह महीपालो तहा उदयपालो ।
न य अभयदाणवइणा, जणोवमाणेण होयव्वं ॥४६३॥

મહાઅરતિ નિવારણના લીધે જીવને સુખનો ભ્રમ થાય છે. તેથી અવિવેકી જીવ એવા સુખ વધારવા મથે છે.) (૪૬૦)

પરના અવર્ણવાદમાં લાંબા-પહોળા થનારા સંસારી (સકર્મા) જીવો અનેક પ્રકારના 'કંદર્પ' = પરિહાસ-વચન-હાસ્ય-વચન બોલીને તથા શબ્દાદિ વિષયોના ઉપભોગ કરીને (મૂઢતાથી) 'અરતિ-વિનોદ' = અરતિને હટાવવાનું જ કરતાં હોય છે. (પરંતુ એ હટતી નથી. એ અરતિ ફરી ફરી જાગ્યા જ કરે છે.) (અહીં નિંદા એ દ્વેષનું કાર્ય, વિષય-ભોગ એ રાગનું કાર્ય, ને સકર્મક્તા એ રાગદ્વેષનુ કાર્ય સૂચવ્યું. વિષય-ભોગના અભ્યાસથી ઈન્દ્રિયોને કુશળતા રહે, પરંતુ અરતિ-તૃષ્ણાદિ આત્મરોગો વધે છે.) (૪૬૧)

(વળી મૂઢતા કેવી, કે) 'આરંભ' = સ્નાનાદિમાં જીવહિંસા તથા 'પાક' = ધાન્યાદિથી યજ્ઞના ચરુ આદિના નિર્માણ, કે રસોઈ,-એ બેમાં આસક્ત 'લૌકિક ઋષિઓ' = સ્વબુદ્ધિએ માયારહિત તાપસો, તથા 'કુલિંગી = માયાવી બૌદ્ધ સાધુ આદિ (ગૃહસ્થીપણું અને સાધુપણું) બંનેથી ચૂકેલા (બિચારા) જીવે છે તે 'દારિદ્ર્ય જીવલોક' = દરિદ્રતાની જે દૈન્યવૃત્તિથી જીવિકાને જીવનારા હોય છે. (ગૃહસ્થ કરતાં વિલક્ષણ ચેષ્ટા, તેથી ગૃહસ્થપણું નહિ; હિંસાદિમાં પ્રવર્તમાન, તેથી સાધુપણું નહિ.) (૪૬૨)

(ત્યારે મોહ-મુક્ત જીવો આ જુએ છે, કે) સર્વ યાને કોઈ પણ જીવની હિંસા કરવા જેવી નથી, કિન્તુ જેમ 'મહીપાલ' = રાજા, તેમ 'ઉદકપાલ' = રંક, (બંને સમાન લેખવા યોગ્ય છે, અપમાન-તિરસ્કારને યોગ્ય નથી.) અભયદાનના સ્વામી(અભયદાનવ્રતી)એ સામાન્ય જન(ની ઉપમાવાળા અર્થાત્



पाविज्जइ इह वसणं, जणेण तं छगलओ असत्तुत्ति ।
न य कोई सोणियबलिं, करेइ वग्घेण देवाणं ॥४६४॥
❋ वच्चइ खणेण जीवो, पित्तानिलधाउसिंभखोभेहिं ।
उज्जमह मा विसीअह, तरतमजोगो इमो दुलहो ॥४६५॥
पंचिदियत्तणं माणुसत्तणं, आरिए जणे सुकुलं ।
साहुसमागम सुणणो, सद्दहणाऽरोग पव्वज्जा ॥४६६॥

લૌકિક) જેવા નહિ થવું જોઈએ. (અવિવેકી લૌકિક ધર્મવાળા કહે છે-"અગ્નિ મૂકનાર, ઝેર દેનાર, શસ્ત્ર ઉગામનાર, ધનચોર, પુત્રચોર, ને સ્ત્રીચોર, - આ છ આતતાયી છે, આને તથા વેદાન્ત પારગામીના હત્યારાને મારી નાખવા જોઈએ. એમાં પાપ નથી. જે એમ માને છે કે પીડા આપનારને પણ પીડા ન કરવી, તે બાયલા છે." આવા અવિવેકી લૌકિક જેવા ન થતાં અહિંસક બન્યા રહેવું.) (૪૬૩)

'ઈહ' = જગતમાં (અવિવેકી માણસ દ્વારા (નબળાને જ દુઃખ-સંકટ પમાડાય છે;) દા.ત. બકરો અશક્ત છે. માટે તેને (દેવી આગળ બળિદાન કરવા) દુઃખ પમાડાય છે. મેલા દેવો આગળ કોઈ વાઘથી (એના) લોહીની બળિ કરતું નથી. (માટે તું તેવો ન થતાં તારી હીલના તિરસ્કાર કરનાર નબળાને પણ ક્ષમા દેજે; ક્રોધ કે સામનો ન કરીશ; કેમકે આ માણસ માત્ર આ લોકનો અપકારી છે, ત્યારે ક્રોધ-હિંસા એ પરલોક-અપકારી છે. પરલોક કાળ દીર્ઘાતિદીર્ઘ છે. અહીં કેટલું જીવવાનું છે ?) (૪૬૪)

જીવ પિત્ત-વાયુ-રસ રુધિરાદિ ધાતુ કે કફના પ્રકોપથી ક્ષણવારમાં (પરલોક) ચાલ્યો જાય છે. (માટે હે શિષ્યો !) ઉદ્યમ કરો, (સદનુષ્ઠાનોમાં) વિષાદ-કંટાળો-શિથિલતા લાવો નહિ; (કેમકે) 'તરતમજોગો' = એકેકથી ચડિયાતા આ (હવે કહેવાશે તે) ધર્મના સાધન (-સામગ્રી)નો યોગ દુષ્પ્રાપ્ય છે. (એ જો અહીં મળેલ છે, તો પ્રમાદ કરવો ઉચિત નહિ.) (૪૬૫)

(એ ધર્મ-સાધનો આ,-) 'પંચેન્દ્રિયપણું' = સંપૂર્ણ પાંચે ઈન્દ્રિયો, મનુષ્યજન્મ, (તે પણ મગધાદિ) આર્યદેશમાં (જન્મ, એમાં ય ધર્મયોગ્ય) સારું

आउं संविल्लंतो, सिढिलंतो बंधणाइं सव्वाइं ।
देहट्ठिइं मुयंतो, झायइ कलुणं बहुं जीवो ॥४६७॥

❉ इक्कं पि नत्थि जं सुट्ठु, सुचरियं जह इमं बलं मज्झ ।
को नाम दढक्कारो, मरणंते मंदपुण्णस्स ? ॥४६८॥युग्मम्॥

सूल-विस-अहि-विसूई, पाणी-सत्थ-ग्गि-संभमेहिं च ।
देहंतरसंकमणं, करेइ जीवो मुहुत्तेण ॥४६९॥

---

કુળ, સદ્ગુરુસાધુ-સમાગમ, (ધર્મશાસ્ત્રોનું) શ્રવણ, (સાંભળેલા પર) 'શ્રદ્ધા' = 'આ એમજ છે' એવી તત્ત્વપ્રતીતિ (તત્ત્વપર દૃઢ વિશ્વાસ), નીરોગીપણું (સંયમભાર-વહનનું સામર્થ્ય), અને 'પ્રવ્રજ્યા' = સદ્વિવેકથી સર્વસંગ ત્યાગરૂપ ભાગવતી દીક્ષા. (આ બધા 'તરતમ યોગ' યાને ઉત્તરોત્તર ચડિયાતા અને અતિ દુર્લભ ધર્મકારણો છે. આવો ઉપદેશ છતાં વર્તમાન સુખમાં લુબ્ધ દુર્બુદ્ધિ ધર્મ કરતો નથી ! એ કેવો પસ્તાય છે, તો કે) (૪૬૬)

(પિત્તાદિના પ્રકોપથી ઉપક્રમ નજીક હોઈ આયુષ્યને સંકોચતો, સર્વ અંગોપાંગોના સાંધાઓને શિથિલ કરતો, અને (અંતે 'દેહસ્થિતિને'=) દેહવાસને, ('ચ' શબ્દથી પુત્ર-સ્ત્રી-ધન આદિને) છોડતો, એ (વિવેકીઓને દયા ઊપજે એવું) કરુણપણે બહુ પ્રકારનું ચિંતવે છે.- (કે અરેરે ! મેં હીનભાગીએ શીઘ્ર મોક્ષ આપે એવા મહાન જિનશાસનને પામવા છતાં વિષયલંપટતાથી સતત મહા દુઃખદાયી સંસારનાં જ કારણોરૂપ આરંભ-વિષય-પરિગ્રહ સેવ્યા ! તો હાય ! પરભવે મારે ઓથ કોની ?...) (૪૬૭)

(હાય !) એવું મારે એક પણ 'સુષ્ઠુ સુચરિતં' = સારી રીતે આચરેલું સુકૃત નથી કે જેથી મારી પાસે આ (સદ્ગતિમાં જવાનું) સામર્થ્ય હોય ! તો (જીવનમાં સારાં સુકૃતોની સામગ્રી હારી જવાથી યાને નિષ્ફળ કરવાથી) મરણનાં અંતકાળે મંદભાગી મારે દૃઢ આલંબન કોનું ? (એમ કરુણ રુદન કરે છે.) (૪૬૮)

(માત્ર પિત્તાદિના પ્રકોપથી જ આયુષ્યક્ષય નહિ, કિન્તુ) શૂળ, ઝેર, સર્પ, 'વિસૂઈ' = ઝાડા-ઊલટી, પાણી(નું પૂર), શસ્ત્ર, આગ, અને 'સંભ્રમ'



कत्तो चिंता सुचरिय-तवस्स गुणसुट्ठियस्स साहुस्स ? ।
सोग्गइ-गम-पडिहत्थो, जो अच्छइ नियम-भरियभरो ॥४७०॥

साहंति य फुडविअडं, मा-साहस-सउण-सरिसया जीवा ।
न य कम्मभार-गरुयत्तणेण तं आयरंति तहा ॥४७१॥

वग्घमुहम्मि अहिगओ, मंसं दंतंतराउ कड्ढेइ ।
मा-साहसं ति जंपइ, करेइ न य तं जहाभणियं ॥४७२॥

परिअट्टिऊण गंथत्थ-वित्थरं निहसिऊण परमत्थं ।
तं तह करेइ जह तं, न होइ सव्वं पि नडपढियं ॥४७३॥

---

= આઘાત (અતિભય વગેરેનો આંચકો હૃદયાઘાત)થી 'મુહુત્તેણ' = અતિ અલ્પકાળમાં, જીવ(આ દેહ છોડી) બીજા દેહમાં સંક્રમણ(ગમન) કરે છે. (અંતે આ ચિંતા ને શોક ધર્મ નહિ કરનારાને થાય છે; કિન્તુ) (૪૬૯)

જેણે સુંદર રીતે (અનશનાદિ ૧૨ પ્રકારનો) તપ આચર્યો છે, ને જે સંયમગુણમાં સુસ્થિર છે, એવા સાધુને (મોક્ષ સાધકને) ચિંતા ક્યાંથી હોય ? કે જે 'નિયમો' = દ્રવ્યાદિ અભિગ્રહોરૂપી માલથી ભરેલા ગાડાવાળા છે; ને માટે જ 'સોગ્ગઈ-ગમ-પડિહત્થો' = સ્વર્ગ-મોક્ષરૂપ સુગતિગમનમાં દક્ષ ચતુર છે. (અર્થાત્ આવા સાધુને જીવનમાં અંતે ચિંતા-શોક કરવાનો રહે જ નહિ.) (૪૭૦)

(લઘુકર્મી આત્માર્થી આમ આરાધે છે, પરંતુ ગુરુકર્મી માનાકાંક્ષી) 'મા સાહસ' પંખી જેવા જીવો બીજાઓને 'સ્ફુટ' = સ્પષ્ટપણે 'વિકટં' = વિસ્તારથી ઉપદેશે છે ખરા, પરંતુ કર્મના ભારથી ભારેપણાને લીધે તે (ઉપદેશેલ કર્તવ્ય)ને તે પ્રમાણે (સ્વયં) આચરતા નથી. (૪૭૧)

(મા સાહસ પંખીનું દૃષ્ટાંત આ પ્રમાણે-) (ખાઈ પી મોં ફાડી સૂતેલા) વાઘના મોંમાં પેઠેલું (પંખી, એ વાઘના) દાંતના આંતરાઓમાંથી માંસના કણિઆઓ ખેંચે (ને ખાય) છે, અને 'મા સાહસ' (સાહસ ન કરો) એમ બોલે છે, છતાં પોતે તે બોલવા પ્રમાણે (સાહસ ન કરવાનું) આચરતું નથી. (૪૭૨)

(માસાહસ પંખીની જેમ), સૂત્ર અને અર્થવિસ્તાર (અનેકવાર)

**पढइ नडो वेरग्गं, निव्विज्जिज्जा य बहुजणो जेण ।**
**पढिऊण तं तह सढो, जालेण जलं समोअरइ ॥४७४॥**

❋ **कह कह करेमि, कह मा करेमि, कह कह कयं बहुकयं मे ।**
**जो हिययसंपसारं, करेइ सो अइकरेइ हियं ॥४७५॥**

**सिढिलो अणायरकओ, अवसवसकओ तहा कयावकओ ।**
**सययं पमत्तसीलस्स, संजमो केरिसो होज्जा ? ॥४७६॥**

---

પુનરાવર્તનથી સારા અભ્યસ્ત કરીને, તથા (માત્ર અક્ષર પાઠ નહિ, કિન્તુ સોનાને કસોટી પર કસવાની જેમ) પરમાર્થને-સારને ખેંચીને પણ, (ભારે કર્મીપણાને લઈને) વર્તાવ એવી રીતે કરે છે કે એ બધું લઘુતા પામે છે, અને પરલોકે અનર્થ લાવનારું બને છે. જેમકે નટનું ભાષણ. તે આ રીતે,-) (૪૭૩)

નાટકીયો (સ્પષ્ટ ભાષાથી) વૈરાગ્ય(નાં વચન) બોલે છે, જેથી બહુ લોક સંસારથી ઉભગી જાય, (પરંતુ)શઠ એ 'તથા' = એવા જ અભિનય (હાવભાવ) સાચવીને વૈરાગ્યનું બોલીને (બહુજનને અસર થઈ જાય, એવી ધર્મકથા કરે,) એ (શઠ માણસ માછીમારની જેમ માછલા પકડવા) જાળ વડે પાણીમાં ઊતરે છે. (ધર્મકથારૂપી જાળથી ભોળા જીવોને આકર્ષી એમની પાસેથી આહાર-વસ્ત્રાદિ મેળવે છે, પણ પોતે સુખશીલિયો બની સંયમાદિ આરાધતો નથી.) (૪૭૪)

(માટે વિવેકથી પ્રતિક્ષણ આ વિચારવું, કે "હિતકર અનુષ્ઠાનો) હું કેવી રીતે (અતિશય આદરથી) કરું ? (અહિતકરમાં) કેમ ન ફસું ? કેવી કેવી રીતે કરેલું 'બહુકૃત' = બહુગુણકારી થાય ?" એમ જે (બુદ્ધિમાન) હૃદયમાં આ ભાવના કરે છે, તે આત્મહિતને 'અઈકરેઈ' = અત્યંત વેગથી સાધે છે. ('અતિશય આદરથી' એટલા માટે કહ્યું, કે) (૪૭૫)

સતત 'પ્રમાદશીલ'=વિષય-વાંછાવાળાને સંયમ શિથિલ (અતિચારભર્યું) હોય, (કેમકે) અનાદરથી-અયતનાથી કરાતું હોય, (વળી ક્યાંક યતના પણ બીજાના ભયથી કરે, 'અવસવસકઓ' ગુર્વાદિ પ્રત્યેની) પરવશતા-વશ આચરાતું હોય, (કિન્તુ આત્મ-ધર્મશ્રદ્ધાથી નહિ વળી ક્યારેક સંપૂર્ણ



**चंदु व्व कालपक्खे, परिहाइ पए पए पमायपरो ।**
**तह उग्घरविघरनिरंगणो य ण य इच्छियं लहइ ॥४७७॥**

**भीओव्विग्गनिलुक्को, पागडपच्छन्नदोससयकारी ।**
**अप्पच्चयं जणंतो, जणस्स धी जीवियं जियइ ॥४७८॥**

**न तहिं दिवसा पक्खा, मासा वरिसा वि संगणिज्जंति ।**
**जे मूलउत्तरगुणा, अक्खलिया ते गणिज्जंति ॥४७९॥**

---

આરાધનામય, તો ક્યારેક અવિચારીપણાને લીધે સંપૂર્ણ વિરાધનામય હોવાથી) 'કૃત-અપકૃત' = આરાધ્યા-વિરાધ્યા જેવું હોય, એ સંયમ કેવું ક હોય ? (કશીય કિંમતનું નહિ.) (૪૭૬)

'પદેપદે' સ્થાને સ્થાને પ્રમાદ-તત્પર (સાધુ) 'કાલપક્ષે' = કૃષ્ણ પક્ષના ચંદ્રની જેમ (ગુણોની અપેક્ષાએ) ક્ષીણ થતો જાય છે, અને ગૃહસ્થપણાનું ઘર તો ગયું, પરંતુ સાધુપણામાં ય વિશિષ્ટ મુકામ ન મળે, તેમજ અંગના પણ ગઈ, (એટલે સંક્લિષ્ટ અધ્યવસાયથી પ્રતિક્ષણ પાપ બાંધે છે, ને ઘર-ગૃહિણી વગેરે સાધન ન હોવાથી) ઇચ્છિત (વિષય)સુખ મળતું નથી. (૪૭૭)

(વળી એવો પ્રમાદી જીવ 'કોણ મને શું કહેશે ?' એમ) ભયભીત રહે છે, (ક્યાંય પણ ધૈર્ય-સ્થૈર્ય ન હોવાથી) ઉદ્વિગ્ન રહે છે, તેમજ (સંઘપુરુષો આદિના ભયથી) 'નિલુક્કો' = છુપાતો રહે છે; (કેમકે) પ્રગટ અને પ્રછન્ન (ગુપ્ત) સેંકડો દોષ સેવનારો હોય છે, (એટલા જ માટે એવો જીવ લોકને 'ખરેખર ! આમનો ધર્મ એમના શાસ્ત્રકારોએ આવો જ બતાવ્યો લાગે છે !' એવી બુદ્ધિ કરાવી) લોકોને ધર્મ પર અવિશ્વાસ પેદા કરનારો બની ધિક્કારપાત્ર જિંદગીને જીવે છે. (માટે નિરતિચાર સંયમ પાળવું.) (૪૭૮)

('ભલે સાતિચાર પણ મારે લાંબો ચારિત્ર પર્યાય હોઈ ઇષ્ટસિદ્ધ થશે' એમ નહિ માનવું, કેમકે) 'તહિં' = ધર્મના વિચારમાં ને ઇષ્ટસિદ્ધિમાં જે દિવસો, પખવાડિયા, મહિના અને વરસો પણ (માત્ર સારી સંખ્યામાં પસાર થાય તેટલા માત્રથી તે) ગણતરીમાં નથી આવતાં, કિન્તુ અસ્ખલિત નિરતિચાર મૂળ-ઉત્તર ગુણો (ની આરાધના)વાળા પસાર થયા તે જ ગણતરીમાં આવે છે;

**जो न वि दिणे दिणे संकलेइ, के अज्ज अज्जियामि गुणा ?।**
**अगुणेसु अ न हु खलिओ, कह सो करिज्ज अप्पहियं ॥४८०॥**
**इय गणियं इय तुलिअं, इय बहुआ दरिसियं नियमियं च ।**
**जह तह वि न पडिबुज्झइ, किं कीरइ ? नूण भवियव्वं ॥४८१॥**
**किमगं तु पुणो जेणं, संजमसेढी सिढिलिकया होइ ।**
**सो तं चिय पडिवज्जइ, दुक्खं पच्छा उ उज्जमई ॥४८२॥**

---

(કેમ કે એ જ ઈષ્ટસાધક છે. માત્ર ચિર દીક્ષિતતા નહિ, કિન્તુ નિરતિચારિતા ઈષ્ટની સાધક બને છે, ને તે અત્યંત અપ્રમાદિને હોય. કેમકે) (૪૭૯)

જે દિન પ્રતિદિન (ને 'પણ'થી રાત્રિનાય) સંકલના કરતો નથી, (સમ્યગ્ બુદ્ધિથી તપાસી અંદાજ કાઢતો નથી) કે "આજે હું કયા ગુણ (જ્ઞાનાદિ) કમાયો ? અને કયા દોષો (મિથ્યાત્વાદિ)માં સ્ખલિત પતિત ન થયો ? (કયા અતિચારથી બચ્યો ?)," એ સ્વાત્મહિત શું સાધે ? (કેમકે એ સંકલના નહિ કરનારો સુસંસ્કાર-શૂન્ય છે. સાધનાના સંકલનથી સુસંસ્કાર પડે છે.) (૪૮૦)

એ પ્રમાણે (સંવચ્છરમુસભજિણો' ગાથાથી ભગવાનના વાર્ષિકતપ વગેરે સદ્અનુષ્ઠાનોની) ગણતરી કરી, (અવંતીસુકુમાલના દૃષ્ટાંતાદિથી) તુલના કરી, (આર્ય મહાગિરિના દૃષ્ટાંતાદિથી) અનેક પ્રકારે સદ્અનુષ્ટાનો દર્શાવ્યા, અને ('ચ' = અન્વય-વ્યતિરેકથી, સમિતિ-કષાયાદિની તથા ગોચરીના ૪૨ દોષોનો ત્યાગ વગેરે અંગેની ગાથાઓથી 'આ આરાધના માર્ગ' 'આ વિરાધના માર્ગ' એમ) નિયંત્રણ-નિયમન સૂચવ્યું, તો પણ જો (આટલા પ્રેમ આદરથી કહેવાવા છતાં જીવ) પ્રતિબોધ ન પામે, (કેમકે ભારેકર્મી જીવ તત્ત્વદર્શી બની શકતો નથી), તો (બીજું વધારે) શું કરાય ? નિશ્ચે (એવા જીવોને સંસારમાં હજી અનંતકાળ) હોવો જોઈએ. (૪૮૧)

'કિમગં' = કિમંગ (પ્રાકૃત હોવાથી અનુસ્વાર વિપર્યાસ, તેથી 'અગં'ને બદલે 'અંગ' પદ લેવાનું. એ આમંત્રણાર્થે, હે શિષ્યો !) જે (પુણ્યશાળી) સંયમ શ્રેણિ (ગુણસ્થાનકશ્રેણિ પ્રાપ્ત કરીને પણ એ)ને શિથિલ કરવાનું કરે છે, (એના પ્રત્યે અનાદર કરે છે, તો ગુણ પ્રાપ્ત નહિ કરનાર કરતાં તે વધુ



**जइ सव्वं उवलद्धं, जइ अप्पा भाविओ उवसमेणं ।**
**कायं वायं च मणं, उप्पहेणं जह न देई ॥४८३॥**
❋ **हत्थे पाए न खिवे, कायं चालिज्ज तंपि कज्जेणं ।**
**कुम्मो व्व सए अंगे अंगोवंगाइं गोविज्जा ॥४८४॥**
**विकहं विणोयभासं, अंतरभासं अवक्कभासं च ।**
**जं जस्स अणिट्ठमपुच्छिओ, य भासं न भासिज्जा ॥४८५॥**

---

અધમ છે; કેમકે પછીથી એમાંથી પાછો નહિ વળી શકતાં,) એ તે જ શૈથિલ્યને અપનાવે છે, અને પાછળથી ઉદ્યમ કરવો એને અતિ અતિ મુશ્કેલ હોય છે. (કેમકે મહામોહની વૃદ્ધિ થઈ હોય છે.) (૪૮૨)

(લઘુકર્મી ઉપદેશ યોગ્ય હોઈ એમને ઉદ્દેશીને કહે છે,) જો તમને પૂર્વોક્ત તથા અન્ય શાસ્ત્રોક્ત બધું સારી રીતે સમજાયું હોય, અને તમારા આત્માને ઉપશમ (યાને રાગાદિ પર વિજય)થી ભાવિત(રંગાયેલો) કર્યો હોય, તો (ભાવી દોષના નિરોધ અને પૂર્વદોષના ક્ષય માટે) કાયા, વાણી અને મનને (એવા શુભમાં પ્રવર્તાવો કે જેથી તમે એને) ઉન્માર્ગથી (પ્રવર્તવા) અવકાશ ન આપો. (અર્થાત્ મન-વચન કાયાના યોગ ઉન્માર્ગમાં ન પ્રવર્તે એ રીતે વર્તવું.) (૪૮૩)

**(કાયયોગ-નિયંત્રણમાં,-)** હાથ-પગને નિષ્પ્રયોજન નહિ ચલાવવા. કાયાને પ્રવર્તાવે તે પણ (જેમ તેમ નહિ, કિન્તુ જ્ઞાનાદિ) પ્રયોજનથી જ. બાકીમાં તો કાચબાની જેમ (પોતાના હાથ-આંખ વગેરે) અંગોપાંગને પોતાના શરીરમાં જ ગોપવી રાખજે. (અર્થાત્ સહજભાવે છે તેમ રાખજે.) (૪૮૪)

**(વચનયોગ-નિયંત્રણમાં,-)** દેશકથાદિ વિકથા (નો એક અક્ષર પણ) બોલીશ નહિ, (જ્ઞાનાદિ પ્રયોજન વિનાનાં ને માત્ર સમય પસાર કરવાના) વિનોદ વચન ન બોલીશ, ગુરુના બોલવાની વચ્ચે વચ્ચે ન બોલીશ, (જકાર, મકાર, અલ્યા વગેરે) 'અવાક્ય' = અવચનીય શબ્દથી ન બોલીશ, તેમજ જેને કોઈને જે 'અનિષ્ટ'-અપ્રિય લાગે તે ન બોલીશ, સામાના વગર પૂછ્યે (વાચાલતાથી) બોલીશ નહિ. (૪૮૫)

अणवट्ठियं मणो जस्स, झायइ बहुयाइं अट्टमट्टाइं ।
तं चितिअं च न लहइ, संचिणइ अ पावकम्माइं ॥૪૮૬॥

जह जह सव्वुवलद्धं, जह जह सुचिरं तवोवणे वुच्छं ।
तह तह कम्मभरगुरु, संजमनिब्बाहिरो जाओ ॥૪૮૭॥

विज्जप्पो जह जह ओसहाइं, पिज्जेइ वायहरणाइं ।
तह तह से अहिययरं, वाएणाऊरियं पोट्टं ॥૪૮૮॥

**(મનોયોગે-નિયંત્રણમાં,-)** જેનું મન ચંચળ છે, તે (પાપ સંબંધી) જુદા જુદા પ્રકારના આહટ્ટ-દોહટ્ટ વિચારો કરે છે, અને એ વિચારેલું (પોતાને ગમવા પ્રમાણે) મળતું-વળતું નથી, ને (ઊલટું નિરર્થક પ્રતિક્ષણે નરકાદિને યોગ્ય અશાતાવેદનીયાદિ) પાપકર્મો ભરપૂર બાંધે છે; (માટે સ્થિર-શુદ્ધ મન બનાવી આવા આહટ્ટ-દોહટ્ટ વિચારો બંધ કરજે.) (૪૮૬)

(ભારે કર્મીની ઊંધી ચાલ કેવી ? તો કે જ્ઞાનાવરણના ક્ષયોપશમથી આગમની વાતો) જેમ જેમ બધી જાણતો ગયો, અને જેમ જેમ સારો દીર્ઘકાળ 'તપોવન' = સુસાધુ-સમુદાયમાં રહેતો થયો, તેમ તેમ (મિથ્યાત્વાદિ) કર્મના થોકથી ભારે થતો, 'સંયમ' = આગમોક્તના આચરણથી 'બાહ્ય' = દૂર થતો ગયો. (૪૮૭)

'વિજ્જપ્પો' આપ્ત (વિશ્વસનીય) વૈદ્ય જેમ જેમ (જાતના ભાન વિનાના કુપથ્યસેવી) રોગીને વાયુનાશક સૂંઠ ઓસડો પાય, તેમ તેમ તે દરદીને પેટ (પહેલાં કરતાં પણ) અધિક વાયુથી ભરાતું જાય છે. (એ પ્રમાણે ભગવાન જિનવચનરૂપી ભાવવૈદ્ય પાસેથી આત્મભાન વિનાનો અનેક રીતે પાપિષ્ઠ સાધુ રોગી જેમ જેમ કર્મરોગહર આગમપદોરૂપી ઔષધો પીતો જાય છે, તેમ તેમ એનું ચિત્તરૂપી પેટ પાપ-વાયુથી અધિકાધિક ભરાતું જાય છે, અર્થાત્ પાપીસાધુ જેમ જેમ શાસ્ત્રો ભણતો જાય ને તપ કરતો જાય તેમ તેમ વધુ વધુ મોહમાં અસંયમની પ્રવૃત્તિમાં ફસાતો જાય છે.) (૪૮૮)



दड्ढजउमकज्जकरं, भिन्नं संखं न होइ पुण करणं ।
लोह च तंबविद्धं, न एइ परिकम्मणं किंचि ॥૪૮૯॥

को दाही उवएसं, चरणालसयाण दुव्विअड्ढाणं ? ।
इंदस्स देवलोगो, न कहिज्जइ जाणमाणस्स ॥૪૯૦॥

दो चेव जिणवरेहिं, जाइजरामरणविप्पमुक्केहिं ।
लोगम्मि पहा भणिया, सुस्समण सुसावगो वाऽवि ॥૪૯૧॥

(જિનવચન-વૈદ્યના ઉપચારથી પણ અસાધ્ય એ અસાધ્ય જ છે, જેમકે) બળી ગયેલી લાખ કામની નથી રહેતી, ફૂટેલો શંખ સંધાતો નથી, તાંબે વીંધેલું લોઢું હવે કાંઈ પણ 'પરિકર્મ' = સુધારો (પૂર્વઅવસ્થા) પામી શકતું નથી. (એમ એ પાપીસાધુ પુનઃ સંયમપ્રાપક ચિકિત્સાને અયોગ્ય બને છે.) (૪૮૯)

ચારિત્રમાં આળસુ (પ્રમાદી અને શાસ્ત્રના ઈધર-ઉધરના વાક્યોને વિપરીત રીતે લગાવનાર) પંડિતમાની દોઢ ડાહ્યાને સત્યતત્ત્વનો ઉપદેશ કોણ આપશે ? દેવલોકને નજરે જોનારા ઈન્દ્ર આગળ કોઈ દેવલોકનું વર્ણન કરતું નથી. (કરનારો ઈન્દ્રથી ઉપહાસ્ય બને, ઈન્દ્રની દૃષ્ટિએ તુચ્છ દેખાય છે; એમ પોતાની જાતને જાણકાર માની બેઠેલા જનો તત્ત્વબોધ આપનારની હાંસી કરે છે, અર્થાત્ તત્ત્વોપદેશને તુચ્છ લેખે છે. ખરેખર તો એવાઓ પ્રબળ મોહનિદ્રાથી ઘેરાયેલા હોઈ અન્યાન્ય ઉન્માર્ગ પ્રવૃત્તિ કરનારા હોવાથી વાસ્તવમાં આગમના જાણકાર જ નથી. (૪૯૦)

(સંયમથી દૂર રહેલાનો વર્તાવ ઉન્માર્ગ કેમ ? તો કે) જન્મ-જરા-મૃત્યુથી અત્યંત મુક્ત જિનેશ્વર ભગવંતોએ જગતમાં (આત્મ કલ્યાણના) બે જ માર્ગ ફરમાવ્યા છે; એક સુસાધુ થાય તે, અને તે ન બની શકે તો બીજો માર્ગ સુશ્રાવક થાય તે. (સંવિગ્ન પાક્ષિકનો ત્રીજો માર્ગ સન્માર્ગનો પક્ષપાતી હોવાથી આ બે માર્ગમાં જ સમાઈ જાય છે. આ બે માર્ગને જ બીજા શબ્દોમાં ભાવાર્ચન-દ્રવ્યાર્ચન ભાવસ્તવ દ્રવ્યસ્તવ કહેવાય છે.) (૪૯૧)

भावच्चणमुग्गविहारया य, दव्वच्चणं तु जिणपूआ ।
भावच्चणाउ भट्ठो, हविज्ज दव्वच्चणुज्जुतो ॥४९२॥

जो पुण निरच्चणो च्चिअ, सरीरसुहकज्जमित्ततल्लिच्छो ।
तस्स न हि बोहिलाभो, न सुग्गई नेय परलोगो ॥४९३॥

कंचणमणिसोवाणं, थंभसहस्सुसिअं सुवण्णतलं ।
जो कारिज्ज जिणहरं, तओऽवि तवसंजमो अहिओ ॥४९४॥

निब्बीए दुब्भिक्खे, रण्णा दीवंतराओ अन्नाओ ।
आणेऊणं बीअं, इह दिन्नं कासवजणस्स ॥४९५॥

'ભાવાર્ચન' = ભગવાનની તાત્ત્વિક પૂજા ઉગ્ર વિહારીપણું (ઉદ્યત વિહાર) જ છે. 'દ્રવ્યાર્ચન' = ભાવપૂજાની અપેક્ષાએ ગૌણ પૂજા પુષ્પાદિથી જિનબિંબની પૂજા છે. ભાવાર્ચનથી ભ્રષ્ટ થયેલો (તેવી શક્તિના અભાવે તે નહિ પાળી શકનારો) દ્રવ્યાર્ચન માટે ઉદ્યમી બને. (કેમકે દ્રવ્યપૂજા પણ પુણ્યાનુબંધી પુણ્યનું કારણ હોઈ પરંપરાએ ભાવપૂજાનું કારણ બને છે.) (૪૯૨)

ત્યારે, જે 'નિરચ્ચણો' = દ્રવ્ય-ભાવઅર્ચનથી અર્થાત્ ચરણકરણ અને સમ્યગ્ જિનપૂજાથી રહિત હોય છે, એને તો એકમાત્ર શરીરસુખનાં કાર્યોમાં જ ગાઢ લંપટતા હોય છે. (પરભવે) આવાને 'બોધિલાભ' જૈનધર્મની પ્રાપ્તિનો લાભ થાય નહિ, તેમ 'સુગતિ' = મોક્ષ ન થાય, કે 'પરલોક' = સુદેવત્વાદિ મળે નહિ. (૪૯૩)

(ભાવપૂજાનું કેવું માહાત્મ્ય ? તો કે ચંદ્રકાંતાદિ) મણિઓ જડેલા સુવર્ણના પગથિયાવાળું, એક હજાર થાંભલાઓથી ઊંચું (ભારે વિસ્તૃત), ને સોનાની ફરસીવાળું જિનમંદિર જે બનાવરાવે, એના કરતાં તપપ્રધાન સંયમ ચડિયાતું છે; (કેમકે એનાથી જ મોક્ષ છે. તેથી ભાવપૂજા રૂપ સંયમનો જ પ્રયત્ન રાખવો. માત્ર પ્રમાદ નહિ કરવો; નહિતર મહા અનર્થ નીપજે ! જેમકે,-) (૪૯૪)

'નિર્બીજ' = જ્યાં વાવેતર પૂરતું ય, ધાન્ય નથી એવો, દુકાળ આવ્યે



केहि वि सव्वं खइयं, पइन्नमन्नेहिं सव्वमद्धं च, ।
वुत्तं गयं च केइ, खित्ते खुट्टंति संतत्था ॥४९६॥

राया जिणवरचंदो, निब्बीयं धम्मविरहिओ कालो ।
खित्ताइं कम्मभूमी, कासववग्गो य चत्तारि ॥४९७॥

अस्संजएहिं सव्वं, खइयं अद्धं च देसविरएहिं ।
साहूहिं धम्मबीअं, उत्तं नीअं च निप्फत्तिं ॥४९८॥

કોઈ રાજાએ બીજા દ્વીપમાંથી બિયારણ મંગાવીને ખેડૂત લોકોને (પુષ્કળ ધાન્યની પેદાશ માટે) આપ્યું. (૪૯૫)

(એમાં) કેટલાક ખેડૂતો તો એ બધું જ ખાઈ ગયા, બીજાઓ (બધામાંથી અડધું ખાઈ ગયા)ને અડધું 'પકીર્ણ' = વાવ્યું, ત્યારે (વળી બીજાઓએ) 'વૃત્ત' = વાવ્યું ને તે 'ગયં' નિષ્પત્તિને ય પામ્યું, (યાને પાક સુધી પહોંચ્યું); એમાં કેટલાકો (રાજાથી છુપાવી ઘરે લઈ જવા) ઊગેલા પાકને ખેતરમાં જ દાટી દે છે. (તેથી જ પછીથી રાજાની જાણમાં આવતાં, 'અરે ! આ અમે હવે પકડાવાના !' એવા ભયથી) 'સંત્રસ્તાઃ' = ત્રાસ પામી ગયા (વ્યાકુલતાથી એમની આંખો ફાટી ગઈ, અને રાજાનો પ્રચંડ હુકમ હોવાથી સિપાઈઓથી પકડાતાં) ભારે કષ્ટથી પાયમાલી પામે છે. (૪૯૬)

(ઉપરોક્ત દૃષ્ટાંતનો ઉપનય બતાવે છે) રાજા તરીકે અહીં જિનેશ્વર ભગવાન છે. નિર્બીજ કાળ તરીકે ધર્મરહિત કાળ છે, ખેતરો તરીકે કર્મભૂમિઓ છે, અને ખેડૂત વર્ગ તરીકે (૧. અસંયતઃ અવિરતિ ધર, ૨. દેશ વિરતિધર, ૩. સર્વ વિરતિધર સુસાધુ અને ૪. પાસત્થા, એ) ચાર છે. (એમને જિનેન્દ્ર દેવે કેવળજ્ઞાન રૂપી દ્વીપમાંથી વિરતિરૂપ ધર્મબીજ લાવીને મોક્ષ-ધાન્યના પાક માટે સોંપ્યા. અવિરતિધરો એ વિરતિ-બીજ બધું જ ખાઈ ગયા, (કેમકે એમને વિરતિ નથી;) ને દેશ વિરતિધરો અર્ધું ખાઈ ગયા, સાધુઓએ (વિરતિરૂપ) ધર્મબીજ (પોતાના આત્મક્ષેત્રે) વાવ્યું, ને (સમ્યક્ પાલનથી) પાક સુધી પહોંચાડ્યું.) (૪૯૭-૪૯૮)

जे ते सव्वं लहिउं, पच्छा खुट्टंति दुब्बलधिइया ।
तवसंजमपरितंता, इह ते ओहरिअसीलभरा ॥४९९॥

❖ आणं सव्वजिणाणं, भंजइ दुविहं पहं अइक्कंतो ।
आणं च अइक्कंतो, भमइ जरामरणदुग्गम्मि ॥५००॥

जइ न तरसि धारेउं, मूलगुणभरं सउत्तरगुणं च ।
मुत्तूण तो तिभूमी, सुसावगत्तं वरतरागं ॥५०१॥

अरिहंतचेइयाणं, सुसाहूपूयारओ दढायारो ।
सुसावगो वरतरं, न साहुवेसेण चुअधम्मो ॥५०२॥

(પરંતુ ચોથા પ્રકારના પાસત્થા-ખેડૂત એવા છે કે,-) જે એ બધું જ વિરતિ-ધર્મબીજ પામીને પછીથી જિનેન્દ્રરાજાના આદેશ વિરુદ્ધ વર્તીને (પેલા ચોર ખેડૂતની જેમ) પોતાના આત્મક્ષેત્રમાં એ ધર્મબીજને કૂટે છે (કચરી નાખે છે. કેમકે સ્વીકારેલ વિરતિનાં નિર્વાહ માટે સમર્થ એવું મનોબળરૂપી) ધૈર્ય એમનું દૂબળું છે, ને તપ-સંયમમાં થાકી ગયેલા અને શીલના સમૂહને દૂર કરનારા (પાર્શ્વે બાજુએ મૂકનાર તે આ શાસનમાં 'પાર્શ્વસ્થ' કહેવાય) છે. (૪૯૯)

(આ દૃષ્ટાંત-ઉપનયનું ફલિત એ છે કે સાધુ-શ્રાવકપણાના) દ્વિવિધ માર્ગનું ઉલ્લંઘન કરનારો સમસ્ત જિનેશ્વર ભગવંતોની આજ્ઞાનો ભંજક બને છે; અને જિનાજ્ઞાનો ભંજક જરા-મરણના દુર્ગ(સ્વરૂપ) અનંત સંસારમાં ભટકે છે. (પરંતુ પરિણામ પડી ગયા હોય તો શું કરે ? તે હવે કહે છે.-) (૫૦૦)

જો ઉત્તરગુણો સાથે (મહાવ્રતાદિ) મૂળગુણ સમૂહને (આત્મામા વ્યવસ્થિત રીતે) ધારણ ન કરી શકતો હોય તો શ્રેયસ્કર એ છે કે (પોતાની જન્મભૂમિ, દીક્ષાભૂમિ અને વિહારભૂમિ) એ ત્રણ ભૂમિ સિવાય(ના પ્રદેશમાં રહી) સંપૂર્ણ ગૃહસ્થ ધર્મ પાળે. (૫૦૧)

(કેમકે) અરિહંત ભગવાનના બિંબોની પૂજામાં રક્ત, ઉત્તમ મુનિઓની (વસ્ત્રાદિથી) પૂજામાં ઉદ્યમી-ઉજમાળ, તથા (અણુવ્રતાદિ દેશ વિરતિ-ધર્મના) આચાર-પાલનમાં દૃઢ ઉત્તમ શ્રાવક વધુ સારો છે, (પરંતુ) સાધુવેશ રાખીને



सव्वं ति भाणिऊणं, विरई खलु जस्स सव्विया नत्थि ।
सो सव्वविरइवाई, चुक्कइ देसं च सव्वं च ॥५०३॥

❖ जो जहवायं न कुणइ मिच्छद्दिट्ठी तओ हु को अन्नो ? ।
वड्ढेइ अ मिच्छत्तं, परस्स संकं जणेमाणो ॥५०४॥

आणाए च्चिय चरणं, तब्भंगे जाण किं न भग्गं ति ? ।
आणं च अइक्कंतो, कस्साएसा कुणइ सेसं ॥५०५॥

संसारो अ अणंतो, भट्ठचरित्तस्स लिंगजीविस्स ।
पंचमहव्वयतुंगो, पागारो भिल्लिओ जेण ॥५०६॥

સંયમ ધર્મથી ભ્રષ્ટ થનારો (સારો) નહિ, કેમકે એ જિનાજ્ઞા-ભંજક અને શાસનની લઘુતા કરાવનારો બને છે. (૫૦૨)

'સવ્વં (સાવજ્જં.....' સમસ્ત પાપપ્રવૃત્તિઓનો ત્રિવિધ ત્રિવિધે ત્યાગ કરું છું) એમ બોલીને જેને સર્વ (પાપ વ્યાપાર અંગે) નિવૃત્તિ છે નહિ, એ સર્વવિરતિ ઉચ્ચરનારો દેશવિરતિ અને સર્વવિરતિથી ચૂકે છે. (કેમકે પ્રતિજ્ઞા પાળતો નથી. માત્ર વિરતિ જ નહિ પણ સમ્યક્ત્વથી ય ચૂકે છે ! કેમકે) (૫૦૩)

જે બોલવા પ્રમાણે પાળતો નથી એના કરતાં (વધીને) બીજો કયો મિથ્યાદૃષ્ટિ છે ? (અર્થાત્ એ મિથ્યાદૃષ્ટિ-શેખર છે.) એ બીજાના મિથ્યાત્વને યાને વિપરીત અભિનિવેશને વધારી રહ્યો છે; કેમકે એ બીજાને (પોતાના શિથિલાચારથી સર્વજ્ઞ-આગમ પર) સંદેહ ઉત્પન્ન કરનારો બને છે; ('કે શું આ જિનાગમનો ધર્મ આવો અસદ્ આચારમય જ હશે ? આ ધર્મમાં માત્ર બોલવાનું ખરું, ને આચરવાનું કશું જ નહિ ?') (૫૦૪)

(જિનાજ્ઞાનું મહત્ત્વ કેવું, તો કે) આજ્ઞા પ્રમાણે વર્તનથી જ ચારિત્ર છે. આજ્ઞાનો ભંગ થાય તો, સમજ, કે શું ન ભાંગ્યું ? (બધો જ ધર્મ નષ્ટ કર્યો.) જો આજ્ઞાનું જ ઉલ્લંઘન કરે છે તો બાકીનું (અનુષ્ઠાન) કોની આજ્ઞાથી કરે છે ? (તાત્પર્ય, આજ્ઞાભંગે વિડંબણા જ છે.) (૫૦૫)

જેણે પાંચ મહાવ્રતરૂપી ઊંચો કિલ્લો તોડી નાખ્યો (ચારિત્રના પરિણામ નષ્ટ કર્યા) એવા ચારિત્ર ભ્રષ્ટ અને 'લિંગજીવી' = સાધુવેશને (ધંધાનો માલ

❊ न करेमि त्ति भणित्ता, तं चेव निसेवए पुणो पावं ।
पच्चक्खमुसावाई, मायानियडीपसंगो य ॥५०७॥

❊ लोएऽवि जो ससूगो, अलिअं सहसा न भासए किंचि ।
अह दिक्खिओऽवि अलियं, भासइ तो किं च दिक्खाए ? ॥५०८॥

महव्वयअणुव्वयाइं छंडेउ, जो तवं चरइ अन्नं ।
सो अन्नाणी मूढो, नावाबुड्डो मुणेयव्वो ॥५०९॥

બનાવી એના) આધારે જ જીવનારાને 'અનંત' = અપરિમિત (દીર્ઘ દુઃખદ) સંસાર ભવભ્રમણા નીપજે છે. (પાંચ મહાવ્રત એ ઊંચો કિલ્લો એટલા માટે કે એથી જીવરૂપી નગરની રક્ષા થાય છે અને એમાં ગુણસમુદાય સુરક્ષિત રહે છે.) (૫૦૬)

(આજ્ઞાભંજક ભ્રષ્ટ-ચારિત્રી કેવોક મહાસાહસિક છે, કે-) 'હું સર્વ સાવદ્ય યોગ નહિ કરું,' એમ પ્રતિજ્ઞા કરીને પાછો એ જ (સ્વયં નિષેધ કરેલા) પાપને બેફામ સેવે છે ! એ સાક્ષાત્ જૂઠાં બોલનારો છે, (ધોળે દહાડે ચોરી કરનાર જેવો છે, સુધારાને અયોગ્ય છે. એમાં એને) 'માયા-નિકૃતિ' = આંતર-બાહ્ય દંભ કેળવવાનો જ અવસર રહે છે. (૫૦૭)

(એ જનસામાન્ય કરતાં પણ પાપિષ્ઠ છે; કેમકે,-) લોકમાં પણ જે કાંક 'સશૂક' = કોમળ પાપભીરુ હોય છે, કે (વિચારપૂર્વક કાર્ય કરનારો હોઈ) એકાએક કાંઈ પણ અસત્ય નથી બોલતો. (સહસા પણ અસત્ય ન બોલાઈ જાય એની કાળજી રાખે છે.) ત્યારે સાધુ દીક્ષા લઈને પણ અસત્ય બોલે ? તો (એને) દીક્ષાથી શું ? (અર્થાત્ કાંઈ જ હિત નહિ, આત્મરક્ષણ ન મળે.) (૫૦૮)

(કહો, 'તપથી બધું સાધ્ય છે' એ શાસ્ત્ર વચનથી સંયમ નહિ પણ તપમાં યત્ન રાખે તો ?) મહાવ્રતો-અણુવ્રતોનો ત્યાગ કરીને જે તપને આચરે છે તે અજ્ઞાની છે; કેમકે મોહથી હણાયેલો છે. એને (સમુદ્રમાં નાવડાને ભેદી એમાંના લોખંડના ખીલાને મેળવી લેનાર) 'નાવાબોદ્ર'= નાવામૂર્ખ જેવો જાણવો. (કાણી કરેલી નાવા સમુદ્રમાં ડુબાડી દે, પછી ખીલો મળ્યો તે વ્યર્થ ! કશો ઉપયોગી ન થાય; એમ સંયમ-ભંગ ભવમાં ડૂબાડી દે એટલે પૂર્વ તપ સાધેલો વ્યર્થ જાય.) (૫૦૯)



सुबहुं पासत्थजणं नाऊणं, जो न होइ मज्झत्थो ।
न य साहेइ सकज्जं, कागं च करेइ अप्पाणं ॥५१०॥

❊ परिचिंतिऊण निऊणं, जइ नियमभरो न तीरए वोढुं ।
परचित्तरंजणेणं न वेसमित्तेण साहारो ॥५११॥

निच्छयनयस्स चरणस्सुवघाए नाणदंसणवहोऽवि ।
ववहारस्स उ चरणे हयम्मि, भयणा उ सेसाणं ॥५१२॥

'સુબહુ' = અનેકાએક પ્રકારના પાસત્થા લોકોને જોઈને જે મધ્યસ્થ નથી બનતો, (મૌન રાખ્યા કરવાનું નથી કરતો, ને તેથી રાગ-દ્વેષમાં આવી જવા દ્વારા) જે પોતાની સાધનાને સારી નથી સાધતો, એ પોતાના આત્માને કાગડા જેવો કરે છે. (કેમકે મૌન ન ધરતાં એ લોકોના દોષ બોલવા જતાં પેલાઓ ભેગા થઈને લોકોમાં પોતે ગુણવાન હંસ જેવા અને આને ગુણહીન કાગડા જેવો ઓળખાવે, એમ બને.) (૫૧૦)

'નિપુણ' = સૂક્ષ્મ બુદ્ધિથી પૂરો વિચાર કરીને જો (જીવનભર મૂળ-ઉત્તરગુણ રૂપ) નિયમોનો સમૂહ વહન કરવો શક્ય ન હોય, તો 'પરચિત્તરંજણેણ' = ('આ પણ સાધુ મહારાજ છે' એવી) બીજાને આદર-બુદ્ધિ કરાવનારા વેશ માત્રથી (આત્માને) રક્ષણ ન મળે. (તાત્પર્ય, વેશધારી નગુણો લોકોને મિથ્યાત્વ પામવાનું કારણ બનવાથી અતિગાઢ અપરિમિત સંસાર ઊપાર્જે છે; તેથી વેશત્યાગ શ્રેયસ્કર છે.) (૫૧૧)

(સંયમનાશ છતાં જ્ઞાનદર્શન તો છે જ. તો એ એકાંતે નિર્ગુણી નથી. પછી એવાને, વેશ ત્યાજ્ય કેમ ? તો કે) 'નિશ્ચયનયસ્ય' = નિશ્ચયનયની અર્થાત્ આંતર-તત્ત્વનિરૂપણની દૃષ્ટિએ (આમ કહેવાય કે) ચારિત્રનો નાશ થતાં જ્ઞાનદર્શનનો પણ નાશ થાય છે. (જ્ઞાનદર્શન એ બે ચારિત્રના સાધક હોઈને જ વાસ્તવિક જ્ઞાનદર્શનરૂપ બને છે.) 'વ્યવહારસ્ય' = વ્યવહારનયની અર્થાત્ બાહ્યતત્ત્વ-નિરૂપણની દૃષ્ટિએ ચારિત્ર નષ્ટ થતાં બાકી એની ભજના; (અર્થાત્ એકાંત નહિ કે બે નષ્ટ થાય જ. ચારિત્રનું કારણ જ્ઞાનદર્શન છે. ચારિત્ર એ કાર્ય છે. ચારિત્રના અભાવે એ બે હોય અગર ન પણ હોય.

सुज्झइ जई सुचरणो, सुज्झइ सुस्सावओऽवि गुणकलिओ ।
ओसन्नचरणकरणो सुज्झइ संविग्गपक्खरूई ॥५१३॥

❈ संविग्गपक्खियाणं, लक्खणमेयं समासओ भणियं ।
ओसन्नचरणकरणाऽवि जेण कम्मं विसोहंति ॥५१४॥

❈ सुद्धं सुसाहुधम्मं कहेइ, निंदइ य नियमायारं ।
सुतवस्सियाणं पुरओ, होइ य सव्वोमरायणीओ ॥५१५॥

(કારણ છતે કાર્ય હોય જ એવો નિયમ નહિ. દા.ત. અગ્નિ છતે ધૂમાડો હોય, યા ન પણ હોય. જેમકે અગ્નિમય લોઢાના સળિયામાં ધૂમાડો નથી હોતો.) (૫૧૨)

(સાધુ-શ્રાવક માર્ગની જેમ ત્રીજો સંવિગ્ન પાક્ષિક માર્ગ પણ કાર્ય સાધક છે તે કહે છે,-) દૃઢ ચારિત્રવાળો મુનિ (સર્વકર્મમળ કલંક ધોવા દ્વારા) નિર્મળ થાય છે. (સમ્યક્ત્વાદિ) ગુણોમાં દૃઢ સુશ્રાવક પણ નિર્મળ થાય છે. (એમ) ચરણ-કરણ (મૂળ-ઉત્તરગુણ)માં શિથિલ પણ જો 'સંવિગ્નપક્ષ-રુચિ' = મોક્ષાભિલાષી સુસાધુની આચરણાઓની રુચિવાળો (શુદ્ધ પ્રરૂપક) હોય, તો તે પણ નિર્મળ થાય છે. (ગાથામાં 'સુજ્ઝઈ' પદ અનેકવાર આ ભેદ બતાવવા માટે છે કે મુનિને સાક્ષાત્ શુદ્ધિ, ને બાકી બેને પરંપરાએ.) (૫૧૩)

સંવિજ્ઞપાક્ષિક (સંવિગ્ને' = મોક્ષાભિલાષી સુસાધુવર્ગ ઉપર, 'પક્ષ' = સુંદર બુદ્ધિવાળા)નું આ લક્ષણ (પછીની ગાથામાં કહેવાશે તે) ગણધરાદિએ સંક્ષેપમાં બતાવ્યું છે કે જેના વડે (પ્રાણીઓ કર્મ પરતંત્રતાએ) 'ઓસન્ન ચરણ કરણાવિ' = શિથિલાચારી પ્રમાદી બનેલા છતાં (ક્ષણે ક્ષણે જ્ઞાનાવરણાદિ) કર્મમલ ધોતા રહે છે. (૫૧૪)

(સંવિજ્ઞપાક્ષિક) નિર્દોષ સાધુ ધર્મની પ્રરૂપણા કરનારો હોય છે, અને પોતાના શિથિલ આચારની નિંદા-ઘૃણા કરનારો હોય છે, તેથી પોતે 'સુતવસ્સિયાણં' = ઉત્તમ સાધુઓની આગળ (અર્થાત્ એમની વચ્ચે રહીને આજના દીક્ષિત સુદ્ધાં) બધા મુનિઓથી 'અવમરાત્નિક' = ન્યૂન પર્યાયવાળો થઈને રહે છે. પોતે બધા સુસાધુને વંદન કરે છે, (પણ પોતાની પછીના પણ



❈ वंदइ न य वंदावइ, किइकम्मं कुणइ, कारवे नेय ।
अत्तट्ठा न वि दिक्खइ, देइ सुसाहूण बोहेउं ॥५१६॥
ओसन्नो अत्तट्ठा, परमप्पाणं च हणइ दिक्खंतो ।
तं छुहइ दुग्गईए, अहिययरं बुड्डइ सयं च ॥५१७॥

❈ जह सरणमुवगयाणं, जीवाणं निकिंतए सिरे जो उ ।
एवं आयरिओ वि हु, उस्सुत्तं पन्नवंतो य (उ) ॥५१८॥

❈ सावज्जजोगपरिवज्जणा उ सव्वुत्तमो जइधम्मो ।
बीओ सावगधम्मो, तइओ संविग्गपक्खपहो ॥५१९॥

દીક્ષિત સુસાધુ પાસે) પોતાને વંદન કરાવતો નથી. સ્વયં 'કૃતિકર્મ' = સાધુઓની વિશ્રામણાદિ સેવા-વૈયાવચ્ચ કરે છે, પરંતુ (એમની પાસે પોતાની સેવા) કરાવતો નથી. 'અત્તટ્ઠા' = (પોતાના નિમિત્તે ઉપસ્થિત થયેલને પણ) પોતાને માટે શિષ્ય તરીકે દીક્ષા આપતો નથી, (કિન્તુ બીજાને ધર્મ-દેશનાથી) બોધ પમાડી સુસાધુઓને સોંપી દે છે. (૫૧૫-૫૧૬)

(શિથિલાચારી શિષ્ય કેમ ન કરે ? તો કે) શિથિલાચારી પોતાના માટે (જો શિષ્ય તરીકે દીક્ષા આપે તો) એની અને પોતાની હત્યા કરે છે, (ભાવ પ્રાણનો નાશ કરે છે.) તે શિષ્યને (નરકાદિ) દુર્ગતિમાં ફેંકે છે, એ સ્વયં (પૂર્વાવસ્થા કરતાં) વધુ (ભવસાગરમાં) ડૂબે છે. (૫૧૭)

(ઉત્સૂત્ર પ્રરૂપક પણ કેવો ભયંકર ? તો કે) જેવી રીતે 'શરણે' = ભયથી રક્ષણાર્થે સ્વીકારેલા (વિશ્વાસુ) જીવોના જે મસ્તકો કાપે (તે દુઃખદ દુર્ગતિઓમાં પોતાની જાતને ધકેલે છે), એ જ પ્રમાણે (શરણે આવેલા વિશ્વાસુ શિષ્યોને) 'ઉત્સૂત્ર' = આગમને ઓળંગીને પ્રરૂપણા કરનાર તથા 'તુ' = આચરણ કરનાર આચાર્ય પણ (સ્વ-પરને દુર્ગતિમાં ધકેલે છે.) (૫૧૮)

સર્વપાપ-પ્રવૃત્તિના ત્યાગના કારણે યતિધર્મ (સાધ્વાચાર) એ સર્વોત્તમ (મોક્ષમાર્ગ) છે, બીજો માર્ગ શ્રાવકધર્મ અને ત્રીજો માર્ગ સંવિગ્નપાક્ષિક ધર્મ છે. (પાછલા બે ધર્મ મોક્ષમાર્ગરૂપ 'ચારિત્ર'ની પ્રત્યે કારણ હોવાથી એ પણ મોક્ષમાર્ગ છે. કારણમાં કાર્યનો ઉપચાર થાય.) (૫૧૯)

**सेसा मिच्छद्दिट्ठी, गिहिलिंगकुलिंगदव्वलिंगेहिं ।**
**जह तिण्णि य मुक्खपहा, संसारपहा तहा तिण्णि ॥५२०॥**
**संसारसागरमिणं, परिब्भमंतेहिं सव्वजीवेहिं ।**
**गहियाणि य मुक्काणि य, अणंतसो दव्वलिंगाइं ॥५२१॥**
**अच्चणुरत्तो जो पुण, न मुयइ बहुसोऽवि पन्नविज्जंतो ।**
**संविग्गपक्खियत्तं, करिज्ज लब्भिहिसि तेण पहं ॥५२२॥**
**कंताररोहमद्धाण-ओमगेलन्नमाइकज्जेसु ।**
**सव्वायरेण जयणाइ, कुणइ जं साहुकरणिज्जं ॥५२३॥**

---

(ઉપરોક્ત ત્રણ માર્ગ સિવાય) બાકીના ગૃહિલિંગ-કુલિંગ-દ્રવ્યલિંગથી (ગૃહસ્થપણે ગુરુ, તાપસાદિ ને માત્ર દ્રવ્યથી સાધુવેશ ધારી) એ મિથ્યાદૃષ્ટિ છે, (વિપરીત દુરાગ્રહથી સંસાર માર્ગે છે.) જેમ ત્રણ મોક્ષમાર્ગ છે એમ ત્રણ સંસારમાર્ગ જાણવા. (૫૨૦)

('ગૃહસ્થ, સંન્યાસી વગેરે તો સંસારગામી બને, કિન્તુ ભગવાનનો વેશ ધરનાર કેમ બને ?' આવું મનને સમ્યગ્જ્ઞાનાદિના અભાવે લાગે છે, પરંતુ લિંગ (વેશ) માત્રથી રક્ષણ નથી, કેમકે) આ અપાર સંસારસાગરમાં ભટકતા સર્વ જીવોએ અનંતવાર દ્રવ્ય લિંગ (સમ્યક્ત્વ વિનાના સાધુવેશ) લીધા ને મૂક્યા છે. (કાળ અનાદિ હોઈને સર્વ પદાર્થો સાથે સંયોગ અસંભવિત નથી.) (૫૨૧)

(અત્યંત નિર્ગુણી વેશ ન છોડે તો ગીતાર્થો એને સમજાવે; અને ગુણદોષ કથન દ્વારા) બહુવાર પણ સમજાવવા છતાં વેશના ગાઢ અનુરાગથી (વેશને વળગી જ રહેનારો હોઈ, ને કાંઈક કોમળ ભાવવાળો હોઈ) વેશ ન છોડે, (એને સમજાવાય કે) તું સંવિગ્ન પાક્ષિકપણું પાળ, જેથી (ચારિત્રધર્મનું બીજાધાન રહેવાથી ભવાંતરે) તું આ સંવિગ્નપાક્ષિકતાથી મોક્ષમાર્ગ પામી શકીશ. (૫૨૨)

(એ સંવિગ્ન પાક્ષિકોનો ઉપયોગ શો ? તો કે) મોટું અરણ્ય-લંઘન, 'રોહ' = પરસૈન્ય ઘેરો, (ભિક્ષા દુર્લભવાળો) 'અદ્ધાણ' = વિહારમાર્ગ,



**आयरतरसंमाणं सुदुक्करं माणसंकडे लोए ।**
**संविग्गपक्खियत्तं, ओसन्नेणं फुडं काउं ॥५२४॥**
**सारणचइआ जे गच्छ-निग्गया पविहरंति पासत्था ।**
**जिणवयणबाहिरा वि य, ते उ पमाणं न कायव्वा ॥५२५॥**

---

'અવમ' = દુકાળ, બિમારી (રાજાનો ઉપદ્રવ) ઇત્યાદિ કાર્યોમાં સર્વ શક્તિએ યતનાથી પ્રવર્તવું, (જેથી મનને ખેદ-વિમાસણ ન થાય.) એમાં સંવિગ્નપાક્ષિક આત્મા જે શોભતું કરણીય હોય યા તપસ્વીનું કાર્ય હોય તે કરે. (૫૨૩)

'માણસંકડે' = ગર્વથી સાંકડા (તુચ્છ મનના સ્વાભિમાન-ગ્રસ્ત) લોકો વચ્ચે શિથિલાચારીએ અતિશય પ્રયત્નથી (નાના પણ સુસાધુઓને વંદનાદિ) સન્માન કરવા રૂપ સંવિગ્નપાક્ષિકપણું પ્રગટ આચરવું, (યા સ્પષ્ટ નિષ્કપટ ભાવે બહાના વિના આચરવું) એ અત્યંત દુષ્કર છે. (૫૨૪)

(૧. બહુકાળ સંવિગ્ન રહી પછી શિથિલ થાય તે પૂર્વોક્ત ત્રણમાંની કઈ કક્ષામાં ? અથવા ૨. પ્રમાદમાં પડેલા અને ગીતાર્થથી સારણાવારણા પામેલા જો એમ કહે કે 'આ તો અમારાથી મોટેરાઓએ પણ આચરેલું છે.' તો એવાઓ કઈ કક્ષામાં ? તો કે) જે સારણાદિથી કંટાળી એને છોડી દઈ (સદ્ગુરુથી સંચાલિત) સાધુગચ્છમાંથી નીકળી જઈને (યથેષ્ટ પ્રવૃત્તિથી) વિચરતા હોય, તે પણ જિનાજ્ઞાની બાહ્ય છે. (જિનાજ્ઞાની માત્ર પાસે રહેનારા કિન્તુ આચરનારા નહિ, માટે પાસત્થા છે.) એમને 'પ્રમાણ ન કર્તવ્યાઃ' = સુસાધુ તરીકે નહિ માનવા કરવા. (માને તો અર્થાપત્તિથી ભગવાનને અપ્રમાણ માન્યા ગણાય. સંવિગ્નતા જન્મસિદ્ધ પરવાનો નથી, કિન્તુ સંપૂર્ણ સાધુધર્મ તથા ગૃહસ્થધર્મને વર્તમાનકાળે પાળનાર એ સંવિગ્ન સાધુ અને સુશ્રાવક છે, તેમ કહ્યાથી, માર્ગ બહાર પ્રવર્તતો છતાં મનથી મોક્ષમાર્ગને દૃઢપણે બંધાયેલો એને પક્ષકાર હોય તે સંવિગ્ન-પાક્ષિક છે. એ વિનાના પાસત્થાદિ છે. વર્તમાનના પાસત્થાદિના પૂર્વનાં સંવિગ્નપણાના આચરણની અત્યારે મહત્તા નથી, સારાંશ, લોકાચરણથી વિલક્ષણ આગમ-પરતંત્રતા જ અપરલોક 'મોક્ષ'નું અંગ છે. એ પરતંત્રતા રાખીને શક્ત્યનુરૂપ જે કાંઈ આચરાય તે જ કર્મ નિર્જરાકારી છે માટે કહે છે,-) (૫૨૫)

❊ हीणस्स वि सुद्धपरूवगस्स, संविग्गपक्खवायस्स ।
जा जा हविज्ज जयणा, सा सा से निज्जरा होइ ॥५२६॥
सुक्काइयपरिसुद्धे, सइ लाभे कुणइ वाणिओ चिट्ठं ।
एमेव य गीयत्थो, आयं दट्ठुं समायरइ ॥५२७॥
आमुक्कजोगिणो च्चिअ, हवइ थोवाऽवि तस्स जीवदया ।
संविग्गपक्खजयणा, तो दिट्ठा साहुवग्गस्स ॥५२८॥

---

(નિષ્કલંક ચારિત્ર તો દૂર, કિન્તુ ઉત્તર ગુણોએ કરીને) ન્યૂન છતાં 'શુદ્ધપ્રરૂપક' = યથાવસ્થિત સર્વજ્ઞ -આગમ -પ્રકાશન અને સંવિગ્ન સાધુઓ ઉપર પક્ષપાતવાળાથી જે જે 'જયણા' = (પરિમિત જલાદિ-ગ્રહણમાં દોષ ઓછા લગાડવાની) કાંઈક શુભ પરિણતિરૂપ યતના થાય, તે તે એને (કાયાથી શિથિલ છતાં હૈયે શુદ્ધ આરાધના પર દૃઢ રાગ અને સદનુષ્ઠાન પર ગાઢ મમતા હોવાથી) નિર્જરાકારી થાય છે. (૫૨૬)

(ગીતાર્થ બહુગુણ ને અલ્પદોષ વિચારી જિનાજ્ઞાનુસાર કાંઈક દોષવાળું સેવે, તો તે પણ મહાનિર્જરાના લાભ માટે થાય છે. કેમકે જેમ વેપારમાં) વણિક રાજ્યના કર આદિ (નોકરના પગાર, વ્યાજ, દુકાનભાડું વગેરે ખર્ચ) ચૂકવ્યા પછી જો નફો રહેતો હોય, તો (વેપારીની) પ્રવૃત્તિ કરે છે. એ જ હિસાબથી 'ગીતાર્થ' = આગમસાર પામેલો પુરુષ (અધિકતર જ્ઞાનાદિનો) લાભ જોઈને (કારણે યતનાથી કાંઈક) સેવે છે. (૫૨૭)

(ગીતાર્થને, આય-વ્યયની તુલના કરીને સપ્રયોજન સેવતાં, નિર્જરાલાભ હો, પરંતુ નિષ્પ્રયોજન સેવનારા એવા સંપૂર્ણ સાધુધર્મ રહિત સંવિગ્નપાક્ષિકના માર્ગનું સમર્થન કેમ કર્યું ? તો કે) 'આમુક્કજોગિણો' = સંયમધર્મની પ્રવૃત્તિઓ સર્વથા છોડી દેનારા સાધુવર્ગનો (વિચાર કરીએ તો) તેને થોડી પણ જીવદયા હોય જ છે, એ કારણે 'સંવિગ્નપક્ષ' = મોક્ષાભિલાષી સુસાધુના પક્ષપાતવાળાને જયણા (પૂર્વોક્ત મનાક્ શુભ પરિણતિ) હોવાનું (ભગવાને) જોયું છે. (તાત્પર્ય, બહુ કાળ કુપથ્યસેવનથી રોગી બનેલાને સુવૈદ્યના સંપર્કાદિથી પથ્યસેવન દ્વારા લાભ દેખવા મળતાં આરોગ્યની આકાંક્ષાથી સર્વથા કુપથ્યત્યાગની ભાવના



किं मूसगाण अत्थेण ? किं वा कागाण कणगमालाए ? ।
मोहमलखवलिआणं, किं कज्जुवएसमालाए ? ॥५२९॥
चरणकरणालसाणं, अविनयबहुलाण सययऽजोगमिणं ।
न मणी सयसाहस्सो, आबज्झइ कुच्छभासस्स ॥५३०॥
नाउण करयलगयामलं व सब्भावओ पहं सव्वं ।
धम्मम्मि नाम सीइज्जइ, त्ति कम्माइं गुरुआईं ॥५३१॥

---

થાય છે. ને હૈયાથી તો એ પથ્યસેવનને જ ઝંખતો હોય છે; છતાં અમલમાં કુપથ્યત્યાગ ધીરે ધીરે કરતો આવે છે; એમ અહીં બહુકાળ પાસત્થાપણું સેવીને રોગીષ્ઠ બનેલાને સુસાધુજનના સંપર્કાદિથી તીવ્ર ધર્મશ્રદ્ધા અને ગાઢપણે 'સંયમરાગ ઊભા થવા છતાં પાસત્થાપણાનો સર્વથા ત્યાગ દુષ્કર હોઈ એ ધીરે ધીરે ત્યાગ કરતો આવે છે. એમાં એ સંવિગ્ન-પાક્ષિકપણું આરાધે છે. માટે એને ત્રીજા માર્ગ તરીકે અર્થાત્ મોક્ષના પરંપરાએ કારણ તરીકે કહ્યો. બાકી પહેલાં સુસાધુતા પાળી, પણ પછીથી એ છોડી દઈ સુસાધુમાર્ગ પ્રત્યે અનાદરવાળો બને તો એ સંવિગ્નપાક્ષિક પણ નથી.) (૫૨૮)

(આ અનેક પ્રકારના સદ્ ઉપદેશોની માળા સ્વરૂપ ઉપદેશમાળા અયોગ્યને નહિ આપવી; કેમકે) ઉંદરોને (સોનૈયાદિ) પૈસા મળવાથી શું ? કાગડાઓને સોનાની યા સોને જડેલી રત્નોની માળાથી શું ? (અર્થાત્ કાંઈ પ્રયોજન ન સરે. એમ) મિથ્યાત્વાદિ કર્મ-કીચડથી ખરડાઈ ગયેલા (જીવો)ને ઉપદેશમાળાથી શું પ્રયોજન સરે ? (અર્થાત્ કાંઈ જ ઉપકાર ન થાય.) (૫૨૯)

ચરણ-કરણ(ના સમ્યક્ પાલન)માં પ્રમાદી અને બહુ પ્રકારના અવિનયથી ભારોભાર ભરેલાને આ (ઉપદેશમાળાવસ્તુ દેવી એ) 'સતત' = સર્વદા અનુચિત છે. 'કુચ્છ ભાસસ્સ' = કાગડાને (કોટે) લાખના મૂલ્યનું રત્ન ન બંધાય. (બાંધનારો હાંસીપાત્ર બને છે, એમ દુર્વિનીતને ઉપદેશમાળા દેનાર હાંસીપાત્ર બને.) (૫૩૦)

(આવા ઉપદેશના થોકથી અયોગ્યને સુધારો કેમ નહિ ? તો કે) હાથમાં રહેલા આમળાની જેમ સઘળોય જ્ઞાનાદિ મોક્ષમાર્ગ 'સદ્ભાવથી' = ઉપાદેય

धम्मत्थकाममुक्खेसु, जस्स भावो जहिं जहिं रमइ ।
वेरग्गेगंतरसं न इमं सव्वं सुहावेइ ॥५३२॥

❇ संजमतवालसाणं, वेरग्गकहा न होइ कण्णसुहा ।
संविग्गपक्खियाणं, हुज्ज व केसिंचि नाणीणं ॥५३३॥

❇ सोऊण पगरणमिणं, धम्मे जाओ न उज्जमो जस्स ।
न य जणियं वेरग्गं, जाणिज्ज अणंतसंसारी ॥५३४॥

---

તરીકે સ્પષ્ટ જાણવા છતાં ધર્મમાં સીદાય (પ્રમાદી થવાય) છે, એ પરથી જણાય છે કે એમના કર્મો ભારે છે. (અર્થાત્ એ બિચારા કર્મોને ગાઢ પરતંત્ર હોવાથી, જાણનાર હોઈને ય, સુધરતા નથી.) (૫૩૧)

(વળી) ધર્મ, અર્થ, કામ અને મોક્ષ (જ્યારે ઉપદેશાતા હોય ત્યારે) એમાંથી જેનો 'ભાવ' = અભિપ્રાય યાને અતિરસિકતા જે જે ધર્મ કે કામ કે અર્થમાં હોય (તેમાં તેમાં જ) એ રક્ત બને છે, (બધામાં કે માત્ર ધર્મમાં નહિ. તો) વૈરાગ્યના એકાંતે રસવાળું આ શાસ્ત્ર બધાયને આલ્હાદ ન આપે (એ સહજ છે. ઊલટું ભારે કર્મીને આ વિમુખ કરે છે, અરુચિકારક બને છે. તેથી એવાને આ નહિ દેવું.) (૫૩૨)

સંયમ અને તપમાં 'અલસ' = ઉત્સાહ-ઉદ્યમ વિનાના(ભારે કર્મી)ને વૈરાગ્યનો ઉપદેશ (સાંભળવો ગમતો નથી), કાન (દ્વારા ચિત્ત)ને આલ્હાદકર નથી બનતો. (સંવિગ્ન-પાક્ષિકને સંયમ-તપમાં અનુત્સાહ છતાં જ્ઞાની હોઈ સંયમ-તપ ઉપર પક્ષપાત હોવાથી, એવાને વૈરાગ્યનો ઉપદેશ આનંદદાયક બને છે.) (૫૩૩)

(આ શાસ્ત્ર, મિથ્યાત્વાદિ મહાસર્પથી ડસાયેલા જીવોને 'જીવનમાં સાધ્ય શું' એનું ભાન નહિ હોવાથી, માત્ર પ્રકરણ-પદાર્થ સંગ્રહનો શુષ્કબોધ કરાવનારું થાય; કેમકે) આ ઉપદેશમાળા નામનું પ્રકરણ સાંભળીને જેને સર્વજ્ઞ-કથિત ધર્મમાં વિશિષ્ટ ઉત્સાહ ભર્યો ઉદ્યમ ન જાગે, (અરે ! સાંભળીને) 'વૈરાગ્ય' = વિષય-વિમુખતા ય ઉત્પન્ન ન થાય, તેને અનંત સંસારી જાણવો. (કાળ સર્પથી ડસાયેલાની જેમ એ અસાધ્ય છે. કારણ,) (૫૩૪)



कम्माण सुबहुआणुवसमेण उवगच्छई इमं सव्वं ।
कम्ममलचिक्कणाणं, वच्चइ पासेण भण्णंतं ॥५३५॥

उवएसमालमेयं, जो पढइ सुणइ कुणइ वा हियए ।
सो जाणइ अप्पहियं, नाऊण सुहं समायरइ ॥५३६॥

धंतमणिदामससिगयणिहिपयपढमक्खराभिहाणेणं ।
उवएसमालपगरणमिणमो रइअं हिअट्ठाए ॥५३७॥

❇ जिणवयणकप्परूक्खो, अणेगसुत्तत्थसालविच्छिन्नो ।
तवनियमकुसुमगुच्छो, सुग्गइ फलबंधणो जयइ ॥५३८॥

---

આ સમસ્ત શાસ્ત્રનો સમ્યગ્ બોધ અતિ બહુ કર્મોના (સ્વકાર્યકરણના અસામર્થ્યસ્વરૂપ) ઉપશમ (ક્ષય, ક્ષયોપશમ)થી (કાંઈક શેષ કર્મ બાકી રહ્યે) પ્રાપ્ત થાય છે, બાકી (મિથ્યાત્વાદિ) કર્મકીચડથી ખરડાયેલા જીવોની (આગળ આ શાસ્ત્ર) વંચાતું હોય ત્યારે (એમનાં અંતઃકરણમાં ઊતર્યા વિના એમની) પાસે થઈને ચાલ્યું જાય છે. (ઉપરથી વહ્યું જાય છે.) (૫૩૫)

આ ઉપદેશમાળા જે (ધન્ય પુરુષ) ભણે (સૂત્રથી બોલે) છે, (અર્થથી) સાંભળે છે, અને હૃદયસ્થ (પ્રતિક્ષણ આના પદાર્થને દિલમાં ભાવિત) કરે છે, તે (આ લોક પરલોકના) પોતાના હિતને સમજે છે, અને એને સમજીને, 'સુહં' = વિના મુશ્કેલીએ, આચરે છે. (૫૩૬)

ધંત-મણિ-દામ-સસિ-ગય-ણિહિ એ છ પદોના પહેલા પહેલા અક્ષરોથી બનતા નામવાળા (ધર્મદાસ ગણિ)એ 'હિયટ્ઠાએ' = મોક્ષ માટે ને જીવોના ઉપકાર માટે, આ ઉપદેશમાળા નામનું પ્રકરણ-શાસ્ત્ર 'રચ્યું' = જિનાગમમાંથી અર્થથી ઉદ્ધરીને સૂત્રબદ્ધ કર્યું. (૫૩૭)

(દ્વાદશાંગીરૂપ) જિનવચન-જિનાગમ એ કલ્પવૃક્ષ છે, (કેમકે ઇષ્ટ ફળદાયી છે. એ વ્યાપક હોઈ અને સમ્યક્ છાયા આપનાર હોઈ) અનેક સૂત્રશાસ્ત્ર અને તદર્થરૂપી શાખાઓના વિસ્તારવાળો છે, એમાં (મુનિમધુકરને પ્રમોદકારી) તપ-નિયમરૂપી પુષ્પોના ગુચ્છા છે, અને એ (સ્વર્ગ મોક્ષરૂપી

जुग्गा सुसाहुवेरग्गिआण परलोगपत्थिआणं च ।
संविग्गपक्खिआणं, दायव्वा बहुसुआणं च ॥५३९॥

❈ इय धम्मदासगणिणा जिणवयणुवएसकज्जमालाए ।
मालव्व विविहकुसुमा, कहिआ य सुसीसवग्गस्स ॥५४०॥

❈ संतिकरी वुड्ढिकरी, कल्लाणकरी, सुमंगलकरी य ।
होइ कहगस्स परिसाए, तह य निव्वाणफलदाई ॥५४१॥

इत्थ समप्पइ इणमो, मालाउवएसपगरणं पगयं ।
गाहाणं सव्वाणं, पंचसया चेव चालीसा ॥५४२॥

---

અનંત સુખરસભર્યા) ફળની નિષ્પત્તિવાળું છે. એ જિનાગમ-કલ્પવૃક્ષ (મિથ્યાશાસ્ત્રરૂપી વૃક્ષોને અકિંચિત્કર ઠરાવતું હોવાથી જયવંતુ વર્તે છે. (૫૩૮)

સુસાધુ અને વૈરાગી શ્રાવકો તથા (સંયમ સન્મુખ થવાથી) પરલોક-હિતની પ્રવૃત્તિમાં ઉદ્યત સંવિગ્નપાક્ષિકને આ ઉપદેશમાળા (આપવા) યોગ્ય છે, ને એવા વિવેકી બહુશ્રુતને આપવી. (૫૩૯)

જિનવચનના ઉપદેશના કાર્ય(આગમો)ની માળામાંથી ધર્મદાસગણીએ વિવિધ પુષ્પોવાળી માળાની જેમ એ પ્રમાણે (ગૂંથીને વિવિધ ઉપદેશવાળી આ ઉપદેશમાળા) ઉત્તમ શિષ્યવર્ગને કહી. (૫૪૦)

આ ઉપદેશમાળા ઉપદેશનાર તથા (સાંભળનારી) સભાને (વિષયાસક્તિ તથા કષાયોની) 'શાંતિ' = ઉપશમ કરનારી, (વૈરાગ્ય તથા જ્ઞાનાદિ ગુણોની) વૃદ્ધિ કરનારી, (આત્મહિત-પ્રવૃત્તિરૂપ) કલ્યાણને કરનારી, (વિઘ્નનિવારક તથા ઉચ્ચતર પ્રશસ્ત અધ્યવસાય પ્રેરક) ઉત્તમ મંગળને કરનારી બને છે. અને એ જ રીતે (આગળ વધતાં) નિર્વાણ-મોક્ષફળને આપનારી બને છે. (૫૪૧)

અહીં આ હારમાળામય પ્રસ્તુત ઉપદેશ-પ્રકરણ સમાપ્ત થાય છે. (એમાં) બધી ગાથાઓ કુલ પાંચસો ચાલીસ છે. (૫૪૨)



जाव य लवणसमुद्दो, जाव य नक्खत्तमंडिओ मेरू ।
ताव य रइया माला, जयम्मि थिरथावरा होउ ॥५४३॥

अक्खरमत्ताहीणं, जं चिय पढियं अयाणमाणेणं ।
तं खमह मज्झ सव्वं, जिणवयणविणिग्गया वाणी ॥५४४॥


[इति श्री उपदेशमाला प्रकरणम्]

---

જ્યાં સુધી લવણસમુદ્ર અને જ્યાં સુધી નક્ષત્રોથી શોભતો મેરુ પર્વત (અસ્તિત્વમાં હોય) ત્યાં સુધી આ ગૂંથેલી (ઉપદેશ)માળા જગતમાં સ્થિર-સ્થાવર = અવિચલ-અવિનાશી રહો. (૫૪૩)

(આ ઉપદેશમાળામાં) અજાણપણે મારાથી જે કાંઈ એક અક્ષર કે માત્રાથી પણ હીનાધિક કહેવાયું હોય, તે બધા મારા (અપરાધ)ની શ્રી જિનેશ્વર ભગવાનના મુખારવિંદમાંથી નીકળેલ વાણી સરસ્વતી ક્ષમા આપો. (૫૪૪)

❈ સમાપ્ત ❈



# उपदेशमाला-गाथा-अकारादि क्रमः


| गाथांशः | गाथांकः | | | | |
|---|---|---|---|---|---|
| अइसुट्ठिओ | ६८ | अमुणिय | १४३ | आसायण | ४१० |
| अक्कोसण | १३६ | अरसं वि | ३२५ | आहारेसु | ४० |
| अक्खर | ५४४ | अरिहंत | ५०२ | इक्कंपि | ४६८ |
| अच्चणुरत्तो | ५२२ | अरिहंता | ४४८ | इच्छइ य | ४०६ |
| अच्चिय | १८७ | अवरूप्प | १५५ | इक्कस्स | १५६ |
| अट्टहास | ३१६ | अविइच्छंति | ४४५ | इत्थसम | ५४२ |
| अट्ठम | ३७० | अविकत्ति | ११२ | इत्थिपसु | ३३४ |
| अणवट्ठियं | ४८६ | अवि नाम | २५५ | इंदियक | ४६० |
| अणुगम्मइ | १३ | अस्संज० | ४९८ | इय गणियं | ४८१ |
| अणुराएण | १४१ | अह जी० | १३५ | इय धम्म | ६४० |
| अणुवत्तगा | ९७ | अहमाहओ | १३७ | इह लोए | १२७ |
| अणुसिट्ठा | २१६ | अहियं | ४४४ | ईसाविसा | २८७ |
| अंतेउर | ४९ | आउं सं | ४६७ | उग्गाइ | ३७३ |
| अन्नुन्नजं | २२४ | आजीवग | ४५९ | उच्चार०खेले | ३०० |
| अंगारजीव | १६८ | आजीव सं | २८२ | उच्चार०वंत | १५९ |
| अपरिच्छिय | ४१५ | आणाए | ५०५ | उच्चारे | ३६७ |
| अप्परिसावी | ११ | आणं सव्व | ५०० | उच्छूढ | ८९ |
| अप्पहिय | १०८ | आमुक्क जो | ५२८ | उज्झिज्ज | २६४ |
| अप्पागमो | ४१४ | आयरतर | ५२४ | उड्डम | ३३९ |
| अप्पा जाणइ | २३ | आयरिय | १०० | उत्तम | १५४ |
| अप्पा चेव | १८५ | आरंभपा | ४६२ | उवएस | ३१ |
| अप्पेण वि | २५२ | आलावो | २२३ | उवएसं | ४४९ |
| अभिगम | १६६ | आवा० | २५८ | उव्विलण | ७७ |
| | | आसन्न० | २१० | उव्वेयओ | ३१८ |





| | | | | | |
|---|---|---|---|---|---|
| उस्सुत्तमा | २२१ | कप्पाकप्पं ए० | ४१७ | के इत्थ | १७९ |
| एए दोसा | ४११ | कप्पाकप्पं च | ४०१ | केइ सु | १६७ |
| एएसु जो | ३१० | कम्माण | ५३५ | केसिंचिय | ४४० |
| एगदिव | ९० | कम्मेहिं | २५० | केसिंचिव | ४३९ |
| एगदिह | १६० | कलहण | १३१ | केहिवि | ४९६ |
| एगंत | १११ | कलुसी | २४९ | कोडीसए | ४८ |
| एयंपि | ३२२ | कह उ | ३९९ | को तेण | २५७ |
| एवमगी | ४०७ | कह कह | ४७५ | को दाही | ४९० |
| एवंठिओ | ३८५ | कह तं | ३० | कोहो कल | ३०२ |
| एवं तु | २१४ | कह वा | ४०८ | कोहो माणो | ३०१ |
| एगागी | ३८७ | काऊण | २५३ | खरकर | १८३ |
| एसकमो | २७६ | कारणनी० | ११० | खित्ताई | ३६२ |
| ओसन्न च० | २२८ | कारण वि० | ९५ | गच्छ | ३८८ |
| ओसन्न वि० | १९३ | कारुण्ण | १०७ | गय | ३२ |
| ओसन्नया | ३५० | कालस्स | २९४ | गामं | ३५७ |
| ओसन्नस्स | ३५२ | किमगं | ४८२ | गार | ४२२ |
| ओसन्नो | ५१७ | किं आसि | ५३ | गिरि | २२७ |
| कइया वि | १२ | किं पर | २० | गीअत्थं | ३७६ |
| कक्खड | २८० | किं पिक | १८० | गुज्झो | ३३७ |
| कज्जेभा० | २९७ | किं मूसगा | ५२९ | गुणदोस | ३१५ |
| कज्जेण | ३६६ | किं लिंग | ४३६ | गुणहीणो | ३५१ |
| कडुय | ३६ | किं० सक्का | ३५ | गुरु गुरु | १४२ |
| कत्तो चिंता | ४७० | कीवो | ३५६ | गुरु पच्च | ३७८ |
| कत्तो सुत्त० | १५७ | कुच्छा | ३२१ | गुरुपरि | ३७७ |
| कंचणम | ४९४ | कुलघर | १५२ | घित्तूण | २५९ |
| कंतारगे | ५२३ | कुसमय | २७१ | घोरे | ३१४ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| चंदुव्व | ४७७ | जं आणवेइ | ७ | जहा सुर | ८ |
| चरणइ | ३९६ | जं जयइ | ३९८ | जायम्मि | ३४५ |
| चरणकरण | ४२८ | जं जं न | २०९ | जाइकुल | ३३० |
| चरणकरणा | ५३० | जं जं समयं | २४ | जाईए | ३३१ |
| चारग | २८३ | जं णेण | २०० | जाणइ अ | २०३ |
| चिंता | २८४ | जंतेहिं | ४२ | जाणइ य | २०५ |
| चोरि | ४५७ | जं न | १२४ | जाणिज्जइ | २०४ |
| छक्काय | ४३५ | जं तं | १०९ | जायम्मि | ३४५ |
| छज्जी० वह० | ८२ | जस्सगु० न | ७५ | जाव य | ५४३ |
| छज्जी० विर० | ४४१ | जस्सगु० परि | २६३ | जिणपह | १७६ |
| छज्जीवनि० | ४३० | जह उज्जमि | ४२० | जिणव० क | ५३८ |
| छज्जीवनि० मह | ४२९ | जह कच्छु | २१२ | जिणव० सु | ४३ |
| छल | ३०७ | जह चक्क | ५८ | जियकोह | ३९० |
| छेओ | ५० | जह चयइ | १७३ | जीअं का | १०५ |
| जइ गिण्हइ | २२२ | जह जह कीर | ११६ | जीवेण | १९७ |
| जइ ठाणी | ६३ | जह जह खमइ | ३४३ | जीवो | १८९ |
| जइ ता अ | ३४४ | जह जह बहु | ३२३ | जीवंत | ९८ |
| जइ ता ज | ७१ | जह जह सव्वु | ४८७ | जुग्गा सु | ५३९ |
| जइ तात ण | ४५८ | जह ठिय | ४०२ | जुगमित्तं | २९६ |
| तइ ता ति | ४ | जह दाइ | ४१६ | जेट्ठुव्व | ६२ |
| जइ ता ल | २९ | जह नाम | ४०५ | जे घर | २२० |
| जइ ताव | ६७ | जह मूल | २७३ | जे ते | ४९९ |
| जइ दुक्कर | ६६ | जह या | ४३४ | जो अवि | १७१ |
| जइ न | ६०१ | जह वण | १३२ | जो आग | ३१२ |
| जइ सव्वं | ४८३ | जह सर | ५१८ | जोइस | ११५ |
| जग चूडा | २ | जहा खरो | ४२६ | जो कुणइ | ६१ |





| | | | | | |
|---|---|---|---|---|---|
| जो गिण्हइ | ९६ | तिव्वयरे | १७८ | देसियरा | ४१३ |
| जो चयइ | ११७ | ते धन्ना | ५९ | देहो | १७४ |
| जो चंदणे | ९२ | तो पढियं | ६४ | दो चेव | ४९१ |
| जो जस्स | ८४ | तो बहु | १२५ | दोस | ५१ |
| जो जह | ५०४ | तो हय | ४३३ | धतमणि | ५३७ |
| जो नवि | ४८० | थद्धा | ७४ | धम्मकहा | ३७४ |
| जो निच्च | ३४० | थद्धो | २७ | धम्मत्थ | ५३२ |
| जो निच्छए | ११८ | थोवेण | २८ | धम्मं | २२ |
| जो नियम | १६५ | थोवो वि | ११३ | धम्मंपि | २८८ |
| जो पुण | ४९३ | दगपाणं | ३४९ | धम्ममिणं | १२० |
| जो भासुरं | ३११ | दट्ठूण | २३२ | धम्ममि नत्थि | ३९३ |
| जो विय | ३८६ | दड्ढ | ४८९ | धम्ममएहिं | १०४ |
| जो सुत्त | ४३७ | दढ | २३४ | धम्मो पुरि | १६ |
| जो सेवइ | २११ | दव्वं | ४०० | धम्मो मएण | २५ |
| जो हुज्जउ | ३८३ | दस | २४८ | धिद्धी | १२८ |
| ठाणं | २६२ | दावेऊण | २६१ | न करंति | ८६ |
| तंसुर | २८६ | दिण | १४ | न करेइ | ३६८ |
| तम्हा | ३९२ | दिव्वा | २७७ | न करेमि | ५०७ |
| तवकुल | ३२७ | दीसं | ३८ | न कुलं | ४४ |
| तव० सील | २४६ | दुक्कर | ८८ | न चइ | ५ |
| तव० सुट्ठि | ४४३ | दुज्जाण | १३८ | न तहिं | ४७९ |
| तह छक्काय | ४३२ | दुपयं | २०६ | नमिऊण | १ |
| तह पुव्वि | १४० | देवाण | २७८ | नयन | २०७ |
| तह वत्थ | ४४७ | देवा वि | २८५ | नरएसु जाइ | २७९ |
| तह विय | १८ | देवो नेर | ४५ | नरएसु सुर | २७४ |
| तिरिया | २८१ | देवेहिं | १२१ | नरयग | १०३ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| नरयत्थो | २५६ | नीयं गिण्हइ | ३७१ | पागडिय | ६५ |
| नरयनि | ४४२ | पडिसेवणा | ४०४ | पाण | १७५ |
| नवि इत्थ | ४७ | पडिवज्जि | ३४ | पाय पहे | ३६० |
| नवि तं | १२६ | पढइ नडो | ४७४ | पावि | ४६४ |
| नवि धम्म | ३९४ | पढमं | २३८ | पावो | १९५ |
| नहदंतकेस | ३५८ | पंचसमिया | ३९१ | पासत्थो | ३५३ |
| नह दंत मंस | १९८ | पंचिदिय | ४६६ | पिल्लि | १५८ |
| नाऊण | ५३१ | पंचेव | २१७ | पीयं | २०१ |
| नाणं | ४२५ | पणमंति | ५७ | पुण्णेहिं | १०१ |
| नाणाहिओ | ४२३ | पत्ता | २०२ | पुप्फि | ३९ |
| नाणाहिय | ४२४ | पत्थरेणा | १३९ | पुर | १९१ |
| नाणे दंसण | २१८ | परतित्थिया | २३७ | पुव्व | ३३५ |
| नाहम्म | २३५ | परप० गिण्हइ | ६९ | पुव्वि | २९९ |
| निक्खम | २३६ | परप० मइओ | ७३ | फरुस | १३४ |
| निच्छय | ५१२ | परप० विसाला | ४६१ | फुड | १०६ |
| निच्छो | ३०३ | परिअट्ठि | ४७३ | बहु दोस | ४३८ |
| निग्गंतू | १९२ | परिचिंति | ५११ | बायालमे० न | ३५४ |
| निच्चं दस | १८६ | परिणाम | १३३ | बायालमे० भोय | २९८ |
| निच्चं पव | ३४७ | परितप्पि | १९६ | बारस | ३७५ |
| निच्चं सं | २२६ | परिभवइ | ३७२ | बालुत्ति | ९ |
| निव्वीए | ४९५ | परियच्छंति | ८३ | भद्दो | ६ |
| निम्ममा | ३८९ | परिरुव | १० | भज्जा | १४८ |
| नियगम | २६ | पलिओव | २७५ | भय | ३२० |
| नियया | १५१ | पवराइं | ३२४ | भव | १२३ |
| निहयाणि | ३२९ | पव्वायण | ४१८ | भिक्खू | ३९५ |
| निहिसं० | १८१ | पहगमण | ३७९ | भीओ | ४७८ |





| | | | | | |
|---|---|---|---|---|---|
| भोगे | १२२ | लद्धूण | ४५३ | विणयाओ | ३४२ |
| भावे | ४०३ | लुद्धा | १५० | विरया परि | २४४ |
| मउआ | ७९ | लोए वि कु | २२५ | विरया पाणि | २४२ |
| मणिकण | ८५ | लोए वि जो | ५०८ | विसयविसं | २१३ |
| महव्वय | ५०९ | लोभो | ३०८ | विसयसुह | १४७ |
| महिला | १९ | वग्घ | ४७२ | विसयासि | ६० |
| माणंसि | ७८ | वच्चइ | ४६५ | विसवल्लि | ३१३ |
| माणी | १३० | वज्जंतो | ३३६ | वुड्ढावासे | ९९ |
| मायाकुडंग | ३०६ | वत्थिव्व | ३८१ | वेसंजु | १६२ |
| मायानियग | १४५ | वंदइ उम० | २३० | वेसो | २१ |
| मा कुणउ | ३४६ | वंदइ पडि० | २३३ | वोत्तूण | ३३ |
| महुर | ८० | वंदइ न | ५१६ | सच्छंद...अप्पणे | ३८० |
| माणो | ३०४ | वरमउ | ४५० | संवच्छर चा० | २४१ |
| मायापिया | १४४ | वरिस | १५ | सच्छंद...भुंजइ | ३८२ |
| मिण | ९४ | वरं | १८४ | सज्झाए | ३३८ |
| मुक्का | २४५ | वसही | २४० | सट्ठि | ८१ |
| मुच्छा | ३०९ | वहबंध | ५२ | सद्दहणा | २१९ |
| मूल | ४४६ | वह मारण | १७७ | सद्देसु | ३२८ |
| रयणु | ४५१ | वासह | २५१ | सपरक्कम | ५५ |
| राउत्ति | ४६ | विकहं | ४८५ | सब्भावो | ११४ |
| रायकुले | ५६ | विग्गह | ७० | समिइ | २९५ |
| राया | ४९७ | विज्जं | ३६५ | सम्मत्त | २६९ |
| रीय | ३६४ | विज्जाए | २६७ | सम्मद्दिट्ठि | १६४ |
| रूवेण | १५३ | विज्जप्पो | ४८८ | संघयण | २९३ |
| रूसइ | ७६ | विज्जाह | ५४ | संजम | ५३३ |
| लद्धि | २९२ | विणओ | ३४१ | संजोअइ | ३६९ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| संज्झ | २०८ | सारीर | २६४ | सुबहुं | ५१० |
| संति | ५४१ | सावज्ज | ५१९ | सुमिणं | १९० |
| संपागड | ५२७ | साहंति | ४७१ | सुरवइ | ४५२ |
| संसारचा० | २८९ | साहुकांता | ४१ | सुविणि | २३१ |
| संसार म० | ३३२ | साहूण कं० | २३९ | सुस्सूस | ३२६ |
| संसार वं० | १७० | साहूण चे० | २४२ | सुहिओ | १७२ |
| संसार सा० | ५२१ | साहूणं | ३१७ | सूरप्प | ३५५ |
| संसारो | ५०६ | सिद्धि | ४७६ | सूल | ४६९ |
| संतेवि | ३७ | सिप्पाणि | ४२१ | सेसा मिच्छ | ५२० |
| संवच्छर उसभ | ६ | सिंहगिरि | ९३ | सेसुक्कोसो | ३९७ |
| संवच्छर चा | २८९ | सिंहागणे | २६६ | सोहणग० | १८२ |
| संवाहण | १७ | सीइज्ज | २४७ | सोउणंपग | ५३४ |
| संविग्ग | ५१४ | सी उण्ह | ११९ | सोगं | ३१९ |
| सव्वगई | २१५ | सीलव्वया | १८८ | सोउग्ग | १६९ |
| सव्वगहाणं | २१० | सीसयरि | ४१९ | सोवइय | ३५९ |
| सव्वाओगे | ४२१ | सीसावेढे | ९१ | सोविय | ३८४ |
| सयलम्मि | २६८ | सुक्काइय | ५२७ | हत्थेपाए | ४८४ |
| सव्वजिण | १६१ | सुग्गइ | २६५ | हा जीव | १९४ |
| सव्वंगोवं | १४६ | सुच्चा | २६० | हिमवंत | १९९ |
| सव्वंति | ५०३ | सुज्झइ | ५१३ | हियमप्पणो | ४५४ |
| सव्वं थोवं | ३६१ | सुट्ठुं वि | ७२ | हीणस्स...नाणा० | ३४८ |
| सविडंकु | १६३ | सुट्ठुं पि | ३३३ | हीणस्स...संवि० | ५२६ |
| सव्वो गुणेहिं | ४५६ | सुत्ते | ४०९ | हीलानिरु | ३०५ |
| सव्वो न हिं | ४६३ | सुंदर | ८७ | हुज्जव | २९१ |
| साय | १४९ | सुद्धं | ५१५ | | |
| सारण | ५२५ | सुपरि | २७२ | | |






**સ્નેહીના મૃત્યુ પ્રસંગે** **વિલાપારલા (મુંબઈ)**

**ધર્મલાભ,** **વિ.સં. ૨૦૦૯, આસો. વદ-૧.**

તમારો પત્ર મળ્યો.

મૃત્યુ એ જન્મ સાથે જકડાયેલી વસ્તુ છે. તેથી એ આશ્ચર્યકારક નથી. તેમજ શ્રી જિનેશ્વરદેવનું શાસન શોકના યોગે ભયંકર કર્મબંધ થવાનું કહે છે. માટે મૃત્યુ પાછળ શોક કરવો વાજબી પણ નથી. ખરી રીતે વિચારવાનું એ છે કે આપણે જીવંત છીએ, એમાં મૃત્યુનો પ્રમાદ લાગે છે, પણ તે આપણને આત્મહિતની આરાધનામાં ઓતપ્રોત થવાનું સૂચવે છે. બની ગયેલી વસ્તુ ન બની કરી શકાતી નથી. તો શોક શા માટે ? ઊલટું એ પરથી આખાય સંસારની અને આપણા જીવનની ચંચળતા અને અવિશ્વસનીયતાને પારખી લઈ, સ્થિર અને વિશ્વસનીય એવા પરમપદ મોક્ષ માટેના પુરુષાર્થમાં કાં ન લાગી જવું ?

આ ઉપરાંત, બીજી પણ એક વાત એ છે કે જેમ,... નો વિરહ પડ્યો છે, તેમ પ્રભુ શ્રી મહાવીર પરમાત્માનો વિરહ પણ પડ્યો છે ને ? તો પ્રભુનો વિરહ એટલો સાલે છે ? આજસુધીમાં કોઈ દિવસ એટલો સાલ્યો હતો ? પ્રભુ શું ઓછા ઉપકારી છે ? અનંતકાળના હિસાબે પચીસસો વરસ તો કોઈ વિસાતમાં નથી. તો એટલા અલ્પકાળ માટે આપણને કેમ આવા પ્રભુનો વિરહ પડી ગયો ? કેમ આપણે પ્રભુના કાળમાં પ્રભુની સાથે રહી આરાધના કરીને એમની સાથે આપણો સદા અ-વિરહ રહે, એવા મોક્ષમાં ન પહોંચી ગયા ? શોક કરવા જેવો હોય તો આ પ્રભુ વિરહ પડ્યાનો છે. એ સિવાયના બીજા વિરહમાં શો માલ છે.

તેમ એ પણ વસ્તુ છે, કે જો આપણે લાગણી અને પ્રેમથી ખેંચાઈએ છીએ, તો એ વિચારવું ઘટે કે આપણા સ્નેહી આપણા સંસર્ગમાં આવીને, શું આપણી મદદથી ચારિત્રના ઉચ્ચમાર્ગે ચઢી જીવન સફળ કરી ગયા ? જો ના, તો આપણે એમને શું આપ્યું, ને શું અપાવ્યું ? ખાલી દુન્યવી સંબંધ અને વ્યવહાર તો બીજા મનુષ્યોને અને તિર્યંચોને પાળતાં ક્યાં નથી આવડતું ? ખરી રીતે હવે આત્માના કલ્યાણના જ એક માર્ગે લાગી જવાનો અવસર આવ્યો છે.

શ્રી અરિહંત પ્રભુનું શાસન અદ્‌ભુત તત્ત્વોનું સ્વરૂપ બતાવે છે, જગતની

વિચિત્રતા બતાવી એની પાછળના કારણો બતાવે છે; શુભ-અશુભ ધ્યાનના વિસ્તાર સમજાવે છે; હેય-ઉપાદેયનો વિવેક કરાવે છે; આધુનિક અલ્પકાળમાંથી આગામી અનંતકાળને ઉજ્જવળ કરવાનો દર્શન-જ્ઞાન-ચારિત્રનો મહામાર્ગ ફરમાવે છે; શોક અને અસાવધ કરણી ટાળી સદ્‌ગત આત્માને ય આપણા તરફથી પાપનો ભાર ન મોકલવાનું શિખવે છે; બાર ભાવનામાં જગતના વિવિધ ભાવોનું પર્યાલોચન કરવાનું સમજાવે છે.

તો, આવા રૂડા જૈનશાસનને પામ્યા પછી નિજના કર્તવ્યના પંથે ચઢી બચત-જીવનની પ્રત્યેક પળને કર્મનો વિધ્વંસ, દોષનો નિકાલ, આત્માની વિશુદ્ધિ, તથા ગુણોનું ઉપાર્જન કરવામાં, અને અર્હત્ પ્રભુની સાથે એકમેક થવામાં ગાળો, એ જ હંમેશ માટેની હૃદયની એકની એક મંગળ કામના.

"દિવ્ય-દર્શન" **"વિરાગના ઉપવનમાં"** વર્ષ-૩,અંક-૧૭,તા.૧-૧-૧૯૫૫

❈ જગતમાં સંબંધ તો ઘણા જોડે છે, સ્નેહની ગાંઠ પણ ઘણા બાંધે છે. પરંતુ જગતનો મોટો ભાગ સ્નેહગાંઠ બાંધીને દુર્ગતિમાં જાય છે. ત્યારે આ ઋષભકુળની સ્નેહગાંઠ સુગતિમાં સાથે લઈ જનારી બને છે. પૂર્વે ચારિત્રની સાધનામાં વજ્રનાભચક્રી બાહુ-સુબાહુ-પીઠ-મહાપીઠ બધાં જ સાથે, ત્યાંથી અનુત્તર દેવલોકમાં સાથે, ત્યાંથી ચરમભવમાં પણ સાથે, અને મોક્ષમાં પણ બધાં જ સાથે ! તમેય કોઈ સાથે સ્નેહગાંઠ બાંધીને આનંદ માનો છો ને ? શાના આનંદ માનો છો ? દુર્ગતિના સંબંધના કે સુગતિના ?

❈ જિનાજ્ઞાને વફાદારી એક એવી વસ્તુ છે કે એ સાંગોપાંગ સંપૂર્ણ જોઈએ, એમાં જરાય ખામી ન ચલાવી લેવાય. બ્રાહ્મી-સુંદરી અનુત્તર દેવલોકમાં ગયા હશે તે કેવું ચારિત્ર પાળીને ? જિનાજ્ઞા પાલનવાળું જ ! છતાં સહેજ આજ્ઞાપાલન ચૂક્યા તો સ્ત્રીવેદ ! સ્ત્રીવેદ એટલે ? દીક્ષાર્થી છતાં ભરતના તાબેદાર.

❈ "સદાચારને માટે આપઘાત કરું તે હા, પરંતુ દુરાચાર તો ન જ આદરું !" પ્રાચીનતાના પૂજારી બનો ! અર્વાચીનતામાં આંધળા ન બનો ! અનાજ ન મળે તો ભૂખ્યા રહેજો પરંતુ અનીતિનું ઝેર ખાવાના અખતરા ન કરતા !



"દિવ્ય-દર્શન" **"વચનામૃત"** વર્ષ-૩,અંક-૨૪,તા.૧૯-૨-૧૯૫૫

❈ જે આ શરીર ધર્મના યોગે મળ્યું છે, તે શરીર જ ધર્મને ભૂલાવી રહ્યું છે ! એ ક્યાં ખ્યાલ છે ? ધર્મ પ્રત્યે કૃતજ્ઞતા ગુણ સાચવવાવાળો આપત્તિમાં પણ શરીરને ભૂલી ધર્મને જ રક્ષે.

"દિવ્ય-દર્શન" - "પત્રપ્રેરણા" વર્ષ-૩,અંક-૨૫,તા.૨૬-૨-૧૯૫૫

## અનંતકાળમાં જે નથી કર્યું, તે હવે કરો.

**વિ.સં. ૨૦૧૦, શ્રાવણ સુદ ૫., અહમદનગર.**

આ તો ભાગ્યવાન ! કેવું છે ? કે **"લવણ જલધિમાંહે મીઠું જલ, પીવે શૃંગી મચ્છજી..."** ભાગ્યશાળી નર સંપદ પામે. સોનાની ગંગા આંગણે વહી જતી હોય, પણ ભાગ્યહીન નર બિચારો મણના મણ તો નહિ, પણ એક તોલોય સોનું ન પામી શકે, એના જેવું છે.

ધ્યાન રાખજો, કે મનુષ્યભવ જેટલો ઊંચો છે, એટલો ઊંચો એનો સદુપયોગ જોઈએ. લાખો રૂપિયાનો હીરો કે જેનાથી મોટા મહેલ, મોટરો, દાગીનો વગેરે મેળવી શકાય, એ હીરાથી માત્ર મમરા ન ખરીદી શકાય એમ નહિ પણ મમરા ખરીદનારો મહામૂર્ખ ગણાય ! પરિણામે ઘોર પસ્તાવો કરી રોઈ રોઈને મરે. તેમ આ ઊંચો માનવભવ કે જેનાથી સદ્‌ગતિ અને મોક્ષસાધક ઊંચા વૈરાગ્ય, ત્યાગ-સંયમ અને તત્ત્વજ્ઞાન મેળવી શકાય. એનાથી તુચ્છ અને વિષ-મિશ્રિત મમરા તુલ્ય વિષયો ખરીદી શકાય એમ નહિ પણ એ દુન્યવી ધાંધલ અને લાલચમાં જ જીવન હોમી દેનાર મહામૂર્ખ ઠરે છે; અને પરિણામે દુર્ગતિઓમાં નિસ્સીમ ત્રાસ-પસ્તાવાનું કપાળે લખાય છે.

આત્માના નૂરને વિનાશી જગતની વાતોમાં ખોઈ ન નાંખ. નૂર તો તો જ પ્રગટે કે જો મોહની લાગણીઓને કચરવામાં આવશે, જો અનંતવાળી સાંસારિક ગડમથલને મૂકી અનંતના પ્રવાસે પ્રયાણ આદરાશે, એ અનંત એટલે અનંતજ્ઞાન-દર્શન-ચારિત્ર, અનંતવીર્ય-સુખ અને સ્થિતિ.

સમજજો. અહીં જે કરી રહ્યા છો તે આવા અનંત માનવભવમાં તો શું પણ અનંતાનંત કીડા-જંતુના ભવોમાં કર્યું છે. એમાં શું કરવું તું !' અહીં તો એ કરો કે જે અનંતકાળમાં નથી કર્યું અને જે કરવાથી ભૂતકાળના અનંતકાળની વેઠ ફરી ઊભી ન થાય.

“દિવ્ય-દર્શન” **“અમીઝરણાં”** વર્ષ-૩,અંક-૩૪,તા.૭-૫-૧૯૫૫

**૧. દ્વેષ-ઉદ્વેગનું ઔષધ :-** હું દુઃખી થતો હોઉં તો મારા સત્ પુરુષાર્થની ખામીથી. મારે સુખી થવું હોય તો પુરુષાર્થ પ્રબળ બનાવવો પડે. આ વિચારથી દુઃખ વખતે બીજાના ઉપર દ્વેષ કરવાનું કે સાધનની ખામી ઉપર ઉદ્વેગ લાવવાનું અટકાવી શકાય છે. કેમકે સત્ પુરુષાર્થમાં મનની પવિત્રતા, હૃદયનું વૈરાગ્ય બળ, આત્માની ગમે તેવા સંયોગોમાં નિજસ્વરૂપના ખ્યાલથી સ્થિત-પ્રજ્ઞતા-સ્થિરતા વગેરેનો પુરુષાર્થ આવે.

**૨. કર્મનો નાચ :-** આપણે કોણ ? કર્મનટના નાટકિયા ! જે પાઠ એ આપે તે ભજવવો પડે. જો નાટક નાચતી વખતે નાટકિયાપણાનું સત્યભાન થઈ જાય, તો ભાવીના તાકી બેઠેલા અનંત નાટકો પર પડદો પડી જાય એવું કરી શકીએ. પછી ત્યાં કદાચ મહાદરિદ્રતામાં ભીખ માગનારા ભિખારી હોઈએ છતાં એવી સમાધિ જાળવીએ એ મહાદુઃખી અવસ્થામાં એવા ધીર અને વીર બની સત્પુરુષાર્થ કરીએ કે જેથી ભવિષ્યના નાટકો બંધ પડી જાય. શું આપણા પરમ સ્વતંત્ર અને પરમ સમૃદ્ધ આત્મસ્વરૂપને જોતાં સંસારના વિટંબણાભર્યા, કદૂપા અને મહાપરતંત્ર પણે નાલેશીભર્યા જીવનનાટક ભજવવામાં શરમ ન આવે ?

**૩. એક જ પરાધીનતામાં પતે છે :-** જિન વચનની પરાધીનતા જગતની સર્વ પરાધીનતાનો અંત લાવે છે. જિન વચનના પાલનના કષ્ટ જગતના સર્વ કષ્ટોનો અંત લાવે છે. આ શું ખોટું ? જગતની અનેકાનેક પરાધીનતાઓ અને અનેકાનેક કષ્ટ ઉઠાવવા કરતાં જિનની એક જ પરાધીનતા અને એક જ કષ્ટ ઉઠાવવું કેવું સરસ ? એનોય પાછો મોક્ષ વખતે તો અંત આવી જાય છે.

“દિવ્ય-દર્શન” **“અમીઝરણાં”** વર્ષ-૩,અંક-૩૭,તા.૨૮-૫-૧૯૫૫

**૪. વિકાસ ! વિનાશ ! :-** જડનો વિકાસ આત્માનો વિનાશ સર્જે છે. જડ જેટલું સારું થાય છે એટલો રાગ અને મમત્વ આત્મામાં વધવાથી આત્માના વિનાશના પગરણ મંડાય છે. ત્યારે, એ જુઓ કે **આત્માનો જે વિકાસ છે તેની આગળ જડના વિકાસની કંઈ જ કિંમત નથી.** માટે આત્માના વિકાસ માટે તો જડની કુરબાની કરી દેવી જોઈએ. દા.ત. આત્માના નિસ્પૃહતા, બ્રહ્મચર્ય અને સહિષ્ણુતાના વિકાસ માટે, ધન, વિષયો ને આહારના ત્યાગ ખપે. જો જડની બધી જ અનુકૂળતા સંસાર



માટે રાખી, ને તેનો જરા પણ ભોગ જો જિનવચનના પાલનમાં નથી આપવો તો પછી મોક્ષ એમ કાંઈ રીઢો નથી પડ્યો ! ‘દૂર દીઠું છે શિવપુર શહેર જો...’ **ઉચ્છૃંખલ મન અને સુખશીલિયા તન પર ઘસારો પડ્યા વગર આત્મામાં જિનાજ્ઞાના ઊંડાં સંસ્કાર નહિ પડે.**

“દિવ્ય-દર્શન” **“અમીઝરણાં”** વર્ષ-૩,અંક-૩૯,તા.૧૧-૬-૧૯૫૫

**જ્યાંથી આવ્યા ત્યાં પાછા ! નવું શું ? :-**

મોહની ગુલામી કરી કરીને શું પામવાનું ? ક્યાં જવાનું ? જ્યાં નીચેથી ઊંચે આવ્યા, ત્યાં નીચે જ ને ? જે મોહનીય કર્મની રમત આત્મ-ઘરમાં ચાલે છે એના પ્રમાણમાં શું કોઈ નવું સ્વરૂપ આત્મામાં દેખાય છે ? નવું એટલે પશુને ન આવડે એવું. જાતને કહો કે **‘જે તું ખુશી સાથે મોહ અને કર્મ રમતની ગુલામીના કોન્ટ્રાક્ટ (કરાર) લખી આપે છે, તેના તો ભારે કરુણ અંજામ આવવાના ! તે તને ભારે પડી જશે !’** એ કરારમાં નવું શું છે ? **ભવમંડપની બાળચેષ્ટા !** ભગવાન શ્રી જિનેશ્વર દેવનું શાસન પામ્યો છે તો પશુને ન આવડે એવું કંઈક કર. એ શું ? **ધર્મ.**

“દિવ્ય-દર્શન” **“અમીઝરણાં”** વર્ષ-૩,અંક-૪૫,તા.૨૩-૭-૧૯૫૫

**પુત્ર જન્મે શુભ ભાવના :-** પુત્રના જન્મ વખતે વિચારવું ઘટે કે ‘મેં જેના પર રાગ કર્યો, મમત્વ કર્યું તે સુપુત્ર પાછળથી ભલે મારી સેવા માગતો નથી, બલ્કે મારી સેવા કરે છે; પણ તેના આવ્યા પછી અમારે તેની પાછળ કેટલી ચિંતા? કેટલી સભય સ્થિતિ ? કેટલું સ્વાત્મહિતનું આચરણ ગુમાવવાનું ? છતાં ખેર ! જો એ મારા ઘરમાં આવી ગયો છે, -તો હું પણ સંસારનો મુસાફર છું, તે પણ સંસારનો મુસાફર છે, અને આજે તે મારા તાબામાં આવી ગયો છે,- તો હું તેને ધર્મના સુંદર આદર્શોવાળો અને આરાધક બનાવી દઉં ! તેના પૂર્વના અનેક માબાપોએ તેને સંસાર માર્ગે દોડાવ્યો છે; કર્મકસાઈને સોંપ્યો છે ! હું તેને બિચારાને મોક્ષમાર્ગે ચઢાવી દઉં ! મહાદયાળુ ધર્મને સોંપી દઉં. **મારા રોટલા માટે એનાં વેચાણ સંસારને નથી કરવા.’**

❖ ❖ ❖

**અહીં આજે મોક્ષ લેવો છે ? :-** કહેવું છે મોક્ષમાં જવું છે, ને જગતને ચીલે ચાલી પાપસ્થાનકમાં રમવું છે ! મોક્ષ એમ ન મલે. જો મોક્ષ લેવો છે તો મોક્ષ લેવાના બધા અભ્યાસ અહીંયાં આદરવા જોઈશે. એનો એક જ રસ્તો જિનાજ્ઞાની આરાધના છે; જિનવચનની મન-વચન-કાયાથી આરાધના છે. જિનવચનની આરાધના માટે જગતના કરતાં જુદા પડવાનું જોઈએ. જિનવચનના મહત્ત્વ સમજવા જોઈશે. મનને મનાવી લેવું પડશે કે 'બીજી ગડમથલમાં શું પડ્યો છે ? એ તારી નથી, તને પરલોકમાં સુખી કરનાર નથી; ને જિનવચન તો સુખ બધું આપનાર છે.' ખરી રીતે તો જિનવચનને જીવનમાં પરોવી દેનારને એવો મહાવૈરાગ્ય જાગે છે કે જગતની શહેનશાહી પણ તુચ્છ લાગે છે ! જિનાજ્ઞાપાલન કિંમતી શાથી ? એટલા જ માટે કે અહીં પણ એ મોક્ષ સમાન છે માટે. મોક્ષ સુખના અહીં સેમ્પલ ચખાડે છે માટે. એનાથી પ્રત્યક્ષ સુખ છે. કેમકે મોક્ષ એટલે જડથી સર્વથા અલિપ્તતા. જિનવચનનો અભ્યાસ એટલે જગતના જડથી અલિપ્તતાનો અભ્યાસ; અને એમાં મહાસુખ છે.

❖ ❖ ❖

**દુર્ધ્યાનની દવા :- 'શોક નરકની છાપ'** દુર્ધ્યાનમાં, જો **આર્તધ્યાન કરો તો એ તિર્યંચની છાપ !** અને જો **રૌદ્રધ્યાન** કરો તો **નરકની છાપ !** તિર્યંચ નરકગતિના દુઃખથી બચવું હોય તો દુર્ધ્યાનથી બચો. દુર્ધ્યાનથી બચવા માટે મન સાથે આટલું નક્કી કરો કે 'મારે ઉદય આવેલાં કર્મ ભોગવી લેવાં. એટલે ફોગટીયું દુર્ધ્યાન કરવાનું મારે કામ નહિ. દુર્ધ્યાન શા માટે કરું ? દુર્ધ્યાન કરવાથી દુઃખ તો જતું નથી, અને નવું પાપ માથે ચઢે છે; તો પછી દુર્ધ્યાન કરનારો હું મૂર્ખ ન ગણાઉં ? આપણે મૂર્ખા નથી બનવું.' ખોટા વિચાર કેમ આવે છે ? ઘણીવાર તો મામૂલી મામૂલી આપણી માનેલી સગવડતા ન મલી માટે. પણ સમજી રાખો કે બે મિનિટ માટેની સગવડતા; તેને માટે જે દુર્ધ્યાન કરાય છે, તેથી જરૂર પડ્યે ભવાન્તરમાં બે મિનિટ નહિ, બે કલાક નહિ, બે વર્ષ નહિ, બારસો વર્ષ નહિ, પરંતુ અસંખ્ય વર્ષોનો કાળ કારમી અગવડતા ભોગવવી પડશે ! માટે ડાહ્યા હોય તો આવેલ દુઃખ સહી લો પણ દુર્ધ્યાન ન કરો.

❖ ❖ ❖

**અરિહંતના ગુણ અને આજ્ઞા :-** દિલના દર્દ સાથેની પોતાના આત્માની અધમતાની દૃષ્ટિ રાખીને વિચારણા કરીએ તો અરિહંતના અનંત ગુણોનો ખ્યાલ આવશે. 'ક્યાં એ ગુણ નિધાન ! ક્યાં હું દોષનો ઉકરડો !'- એવું ભાન થશે.



ઉપરાંત અરિહંતની આજ્ઞાપાલનનું મહત્ત્વ સમજાશે, મોક્ષ આજ્ઞાપાલનથી મળે છે. સંસાર છોડીને, કાયાની માયા છોડીને, મનની સ્વતંત્રતા છોડીને, જો પુરુષાર્થ કરવા તૈયાર હોઈએ, તો આજ્ઞાપાલન સહેલું છે; ત્યારે અરિહંતની આજ્ઞા પાળવાનો ઉદ્યમ થઈ શકશે. **જીવન સાથે જિનના આજ્ઞાપાલનનો વણાટ સંસારના ઝેર નીચોવી નાખે છે.** સંસારની લીલા ભોગવતાં ભોગવતાં પણ જિનાજ્ઞાની પરમ પ્રીતિ જીવનમાં વણતાં આવડે તો નિયમા જિનના ગુણ પ્રાપ્ત કરવાની ભૂમિકા ઊભી થાય.

"દિવ્ય-દર્શન" **"અમીઝરણાં"** **વર્ષ-૩,અંક-૪૬,તા.૨૦-૮-૧૯૫૫**

**અતીત સંબંધી તરંગ કેવો ભયંકર ! :-** અમરકુમારને પત્ની સુરસુંદરી પર નિર્જન દ્વીપમાં એક તરંગ મનમાં આવ્યો કે 'હા ! મને બાળપણે આણે આમ કહ્યું હતું ? તો હું એને બતાવી દઉં.' માત્ર ભૂતકાળના પ્રસંગમાં તરંગથી-વિચારણાથી મનમાં એવો કષાય કલેશ શરૂ થઈ ગયો કે પત્નીને નિર્જન દ્વીપ પર એકલી અટૂલી ત્યજવાનો ભયંકર અનર્થ કરતાં પણ તેનું કાળજું કંપ્યુ નહિ ! એકાંત દ્વીપ ઉપર સુરસુંદરીને ત્યજીને વહાણ લઈ ચાલતો થઈ ગયો ! તરંગ કેવો ભયંકર ! માણસને ત્યાં એ વિચાર શું આવે છે કે શું મારામાં સત્તર ગુના નથી ? છે, પણ તેમાંથી એક પણ જોવાનો, નહિ ! ને બીજાનો એક પણ ગુનો છોડવાનો નહિ ! આવો છે દુનિયાનો રિવાજ ! મૂર્ખને એ વિચાર નથી કે 'અનેક વખત પોતાના આત્મ-દોષોની કરપીણ સજાઓ પોતે ભોગવી આવ્યો છે, છતાં હજી પોતાને પોતાના દોષ પર દ્વેષ નથી છૂટતો ! બીજાને સજા કરીને ઊલટું દોષને દ્વિગુણ કરવા મથાય છે !'

❖ ❖ ❖

**પ્રભુની ઓળખાણ એટલે :-** હૃદયની આરપાર શ્રી જિનેશ્વર ભગવાનને ઓળખીએ છીએ ખરા ? કેવા યાદ છે એ ? યાદ કરીને યાદ લાવીએ એમ નહિ, પણ બીજા કામમાં પડી કદાચ એમને વિસરવા જઈએ, તો પણ ન વિસરાય એવા ને ? જિનેશ્વરદેવની ઊંડી ઓળખાણ જગતને એવું તુચ્છરૂપે દેખાડે છે કે પછી જગત એમને એમ તો યાદ શું આવે, પણ એને યાદ કરવા જઈએ ને થોડીવારમાં ભૂલી જવાય ! **વર્ષોથી જો તત્ત્વજ્ઞાનની રટણા છે, અથવા વર્ષોથી ધર્મસાધના કરો છો, તો તપાસો એ સ્થિતિ છે ?** જિનની મમતા અને જગત પર અભાવ આવા ન કેળવ્યા હોય, તો હવે કેળવવા મથો.

❖ ❖ ❖

**ત્રણ દિનનો મેળો : લહેરથી ભોગવવા જતાં પછી ભોગવાવું પડશે ! :-** ત્રણ દિવસનો આ માનવ જીવનનો મેળો છે. સંસારમાં આવા કેઈક મેળા સાથે અનંતાકાળના મેળ છે. જાણો છો મેળો શી રીતે ? મેળો જોવા જાય ત્યારે ખીસા ઠાલવીને આવે કે ભરીને ? બસ, એમજ ઉત્તમ જીવનનાય મેળા જોઈ જોઈને પુણ્યના અને ગુણના ખીસા ખાલી કર્યા, ભર્યા નહિ ! બાલ્ય, યૌવન અને બુઢાપો, એ ત્રણ દિનના મેળામાં ફરીને શું કમાયા ? રમકડાં, રંગરાગ, ને માયામાં જ મેળો ખત્મને ? **હેં ? શું સારી વસ્તુ લહેરથી ભોગવતાં વિચાર આવે છે કે મારે પાછું સારી વસ્તુ બની બીજાના ભોગવટામાં આવવું પડશે ?** હું સંહાર કરું છું તો મારો કોઈ સંહાર કરશે ? હું કોઈના પર મિજબાની ઉડાવું છું તો મારી કોઈ મિજબાનીઓ ઉડાવશે ? ભૂલવા જેવું નથી કે **કર્મની ભયંકર કરપીણતા છે. એક પણ ગુનો એ જતો નહિ કરે.** જાણે એ કહે છે કે 'અનંત ગુણ સંપન્ન નાથ તને મલ્યા છે, ત્યારે પણ જો ત્રણ દિવસના મેળાની મજા છોડતા નથી આવડતું, તો આવ, તને પણ મેળાની વસ્તુ બનાવી દઉં; તું ક્ષુદ્ર જન્મ પામે, ને તારા પર મેળામાં બીજાઓ તૂટી પડે !'

❖ ❖ ❖

**સૃષ્ટિના સૌંદર્ય એટલે :-** જૈનમતે, જીવ છે તો એના પર બધી સૃષ્ટિ છે. મોટા સુંદર પહાડ નદી, ઝાડ વગેરે બધું શું છે ? જીવનાં શરીરો ! હવે એવી બધી સૃષ્ટિ જોઈ ખુશી થવું એટલે સૃષ્ટિની જેલમાં કચડાતા જીવોને જોઈ ખુશી થવા જેવું કે બીજું કાંઈ ? આજના જમાનામાં તમને જરા આ અજુગતું લાગશે. એમ થશે કે 'શું અમે તે કાંઈ સંસાર છોડી સાધુ બની બેઠા છીએ ? તે આવી વિચારણામાં રમીએ ?' પરંતુ એટલું ગોખી રાખો કે કીટ પશુ વગેરેના ભવની સામે આર્ય માનવજીવન એ સાધુ જીવન જેવું જ છે. એમાં ઘણી ઊંચી તાત્ત્વિક સૂક્ષ્મ વિચારણા રાખવી જ પડશે. નહિતર તો શિયાળે સિંહનું ચામડું ઓઢી લીધું ગણાશે.

મારા પર દુઃખનાં પહાડ તૂટી પડે, પણ જયાંસુધી હું અનંતગુણ સંપન્ન નાથના પડખે છું, ત્યાં સુધી મારે મહાનિર્ભયતા છે ! કેમકે આત્માનો નાથ પાસે વાસ એ સિંહના બચ્ચાનો સિંહ પાસે વાસ છે. કોની મગદૂર છે કે એનો વાળ વાંકો કરી શકે ?





## ચોથા વર્ષના પ્રારંભે

**જણાવતાં** અત્યંત હર્ષ થાય છે કે **'દિવ્યદર્શન'** સાપ્તાહિક પત્ર ત્રણ વર્ષ પૂર્ણ કરી ચોથા વર્ષમાં પુનિત પગલાં માંડે છે.

ત્રણ વર્ષના ટૂંકા કાળમાં અનેક પ્રકારની ઉચ્ચ સાહિત્યસામગ્રી દિવ્યદર્શને જનતાને સમર્પી છે. તેમાં **ગણધરવાદ** અને **નિશ્ચય-વ્યવહાર** જેવા જટિલ વિષયો પણ સુંદર વિવેચાયા, યોગદૃષ્ટિ સમુચ્ચય જેવો પ્રૌઢ અને વિદ્વદ્‌ગમ્ય ગ્રંથ પરનાં વ્યાખ્યાનો પણ અપાયાં. સમરાદિત્ય કેવળી ચરિત્ર જેવો અપૂર્વ કથાગ્રંથ પણ તત્ત્વજ્ઞાનામૃત અને અદ્‌ભુત વૈરાગ્યરસના સિંચન સાથે વિવેચાયો. તદુપરાંત જુદા જુદા વિષયો પરનાં ટૂંકા નિબંધો, કથાઓ, પ્રેરક વાક્યો-પત્રો વગેરે પણ સામગ્રી અપાઈ.

આ ઉપરથી સર્વ કોઈ વાંચકને ખ્યાલમાં આવશે કે **'દિવ્યદર્શન'** એ કેવું નક્કર અને અપૂર્વ સાહિત્યનું અંગ છે. દિવ્યદર્શનમાં આવતા સાહિત્યની એક વિશેષતા એ છે કે તે વાંચતાં જ, આજની આધિ-ઉપાધિથી સળગતાં હૃદય પ્રશાંતરસમાં નિમગ્ન બની જાય છે ! વિષમકાળથી હતાશ બની ગયેલો ભવ્ય જીવ નૂતન ચૈતન્યને પ્રાપ્ત કરે છે, અનેક સંકડામણોમાં મુંઝાઈ રહેલા પ્રાણીને અભૂતપૂર્વ માર્ગદર્શન અને સુખનાં દર્શન થાય છે ! આથી આ સાહિત્ય કેવું અતીવ જીવનોપયોગી છે તેની કલ્પના આવી શકે છે.

પરંતુ-હજુ આ પત્રનો વિશેષ પ્રચાર જરૂરી છે. દિવ્યદર્શનના શુભેચ્છક બંધુઓ અને બહેનો પોતાની આસપાસના મિત્રમંડળમાં કે બહારગામ ઓળખીતામાં તેમજ સ્થાનિક સભા સોસાયટીમાં આનો વ્યાપક પ્રચાર કરે તો જરૂર અમે માનીએ છીએ કે પત્ર હજી પણ વિશાલ ભવ્ય જનતાને ઉપરોક્ત લાભોની લહાણી કરી શકે. પૂ. સાધુ-મુનિવરો ને સાધ્વીજી મહારાજ પણ આ પત્રને સારું પ્રોત્સાહન આપે છે તે અમને આનંદનો વિષય છે, પરંતુ હજુય તેઓશ્રી આ પત્રનો વિશેષ પ્રચાર કરવામાં સહકાર આપે તેવી અમારી નમ્ર વિનંતી છે.

સંયોગની અનુકૂળતાએ ગ્રાહકોને વાર્ષિક ભેટ પુસ્તક પણ સંસ્થા આપવા ઈચ્છે છે; તદુપરાંત બીજી પણ ઉપયોગી વિવિધ તત્ત્વજ્ઞાનની સામગ્રી પીરસવા ચાહે છે.

**'દિવ્યદર્શન'**ના ચાહક-શુભેચ્છકો દિવ્યદર્શનને વિશેષ સદ્ધર બનાવવા તેને ભેટ રકમો જો મોકલશે તો આભાર સાથે તે સ્વીકારવામાં આવશે. ખાસ જણાવવાનું

કે જે ભાઈ દસ ગ્રાહકો બનાવી આપશે તેને એક વર્ષ દિવ્યદર્શન વગર લવાજમે મોકલવામાં આવશે. પ્રાંતે આ પત્ર તમારું જ સમજી તેમાં સક્રિય ભોગ આપો તેવી આશા સાથે વિરમીએ છીએ.

**"દિવ્ય-દર્શન"** **"વચનામૃત"** **વર્ષ-૪,અંક-૧,તા.૩-૯-૧૯૫૫**

❉ કાદવમાં ન છૂટકે ચાલવું પડે એ જુદું, અને હોંશથી લોટવું તે જુદું; તેમ સંસારમાં ન છૂટકે રહેવું પડે તે જુદું, અને હોંશથી રમવું તે જુદું; પાપ નભાવવું પડે તે જુદું, અને પાપને મહલાવવું તે જુદું, મોક્ષપ્રેમી આત્મા સંસારમાં રમતો નથી; પાપને મહલાવતો નથી.

**"દિવ્ય-દર્શન"-"એક્સ્ટ્રા"** **વર્ષ-૫,અંક-૧,તા.૧૫-૯-૧૯૫૬**

## ત્રણ રાજકુમારોની કોમળતા-વિશાળતા

મંત્રી વસ્તુપાળ-તેજપાળની બાહોશીથી રાજા વીરધવળ રાજ્ય ભોગવટો કરવામાં મસ્તાન છે. એવામાં એક વાર ત્યાં ત્રણ રાજકુમારો રાજદરબારમાં હાજર થાય છે. રાજા વીરધવળ તરફથી એમનું સન્માન કરવામાં આવે છે. રાજા પોતે એમને પાનનું બીડું આપે છે; અને પૂછે છે,

"શા પ્રયોજને પધારવું થયું ?"

"પિતાજીએ રાજ્ય વહેંચણીમાં અમારાથી સૌથી નાના ભાઈના તરફ પક્ષપાત કર્યાનું અમને લાગવાથી અમારું બધું જ એમને સોંપી અમે અમારા ભાગ્ય સાથે બહાર નીકળી ગયા છીએ. આપ સેવામાં રાખશો તો રહેવા આવ્યા છીએ."

જો કે પિતાજીના ઉપકાર અને એમની પ્રત્યેના પૂજ્યભાવને ધ્યાનમાં લેતાં એમના પક્ષપાત તરફ દૃષ્ટિ નાખવા જેવી નહિ, છતાં આ રાજકુમારોની હૃદયની વિશાળતા કેવી કે એમાં ઝગડો ન માંડી બેઠા. તેમ પોતાનો હિસ્સો પોતે હાથમાં રાખીને તર્કટના કૌભાંડો રચવાનું ઉચિત ન ધાર્યું ! અરે ! કલ્પનામાં પણ એવી માનવ હૃદયને કાળી મેશ કરનારી કૂડ-કપટની રમતને કલ્પનામાં પણ ન લાવ્યા ! સમજતા હતા કે **'ભાવી અનંતકાળમાં જીવને સલામત રાખે, સુખ-શાંતિમાં ઝીલાવે, એવી મનની પવિત્રતા કરતાં સમસ્ત પૃથ્વીનું રાજ્ય શું વધારે હતું ?** કેમકે પવિત્રતાને બાજુએ મૂકી કદાચ પૃથ્વીનું રાજ્ય વહાલું કરવામાં આવે,'

(૧) તો ય તે કેટલો કાળ ટકવાનું ? વળી



(૨) એમ કપટથી પડાવવું એ સાચા પુણ્યોદયના અધિકારથી લીધું ન ગણાય.

(૩) તો પછી એ ભોગવવામાં સદ્‌બુદ્ધિ અને સદ્‌ભાવનાઓ કયાંથી આવે ? તેમ,

(૪) એ રાજ્ય ટકેય કેટલું ? અને,

કુડ-કપટના ભયાનક કુસંસ્કારો આ જીવને મર્યા પછી જે પૂંઠે લાગી જાય તે ભવાંતરોમાં ટાળ્યા ન ટળે ! ઉપરથી એમાં વૃદ્ધિ ય થાય અને દીર્ઘકાળ દુર્ગતિઓમાં રખડાવે !

રાજકુમારો કહે છે, 'ભાગ્યની સાથે અમે બહાર નીકળી ગયા !' કેવો ભાગ્ય પર અટલ વિશ્વાસ ! વાત સાચી જ છે કે **જીવ જંગલમાં જાય કે મહેલમાં વસે, લલાટ એની સાથે ને સાથે જ રહે છે.** આ લોકો રાજા પાસે સેવાની ઇચ્છા પ્રદર્શિત કરે છે, રાજા એમને કાર્ય અને પગાર પૂછે છે ત્યારે એ સેનાપતિ જેવું રક્ષણ કરવાનું કાર્ય માગી લે છે અને ત્રણેક લાખ સૌનૈયા જેવો પગાર જણાવે છે.

રાજા વીરધવળ સાંભળીને ગભરાઈ જાય છે. "આટલો બધો પગાર ! આટલામાં તો કેટલું મોટું સૈન્ય રાખી શકું !"

કેમ છે ને ધવલનો ભાઈ ? ના, હોં. એમ તો સમજદાર છે; ઉદાર છે. એનો દાખલો જુઓ કે એકવાર એની પગચંપી કરનારો હજામ એને ઊંઘમાં જમણા હાથેથી કિંમતી વીંટી કાઢી લે છે ! રાજા જાણે છે, બોલતા નથી. બીજે દિવસે હજામને રાજાએ બોલાવ્યો. હજામ તો ગભરાઈ જ જાય ને ? 'હાય ! રાજાને ખબર પડી હશે ! તો મને શું કરશે !'

પણ રાજા કહે છે, 'જા તને આજથી આટલું મોટું ઈનામ અને વર્ષાસન બાંધી આપવામાં આવે છે. મારા જેવાની સેવા કરતો હોય અને છતાં શું તારે એવી ગરીબી ભોગવવી પડે કે મન જેથી પાપવિચારમાં દોડે ?'

કહો, કેવી ઉદારતા અને કદરદાની ! પરંતુ અહીં તો ગણિતનો હિસાબ માંડ્યો, 'પાંચ સોનૈયે એક સૈનિક તો ત્રણ લાખ સોનૈયે પોણો લાખ નવા સુભટોને સેનામાં ગોઠવી શકું.'

પેલાઓ કહે છે, 'તો કાંઈ નહિ, આ અમે જઈએ છીએ. નસીબ બીજે અજમાવશું.'-વસ્તુપાળે રાજાને ખાસ કહ્યું કે 'આમને રાખી લો. તેજસ્વી છે; ઉપયોગી થશે' પરંતુ રાજાએ માન્યું નહિ.

આમણે તો ત્યાંથી બીજા રાજા પાસે નોકરી મેળવી લીધી.

હવે એ રાજાને પૂછે છે, "બોલો શો હુકમ ?"

"હુકમ ? રાજા વીરધવળ દુશ્મનાવટ કરે છે એને વશ કરવો છે."

નિર્ભયતાથી કહે છે, 'થઈ જશે.'

'ક્યારે ?'

'આજે જ. પહેલાં એને દૂત મોકલી કહેવરાવી દો કે શરણે આવી જાય, નહિતર યુદ્ધ માટે તૈયાર રહે.'

બહાદૂર નરવીરો છે. એથી ઝટ કહે છે, 'હમણાં જ વશ કરી લઈશું.' પરંતુ સાથે જ ન્યાયાનુસારી છે ! તેમ બળ છે છતાં લડવાના સ્વભાવવાળા નથી. તેથી પહેલાં શાંતિથી કાર્ય પતાવવા ધારે છે. ન પતે તો બીજી મિનિટે તૈયાર છે.

રાજા વીરધવળને કહેણ મોકલાઈ ગયું. એણે તેનો સ્વીકાર ન કર્યો. યુદ્ધ માંડ્યું.

યુદ્ધ ભૂમિ પર સૈન્ય સાથે આ ત્રણ રાજકુમારો અશ્વરત્ન પર આવી ગયા છે. કળાબાજ છે ! અશ્વને એડીનો એવો કળામય સ્પર્શ કરે છે કે ઘોડા પવન-પાવડીની જેમ કૂદીને એકાએક સીધા રાજા વીરધવળની સામે આવી ઊભા રહે છે ! રાજાની છાતી પર ભાલો તાકીને કહે છે.

"લાવો તમારું પોણો લાખનું સૈન્ય ! ક્યાં ગયું એ ? બોલાવો એને, તમારું રક્ષણ કરે ! આ તમારા હાથે પાનનું બીડું લીધું છે. એના બદલામાં જીવતા છોડીએ છીએ. અમારા સ્વામીના મિત્ર તરીકે રહેજો."

રાજા તો સ્તબ્ધ થઈ ગયો ! શું 'આ ? આટલું બધું પરાક્રમ ! છતાં પાછો મને જીવતો છોડવાની કદરદાની !" હાથ જોડે છે. ક્ષમા માગે છે ! આશ્ચર્ય પામે જ ને ?

મંત્રી વસ્તુપાળ કહે છે, "મહારાજ ! અમે તો પહેલેથી એમનું બયાન સાંભળીને એમને ઓળખી ગયા હતા. માટે તો અમે એમને રાખી લેવા ખાસ કહ્યું હતું." બહાદુરી જોઈને ! એક મરણીયો હજારને ભારે. આટલું બળ છતાં દિલની કોમળતા અને હૈયાની વિશાળતા કેવી !! એ હોય તો જીવો પર અત્યંત દયા થવી અને ગુણવાન પ્રત્યે દ્વેષ-ઈર્ષ્યા ન થવી, એ કાંઈ જ કઠિન નથી.

**"દિવ્ય-દર્શન" "સુવાક્ય" વર્ષ-૪,અંક-૪,તા.૧-૧૦-૧૯૫૫**

**અમૂલ્ય ભવ્યત્વ :-** કુદરતી રીતે-સ્વાભાવિક રીતે મળેલું ભવ્યત્વ તેને પરિપકવ કરવા આપણો અહીંયાં કેટલો અને કેવો **પુરુષાર્થ** છે ? કેટલી **જાગૃતિ** છે ? ને એ પાકતું નથી તો એના બદલ **ખેદ** કેટલો ? પૂછવાનું કારણ એ છે કે **ભવ્યત્વ જો કોઈ મોટા મૂલ્ય ચૂકવીને ખરીદવું પડતું હોત, તો તો આપણે એની શી ગરજ કરત ?** પરંતુ **આ ભવ્યત્વ તો એક એવી અણમોલ ચીજ છે કે અભવી જીવના અનંતી અનંતીવાર નારકીના ત્રાસ ભોગવી માથાં કૂટે તોય એને કદાપિ એ મળે એમ નથી. આપણને એ સહેજે સહેજે અનાદિ સિદ્ધ મળ્યું છે, તો એને સફળ ન કરી લઈએ ?** શું મનને એમ ન થાય કે "અહો ! આ ભવ્યત્વ ન હોત તો બધું જ નિષ્ફળ હોત ? ને આજે અનુકૂળતા તો એ છે કે ભવ્યત્વ લઈને હું નરકની ભયંકર યાતનામાં નથી પડ્યો; તિર્યંચની મૂઢતામાં નથી પડ્યો; કે દેવલોકના વિલાસના કિચ્ચડે નથી ફસાયો, હું તો ઉત્તમ આરાધનાના ક્ષેત્રભૂત એવા માનવ-ભવમાં છું ! મહામૂલા ભવ્યત્વને પકવવા સિવાય બીજું કામ જ શા માટે કરું !"

**જિનવચનનું પાલન ભવ્ય જ કરી શકે, ને જીવના ભવ્યત્વને જિનવચન પકાવી શકે.** કેવો સુમેળ ? ભવ્ય હોઈને જિનવચન છોડી અજ્ઞાનીના વચન પાળવા બજાવવા એ શું શરમજનક નથી ? **'જો માનવભવમાં જ્યાં જિનાજ્ઞા મળે છે ત્યાં ભવ્યત્વ નહિ પકવું તો પછી જિનવચન નહિ મળે એવા ભવમાં ભવ્યત્વ કેમ પાકશે ? ભવ્યત્વની ટિકિટ પર મોક્ષનું રાજ લઈ શકું છું ! તો તે ટિકિટ પકાવવા હું શું શું ન કરું !'** -એવી એવી કેઈ ભાવનાઓ, મનોમંથનો અને સુયોગ્ય નિર્ણયો કરીને ભવ્યત્વની કુદરતી બક્ષીસ ઉપર ન્યાલ થઈ જવા જીવન અર્પણ કરવા ઘટે. બાકી બીજી બધી બાબતોમાં જીવનના જીવન અનંતી અનંતીવાર ક્યાં નથી સમર્પ્યા?

**ભવ્યત્વ હોવા છતાં એ વગર પાક્યે જીવો દુઃખથી બચી શકતા નથી. ભવ્યત્વના પરિપાક વિના દુઃખોનો અંત ન આવી શકે. એ લખી રાખો; સદા સ્મરો.** જ્યાં દુઃખ લાગે ત્યાં એજ સોચો કે આ ભવ્યત્વ પકવ્યું નથી તેથી દુઃખ આવ્યું. ભવ્યત્વને જેટલું મોડું પકવીએ ત્યાંસુધી સંસારની વિટંબણામાં આપણા જીવનો ડુચો નીકળ્યા કરશે ! જીવ પર યાતનાઓની બેસુમાર ઝડીઓ વરસ્યા કરશે ! **ભવ્યત્વને પૂર્ણપણે પકવતા જેમ મોક્ષ મળે છે, તેમ તેને પકવતાં પકવતાં અધુરે જો ખપી જઈશું, તો પણ મોક્ષ પ્રાપ્તિની અનુકૂળતા તો મળશે જ.** વાયા વિરમગામ પણ ભાવનગર જઈ શકાય ને ? પરલોક જવાનું છે તે નક્કી વાત છે. કોઈનું કંઈજ ચાલ્યું નથી તેમાં. પરંતુ,

**પ્ર.-** સારા સ્થાને જવાનું તે નક્કી શાના ઉપર ?

**ઉ.-** કહો કે **ભવ્યત્વનો પરિપાક કરવાના પ્રયાસથી સારે સ્થાને જવાય.**

**પ્ર.-** ભવ્યત્વ શી રીતે પકવશો ?

ઉ.- એને પકવવા, એ ભવ્યત્વના બીજમાંથી મોક્ષનો પાક ઉતારવા, આત્મ-ખેતરના અપુનર્બંધકતા-યોગપૂર્વસેવા-માર્ગાનુસારિતા-યોગબીજ વગેરે હળથી ખેડાણ કરવા ઘટે; સમ્યક્ત્વ અને વિરતિના ચાલુ વરસાદ સિંચવા પડે; બાહ્ય-આભ્યન્તર તપના સૂર્યતાપ આપવા પડે. તો એમાંથી મોક્ષ ઋદ્ધિનો પાક ઉતરે.

**પ્ર.**- મોક્ષના એ પાકમાં કેવાં સુખ ?

ઉ.- સર્વ પ્રકારના શત્રુઓ મરી પરવારે, સર્વ વ્યાધિ નાશ પામી જાય, સર્વ સંયોગો બની આવે, બધી ઈચ્છાઓ અને બધી આશાઓ પૂર્ણ થાય, -એમાં જેટલું સુખ છે; એના કરતાં અનંતગણું સુખ મોક્ષમાં છે ! કારણ ? મોક્ષમાં સર્વ રાગાદિ ભાવશત્રુનો અભાવ છે; તેથી સર્વ લાગણીઓ મટી ગઈ છે. સર્વ કર્મોની વ્યાધિ મટી ગઈ છે; તેથી જીવ શુદ્ધ છે. ઉત્કૃષ્ટી ક્ષાયિક ભાવની લબ્ધિઓ મલી ગઈ છે. તેથી કોઈ ન્યૂનતા નથી. નિસ્પૃહતાની ઈચ્છા પૂર્ણ થઈ ગઈ છે. અર્થાત્ કોઈ ઈચ્છા આતુરતાની ખણજનું નામ-નિશાન નથી માટે મોક્ષમાં અનંત સુખ છે. જગતના સુખમાં મહાકમી છે; કારણ કે તે સુખો અપેક્ષા રાખે છે. **જ્યાંસુધી પરની અપેક્ષા જીવને સતાવે ત્યાંસુધી દુઃખની કટ્ટી નહિ. દુઃખની કટ્ટી કરવી હોય તો પર-વસ્તુઓની અપેક્ષાઓ (જરૂરિયાતો) ઓછી કરો; જ્યાં જરૂરિયાત રહે ત્યાં પણ માનો કે આમાં પણ મારી નિર્બળતા છે. નહિતર મારું જીવન શા માટે બીજાના આધારે હોય ?** મોક્ષમાં એવું બીજાના આધાર વિનાનું સર્વથા સ્વતંત્ર જીવન છે.

### "દિવ્ય-દર્શન" **"વિરાગના ઉપવનમાં"** વર્ષ-૪,અંક-૬,તા.૧૫-૧૦-૧૯૫૫

❉ સમજી રાખજો કે આત્મદ્રવ્ય એકવાર સર્વાંગ સુંદર થયા પછી એને અસુંદર બનાવનાર જગતમાં કોઈ સત્તા નથી, ત્યારે જે જગતને સુંદર બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છો તે જગત કદી સુંદર બન્યું નથી, બનતું નથી અને બનશે નહિ.

❉ નમસ્કાર મહામંત્રનો જાપ કરવાથી શું થાય ? એ પ્રશ્નનો ઉત્તર નમસ્કાર મહામંત્રનો જાપ કરવાથી શું ન થાય ? એ પ્રશ્નમાં સમાયેલો છે.

❉ પવિત્ર તીર્થધામમાં પરમાત્માની યાત્રા, એ ભાવયાત્રા ક્યારે બને ? જો (૧) અનાદિની વિષય તૃષ્ણા, (૨) કષાયોનો તાપ અને (૩) કર્મના મેળને કાપવાનું મન થાય તો.



❉ જગતમાં મિથ્યાદૃષ્ટિ આત્માઓ પ્રવૃત્તિ કરતાં મનોરથો દ્વારા ઘણા પાપો બાંધનારા હોય છે. ત્યારે સમકિતદૃષ્ટિ આત્માઓ પ્રવૃત્તિમાં તો ધર્મ યોગને આરાધે છે. પરંતુ મનોરથ માત્રથી પણ અનેક ધર્મ યોગોને સાધનારાં બને છે.

### "દિવ્ય-દર્શન" **"વિરાગના ઉપવનમાં"** વર્ષ-૪,અંક-૭,તા.૨૨-૧૦-૧૯૫૫

❉ સંસાર કૂપમાં પડેલા જીવોને માટે સંસારના આલંબનો ઘાસના છૂંછાં જેવા છે. ઘડીભર માને કે ઊંચે આવી ગયો, પણ તે આલંબનો તો તરત તૂટી જવાના. કૂવાની બહાર રહેલા વીતરાગ દેવ જિનવાણી રૂપી દોરડું નાંખે છે. એને જે મજબૂત પકડે તે જ બહાર આવી શકે.

❉ નષ્ટ થયેલી વસ્તુ ઉપરનો રાગ પણ છોડવો મુશ્કેલ છે તો આંખ સામે આવતા ઢગલાબંધ વિષયોનો રાગ કેવી રીતે છૂટશે ?

### "દિવ્ય-દર્શન" **"વિરાગના ઉપવનમાં"** વર્ષ-૪,અંક-૮,તા.૨૯-૧૦-૧૯૫૫

ઇન્દ્રિયોનો વિજય એટલે અનાદિ કાળથી ઇન્દ્રિયો બહારના મનગમતા વિષયોમાં જઈને જે ક્ષણભર શાંત પડવાના, ઠરવાના, ને આનંદ માનવાના સ્વભાવવાળી બનેલી છે તેને બદલે તે ઇન્દ્રિયોને અંતરઆત્મામાં ચિરકાલ ઠરવાના સ્વભાવવાળી બનાવવી તે. ઇન્દ્રિયો વાસ્તવિક રીતે વિષયોમાં ઠરતી નથી, શાંત પડતી નથી પરંતુ ઊલટ એનો ઉકળાટ વધતો જાય છે. સક્રિય રહેવા ટેવાયેલી ઇન્દ્રિયો અંતરઆત્મામાં ઠરે એ માટે એને પ્રશસ્ત વિષયોમાં જોડવા યોગ્ય છે. અર્થાત્ પ્રભુ દર્શન, ધર્મ શ્રવણ વગેરે આત્મહિતના વિષયમાં જોડવા જેવી છે.

❖ ❖ ❖

ધર્મ ખાતર મરનારા દુર્ગતિમાં જાય નહિ. કર્મ ખાતર મરેલો, જગતની ખાતર મરનારો અવશ્ય દુર્ગતિમાં જાય જ.

❖ ❖ ❖

તૃષ્ણાનો અંત લાવવાના સંયોગ છે; પણ અંત નહિ લાવવાનો જો નિર્ધાર છે; તો ત્યાં ભગવાનનું ય શું ચાલે ? જો અંત લાવવો છે તો સામાન્ય સાધુને પણ ગૌતમ ગુરુ મનાય.

❖ ❖ ❖

જિનાજ્ઞાનું ફરમાન જેને ન ગમે તેને કર્મના અનેક ફરમાનો, ગમે કે ન ગમે છતાં, ઉઠાવવા જ પડે છે.

❖ ❖ ❖

જમવું એ જિનાજ્ઞાનું પાલન નહિ, પરંતુ જમતા બોલવું નહિ એ જિનાજ્ઞાનું પાલન. પૈસા લાવવા એ જિનાજ્ઞાનું પાલન નહિ, પણ પૈસા નીતિથી લાવવામાં જિનાજ્ઞાનું પાલન. સંસાર વ્યવહાર કરવો એ જિનાજ્ઞાનું પાલન નહિ, પણ જેમ બને તેમ સંસારને મર્યાદિત કરવો તે જિનાજ્ઞાનું પાલન !

❖ ❖ ❖

જિનાજ્ઞાના ફરમાન શા ? ૧. સંસારમાં જાઓ ત્યાં પાપથી પાછા હટો. ૨. વધારે પડતા પાપ ન કરો. ૩. જરૂરી પાપમાં પણ કઠોર ન બનો. આટલું કરીને જે લઈ આવ્યા તેમાં પણ સર્વસ્વ માનો નહિ. આ જિનાજ્ઞાને માથે ચઢાવનાર મોહની છાવણીમાં જવા છતાં મોહનો એકપણ ગોદો ખાધા વગર પાછો આવે.

"દિવ્ય-દર્શન" **"વિરાગના ઉપવનમાં"** વર્ષ-૪,અંક-૯,તા.૫-૧૧-૧૯૫૫

ક્રોધ શું ન કરાવે ? તપાસ કરો, ક્રોધના માર્યા જીવનમાં કેટલી ભૂલો કરી, ક્રોધમાં ભરાયેલાઓએ શું શું અકાર્યો ન કર્યા ? તે વિચારવા જઈએ તો એનું મોટું લીસ્ટ થાય. બ્રહ્મદત્ત સાતમી નરકે ગયો, કોણે મોકલ્યો ? પ્રસન્નચંદ્રે સાતમી નારકીના દળિયા ભેગા કર્યા કોના યોગે ? સંગમે અનંત સંસાર વધાર્યો કોના યોગે ? અગ્નિશર્માના લાખો વર્ષોના માસખમણ બાળીને ભસ્મ કોણે કર્યા ?

❖ ❖ ❖

જગતમાં અરિહંતની સેવાથી સઘળુંય મળે છે. જગતની કોઈ વસ્તુ એવી નથી કે જે એ નાથની સેવાથી ન મળે. જે વાત મારા અરિહંત થકી નહિ બને તે જગતમાં કોઈનાથી ન બની શકે. દિનતા કરું તો મારા અરિહંતની આગળ કરું બીજા આગળ નહિ. દાભના સંથારામાં પડ્યા પડ્યા "વરુણ" આ વિચાર કરે છે.

❖ ❖ ❖

ઈન્દ્રિયોના ગુલામો અને ભોગના ભીખારીઓ જ્યાં બેસે ત્યાં પાપની પ્રભાવના કરે, જ્યારે ઈન્દ્રિય વિજેતાઓ અને ત્યાગના પૂજારીઓ જ્યાં બેસે ત્યાં ધર્મની પ્રભાવના કરે.

❖ ❖ ❖



"સાધુ સુખીયા સદા દુખીયા નહિ લવલેશ" આવું શા માટે કહેવાય છે ? જેમનો આત્મા પ્રતિ પળે હલકો અને ઉજળો થાય છે. એમાં દુઃખ હોય જ શાનું ? કર્મ જવાથી આત્મા હલકો થાય છે અને સમાધિમય જીવન હોવાથી આત્મા ઉજ્જવળ બને છે.

❖ ❖ ❖

પ્ર.- અનીતિનું ધન ધર્મમાં વપરાય કે નહિ ? ઉ.- ઉત્સર્ગ (મૂળ) વિધિથી વપરાય નહિ. અનીતિના ધનની શુદ્ધિ શી રીતે થાય ? મનની શુદ્ધિથી થઈ શકે.

❖ ❖ ❖

ભારત ભૂમિને આઝાદી મળી હશે પણ માત્ર જમીન પૂરતી જ. આર્યદેશની સંસ્કૃતિની તો મહાન બરબાદી થઈ છે.

"દિવ્ય-દર્શન" **"પ્રેરણા"** વર્ષ-૪,અંક-૯,તા.૫-૧૧-૧૯૫૫

જે વીરપ્રભુએ જન્મીને તરત અંગુઠાના સ્પર્શે લાખ જોજનનો મેરુ ચલાયમાન કર્યો હતો; એ પ્રભુએ પોતાના કાનમાં ખુશીથી ખીલા કેમ ઠોકવા દીધા ? ગોવાળીયા સામે આંખનું પોપચું સરખું ઊંચું કેમ ન કર્યું ? ઊલટું ભીંતની જેમ સ્થિર જે ઊભા રહ્યા; જેથી ખીલા ઝટ પેસી એક કાનથી બીજા કાન સુધી અંદરમાં વીંધીને રહ્યા !

મેરુને હલાવવાના બળનો ઉપયોગ ગોવાળને ભગાડવામાં નહિ, પણ કર્મને ભગાડવામાં કર્યો ? ક્રોધને પ્રજ્વલિત કરવામાં નહિ, પણ ક્ષમાને પગભર રાખવામાં કર્યો ! શાતાને વહાલી કરવામાં નહિ, પણ આશાતાને વધાવી લેવામાં કર્યો ! શરીરના રક્ષણમાં નહિ, પણ આત્માના રક્ષણમાં કર્યો !

વાહરે મારા વીર ! વાહરે મારા આત્માના તારણહાર ! કેવા તમે સાચા બળીયા ! ધન્ય તમારું જીવન ! ધન્ય તમારો પુરુષાર્થ ! પ્રભુ ! હું શું કરી શકું ! મારામાં એ બધું ક્યારે આવશે ? પણ હા, આજે એ આપના આત્મિક પરાક્રમને આદર્શ બનાવી ચાલુ જીવનમાં એનો અંશ જરૂર ઉતારું ?

"દિવ્ય-દર્શન" **"વિરાગના ઉપવનમાં"** વર્ષ-૪,અંક-૧૦,તા.૧૨-૧૧-૧૯૫૫

❖ દૃષ્ટિમાંથી વિકાર કાઢી નાખો, દૃષ્ટિને વિકારી મીટાવી વિરાગી બનાવો. વિરાગી બનેલી દૃષ્ટિ વસ્તુના યથાર્થ દર્શન કરે છે.

❈ **અનંત નદીઓ સાગરમાં :-** અનંતકાળથી શાશ્વતી ગંગા અને જમના જેવી મહાનદીઓ સમુદ્રમાં વહી આવે છે, તો શું સમુદ્ર ધરાઈ ગયો ? નહિ જ બસ, એવી વિષયતૃષ્ણા છે. ગંગા અને જમના જેવા દેવલોકના દિવ્ય વિષયભોગ રૂપ પ્રવાહો તૃષ્ણાના સાગરમાં વહેવડાવ્યા છતાં તૃષ્ણા ન શાંત પડી, ન પૂર્ણ થઈ !

❈ અરે ! એ તો કહો ચૂલામાં વધુ લાકડા નાખવાથી ક્યાંય અગ્નિ શાંત થઈ ગયો જાણ્યો છે ?

❈ ના, બસ ! તેમજ વાસનાની ભઠ્ઠીમાં અનંતકાળથી વિષયોરૂપી લાકડાં હોમવા છતાં વાસના તૃષ્ણા શાંત ન પડે ! એ તો ઊલટા વધુ ભભૂકે.

❈ તૃષ્ણા અને વાસનાને શાંત કરવી હોય તો ઇન્દ્રિયોને અલિપ્ત રાખો.

"દિવ્ય-દર્શન" **"હું એટલે ચંદન"** વર્ષ-૪,અંક-૧૧,તા.૨૬-૧૧-૧૯૫૫

હું એટલે ચંદન જગત ખરાબ થાય પણ મારે ખરાબ નહિ થવાનું. જગત ભલે બાળવા આવે મારે તેની સામે ફરિયાદ નહિ કરવાની. મારે તો ચંદનની જેમ પ્રતિકૂળતામાં બળીને ઉપરથી વાત્સલ્ય અને ઉપકારની સુવાસ અર્પવાની.

ચંદનને જેમ વધુ બાળો તેમ સુગંધિ વધુ આવે. જેમ વધુ લસોટો, તેમ શીતળતા અધિક આવે. આપણે જો બીજા જીવ પર ભાવદયાનો ઝરો વહાવવો હોય તો ચંદન જેવા બનવું પડશે. દુર્જનો ભલે આવીને દ્વેષ ઠાલવે, આપણે તો પ્રેમ જ વહાવવાનો. સમજી રાખવાનું કે હું એટલે સચ્ચિદાનંદઘન આત્મા. છતાં આજે હું બનેલો છું અનંતકાળની મંજીલ મધ્યે ચાલ્યો આવતો સંસાર પથિક ! તે હવે હું રાહ પલટીશ; અને સંસાર પ્રવાસ છોડી મોક્ષની મંજીલ માંડીશ. હું સજ્જન છું. જિનેશ્વરનો અનુયાયી છું, એટલે દુર્જન સામે દુર્જનતા કરવાની નહિ. ઈર્ષાળુ-દ્વેષીલાને ખુનસ રાખનારા પ્રત્યે મારે ભાવદયા જ વરસાવવાની.

## "અનંતના પ્રવાસે"

પ્રવાસ તો ઘણા ખેડ્યા. પણ એ પ્રવાસ અનંતાએ પહોંચવા માટેના નહિ પણ ઊલટું એનાથી દૂરને દૂર રહી સંસારની ગતિઓમાં અનંતીવાર ભટકાવનારા પ્રવાસ કર્યા. હવે તો અનંતના પાસે જવાનો પ્રવાસ ખેડવાનો છે. અનંત તરફનો પ્રવાસ એટલે અનંતવાળા તરફથી પાછા હઠવું જોઈએ. અર્થાત્ મિથ્યાત્વ, અજ્ઞાન,



અવિરતિ, કષાય વગેરેથી પાછા હઠી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગચારિત્ર, ઉપશમભાવ વગેરેને આરાધાય તો એમાંથી આગળ વધી અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતચારિત્ર અને વીતરાગતા વગેરે અનંતાની પ્રાપ્તિ થાય. આ અનંતની પ્રાપ્તિ એટલે આત્માના જન્મ-જરા-મૃત્યુ, રોગ-શોક-ઉપાધિ વગેરે ગયાં અને અક્ષયતા નિર્મલતા પ્રગટ્યાં !

"દિવ્ય-દર્શન" **"જ્ઞાનત્રિપુટી"** વર્ષ-૪,અંક-૧૩,તા.૧૦-૧૨-૧૯૫૫

માનવદેહનું મહત્ત્વ પશુદેહ કરતાં સેંકડો લાખો દરજ્જે ઊંચું છે. તે શાથી ? સ્વાત્માના પરમોચ્ચ કલ્યાણ એના દ્વારા સાધી લેવા માટે. માનવવાણી પશુવાણીથી લાખો-કરોડો ગુણી વિશેષતાવાળી છે તે કેમ ? એ વિશિષ્ટવાણી શક્તિમાંથી પવિત્ર કથનના અને પ્રભુ ભજનના ધોધ વહેવડાવવા ! માનવભેજું પશુ ભેજાં કરતાં લાખો કરોડો ગુણું મૂલ્યવાળું છે તે શા માટે ? તત્ત્વજ્ઞાનના સતત ચિંતનથી ઉજ્જવલિત થવા માટે. અજ્ઞાન-અણસમજુ જીવો ભલે ક્ષણિક સુખદાયી પ્રવૃત્તિઓમાં અને જડવિકાસની તથા જડમરામતની પ્રવૃત્તિઓમાં સોનેરી જીવનની રત્ન જેવી ક્ષણો વેડફી નાખે; પરંતુ સમજુ અને જાગૃત બનેલાએ તો એ જડ લગનીના નરકાગારમાંથી સ્વાત્માને ઉંચે ઉંચકી મહામૂલા ચૈતન્ય વિકાસ અને પરમાત્મ વચનના ગગનમાં વિહરતો કરી દેવો જોઈએ. એ માટે પહેલું જરૂરી છે તત્ત્વજ્ઞાન, શાસ્ત્રજ્ઞાન અને આત્મજ્ઞાન.

## ❈ કુસંયોગ ❈

સારા માણસે પાપના વિચાર માત્રથી બચવા માત્ર કુસંયોગથી તો શું, પણ કુસંયોગની કલ્પનાથીય દૂર રહેવું જોઈએ. કદાચ અજાણ્યે કુસંયોગ અથડાઈ પડ્યો, તો ત્યાં એકદમ સાવધાન બની દિલમાં પવિત્ર વિચારસરણીનો ધોધ વહેતો કરી દેવો જોઈએ; અને જલદીથી કુસંયોગમાંથી બહાર નીકળી જવું જોઈએ. કુસંયોગ એ તો, ધર્મ રાજાનું શરણું લેનારાને મોહરાજાએ કરેલી ઠગારી લાલચ છે. જ્યાં એમાં માણસ ફસ્યો કે ઉપડ્યો ધર્મરાજાને ત્યાંથી મોહરાજાની સેવામાં ! આજના કાળે ઊભા થયેલા અનેક કુસંયોગોથી દૂર રહેવાની જરૂર છે. સિનેમા, રેડીઓના ગીત, તેવી કલબો, નોવેલો, ધર્મહીન મિત્રો, જાહેરાતના દર્શન વગેરે ઢગલાબંધ કુસંયોગો છે.

## ❉ હાથની વાત ❉

આ વિશાળકાય વિશ્વમાં વારંવાર જન્મ લેવાના એક પાપ ઉપર મૃત્યુ, જરા, રોગ, શોક, મારપીટ, વગેરે દુઃખોની ફોજ મેં જોઈ છે. જન્મ મળ્યા પછી તો રોગ, શોક...યાવત્ મૃત્યુ અનિવાર્ય છે. હા, જન્મ્યા પછી ફરી ન જન્મવું પડે, એવું નહિ કરું તો આ આ મૃત્યુ પછી કેવોય જન્મ મળશે ! તેવા તેવા જન્મના હિસાબે કેવા કેવાય પાપ વગેરે થશે, એની શી ખબર ? આવી આવી રીતે મનને, આત્માને વિચાર કરતો કરી દેવો; અને પુનર્જન્મ રોકવાના ઉપાયમાં લાગી જવું.

"દિવ્ય-દર્શન"-"એકસ્ટ્રા" વર્ષ-૪,અંક-૧૫,તા.૧૭-૧૨-૧૯૫૫

## બાળ સંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલનો પ્રતિકાર

'વિશ્વશાંતિની મંગલ શરણાઈના મધુરા સ્વરો કેમ સંભળાતા નથી ? જનકલ્યાણની પવિત્ર ભાવનાઓના પડઘા આજે આછા આછા કેમ થઈ રહ્યા છે ? આત્માની અનુભૂતિ અને સ્નેહનો આર્જવ આજે વિલીનતા પ્રતિ કેમ વધી રહ્યો છે ?'

ભારત વર્ષના સહૃદય મનુષ્યના ઉરસંવેદનમાંથી ટપકી રહેલી વ્યથાના આ પ્રશ્નો કોણ ઉકેલી આપશે ? કે ભૌતિકવાદના પગથારે જઈ સંશોધન કરવું ? સમાજ કે રાજ્ય પાસેથી શું એ પ્રશ્નના સચોટ પ્રત્યુત્તરો મળશે ? ના, ના, ના, જીવનની આંતરિક મુંઝવણના ઉકેલો જગતમાં એક જ વાદ આપી શકે છે, અને તે વાદ છે આધ્યાત્મિકવાદ-આત્મવાદ.

સાધુ-સંતોની સનાતન સંસ્થા.

તે આધ્યાત્મિકવાદને આપણે સાધુ-સંતો અને મસ્ત ફકીરોમાં મૂર્તિમંત થયેલો દેખીએ છીએ. કલ્યાણનો ઝરમરીયો લલકાર કરતા સાધુસંતો ખરે જ આધ્યાત્મિક પંથે આગે બઢી રહેલા પુનિત પથિકો છે. આ સાધુ સંતોની સંસ્થા ભારત વર્ષમાં અગણિત કાળથી ચાલી આવી છે અને તેને પ્રતાપે ભારતની પ્રજા અનુપમ આત્મશાંતિ અને પવિત્ર જીવન વ્યવહારને જીવતી રહી છે.

સાધુ જીવન, સંન્યાસીજીવન એટલે સંસારની ઘટમાળથી જુદું જીવન. તે જીવન પર નિયંત્રણ એક માત્ર પરમાત્મ-આજ્ઞાનું, શાસ્ત્રોનાં વિધાનોનું. તે જીવનનું કાર્ય સ્વપરના આત્મિક વિકાસનું આધ્યાત્મિક ઉન્નતિનું, તે જીવનનું ધ્યેય પરમ-પદમોક્ષની પ્રાપ્તિનું.

તેવું ઉચ્ચતમ સાધુજીવન ભારતની સંસ્કૃતિ અનુસાર જીવનના કોઈ પણ કાળમાં



અપનાવી શકાય છે. સામાન્યતઃ બાલ્યકાળમાં જે સાધુજીવન સ્વીકારાય છે તેના પાયામાં (૧) પૂર્વ જન્મના સુસંસ્કારો (૨) આ જન્મના માતા-પિતાની સુયોગ્ય કેળવણી અને સંન્યાસ માટેની સંમતિ તથા (૩) બાળકની પોતાની ગર્ભિત રીતે સંસાર પ્રત્યેની વૈરાગ્યભરી સમજૂતી પૂર્વકની જ્ઞાનદશા. આ ત્રણ કારણો માની શકાય છે.

## આમ જનતાનો આત્મવિકાસ

જો ઉપરોક્ત ભૂમિકાયુક્ત સાધુજીવન બાલ્યકાળમાં અપનાવી શકાતું હોય, તો તેવા જીવન પર પ્રતિબંધ-રાજકીય કાનૂન દ્વારા અટકાયત કરવી તે અન્યાયી પગલું ગણાય. બાળકને અજ્ઞાન ગણી તેના ઉચ્ચ આત્મવિકાસને રૂંધવો તે ઉગતી પેઢીનું ભારોભાર અપમાન જ છે. અજ્ઞાનતાનો વય સાથે કદાપિ મેળ હોતો નથી. સાઠ વર્ષનો બુઢ્ઢો મનુષ્ય શું અજ્ઞાન નથી હોતો ? પચીસ વર્ષનો યુવાન શું અજ્ઞાનતાના પંથે નથી હોતો ?

બાળકને અજ્ઞાન તરીકે ઓળખાવી પવિત્ર સંન્યાસ જીવનના પંથે ચઢતો અટકાવતા બુદ્ધિનિષ્ણાતોને પૂછો કે ભારતની ભવ્ય સંસ્કૃતિનો સંદેશ વ્યાપક બનાવનાર, હિંદુધર્મની બોલબાલા કરાવનાર બાલ સંન્યાસ શંકરાચાર્યજી શું અજ્ઞાન હતા ? કળિયુગમાં કેવળીસમ, અખૂટ અને અદ્ભુત સાહિત્યસર્જક, મહાન અહિંસાના પ્રચારક, ગુજરાતનું અણમોલ જવાહર બાલ સંન્યાસ શ્રી હેમચંદ્રસૂરિજી અજ્ઞાન હતા ? મહાન ન્યાયાચાર્ય, તીવ્ર ધારણાશક્તિશાળી ગુર્જર-સંસ્કૃત-પ્રાકૃત સાહિત્યના કુશળ સર્જક બાલ્યવયમાં દીક્ષા લઈ અપૂર્વ આત્મોન્નતિના સાધક ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી અજ્ઞાન હતા ? પંદર વર્ષની વયે શિક્ષણવિષયક નિબંધો લખી રશિયાને લોકપ્રિય થનાર તથા સત્તર વર્ષની વયે તો લશ્કરમાં 'કર્નલ'ના પદ સુધી પહોંચી જનાર રશિયન મહાત્મા ટોલ્સ્ટ્રોય શું અજ્ઞાન હતા ? આઠ કે નવ વર્ષની વયે બસોથી ત્રણસો પંક્તિનું કાવ્ય રચનાર સ્વ. શ્રી સરોજિની નાયડુને શું તે બિરાદરો અજ્ઞાન કહેશે ? શીખ ધર્મના સ્થાપક શ્રી નાનક, નવ વર્ષની ઉંમરે ફારસી ભાષાનો અભ્યાસ કરી શીખધર્મના ગ્રંથોનો ઉપદેશ કરતા તેમને શું અજ્ઞાન કહેવા ? "બાળક છે માટે અજ્ઞાન છે." આ સૂત્ર જ ખરેખર અજ્ઞાનતાભર્યું છે ! વર્તમાન સદીના શ્રીમદ્ રાજચન્દ્રજીએ ૧૪ વર્ષની વયે સુંદર પ્રતિભાશાળી ગ્રંથોનું નિર્માણ કર્યું તે શું અજ્ઞાનતામાં કર્યું ? બાળક સંજ્ઞાની પણ હોઈ શકે છે, અને તેવા બાળકો કંઈ બધા સાધુજીવન જીવવા તૈયારે ય નથી હોતા. લાખ બાળકોમાંથી બે-પાંચ માંડ આ માર્ગે વળે છે. તેને 'અજ્ઞાન'નો આક્ષેપ કરી કાયદાથી રોકવા પ્રયત્ન કરવો તે ભારતના હિતમાં નથી.

વિશ્વશાંતિની ઘોષણા કરવા મથતો ભારત દેશ, આ પ્રકારના કાયદાકાનૂને રજૂ કરી ભારતની ધર્મપ્રિય વિરાટ સંખ્ય જનતાના અવાજને રૂંધવાના કાયદાએ વિશ્વશાંતિના ભગીરથ કાર્યના માર્ગમાં કાંટા વેરે છે.

વિશ્વશાંતિની મહાન સિદ્ધિને પ્રાપ્ત કરવા શું આધ્યાત્મિક જીવનનો ભેખ લઈ નીકળી પડનાર બાળક, ઉચ્ચ ઉન્નત જીવનસરણીથી ઘડાયેલો બાળક, સમર્થ નથી કે સંસારની અનેકવિધ જવાબદારીઓમાં અને જંજાળમાં ફસાઈ રહેલો બાળક સમર્થ છે ? બાલ્યકાળથી સંયમની સરાણ પર જીવનને ચકાસીને મહાન બનેલો એક આત્મા પણ વિશ્વમાં આધ્યાત્મિક ક્રાન્તિ આણવા સમર્થ બને છે, જ્યારે બાલ્યકાળથી સંસારના કારાગારમાં રહી, જીવન વ્યતીત કરનાર સેંકડો આત્મા પણ આધ્યાત્મિક ક્રાન્તિ ફેલાવવા સમર્થ નથી બનતા.

વળી મને આધ્યાત્મિક જીવન પ્રિય હોય તેટલા માત્રથી હું ભૌતિક જીવનને અટકાવવા આ સ્વાતંત્ર્યના યુગમાં કાયદા ન કરી શકું. તો શું ભૌતિક જીવનમાં અનિષ્ટતાઓ નથી ? ભૌતિક જીવનમાં બાળકનું આધ્યાત્મિક શોષણ નથી ? ભૌતિક જીવનમાં બાળકની પ્રગતિની રૂંધામણ નથી ? એ તો ચોક્કસ છે કે સંન્યાસી-સાધુ જીવન કરતાં સંસારી જીવન ભૌતિક જીવન અધિક અનિષ્ટતાઓથી ભરેલું છે. છતાં પણ સંસારી જીવન પર પ્રતિબંધ કેમ નથી લાવતા ? ભારતના કરોડો બાળકોની ઉન્નતિ કરવા તેવાં કેન્દ્રો કેમ નથી સ્થપાતાં ? અને ઉપરથી બાળકના એક વિકાસમાર્ગને પારલૌકિક કલ્યાણના માર્ગને અવરોધાય છે ?

**તદ્દન વખોડી કાઢવા જેવી બાબત.**

બાલદીક્ષા પ્રતિબંધક બીલને સમર્થન આપતાં જે જે દલીલો કરવામાં આવે છે, તે પ્રત્યેક દલીલ છીછરી તેમજ ટૂંકી દૃષ્ટિની છે. આ બીલ લાવવામાં ઉંડાણથી કે વિશાળ દૃષ્ટિથી વિચાર કરવામાં આવ્યો હોય તેમ લાગતું નથી.

સંન્યાસ-દીક્ષા એ એક એવી વસ્તુ છે કે જેમાં આત્માનું કલ્યાણ જ છે, વાસ્તવિક આત્મિક પ્રગતિ છે, તથા પરોપકાર-પરમાર્થ કરવાનું એક અનુપમ ક્ષેત્ર છે. આબાલ-ગોપાલ માટે તે ઉપકારક છે. તેવી સંન્યાસ દીક્ષા કે જે ધાર્મિક પ્રશ્ન છે, વ્યક્તિના સ્વતંત્ર માનસને અવલંબતો પ્રશ્ન છે, તેમાં કાયદા દ્વારા હસ્તક્ષેપ કરવો તે તદ્દન અનિચ્છનીય છે.

**(લે. પૂ. મુનિશ્રી ભદ્રગુપ્તવિજયજી મ.)**





## બાલદીક્ષા અંગે યોગ્ય વિચારશ્રેણી

દીક્ષા એ ધાર્મિક બાબત છે. દીક્ષા પરત્વેની વ્યવસ્થા કે નિયમન કરવાનો અધિકાર વસ્તુતઃ ધાર્મિક જનતાને જ હોઈ શકે. છતાં આવા ધાર્મિક સવાલને રાજસત્તા કે તેના સભ્ય પોતાનો વિષય ગણી, સામાજિક દૃષ્ટિનું નામ આપી, ચર્ચા-વિચારણા કર્યા વિના, મનઘડંત-નિરર્થક કલ્પનાની પોથીઓ ખોલીને લોક માનસનું જ્યારે અવળે રસ્તે દોરવાનો પ્રયાસ કરે ત્યારે કોઈપણ ધાર્મિક વ્યક્તિની લાગણી દુભાયા વિના રહી શકતી નથી.

જે વસ્તુનું અસ્તિત્વ વ્યક્તિને, જ્ઞાતિને, સમાજને, કે દેશને નીચે લઈ જતું હોય, ન્યાય અને સદાચારથી ભ્રષ્ટ કરતું હોય યા તો માનવને નરપશુ બનાવતું હોય તેવી બાબતોને કાયદા દ્વારા નાબૂદ કરવા કે નિયમનમાં મૂકવા પ્રયાસ કરવો એ સર્વકલ્યાણનો માર્ગ માની શકાય. દીક્ષા કોઈપણ વ્યક્તિને, જ્ઞાતિને, સમાજને કે દેશને નીચે જનાર, ન્યાય, નીતિ-ભ્રષ્ટ કરનાર કે નર રાક્ષસ બનાવનાર વસ્તુ તો હરગીજ નથી જ. તો જે વસ્તુ વ્યક્તિને, જ્ઞાતિને, સમાજને અને દેશને સાચી ફરજનું જ્ઞાન આપે છે, સાચું મનુષ્યત્વ આપે છે તે વસ્તુને નાબૂદ કરવા કે નાથવા પ્રયાસ કરવો તેમાં બુદ્ધિનું ડહાપણ શી રીતે માની શકાય ?

આજે પણ ભણેલ-ગણેલ માણસો, કોલેજના શિક્ષણને સમય જતાં ભૂલી જાય છે. પણ એકડીયાની નિશાળનું ભણતર તેઓ યાવજ્જીવ ભૂલી શકતા જ નથી. કુમળી વયના સંસ્કારો પાયા સમાન છે. પાયો જેમ મજબૂત હોય તેમ ઈમારત વધુ માળની સહજ બાંધી શકાય છે. એમ નાની વયમાં જ જો તેને આધ્યાત્મિક વિચારોનું થોડું ઘણું પણ સિંચન-દર્શન થાય તો તેનું મનુષ્યત્વ સાર્થક થઈ જાય છે.

કોઈપણ પદાર્થનું મૂલ્યાંકન બુદ્ધિ અને જ્ઞાનપૂર્વકનું હોઈ શકે ! બુદ્ધિ પૂર્વકનું એટલે=બાહ્ય પદાર્થોને બહિર્મુખ-ઈન્દ્રિયો દ્વારા જોવું તપાસવું કે વિચારવું; અને જ્ઞાનપૂર્વક એટલે=બાહ્ય પદાર્થોને આગમનું આલંબન લઈને અંતર્મુખ દૃષ્ટિથી જોવું વિચારવું કે નિર્ણય લેવો.

આ બે દૃષ્ટિથી વિચારીને સારાસાર ગ્રાહ્ય કે ત્યાજ્ય ગણાવી શકાય. ઉપરોક્ત બન્ને વિચારસરણીથી તપાસતા દીક્ષાની હેયતા કોઈ પણ રીતે સંભવ પામી શકતી નથી. “**યન્નવે ભાજને લગ્ન સંસ્કારો નાન્યથા ભવેત્ ।**” નવા પાત્રમાં લાગેલો જોડાયેલો સંસ્કાર અન્યથા થતો નથી તેમ કુમળી વયમાં પામેલા સુબોધના સંસ્કારો

પણ તેની જિંદગીને વાસિત કરે છે. અને સ્વ-પર કલ્યાણનું સાધન કરી શકે છે. આથી બાલ દીક્ષા વિરોધનો કાયદો જરા પણ યોગ્ય કે આવશ્યક જણાતો નથી.

**(લે. પૂ. મુનિશ્રી સુદર્શનવિજયજી મ.)**

"દિવ્ય-દર્શન" **"અમૃત-બિંદુ"** વર્ષ-૪,અંક-૧૬,તા.૩૧-૧૨-૧૯૫૫

જગતની વસ્તુ બગડે તેથી આપણે આપણા હીરા જેવા આત્માને શા માટે બગાડવો ? મનુષ્ય ભવમાં, જગતના અજ્ઞાન સ્નેહીઓ કે જડ પદાર્થોને લીધે આપણે કોઈ કષાય કે વિષયની લાગણી હૃદયમાં ઉંડી ઉતારવી, એ મહાભૂંડું છે. એ લાગણીને વૈરી તરીકે દેખવાને બદલે વહાલી કરવી, એ જીવનને ધૂળધાણી કરી કર્મ વૈરીને ઊભા કરવાનું કાર્ય છે. એક જ ધૂન જોઈએ, ઘર બગડે, કપડાં મેલા થાય, તિજોરી ઓછી થાય,-બધું બગડતું ચાલે, પણ મારા આત્માને નહિ બગડવા દઉં.

## ❈ દુર્લભ અને નવું ❈

આ સંસારમાં શારીરિક અને માનસિક દુ:ખ-ઉપદ્રવ તો સદા છે. અરે કહો કે શરીર અને મન એ દુ:ખનાં કારણ છે. સંસાર એવા ઉપદ્રવોથી ભરેલો છે, પછી સંસારમાં ઉપદ્રવ દુર્લભ શાના હોય ? દુર્લભ છે માત્ર સાચું સુખ અને એનો હેતુભૂત ધર્મ. એવા દુર્લભને અહીં સિદ્ધ કરી લો, એમાં માનવતા પ્રગટ્યાની સફળતા છે.

ભલે શરીર સારું મળ્યું, પણ એ અંતે તો સંસારનું જ ને ? એટલે એ દોષ અને દુ:ખનું ઘર છે. પછી ત્યાં વારંવાર કષાય તથા દુ:ખના હલ્લા આવે એમાં નવાઈ નથી ! સંસારે દુ:ખ અને દોષ એ નવી ચીજ નથી; નવી છે સદ્ધર્મની અને સુખની પ્રાપ્તિ. તો પછી જૂની ચીજ મૂકી નવીમાં લાગી જવાથી નવું જીવન જીવ્યા ગણાશે.

ધર્મરત્ન મળ્યાની જેને ભારે હૂંફ હોય, અને ભારે કદર હોય, એને અટલ વિશ્વાસ જોઈએ કે- "ધર્મરત્નથી સંસારના અનંત દુ:ખ અને પરાભવનો અવશ્ય અંત આવે છે; ધર્મરત્નથી જ એ અંત આવે છે."

ધર્મની આવી હૂંફ-કદર-વિશ્વાસ તો જ ઊભા થાય કે જ્યારે અપૂર્વ એવી પણ રાજઋદ્ધિ અને વૈભવો ધર્મરત્નની આગળ કોઈ વિસાતમાં તો ન લાગે, પરંતુ ઊલટાં દુ:ખ અને પરાભવનાં જ કારણ લાગે !

એ હૂંફ-કદર ને વિશ્વાસના લીધે ધર્મ સાધનાનો રંગ ઝળહળતો અને આત્મવ્યાપી બનશે.



## ❈ ઉચિત વર્તન ❈

માત્ર કાયાની ખાતર, કે કાયાની સાથે જ સંબંધ ધરાવતી વસ્તુ કે વ્યક્તિ ખાતર મનુષ્ય ઉચિત વર્તાવના મહાધર્મને ભૂલે છે; પણ એણે સમજવું જોઈએ કે કાયા નાશવંત છે, ધર્મ અમર છે. કાયા દુ:ખ દેનારી છે, ધર્મ સુખ દેનાર છે. ધર્મને વિસારીને કાયા જીવને ભવનો પાર ન પમાડે, પણ ભવમાં ભટકાવે છે. ધર્મ પોતે જીવને લઈ, ટેકો આપીને જીવને પેલે પાર પહોંચાડે.

એ ધર્મ તો આત્મિક વસ્તુ છે. એના માટે ઉચિત વર્તન અખંડપણે જાળવવું જોઈએ. વિચારણા યોગ્ય, વાણી યોગ્ય અને વર્તાવ યોગ્ય; અયોગ્ય કશું જ નહિ.

"દિવ્ય-દર્શન" **"શબ્દ"** વર્ષ-૪,અંક-૧૯,તા.૨૧-૧-૧૯૫૬

શબ્દનો મહિમા અજબ છે ! વિનયભર્યા અને કૃપાની વિનંતીભર્યા આપણા શબ્દોથી આપણા પ્રત્યે સામાને તો આકર્ષણ થાય; પરંતુ આપણા ય દિલમાં એ શબ્દોથી એક પ્રકારની કોમળતા સાથે કલ્યાણકર વસ્તુની કદર જન્મે છે ! સાથે વળી સામાના પ્રત્યે એવો નમ્ર ભાવ અને બહુમાન જન્મે છે. આ બધુ ગુણોની પ્રાપ્તિ-પુષ્ટિ અને વૃદ્ધિ માટે ખૂબ જ સહાયક છે. કેમકે એથી ગુણ પ્રાપ્તિના અવરોધક કર્મોનો ક્ષયોપશમ (નાશ) થાય છે, તેમજ ગુણ પ્રાપ્તિને અનુકૂળ વાતાવરણ સર્જાય છે. યાદ રાખો કે સાચી વિદ્યા અને સુંદર ગુણો એ વિનય-બહુમાન અને કદર-કોમળતા તથા ગુણીયલની કૃપા વિના નહિ મળે. એ જગાવવા આપણા તેવા શબ્દો સમર્થ છે. શબ્દો એ સમર્થ શક્તિ છે.

"દિવ્ય-દર્શન" **"મન ન બગાડો"** વર્ષ-૪,અંક-૨૩,તા.૧૮-૨-૧૯૫૬

(૧) જીવનમાંથી સારું કરેલું, સારું બોલેલું, અને સારું વિચારેલું એજ જશરૂપે લઈ જવાનું છે. એનાથી જ બીજાનું અને આપણું પણ કલેજું ઠરવાનું છે. તો કોઈનું સારું વિચારવાનું છોડી બૂરું શા માટે ચિંતવવું જ ?

(૨) આપણે દુશ્મનનું અહિત વિચારવા માત્રથી તો અહિત કરી શકતા નથી, તો પછી અહિત વિચારી આપણું પોતાનું મન બગાડવાની જરૂર જ શી ?

(૩) આપણા અપરાધીનું પણ બૂરું વિચારવાથી આપણું જ મન બગડે છે;

અને એ મહાન નુકશાની છે, પવિત્ર મન એ રત્નની ખાણ છે ત્યારે બગડેલું મન એ સર્પનો રાફડો છે. ભભૂકતો જ્વાળામૂખી છે. કેમકે પવિત્ર મનથી શુભ પુણ્યરૂપી રત્નો પેદા થાય છે; અને ખરાબ મનથી પાપની પરંપરારૂપી ઝેરી સર્પો સર્જાય છે.

## "દિવ્ય-દર્શન" **"વિરાગનો સૂર્ય"** વર્ષ-૪,અંક-૩૬,તા.૨-૬-૧૯૫૬

વિરાગ વિના વીતરાગ પરમાત્મા શ્રી વીરપ્રભુ સાથે મેળ જામે એમ નથી. પ્રભુ સાથે મેળ થયા વિના પ્રભુ જેવા નહિ બની શકાય. મેળ માટે વૈરાગ્ય જોઈશે. એ માટે તૃષ્ણા કાપવી જોઈશે. બહારના પદાર્થોની તૃષ્ણા જેમ વધુ તેમ જીવને સુખ ઓછું; તૃષ્ણા જેમ ઓછી તેમ સુખ વધુ ! યાવત્ તૃષ્ણાના નાશ પછી સુખની સીમા જ નહિ ! તો માનવજીવનના ગગનમાં વિરાગનો સૂર્ય ઝગમગતો રાખો, એ સૂર્યનો પ્રકાશ પથરાતાં જ તૃષ્ણાના અંધાર ઉલેચાઈ જશે, આહા ! પછી સમ્યગ્જ્ઞાન-દર્શન ને ચારિત્રથી રંગાયેલો આત્મા શું સિદ્ધિ નહિ કરી શકે ?

### ❉ આશય ❉

દરેકે દરેક બોલમાં ને દરેકે દરેક ચાલમાં ગંભીર અને ઉદાર આશયથી પ્રવર્તતા મનુષ્યનો મહાન વિકાસ થાય છે. પણ એ માટે મગજ કામ કરતું રહેવું જોઈએ. અર્થાત્ મન વિચારક બન્યું રહેવું જોઈએ. તેમજ એ વિચારણા પવિત્રહૃદય, પરમાર્થીહૃદય અને પરલોકાપેક્ષી હૃદયથી થવી જોઈએ. ટૂંકી દૃષ્ટિ, ક્ષુદ્ર માન્યતા અને સ્વાર્થી બુદ્ધિ હોય ત્યાં ગંભીર અને ઉદાર આશય નહિ આવી શકે.

શુદ્ધબોધ, આગ્રહનો ત્યાગ અને મૈત્રી-પ્રમોદ-માધ્યસ્થ તથા કરુણાનું અજવાળું પ્રગટી જાય તો ગંભીર અને ઉદાર આશય રોજીંદો થઈ જાય.

## "દિવ્ય-દર્શન" **"વિરાગના ઉપવનમાં"** વર્ષ-૪,અંક-૩૮,તા.૧૬-૬-૧૯૫૬

❉ પુણ્યની શોભા કરતાં સંવેગ વૈરાગ્યની શોભા ઘણી ઉમદા વસ્તુ છે. પુણ્યની શોભા સારું સારું તાણી લાવે છે ખરું, પણ સંવેગ વૈરાગ્યની શોભા આત્માને તેવા સંયોગોમાં સાવધ અને સ્વાધીન રાખે છે. સાવધ ન રહે તો પુણ્યના સંયોગથી જ સંસાર સાગરે વધુ ડૂબે. સ્વાધીન ન રહે તો દીનતા ગુલામી પરમુખતા વગેરેમાં કંગાળ અને કાયરપણું આવે.



❉ પુણ્યની શોભા બાહ્ય આડંબરોમાં ધકેલી દે છે. સંવેગ વૈરાગ્યની શોભા એમ ધકેલાતા આત્માને મજબૂત ટેકો આપે છે.

## "દિવ્ય-દર્શન" **"વિરાગના ઉપવનમાં"** વર્ષ-૪,અંક-૪૦,તા.૩૦-૬-૧૯૫૬

❉ **ચારિત્ર જીવનમાં અંકુશ ન ગમવો, એ નિઃસત્ત્વપણાનું સૂચક છે.** ચારિત્રની સાધનાથી સત્વ ન કમાવાય તો સંસારની બીજી કઈ સાધનાથી સત્વ મળે ? છતી સગવડે પણ કર્મક્ષયની તીવ્ર લાલસાથી કાયા અને મનનું સહન કરવું, સગવડના બેપરવા બનવું તેમાં સાત્વિકતા છે. **કષ્ટોને સહર્ષ પડકારવા માટે સમર્થ બનેલો સંયમી મહા સત્વશાલી છે.**

❉ ઇન્દ્રિયોની પરાધીનતાથી સુખ દુઃખની કલ્પના ઊભી થાય છે. જે સાધુ જીવનમાં એ પરાધીનતા નથી, ત્યાં દુઃખ શાનું ?

## "દિવ્ય-દર્શન" **"વચનામૃત"** વર્ષ-૪,અંક-૪૨,તા.૧૪-૭-૧૯૫૬

❉ ભગવાન શ્રી જિનેશ્વરદેવની એક પણ આજ્ઞાની કે એક પણ અક્ષરની અવગણના કરનારાઓ સ્વયંમેવ શાસનનો દ્રોહ કરનારા છે. આવાઓથી શાસન રક્ષાની આશા રાખવી એ આકાશ કુસુમ જેવું છે.

❉ હિતકારી મા બાપોને પણ ઠોકરે મારનારાઓ કયે મોઢે સેવાની વાતો કરતા હશે ?

## "દિવ્ય-દર્શન" **"વચનામૃત"** વર્ષ-૪,અંક-૪૫,તા.૪-૮-૧૯૫૬

❉ સંસારના રસીક એ મોહ મહિપતિના સેવકો છે. તેવા પામરોથી શાસનની સેવા, રક્ષા, થઈ નથી, થતી નથી અને થશેય નહિ.

❉ સુદેવ, સુગુરુ અને સુધર્મના ઉપાસકોને દૃષ્ટિરાગી તરીકે ઓળખાવવા પ્રયાસ કરનારાઓ મોહ રાજાના સેવકો છે, પણ એ જિનેશ્વરદેવોના સેવકો નથી.

❉ કુદેવ, કુગુરુ અને કુધર્મના પ્રેમીઓને જ દૃષ્ટિરાગી તરીકે ઓળખી શકાય.